|| શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રીમદ્ વિજયપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ચન્દ્રશેખર-જિતરક્ષિતગુરુભ્યો નમઃ ||

શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી પ્રણીત
શ્રીમદ્ હરિભદ્રસૂરિરચિતશિષ્યહિતાવૃત્તિયુક્ત

# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદ સહિત)

**ભાગ-૭**

(નિ. ૧૪૧૯થી ૧૬૨૫)

ભાષાંતર કર્તા :
યુગપ્રધાનઆચાર્યસમ પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન જ્ઞાનપ્રેમી પૂ. પં. શ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન
મુનિ આર્યરક્ષિતવિજય

સંશોધક
રાજપ્રભાવક પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન
પૂ. મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મ. સાહેબ

પ્રકાશક
શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા
અમદાવાદ - તપોવન

❖ દિવ્યકૃપા ❖

સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબ
વર્ધમાન તપોનિધિ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ
યુગપ્રધાનઆચાર્યસમ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

❖ શુભાશિષ ❖

સિદ્ધાન્તદિવાકર શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ

સુકૃતાનુમોદના
પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિ. મ. સાહેબના ઉપકારોની સ્મૃત્યર્થે
પ. પૂ. આ. ભ. યશોરત્નસૂરીશ્વરજી મ. સાહેબની પ્રેરણાથી
**ઉમરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ**
ઉમરા-સુરત
આપશ્રીએ જ્ઞાનખાતાની ઉપજમાંથી ભાષાંતરસહિત આ ગ્રંથના સાતમા ભાગના
પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધેલ છે. આપની આ શ્રુતભક્તિની
અમે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પ્રથમ પ્રકાશન : વિ. સં. ૨૦૬૯ તા. ૦૧-૦૮-૨૦૧૩
નકલ : ૭૦૦
મૂલ્ય : રૂ. ૨૦૦/-

**પ્રાપ્તિસ્થાન**

**શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
તપોવન સંસ્કારપીઠ, મુ. અમિયાપુર,
પો. સુઘડ, તા. જિ. ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮

દીક્ષિત આર. શાહ
સીમંધર મેડિકલ સ્ટોર
૨, વ્રજપ્લાઝા કોમ્પ્લેક્ષ,
ઉત્સવ રેસ્ટોરન્ટની સામે, પાલડી-ભટ્ટા,
અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૬૨૦૬૧

ભાગ્યવંતભાઈ સંઘવી
C/o. વર્ધમાન સંસ્કાર ધામ,
૧-૨, વીતરાગટાવર, ૬૦ ફૂટ રોડ,
બાવન જિનાલયની સામે, ભાયંદર (વેસ્ટ) થાણા,
ફોન : ૦૨૨-૨૮૦૪૧૮૬૬, ૯૮૧૯૧૬૯૭૧૯

# સમર્પણ



પૂ. પિતાશ્રી

**સ્વ. શ્રી સેવંતીલાલ હરગોવનદાસ રોલિયા**



પૂ. માતુશ્રી

**સ્વ. શ્રીમતી શારદાબેન સેવંતીલાલ રોલિયા**

જન્મ આપ્યા બાદ દ્રવ્ય આરોગ્યની ચિંતા તો દરેક મા-બાપ કરે છે. પરંતુ દ્રવ્ય આરોગ્ય સાથે-સાથે ભાવ આરોગ્યની પણ જેઓએ સતત ચિંતા કરી, શુભ સંસ્કારોનું જેમણે સતત સિંચન કર્યું, ધાર્મિક વાતાવરણમાં રાખીને પશ્ચિમના પવનોથી જેઓએ સુપુત્રને દૂર રાખવાદ્વારા અનહદ ઉપકાર કર્યો તેવા મુ. આર્યરક્ષિતવિજયજી મ. સાહેબના માતા-પિતાને ઉપકારોની સ્મૃતિ-અર્થે આ સાતમો ભાગ મુનિરાજશ્રીની પ્રેરણાથી સમર્પિત કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

## પ્રાસ્તાવિક

કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન અધ્યયનની સમાપ્તિ સાથે આ સાતમા ભાગની પૂર્ણાહુતિ થાય છે. એ સાથે ૧ થી ૭ ભાગમાં ટીકા સહિતના ગુર્જરાનુવાદની પણ પૂર્ણાહુતિ થાય છે. લગભગ અક્ષરશઃ અનુવાદ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ તે દરમિયાન અનુભવ કંઇક જુદો થયો છે. અક્ષરશઃ અનુવાદ એટલે સંસ્કૃત–પ્રાકૃતભાષામાં ટીકાકાર વિગેરેએ જે રીતે અન્વય કર્યો છે તે અનુસારે તેનો અનુવાદ કરવો. પરંતુ તેમ કરતાં ગુજરાતી ભાષાનો અન્વય, તેની વાક્યરચના ઘણી ખરી બદલાય જાય છે. વાંચનારને ગુજરાતી વાક્યરચનાઓ ક્લિષ્ટ લાગે છે. જેથી પદાર્થની સુબોધતા દુર્બોધતામાં પરિણમે છે. આ સંપૂર્ણ અનુવાદના અંતે મને પોતાને એવો અનુભવ થયો કે અક્ષરશઃ અનુવાદ કરવાને બદલે ટીકા વિગેરેને અનુસારે ભાવાનુવાદ કરવો જોઇએ.

તેમાં જે ક્લિષ્ટ શબ્દો કે પંક્તિ હોય તેનો કૌંસમાં અક્ષરશઃ અનુવાદ કરવો જોઇએ. જેથી શબ્દ કે પંક્તિનો ભાવાર્થ અને શબ્દાર્થ બંનેનો બોધ થઇ શકે. આ વાત થઇ અનુવાદ અંગે, બાકી પદાર્થોના બોધ અંગે 'આવશ્યક નિર્યુક્તિ' વાંચનારે સ્વયં અનુભવ કરવા જેવો છે કે આ ગ્રંથ કેટલા વિશિષ્ટ પદાર્થોથી ભરપૂર છે અસ્તુ.

ગીતાર્થ ગુરુભગવંતના કથનાનુસારે એક ખાસ નોંધ ધ્યાનમાં લેવી કે ભાગ-૨ પૃષ્ઠ ૪૧ મૂળ ગા. ૨૨૨માં પૂર્વમુદ્રિતપ્રતના આધારે 'इत्थिआभिसेआ' શબ્દ છપાયો છે. છપાયા બાદ હસ્તલિખિતપ્રતિ જોતા ધ્યાનમાં આવ્યું કે 'इत्थिआभिसेआ' શબ્દ અશુદ્ધ છે, તેની બદલે 'इच्छिआभिसेआ' શબ્દ યોગ્ય છે, જેનો અર્થ છે કે વીર વિ. પાંચ તીર્થંકરોનો ઇચ્છિત અભિષેક = રાજ્યાભિષેક થયો નથી, અર્થાત્ તેઓએ રાજા બન્યા પહેલાં જ પ્રવ્રજ્યા લીધી. આટલો ખુલાસો ધ્યાનમાં લેવા વિનંતી.

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય કુલચન્દ્રસૂરિજીના પ્રશિષ્યરત્ન પૂ. મુ. શ્રી હેમપ્રભવિજયજીએ તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજયહેમરત્નસૂરિજીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી યશોજયરત્નવિજયજીએ આ સાતમા ભાગના સંસ્કૃતપ્રૂફનું રીડિંગ કરી આપ્યું તે બદલ તેઓને ખૂબ-ખૂબ ધન્યવાદ.

આ સંપૂર્ણ ગ્રંથનો અનુવાદ નિર્વિઘ્ને પૂર્ણ થયો તેમાં દેવ-ગુરુની કૃપાનો પ્રભાવ છે. અંતમાં આ સંપૂર્ણ અનુવાદમાં પરમપવિત્ર જિનાજ્ઞા વિરુદ્ધ જે કઇ લખાયું, છપાયું હોય તે બદલ ત્રિવિધ-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં સાથે વિરમું છું.

ગુરુપાદપદ્મરેણુ
**મુ. આર્યરક્ષિતવિજયજી**
વિ. સં. ૨૦૬૯ જેઠ વદ એકમ
તા. ૨૪-૬-૨૦૧૩ અમદાવાદ, તપોવન.

---

**નોંધ :- ગુજરાતી ભાષાંતરમાં અમુક-અમુક સ્થાને '(H)' નિશાની છે તે એમ સૂચવે છે કે તે પદાર્થ પાછળ પરિશિષ્ટમાં આપેલ ટિપ્પણીમાં છે.**

# • વિષયાનુક્રમણિકા •


| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક | ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ◆ | ૩૪ વિગેરેથી લઇ અનંતી આશાતનાઓ | ૧ | ૧૪૬૫-૮૦ | ધ્યાનનું સ્વરૂપ, ધ્યાનના પ્રકારો તથા મન વિગેરે ત્રણે યોગમાં ધ્યાનની સિદ્ધિ | ૩૮ |
| ◆ | નૈર્ગ્રંથ્ય પ્રવચનના ગુણો (इणमेव निग्गंथं पावयाणं સૂત્રનો અર્થ) | ૨ | ૧૪૮૧-૯૮ | ઉત્સૃત વિગેરે ભેદોનું સ્વરૂપ | ૪૬ |
| ◆ | तं धम्मं सद्दहामि... સૂત્રનો અર્થ | ૫ | ◆ | इच्छामि ठाउं काउस्सग्गं સૂત્રનો અર્થ | ૫૨ |
| ◆ | जं संभरामि... સૂત્રનો અર્થ | ૭ | ◆ | तस्सुत्तरीकरणेणं સૂત્ર | ૫૪ |
| ◆ | 'अड्ढाइज्जेसु' સૂત્રનો અર્થ | ૮ | ◆ | 'अन्नत्थ' સૂત્ર | ૫૫ |
| ◆ | ૧૮૦૦૦ શીલાંગો | ૯ | ૧૪૯૯ | દિવસ વિગેરેના અતિચારોના જ્ઞાન માટે કાયો૦ | ૫૭ |
| ◆ | खामेमि सव्व जीवे... સૂત્રનો અર્થ | ૧૦ | ૧૫૦૦ | सयणासणण्णपाणे ગાથાનો અર્થ | ૫૮ |
| | ૦ કાયોત્સર્ગ અધ્યયન ૦ | | ૧૫૦૧-૦૨ | કાયો૦ માં શું વિચારવું ? | ૬૦ |
| ૧૪૧૯ | આલોચના વિગેરે દશ પ્રાય૦ નું સ્વરૂપ | ૧૨ | ૧૫૦૩-૦૬ | સામાયિક કરીને કાયો૦ કરવો | ૬૧ |
| ૧૪૨૦-૨૮ | દ્રવ્ય-ભાવવ્રણો | ૧૪ | ૧૫૦૭-૦૮ | 'મિચ્છા મિ દુક્કડં' પદનો અર્થ | ૬૨ |
| ૧૪૨૯ | કાયો૦ ને આશ્રયીને દ્વારગાથા | ૧૮ | ૧૫૦૯-૧૧ | तस्सुत्तरीकरणेणं વિગેરે પદોનો અર્થ | ૬૩ |
| ૧૪૩૦-૪૮ | કાયશબ્દના નિક્ષેપા અને એકાર્થિકનામો | ૧૯ | ૧૫૧૨-૧૮ | 'अन्नत्थ ऊससिएणं' વિગેરે પદોનો અર્થ | ૬૫ |
| ૧૪૪૯-૫૩ | ઉત્સર્ગશબ્દના નિક્ષેપા અને એકાર્થિકનામો | ૩૨ | ૧૫૧૯-૨૬ | સાંજના પ્રતિક્રમણ પૂર્વેની વિધિ, પ્રતિક્રમણની વિધિ અને તેના હેતુઓ | ૬૯ |
| ૧૪૫૪ | કાયોત્સર્ગના બે પ્રકાર | ૩૪ | ◆ | अरिहंतचेइयाणं સૂત્રનો અર્થ | ૭૪ |
| ૧૪૫૫-૫૯ | કાયો૦ માં ઉપસર્ગને સહન કરવા સંબંધી ગુરુ-શિષ્યની ચર્ચા | ૩૪ | ◆ | पुक्खरवरदीवड्ढे સૂત્રનો અર્થ | ૭૮ |
| ૧૪૬૦ | અભિભવ-ચેષ્ટા કાયો૦નું કાળમાન | ૩૫ | ◆ | सिद्धाणं बुद्धाणं સૂત્રનો અર્થ | ૮૩ |
| ૧૪૬૧-૬૩ | કાયોત્સર્ગના ઉત્સૃત વિગેરે ભેદોના નામો | ૩૭ | ૧૫૨૭ | વાંદણા બે વાર શા માટે ? | ૮૬ |
| ૧૪૬૪ | કાયો૦ ના ફાયદા | ૩૮ | ૧૫૨૮ | સવારે પ્રથમ કાયો૦ માં રાત્રિક-અતિચારોનું ચિંતન શા માટે નહિ ? | ૮૭ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧૫૨૯-૩૧ | સવારના પ્રથમ ત્રણ કાયો૦ શા માટે ? તથા તપચિંતવણીની વિધિ | ૮૮ |
| ◆ | અબ્ભુટ્ઠિઓ સૂત્રનો અર્થ (પક્ખિપ્રતિ૦ ની વિધિ) | ૯૦ |
| ◆ | ચાર ખામણાસૂત્રનો અર્થ (પક્ખિપ્રતિ૦ ની વિધિ) | ૯૨ |
| ભા. ૨૩૪ | ચોમાસી અને સંવત્સરીએ આલોચના વિગેરે અવશ્ય કરવા | ૯૮ |
| ૧૫૩૨-૩૫ | નિયતકાયો૦ ક્યારે ? અને કેટલો ? | ૯૮ |
| ૧૫૩૬-૪૧ | અનિયતકાયો૦ ક્યારે ? કેટલો ? (ઇરિયાવહી ક્યાં ક્યાં કરવી ?) | ૯૯ |
| ૧૫૪૨ | ઉચ્છ્વાસનું પ્રમાણ | ૧૦૪ |
| ૧૫૪૩-૪૬ | માયાથી કાયો૦ નહીં કરનારને દોષો | ૧૦૪ |
| ૧૫૪૭-૪૮ | કાયો૦ કેવી રીતે કરવો ? | ૧૦૭ |
| ૧૫૪૯-૫૦ | કાયો૦ ના ૧૯ દોષો | ૧૦૮ |
| ૧૫૫૧-૫૩ | કાયો૦ નો અધિકારી અને તેનું ફળ | ૧૧૦ |
| ૧૫૫૪-૫૭ | કાયો૦ માં કર્મક્ષય અને માટે કાયો૦ ની કરણીયતા | ૧૧૫ |
| | ૦ પ્રત્યાખ્યાન અધ્યયન ૦ | |
| ૧૫૫૮ | પ્રત્યાખ્યાનના દ્વારો | ૧૧૯ |
| ૧૫૫૯-૬૪ | શ્રાવકધર્મની વિધિ અને શ્રાવકોના પ્રકારો | ૧૨૫ |
| ◆ | શ્રાવકવ્રતગ્રહણના ૧૬૮૦૮ પ્રકારો | ૧૩૨ |
| ◆ | સમ્યક્ત્વનો આલાવો અને તેના અતિચારો | ૧૪૧ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ◆ | ૩૬૩ પાખંડીઓનું સ્વરૂપ | ૧૫૭ |
| ◆ | પ્રથમ અણુવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૬૪ |
| ◆ | બીજા અણુવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૭૦ |
| ◆ | ત્રીજા અણુવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૭૫ |
| ◆ | ચોથા અણુવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૭૮ |
| ◆ | પાંચમા અણુવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૮૫ |
| ◆ | છઠ્ઠા અણુવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૮૮ |
| ◆ | સાતમા અણુવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૯૧ |
| ◆ | પંદર કર્માદાનોનું સ્વરૂપ | ૧૯૪ |
| ◆ | આઠમા ગુણવ્રતનો આલાવો અને તેના અતિચારો | ૧૯૬ |
| ◆ | નવમા સામાયિકવ્રતનું સ્વરૂપ | ૨૦૦ |
| ◆ | સાધુ અને શ્રાવક વચ્ચે તફાવત | ૨૦૪ |
| ◆ | દસમા શિક્ષાવ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૨૦૯ |
| ◆ | અગિયારમા પૌષધોપવાસવ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૨૧૧ |
| ◆ | બારમા અતિથિસં. વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારો | ૨૧૬ |
| ◆ | મારણાંતિકી સંલેખના અને તેનું સ્વરૂપ | ૨૨૦ |
| ૧૫૬૫-૬૭ | અનાગત વિગેરે દશ પ્રત્યા૦ ના ભેદો | ૨૨૪ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક | ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧૫૬૮-૮૭ | અનાગત વિગેરેનું વિસ્તારથી વર્ણન | ૨૨૭ | ૧૬૦૮-૦૯ | વિગઇઓના પ્રકારો | ૨૬૮ |
| ૧૫૮૮ | પ્રત્યા૦ ની છ પ્રકારની શુદ્ધિ | ૨૪૨ | ૧૬૧૦-૧૧ | કેટલા અંગુલપ્રમાણ નીવ્યાતુ ગણાય ? | ૨૬૯ |
| ◆ | નવકારશી પ્રત્યા૦નો આલાવો | ૨૪૮ | ૧૬૧૨ | પારિષ્ઠાપનિકા કોને ખપે ? | ૨૭૧ |
| ૧૫૮૯-૯૦ | આહારના ચાર ભેદો તથા અશન વિગેરે શબ્દોનો વ્યુત્પત્તિ અર્થ | ૨૪૯ | ૧૬૧૩-૧૪ | વિધિગૃહીત-વિધિભુક્ત | ૨૭૩ |
| | | | ૧૬૧૫-૧૮ | પ્રત્યા૦ ક્યારે શુદ્ધ ગણાય ? | ૨૭૫ |
| | | | ૧૬૧૯ | પ્રત્યાખ્યાતવ્ય | ૨૭૮ |
| ૧૫૯૧-૯૩ | અશન વિગેરે ચાર ભેદો શા માટે ? | ૨૫૦ | ૧૬૨૦ | અનુયોગયોગ્ય પર્ષદા | ૨૮૦ |
| | | | ◆ | દેશના કેવી રીતે આપવી ? | ૨૮૧ |
| ૧૫૯૪ | પ્રત્યા૦માં મનોગત ભાવો જ પ્રમાણ છે | ૨૫૨ | ૧૬૨૧ | કથનવિધિ | ૨૮૧ |
| | | | ૧૬૨૨-૨૩ | પ્રત્યા૦ના ફળો | ૨૮૨ |
| ૧૫૯૫-૯૮ | પ્રત્યા૦ની વિધિ અને ફળ | ૨૫૩ | ૧૬૨૪ | જ્ઞાન-ક્રિયાનય | ૨૮૭ |
| ૧૫૯૯-૧૬૦૪ | અદ્ધાપ્રત્યા૦ના પ્રકારો અને તેના આગારો | ૨૫૪ | ૧૬૨૫ | પ્રમાણનય | ૨૮૭ |
| ◆ | પોરિસીપ્રત્યા૦નો આલાવો | ૨૫૫ | ◆ | પરિશિષ્ટ-૧ (હેમચન્દ્રસૂરિ-કૃત ટીપ્પણક) | ૨૯૩ |
| ◆ | એકાસણ પ્રત્યા૦નો આલાવો | ૨૫૭ | ◆ | પરિશિષ્ટ-૨ અકારાદિક્રમ | ૩૦૨ |
| ◆ | પાણસ્સ... વિગેરે આગારોનો અર્થ | ૨૫૯ | ◆ | પરિશિષ્ટ-૩ (ભાગ-૧ થી ૬ની વિષયાનુક્રમણિકા) | ૩૨૩ |
| ◆ | નીવિપ્રત્યા૦ નો આલાવો | ૨૬૧ | ◆ | પરિશિષ્ટ-૪ (ભાગ-૧ થી ૬ની દષ્ટાન્તાનુક્રમણિકા) | ૩૩૮ |
| ૧૬૦૫-૦૭ | આયંબિલસંબંધી નિરૂપણ | ૨૬૨ | | | |


### ❖ અધ્યયનોનું વર્ગીકરણ ❖

| | |
|---|---|
| ભાગ-૧ | સામાયિક અધ્યયન |
| ભાગ-૨ | સામાયિક અધ્યયન |
| ભાગ-૩ | સામાયિક અધ્યયન |
| ભાગ-૪ | સામાયિક અધ્યયન |
| ભાગ-૫ | ચતુર્વિંશતિસ્તવ, વંદન અને પ્રતિક્રમણ અધ્યયન (चउहिं झाणेहिं સુધી) |
| ભાગ-૬ | પ્રતિક્રમણ અધ્યયન |
| ભાગ-૭ | કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન અધ્યયન |

### ❖ નિર્યુક્તિગાથાઓનું વર્ગીકરણ ❖

| | |
|---|---|
| ભાગ-૧ | ૧-૧૮૫ |
| ભાગ-૨ | ૧૮૬-૬૪૧ |
| ભાગ-૩ | ૬૪૨-૮૭૯ |
| ભાગ-૪ | ૮૮૦-૧૦૫૫ |
| ભાગ-૫ | ૧૦૫૬-૧૨૭૨(ધ્યાનશતક) |
| ભાગ-૬ | ૧૨૭૩-૧૪૧૮ |
| ભાગ-૭ | ૧૪૧૯-૧૬૨૫ |

# દૃષ્ટાન્તાનુક્રમણિકા


| ક્રમ | દૃષ્ટાંત | પૃષ્ઠ ક્રમાંક | ક્રમ | દૃષ્ટાંત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧. | કાયો૦ ના આલોકફળ ઉપર સુભદ્રા તથા સુદર્શન-ની કથા | ૧૧૧ | ૧૨. | પ્રાણાતિપાતત્યાગની કથાઓ | ૧૬૬ |
| ૨. | રાજાભિયોગ-કાર્તિકશેઠની કથા | ૧૪૪ | ૧૩. | મૃષાવાદત્યાગ-કોંકણગ-શ્રાવક | ૧૭૨ |
| ૩. | દેવતાભિયોગ-શ્રાવકની કથા | ૧૪૬ | ૧૪. | સ્વદારમંત્રભેદ-વેપારી | ૧૭૩ |
| ૪. | ગુરુનિગ્રહ-ભિક્ષુઉપાસકપુત્ર | ૧૪૬ | ૧૫. | મૃષા ઉપદેશ-પરિવ્રાજક | ૧૭૪ |
| ૫. | વૃત્તિકાંતાર-સૌરાષ્ટ્રશ્રાવક | ૧૪૮ | ૧૬. | અદત્તાદાન-યુવાન ટોળકી | ૧૭૬ |
| ૬. | શંકા-રાબ પીનારો | ૧૫૧ | ૧૭. | મૈથુન સેવન-ત્રણ સખીઓ, વેપારી, યુવાનટોળકી, ૧૨ સંબંધોનું દૃષ્ટાન્ત | ૧૭૯ |
| ૭. | કાંક્ષા-રાજા | ૧૫૨ | ૧૮. | પરિગ્રહત્યાગ-શ્રાવક | ૧૮૬ |
| ૮. | વિચિકિત્સા-શ્રાવક | ૧૫૩ | ૧૯. | તુચ્છૌષધિભક્ષણ-મગફળી ખાનાર | ૧૯૩ |
| ૯. | જુગુપ્સા-શ્રાવક દીકરી | ૧૫૫ | ૨૦. | પ્રત્યાખ્યાનના આલોકફળ ઉપર ધમ્મિલની કથા | ૨૮૨ |
| ૧૦. | પરપાખંડપ્રશંસાત્યાજ્ય-ચાણક્ય | ૧૬૩ | ૨૧. | પ્રત્યા૦ ના પરલોકફળ ઉપર દામન્નકની કથા | ૨૮૩ |
| ૧૧. | પ્રાણાતિપાત-કોંકણગ | ૧૬૫ | | | |

# श्रीआवश्यकनिर्युक्तिः

## हरिभद्रीयवृत्ति

भाग-७

**'तथा सज्झाए न सज्झाइयं तस्स मिच्छा मि दुक्कडं'**

तथा स्वाध्यायिके—अस्वाध्यायिकविपर्ययलक्षणे न स्वाध्यायितं । इत्थमाशातनया योऽतिचारः कृतस्तस्य मिथ्या दुष्कृतमिति पूर्ववत् ।

ऍयं सुत्तनिबद्धं अत्थेणऽण्णंपि होति विण्णेयं । तं पुण अव्वामोहत्थमोहओ संपवक्खामि ॥१॥ तेत्तीसाए उवरिं चोत्तीसं बुद्धवयणअतिसेसा । पणतीस वयणअतिसय छत्तीसं उत्तरज्झयणा ॥२॥ एवं जह समवाए जा सयभिसरिक्ख होइ सततारं । तथा चोक्तं—सयभिसया नक्खत्ते सएगतारे तहेव पण्णत्ते ॥ इय संखअसंखेहिं तहय अणंतेहिं ठाणेहिं ॥३॥ संजममसंजमस्स य पडिसिद्धादिकरणाइयारस्स । होति पडिक्कमणं त्ति तेत्तीसेहिं तु ताणि पुण ॥४॥ अवराहपदे सुत्तअंतग्गय होंति णियम सव्वेवि । सव्वो वऽइयारगणो दुगसंजोगादि जो एस ॥५॥

(શંકા[iii]: પૂર્વે કહ્યા પ્રમાણે ૧ થી લઇને ૩૩ આશાતનાઓ સુધીના સ્થાનો જ પ્રતિક્રમણને યોગ્ય છે કે બીજા પણ પ્રતિક્રમણ કરવા યોગ્ય સ્થાનો છે ?)

**સમાધાન :** આ ૩૩ આશાતનાઓ સુધીના સ્થાનો સાક્ષાત્ સૂત્રમાં ગૂંથ્યા છે. અર્થથી બીજા સ્થાનો પણ જાણવાના છે. (આશય એ છે કે ૩૩ સુધીના સ્થાનો તો દિશાસૂચન છે તેના ઉપલક્ષણથી ૩૪ થી લઈ અનંત સુધીના બીજા સ્થાનો અર્થથી જાણી લેવાના છે.) તે અન્ય સ્થાનોને પણ હું વ્યામોહ = મૂંઝવણ ન થાય તે માટે ઓઘથી = સંક્ષેપથી કહીશ ॥૧॥ ૩૩મા સ્થાન પછી ૩૪મા સ્થાન તરીકે ૩૪ પ્રકારના બુદ્ધ = તીર્થંકરના વચન વિગેરે ૩૪ અતિશયો જાણવા. (बुद्धानां—जिनानां वयणत्ति—वचनप्रमुखाः सर्वस्वभाषानुगतं वचनं धर्मावबोधकरमित्यादिनोक्तस्वरूपा येऽतिशेषा—अतिशया इति औपपातिकसूत्र. १०)

પાંત્રીસ સત્યવચનના અતિશયો. (તે અતિશયો ઔપપાતિકસૂત્ર ૧૦માંથી જાણી લેવા.) છત્રીસ ઉત્તરાધ્યયનસૂત્રના અધ્યયનો જાણવા. ॥૨॥ આ પ્રમાણે જે રીતે સમવાયાંગસૂત્રમાં છેલ્લે ૧૦૦ મા સ્થાન તરીકે શતભિષક્ નક્ષત્ર ૧૦૦ તારાવાળું કહ્યું છે. એ જ પ્રમાણે આગળ વધતા—વધતા સંખ્યાતા, અસંખ્યાતા તેમ જ અનંતા સ્થાનો (અનંતસ્થાન તરીકે અનંત પરમાણુઓ, અનંત સ્કંધો, અનંત જીવો વિગેરે લેવા. આવા અનંતસ્થાનો) વડે ॥૩॥ સંયમ કે અસંયમસંબંધી પ્રતિષિદ્ધનું આચરણ વિગેરે અતિચારનું પ્રતિક્રમણ સૂત્રાન્તર્ગત ૩૩ અપરાધપદોથી જ નિયમા થઈ જાય છે. [iii]અથવા 'पडिक्कमामि दोहिं बंधणेहिं' વિગેરે પદોવડે ગ્રહણ કરાયેલ દ્વિકસંયોગ વિગેરેરૂપ જે બધા જ અતિચારોનો સમૂહ છે તે 'पडिक्कमामि एगविहे असंजमे' પદ દ્વારા ગ્રહણ કરાયેલ એકવિધ અસંયમનો

---

१. एतत्सूत्रनिबद्धमर्थेनान्यदपि भवति विज्ञेयम् । तत्पुनरव्यामोहार्थमोघतः संप्रवक्ष्यामि ॥१॥ त्रयस्त्रिंशतेरुपरी चतुस्त्रिंशद्बुद्धवचनातिशेषाः । पञ्चत्रिंशद्वचनातिशयाः षट्त्रिंशदुत्तराध्ययनानि ॥ एवं यथा समवाये यावत्शतभिषकनक्षत्रं भवति शततारकम् । शतभिषक्नक्षत्रे शततारकाणि तथैव प्रज्ञप्तानि । इति संख्यासंख्यैस्तथा चानन्तैः स्थानैः ॥३॥ संयमासंयमयोश्च प्रतिषिद्धादिकरणातिचारस्य । भवति प्रतिक्रमणमिति त्रयस्त्रिंशद्भिस्तु तानि पुनः ॥४॥ अपराधपदानि सूत्रान्तर्गतानि भवन्ति नियमात्सर्वाण्यपि । सर्वो वाऽतिचारगणो द्विकसंयोगादिर्य एष ॥५॥

[२]ऐगविहस्सासंजमस्स हवतीह पज्जवसमूहो । एवंऽतियारविसोहिं काउं कुणती णमोक्कारं ॥६॥ णमो चउवीसाए इत्यादि, अथवा प्राक्तनाशुभसेवनायाः प्रतिक्रान्तः अपुनःकरणाय प्रतिक्रामन् नमस्कारपूर्वकं प्रतिक्रमन्नाह —

**नमो चउवीसाए तित्थगराणं उसभादिमहावीरपज्जवसाणाणं ( सूत्रं )**

नमश्चतुर्विंशतितीर्थकरेभ्य ऋषभादिमहावीरपर्यवसानेभ्यः, प्राकृते षष्ठी चतुर्थ्यर्थ एव भवति, तथा चोक्तं – "बहुवयणेण दुवयणं छट्ठिविभत्तीएँ भन्नइ चउत्थी । जह हत्था तह पाया नमोऽत्थु देवाहिदेवाणं ॥१॥"

इत्थं नमस्कृत्य प्रस्तुतस्य गुणव्यावर्णनायाह –

**इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलियं पडिपुण्णं नेआउयं संसुद्धं सल्लगत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं निज्जाणमग्गं निव्वाणमग्गं अवितहमविसंधिं सव्वदुक्खप्पहीणमग्गं, इत्थं ठिया जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिनिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति ( सूत्रं )**

---

પર્યાયસમૂહ = ભેદસમૂહ જ છે અર્થાત્ તે બધા અતિચારો આ એકવિધ અસંયમનો જ વિસ્તાર છે. આ પ્રમાણે અતિચારોની વિશુદ્ધિને કરીને તે જીવ હવે આગળ ઋષભાદિ તીર્થંકરોને णमो चउवीसाए..... વિગેરે દ્વારા નમસ્કાર કરે છે. ॥૪–૬॥

**અવતરણિકા :** અથવા પૂર્વની અશુભ સેવનાથી (= પાપાચરણથી) પાછો ફરેલો અપુનઃકરણ માટે પ્રતિક્રમણ કરતો સાધુ નમસ્કારપૂર્વક પ્રતિક્રમણ કરતા કહે છે (આશય એ છે કે એકવાર પ્રતિ. થઈ ગયું. હવે असंजमं पडिक्कमामि वि. શા માટે ?તો અપુનઃકરણ માટે. અને તે માટે પ્રથમ નમસ્કાર કરે છે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઋષભ વિગેરેથી લઇને મહાવીર સુધીના ચોવીસ તીર્થંકરોને નમસ્કાર થાઓ. પ્રાકૃતમાં ચતુર્થીવિભક્તિના અર્થમાં ષષ્ઠીવિભક્તિ થાય છે. કહ્યું છે – "બહુવચનવડે દ્વિવચનનો અને ષષ્ઠીવિભક્તિવડે ચતુર્થીનો નિર્દેશ થાય છે. જેમકે जह हत्था तह पाया (અહીં હાથ અને પગ બે હોવા છતાં નિર્દેશ બહુવચનમાં થયો છે.) नमोत्थु देवाहिदेवाणं (અહીં नमस् ના યોગમાં ચતુર્થી થવાને બદલે ષષ્ઠી થઈ છે. અર્થ ચતુર્થીમાં જાણવો.)"

**અવતરણિકા :** આ પ્રમાણે નમસ્કાર કરીને પ્રસ્તુત (નૈર્ગ્રંથ્ય પ્રવચનની આરાધના કરવા માટે જ ઉપસ્થિત થયેલો હોવાથી પ્રસ્તુત) એવા નૈર્ગ્રંથ્ય પ્રવચનના ગુણોનું વર્ણન કરવા માટે કહે છે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

---

२. एकविधस्यासंयमस्य भवतीह पर्यवसमूहः । एवमतिचारविशोधिं कृत्वा करोति नमस्कारम् ॥६॥ बहुवचनेन द्विवचनं षष्ठीविभक्त्या भण्यते चतुर्थी । यथा हस्तौ तथा पादौ नमोऽस्तु देवाधिदेवेभ्यः ॥१॥

'इदमेवे'ति सामायिकादि प्रत्याख्यानपर्यन्तं द्वादशाङ्गं वा गणिपिटकं, निर्ग्रन्थाः—बाह्याभ्यन्तर-ग्रन्थनिर्गताः साधवः निर्ग्रन्थानामिदं नैर्ग्रन्थ्यं 'प्रावचन'मिति प्रकर्षेणाभिविधिनोच्यन्ते जीवादयो यस्मिन् तत्प्रावचनम्, इदमेव नैर्ग्रन्थ्यं प्रावचनं किमत आह—सतां हितं सत्यं, सन्तो—मुनयो गुणाः पदार्था वा सद्भूतं वा सत्यमिति, नयदर्शनमपि स्वविषये सत्यं भवत्यत आह—'अणुत्तरं'ति नास्योत्तरं विद्यत इत्यनुत्तरं, यथावस्थितसमस्तवस्तुप्रतिपादकत्वात् उत्तममित्यर्थः, यदि नामेदमीत्थम्भूतमन्यदप्येवम्भूतं भविष्यतीत्यत आह—'केवलियं' केवलमद्वितीयं नापरमित्थंभूतमित्यर्थः यदि नामेदमित्थभूतं तथाप्यन्यस्याप्यसंभवादपवर्गप्रापकैर्गुणैः प्रतिपूर्णं न भविष्यतीत्यत आह—'पडिपुन्नं'ति प्रतिपूर्णमपवर्गप्रापकैर्गुणैर्भृतमित्यर्थः, भृतमपि कदाचिदात्मंभरितया न तन्नयनशीलं भविष्यतीत्यत

**ટીકાર્થ** : આ સામાયિકાધ્યયનથી લઈને પ્રત્યાખ્યાન સુધીનું (ષડાવશ્યકરૂપ) પ્રવચન અથવા બાર અંગરૂપ ગણિપિટક (અહીં ગણિ = આચાર્ય, પેટી જેમ સર્વ રત્નોનો આધાર હોય તેમ સર્વ અર્થોરૂપ રત્નોનો આધાર દ્વાદશાંગી હોવાથી દ્વાદશાંગીને પેટીની ઉપમા આપી છે. તેથી આચાર્યની પેટી તે ગણિપિટક એટલે કે દ્વાદશાંગી. આ પ્રવચન અથવા ગણિપિટક સર્વ દુઃખોનો અંત કરનાર છે એમ, સૂત્રના અંતે રહેલ શબ્દો સાથે અન્વય જોડવો. આ પ્રવચન કેવું છે ? તે કહે છે –)

**નિર્ગ્રંથ** એટલે બાહ્ય—અભ્યંતર પરિગ્રહથી રહિત સાધુઓ. આ પ્રવચન નિર્ગ્રંથોનું છે માટે તે નૈર્ગ્રંથ્ય કહેવાય છે. **પ્રાવચન** – પ્રકર્ષથી અભિવિધિવડે જેમાં જીવાદિ પદાર્થો કહેવાય છે તે પ્રાવચન. આ જ નૈર્ગ્રંથ્ય પ્રાવચન શું છે ? તે કહે છે – આ પ્રાવચન સત્ય = હિતકર છે. સત્‌ને જે હિતકર છે તે સત્ય. સત્ તરીકે મુનિઓ, ગુણો અથવા પદાર્થો જાણવા. (દ્વાદશાંગી મુનિઓ માટે હિતકર છે એ તો સ્પષ્ટ છે જ. એ જ રીતે ગુણો અથવા પદાર્થોનું યથાવસ્થિત નિરૂપણ કરેલ હોવાથી તે પ્રવચન ગુણ—પદાર્થો માટે હિતકર છે.) અથવા સદ્‌ભૂત હોવાથી આ પ્રાવચન સત્ય છે. જો કે જુદા જુદા નયરૂપ દર્શનો = મતો પણ પોત—પોતાના વિષયમાં સત્ય છે (અને અન્ય—અન્યના વિષયમાં અસત્ય છે. તેથી સત્ય તરીકે આવા નયમતોનો સમાવેશ કોઈ ન કરે તે) માટે કહે છે – '**अनुत्तर**' – જેના પછી કોઈ નથી તે અનુત્તર, અર્થાત્ આ પ્રવચન સમસ્ત વસ્તુઓનું યથાવસ્થિત પ્રતિપાદન કરતું હોવાથી ઉત્તમ છે. **શંકા** : જો આ દર્શન આવું હોય તો બીજા દર્શનો પણ યથાવસ્થિત વસ્તુના પ્રતિપાદક હશે જ ને ? આવી શંકાનો નિરાસ કરવા કહે છે – '**केवलिय**' – આ પ્રવચન કેવલ છે = અદ્વિતીય છે. તેના જેવું બીજું કોઈ નથી.

**શંકા** : ભલે આ પ્રવચન ઉત્તમ છે અને ઉત્તમ એવા અન્યનો અસંભવ છે. છતાં પણ આ પ્રવચન મોક્ષપ્રાપક એવા ગુણોથી પરિપૂર્ણ ન હોય તો ? આવી શંકાને દૂર કરવા કહે છે – '**प्रतिपूर्ण**' – મોક્ષપ્રાપક એવા ગુણોથી આ પ્રવચન ભરેલું છે. (અર્થાત્ આ પ્રવચનને પામીને જીવ પોતાનામાં મોક્ષપ્રાપક ગુણોનું પ્રગટીકરણ કરતો હોવાથી તે ગુણોનું કારણ પ્રવચન છે. તેથી આવા ગુણોથી પ્રવચન ભરેલું છે એમ કહ્યું છે.) **શંકા** : ગુણોથી પૂર્ણ હોવા છતાં પણ આત્મંભરી હોય તો મોક્ષમાં લઈ જઈ શકે નહીં. ( અર્થાત્ પ્રવચનને ધારણ કરનાર જીવ પોતે તે ગુણોથી મોક્ષ પામે, બીજાને ન પમાડે.) આવી શંકાને દૂર કરવા કહે છે –

आह–'नेयाउयं'ति नयनशीलं नैयायिकं, मोक्षगमकमित्यर्थः, नैयायिकमप्यसंशुद्धं–संकीर्णं नाक्षेपेण नैयायिकं भविष्यति इत्यत आह–'संसुद्धं'ति सामस्त्येन शुद्धं संशुद्धं, एकान्ताकलङ्कमित्यर्थः, एवंभूतमपि कथञ्चित्तथास्वाभाव्यान्नालं भवनिबन्धननिकृन्तनाय भविष्यतीत्यत आह– 'सल्लगत्तणं'ति कृन्ततीति कर्त्तनं शल्यानि–मायाशल्यादीनि तेषां कर्त्तनं, भवनिबन्धनमायादिशल्यच्छेदकमित्यर्थः, परमतनिषेधार्थं त्वाह–'सिद्धिमग्गं मुत्तिमग्गं' सेधनं सिद्धिः–हितार्थप्राप्तिः सिद्धेर्मार्गः सिद्धिमार्गः, मोचनं मुक्तिः–अहितार्थकर्मविच्युतिस्तस्या मार्गो मुक्तिमार्ग इति, मुक्तिमार्ग– केवलज्ञानादिहितार्थप्राप्तिद्वारेणाहितकर्मविच्युतिद्वारेण च मोक्षसाधकमिति भावना, अनेन च केवलज्ञानादिविकलाः सकर्मकाश्च मुक्ता इति दुर्नयनिरासमाह, विप्रतिपत्तिनिरासार्थमाह– 'निज्जाणमग्गं निव्वाणमग्गं' यान्ति तदिति यानं 'कृत्यल्युटो बहुलं' ( पा० ३–३–११३ ) इति वचनात् कर्मणि ल्युट्, निरुपमं यानं निर्यानं, ईषत्प्राग्भाराख्यं मोक्षपदमित्यर्थः, तस्य मार्गो निर्याणमार्ग इति, निर्याणमार्गः–विशिष्टनिर्वाणप्राप्तिकारणमित्यर्थः, अनेनानियतसिद्धिक्षेत्रप्रतिपादनपरदुर्णयनिरासमाह, निर्वृतिर्निर्वाणं–सकलकर्मक्षयजमात्यन्तिकं सुखमित्यर्थः, निर्वाणस्य मार्गो

'नैयायिक' – મોક્ષમાં લઈ જનારું આ પ્રવચન છે. શંકા : મોક્ષમાં લઇ જનારું હોવા છતાં પણ અસંશુદ્ધ હોય = સંકીર્ણ હોય = કલંકિત હોય તો ઝડપથી લઇ જનારું બનતું નથી. આવી શંકાનું સમાધાન આપે છે – આ પ્રવચન સંશુદ્ધ છે એટલે કે એકાન્તે કલંક વિનાનું છે. શંકા : આવા પ્રકારનું હોવા છતાં કોઇક રીતે તથા સ્વભાવથી જ સંસારના કારણોને તોડવામાં સમર્થ નહીં હોય. તેથી કહે છે – 'सल्लगत्तण' – જે કાપે તે કર્તન. શલ્યો તરીકે માયાશલ્યાદિ જાણવા. આ પ્રવચન તે સંસારના કારણભૂત એવા માયા વિગેરે શલ્યોને કાપનારું છે.

બીજાના મતોનો નિષેધ કરવા કહે છે – 'सिद्धिमग्गं मुत्तिमग्गं' સિદ્ધિ એટલે હિતકર પદાર્થોની પ્રાપ્તિ. તે સિદ્ધિનો જે માર્ગ તે સિદ્ધિમાર્ગ. મુક્તિ એટલે અહિતકર પદાર્થો અને તેના કારણભૂત એવા કર્મોથી છૂટકારો. તેનો જે માર્ગ તે મુક્તિમાર્ગ. આ પ્રવચન એ મુક્તિનો માર્ગ છે એટલે કે કેવલજ્ઞાન વિગેરે હિતકર એવા પદાર્થોની પ્રાપ્તિ કરાવવાદ્વારા અને અહિતકર એવા કર્મોનો ક્ષય કરાવવાદ્વારા મોક્ષને સાધી આપનારું છે. આ બંને વિશેષણોદ્વારા જે દુર્નય એવું માને છે કે 'મુક્ત જીવો કેવલજ્ઞાનાદિ વિનાના અને કર્મસહિતના છે' તે દુર્નયનો નિરાસ કરાયેલો જાણવો, અર્થાત્ તેવા દુર્નયનું ખંડન થયેલું સમજવું.

આવા પ્રકારની બીજી પણ ખોટી માન્યતાઓનું ખંડન કરવા માટે કહે છે – 'निज्जाणमग्गं' જ્યાં જીવો જાય તે યાન. અહીં કૃત્ય... સૂત્રથી 'या' ધાતુને કર્મ અર્થમાં લ્યુટ્ પ્રત્યય લાગતા 'યાન શબ્દ બન્યો છે. નિરુપમ એવું યાન તે નિર્યાન અર્થાત્ ઇષત્પ્રાગ્ભાર નામનું મોક્ષસ્થાન. તેનો માર્ગ તે નિર્યાનમાર્ગ, અર્થાત્ વિશિષ્ટ એવા નિર્વાણની પ્રાપ્તિનું કારણ. (અહીં અન્યદર્શનીઓએ માનેલા મોક્ષસ્થાન કરતા આ મોક્ષસ્થાન વિશિષ્ટ હોવાથી નિર્વાણ માટે 'વિશિષ્ટ' વિશેષણ મૂકેલ છે.) આ વિશેષણદ્વારા જેઓ સિદ્ધિક્ષેત્રને અનિયત માને છે એટલે કે અમુક ચોક્કસ સ્થાને સિદ્ધિક્ષેત્ર છે એવું જેઓ માનતા નથી, તેવા દુર્નયનું ખંડન કરાયેલું જાણવું.

निर्वाणमार्ग इति, निर्वाणमार्गः परमनिर्वृतिकारणमिति हृदयं, अनेन च निःसुखदुःखा मुक्तात्मान इति प्रतिपादनपरदुर्णयनिरासमाह, निगमयन्नाह–इदं च "अवितहमविसंधि सव्वदुक्खप्पहीणमग्गं" अवितथं–सत्यं अविसन्धि–अव्यवच्छिन्नं, सर्वदा अवरविदेहादिषु भावात्, सर्वदुःखप्रहीणमार्गं– सर्वदुःखप्रहीणो–मोक्षस्तत्कारणमित्यर्थः, साम्प्रतं परार्थकरणद्वारेणास्य चिन्तामणित्वमुपदर्शयन्नाह– 'एत्थं ट्ठिया जीवा सिज्झंति'त्ति 'अत्र' नैर्ग्रन्थे प्रवचने स्थिता जीवाः सिध्यन्तीत्यणिमादिसंयमफलं प्राप्नुवन्ति 'बुज्झंती'ति बुध्यन्ते केवलिनो भवन्ति 'मुच्चंति'त्ति मुच्यन्ते भवोपग्राहिकर्मणा 'परिनिव्वायंति'त्ति परि–समन्तात् निर्वान्ति, किमुक्तं भवति ?–'सव्वदुक्खाणमंतं करिंति'त्ति सर्वदुःखानां शारीरमानसभेदानां अन्तं–विनाशं कुर्वन्ति–निर्वर्त्तयन्ति ।

इत्थमभिधायाधुनाऽत्र चिन्तामणिकल्पे कर्ममलप्रक्षालनसमर्थसलिलौघं श्रद्धानमाविष्कुर्वन्नाह —

**तं धम्मं सद्दहामि पत्तियामि रोएमि फासेमि अणुपालेमि, तं धम्मं सद्दहंतो पत्तिअंतो रोयंतो फासंतो अणुपालंतो तस्स धम्मस्स अब्भुट्ठिओमि आराहणाए विरओमि विराहणाए असंजमं परिआणामि संजमं उवसंपज्जामि अबंभं परिआणामि बंभं उवसंपज्जामि अकप्पं परियाणामि कप्पं उवसंपज्जामि अण्णाणं परिआणामि नाणं उवसंपज्जामि अकिरियं परियाणामि किरियं उवसंपज्जामि मिच्छत्तं परियाणामि सम्मत्तं उवसंपज्जामि अबोहिं परियाणामि बोहिं उवसंपज्जामि अमग्गं परियाणामि मग्गं उवसंपज्जामि ( सूत्रं )**

---

'निव्वाणमग्गं' – નિર્વાણ એટલે નિર્વૃતિ અર્થાત્ સકલ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થનાર આત્યન્તિક સુખ. તેનો માર્ગ = ઉપાય તે નિર્વાણમાર્ગ, અર્થાત્ પરમનિર્વૃતિનું કારણ. આ વિશેષણદ્વારા 'મુક્તાત્મા સુખ–દુઃખ વિનાના છે' એવા પ્રતિપાદનમાં તત્પર દુર્નયનું ખંડન જાણવું. ઉપસંહાર કરતા કહે છે – આ પ્રવચન અવિતથ એટલે કે સત્ય છે, આ પ્રવચન પશ્ચિમ મહાવિદેહ વિગેરે ક્ષેત્રમાં હંમેશા રહેનારું હોવાથી અવિસન્ધિ = નાશ ન પામનારું છે. આ પ્રવચન સર્વ દુઃખોથી રહિત એવા મોક્ષનું કારણ છે.

હવે પરાર્થ કરનારું હોવાથી આ પ્રવચન ચિંતામણિસ્વરૂપ છે એવું જણાવતાં કહે છે – આ નૈર્ગ્રંથ્ય પ્રવચનમાં રહેલા જીવો સિદ્ધ થાય છે એટલે કે અણિમાદિ અષ્ટ સિદ્ધિ વિગેરે સંયમફળને પ્રાપ્ત કરે છે. આ પ્રવચનમાં રહેલાં જીવો બોધ પામે છે એટલે કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, અઘાતિકર્મોથી મૂકાય છે, સર્વ પ્રકારે નિર્વાણને પામે છે એટલે કે શારીરિક અને માનસિક એવા સર્વ દુઃખોના વિનાશને કરે છે.

**અવતરણિકા :** આ પ્રમાણે પ્રવચનના માહત્મ્યને કહીને હવે આ જ ચિંતામણિસમાન પ્રવચનમાં કર્મમલને ધોઈ નાંખવામાં સમર્થ એવી પાણીના સમૂહરૂપ શ્રદ્ધાને પ્રગટ કરતા કહે છે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

य एष नैर्ग्रन्थ्यप्रावचनलक्षणो धर्म उक्तः तं धर्मं श्रद्दध्महे सामान्येनैवमयमिति 'पत्तियामि'त्ति प्रतिपद्यामहे प्रीतिकरणद्वारेण 'रोएमि'त्ति रोचयामि, अभिलाषातिरेकेणासेवनाभिमुखतया, तथा प्रीती रुचिश्च भिन्ने एव, यतः क्वचिद्दध्यादौ प्रीतिसद्भावेऽपि न सर्वदा रुचिः, 'फासेमि'त्ति स्पृशामि आसेवनाद्वारेणेति 'अणुपालेमि' अनुपालयामि पौनःपुन्यकरणेन 'तं धम्मं सद्दहंतो' इत्यादि, तं धर्मं श्रद्दधानः प्रतिपद्यमानः रोचयन् स्पृशन् अनुपालयन् 'तस्स धम्मस्स अब्भुट्ठिओमि आराधनाए'त्ति तस्य धर्मस्य प्रागुक्तस्य अभ्युत्थितोऽस्मि आराधनायाम्—आराधनविषये 'विरतोमि विराधनाए'त्ति विरतोऽस्मि—निवृत्तोऽस्मि विराधनायां—विराधनाविषये, एतदेव भेदेनाह—'असंजमं परियाणामि, संजमं उवसंपज्जामि' असंयमं—प्राणातिपातादिरूपं प्रतिजानामीति ज्ञपरिज्ञया विज्ञाय प्रत्याख्यानपरिज्ञया प्रत्याख्यामीत्यर्थः, तथा संयमं—प्रागुक्तस्वरूपं उपसंपद्यामहे, प्रतिपद्यामहे इत्यर्थः, तथा 'अबंभं परियाणामि बंभं उवसंपज्जामि' अब्रह्म—बस्त्यनियमलक्षणं विपरीतं ब्रह्म, शेषं पूर्ववत्, प्रधानासंयमाङ्गत्वाच्चाब्रह्मणो निदानपरिहारार्थमनन्तरमिदमाह, असंयमाङ्गत्वादेवाह—'अकप्पं परियाणामि कप्पं उवसंपज्जामि' अकल्पोऽकृत्यमाख्यायते कल्पस्तु कृत्यं इति, इदानीं द्वितीयं बन्धकारणमाश्रित्याह, यत उक्तं—"अस्संजमो य एक्को अण्णाणं अविरई य दुविहं" तु

**ટીકાર્થ** : જે આ નૈર્ગ્રંથ્ય પ્રાવચનસ્વરૂપ ધર્મ કહ્યો, તે ધર્મની હું શ્રદ્ધા કરું છું એટલે કે સામાન્યથી 'આ ધર્મ આ પ્રમાણેનો જ (=પૂર્વે કહ્યો તેવો જ) છે' એ પ્રમાણની શ્રદ્ધા કરું છું. તે ધર્મ ઉપર પ્રીતિને ધારણ કરવાદ્વારા ધર્મનો સ્વીકાર કરું છું, તીવ્ર ઇચ્છાથી તે ધર્મના પાલનને અભિમુખ થવાવડે તે ધર્મ ઉપર રુચિ ધારણ કરું છું. અહીં પ્રીતિ અને રુચિ બંને તદ્દન જુદા જ છે, કારણ કે દહીં વિગેરે કોઈ વસ્તુમાં પ્રીતિ હોવા છતાં પણ હંમેશા રુચિ હોય જ એવું હોતું નથી. (અર્થાત્ પ્રીતિ હોવા છતાં ક્યારેક રુચિ ન પણ હોય. આમ રુચિ અને પ્રીતિ તદ્દન જુદા છે.) તેનું (= તે પ્રવચનમાં કહેલા અનુષ્ઠાનોનું) પાલન કરવાદ્વારા તે ધર્મને હું સ્પર્શું છું. વારંવાર કરવાદ્વારા તે ધર્મનું અનુપાલન કરું છું.

તં ધમ્મં સદ્દહંતો... વિગેરેનો અર્થ – તે ધર્મની શ્રદ્ધા કરતો, સ્વીકારતો, રૂચિ કરતો, સ્પર્શના કરતો, અનુપાલન કરતો એવો હું તે પ્રાવચનરૂપ ધર્મની આરાધના કરવા માટે ઊભો થયો છું એટલે તૈયાર થયો છું. (તે ધર્મ આરાધવા માટે જ) વિરાધનાઓથી પાછો ફર્યો છું. (તે આરાધનામાં કેવી રીતે તૈયાર થયો છે ? અને વિરાધનાથી કેવી રીતે પાછો ફર્યો છે?) તે જ વાત ભેદથી = વિસ્તારથી જણાવે છે – પ્રાણાતિપાત વિગેરેરૂપ અસંયમને હું જાણું છું અર્થાત્ જ્ઞપરિજ્ઞાવડે = જ્ઞાનથી અસંયમને જાણીને પ્રત્યાખ્યાનપરિજ્ઞાવડે તે અસંયમનું પ્રત્યાખ્યાન કરું છું. તથા પ્રાણાતિપાત વિગેરેથી નિવૃત્તિરૂપ સંયમને સ્વીકારું છું.

તથા મૈથુનસેવન તે અબ્રહ્મ. અને તેનાથી વિપરીત બ્રહ્મ જાણવું. શેષ શબ્દોનો અર્થ પૂર્વની જેમ જાણવો. અબ્રહ્મ એ અસંયમનું પ્રધાન કારણ હોવાથી અબ્રહ્મના કારણનો નિષેધ કરવા અસંયમ પછી અબ્રહ્મ ગ્રહણ કર્યું છે. એ જ પ્રમાણે અસંયમનું અંગ હોવાથી જ કહે છે – અકલ્પ્યનું પ્રત્યાખ્યાન કરું છું, કલ્પ્યનો સ્વીકાર કરું છું. અકલ્પ્ય એટલે અકૃત્ય = અકર્તવ્ય. અને કલ્પ્ય એટલે કૃત્ય. હવે બીજા કારણને આશ્રયીને જણાવે છે, કારણ કે કહ્યું છે – અસંયમ એ પ્રથમપ્રકારનું કારણ છે. અજ્ઞાન

इत्यादि ।'अण्णाणं परियाणामि नाणं उवसंपज्जामि' अज्ञानं सम्यग्ज्ञानादन्यत् ज्ञानं तु भगवद्वचनजं, अज्ञानभेदपरिहरणायैवाह–'अकिरियं परियाणामि किरियं उवसंपज्जामि' अक्रिया–नास्तिकवादः क्रिया–सम्यग्वादः । तृतीयं बन्धकारणमाश्रित्याह–'मिच्छत्तं परियाणामि सम्मत्तं उवसंपज्जामि' मिथ्यात्वं–पूर्वोक्तं सम्यक्त्वमपि, एतदङ्गत्वादेवाह–'अबोहिं परियाणामि बोहिं उवसंपज्जामि' अबोधिः–मिथ्यात्वकार्यं बोधिस्तु सम्यक्त्वस्येति, इदानीं सामान्येनाह–'अमग्गं परियाणामि मग्गं उवसंपज्जामि' अमार्गो–मिथ्यात्वादिः मार्गस्तु सम्यग्दर्शनादिरिति ।

इदानीं छद्मस्थत्वादशेषदोषशुद्ध्यर्थमाह —

**जं संभरामि जं च न संभरामि जं पडिक्कमामि जं च न पडिक्कमामि तस्स सव्वस्स देवसियस्स अइयारस्स पडिक्कमामि समणोऽहं संजयविरयपडिहयपच्चक्खायपावकम्मो अनियाणो दिट्ठिसंपण्णो मायामोसविवज्जिओ । ( सूत्रं )**

यत् किञ्चित् स्मरामि यच्च छद्मस्थानाभोगान्नेति, तथा 'जं पडिक्कमामि जं च न पडिक्कमामि' यत् प्रतिक्रामामि आभोगादिविदितं यच्च न प्रतिक्रामामि सूक्ष्ममविदितं, अनेन प्रकारेण यः कश्चिदतिचारः कृतः 'तस्स सव्वस्स देवसियस्स अतियारस्स पडिक्कमामि'त्ति कण्ठ्यं, इत्थं प्रतिक्रम्य पुनरकुशलप्रवृत्तिपरिहारायात्मानमालोचयन्नाह–'समणोऽहं संजयविरयपडिहयपच्च-

---

અને અવિરતિ એ બે પ્રકારના કારણો છે... વિગેરે. અજ્ઞાનનું પ્રત્યાખ્યાન કરું છું અને જ્ઞાનને સ્વીકારું છું. સમ્યગ્જ્ઞાનથી જે વિપરીત છે તે અજ્ઞાન છે અને જ્ઞાન ભગવાનના વચનોથી પ્રગટ થતું જાણવું. અજ્ઞાનના ભેદોનો ત્યાગ કરવા માટે જ કહે છે – અક્રિયાનું પ્રત્યાખ્યાન અને ક્રિયાનો સ્વીકાર કરું છું. અક્રિયા એટલે નાસ્તિકવાદ અને ક્રિયા એટલે સમ્યગ્વાદ. હવે ત્રીજા બંધના કારણને આશ્રયીને કહે છે – મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન અને સમ્યક્ત્વનો સ્વીકાર કરું છું. મિથ્યાત્વનો અર્થ પૂર્વે કહેવાઈ ગયો છે. એ જ પ્રમાણે સમ્યક્ત્વનો પણ અર્થ પૂર્વે કહેવાઈ ગયો છે. મિથ્યાત્વ અને સમ્યક્ત્વ (અબોધિ–બોધિનું) કારણ હોવાથી કહે છે – અબોધિનું પ્રત્યાખ્યાન અને બોધિનો સ્વીકાર કરું છું. અબોધિ મિથ્યાત્વથી ઉત્પન્ન થનારું જાણવું. અને બોધિ સમ્યક્ત્વનું કાર્ય જાણવું. હવે સામાન્યથી જણાવે છે – અમાર્ગનું પ્રત્યાખ્યાન અને માર્ગનો સ્વીકાર કરું છું. મિથ્યાત્વ વિગેરે અમાર્ગ અને સમ્યગ્દર્શન વિગેરે માર્ગ જાણવો.

**અવતરણિકા :** હવે પ્રતિક્રમણ કરનાર છદ્મસ્થ હોવાથી સંપૂર્ણ દોષોની શુદ્ધિ માટે કહે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જે કંઈક મને યાદ છે અને છદ્મસ્થ અવસ્થામાં થનારા અનાભોગને કારણે જે કંઈક મને યાદ આવતું નથી. તથા આભોગ વિગેરેથી જણાયેલ જેનું હું પ્રતિક્રમણ કરું છું અને નહિ જણાયેલ એવા સૂક્ષ્મ અપરાધોનું જે મેં પ્રતિક્રમણ કર્યું નથી. આ રીતે જે કોઈ અતિચાર સેવાયો છે 'તે સર્વ દૈવસિક અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું' આ વાક્યનો અર્થ સ્પષ્ટ જ છે. આ પ્રમાણે પ્રતિક્રમણ કરીને અકુશલ એવી પ્રવૃત્તિનો ત્યાગ કરવા માટે પોતાના આત્માની આલોચના કરતા કહે છે – હું

क्खायपावकम्मो अणियाणो दिट्ठिसंपन्नो मायामोसविवज्जिओ 'त्ति श्रमणोऽहं तत्रापि न चरकादिः, किं तर्हि ?, संयतः सामस्त्येन यतः इदानीं, विरतो–निवृत्तः अतीतस्यैष्यस्य च निन्दासंवरणद्वारेण अत एवाह–प्रतिहतप्रत्याख्यातपापकर्मा, प्रतिहतम्–इदानीमकरणतया प्रत्याख्यतमतीतं निन्दया एष्यमकरणतयेति, प्रधानोऽयं दोष इतिकृत्वा तत्शून्यतामात्मनो भेदेन प्रतिपादयन्नाह–'अनिदानो' निदानरहितः सकलगुणमूलभूतगुणयुक्ततां दर्शयन्नाह–'दृष्टिसंपन्नः' सम्यग्दर्शनयुक्त इत्यर्थः ।

वक्ष्यमाणद्रव्यवन्दनपरिहारायाह–मायामृषाविवर्जकः–मायागर्भमृषावादपरिहारीत्युक्तं भवति । एवंभूतः सन् किं ? —

**अड्ढाइज्जेसु दीवसमुद्देसु पनरससु कम्मभूमीसु जावंति केइ साहू रयहरणगुच्छ-पडिग्गहधारा पंचमहव्वयधारा । अट्ठारसहस्ससीलंगधारा अक्खुयायारचरित्ता ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि । ( सूत्रं )**

अर्द्धतृतीयेषु द्वीपसमुद्रेषु–जम्बूद्वीपधातकीखण्डपुष्करार्द्धेषु पञ्चदशसु कर्मभूमिषु–पञ्चभरत-पञ्चैरावतपञ्चविदेहाभिधानासु यावन्तः केचन साधवः रजोहरणगुच्छप्रतिग्रहधारिणः, निह्नवादिव्य-वच्छेदायाह–पञ्चमहाव्रतधारिणः, पञ्च महाव्रतानि–प्रतीतानि, तदेकाङ्गविकलप्रत्येकबुद्धादि-

---

શ્રમણ છું. તેમાં પણ ચરક વિગેરે નથી પરંતુ સંયત છું અર્થાત્ હવે સર્વ પ્રકારે (શુભ પ્રવૃત્તિમાં) યત્નવાળો છું. તથા વિરત = અટકેલો છું, અર્થાત્ ભૂતકાળના પાપોની નિંદા અને ભવિષ્યના પાપોનું સંવરણ કરવાદ્વારા પાપોથી પાછો ફરેલો છું.

આ રીતે સંયત–વિરત છે માટે જ કહે છે – 'પ્રતિહત–પ્રત્યાખ્યાત પાપકર્મવાળો છું', અર્થાત્ વર્તમાનમાં પાપોને નહીં કરતો હોવાથી પ્રતિહત અને ભૂતકાળના અપરાધોને નિંદાવડે તથા ભવિષ્યના પાપોની અકરણતાને કારણે પ્રત્યાખ્યાત પાપકર્મવાળો છું. નિયાણું એ સૌથી મોટો દોષ છે માટે જ આત્માની તે દોષથી શૂન્યતાને સ્વતંત્ર રીતે જણાવતાં કહે છે (અર્થાત્ આ દોષથી સંપૂર્ણ રીતે આત્મા શૂન્ય છે તેવું જણાવવા ફરીથી જુદું વિશેષણ કહે છે –) 'હું નિયાણાથી રહિત છું.' સકલગુણોમાં જે મુખ્ય ગુણ છે તે ગુણથી આત્મા યુક્ત છે તે જણાવવા કહે છે – 'હું સમ્યગ્દર્શનથી યુક્ત છું.'

આગળ કહેવાતા દ્રવ્યવંદનનો ત્યાગ કરવા માટે (એટલે કે હવે જે વંદન કરવાનું છે તે માત્ર શબ્દોથી નથી તે જણાવતા) કહે છે – 'માયાથી યુક્ત એવા મૃષાવાદનો ત્યાગ કરનારો છું.' આવા પ્રકારનો થયેલો તે સાધુ શું કરે છે ? તે કહે છે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કરદ્વીપરૂપ અઢીદ્વીપમાં રહેલ પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહનામની પંદર કર્મભૂમિમાં જે કોઇ પણ સાધુઓ રજોહરણ, ગુચ્છા, પાત્રને (ઉપલક્ષણથી સર્વ ઔઘિક ઉપકરણોને) ધારણ કરનારા છે. (તેઓને सिरसा मणसा... પદ સાથે અન્વય જોડવો.) અહીં નિહ્નવ વિગેરેની બાદબાકી કરવા કહે છે – જેઓ પાંચ મહાવ્રતોને ધારણ કરનારા છે, પાંચ મહાવ્રતો પ્રસિદ્ધ જ છે. (પૂર્વે 'રજોહરણાદિધારણ કરનારા' વિશેષણ કહ્યું

सङ्ग्रहायाह–अष्टादशशीलाङ्गसहस्रधारिणः, तथाहि–केचिद् भगवन्तो रजोहरणादिधारिणो न भवन्त्यपि, तानि चाष्टादशशीलाङ्गसहस्राणि दर्श्यन्ते, तत्रेयं करणगाथा–जोए करणे सन्ना इंदिय भोमाइ समणधम्मे य । सीलंगसहस्साणं अट्ठारसगस्स निप्फत्ती ॥१॥

स्थापना त्वियं —

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| योग | म० | व० | का० | | | | | | | |
| करण | ण क० | ण का० | ण अ० | | | | | | | |
| सन्ना | आ० | भ० | मै० | प० | | | | | | |
| इंदिय | सो० | च० | घा० | र० | फा० | | | | | |
| भोमाइ | पु० | आ० | ते० | वा० | व० | बे० | ते० | च० | पं० | अ० |
| स०ध० | खं० | म० | अ० | मु० | त० | सं० | स० | सो० | आ० | बं० |

इयं भावना–मणेण ण करेइ आहारसण्णाविप्पजढो सोतिंदियसंवुडो खंतिसंपन्नो पुढवीकायसंरक्खओ १, मणेण ण करेइ आहारसण्णाविप्पजढो सोतिंदियसंवुडो खंतिसंपन्नो आउक्कायसंरक्खओ २ एवं तेउ ३ वाउ ४ वणस्सति ५ बि० ६ ति० ७ च० ८ पं० ९ अजीवेसु दस भेदा, एते खंतिपयं अमुयंतेण लद्धा ; एवं मद्दवादिसु एक्केक्केदस २ लब्भति, एवं सतं, १०० एवं सोतिंदियममुयंतेण लद्धा, एवं चक्खिदियादियेसुवि एक्केक्के सयं २ जाता सता ५००,

પરંતુ) કેટલાક પ્રત્યેકબુદ્ધ વિગેરે રજોહરણાદિ એક અંગ (બાહ્ય ઉપધિ એ એક અંગ અને આભ્યંતર સંયમના પરિણામો એ બીજું અંગ જાણવું.) ને ધારણ કરનારા નથી પણ હોતા તેથી તેઓનો સંગ્રહ કરવા માટે કહે છે – અઢારહજારશીલાંગોને ધારણ કરનારા. પ્રત્યેકબુદ્ધ વિગેરે પાસે પણ અઢારહજારશીલાંગો છે જ. તે અઢારહજારશીલાંગોને મેળવવાની કરણગાથા આ પ્રમાણે છે – ૩ યોગ x ૩ કરણ x ૪ સંજ્ઞા x ૫ ઇન્દ્રિય x ૧૦ પૃથ્વી વિગેરે x ૧૦ શ્રમણધર્મ. આ પ્રમાણે ૧૮૦૦૦ શીલાંગો થાય છે.

તે ભાંગાઓ આ પ્રમાણે છે – (૧) આહારસંજ્ઞા વિનાનો, શ્રોતેન્દ્રિયથી સંવૃત થયેલો, ક્ષમાથી યુક્ત હું મનથી પૃથ્વીકાયનો આરંભ કરીશ નહીં, (૨) આહારસંજ્ઞા વિનાનો, શ્રોતેન્દ્રિયથી સંવૃત્ત, ક્ષમાયુક્ત હું મનથી અપ્કાયનો આરંભ કરીશ નહીં, (૩) આ પ્રમાણે તેજસ્કાયના, (૪) વાયુકાયના, (૫) વનસ્પતિના, (૬) બેઇન્દ્રિયના, (૭) તેઇન્દ્રિયના, (૮) ચઉરેન્દ્રિયના, (૯) પંચેન્દ્રિયના આરંભને અને (૧૦) અજીવઅસંયમને (= મુલ્યવાન વસ્ત્ર, પાત્ર, સુવર્ણ વિગેરેના સેવનને) કરીશ નહીં. આ પ્રમાણે 'ક્ષમા' પદ છોડ્યા વિના પૃથ્વી વિગેરેથી લઈ અજીવ સુધીના દશ ભેદ પ્રાપ્ત થયા. આ પ્રમાણે 'ક્ષમા' પદને બદલે માર્દવ વિગેરે પદો મૂકતા દરેક પદના ૧૦–૧૦ ભાંગા પ્રાપ્ત થાય. બધા મળી ૧૦૦ ભાંગા થાય. આ ૧૦૦ ભાંગા 'શ્રોતેન્દ્રિય' પદને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે ચક્ષુ–ઇન્દ્રિય વિગેરે પાંચ ઇન્દ્રિયોને આશ્રયીને દરેકના ૧૦૦–૧૦૦ ભાંગા ગણતા પાંચ ઇન્દ્રિયના ૫૦૦ ભાંગા થાય.

एतेवि आहारसण्णाऽपरिच्चायगेण लद्धा, भयादिसण्णादिसुवि पत्तेयं २ पंच सया, जाता दो सहस्सा, एत न करेंतित्ति एतेण लद्धा न कारवेति एतेणवि दो करंते णाणुजाणति एतेणवि दो सहस्सा २०००, जाता ६ सहस्सा, एते मणेण लद्धा ६०००, वायाएवि ६०००, काएणवि छत्ति ६०००, जाता अट्ठारसत्ति १८००० । 'अक्षताचारचारित्रिण:' अक्षताचार एव चारित्रं, 'तान् सर्वान्' गच्छगतनिर्गतभेदान् 'शिरसा' उत्तमाङ्गेन मनसा—अन्त:करणेन मस्तकेन वन्दामीति वाचेति,

इत्थमभिवन्द्य साधून् पुनरोघत: सकलसत्त्वक्षामणमैत्रीप्रदर्शनायाह —

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मेत्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥१॥
एवमहं आलोइय निन्दिय गरहिय दुगुंछियं सम्मं ।
तिविहेण पडिक्कंतो वंदामि जिणे चउवीसं ॥२॥ ( सूत्रं )

निगदसिद्धा एवेयं, सव्वे जीवा खमंतु मेत्ति, मा तेषामप्यक्षान्तिप्रत्यय: कर्मबन्धो भवत्विति

---

આ ૫૦૦ ભાંગા 'આહારસંજ્ઞા' પદને છોડ્યા વિના પ્રાપ્ત થયા. એ જ રીતે ભય વિગેરે સંજ્ઞા લઈને ભાંગા કરતા દરેકના ૫૦૦—૫૦૦ ભેગા કરતા બે હજાર ભાંગા થાય. આ બે હજાર ભાંગા 'કરવું નહીં' પદને આશ્રયીને મળ્યા. એ જ રીતે 'કરાવવું નહીં' પદના બે હજાર અને 'અનુમોદવું નહીં' પદના બે હજાર. બધા મળી છ હજાર ભાંગા થયા. આ છ હજાર ભાંગા 'મનથી' પદને આશ્રયીને મળ્યા. એ જ રીતે વચન અને કાયાના છ—છ હજાર ગણતાં બધા મળી અઢારહજાર થાય છે.

અક્ષત આચાર એ જ અહીં ચારિત્ર જાણવું. તે અક્ષતાચારરૂપચારિત્રવાળા, (આમ રજોહરણગુચ્છપ્રતિગ્રહધારી વિગેરેથી લઈ અક્ષતાચારચારિત્રવાળા) બધા જ એટલે કે ગચ્છમાં રહેલા (સાપેક્ષ યતિધર્મી) કે ગચ્છમાંથી નીકળેલા (નિરપેક્ષ યતિધર્મી) બધા સાધુઓને મસ્તકથી = કાયાથી, મનથી અને 'મત્થએણ વંદામિ' એ પ્રમાણે વચનથી વંદન કરે છે.

**અવતરણિકા :** આ પ્રમાણે સાધુઓને વંદન કરીને ફરીથી સર્વ જીવો સાથે ક્ષમાયાચનાપૂર્વકના મૈત્રીભાવને દેખાડવા માટે કહે છે ⇨

**સૂત્રાર્થ : સર્વ જીવોને હું ક્ષમા આપું છું, સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વજીવો સાથે મારે મૈત્રી છે, કોઈ સાથે મારે વૈરભાવ નથી.**

**સૂત્રાર્થ : આ પ્રમાણે પોતાના અપરાધોની સમ્યગ્ રીતે ગુરુને કથનકરવારૂપ આલોચના કરી, મનથી સ્વસાક્ષીએ નિંદા કરી, વચનથી અન્યસાક્ષીએ ગર્હા કરી, તથા આલોચના—નિંદા—ગર્હારૂપ દુર્ગંછા કરી. આ મન—વચન—કાયારૂપ ત્રણ પ્રકારથી પાછો ફરેલો હું ચોવીસ જીનેશ્વરોને વંદન કરું છું.**

**ટીકાર્થ :** પ્રથમ ગાથાનો અર્થ સ્પષ્ટ જ છે. તેમાં બીજા બધા જીવોને પણ અક્ષમા નિમિત્તે કર્મબંધ ન થાય તે માટે કરુણાથી 'सव्वे जीवा खमंतु मे' શબ્દોનું ઉચ્ચારણ જીવ કરે છે. હવે આ અધ્યયનના

करुणयेदमाह । समाप्तौ स्वरूपप्रदर्शनपुरःसरं मङ्गलमाह–★एवेत्यादि निगदसिद्धा, एवं दैवसिकं प्रतिक्रमणमुक्तं, रात्रिकमप्येवम्भूतमेव, नवरं यत्रैव दैवसिकातिचारोऽभिहितस्तत्र रात्रिकातिचारो वक्तव्यः । आह–यद्येवं 'इच्छामि पडिक्कमिउं गोयरचरियाए' इत्यादि सूत्रमनर्थकं, रात्रावस्य असंभवादिति, उच्यते, स्वप्नादौ संभवादित्यदोषः । इत्युक्तोऽनुगमः, नयाः प्राग्वत् ॥

इत्याचार्यश्रीमद्धरिभद्रसूरिशक्रविहितायां आवश्यकवृत्तौ शिष्यहितायां प्रतिक्रमणाध्ययनं समाप्तं ॥

❂ ❂ ❂

## ○ अथ कायोत्सर्गाध्ययनं ○

व्याख्यातं प्रतिक्रमणाध्ययनमधुना कायोत्सर्गाध्ययनमारभ्यते, अस्य चायमभिसम्बन्धः– अनन्तराध्ययने वन्दनाद्यकरणादिना स्खलितस्य निन्दा प्रतिपादिता, इह तु स्खलितविशेषतोऽपराध-व्रणविशेषसंभवादेतावताऽशुद्धस्य सतः प्रायश्चित्तभेषजेनापराधव्रणचिकित्सा प्रतिपाद्यते, यद्वा प्रतिक्रमणाध्ययने मिथ्यात्वादिप्रतिक्रमणद्वारेण कर्मनिदानप्रतिषेधः प्रतिपादितः, यथोक्तं–

અંતમાં (જીવ કેવી રીતે પાપોથી પાછો ફર્યો છે ? તેનું) સ્વરૂપ દેખાડવાપૂર્વક મંગલને કહે છે – एवमहं....' ગાથાર્થ સ્પષ્ટ જ છે. આ પ્રમાણે દૈવસિક પ્રતિક્રમણ કહ્યું. રાત્રિક પ્રતિક્રમણ પણ આ જ પ્રમાણે જાણી લેવું. માત્ર જ્યાં દૈવસિક અતિચાર કહ્યાં, ત્યાં રાત્રિક અતિચાર જાણવા.

**શંકા :** જો દૈવસિક પ્રમાણે જ રાત્રિપ્રતિક્રમણ જાણવાનું હોય તો 'इच्छामि पडिक्कमिउं गोयरचरियाए....' વિગેરે સૂત્ર નિરર્થક બની જશે કારણ કે રાત્રિમાં ગોચરી જવાનું ન હોવાથી ગોચરીસંબંધી અતિચારો પણ થવાના નથી.

**સમાધાન :** સ્વપ્નમાં ગોચરચર્યા વિગરે સંભવતા હોવાથી રાત્રિએ પણ તેનું પ્રતિક્રમણ કરવાનું હોવાથી કોઈ દોષ નથી. આ પ્રમાણે અનુગમનામક ત્રીજું અનુયોગદ્વાર કહ્યું. નયો પૂર્વની જેમ જાણવા. આ રીતે આચાર્યોમાં ઇન્દ્ર સમાન એવા આચાર્યશ્રી હરિભદ્રસૂરિરચિત શિષ્યહિતાનામક આવશ્યકટીકાને વિશે પ્રતિક્રમણઅધ્યયન સમાપ્ત થયું.

## ❁ કાયોત્સર્ગ–અધ્યયન ❁

પ્રતિક્રમણ–અધ્યયન કહ્યું. હવે કાયોત્સર્ગ–અધ્યયનની શરૂઆત કરાય છે. અને તેનો સંબંધ આ પ્રમાણે છે – પૂર્વના અધ્યયનમાં વંદન વિગેરેને નહીં કરવા વિગેરેને કારણે સ્ખલિત થયેલાની નિંદાનું પ્રતિપાદન કર્યું. (અર્થાત્ વંદન ન કરવું, વિગેરેને કારણે જે સ્ખલના થઈ તેની નિંદા કરવાનું પૂર્વના અધ્યયનમાં કહ્યું.) અહીં આ અધ્યયનમાં સ્ખલના થવાથી અપરાધરૂપ ઘાનો સંભવ હોવાથી માત્ર નિંદાથી શુદ્ધિ નહીં પામનારને પ્રાયશ્ચિત્તરૂપ ઔષધરૂપ ઘાની ચિકિત્સાનું પ્રતિપાદન કરાય છે. (અર્થાત્ સ્ખલના થવાથી જે અપરાધો થાય છે તેની કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારવાદ્વારા ચિકિત્સા

★ चूर्णौ–एवमिति अनेन प्रकारेण 'आलोइयं' पयासितूणं गुरुणं कहितं, 'णिंदियं' मणेण पच्छातावो, 'गरहितं' वइजोगेणं, एवं आलोइयणिंदियगरहियमेव दुगुंछितं, एवं तिविहेण जोगेण पडिक्कंतो वंदामि जिणे चउव्वीसंति ।

'मिच्छत्तपडिक्कमण'मित्यादि, इह तु कायोत्सर्गकरणतः प्रागुपात्तकर्मक्षयः प्रतिपाद्यते, वक्ष्यते च—"³जह करगओ निकंतइ दारुं जंतो पुणोऽवि वच्चंतो । इय किंतंति सुविहिया काउस्सग्गेण कम्माइं ॥१॥ काउस्सग्गे जह सुट्ठियस्स भज्जंति अंगमंगाइं । इय भिंदंति सुविहिया अट्ठविहं कम्मसंघायं ॥२॥" इत्यादि, अथवा सामायिके चारित्रमुपवर्णितं, चतुर्विंशतिस्तवे त्वर्हतां गुणस्तुतिः, सा च ज्ञानदर्शनरूपा, एवमिदं त्रितयमुक्तं, अस्य च वितथासेवनमैहिकामुष्मिकापायपरिजिहीर्षुणा गुरोर्निवेदनीयं, तच्च वन्दनपूर्वकमित्यतस्तन्निरूपितं, निवेद्य च भूयः शुभेष्वेव स्थानेषु प्रतीपं क्रमणमासेवनीयमित्यनन्तराध्ययने तन्निरूपितं, इह तु तथाप्यशुद्धस्यापराधव्रणचिकित्सा प्रायश्चित्तभेषजात् प्रतिपाद्यते, तत्र प्रायश्चित्तभैषजमेव तावद्विचित्रं प्रतिपादयन्नाह —

**आलोयण पडिक्कमणे मीस विवेगे तहा विउस्सग्गे ।**
**तव छेय मूल अणवट्ठया य पारंचिए चेव ॥१४१९॥**

'आलोयणं'ति आलोचना प्रयोजनतो हस्तशताद् बहिर्गमनागमनादौ गुरोर्विकटना,

---

કરવાનું આ અધ્યયનમાં કહેવાય છે.) અથવા પ્રતિક્રમણ–અધ્યયનમાં 'मिथ्यात्वप्रतिक्रमण....' (નિ. ૧૨૫૧) વિગેરે દ્વારા મિથ્યાત્વ વિગેરેનું પ્રતિક્રમણ કરવાદ્વારા કર્મના કારણોનો નિષેધ કર્યો. આ અધ્યયનમાં કાયોત્સર્ગના કરણથી પૂર્વે ગ્રહણ કરેલા કર્મોનો ક્ષય પ્રતિપાદન કરાય છે. તે માટે આગળ કહેશે – જેમ કરવત આવતા–જતા લાકડાંને કાપે છે (અર્થાત્ લાકડાંને કાપવા કરવત ફેરવતાં તે કરતવ જેમ લાકડાંને કાપે છે.) તેમ સુવિહિત સાધુઓ કાયોત્સર્ગવડે કર્મોને કાપે છે. (ભા. ૨૩૯) જેમ કાયોત્સર્ગ કરનારના અંગોપાંગ તૂટે છે તે જ પ્રમાણે સાધુઓ (કાયોત્સર્ગમાં) અષ્ટપ્રકારના કર્મસમૂહને તોડે છે. (૧૫૫૩) વિગેરે.

અથવા સામાયિક–અધ્યયનમાં ચારિત્રનું વર્ણન કર્યું. ચતુર્વિંશતિસ્તવઅધ્યયનમાં અરિહંતોના ગુણોની સ્તવના કરી. અને તે સ્તવના જ્ઞાન–દર્શનરૂપ હોવાથી પ્રથમ બે અધ્યયનમાં જ્ઞાનાદિ ત્રિક કહ્યા. આ જ્ઞાનાદિત્રિકસંબંધી કંઇક ખોટું થયું તેનું આલોક–પરલોકમાં થતાં નુકસાનોને નહીં ઇચ્છનાર સાધુએ ગુરુને કથન કરવું જોઇએ. અને તે કથન વંદનપૂર્વક કરવાનું હોવાથી તેના પછી વંદન અધ્યયનમાં વંદનનું નિરૂપણ કર્યું. કથન કર્યા પછી ફરીથી શુભ સ્થાનોમાં પાછા ફરવાનું હોય છે તેથી પૂર્વના અધ્યયનમાં પ્રતિક્રમણનું નિરૂપણ કર્યું. આ અધ્યયનમાં પ્રતિક્રમણ કરવા છતાં અશુદ્ધ જીવની (એટલે કે પ્રતિક્રમણ કરવા છતાં સંપૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત ન કરેલ જીવની) અપરાધોરૂપ ઘાની ચિકિત્સા પ્રાયશ્ચિત્તરૂપ ઔષધવડે પ્રતિપાદન કરાય છે. તેમાં જુદા જુદા પ્રકારના પ્રાયશ્ચિત્તરૂપ ઔષધોનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (૧) **આલોચના** – કારણવશાત્ સો હાથથી બહાર જવા–આવવામાં ગુરુ પાસે કથન

---

३. यथा क्रकचो निकृन्तति दारु यान् पुनरपि व्रजन् । एवं कृन्तन्ति सुविहिताः कायोत्सर्गेण कर्माणि ॥१॥ कायोत्सर्गे यथा सुस्थितस्य भज्यन्ते अङ्गोपाङ्गानि । एवं भिन्दन्ति सुविहिता अष्टविधं कर्मसंघातम् ॥२॥

'पडिक्कमणे'त्ति प्रतीपं क्रमणं प्रतिक्रमणं, सहसाऽसमितादौ मिथ्यादुष्कृतकरणमित्यर्थः, 'मीस'त्ति मिश्रं शब्दादिषु रागादिकरणे विकटना मिथ्यादुष्कृतं चेत्यर्थः, 'विवेगे'त्ति विवेकः अनेषणीयस्य भक्तादेः कथञ्चित् गृहीतस्य परित्याग इत्यर्थः, तथा 'विउस्सग्गे'त्ति तथा व्युत्सर्गः कुस्वप्नादौ कायोत्सर्ग इति भावना, 'तवे'त्ति कर्म तापयतीति तपः—पृथिव्यादिसंघट्टनादौ निर्विकृतिकादि, 'छेदे'त्ति तपसा दुर्दमस्य श्रमणपर्यायच्छेदनमिति हृदयं, 'मूले'त्ति प्राणातिपातादौ पुनर्व्रतारोपणमित्यर्थः, 'अणवट्ठया य'त्ति हस्ततालादिप्रदानदोषात् दुष्टतरपरिणामत्वाद् व्रतेषु नावस्थाप्यते इत्यनवस्थाप्यः तद्भावोऽनवस्थाप्यता, च 'पारंचिए चेव'त्ति पुरुषविशेषस्य स्वलिङ्गराजपत्न्याद्यासेवनायां पारञ्चिकं भवति, पारं—प्रायश्चित्तान्तमञ्चति—गच्छतीति पारञ्चिकं, न तत ऊर्ध्वं प्रायश्चित्तमस्तीति गाथार्थः ॥१४१९॥

કરવું તે આલોચના. (અર્થાત્ ગુરુને પૂછીને, ગુરુવડે અનુજ્ઞાત સાધુ આહારાદિના ગ્રહણ વિગેરે અવશ્યકર્તવ્ય વ્યાપારો માટે સોહાથથી બહાર જઈને પાછો આવ્યા બાદ પોતાના વ્યાપારનું ગુરુ પાસે જે કથન કરે તે આલોચનાપ્રાયશ્ચિત્ત કહેવાય છે. આ આલોચના પ્રાયશ્ચિત્ત નિરતિચાર અપ્રમત્ત સાધુને જાણવું. સાતિચાર સાધુને આલોચના કરતાં પણ વધારે પ્રાયશ્ચિત્ત આવે છે.) (૨) **પ્રતિક્રમણ** – પાછું ફરવું તે પ્રતિક્રમણ અર્થાત્ સહસાત્કારે=ઉપયોગ રાખવા છતાં ઈર્યા વિગેરેમાં અસમિતિ થવી વિગેરેમાં મિચ્છા મિ દુક્કડં પ્રાયશ્ચિત્ત જાણવું. (૩) **મિશ્ર** – શબ્દ, રૂપ વિગેરે વિષયોમાં રાગ વિગેરે થાય ત્યારે તેનું ગુરુને કથન કરવું અને મિચ્છા મિ દુક્કડં આપવું તે મિશ્રપ્રાયશ્ચિત્ત. (૪) **વિવેક** – કોઈક રીતે અકલ્પ્ય એવા ભક્ત–પાન ગ્રહણ થયા પછી તેનો ત્યાગ કરવો તે વિવેકનામનું પ્રાયશ્ચિત્ત છે. (૫) **વ્યુત્સર્ગ** – ખરાબ સ્વપ્ન વિગેરેમાં કરવામાં આવતો કાયોત્સર્ગ તે વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્ત જાણવું.

(૬) **તપ** – જે કર્મને તપાવે = નાશ કરે તે તપ અર્થાત્ પૃથ્વી વિગેરે જીવોનો સંઘટ્ટો વિગેરે થાય ત્યારે કરવામાં આવતા નીવિ વિગેરે તપો એ તપપ્રાય. જાણવું. (૭) **છેદ** – તપદ્વારા દુર્દમ (એટલે કે તપપ્રાય. થી જે ડરતો ન હોવાથી પાપથી અટકે તેવો ન હોય તેવા સાધુના) દીક્ષાપર્યાયનો છેદ કરવો તે છેદ. (૮) **મૂલ** – પ્રાણાતિપાત વિગેરે દોષો સેવ્યા હોય ત્યારે જે ફરીથી પાંચ મહાવ્રતોનું ઉચ્ચારણ તે મૂલપ્રાયશ્ચિત્ત. (૯) **અનવસ્થાપ્યતા** – હસ્તતાલ = સામેવાળાને લાફા મારવા. આ હસ્તતાલવિગેરે દોષો સેવનાર સાધુ દુષ્ટતર પરિણામવાળો હોવાથી વ્રતોમાં સ્થાપિત કરાતો નથી એટલે કે તેને વ્રતોમાં રહેવા દેવામાં આવતો નથી. એટલે તે સાધુ અનવસ્થાપ્ય બની જાય છે. અને તે અનવસ્થાપ્યનો જે ભાવ તે અનવસ્થાપ્યતા. (ટૂંકમાં અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્ત લિંગ, ક્ષેત્ર, કાલ અને તપથી એમ ચારપ્રકારે હોય છે. તેનું વિસ્તૃત વર્ણન અન્યગ્રંથોમાંથી જાણી લેવું.) (૧૦) **પારાંચિક** – પારને = પ્રાયશ્ચિત્તના અંતને જે પામેલ છે એટલે કે આના પછીનું કોઈ પ્રાયશ્ચિત્ત ન હોવાથી આ પ્રાયશ્ચિત્ત બીજા બધા પ્રાયશ્ચિત્તોના અંતને પામેલું હોવાથી પારાંચિક કહેવાય છે. આ પ્રાયશ્ચિત્ત સાધ્વી, રાજપત્ની વિગેરે સાથે અકાર્ય કરનાર સાધુવિશેષને = આચાર્યને આવે છે. ॥૧૪૧૯॥

एवं प्रायश्चित्तभैषजमुक्तं, साम्प्रतं व्रणः प्रतिपाद्यते, स च द्विभेदः—द्रव्यव्रणो भावव्रणश्च, द्रव्यव्रणः शरीरक्षतलक्षणः, असावपि द्विविध एव, तथा चाह —

दुविहो कायंमि वणो तदुब्भवागंतुओ अ णायव्वो ।
आगंतुयस्स कारइ सल्लुद्धरणं न इयरस्स ॥१४२०॥
तणुओ अतिक्खतुंडो असोणिओ केवलं तए लग्गो ।
अवउज्झत्ति सल्लो सल्लो न मलिज्जइ वणो उ ॥१४२१॥
लग्गुद्धियंमि बीए मलिज्जइ परं अदूरगे सल्ले ।
उद्धरणमलणपूरण दूरयरगए तइयगंमि ॥१४२२॥
मा वेअणा उ तो उद्धरित्तु गालंति सोणिय चउत्थे ।
रुज्झइ लहुंति चिट्ठा वारिज्जइ पंचमे वणिणो ॥१४२३॥
रोहेइ वणं छट्ठे हियमियभोई अभुंजमाणो वा ।
तित्तिअमित्तं छिज्जइ सत्तमए पूइमंसाई ॥१४२४॥
तहवि य अठायमाणो गोणसखइयाइ रुप्फए वावि ।
कीरइ तयंगछेओ सअट्ठिओ सेसरक्खट्ठा ॥१४२५॥

द्विविधो—द्विप्रकारः 'कायंमि वणो'त्ति चीयत इति कायः—शरीरमित्यर्थः तस्मिन् व्रणः—क्षतलक्षणः, द्वैविध्यं दर्शयति—तस्मादुद्भवोऽस्येति तदुद्भवो—गण्डादिः आगन्तुकश्च ज्ञातव्यः, आगन्तुकः कण्टकादिप्रभवः, तत्रागन्तुकस्य क्रियते शल्योद्धरणं नेतरस्य—तदुद्भवस्येति गाथार्थः ॥१४२०॥ यद्यस्य यथोद्ध्रियते उत्तरपरिकर्म च क्रियते द्रव्यव्रण एव तदेतदभिधित्सुराह—'तणुओ गाहा—तनुरेव तनुकं कृशमित्यर्थः, न तीक्ष्णतुण्डमतीक्ष्णतुण्डमतीक्ष्णमुखमिति भावना, नास्मिन्

**અવતરણિકા :** આ પ્રમાણે પ્રાયશ્ચિત્તરૂપ ઔષધ કહ્યું. હવે અપરાધરૂપ વ્રણનું પ્રતિપાદન કરાય છે. અને તે વ્રણ બે પ્રકારે છે – દ્રવ્યવ્રણ અને ભાવવ્રણ. તેમાં શરીર ઉપર ઘા પડવો તે દ્રવ્યવ્રણ છે. આ પણ બે પ્રકારે છે. તે જ કહે છે ➪

**ગાથાર્થ : પાંચે ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જે પુષ્ટ કરાય છે તે કાયા એટલે કે શરીર. તેને વિશે જે વ્રણ થાય છે તે બે પ્રકારના હોય છે. તે બે પ્રકારને જ બતાવે છે – (૧) તેમાંથી = શરીરમાંથી ઉત્પત્તિ છે જે વ્રણની તે વ્રણ તદુદ્ભવ કહેવાય છે. એટલે કે શરીરમાં જ ઉત્પન્ન થતાં ગુમડાં વિગેરે. (૨) આગંતુક એટલે કે કાંટા વિગેરેથી ઉત્પન્ન થતું વ્રણ. તેમાં જે આગંતુક વ્રણ હોય તેનું શલ્યોદ્ધરણ કરાય છે પણ તદુદ્ભવનું શલ્યોદ્ધરણ કરાતું નથી. ॥૧૪૨૦॥ દ્રવ્યવ્રણમાં જ એટલે કે શરીરમાં કોઈ કાંટો વિગેરે શલ્ય લાગ્યું હોય ત્યારે જે જીવનું જે શલ્ય જે રીતે ઉદ્ધાર કરાય અર્થાત્ જે શલ્યનો જે રીતે ઉદ્ધાર કરાય અને જે શલ્યનું જે રીતે ઉત્તરપરિકર્મ કરાય તે કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – (૧) જે શલ્ય = કાંટો પાતળો છે પણ, તીક્ષ્ણમુખવાળો = તીક્ષ્ણ નથી, જે કાંટો લાગતાં લોહી નીકળ્યું નથી, તથા

शोणितं विद्यत इत्यशोणितं केवलं नवरं त्वग्लग्नं–बाह्यत्वग्लग्नं उद्धृत्य 'अवउज्झत्ति सल्लो'त्ति परित्यज्यते शल्यं प्राकृतशैल्या तु पुल्लिङ्गनिर्देशः, जसोव्व, 'सल्लो न मलिज्जइ वणो य' न च मृद्यते व्रणः, अल्पत्वात् शल्यस्येति गाथार्थः ॥१४२१॥ प्रथमशल्यजे अयं विधिः, द्वितीयादिशल्यजे पुनरयं–'लग्गुद्धियंमि' लग्नमुद्धतं लग्नोद्धृतं तस्मिन् द्वितीये कस्मिन् ?–अदूरगते शल्य इति योगः; मनाग् दृढलग्न इति भावना, अत्र 'मलिज्जइ परं'ति मृद्यते यदि परं व्रण इति, उद्धरणं शल्यस्य, मर्द्दनं व्रणस्य, पूरणं कर्णमलादिना तस्यैवैतानि क्रियन्ते दूरगते तृतीये शल्य इति गाथार्थः ॥१४२२॥ 'मा वेयणा उ तो उद्धरेत्तु गालंति सोणिय चउत्थे । रुज्झउ लहुंति चिट्ठा वारिज्जइ' इति मा वेदना भविष्यतीति तत उद्धृत्य शल्यं गालयन्ति शोणितं चतुर्थे शल्य इति, तथा रुह्यतां शीघ्रमिति चेष्टा–परिस्पन्दनादिलक्षणा वार्यते–निषिध्यते, पञ्चमे शल्ये उद्धृते व्रणोऽस्यास्तीति व्रणी तस्य द.णिनः रौद्रतरत्वाच्छल्यस्येति गाथार्थः ॥१४२३॥ 'रोहेइ वणं छट्ठे' इति रोहयति व्रणं षष्ठे शल्ये उद्धृते सति हितमितभोजी हितं–पथ्यं मितं–स्तोकं, अभुञ्जानो वेति, यावच्छल्येन दूषितं 'तत्तियमित्तं'ति तावन्मात्रं छिद्यते, सप्तमे शल्ये उद्धृते किं ?–पूतिमांसादीति

આવા પ્રકારનો હોવા સાથે જે કાંટો માત્ર ચામડીને જ લાગ્યો છે એટલે કે અંદર સુધી ગયો નથી પરંતુ બહાર ચામડીને જ લાગ્યો છે. આવા પ્રકારના તે કાંટાને ખેંચી લઈ દૂર નંખાય છે. ગાથામાં 'सल्लो' એ પ્રમાણે જે પુલ્લિંગ કર્યું છે તે પ્રાકૃત હોવાથી જાણવું. જેમ કે, 'जसो' (અર્થાત્ 'यश' શબ્દ સંસ્કૃતમાં નપુંસકલિંગવાળો હોવા છતાં પ્રાકૃતમાં 'जसो' લખાય છે.) આ રીતે તે કાંટાને બહાર કાઢી નાંખવામાં આવે છે અને ઘાનું મર્દન (= દબાવવું વિ.) કરવાની જરૂર પણ નથી હોતી કારણ કે શલ્ય અલ્પ છે. (અર્થાત્ કાંટો બહું વિશેષ લાગ્યો નથી.) ॥૧૪૨૧॥

પ્રથમપ્રકારના શલ્યથી ઉત્પન્ન થયેલ ઘામાં આ વિધિ કહી. હવે બીજા વિગેરે પ્રકારના શલ્યથી ઉત્પન્ન થયેલ ઘામાં વિધિ જણાવે છે – (૨) જો શલ્ય = કાંટો કંઈક દૃઢ રીતે લાગે, તો લાગેલા તે કાંટાનો પ્રથમ ઉદ્ધાર કરાય, પછી જે ઘા છે તેને ઘસવું, દબાવવું વિગેરેરૂપ મર્દન કરાય છે. (આ બીજો પ્રકાર કહ્યો.) (૩) હવે જો ત્રીજા પ્રકારનો કાંટો અંદર સુધી ગયો હોય તો શલ્યનો ઉદ્ધાર, ઘાનું મર્દન અને ઘાના સ્થાને કાનનો મેલ વિગેરે પૂરવો વિગેરે ઉત્તર પરિકર્મ કરાય છે. ॥૧૪૨૨॥

(૪) વધુ અંદર ગયેલા એવા ચોથા પ્રકારનું શલ્ય હોય તો તે શલ્યને બહાર કાઢીને લોહી નીકાળે જેથી વેદના થાય નહીં. (૫) તથા પાંચમા પ્રકારનું શલ્ય હોય તો તે વધુ રૌદ્ર હોવાથી તેના નીકાળ્યા પછી જલ્દી રુંઝાઈ જાય તે માટે વ્રણવાળાજીવને હાલવા–ચાલવા વિગેરેરૂપ શરીરની ક્રિયા બંધ કરાવવામાં આવે છે. ॥૧૪૨૩॥ (૬) છઠ્ઠા પ્રકારનું શલ્ય લાગ્યું હોય તો હિત = પથ્ય, મિત = પ્રમાણસર ખાનારો અથવા નહીં ખાનારો પુરુષ ઘાને રુંઝાવે છે (અર્થાત્ પથ્ય અને પ્રમાણસર ખાનારનો કે બિલકુલ નહીં ખાનારનો તે ઘા જલ્દીથી રુંઝાય જાય છે.) (૭) સાતમા પ્રકારનું શલ્ય લાગ્યું હોય તો તે શલ્યવડે જેટલો ભાગ દૂષિત થયો હોય તેટલો ભાગ કપાય છે, એટલે કે તેટલા

गाथार्थः ॥१४२४॥ 'तहवि य अठाये 'ति तथापि च 'अट्ठायमाणे 'त्ति अतिष्ठति सति विसर्पतीत्यर्थः, गोनसभक्षितादौ रप्फके वापि क्रियते तदङ्गछेदः सहास्थिकः, शेषरक्षार्थमिति गाथार्थः ॥१४२५॥

एवं तावद् द्रव्यव्रणस्तच्चिकित्सा च प्रतिपादिता, अधुना भावव्रणः प्रतिपाद्यते

मूलुत्तरगुणरूवस्स ताइणो परमचरणपुरिसस्स ।
अवराहसल्लपभवो भाववणो होइ नायव्वो ॥१॥ ( प्र० )

इयमन्यकर्तृकी सोपयोगा चेति व्याख्यायते, मूलगुणाः—प्राणातिपातादिविरमणलक्षणाः पिण्डविशुद्ध्यादयस्तु उत्तरगुणाः, एते एव रूपं यस्य स मूलगुणोत्तरगुणरूपस्तस्य, तायिनः, परमश्चासौ चरणपुरुषश्चेति समासः तस्य अपराधाः—गोचरादिगोचराः त एव शल्यानि तेभ्यः प्रभवः—सम्भवो यस्य स तथाविधः भावव्रणो भवति ज्ञातव्य इति गाथार्थः ॥

साम्प्रतमस्यानेकभेदभिन्नस्य भावव्रणस्य विचित्रप्रायश्चित्तभैषजेन चिकित्सा प्रतिपाद्यते, तत्र 'भिक्खायरियाइ' गाहा —

भिक्खायरियाइ सुज्झइ अइआरो कोइ वियडणाए उ ।
बीओ असमिओमित्ति कीस सहसा अगुत्तो वा ? ॥१४२६॥
सद्दाइएसु रागं दोसं च मणा गओ तइयगंमि ।
नाउं अणेसणिज्जं भत्ताइविगिंचण चउत्थे ॥१४२७॥
उस्सग्गेणवि सुज्झइ अइआरो कोइ कोइ उ तवेणं ।
तेणवि असुज्झमाणं छेयविसेसा विसोहिंति ॥१४२८॥

---

ભાગમાં સડેલું માંસ વિગેરે બહાર કાઢી નંખાય છે. ॥૧૪૨૪॥ સાપનો ડંખ વિગેરે હોય ત્યારે કે रप्फके = રોગવિશેષ હોય ત્યારે માંસનો છેદ કરવા છતાં જો ઘા ફેલાતો જતો હોય તો શેષ શરીરનું રક્ષણ કરવા માટે ઘાવાળો ભાગ હાડકાં સાથે કાપી નાંખવો પડે છે. ॥૧૪૨૫॥

**અવતરણિકા :** આ પ્રમાણે દ્રવ્યવ્રણ અને તેની ચિકિત્સાનું પ્રતિપાદન કર્યું. હવે ભાવવ્રણ કહેવાય છે ⇨

**ગાથાર્થ : (પ્રક્ષિપ્ત ગાથા) ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ ગાથાના કર્તા અન્ય છે છતાં આ ગાથા ઉપયોગી હોવાથી તેનું વ્યાખ્યાન કરાય છે. પ્રાણાતિપાત વિગેરેથી અટકવું એ મૂલગુણ છે તથા પિંડવિશુદ્ધિ વિગેરે ઉત્તરગુણો જાણવા. આ મૂલગુણ અને ઉત્તરગુણ એ છે સ્વરૂપ જેનું તેવા તથા રક્ષણ કરનાર ચારિત્રરૂપ પુરુષના ગોચરી વિગેરે સંબંધી જે અપરાધો છે તે શલ્ય તરીકે જાણવા. (ટૂંકમાં ચારિત્ર એ પુરુષ છે અને અપરાધો એ શલ્ય છે.) ભાવવ્રણો આ અપરાધોરૂપ શલ્યમાંથી ઉત્પન્ન થનારા છે એમ જાણવું. ॥ **પ્રક્ષિપ્તગાથા** ॥

**અવતરણિકા :** હવે જુદા જુદા પ્રકારના પ્રાયશ્ચિત્તરૂપ ઔષધવડે અનેક પ્રકારના ભાવવ્રણોની ચિકિત્સા પ્રતિપાદન કરાય છે. તેમાં ⇨

**ગાથાર્થ : ત્રણે ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.**

व्याख्या–भिक्षाचर्यादिः शुध्यत्यतिचारः कश्चिद्विकटनयैव–आलोचनयैवेत्यर्थः, आदिशब्दाद् विचारभूम्यादिगमनजो गृह्यते, इह चातिचार एव व्रणः २, एवं सर्वत्र योज्यं, 'बितिउ'त्ति द्वितीयो व्रणः अप्रत्युपेक्षिते खेलविवेकादौ हा असमितोऽस्मीति सहसा अगुप्तो वा मिथ्यादुष्कृतमिति विचिकित्सेत्ययं गाथार्थः ॥ सद्दाईएसु गाहा–'शब्दादिषु इष्टानिष्टेषु रागं द्वेषं वा मनसा गतः । अत्र 'तइओ' तृतीयो व्रणः मिश्रभैषज्यचिकित्स्यः, आलोचनाप्रतिक्रमणशोध्य इत्यर्थः, ज्ञात्वा अनेषणीयं भक्तादि विगिञ्चना चतुर्थ इति गाथार्थः ॥ 'उस्सग्गेणवि सुज्झइ' कायोत्सर्गेणापि शुद्ध्यति अतिचारः कश्चित् कुस्वप्नादि, कश्चित्तु तपसा पृथिव्यादिसंघट्टनादिजन्यो निर्विगतिकादिना षण्मासान्तेन, तेनाप्यशुद्ध्यमानँस्तथाभूतं गुरुतरं छेदविशेषा विशोधयन्तीति गाथार्थः ॥१४२६–१४२८॥

एवं सप्तप्रकारभाववव्रणचिकित्सापि प्रदर्शिता, मूलादीनि तु विषयनिरूपणद्वारेण स्वस्थानादव-

**ટીકાર્થ :** (૧) ભિક્ષાચર્યા વિગેરે સંબંધી કોઈક અતિચાર આલોચનાવડે જ = ગુરુને કહેવામાત્રથી જ શુદ્ધ થઇ જાય છે. 'भिक्खायरियाइ' – અહીં આદિશબ્દથી વિચારભૂમિ = સ્થંડિલભૂમિ વિગેરેમાં જવાથી ઉત્પન્ન થનાર અતિચાર ગ્રહણ કરવા. અતિચાર એ જ વ્રણ તે અતિચારવ્રણ એ પ્રમાણે આગળ પણ બધે સમજી લેવું. (આ પ્રમાણે આ પ્રથમ ભાવવ્રણ જાણવું.) (૨) બીજું ભાવવ્રણ આ પ્રમાણે – અપ્રત્યુપેક્ષિત ભૂમિભાગમાં ગળામાંથી નીકળતા ગલફાનો ત્યાગ કર્યો વિગેરે અપરાધ થતાં 'હા ! હું અસમિત થયો, અર્થાત્ મેં પારિષ્ઠાપનિકાસમિતિનું પાલન ન કર્યું.' કેવી રીતે ? સહસાત્કારે (અર્થાત્ ઉપયોગ હોવા છતાં એકાએક અપ્રત્યુપેક્ષિતસ્થાને ગળફો નંખાઈ ગયો.) અથવા હું સહસાત્કારે અગુપ્ત થયો, (અર્થાત્ સહસાત્કારે મનથી ચિંતન થઈ ગયું કે વચનથી અશુભ બોલાઈ ગયું કે કાયાથી અશુભ ચેષ્ટા થઈ ગઈ. આ રીતે સહસાત્કારે અસમિતિ કે અગુપ્ત થતાં) મિચ્છા મિ દુક્કડં કરતો સાધુ શુદ્ધ થાય છે. આ પ્રતિક્રમણરૂપ ઔષધથી વિચિકિત્સા કહી. ॥૧૪૨૬॥

(૩) ઇષ્ટ કે અનિષ્ટ એવા શબ્દ વિગેરે વિષયોમાં જીવ મનથી રાગ કે દ્વેષ પામ્યો. અહીં આ ત્રીજો ઘા સમજવો. તેની ચિકિત્સા મિશ્રઔષધથી = આલોચના અને પ્રતિક્રમણરૂપ ઔષધથી થાય છે. (૪) લાવેલા એવા ભોજન–પાણી અકલ્પ્ય છે એવું ખબર પડે કે તરત તેને પરઠવવું તે વિવેકરૂપ ઔષધથી સાધ્ય એવું ચોથા પ્રકારનું ભાવવ્રણ જાણવું. ॥૧૪૨૭॥

(૫) કોઈક કુસ્વપ્ન વિગેરેથી ઉત્પન્ન થયેલ અતિચાર કાયોત્સર્ગથી શુદ્ધ થાય છે. (૬) કોઈક વળી પૃથ્વીકાય વિગેરે જીવોના સંઘટ્ટન વિગેરેથી ઉત્પન્ન થયેલ અતિચાર નીવિથી લઇને છ માસ સુધીના તપરૂપ ચિકિત્સાથી શુદ્ધ થાય છે. (૭) તે તપથી પણ શુદ્ધ ન થતાં તેવા પ્રકારના મોટા અતિચારને છેદવિશેષો શુદ્ધ કરે છે. ॥૧૪૨૮॥

**અવતરણિકા :** આ પ્રમાણે સાત પ્રકારના ભાવવ્રણોની ચિકિત્સા પણ (અર્થાત્ ભાવવ્રણો તો કહ્યા, સાથે ચિકિત્સા પણ) દેખાડી. મૂલ વિગેરે છેલ્લી ત્રણ ચિકિત્સા પોત–પોતાના વિષયોને જણાવવાદ્વારા સ્વસ્થાનમાંથી (= જે ગ્રંથમાં આ ત્રણનું નિરૂપણ છે તે સ્વસ્થાન છે, તેમાંથી) જાણવી.

सेयानि, नेह वितन्यन्ते, इत्युक्तमानुषङ्गिकं, प्रस्तुतं प्रस्तुमः—एवमनेनानेकरूपेण—सम्बन्धेनायातस्य कायोत्सर्गाध्ययनस्य चत्वार्यनुयोगद्वाराणि संप्रपञ्चानि वक्तव्यानि, तत्र नामनिष्पन्ने निक्षेपे कायोत्सर्गाध्ययनमिति कायोत्सर्गः अध्ययनं च, तत्र कायोत्सर्गमधिकृत्य द्वारगाथामाह निर्युक्तिकारः—

निक्खेवे[१]गट्ठ[२] विहाणमग्गणा[३] काल[४] भेयपरिमाणे[५] ।
असढ[६] सढे[७] विहिं[८] दोसा[९] कस्सत्ति[१०] फलं च[११] दाराइं ॥१४२९॥

'निक्खेवेगट्ठविहाण' निक्खेवेति कायोत्सर्गस्य नामादिलक्षणो निक्षेपः कार्यः 'एगट्ठ'त्ति एकार्थिकानि वक्तव्यानि 'विहाणमग्गण' त्ति विधानं भेदोऽभिधीयते भेदमार्गणा कार्या 'कालभेदपरिणामे'त्ति कालपरिमाणमभिभवकायोत्सर्गादीनां वक्तव्यं, भेदपरिमाणमुत्सृतादि-कायोत्सर्गभेदानां वक्तव्यं यावन्तस्त इति, 'असढसढे'त्ति अशठः शठश्च कायोत्सर्गकर्त्ता वक्तव्यः 'विहि'त्ति कायोत्सर्गकरणविधिर्वाच्यः 'दोस'त्ति कायोत्सर्गदोषा वक्तव्याः 'कस्सत्ति' कस्य कायोत्सर्ग इति वक्तव्यं 'फलं च'त्ति ऐहिकामुष्मिकभेदं फलं वक्तव्यं 'दाराइं'ति एतावन्ति द्वाराणीति गाथासमासार्थः, व्यासार्थं तु प्रतिद्वारं भाष्यकृदेवाभिधास्यति ॥१४२९॥

---

અહીં તેનું નિરૂપણ કરતા નથી. આ પ્રમાણે પ્રાસંગિક વાત કરી. પ્રસ્તુતને = મૂળ વાતને કહીએ – તેમાં પૂર્વે કહ્યાં તે પ્રમાણેના અનેક પ્રકારના સંબંધોથી આવેલ કાયોત્સર્ગ અધ્યયનના ઉપક્રમ વિગેરે ચાર અનુયોગદ્વારો વિસ્તારથી કહેવા યોગ્ય છે. તેમાં નામનિષ્પન્નનિક્ષેપમાં 'કાયોત્સર્ગ—અધ્યયન' એ પ્રમાણેનું નામ હોવાથી કાયોત્સર્ગ અને અધ્યયન એમ બે શબ્દો છે. તેમાં કાયોત્સર્ગને આશ્રયીને દ્વારગાથાને નિર્યુક્તિકાર કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (૧) કાયોત્સર્ગનો નામ વિગેરે રૂપ નિક્ષેપ કરવો. (૨) કાયોત્સર્ગના એકાર્થિકનામો કહેવા. (૩) કાયોત્સર્ગના ભેદોની વિચારણા કરવી. (૪) અભિભવકાયોત્સર્ગ વિગેરેનું કાલપરિમાણ કહેવું. (દેવાદિવડે જ્યારે ઉપસર્ગ કરાતો હોય ત્યારે મહામુનિ જે કાયોત્સર્ગ કરે તે અભિભવકાયોત્સર્ગ કહેવાય. આદિશબ્દથી બીજા ભેદો પણ છે તે આગળ જણાવશે.)(૫) કાયોત્સર્ગના ઉત્સૃત (= ઊઠેલો, આગળ ગા. ૧૪૬૧ વિગેરેમાં નિરૂપણ આવશે.) વિગેરે ભેદનું પરિમાણ કહેવું અર્થાત્ કાયોત્સર્ગના ઉત્સૃત વિગેરે કેટલા પ્રકારો છે ? તે કહેવું.

(૬—૭) કાયોત્સર્ગ કરનારામાં કોણ અશઠ = નિર્માયાવી છે ? અને કોણ શઠ = માયાવી છે ? તે કહેવું. (૮) કાયોત્સર્ગ કરવાની વિધિ કહેવી. (૯) કાયોત્સર્ગના દોષો કહેવા. (૧૦) કાયોત્સર્ગ કોનો છે ? (અર્થાત્ કાયોત્સર્ગનો અધિકારી કોણ છે ?)(૧૧) કાયોત્સર્ગનું આલોક અને પરલોકસંબંધી ફલ કહેવું. આ પ્રમાણે કાયોત્સર્ગના આ દ્વારો છે. અહીં દ્વારો સંક્ષેપથી કહ્યા. દરેક દ્વારનો વિસ્તારથી અર્થ ભાષ્યકાર પોતે જ આગળ કહેશે. ॥૧૪૨૯॥

तत्र कायस्योत्सर्गः कायोत्सर्ग इति द्विपदं नामेतिकृत्वा कायस्य उत्सर्गस्य च निक्षेपः कार्य इति । तथा चाह भाष्यकारः —

काए उस्सग्गंमि य निक्खेवे हुंति दुन्नि उ विगप्पा ।
एएसिं दुण्हंपी पत्तेय परूवणं वुच्छं ॥२३१॥ ( भा० )

'काए उस्सग्गंमि य' काये कायविषयः उत्सर्गे च—उत्सर्गविषयश्च एवं निक्षेपे—निक्षेपविषयौ भवतः द्वौ एव विकल्पौ—द्वावेव भेदौ, अनयोर्द्वयोरपि कायोत्सर्गविकल्पयोः प्रत्येकं प्ररूपणां वक्ष्य इति गाथार्थः ॥२३१॥ तत्र —

कायस्स उ निक्खेवो बारसओ छक्कओ अ उस्सग्गे ।
एएसिं तु पयाणं पत्तेयं परूवणं वुच्छं ॥१४३०॥
नामं ठवणसरीरे गई निकायत्थिकाय दविए य ।
माउय संगह पज्जव भारे तह भावकाए य ॥१४३१॥
काओ कस्सइ नामं कीरइ देहोवि वुच्चई काओ ।
कायमणिओवि वुच्चइ बद्धमवि निकायमाहंसु ॥१४३२॥
अक्खे वराडए वा कट्ठे पुत्थे य चित्तकम्मे य ।
सब्भावमसब्भावं ठवणाकायं वियाणाहि ॥१४३३॥
लिप्पगहत्थी हत्थित्ति एस सब्भाविया भवे ठवणा ।
होइ असब्भावे पुण हत्थित्ति निरागिई अक्खो ॥१४३४॥
ओरालियवेउव्वियआहारगतेयकम्मए चेव ।
एसो पंचविहो खलु सरीरकाओ मुणेयव्वो ॥१४३५॥
चउसुवि गईसु देहो नेरइयाईण जो स गइकाओ ।
एसो सरीरकाओ विसेसणा होइ गइकाओ ॥१॥ ( प्र० )
जेणुवगहिओ वच्चइ भवंतरं जच्चिरेण कालेण ।
एसो खलु गइकाओ सतेयगं कम्मगसरीरं ॥१४३६॥

---

**અવતરણિકા** : તેમાં કાયનો = શરીરનો જ ઉત્સર્ગ = ત્યાગ તે કાયોત્સર્ગ. આ પ્રમાણે 'કાયોત્સર્ગ' શબ્દમાં 'કાય' અને 'ઉત્સર્ગ' એમ બે પદો આવતા હોવાથી 'કાય' અને 'ઉત્સર્ગ' શબ્દનો નિક્ષેપ કરવા યોગ્ય છે. આ જ વાતને ભાષ્યકાર કહે છે ➪

**ગાથાર્થ** : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ** : કાયાને વિશે = કાયાવિષયક અને ઉત્સગમાં = ઉત્સર્ગવિષયક. આ પ્રમાણે નિક્ષેપમાં બે વિકલ્પો = ભેદો છે. કાયોત્સર્ગના આ બંને ભેદોની દરેકની પ્રરૂપણાને હું કહીશ. ॥ભા.–૨૩૧॥ તેમાં ➪

**ગાથાર્થ** : ટીકાર્થ પ્રમાણે જાણવો.

निययमहिओ व काओ जीवनिकाओ निकायकाओ य ।
अत्थित्ति बहुपएसा तेणं पंचत्थिकाया उ ॥१४३७॥
जं तु पुरक्खडभावं दवियं पच्छाकडं व भावाओ ।
तं होइ दव्वदवियं जह भविओ दव्वदेवाई ॥१४३८॥
जइ अत्थिकायभावो इयएसो हुज्ज अत्थिकायाणं ।
पच्छाकडुव्व तो ते हविज्ज दव्वत्थिकाया व ॥२३२॥ ( भा० )
तीयमणागयभावं जमत्थिकायाण नत्थि अत्थित्तं ।
तेन र केवलएसुं नत्थी दव्वत्थिकायत्तं ॥१४३९॥
कामं भवियसुराइसु भावो सो चेव जत्थ वट्टंति ।
एस्सो न ताव जायइ तेन र ते दव्वदेवुत्ति ॥१४४०॥
दुहओऽणंतररहिया जइ एवं तो भवा अणंतगुणा ।
एगस्स एगकाले भवा न जुज्जंति उ अणेगा ॥१४४१॥
दुहओऽणंतरभवियं जह चिट्ठइ आउअं तु जं बद्धं ।
हुज्जियरेसुवि जइ तं दव्वभवा हुज्ज तो तेऽवि ॥१४४२॥
संझासु दोसु सूरो अदिस्समाणोऽवि पप्प समईयं ।
जह ओभासइ खित्तं तहेव एयंपि नायव्वं ॥१४४३॥
माउयपयंति नेयं नवरं अन्नोवि जो पयसमूहो ।
सो पयकाओ भन्नइ जे एगपए बहू अत्था ॥२३३॥ ( भा० )
संगहकाओऽणेगावि जत्थ एगवयणेण घिप्पंति ।
जह सालिगामसेणा जाओ वसही( ति ) निविट्ठुत्ति ॥१४४४॥
पज्जवकाओ पुण हुंति पज्जवा जत्थ पिंडिया बहवे ।
परमाणुंमि विक्कंमिवि जह वन्नाई अणंतगुणा ॥१४४५॥
एगो काओ दुहा जाओ एगो चिट्ठइ एगो मारिओ ।
जीवंतो अ मएण मारिओ तं लवमाणव ! केण हेउणा ? ॥१४४६॥
दुग तिग चउरो पंच व भावा बहुआ व जत्थ वट्टंति ।
सो होइ भावकाओ जीवमजीवे विभासा उ ॥१४४७॥
काए सरीर देहे बुंदी य चय उवचए य संघाए ।
उस्सय समुस्सए वा कलेवरे भत्थ तण पाणू ॥१४४८॥

तत्र 'कायस्स उ निक्खेवो' कायस्य तु निक्षेपः कार्य इति 'बारसउ'त्ति द्वादशप्रकारः ।

---

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** તેમાં કાયનો બારપ્રકારનો નિક્ષેપ કરવો અને ઉત્સર્ગવિષયક છ પ્રકારનો નિક્ષેપ

'छक्कओ य उस्सग्गे' षट्कश्चोत्सर्गविषय: षट्प्रकार इत्यर्थ:, पश्चार्द्धं निगदसिद्धं ॥१४३०॥ तत्र कायनिक्षेपप्रतिपादनायाह–'नामं ठवणा' नामकाय: स्थापनाकाय: शरीरकाय: गतिकाय: निकायकाय: अस्तिकाय: द्रव्यकायश्च मातृकाय: संग्रहकाय: पर्यायकाय: भारकाय: तथा भावकायश्चेति गाथासमासार्थ: ॥१४३१॥ व्यासार्थं तु प्रतिद्वारमेव व्याख्यास्याम:, तत्र नामकायप्रतिपादनायाह–'काओ कस्सवि'त्ति काय: कस्यचित् पदार्थस्य सचेतनस्याचेतनस्य वा नाम क्रियते स नामकाय:, नामाश्रित्य कायो नामकाय:, तथा देहोऽपि–शरीरसमुच्छ्रयोऽपि उच्यते काय:, तथा काचमणिरपि कायो भण्यते, प्राकृते तु काय: । तथा बद्धमपि किञ्चिल्लेखादि 'निकायमाहंसु'त्ति निकाचितमाख्यातवन्त:, प्राकृतशैल्या निकायेति गाथार्थ:, गतं नामद्वारं ॥१४३२॥ अधुना स्थापनाद्वारं व्याख्यायते–'अक्खे वराडए' अक्षे–चन्दनके वराटके वा–कपर्द्दके वा काष्ठे–कुट्टिमे पुस्ते वा–वस्त्रकृते चित्रकर्मणि वा प्रतीते, किमित्याह–सतो भाव: सद्भाव: तथ्य इत्यर्थ: तमाश्रित्य, तथा असतोभाव: असद्भाव: अतथ्य इत्यर्थ:, तं चाश्रित्य, किं ?–स्थापनाकायं विजानाहीति गाथार्थ ॥१४३३॥ सामान्येन सद्भावासद्भावस्थापनोदाहरणमाह–'लेप्पगहत्थी' यदिह

જાણવો. આ બંને પદોની દરેકની પ્રરૂપણાને હું કહીશ. ॥૧૪૩૦॥ તેમાં કાયના નિક્ષેપાનું પ્રતિપાદન કરવા માટે કહે છે – નામકાય, સ્થાપનાકાય, શરીરકાય, ગતિકાય, નિકાયકાય, અસ્તિકાય, દ્રવ્યકાય, માતૃકાય, સંગ્રહકાય, પર્યાયકાય, ભારકાય તથા ભાવકાય. આ સંક્ષેપથી કહ્યા. ॥૧૪૩૧॥ વિસ્તારથી દરેક દ્વારને અમે કહીએ છીએ.

તેમાં **નામકાયનું** પ્રતિપાદન કરવા માટે કહે છે – કોઇ સચિત્ત કે અચિત્ત પદાર્થનું જે 'કાય' એ પ્રમાણે નામ કરાય છે તે નામ એ નામકાય કહેવાય. કારણ કે નામને આશ્રયી જે કાય તે નામકાય એ પ્રમાણેની વ્યુત્પત્તિ છે. તથા શરીરની ઊંચાઈ એટલે કે શરીર પણ 'કાય' શબ્દથી કહેવાય છે. તથા પ્રાકૃતભાષામાં કાચમણિ = સ્ફટિક માટે પણ 'કાય' શબ્દ વપરાય છે. બંધાયેલા એવા પણ કોઈ લેખ વિગેરેને લોકો 'નિકાચિત' કહે છે. તે નિકાચિત માટે પ્રાકૃતમાં 'નિકાય' શબ્દ વપરાય છે. (ટૂંકમાં શરીર, કાચમણિ કે બંધાયેલ લેખ વિગેરે કાય, નિકાય, શબ્દથી કહેવાતા હોવાથી આ બધા નામકાય છે.) નામદ્વાર પૂર્ણ થયું. ॥૧૪૩૨॥

હવે સ્થાપનાદ્વારને કહે છે – અક્ષ એટલે કે ચંદનક (= સ્થાપનાચાર્ય તરીકે જે સ્થપાય છે તે.) તેને વિશે, અથવા કોડીને વિશે અથવા લાકડાને વિશે અથવા વસ્ત્રના બનાવેલા પુસ્તકને વિશે અથવા ચિત્રકર્મને વિશે સદ્ભાવસ્થાપના અને અસદ્ભાવસ્થાપનાને આશ્રયીને સ્થાપનાકાય તું જાણ. તેમાં સત્‌નો જે ભાવ તે સદ્ભાવ, અર્થાત્ વાસ્તવિકસ્થાપના (એટલે કે જેમાં સ્થાપ્યવસ્તુનો આકાર હોય તેમાં તેની સ્થાપના કરવી, જેમ કે પુસ્તક કે ચિત્રકર્મ જેમાં શરીરનો = કાયનો આકાર હોય, તે પુસ્તક કે ચિત્રકર્મને કાય તરીકે સ્થાપવું તે સદ્ભાવસ્થાપનાકાય.) તથા સત્‌નો ભાવ ન હોવો તે અસદ્ભાવ અર્થાત્ અવાસ્તવિકસ્થાપના. (જેમ કે, અક્ષ, કોડી વિગેરેમાં કાયનો = શરીરનો આકાર નથી છતાં તે અક્ષ વિગેરેને કાય તરીકે જે સ્થાપવું તે અસદ્ભાવસ્થાપનાકાય.) ॥૧૪૩૩॥

लेप्यकहस्ती हस्तीति स्थापनायां निवेश्यते 'एस सब्भाविया भवे ठवण'त्ति एषा सद्भावस्थापना भवतीति, भवत्यसद्भावे पुनर्हस्तीति निराकृतिः—हस्त्याकृतिशून्य एव ( अक्षः ) चतुरङ्गादाविति । तदेवं स्थापनाकायोऽपि भावनीय इति गाथार्थः ॥१४३४॥ शरीरकायप्रतिपादनायाह— 'ओरालियवेउव्विय' उदारैः पुद्गलैर्निर्वृत्तमौदारिकं विविधा क्रिया विक्रिया तस्यां भवं वैक्रियं प्रयोजनार्थिना आहियत इत्याहारकं तेजोमयं तैजसं कर्मणा निर्वृत्तं कार्म्मणं, औदारिकं वैक्रियं आहारकं तैजसं कार्मणं चैव एष पञ्चविधः खलु शीर्यन्त इति शरीराणि शरीराण्येव पुद्गलसङ्घात-रूपत्वात् कायः शरीरकायः विज्ञातव्य इति गाथार्थः ॥१४३५॥ गतिकायप्रतिपादनायाह— 'चउसुवि गइ' इयमप्यन्यकर्तृकी गाथा सोपयोगेति च व्याख्यायते—चतसृष्वपि गतिषु— नारकतिर्यग्नरामरलक्षणासु 'देहो'त्ति शरीरसमुच्छ्रयो नारकादीनां यः स गतौ काय इतिकृत्वा गतिकायो भण्यते, अत्रान्तरे आह चोदकः—'एसो सरीरकाउ'त्ति नन्वेष शरीरकाय उक्तः, तथाहि— नौदारिकादिव्यतिरिक्ता नारकतिर्यगादिदेहा इति, आचार्य आह—'विसेसणा होति गतिकाओ' विशेषणाद्—विशेषणसामर्थ्याद् भवति गतिकायः, विशेषणं चात्र गतौ कायो गतिकायः, यथा

---

સામાન્યથી સદ્ભાવ અને અસદ્ભાવ સ્થાપનાના ઉદાહરણ કહે છે – માટી વિગેરેથી બનાવેલ હાથીમાં હાથી તરીકેની જે સ્થાપના તે સદ્ભાવસ્થાપના અને ચતુરંગ વિગેરેમાં (= શતરંજ વિગેરે રમત રમતી વખતે) હાથીના આકારથી શૂન્ય એવું અક્ષ (= પાસો) હાથી તરીકે જે સ્થપાય તે અસદ્ભાવસ્થાપના જાણવી. આ જ પ્રમાણે સ્થાપનાકાય પણ વિચારવો. (જે ઉપર કહેવાઈ ગયો છે.) ॥૧૪૩૪॥

શરીરકાયનું પ્રતિપાદન કરવા માટે કહે છે – ઉદાર = (વૈક્રિય વિ. ની અપેક્ષાએ) બાદર એવા પુદ્ગલોથી જે બનેલું છે તે ઔદારિક. જુદી જુદી ક્રિયા તે વિક્રિયા. તેને વિશે જે થયેલું હોય તે વૈક્રિય. પ્રયોજન આવી પડે ત્યારે જે ગ્રહણ કરાય તે આહારકશરીર. તેજમય (= પ્રકાશમય) જે હોય તે તૈજસશરીર. અને કર્મથી = કાર્મણવર્ગણાથી બનેલું કાર્મણશરીર જાણવું. આ પાંચ પ્રકારના શરીરો છે. જે નાશ પામે છે તે શરીર કહેવાય છે. (કાયશબ્દનો અર્થ સમૂહ થતો હોવાથી કહે છે કે) આ પાંચ પ્રકારના શરીરો જ પુદ્ગલના સમૂહરૂપ હોવાથી 'કાય' તરીકે છે. તેથી સમાસ આ પ્રમાણે જાણવો કે શરીર એ જ કાય તે શરીરકાય. ॥૧૪૩૫॥

ગતિકાયનું પ્રતિપાદન કરે છે – જો કે આ ગાથાના કર્તા અન્ય છે છતાં ઉપયોગી હોવાથી તેની વ્યાખ્યા કરાય છે – નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ ચારે ગતિમાં નારક વિગેરે જીવોને જે દેહ પ્રાપ્ત થાય છે તે દેહ ગતિકાય તરીકે જાણવો, કારણ કે ગતિને વિશે જે કાયા = શરીર તે ગતિકાય કહેવાય છે.

**શંકા :** આ તો શરીરકાય જ કહેવાય ને ? કારણ કે નારક, તિર્યંચ વિગેરેના દેહો ઔદારિક વિગેરે પાંચ પ્રકારના જે શરીરકાય બતાવ્યા તેનાથી જુદા હોતા નથી.

**સમાધાન :** 'ગતિકાય'એ પ્રમાણેના વિશેષણના સામર્થ્યથી તે દેહ ગતિકાય કહેવાય છે. ગતિમાં

द्विविधाः संसारिणः—त्रसाः स्थावराश्च, पुनस्त एव स्त्रीपुरुषनपुंसकविशेषेण भिद्यन्त इत्येवमत्रापीति गाथार्थः ॥ अथवा सर्वसत्त्वानामपान्तरालगतौ यः कायः स गतिकायो भण्यते, तथा चाह—'जेणुवगहिओ' येनोपगृहीत—उपकृतो व्रजति—गच्छति, किं ?—भवादन्यो भवः भवान्तरं तत्, एतदुक्तं भवति—मनुष्यादिर्मनुष्यभवात् च्युतः येनाश्रयेणापान्तराले देवादिभवं गच्छति स गतिकायो भण्यते, तं कालमानतो दर्शयति—यच्चिरेण 'कालेणं'ति स च यावता कालेन समयादिना व्रजति तावन्तमेव कालमसौ गतिकायो भण्यते, एष खलु गतिकायः स्वरूपेणैव दर्शयन्नाह—'सतेयगं कम्मगसरीरं' कार्मणस्य प्राधान्यात् सह तैजसेन वर्तत इति सतैजसं कार्मणशरीरं गतिकायस्तदाश्रयेणापान्तरालगतौ जीवगतेरिति भावनीयं गाथार्थः, द्वारं ॥१४३६॥ निकायकायः प्रतिपाद्यते तत्र—'नियय'त्ति गाथार्द्धं व्याख्यायते 'निययमहिओ व काओ जीवनिकाय'त्ति नियतो—नित्यः कायो निकायः, नित्यता चास्य त्रिष्वपि कालेषु भावात् अधिको वा कायो निकायः, यथा अधिको दाहो निदाह इति, आधिक्यं चास्य धर्माधर्मास्तिकायापेक्षया स्वभेदापेक्षया वा, तथाहि—एकादयो

જે કાય તે ગતિકાય એ પ્રમાણે અહીં વિશેષણ જાણવાનું છે. જેમ કે, સંસારીજીવો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે છે. છતાં તે જ સંસારીજીવો સ્ત્રી, પુરુષ અને નપુંસકરૂપ વિશેષણોથી ત્રણ પ્રકારે પણ થાય છે. એ જ પ્રમાણે અહીં પણ જાણવું. (અર્થાત્ શરીર એ જ કાય તે શરીરકાય, એ પ્રમાણેના વિશેષણથી ઔદારિકાદિ શરીરો શરીરકાય કહેવાય છે. અને તે જ શરીરો 'ગતિમાં જે કાય' આવા વિશેષણથી ગતિકાય કહેવાય છે.) ॥ **પ્રક્ષિપ્તગાથા** ॥

અથવા (ગતિકાય બીજી રીતે ઘટાડતા કહે છે.) બધા જ જીવોને અપાન્તરાલગતિમાં જે શરીર છે તે ગતિકાય જાણવું. તે જ વાતને કહે છે – જેના મદદથી જીવ પામે છે. શું પામે છે ? એક ભવથી બીજો ભવ તે ભવાન્તર. તે ભવાન્તરને પામે છે, એટલે કે મનુષ્ય વિગેરે જીવ મનુષ્યભવમાંથી ચ્યવીને જેના સહારે અપાન્તરાલ ગતિમાં થઈને દેવાદિભવમાં જાય છે તે ગતિકાય કહેવાય છે. તે ગતિકાય કેટલા કાલ સુધી હોય ? તે જણાવે છે – એકસમય, બેસમય વિગેરે જેટલા સમય શરીરને એકભવમાંથી બીજા ભવમાં જતાં થાય છે તેટલા સમય સુધી તે શરીર ગતિકાય કહેવાય છે. આ ગતિકાયનું સ્વરૂપ જણાવે છે – તૈજસ સાથેનું કાર્મણશરીર ગતિકાય તરીકે જાણવું. (આમ તો બંને શરીરો અપાન્તરાલગતિમાં હોવાથી બંને શરીરો ગતિકાય કહેવા જોઈએ છતાં) કાર્મણ શરીરની પ્રધાનતા હોવાથી 'તૈજસસહિતનું કાર્મણશરીર' એમ જણાવ્યું છે. 'તૈજસ સાથે જે રહેલું છે તે સતૈજસ' એ પ્રમાણે સમાસ જાણવો. આ તૈજસસહિતના કાર્મણશરીરથી જ અપાન્તરાલગતિમાં જીવની ગતિ થતી હોવાથી તેને ગતિકાય કહ્યું છે એમ જાણવું. ॥૧૪૩૬॥

હવે નિકાયનું પ્રતિપાદન કરે છે – નિયત એટલે કે નિત્ય. નિત્ય એવો જે કાય તે નિકાય. (અહીં નિકાય તરીકે જીવ લેવાનો છે. તેથી) જીવ ત્રણે કાળમાં વિદ્યમાન હોવાથી નિકાયની નિત્યતા છે. અથવા અધિક એવો જે કાય તે નિકાય. જેમકે, અધિક દાહ તે નિદાહ. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની અપેક્ષાએ જીવાસ્તિકાય અધિક છે (કારણ કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક છે, જીવો અનેક છે.) અથવા સ્વભેદની અપેક્ષાએ અધિક હોવાથી નિકાયની અધિકતા સમજવી.

**यावदसङ्ख्येयाः पृथिवीकायिकास्तावत् कायस्त एव स्वजातीयान्यप्रक्षेपापेक्षया निकाय इति, एवमन्येष्वपि विभाषेत्येवं जीवनिकायः सामान्येन निकायकायो भण्यते, अथवा जीवनिकायः पृथिव्यादिभेदभिन्नः षड्विधोऽपि निकायो भण्यते तत्समुदायः, एवं च निकायकाय इति, गतं निकायकायद्वारं । अधुनाऽस्तिकायः प्रतिपाद्यते, तत्रेदं गाथाशकलं 'अत्थित्तीत्यादि' अस्तीत्ययं त्रिकालवचनो निपातः, अभूवन् भवन्ति भविष्यन्ति चेति भावना, बहुप्रदेशाश्च यतस्तेन पञ्चैवास्तिकायाः तुशब्दस्यावधारणार्थत्वान्न न्यूना नाप्यधिका इति, अनेन च धर्माधर्माकाशानामेकद्रव्यत्वादस्तिकायत्वानुपपत्तिरद्धासमयस्य च एकत्वादस्तिकायत्वापत्तिरित्येतत् परिहृतमवगन्तव्यं,**

સ્વભેદની અપેક્ષાએ અધિકતા આ પ્રમાણે જાણવી – એક(ii) બે વિગેરેથી લઇને અસંખ્યેય પૃથ્વીકાયિક જીવો એ કાય તરીકે જાણવા. આ કાયમાં જ સ્વજાતીય એવા અન્ય જીવોનો = અસંખ્યેય સુધીના જે જીવો લીધા તે સિવાયના શેષ પૃથ્વીકાયિક જીવોનો ઉમેરો કરતા તે કાય જ નિકાય કહેવાય છે. આ જ પ્રમાણે અપ્કાય વિગેરેમાં પણ જાણવું. (જેમ(iii) કે એક, બે, વિગેરેથી લઇને અસંખ્યેય સુધીના અપ્કાયજીવોની કાય તરીકે વિવક્ષા કરવી. ત્યાર પછીના શેષ જીવો આ જ કાયમાં ઉમેરતા તે કાય જ નિકાય કહેવાય. આ પ્રમાણે પૃથ્વીકાય, અપ્કાય દરેકમાં નિકાયતા પ્રાપ્ત થાય છે. છતાં અહીં) સામાન્યથી સર્વ જીવસમૂહ નિકાયકાય તરીકે જાણવો. (કારણ કે હવે પછી તરત જે 'અથવા' કરીને બીજો વિકલ્પ આપશે તે વિશેષથી ભેદ પાડીને આપવાના છે તેથી આ પહેલો વિકલ્પ સામાન્યથી લેવાનો છે અને માટે જ અહીં 'નિકાય એ જ કાય' એ પ્રમાણે કર્મધારયસમાસ કરવો. જ્યારે આગળ બતાવાતા વિકલ્પમાં દરેક પૃથ્વીકાય વિગેરેની નિકાય તરીકે વિવક્ષા કરીને 'નિકાયોનો કાય તે નિકાયકાય' એ પ્રમાણે ષષ્ઠીતત્પુરુષમાસ કરવો. इति टिप्पणके) અથવા પૃથ્વીકાય વિગેરે છ પ્રકારનો જીવનિકાય નિકાય તરીકે જાણવો. આ પ્રમાણે નિકાયકાય કહ્યો.

હવે અસ્તિકાયનું પ્રતિપાદન કરે છે – 'अस्ति' એ ત્રણકાળને જણાવનાર નિપાત શબ્દ જાણવો. તેથી (કાળ વિના ધર્મ–અધર્માસ્તિકાય વિગેરેમાં) જે કારણથી ઘણા બધા પ્રદેશો હતા, છે અને હશે, તે કારણથી અસ્તિકાયો પાંચ જ જાણવા. મૂળમાં 'तु' શબ્દનો એવકાર અર્થ હોવાથી પાંચ જ છે પણ ઓછા–વત્તા નથી. અહીં 'બહુપ્રદેશવાળા અસ્તિકાય' આવું કહેવાથી આગળ બતાવાતા શંકાકારનું ખંડન થયેલું જાણવું.

**શંકા :** કાયશબ્દનો 'સમૂહ' અર્થ હોવાથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણે એક–એક દ્રવ્યરૂપ હોવાથી સમૂહ અર્થ ઘટતો નથી તેથી તે ધર્માદિનું અસ્તિકાયપણું ઘટતું નથી. માટે 'પાંચ અસ્તિકાયો' આ વચન અયુક્ત છે. હવે જો એકદ્રવ્યરૂપ હોવા છતાં ધર્માદિનું અસ્તિકાયત્વ માનવાનું હોય તો અદ્ધાસમય(=કાળદ્રવ્ય) પણ એકદ્રવ્યરૂપ હોવાથી તેનું પણ અસ્તિકાયત્વ માનવું પડશે. અને એમ માનતા પાંચ ને બદલે છ અસ્તિકાય માનવાની આપત્તિ આવે છે.

**સમાધાન :** ગાથામાં 'બહુપ્રદેશ' અને એવકારઅર્થવાળા 'तु' શબ્દથી આ આપત્તિ દૂર થયેલી જાણવી. તે આ પ્રમાણે – ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણે બહુપ્રદેશવાળા છે એવું કહેવાથી તે ત્રણે પણ સમૂહરૂપ બનતા હોવાથી તેઓનું અસ્તિકાયત્વ માનવામાં કોઇ વિરોધ નથી. જ્યારે

ते चामी पञ्च, तद्यथा—धर्मास्तिकायोऽधर्मास्तिकायः आकाशास्तिकायः जीवास्तिकायः पुद्गलास्तिकायश्चेत्यस्तिकाया इति हृदयमयं गाथार्थः ॥१४३७॥ साम्प्रतं द्रव्यकायावसरस्त- तस्तत्प्रतिपादनायाह —

'जं तु पुरक्खड 'त्ति यद् द्रव्यमिति योगः, तुशब्दो विशेषणार्थः किं विशिनष्टि ?—जीवपुद्गलद्रव्यं, न धर्मास्तिकायादि, ततश्चैतदुक्तं भवति—यद् द्रव्यं—यद् वस्तु पुरस्कृतभावमिति—पुरः—अग्रतः कृतो भावो येनेति समासः, भाविनो भावस्य योग्यमभिमुखमित्यर्थः । 'पच्छाकडं व भावाओ 'त्ति वाशब्दस्य व्यवहितः सम्बन्धः, ततश्चैवं प्रयोगः—पश्चात्कृतभावं, वाशब्दो विकल्पवचनः पश्चात् कृतः प्राप्योज्झितो भावः—पर्यायविशेषलक्षणो येन तत् तथोच्यते, एतदुक्तं भवति—यस्मिन् भावे वर्त्तते द्रव्यं ततो यः पूर्वमासीद् भावः तस्मादपेतं पश्चात्कृतभावमुच्यते, 'तं होति दव्वदवियं' तदित्थंभूतं द्विप्रकारमपि भाविनो भूतस्य च भावस्य योग्यं 'दव्वं 'ति वस्तु वस्तुवचनो ह्येको

અદ્ધાસમય એ વર્તમાનએકસમય રૂપ હોવાથી સમૂહરૂપ બનતો ન હોવાથી અસ્તિકાયરૂપ નથી. આમ અસ્તિકાયો પાંચ જ છે પણ ઓછા—વત્તા નથી. તે પાંચ અસ્તિકાયો આ પ્રમાણે છે – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય. ॥૧૪૩૭॥

હવે દ્રવ્યકાયનો અવસર છે. તેથી તેનું પ્રતિપાદન કરવા માટે કહે છે – 'जं तु पुरक्खड' અહીં 'जं' શબ્દ સાથે 'द्रव्यं' શબ્દનો સંબંધ જોડવો. તેથી જે દ્રવ્ય, 'तु' શબ્દ વિશેષ અર્થને જણાવનારો છે. તે આ પ્રમાણે કે – અહીં દ્રવ્ય તરીકે જીવ અને પુદ્ગલદ્રવ્ય લેવા પણ, ધર્માસ્તિકાય વિગેરે લેવા નહીં. તેથી અર્થ આ પ્રમાણે જાણવો કે – જે જીવ-પુદ્ગલદ્રવ્ય પુરસ્કૃતભાવવાળું છે, અર્થાત્ ભવિષ્યમાં થનારા ભાવને = પર્યાયને યોગ્ય = અભિમુખ છે. 'આગળ કરેલ છે ભાવ જેનાવડે તે' એ પ્રમાણે 'પુરસ્કૃતભાવ' શબ્દનો સમાસ જાણવો.

'पच्छाकडं व भावाओ' અહીં 'वा' શબ્દનો સંબંધ 'भावाओ' શબ્દ પછી છોડવો. તેથી પ્રયોગ આ પ્રમાણે કરવો કે – 'पश्चात्कृतभावं वा' 'वा' શબ્દ વિકલ્પવચનવાળો જાણવો. તેથી અર્થ આ પ્રમાણે કરવો કે જે દ્રવ્ય પુરસ્કૃતભાવવાળું છે અથવા જે દ્રવ્ય પશ્ચાત્કૃતભાવવાળું છે. પશ્ચાત્કૃત = પામીને છોડી દેવાયો છે ભાવ = પર્યાય જેનાવડે તે એટલે કે વર્તમાનમાં દ્રવ્ય જે પર્યાયમાં વર્તી રહ્યું છે તે પહેલાનો જે પર્યાય હતો તેનાથી રહિત દ્રવ્ય વર્તમાનમાં છે તેથી તે દ્રવ્ય પશ્ચાત્કૃતભાવવાળું કહેવાય છે.

(ટૂંકમાં જે વસ્તુ ભવિષ્યત્ભાવને અભિમુખ છે કે ભૂતપર્યાયને છોડીને રહેલી છે.) આવા બંને પ્રકારની એટલે કે ભાવિ અને ભૂત પર્યાયને યોગ્ય એવી વસ્તુ 'દ્રવ્ય' તરીકે કહેવાય છે. 'दव्वदवियं' અહીં પ્રથમ દ્રવ્યશબ્દ 'વસ્તુ'અર્થમાં છે અને બીજો શબ્દ 'દ્રવ્ય' અર્થમાં છે. તેથી ભૂત—ભાવિ પર્યાયને યોગ્ય જે વસ્તુ છે તે દ્રવ્ય કહેવાય છે. મૂળમાં રહેલ 'भवति' શબ્દ 'दव्वदवियं' શબ્દમાં રહેલ પ્રથમ દ્રવ્યશબ્દ પછી જોડવો. આ પ્રમાણે દ્રવ્યનું લક્ષણ કહીને હવે ઉદાહરણ કહે છે – 'यथा' શબ્દ

द्रव्यशब्दः, किं ?—भवति द्रव्यं, भवतिशब्दस्य व्यवहितः सम्बन्धः, इत्थं द्रव्यलक्षणमभिधायाधुनोदाहरणमाह—'जह भविओ दव्वदेवादि' यथेत्युदाहरणोपन्यासार्थः भव्यो—योग्यः द्रव्यदेवादिरिति, इयमत्र भावना—यो हि पुरूषादिर्मृत्वा देवत्वं प्राप्स्यति बद्धायुष्कः अभिमुखनामगोत्रो वा स योग्यत्वाद् द्रव्यदेवोऽभिधीयते, एवमनुभूतदेवभावोऽपि, आदिशब्दाद् द्रव्यनारकादिग्रहः परमाणुग्रहश्च, तथाहि—असावपि द्व्यणुकादिकाययोग्यो भवत्येव, ततश्चेत्थंभूतं द्रव्यं द्रव्यकायो भण्यत इति गाथार्थः ॥१४३८॥ आह—किमिति तुशब्दविशेषणाज्जीवपुद्गलद्रव्यमङ्गीकृत्य धर्मास्तिकायादीनामिह व्यवच्छेदः कृत इति ?, अत्रोच्यते, तेषां यथोक्तप्रकारद्रव्यलक्षणायोगात्, सर्वदैवास्तिकायत्वलक्षणभावोपेतत्वाद्, आह च भाष्यकारः—'जइ अत्थिकायभावो' यद्यस्तिकायभावः अस्तिकायत्वलक्षणः, 'इय एसो होज्ज अत्थिकायाणं' 'इय' एवं यथा जीवपुद्गलद्रव्ये विशिष्टपर्याय इति एष्यन्—आगामी भवेत्, केषाम् ?—अस्तिकायानां—धर्मास्तिकायादीनामिति व्याख्यानाद् विशेषप्रतिपत्तिः, तथा पश्चात्कृतो वा यदि भवेत् 'तो ते हविज्ज दव्वत्थिकाय'त्ति ततस्ते भवेयुर्द्रव्यास्तिकाया इति गाथार्थः ॥भा० २३२॥ यतश्च—'तीयमणागय' अतीतम्—अतिक्रान्तमनागतभावं—भाविनं यद्—यस्मात् कारणादस्तिकायानां—धर्मास्तिकायादीनां नास्ति—न विद्यते अस्तित्वं—

ઉદાહરણને જણાવનાર છે. જે બદ્ધાયુષ્યવાળો (= જેણે આગામી દેવગતિના આયુષ્યનો વર્તમાનભવમાં બંધ કરી દીધો છે તે બદ્ધાયુષ્ય.) કે અભિમુખનામગોત્રવાળો (= જેના વર્તમાનભવના છેલ્લા અંતર્મુહૂર્તમાં દેવગતિમાં ઉદયમાં આવનારી નામકર્મની પ્રકૃતિઓ અને ગોત્રકર્મ ફલાભિમુખ બન્યા હોય તેવો જીવ અભિમુખનામગોત્ર દ્રવ્યદેવ કહેવાય છે.) પુરુષ વિગેરે મરીને દેવત્વને પામશે તે પુરુષ વિગેરે દેવપણાને યોગ્ય હોવાથી દ્રવ્યદેવ કહેવાય છે. એ જ રીતે ભૂતકાળમાં (= પૂર્વજન્મમાં) દેવત્વનો અનુભવ જેણે કર્યો છે એવો પુરુષ વિગેરે પણ દ્રવ્યદેવ કહેવાય છે.

આદિશબ્દથી દ્રવ્યનારક વિગેરે અને પરમાણુ લેવા. પરમાણુ દ્રવ્યકાય કેવી રીતે ? તે કહે છે કે આ પરમાણુ પણ દ્વ્યણુક વિગેરે કાયને યોગ્ય હોવાથી દ્રવ્યકાય છે જ. તેથી આવા પ્રકારના દ્રવ્ય દ્રવ્યકાય તરીકે જાણવા. ॥૧૪૩૮॥

**શંકા :** અહીં 'તુ' શબ્દના વિશેષણથી માત્ર જીવ–પુદ્ગલદ્રવ્યને લઈ ધર્માસ્તિકાય વિગેરેની બાદબાકી શા માટે કરી ?

**સમાધાન :** ધર્માસ્તિકાય વિગેરેમાં પૂર્વે કહેલા પ્રમાણેનું દ્રવ્યનું લક્ષણ ઘટતું નથી. કારણ કે તેઓ હંમેશા અસ્તિકાયત્વરૂપ ભાવથી યુક્ત હોય છે. તેથી તેમની બાદબાકી કરી છે. આ જ વાત ભાષ્યકાર કરે છે – જીવપુદ્ગલદ્રવ્યમાં જેમ વિશિષ્ટપર્યાય પ્રાપ્ત થાય છે તેમ જો ધર્માસ્તિકાય વિગેરે અસ્તિકાયોનો અસ્તિકાયત્વભાવ ભવિષ્યમાં પ્રાપ્ત થવાનો હોત કે ભૂતકાળમાં અસ્તિકાયત્વભાવને પામીને અત્યારે છોડી દીધો હોત તો તેઓ પણ દ્રવ્યાસ્તિકાય કહેવાત. ॥ભા૦ ૨૩૨॥ પરંતુ ધર્માસ્તિકાય વિગેરેનો અસ્તિત્વ = વિદ્યમાનતારૂપ પર્યાય અતિક્રાન્ત નથી = ભૂતકાળમાં પામીને છોડી દીધો નથી કે ભવિષ્યમાં થનારો નથી. (અર્થાત્ અસ્તિત્વપર્યાય નાશ પામ્યો કે ભવિષ્યમાં પ્રાપ્ત થશે એવું ધર્માદિ

विद्यमानत्वं, कायत्वापेक्षया सदैव कायत्वयोगादिति हृदयं, 'तेण र'त्ति तेन किल केवलं–शुद्धं 'तेषु' धर्मास्तिकायादिषु नास्ति–न विद्यते, किं ?–'दव्वत्थिकाय'त्ति द्रव्यास्तिकायत्वं, सदैव तद्भावयोगादिति गाथार्थः ॥१४३९॥ आह–यद्येवं द्रव्यदेवाद्युदाहरणोक्तमपि द्रव्यं न प्राप्नोति, सदैव तद्भावयोगात्, तथाहि–स एव तस्य भावो यस्मिन् वर्त्तते इति । अत्र गुरुराह–'कामं भवियसुरादि' काममित्यनुमतं यथा 'भवियसुरादिषु' भव्याश्च ते सुरादयश्चेति विग्रहः आदिशब्दात् द्रव्यनारकादिग्रहः तेषु–तद्विषये विचारे भावः स एव यत्र वर्त्तते तदानीं मनुष्यादिभाव इति, किंतु एष्यो–भावी न तावज्जायते तदा, 'तेण र ते दव्वदेव'त्ति तेन ते क्रिल द्रव्यदेवा इति, योग्यत्वाद्, योग्यस्य च द्रव्यत्वात्, न चैतद् धर्मास्तिकायादीनामस्ति, एष्यकालेऽपि तद्भावयुक्तत्वादेवेति गाथार्थः ॥१४४०॥ यथोक्तं द्रव्यलक्षणमवगम्य तद्भावेऽतिप्रसङ्गं च मनस्याधायाह चोदकः–

માટે થવાનું નથી.) કારણ કે કાયત્વની અપેક્ષાએ ધર્માદિનું કાયત્વ હંમેશા રહેલું જ છે. (એટલે કે ધર્માદિ ભૂતકાળમાં પણ અસ્તિકાય તરીકે હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેવાના જ છે.) તે કારણથી ધર્માસ્તિકાય વિગેરેમાં શુદ્ધ (= ભાવરહિત) એવું દ્રવ્યાસ્તિકાયત્વ પ્રાપ્ત થતું નથી. **॥૧૩૩૯॥**

**શંકા :** જો ધર્માસ્તિકાય વિગેરેનો તદ્ભાવ = જે ભાવમાં તે વર્તે છે તે ભાવ એટલે કે અસ્તિકાયત્વભાવ હંમેશા રહેતો હોવાથી તેઓનું દ્રવ્યાસ્તિકાયત્વ ઘટતું ન હોય તો, દ્રવ્યદેવ વિગેરે ઉદાહરણમાં કહેવાયેલ દ્રવ્ય = દ્રવ્યનિક્ષેપો પણ ઘટશે નહીં, કારણ કે ત્યાં પણ તદ્ભાવ તો હંમેશા છે જ. તે આ પ્રમાણે – તદ્ભાવ એટલે જે ભાવમાં તે અત્યારે વર્તી રહ્યો છે તે ભાવ. (ટૂંકમાં જે વસ્તુ જે ભાવમાં વર્તે છે તે ભાવ તે વસ્તુનો તદ્ભાવ કહેવાય છે. અને વસ્તુનો તદ્ભાવ તો હંમેશા રહેવાનો જ છે કારણ કે વસ્તુ હંમેશા કોઈકને કોઈક ભાવમાં = પર્યાયમાં વર્તવાની તો છે જ. એટલે જો તદ્ભાવને આશ્રયીને ધર્માદિનું દ્રવ્યાસ્તિકાયત્વ = દ્રવ્યનિક્ષેપો ઘટે નહીં, તો દ્રવ્યદેવ વિગેરે પણ ઘટશે નહીં કારણ કે તે સમયે પણ તદ્ભાવ = મનુષ્યાદિભાવ તો છે જ.)

**સમાધાન :** હે શિષ્ય ! તારી વાત સાચી છે કે ભવ્યદેવ = દ્રવ્યદેવ વિગેરેમાં, આદિશબ્દથી દ્રવ્યનારક વિગેરે લેવા. ભવ્યદેવ વિગેરે વિષયક વિચાર કરીએ ત્યારે તે જ ભાવ કે જેમાં તેઓ વર્તી રહ્યા છે એટલે કે મનુષ્યાદિભાવ = મનુષ્યત્વ વિગેરે પર્યાય ત્યારે વિદ્યમાન છે. પરંતુ તે સમયે ભાવી પર્યાય = દેવત્વ વિ. હજુ ઉત્પન્ન થયો નથી. તે કારણથી અત્યારે તેઓ યોગ્ય હોવાથી = ભવિષ્યમાં તેઓમાં દેવ બનવાની યોગ્યતા હોવાથી અને યોગ્ય જ દ્રવ્ય કહેવાતું હોવાથી તે મનુષ્ય વિગેરે દ્રવ્યદેવ તરીકે કહેવાય છે. જ્યારે આવું ધર્માસ્તિકાય વિગેરેમાં ઘટતું નથી. (અર્થાત્ અત્યારે અસ્તિકાયત્વ નથી પરંતુ ભવિષ્યમાં અસ્તિકાયત્વ તેઓનું ઉત્પન્ન થશે એવું બનતું નથી.) કારણ કે જેમ અત્યારે તેઓનું અસ્તિકાયત્વ છે તેમ ભવિષ્યકાળમાં પણ અસ્તિકાયત્વથી તેઓ યુક્ત જ હોવાના છે. તેથી દ્રવ્યાસ્તિકાયત્વરૂપ દ્રવ્યનિક્ષેપો ઘટતો નથી. **॥૧૪૪૦॥**

કહેવાયેલ એવા દ્રવ્યના લક્ષણને જાણીને અને આવા લક્ષણમાં અતિપ્રસંગ = અતિવ્યાપ્તિને મનમાં રાખીને શિષ્ય પ્રશ્ન પૂછે છે કે – **શંકા :** વર્તમાનભવમાં રહેલાં જીવના ભવિષ્યકાળના અને

'दुहओऽणंतररहिया' 'दुहउ'त्ति वर्त्तमानभावस्थितस्य उभयत एष्यकालेऽतीतकाले च 'अणंतररहिय'-त्ति अनन्तरौ एष्यातीतौ अनन्तरौ च तौ रहितौ च वर्त्तमानभवभावेनेति प्रकरणाद् गम्यते अनन्तररहितौ तावपि 'जइ'त्ति यदि तस्योच्यते 'एवं तो भवा अणंतगुण'त्ति एवं सति ततो भवा अनन्तगुणाः, तद्भवद्वयव्यतिरिक्ता वर्त्तमानभवभावेन रहिता एष्या अतिक्रान्ताश्च तेऽप्युच्येरंस्ततश्च तदपेक्षयापि द्रव्यत्वकल्पना स्यात्, अथोच्येत—भवत्वेवमेव का नो हानिरिति ?, उच्यते, एकस्य—पुरुषादेरेककाले—पुरुषादिकाले भवा न युज्यन्ते—न घटन्ते अनेके—बहव इति गाथार्थः ॥१४४१॥ इत्थं चोदकेनोक्ते गुरुराह—'दुहओऽणंतरभवियं' 'दुहउ'त्ति वर्त्तमानभवे वर्त्तमानस्य उभयतः एष्येऽतीते चानन्तरभविकं, पुरस्कृतपश्चात्कृतभवसम्बन्धीत्युक्तं भवति, यथा तिष्ठति आयुष्कमेव तुशब्दस्याव-धारणार्थत्वात्, न शेषं कर्म विवक्षितं यद् बद्धमयं भावार्थः—पुरस्कृतभवसम्बन्धि त्रिभागावशेषा-युष्कः सामान्येन तस्मिन्नेव भवे वर्त्तमानो बध्नाति, पश्चात्कृतसम्बन्धि पुनस्तस्मिन्नेव भवे वेदयति । अतिप्रसङ्गनिवृत्त्यर्थमाह—'होज्जियरेसुवि जइ तं दव्वभवा होज्ज ता तेऽवि' भवेत् इतरेष्वपि—प्रभूतेष्वतीतेषु यद् बद्धमनागतेषु च यद् भोक्ष्यते यदि तस्मिन्नेव भवे वर्त्तमानस्य

ભૂતકાળના અનંતર ભવો એટલે કે આવતો ભવ અને ગયો ભવ તે બંને ભવો વર્તમાનભવના પર્યાયથી રહિત છે. હવે જો વર્તમાનભવના પર્યાયથી બંને ભવો રહિત હોવા છતાં તે બંને ભવો વર્તમાનભવમાં રહેલા જીવના કહેવાય છે. તો આ રીતે તો વર્તમાનભવના પર્યાયથી રહિત એવા ભૂત—ભવિષ્યના અનંતર એવા બે ભવો સિવાયના અનંતા ભવો પણ તેના જ કહેવા જોઈએ અર્થાત્ એ ભવોમાં પણ દ્રવ્યત્વની કલ્પના થવી જોઈએ. (તેની બદલે માત્ર બે ભવો જ કેમ દ્રવ્યદેવ વિગેરે તરીકેની વિવક્ષા કરો છો. ભૂત—ભવિષ્યના અનંતા ભવો પણ દ્રવ્યદેવ વિગેરે તરીકેની વિવક્ષા કેમ કરતાં નથી ?) આની સામે જો કોઈ કહેતું હોય કે – ભલે અનંતા ભવો દ્રવ્ય તરીકે માનીએ તેમાં શું વાંધો છે ? તો તેનું શંકાકાર **સમાધાન** આપે છે કે – એક પુરુષ વિગેરેને એક જ કાળે ઘણા બધા ભવો ઘટી શકતા નથી. (આશય એ છે કે જે પુરુષ ભવિષ્યમાં જુદા જુદા ભવોમાં ભમવાનો છે તે પુરુષને પુરુષના ભવમાં 'આ દ્રવ્યદેવ છે, આ દ્રવ્યનારક છે, આ દ્રવ્યતિર્યંચ છે વિગેરે એક સાથે ઘણા ભવોનો વ્યપદેશ ઘટી શકતો નથી.) ॥૧૪૪૧॥

આ રીતે શિષ્યના કહ્યા પછી ગુરુ કહે છે – વર્તમાનભવમાં વર્તતા જીવને ભવિષ્ય અને ભૂતકાળસંબંધી અનંતરભવોનું એટલે કે પુરસ્કૃતભવનું = આગામીભવનું અને પશ્ચાત્કૃતભવનું = ગયા ભવનું જે બંધાયેલું આયુષ્ય જ જે રીતે સંબદ્ધ છે, પરંતુ શેષભવોનું આયુષ્યકર્મ સંબદ્ધ નથી. ભાવાર્થ એ છે કે – આ ભવમાં જ્યારે સામાન્યથી ત્રીજા ભાગ જેટલું આયુષ્ય બાકી હોય ત્યારે જીવ આગામીભવનું આયુષ્ય બાંધે છે. અને ગયાભવમાં બાધેલું આયુષ્ય તો આ ભવમાં તે ભોગવી રહ્યો છે. (આમ, આગામી અને ગયાભવસંબંધી આ બે આયુષ્ય જ જીવ સાથે બંધાયેલા હોય છે.) અતિપ્રસંગનું નિવારણ કરવા માટે કહે છે કે – જો આ રીતે = આગામી અને ગયાભવના બંધાયેલા આયુષ્યની જેમ ભૂતકાળમાં જેટલા આયુષ્ય બંધાયેલા હતા તે અને ભવિષ્યમાં જે બાંધવાના છે તે જો

द्रव्यभवा भवेरंस्ततस्तेऽपि, तदायुष्ककर्मसम्बन्धादिति हृदयं, न चैतदस्ति, तस्मादसच्चोदकवचनमिति गाथार्थः ॥१४४२॥ अस्यैवार्थस्य प्रसाधकं लोकप्रतीतं निदर्शनमभिधातुकाम आह–'संझासु दोसु सूरो' सन्ध्या च सन्ध्या च सन्ध्ये तयोः सन्ध्ययोर्द्वयोः प्रत्यूषप्रदोषप्रतिबद्धयोः सूर्य–आदित्यः अदृश्यमानोऽपि–अनुपलभ्यमानोऽपि प्रापणीयं–प्राप्यं समतिक्रान्तं–समतीतं च यथाऽवभासते–प्रकाशयति क्षेत्रं, तद्यथा–प्रत्युषसन्ध्यायां पूर्वविदेहं भरतं च, प्रदोषसन्ध्यायां तु भरतमपरविदेहं च, तथैव–यथा सूर्यः इदमपि प्रक्रान्तं ज्ञातव्यं–विज्ञेयमेतदुक्तं भवति–वर्त्तमानभवे स्थितः पुरस्कृतभवं पश्चात्कृतभवं च आयुष्ककर्म सद्द्रव्यतया स्पृशति, प्रकाशेनादित्यवदिति गाथार्थः ॥१४४३॥ द्वारमधुना मातृकाकायः प्रतिपाद्यते, मातृकेति मातृकापदानि 'उप्पण्णेत्ति वे'त्यादीनि तत्समूहो मातृकाकायः, अन्योऽपि तथाविधपदसमूहो बह्वर्थ इति, तथा चाह भाष्यकारः– 'माउयपयं'ति गाहा, व्याख्या–मातृकापदमिति णेमं 'णेमं'ति चिह्नं, नवरमन्योऽपि यः पदसमूहः– पदसङ्घातः स पदकायो भण्यते मातृकापदकाय इति भावना, नाविशिष्टः पदसमूहः, किंतु 'जे एगपए बहू अत्था' यस्मिन्नेकपदे बहवः अर्थास्तेषां पदानां यः समूह इति, पाठान्तरं वा 'जम्मेकपदे

---

બધા આયુષ્ય આ ભવમાં હોત તો તે બધા ભવો પણ દ્રવ્યભવ તરીકે કહેવાત, કારણ કે તે બધા ભવોના આયુષ્યકર્મનો સંબંધ હોત. પરંતુ આવું હોતું નથી એટલે કે તે બધા ભવોનું આયુષ્યકર્મ આ ભવમાં હોતું નથી, માત્ર આગામી અને ગયાભવનું આયુષ્યકર્મ જ વિદ્યમાન હોય છે. તેથી તે બે ભવો જ દ્રવ્યભવ બને છે તે સવાયના બીજા ભવો નહીં.) માટે શિષ્યનું વચન મિથ્યા જાણવું. ॥૧૪૪૨॥

આ જ અર્થને સાધી આપનાર લોકમાં પ્રસિદ્ધ એવું દૃષ્ટાન્ત કહેવાની ઈચ્છાવાળા કહે છે – સવારની સન્ધ્યાના = પ્હો ફાટવાના સમયે ન દેખાતો હોવા છતાં પણ સૂર્ય પ્રાપ્ત કરવા યોગ્ય એવા ક્ષેત્રને = ભરતક્ષેત્રને અને ઓળંગી ગયેલા એવા ક્ષેત્રને = પૂર્વવિદેહને જેમ પ્રકાશિત કરે છે. તથા સાંજની સન્ધ્યાના સમયે પણ ન દેખાતો એવો સૂર્ય પ્રાપ્ય ક્ષેત્રને = પશ્ચિમવિદેહને અને અતિક્રાન્તક્ષેત્રને = ભરતક્ષેત્રને જેમ પ્રકાશિત કરે છે. તેની જેમ જ પ્રસ્તુત વાત પણ જાણવી. આશય એ છે કે – જેમ સૂર્ય પોતાના પ્રકાશવડે બંને ક્ષેત્રને સ્પર્શે છે તેમ વર્તમાનભવમાં રહેલો જીવ આગામી અને ગયાભવસંબંધી આયુષ્યકર્મને સત્તારૂપે સ્પર્શે છે. ॥૧૪૪૩॥

હવે માતૃકાકાયનું પ્રતિપાદન કરે છે – અહીં 'માતૃકા' એટલે 'उप्पण्णेइ वा...' વિગેરે માતૃકાપદો જાણવા. તેનો જે સમૂહ તે માતૃકાકાય જાણવો. અન્ય પણ તેવા પ્રકારના ઘણા અર્થોવાળા પદોનો સમૂહ માતૃકાકાય જાણવો. આ જ વાત ભાષ્યકાર કહે છે – માતૃકાપદ એ નેમ છે. નેમ એ ચિહ્ન છે, (અર્થાત્ માતૃકાપદો એ માતૃકાકાય છે એમ જે કહ્યું તે ઉપલક્ષણ છે.) તેનાથી બીજા પણ જે પદસમૂહો છે તે પદકાય = માતૃકાપદકાય કહેવાય છે. જો કે સામાન્ય પદસમૂહ એ માતૃકાપદકાય નથી પરંતુ, જે એક પદમાં ઘણા બધા અર્થો હોય તેવા પદોનો સમૂહ માતૃકાપદકાય તરીકે જાણવો. 'जे एगपए' ના સ્થાને 'जम्मेगपदे' પાઠાન્તર જાણવો. (અર્થ – जम्मि एगपदे નું પ્રાકૃત હોવાથી

बहू अत्थ'त्ति गाथार्थः ॥भा.२३३॥ संग्रहकायप्रतिपादनायाह–'संगहकाओ णेगा' संग्रहणं संग्रहः स एव कायः संग्रहकायः, स किंविशिष्टः ? इत्याह–'णेगावि जत्थ एगवयणेण घेप्पंति'त्ति प्रभूता अपि यत्रैकवचनेन गृह्यन्ते, यथा शालिर्ग्रामः सेना जातो वसति निविष्टेत्ति, यथासङ्ख्यं, प्रभूतेष्वपि स्तम्बेषु सत्सु जातः शालिरिति व्यपदेशः, प्रभूतेष्वपि पुरुषविलयादिषु वसति ग्रामः, प्रभूतेष्वपि हस्त्यादिषु निविष्टा सेनेति, अयं शाल्यादिरर्थः सङ्ग्रहकायो भण्यते इति गाथार्थः ॥१४४४॥ द्वारं, साम्प्रतं पर्यायकायं दर्शयति–'पज्जवकाओ गाहा, व्याख्या–पर्यायकायः पुनर्भवन्ति पर्याया–वस्तुधर्मा यत्र–परमाण्वादौ पिण्डिता बहवः, तथा च परमाणावपि कस्मिंश्चित् सांव्यवहारिके यथा वर्णादयो–वर्णगन्धरसस्पर्शा अनन्तगुणाः अन्यापेक्षया, तथा चोक्तम्– *"कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः । एकरसवर्णगन्धो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥१॥"* स चैकस्तिक्तादिरसस्तदन्यापेक्षया तिक्ततरतिक्ततमादिभेदानन्त्यं प्रतिपद्यते, एवं वर्णादिष्वपि

---

जम्मेगपदे થઇ શકે છે. તેથી અર્થ પૂર્વની જેમ જ જાણવો.) ॥ભા૦ ૨૩૩॥ સંગ્રહકાયનું પ્રતિપાદન કરવા માટે કહે છે – સંગ્રહ કરવો તે સંગ્રહ તે રૂપ જે કાય તે સંગ્રહકાય. તે કેવા પ્રકારનો છે ? તે કહે છે – જયાં એકવચનથી ઘણા બધાનો સંગ્રહ કરાય છે. જેમ કે, शालिः जातः, ग्रामः वसति, सेना निविष्टा, અહીં ઘણા બધા ડાંગરના ડોડા ઉત્પન્ન થયા હોય ત્યારે શાલિ (=ચોખા) ઉત્પન્ન થયો, એ પ્રમાણેનો પ્રયોગ થાય છે. (અર્થાત્ 'શાલિ' શબ્દથી ઘણા બધા ચોખાનો સંગ્રહ થાય છે.) એ જ રીતે ઘણા બધા પુરુષો, ઘર વિગેરે સ્થાનો વિગેરેનો વસવાટ થતાં 'ગામ વસે છે' એવો પ્રયોગ થાય છે. (અહીં ગામશબ્દથી લોકોનો, રહેઠાણો વિગેરેનો સંગ્રહ થાય છે.) ઘણા બધા હાથી વિગેરે બેઠા હોય ત્યારે 'સેના બેઠી છે' એવો પ્રયોગ થાય છે. આ શાલિ વિગેરે અર્થ એ સંગ્રહકાય કહેવાય છે. ॥૧૪૪૪॥

હવે પર્યાયકાય દેખાડે છે – પર્યાયકાય તે છે કે જે પરમાણુ વિગેરેમાં પર્યાયો = વસ્તુના ધર્મો ઘણા બધા ભેગા થયા હોય. જેમ કે, કોઈ એક એવા પણ સાંવ્યવહારિક (= અનંતા સૂક્ષ્મ પરમાણુઓથી બનેલ એક પરમાણુ સાંવ્યવહારિક પરમાણુ કહેવાય છે.) પરમાણુમાં વર્ણ વિગેરે એટલે કે વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ અન્ય પરમાણુની અપેક્ષાએ અનંતગુણા હોય છે. (પરમાણુમાં વર્ણાદિ છે એની સિદ્ધિ માટે પરમાણુનું સ્વરૂપ આ પ્રમાણે) કહ્યું છે – "પરમાણુ અંતિમ કારણ જ છે ('જ'કારથી – કાર્ય નથી એમ જાણવું.), સૂક્ષ્મ છે, નિત્ય છે, એક રસ, એક વર્ણ, એક ગંધ અને (પરસ્પર અવિરોધી) એવા બે સ્પર્શવાળો છે અને કાર્યલિંગ છે (અહીં કાર્ય એ છે લિંગ જેનું એમ સમાસવિગ્રહ કરવો. તેથી છદ્મસ્થોને કાર્ય ઉપરથી પરમાણુની હાજરી જણાય છે.) ॥૧॥" તેમાં તે એક પરમાણુ કડવા વિગેરે રસવાળી હોય, તો તેનાથી અન્યની અપેક્ષાએ તે જ પરમાણુ વધુ કડવાશ, તેનાથી પણ વધારે કડવાશ વિગેરે ભેદોથી અનંતપણાને પામે છે. (આશય એ જ છે કે – કોઇ એક પરમાણુ એક ગુણ કડવારસવાળો હોય, બીજો બે ગુણ, ત્રીજો ત્રણ ગુણ, એમ કરતા–કરતા કોઈ એક પરમાણુ એક ગુણવાળા પરમાણુ કરતા અસંખ્યગુણ વધુ કડવારસવાળો હોય. અન્ય કોઈ પરમાણુ તેની જ અપેક્ષાએ અનંતગુણ વધુ કડવારસવાળો હોય. આમ, એક ગુણ કડવારસવાળા પરમાણુ કરતા અન્ય

विभाषेत्ययं गाथार्थः ॥१४४५॥ अधुना भारकायस्तत्र गाथा–'एको काओ दुहा जाओ' एकः कायः–क्षीरकायः द्विधा जातः, घटद्वये न्यासात्, तत्र एकस्तिष्ठति, एको मारितः, जीवन् मृतेन मारितस्तदेतल्लवत्ति–ब्रूहि हे मानव ! केन कारणेन ? कथानकं यथा प्रतिक्रमणाध्ययने परिहरणाया-मिति गाथार्थः, भारकायश्चात्र क्षीरभृतकुम्भद्वयोपेता कापोती भण्यते, भारश्चासौ कायश्च भारकायः, अण्णे भणंति–भारकायः कापोत्येवोच्यते इति द्वारं ॥१४४६॥ भावकायप्रतिपादनायाह —

'दुगतिगचउरो' द्वौ त्रयश्चत्वारः पञ्च वा भावा–औदयिकादयः प्रभूता वाऽन्येऽपि 'यत्र' सचेतनाचेतने वस्तुनि विद्यन्ते स भवति भावकायः, भावानां कायो भावकाय इति, 'जीवमजीवे विभासा उ' जीवाजीवयोर्विभाषा खल्वागमानुसारेण कार्येति गाथार्थः ॥१४४७॥ मूलद्वारगाथायां कायमधिकृत्य गतं निक्षेपद्वारम्, अधुनैकार्थिकान्युच्यन्ते, तत्र गाथा–कायेत्यादि कायः शरीरं देहः बोन्दी चय उपचयश्च सङ्घात उच्छ्रयः समुच्छ्रयः कलेवरं भस्त्रा तनुः पाणुरिति गाथार्थः ॥१४४८॥

---

પરમાણુમાં અનંતગુણ કડવો રસ હોવાથી અનંતગણાને તે પામે છે.) આ જ પ્રમાણે વર્ણ વિગેરેમાં પણ વર્ણન જાણી લેવું. ॥૧૪૪૫॥

હવે ભારકાય જણાવે છે. તેમાં ગાથા – एक्को काओ.... વિગેરે. અહીં કાય તરીકે દૂધ લેવું. તે દૂધ બે ઘડામાં નાંખેલું હોવાથી બે વિભાગમાં વહેંચાઇ ગયું. (કાવડમાં દૂધ લઇ જતી વખતે વિષયમસ્થાનમાં ચાલતા–ચાલતા ઠોકર લાગી. આ ઠોકરે બંને બાજુના ઘડામાંથી) એક ઘડો ફોડી નાંખ્યો. બીજો ઘડો બચી ગયો. પરંતુ ફૂટેલા ઘડાએ બચી ગયેલા ઘડાને પણ ફોડી નાંખ્યો. તેથી હે માનવ ! તું કહે કે કયા કારણથી એકે બીજાને ફોડી નાંખ્યો ? (કારણ એ જ કે કાવડમાં એક બાજુનું વજન ઓછું થતાની સાથે બીજી બાજુનું વજન નીચે પડવાનું છે.) આ સંબંધી કથાનક પ્રતિક્રમણ અધ્યયનમાં (ભાગ–૫, ગા. ૧૨૪૩, પૃ. ૨૦૫) પરિહરણામાં કહ્યું છે. અહીં ભારરૂપ જે કાય તે ભારકાય એમ સમાસ જાણવો. અને ભારકાય તરીકે દૂધથી ભરેલ બે ઘડાથી યુક્ત કાવડ લેવું. કેટલાક આચાર્ય એમ કહે છે કે – દૂધથી ભરેલ ઘડાથી યુક્ત કાવડ લેવાની જરૂર નથી પરંતુ એકલું કાવડ જ ભારકાય કહેવાય છે. **॥૧૪૪૬॥**

હવે ભાવકાયનું પ્રતિપાદન કરવા માટે કહે છે – ઔદયિક વિગેરે **ભાવોનો કાય = સમૂહ** તે ભાવકાય. તેમાં બે, ત્રણ, ચાર અથવા પાંચ ઔદયિક વિગેરે ભાવો અથવા સચિત્ત કે અચિત્ત વસ્તુમાં બીજા પણ જે ભાવો છે તે ભાવકાય જાણવો. જીવ અને અજીવમાં ભાવકાયનું વર્ણન આગમાનુસારે કરવું. (જેમ કે, જીવમાં ઔદયિક વિગેરે પાંચે ભાવો છે અને અજીવમાં પારિણામિકભાવ જાણવો. એ જ રીતે અનિત્યત્વ વિગેરે બીજા પણ ભાવો જીવ–અજીવમાં જેમાં જે ઘટતા હોય તેમાં તે ઘટાડી દેવા.) **॥૧૪૪૭॥** મૂલદ્વારગાથામાં (૧૪૨૯) કાયાને આશ્રયીને નિક્ષેપદ્વાર પૂર્ણ થયું. હવે કાયાના જ એકાર્થિક નામો કહે છે. તેમાં ગાથા – काय.... વિગેરે. કાય, શરીર, દેહ, બોંદિ, ચય, ઉપચય, સંઘાત, ઉચ્છ્રય, સમુચ્છ્રય, કલેવર, ભસ્રા, તનુ અને પાણુ આ બધા કાયશબ્દના એકાર્થિકનામો જાણવા. **॥૧૪૪૮॥**

मूलद्वारगाथायां कायमधिकृत्योक्तान्येकार्थिकानि, अधुना उत्सर्गमधिकृत्य निक्षेपः एकार्थिकानि चोच्यन्ते, तत्र निक्षेपमधिकृत्याह –

नामंठवणादविए खित्ते काले तहेव भावे य ।
एसो उस्सग्गस्स उ निक्खेवो छव्विहो होइ ॥१४४९॥
दव्वुज्झणा उ जं जेण जत्थ अवकिरइ दव्वभूओ वा ।
जं जत्थ वावि खित्ते जं जच्चिर जंमि वा काले ॥१४५०॥
भावे पसत्थमियरं जेण व भावेण अवकिरइ जं तु ।
अस्संजमं पसत्थे अपसत्थे संजमं चयइ ॥१४५१॥
खरफरुसाइसचेयणमचेयणं दुरभिगंधविरसाई ।
दवियमवि चयइ दोसेण जेण भावुज्झणा सा उ ॥१४५२॥
उस्सग्ग विउस्सरणुज्झणा य अवगिरण छड्डुण विवेगो ।
वज्जण चयणुम्मुअणा परिसाडण साडणा चेव ॥१४५३॥
★उस्सगे निक्खेवो चउक्कओ छक्कओ अ कायव्वो ।
निक्खेवं काऊणं परूवणा तस्स कायव्वा ॥१॥

'नामंठवणादविए' समासार्थमधिकृत्य निगदसिद्धा, विशेषार्थं तु प्रतिद्वारं प्रपञ्चेन वक्ष्यामः तत्रापि नामस्थापने गतार्थे, द्रव्योत्सर्गाभिधित्सया पुनराह–'दव्वुज्झणा उ जं जेण जत्थ अवकिरइ दव्वभूओ वा'त्ति द्रव्योज्झना तु–द्रव्योत्सर्गः त्वयं 'ज'न्ति यद् द्रव्यमनेषणीयं 'अवकिरति'त्ति योगः–उत्सृजति 'जेणे'ति येन करणभूतेन पात्रादिनोत्सृजति, 'जत्थ'त्ति यत्र द्रव्ये उत्सृजति द्रव्यभूतो वा–अनुपयुक्तो वा उत्सृजति एष द्रव्योत्सर्गोऽभिधीयते द्वारं । क्षेत्रोत्सर्ग उच्यते 'जं जत्थ

**અવતરણિકા :** મૂલદ્વારગાથામાં કાયશબ્દને આશ્રયીને એકાર્થિકનામો કહ્યા. હવે ઉત્સર્ગશબ્દને આશ્રયીને નિક્ષેપ અને એકાર્થિકનામો કહેવાય છે. તેમાં નિક્ષેપને આશ્રયીને કહે છે ⇨

**ગાથાર્થ : પાંચ ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ગાથાર્થ : ઉત્સર્ગમાં ચાર પ્રકારે અને છ પ્રકારે નિક્ષેપ કરવો. નિક્ષેપ કરીને દરેકની પ્રરૂપણા કરવી.**

**ટીકાર્થ :** નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ એમ ઉત્સર્ગનો છ પ્રકારે નિક્ષેપ થાય છે. ॥૧૪૪૯॥ ગાથા સંક્ષેપાર્થને આશ્રયીને સ્પષ્ટ જ છે. વિશેષ અર્થ દરેકદ્વારમાં વિસ્તારથી કહીશું. તેમાં નામ–સ્થાપના સ્પષ્ટ જ છે. દ્રવ્યોત્સર્ગને કહેવાની ઇચ્છાથી કહે છે – દ્રવ્યોત્સર્ગ = દ્રવ્યત્યાગ આ પ્રમાણે જાણવો – (૧) જે અનેષણીય દ્રવ્યનો ત્યાગ કરે તે (દ્રવ્ય) અથવા (૨) કરણભૂત એવા જે પાતરા વિગેરેદ્વારા દ્રવ્યનો ત્યાગ કરે (તે પાતરું વિગેરે) અથવા (૩) જે દ્રવ્યમાં ત્યાગ કરે તે (દ્રવ્ય) અથવા (૪) જે અનુપયુક્ત જીવ દ્રવ્યનો ત્યાગ કરે તે જીવ દ્રવ્યોત્સર્ગ કહેવાય છે. (અહીં ક્રમશઃ દ્રવ્ય, પાતરું, વિગેરે અધિકરણદ્રવ્ય અને અનુપયુક્ત જીવ એ દ્રવ્યોત્સર્ગ કહેવાય છે.)

★ इयं गाथा प्रामहस्तादर्शेषु नास्ति टीकायां च तस्या व्याख्या अपि नास्ति ।

वावि खेत्ते'त्ति यत्क्षेत्रं दक्षिणदेशाद्युत्सृजति यत्र वाऽपि क्षेत्रे उत्सर्गो व्यावर्ण्यते एष क्षेत्रोत्सर्गः, कालोत्सर्ग उच्यते—'जं जच्चिर जम्मि वा काले'त्ति यं कालमुत्सृजति यथा भोजनमधिकृत्य रजनीं साधवः 'जच्चिरं'ति यावन्तं कालमुत्सर्गः, यस्मिन् वा काले उत्सर्गो व्यावर्ण्यते एष कालोत्सर्ग इति गाथार्थः ॥१४५०॥ भावोत्सर्गप्रतिपादनायाह —

'भावे पसत्थमियरं' 'भावे'त्ति द्वारपरामर्शः, भावोत्सर्गो द्विधा—प्रशस्तं—शोभनं वस्त्वधिकृत्य 'इतरं'ति अप्रशस्तं—अशोभनं च, तथा येन भावेनोत्सर्जनीयवस्तुगतेन खरादिना 'अवकिरति जंतु' उत्सृजति यत् तत्र भावेनोत्सर्ग इति तृतीयासमासः, तत्र असंयमं प्रशस्ते भावोत्सर्गे त्यजति, अप्रशस्ये तु संयमं त्यजतीति गाथार्थः ॥१४५१॥ यदुक्तं येन वा भावेनोत्सृजति तत्प्रकटयन्नाह— 'खरफरुसाइसचेयण' खरपरुषादिसचेतनं खरं—कठिनं परुषं—दुर्भाषणोपेतं अचेतनं दुरभिगन्ध-विरसादि यद् द्रव्यमपि त्यजति दोषेण येन खरादिनैव 'भावुज्झणा सा उ' भावेनोत्सर्ग इति गाथार्थः ॥१४५२॥ गतं मूलद्वारगाथायामुत्सर्गमधिकृत्य निक्षेपद्वारम्, अधुनैकार्थिकान्युच्यन्ते, तत्रेयं गाथा—'उस्सग्ग विउस्सरणु' उत्सर्गः व्युत्सर्जना उज्झना च अवकिरणं छर्दनं विवेकः वर्जनं त्यजनं उन्मोचना परिशातना शातना चैवेति गाथार्थः ॥१४५३॥

હવે ક્ષેત્રોત્સર્ગ કહેવાય છે – જે દક્ષિણદેશ વિગેરેનો ત્યાગ કરાય છે તે દક્ષિણદેશ વિગેરે ક્ષેત્ર ક્ષેત્રોત્સર્ગ જાણવો. અથવા જે ક્ષેત્રમાં ઉત્સર્ગનું વર્ણન કરાય છે તે ક્ષેત્ર ક્ષેત્રોત્સર્ગ જાણવો. કાલોત્સર્ગ –જે કાલનો ત્યાગ કરાય છે તે કાલ કાલોત્સર્ગ જાણવો. જેમ કે, સાધુઓ ભોજનને આશ્રયીને રાત્રિનો ત્યાગ કરે છે. અથવા જેટલા કાલ સુધી અથવા જે કાલે ઉત્સર્ગનું વર્ણન કરાય તે કાલોત્સર્ગ જાણવો. ॥૧૪૫૦॥

હવે ભાવોત્સર્ગનું પ્રતિપાદન કરાય છે – મૂળમાં 'भाव' શબ્દ દ્વાર જણાવનારો છે. ભાવોત્સર્ગ બે પ્રકારે છે – વસ્તુને આશ્રયીને શોભન અને ઇતર = અપ્રશસ્ત = અશોભન. (જેમ કે મિથ્યાત્વનો ત્યાગ એ ભાવોત્સર્ગ શોભન છે. સમ્યક્ત્વનો ત્યાગ અશોભન છે.) તથા ત્યાજ્ય વસ્તુમાં રહેલા કઠોરતા વિગેરે જે ભાવને = ધર્મને લઈને વસ્તુનો ત્યાગ થાય છે તે ભાવને કારણે ત્યાગ કરેલો જાણવો. भावेन उत्सर्गः भावोत्सर्गः એ પ્રમાણે તૃતીયા તત્પુરુષસમાસ જાણવો. તેમાં અસંયમનો ત્યાગ તે પ્રશસ્ત ભાવોત્સર્ગ અને સંયમનો ત્યાગ તે અપ્રશસ્ત ભાવોત્સર્ગ જાણવો. ॥૧૪૫૧॥

અથવા હમણાં જ કહી ગયા કે 'જે ભાવને કારણે વસ્તુનો ત્યાગ થાય છે' તે વિકલ્પને જ પ્રગટ કરતા કહે છે – ખર = કઠિન, પરુષ = કર્કશ ભાષા યુક્ત, આવા પ્રકારના દોષોને કારણે સચિત્ત(શિષ્ય)નો અને દુર્ગંધ, વિરસ વિગેરે દોષોને કારણે અચિત્ત(ભોજનાદિ)નો જે ત્યાગ થાય છે તે ભાવને કારણે ત્યાગ કરેલો હોવાથી ભાવોત્સર્ગ છે. ॥૧૪૫૨॥ મૂલદ્વારગાથામાં ઉત્સર્ગને આશ્રયીને નિક્ષેપદ્વાર કહ્યું હવે એકાર્થિકો કહેવાય છે. તેમાં – ઉત્સર્ગ, વ્યુત્સર્જન, ઉજ્ઝન, અવકિરણ, છેદન, વિવેક, વર્જન, ત્યજન, ઉન્મોચન, પરિશાટન અને શાટન આ બધા એકાર્થિકનામો જાણવા. ॥૧૪૫૩॥

मूलद्वारगाथायामुक्तान्युत्सर्गैकार्थिकानि, ततश्च कायोत्सर्ग इति स्थितं, कायस्योत्सर्गः कायोत्सर्ग इति । इदानीं मूलद्वारगाथागतविधानमार्गणाद्वारावयवार्थव्याचिख्यासयाऽऽह —

सो उस्सग्गो दुविहो चिट्ठाए अभिभवे य नायव्वो ।
भिक्खायरियाइ पढमो उवसग्गभिजुंजणे बिइओ ॥१४५४॥

व्याख्या–'सो उस्सग्गो दुविहो' स कायोत्सर्गो द्विविधः, 'चेट्ठाए अभिभवे य नायव्वो' चेष्टायामभिभवे च ज्ञातव्यः, तत्र 'भिक्खायरियादि पढमो' भिक्षाचर्यादौ विषये प्रथमश्चेष्टा कायोत्सर्गः, तथाहि–चेष्टाविषय एवासौ भवतीति, 'उवसग्गऽभिउंजणे बिइओ'त्ति उपसर्गा– दिव्यादयस्तैरभियोजनमुपसर्गाभियोजनं तस्मिन्नुपसर्गाभियोजने द्वितीयः–अभिभवकायोत्सर्ग इत्यर्थः, दिव्याद्यभिभूत एव महामुनिस्तदैवायं करोतीति हृदयम्, अथवोपसर्गाणामभियोजनं–सोढव्या मयोपसर्गास्तद्भयं न कार्यमित्येवंभूतं तस्मिन् द्वितीय इतिगाथा ॥१४५४॥

इत्थं प्रतिपादिते सत्याह चोदकः–कायोत्सर्गे हि साधुना नोपसर्गाभियोजनं कार्यं —

इयरहवि ता न जुज्जइ अभिओगो किं पुणाइ उस्सग्गे ? ।
नणु गव्वेण परपुरं अभिरुज्झइ एवमेयंपि ॥१४५५॥
मोहपयडीभयं अभिभवित्तु जो कुणइ काउस्सग्गं तु ।
भयकारणे उ तिविहे णाभिभवो नेव पडिसेहो ॥१४५६॥

---

**અવતરણિકા :** મૂલદ્વારગાથામાં કહેલ એકાર્થિકનામો જણાવ્યા. તેથી કાયાનો ઉત્સર્ગ તે કાયોત્સર્ગ. આ પ્રમાણે 'કાયોત્સર્ગ' શબ્દ થયો. હવે મૂલદ્વારગાથામાં રહેલ 'ભેદમાર્ગણા' નામના દ્વારનો વિસ્તારાર્થ કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** તે કાયોત્સર્ગ 'ચેષ્ટા અને અભિભવને વિશે' એમ બે પ્રકારે જાણવો. તેમાં ચેષ્ટાકાયોત્સર્ગ ભિક્ષાચર્યા વિગેરે વિષયક જાણવો. આ ચેષ્ટાકાયોત્સર્ગ ચેષ્ટા = ક્રિયાસંબંધી કરવાનો થાય છે તેથી ભિક્ષાચર્યા વિગેરે ક્રિયાવિષયક કહ્યો છે. દિવ્ય (= દેવસંબંધી) વિગેરે ઉપસર્ગો સાથેનું જે સામી છાતીએ જોડાણ તે ઉપસર્ગાભિયોજન. તે જોડાણ થાય ત્યારે બીજો = અભિભવકાયોત્સર્ગ કરવાનો હોય છે, અર્થાત્ જ્યારે કોઇ મહામુનિને દિવ્ય વિગેરે ઉપસર્ગો આવી પડે છે ત્યારે જ તે મહામુનિ આ કાયોત્સર્ગ કરે છે. અથવા ઉપસર્ગોનું અભિયોજન એટલે મારે ઉપસર્ગો સહન કરવાના છે પરંતુ તેનાથી ડરવાનું નથી એવા પ્રકારનું જે ઉપસર્ગોનું અભિયોજન છે તેમાં આ બીજો કાયોત્સર્ગ કરવાનો થાય છે. (ટૂંકમાં ઉપસર્ગોને સહન કરવા માટે અભિભવકાયોત્સર્ગ છે.) **॥૧૪૫૪॥**

**અવતરણિકા :** આ પ્રમાણે કહેવાયે છતે શિષ્ય પ્રશ્ન કરે છે કે – સાધુએ કાયોત્સર્ગમાં ઉપસર્ગોનું અભિયોજન = હું ઉપસર્ગોને સહીશ, ડરીશ નહીં. આ રીતે ઉપસર્ગનો પરાભવ કરવો જોઇએ નહીં. કારણ કે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

आगारेऊण परं रणिव्व जइ सो करिज्ज उस्सग्गं ।
जुंजिज्ज अभिभवो तो तदभावे अभिभवो कस्स ? ॥१४५७॥
अट्ठविहंपि य कम्मं अरिभूयं तेण तज्जयट्ठाए ।
अब्भुट्ठिया उ तवसंजमंमि कुव्वंति निग्गंथा ॥१४५८॥
तस्स कसाया चत्तारि नायगा कम्मसत्तुसिन्नस्स ।
काउस्सग्गमभग्गं करंति तो तज्जयट्ठाए ॥१४५९॥
संवच्छरमुक्कोसं अंतमुहुत्तं च अभिभवुस्सग्गो ।
चिट्ठाउस्सग्गस्स उ कालपमाणं उवरि वुच्छं ॥१४६०॥

'इयरहवि ता ण' इतरथापि—सामान्यकार्येऽपि तावत् क्वचिदवस्थानादौ न युज्यतेऽभियोगः कस्यचित् कर्त्तुं, 'किं पुणाइं उस्सग्गे' किं पुनः कायोत्सर्गे कर्मक्षयाय क्रियमाणे ?, स हि सुतरां गर्वरहितेन कार्यः, अभियोगश्च गर्वो वर्त्तते, नन्वित्यसूयायां गर्वेण—अभियोगेन परपुरं—शत्रुनगरमभिरुध्यते, यथा तद्गर्वकरणमसाधु 'एवमेयंपि'त्ति एवमेतदपि कायोत्सर्गाभियोजनमशोभनमेवेति गाथार्थः ॥१४५५॥ इत्थं चोदकेनोक्ते सत्याहाचार्यः—'मोहपयडीभयं' मोहप्रकृतौ भयं २ अथवा मोहप्रकृतिश्चासौ भयं चेति समासः, मोहनीयकर्मभेद इत्यर्थः, तथाहि—हास्यरत्यरतिभयशोकजुगुप्साषट्कं मोहनीयभेदतया प्रतीतं, तत् 'अभिभवित्तु' अभिभूय यः कश्चित् करोति कायोत्सर्गं तुशब्दो विशेषणार्थः नान्यं कञ्चन बाह्यमभिभूयेति, 'भयकारणे तु तिविहे' बाह्ये भयकारणे त्रिविधे दिव्यमनुष्यतिरिश्चभेदभिन्ने सति तस्य 'नाभिभवः' नाभियोगः अथेत्थंभूतोऽप्यभियोग

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ** : જો ક્યાંક રહેવું વિગેરે સામાન્યકાર્યોમાં પણ કોઈનો પરાભવ કરવો યોગ્ય નથી તો, કાયોત્સર્ગ કે જે કર્મક્ષય માટે કરાય છે તે કાયોત્સર્ગમાં પરાભવ કરવો કેવી રીતે ઘટે ? તે કાયોત્સર્ગ તો સુતરાં ગર્વ વિના જ કરવો જોઈએ. (ઉપસર્ગનો પરાભવ એ એક જાતનો અહંકાર છે. તે જ કહે છે –) પરાભવ એ અહંકાર છે. મૂળમાં 'ननु' શબ્દ દ્વેષભાવ જણાવનારો છે. કોઈ રાજા અહંકારમાં આવી જઈને શત્રુનું નગર રુંધે છે ત્યારે જેમ તે રાજાનો આ અહંકાર સારો નથી, તેમ આ કાયોત્સર્ગઅભિયોજન પણ સારું નથી. ॥૧૪૫૫॥

આ પ્રમાણે શિષ્યના કથનનો ગુરુ જવાબ આપે છે – મોહપ્રકૃતિમાં જે ભય (= ભયમોહનીયકર્મ) છે તે મોહપ્રકૃતિભય અથવા મોહપ્રકૃતિરૂપ જે ભય તે મોહપ્રકૃતિભય, અર્થાત્ મોહનીયકર્મનો ભેદ. (શું ભય એ મોહનીયનો ભેદ છે ? હા,) તે આ પ્રમાણે – હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા આ છ કર્મ મોહનીયકર્મના ભેદ તરીકે પ્રસિદ્ધ છે. આ ભયનો અભિભવ = પરાભવ કરીને જે સાધુ કાયોત્સર્ગને કરે છે, (તેનો તે અભિભવ = પરાભવ ગણાતો નથી.) 'तु' શબ્દ વિશેષ અર્થને જણાવે છે કે જે સાધુ દિવ્ય, મનુષ્ય અને તિર્યંચ એમ ત્રણ પ્રકારના બાહ્ય ભયના કારણોનો નહીં પણ મોહનીયકર્મના ભેદરૂપ ભયનો પરાભવ કરીને કાયોત્સર્ગ કરે છે તે સાધુનો તે અભિભવ = પરાભવ કહેવાતો નથી. જો શિષ્ય એમ કહેતો હોય કે આવા પ્રકારનો અભિભવ પણ અભિયોગ જ =

इत्यत्रोच्यते—'नेव पडिसेहो' इत्थंभूतस्याभियोगस्य नैव प्रतिषेध इति गाथार्थः ॥१४५६॥ किन्तु— 'आगारेऊण परं' 'आगारेऊण'त्ति आकार्य रे रे क्व यास्यसि इदानीं एवं परम्—अन्यं कञ्चन 'रणेव्व' संग्रामे इव यदि स कुर्यात् कायोत्सर्गं युज्येत अभिभवः, तदभावे—पराभावेऽभिभवः कस्य ?, न कस्यचिदिति गाथार्थः ॥१४५७॥ तत्रैतत् स्यात्—भयमपि कर्मांशो वर्त्तते, कर्मणोऽपि चाभिभवः खल्वेकान्तेन नैव कार्य इत्येतच्चायुक्तम्, यतः—'अट्ठविहंपि य कम्मं' अष्टविधं— अष्टप्रकारमपि, चशब्दो विशेषणार्थः तस्य च व्यवहितः सम्बन्धः, 'अट्ठविहंपि कम्मं अरिभूयं य', ततश्चायमर्थः—यस्मात् ज्ञानावरणीयादि अरिभूतं—शत्रुभूतं वर्त्तते भवनिबन्धनत्वाच्चशब्दादचेतनं च तेन कारणेन तज्जयार्थं—कर्मजयनिमित्तं 'अब्भुट्ठिया उ'त्ति आभिमुख्येन उत्थिता एव एकान्तगर्वविकला अपि तपो द्वादशप्रकारं संयमं च सप्तदशप्रकारं कुर्वन्ति निर्ग्रन्थाः—साधव इत्यतः कर्मजयार्थमेव तदभिभवनाय कायोत्सर्गः कार्य एवेति गाथार्थः ॥१४५८॥

પરાભવ જ છે. તો ત્યાં ગુરુ કહે છે કે – આવા પ્રકારના અભિયોગનો = પરાભવનો શાસ્ત્રમાં નિષેધ નથી. ॥૧૪૫૪॥

પરંતુ જો કોઈ સૈનિક યુદ્ધમાં સામેવાળા શત્રુસૈનિકનો – "રે ! રે ! ડરપોક ! ક્યાં જાય છે ? આવ લડવા આવ" આમ કહીને પરાભવ કરે છે તેની જેમ જે સાધુ દેવાદિ જેઓ ઉપસર્ગ કરતા હોય છે તેઓને બોલાવીને એટલે કે રે ! રે ! દેવ ક્યાં જાય છે ? આવ કર ઉપસર્ગ મને તારો કોઇ ભય નથી" આ રીતે બીજાને બોલાવીને જો તે કાયોત્સર્ગ કરતો હોય તો આ તેનો (દેવાદિનો) પરાભવ કહેવાય છે. પરંતુ સાધુ ક્યારેય આ રીતે પરાભવ = તિરસ્કાર કરીને કાયોત્સર્ગ કરતો નથી. તેથી પરનો અભાવ જ છે તો કોનો અભિભવ થાય ? અર્થાત્ કોઈનો અભિભવ થતો નથી. (ટૂંકમાં સાધુ બીજાનો = દેવાદિનો તિરસ્કાર કરીને નહીં પણ મોહનીયકર્મના ફળરૂપ ભયનો તિરસ્કાર કરીને કાયોત્સર્ગ કરે છે તેથી સાધુએ કાયોત્સર્ગમાં અભિયોજન = મોહનીયકર્માદિનો ક્ષય કરવા સામેથી ઉપસર્ગોને સહન કરવું ઘટે જ છે.) ॥૧૪૫૭॥

**શંકા :** ભય પણ એક પ્રકારના કર્મનો અંશ જ છે. અને કર્મનો પણ સાધુએ એકાન્તે તિરસ્કાર કરવો જોઇએ નહીં.

**સમાધાન :** આ વાત યોગ્ય નથી, કારણ કે 'अट्ठविहंपि य कम्मं' અહીં 'च' શબ્દ વિશેષ અર્થને જણાવનારો છે અને તેનો અન્ય સ્થાને સંબંધ જોડવાનો છે. તે આ પ્રમાણે – 'अट्ठविहंपि कम्मं अरिभूयं य'. માટે અર્થ આ પ્રમાણે જાણવો કે જે કારણથી જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મો સંસારનું કારણ હોવાથી શત્રુભૂત છે અને અચેતન = ચેતનસ્વરૂપ નથી તે કારણથી તે કર્મોનો જય કરવા માટે સામેથી ઉપસર્ગાદિને સહન કરવા ઉદ્યત થયેલા સાધુઓ એકાન્તે ગર્વથી રહિત હોવા છતાં પણ બારપ્રકારના તપ અને સત્તરપ્રકારના સંયમને કરે છે. આમ તે કર્મોનો જય કરવા તે કર્મોનો તિરસ્કાર કરવાનો છે અને તે તિરસ્કાર કરવા કાયોત્સર્ગ કરવો જ જોઈએ. ॥૧૪૫૮॥

तथा चाह–तस्स कसाया इति 'तस्य' प्रक्रान्तशत्रुसैन्यस्य कषायाः प्राग्निरूपितशब्दार्थाश्चत्वारः क्रोधादयो नायकाः–प्रधानाः, 'काउस्सग्गमभग्गं करेंति तो तज्जयट्ठाए'त्ति काउस्सग्गं–अभिभव-कायोत्सर्गं अभग्नं–अपीडितं कुर्वन्ति साधवस्ततस्तज्जयार्थं–कर्मजयनिमित्तं तपःसंयमवदिति गाथार्थः ॥१४५९॥ गतं मूलद्वारगाथायां विधानमार्गणाद्वारम्, अधुना कालपरिमाणद्वारावसरः, तत्रेयं गाथा–संवत्सर इत्यादि संवत्सरमुत्कृष्टं कालप्रमाणं, तथा च बाहुबलिना संवत्सरं कायोत्सर्गः कृत इति, 'अन्तोमुहुत्तं च अभिभवुस्सग्गे' अंतर्मुहूर्त्तं च जघन्यं कालपरिमाणं अभिभवकायोत्सर्ग इति चेष्टाकायोत्सर्गस्य तु कालपरिमाणमनेकभेदभिन्नं 'उवरि वोच्छं'ति उपरिष्टाद् वक्ष्याम इति गाथार्थः ॥१४६०॥

उक्तं तावदोघतः कालपरिमाणद्वारं, अधुना भेदपरिमाणद्वारमधिकृत्याह —

उसिउस्सिओ अ तह उस्सिओ अ उस्सियनिसन्नओ चेव ।
निसनुस्सिओ निसन्नो निस्सन्नगनिसन्नओ चेव ॥१४६१॥
निवणुस्सिओ निवन्नो निवन्ननिवन्नगो अ नायव्वो ।
एएसिं तु पयाणं पत्तेय परूवणं वुच्छं ॥१४६२॥
उस्सिअनिसन्नगनिवन्नगे य इक्किक्कगंमि उ पयंमि ।
दव्वेण य भावेण य चउक्कभयणा उ कायव्वा ॥१४६३॥

'उस्सिउस्सिओ' उत्सृतोत्सृतः उत्सृतश्च उत्सृतनिषण्णश्चैव निषण्णोत्सृतः निषण्णो निषण्ण-निषण्णश्चैवेति गाथार्थः ॥१४६१॥ 'निवणुस्सिओ निवन्नो' निवण्णोत्सृतः निवण्णः निवण्ण-

---

આ જ વાતને કહે છે કે – ક્રોધાદિ ચાર કષાયો એ પ્રસ્તુત કર્મશત્રુના સૈન્યમાં મુખ્ય છે. તેથી તેનો જય કરવા માટે સાધુઓ તપ–સંયમની જેમ (આગારો સિવાય) અભગ્ન = અપીડિત કાયોત્સર્ગને કરે છે. ॥૧૪૫૯॥

મૂલદ્વારગાથામાં આપેલ 'વિધાનમાર્ગણા' દ્વાર પૂર્ણ થયું. હવે 'કાલપરિમાણ' દ્વારનો અવસર છે. તેમાં આ પ્રમાણેની ગાથા છે – એક વર્ષ એ અભિભવ કાયોત્સર્ગનું ઉત્કૃષ્ટ કાલપ્રમાણ છે. અને બાહુબલીજીએ એક વર્ષ સુધી તે કાયોત્સર્ગ કરેલો હતો. તથા અભિભવકાયોત્સર્ગનું જઘન્ય કાલપ્રમાણ અંતર્મુહૂર્ત્ત જાણવું. ચેષ્ટાકાયોત્સર્ગનું કાલ પરિમાણ અનેક પ્રકારનું છે. જેને હું આગળ કહીશ. ॥૧૪૬૦॥

અવતરણિકા : કાલપરિમાણદ્વાર સામાન્યથી કહ્યું. હવે ભેદપરિમાણદ્વારને આશ્રયીને કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (૧) ઉત્સૃતોત્સૃત, (૨) ઉત્સૃત, (૩) ઉત્સૃતનિષન્ન, (ઉત્સૃત = ઊભો, નિષન્ન = બેઠેલો) (૪) નિષન્નોત્સૃત, (૫) નિષન્ન, (૬) નિષન્ન–નિષન્ન. ॥૧૪૬૧॥ (૭) નિવન્નોત્સૃત (નિવન્ન = સૂતેલો), (૮) નિવન્ન, (૯) નિવન્ન–નિવન્ન. આ દરેક પદોની પ્રરૂપણા હું કરીશ. આ પ્રમાણે

निवण्णश्च ज्ञातव्यः, एतेषां तु पदानां प्रत्येकं प्ररूपणां वक्ष्य इति गाथासमासार्थः, अवयवार्थं उपरिष्टाद्वक्ष्यामः ॥१४६२॥ तत्र 'उस्सिअ–गाहा–उत्सृतनिषण्णनिवण्णेषु एकैकस्मिन्नेव पदे । 'दव्वेण य भावेण य चउक्कभयणा उ कायव्वा' द्रव्यत उत्सृत ऊद्ध्र्वस्थानस्थः भावत उत्सृत धर्मध्यानशुक्लध्यायी, अन्यस्तु द्रव्यत उत्सृतः ऊद्ध्र्वस्थानस्थः न भावतः उत्सृतः ध्यानचतुष्टयरहितः कृष्णादिलेश्यागतपरिणाम इत्यर्थः, अन्यस्तु न द्रव्यत उत्सृतः नोद्ध्र्वस्थानस्थः, भावत उत्सृतः, धर्मशुक्लध्यायी अन्यस्तु न द्रव्यतो नापि भावत इत्ययं प्रतीतार्थ एवमन्यपदचतुर्भङ्गिका अपि वक्तव्येति गाथार्थः ॥१४६३॥ इत्थं सामान्येन भेदपरिमाणे दर्शिते सत्याह चोदकः, ननु कार्योत्सर्गकरणे कः पुनर्गुण इत्याहाचार्यः –

देहमइजड्डसुद्धी सुहदुक्खतितिक्खया अणुप्पेहा ।
झायइ य सुहं झाणं एयग्गो काउसग्गंमि ॥१४६४॥
अंतोमुहुत्तकालं चित्तस्सेगग्गया हवइ झाणं ।
तं पुण अट्टं रुद्दं धम्मं सुक्कं च नायव्वं ॥१४६५॥
तत्थ य दो आइल्ला झाणा संसारवड्ढणा भणिया ।
दुन्नि य विमुक्खहेऊ तेसिऽहिगारो न इयरेसिं ॥१४६६॥
संवरियासवदारा अव्वाबाहे अकंटए देसे ।
काऊण थिरं ठाणं ठिओ निसन्नो निवन्नो वा ॥१४६७॥

---

બંને ગાથાઓનો સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારાર્થ આગળ જણાવશે. ॥૧૪૬૨॥ અહીં ઉત્સૃત, નિષન્ન અને નિવન્ન આ દરેક પદમાં દ્રવ્ય અને ભાવથી ચતુર્ભંગી કરવા યોગ્ય છે. તેમાં (૧) દ્રવ્યથી ઉત્સૃત એટલે ઊભો રહેલો કાયોત્સર્ગ કરે, ભાવથી ઉત્સૃત ધર્મ–શુક્લધ્યાનને ધરનાર. (૨) બીજી વ્યક્તિ દ્રવ્યથી ઉત્સૃત = ઊભી છે, ભાવથી ઉત્સૃત નથી અર્થાત્ ધર્માદિ ચારમાંથી એક પણ ધ્યાન કરતી નથી. પરંતુ આ વ્યક્તિ કૃષ્ણ વિગેરે લેશ્યાસંબંધી પરિણામવાળી જાણવી. (તે આ રીતે – કોઈ પુરુષે અન્ય પુરુષને મારી નાખવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ તેના હૃદયમાં ચાલ્યા કરે છે. જ્યારે તે પુરુષ નિદ્રા વિગેરે અવસ્થામાં હોય ત્યારે તે સંકલ્પ પ્રગટરૂપે ન હોવાથી ચારમાંથી એક પણ ધ્યાન નથી, છતાં તે સંકલ્પ લેશ્યારૂપે તો ચાલુ જ છે.)

(૩) બીજી એક વ્યક્તિ દ્રવ્યથી ઉત્સૃત = ઊભેલી નથી, ભાવથી ઉત્સૃત છે = ધર્મ–શુક્લધ્યાનધ્યાયી છે. (૪) કોઈક દ્રવ્ય–ભાવથી ઉત્સૃત નથી. આનો અર્થ સ્પષ્ટ જ છે. આ પ્રમાણે નિષન્ન અને નિવન્ન પદોની ચતુર્ભંગી પણ કહી દેવી. ॥૧૪૬૩॥

**અવતરણિકા :** આ પ્રમાણે કાયોત્સર્ગના સામાન્યથી ભેદ બતાવ્યા બાદ શિષ્ય પ્રશ્ન કરે છે કે કાયોત્સર્ગ કરવાથી કયો મોટો ફાયદો થાય છે ? તેનો જવાબ આચાર્ય આપે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

चेयणमचेयणं वा वत्थुं अवलंबिउं घणं मणसा ।
झायइ सुअमत्थं वा दवियं तप्पज्जए वावि ॥१४६८॥
तत्थ उ भणिज्ज कोई झाणं जो माणसो परीणामो ।
तं न हवइ जिणदिट्ठं झाणं तिविहेवि जोगंमि ॥१४६९॥
वायाईधाऊणं जो जाहे होइ उक्कडो धाऊ ।
कुविओत्ति सो पवुच्चइ न य इअरे तत्थ दो नत्थि ॥१४७०॥
एमेव य जोगाणं तिण्हवि जो जाहि उक्कडो जोगो ।
तस्स तहिं निद्देसो इअरे तत्थिक्क दो व नवा ॥१४७१॥
काएविय अज्झप्पं वायाइ मणस्स चेव जह होइ ।
कायवयमणोजुत्तं तिविहं अज्झप्पमाहंसु ॥१४७२॥
जइ एगग्गं चित्तं धारयओ वा निरुंभओ वावि ।
झाणं होइ नणु तहा इअरेसुवि दोसु एमेव ॥१४७३॥
देसियदंसियमग्गो वच्चंतो नरवई लहइ सद्दं ।
रायत्ति एस वच्चइ सेसा अणुगामिणो तस्स ॥१४७४॥
पढमिल्लुअस्स उदए कोहस्सिअरे वि तिन्नि तत्थत्थि ।
न य ते ण संति तहियं न य पाहन्नं तहेयंमि ॥१४७५॥
मा मे एजउ काउत्ति अचलओ काइअं हवइ झाणं ।
एमेव य माणसियं निरुद्धमणसो हवइ झाणं ॥१४७६॥
जह कायमणनिरोहे झाणं वायाइ जुज्जइ न एवं ।
तम्हा वई उ झाणं न होइ को वा विसेसोऽत्थ ? ॥१४७७॥
मा मे चलउत्ति तणू जह तं झाणं निरेइणो होइ ।
अजयाभासविवज्जस्स वाइअं झाणमेवं तु ॥१४७८॥
एवंविहा गिरा मे वत्तव्वा एरिसा न वत्तव्वा ।
इय वेयालियवक्कस्स भासओ वाइयं झाणं ॥१४७९॥
मणसा वावारंतो कायं वायं च तप्परीणामो ।
भंगिअसुअं गुणंतो वट्टइ तिविहेवि झाणंमि ॥१४८०॥

'देहमतिजड्डसुद्धी'ति देहजाड्यशुद्धिः—श्लेष्मादिप्रहाणतः मतिजाड्यशुद्धिः तथावस्थितस्यो-

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** કાયોત્સર્ગ કરવાથી (૧) શ્લેષ્મ વિગેરે ઓછા થવાથી દેહની જડતા દૂર થાય છે. (૨) કાયોત્સર્ગમાં ઊભા રહેલાને સ્થિર ઉપયોગવિશેષ હોવાથી બુદ્ધિની જડતા દૂર થાય છે. (૩) સુખ

पयोगविशेषतः, 'सुहदुक्खतितिक्खय'त्ति सुखदुःखतितिक्षा सुखदुःखातिसहनमित्यर्थः, 'अणुप्पेहा' अनित्यत्वाद्यनुप्रेक्षा च तथाऽवस्थितस्य भवति, तथा 'झायइ य सुहं झाणं' ध्यायति च शुभं ध्यानं धर्मशुक्ललक्षणं, एकाग्रः—एकचित्तः शेषव्यापाराभावात् कायोत्सर्ग इति, इहानुप्रेक्षा ध्यानादौ ध्यानोपरमे च भवतीतिकृत्वा भेदेनोपन्यस्तेति गाथार्थः ॥१४६४॥ इह ध्यायति च शुभं ध्यानमित्युक्तं, तत्र किमिदं ध्यानमित्यत आह—'अंतोमुहुत्तकालं' द्विघटिको मुहूर्त्तः भिन्नो मुहूर्त्तोऽन्तर्मुहूर्त इत्युच्यते, अन्तर्मुहूर्त्तकालं चित्तस्यैकाग्रता भवति ध्यानं 'एकाग्रचिंतानिरोधो ध्यान' ( तत्त्वार्थे अ० ९ सूत्र २७ ) मितिकृत्वा, तत् पुनरार्त्तं रौद्रं धर्मं शुक्लं च ज्ञातव्यमित्येषां च स्वरूपं यथा प्रतिक्रमणाध्ययने प्रतिपादितं तथैव द्रष्टव्यमिति गाथार्थः ॥१४६५॥ 'तत्थ उ दो आइल्ला' गाथा निगदसिद्धा ॥१४६६॥ साम्प्रतं यथाभूतो यत्र यथावस्थितो यच्च ध्यायति तदेतदभिधित्सुराह—'संवरियासवदार'त्ति संवृतानि—स्थगितानि आश्रवद्वाराणि—प्राणातिपातादीनि येन स तथाविधः, क्व ध्यायति? —'अव्याबाधे अकंटए देसे'त्ति अव्याबाधे—गन्धर्वादिलक्षणभावव्याबाधाविकले अकण्टके—पाषाणकण्टकादिद्रव्यकण्टकविकले 'देशे' भूभागे, कथं व्यवस्थितो ध्यायति ?—'काऊण थिरं

---

અને દુઃખને સહન કરવાનું થાય છે. (સુખને સહન કરવું એટલે લીન ન થવું અને દુઃખને સહન કરવું એટલે દીન ન બનવું. આ લીનતા અને દીનતા બંને કાયોત્સર્ગથી દૂર થાય છે.) (૪) કાયોત્સર્ગમાં રહેલો અનિત્યત્વ વિગેરેની અનુપ્રેક્ષા કરી શકે છે. (૫) ધર્મ—શુક્લરૂપ શુભ ધ્યાન ધરવાનું થાય છે. (૬) શેષ વ્યાપારોનો ત્યાગ થવાથી કાયોત્સર્ગમાં એકાગ્રતા વધે છે. અહીં અનુપ્રેક્ષા ધ્યાન પહેલાં અને ધ્યાન પછી થાય છે એવું જણાવવા જુદી કહી છે. ॥૧૪૬૪॥

**શંકા :** કાયોત્સર્ગમાં શુભ ધ્યાન કરે છે એવું કહ્યું તેમાં ધ્યાન કોને કહેવાય ?

**સમાધાન :** બે ઘડી = એક મુહૂર્ત. ભિન્ન = કંઈક ન્યૂન એવું મુહૂર્ત તે અંતર્મુહૂર્ત કહેવાય છે. "(અગ્ર = આલંબન) એક આલંબનમાં ચિંતાનો નિરોધ = ચંચળ ચિત્તને બીજે જતાં અટકાવીને એક આલંબનમાં સ્થિર કરવું એ ધ્યાન છે" એવું તત્ત્વાર્થસૂત્રનું વચન હોવાથી અંતર્મુહૂર્તકાલ સુધી (શુભ કે અશુભ અર્થમાં) ચિત્તની જે એકાગ્રતા તે ધ્યાન કહ્યું છે. તે ધ્યાન આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એમ ચાર પ્રકારનું છે. તે ચારે પ્રકારનું સ્વરૂપ જે રીતે પ્રતિક્રમણ અધ્યયનમાં (= ધ્યાનશતકમાં) કહ્યું છે તે રીતે જાણી લેવું. ॥૧૪૬૫॥ તેમાં આર્ત અને રૌદ્રધ્યાનો સંસારની વૃદ્ધિ કરનારા કહ્યા છે અને ધર્મ—શુક્લધ્યાન મોક્ષનું કારણ કહ્યા છે. અહીં ધર્મ—શુક્લનું પ્રયોજન છે પણ આર્ત—રૌદ્રધ્યાનનું પ્રયોજન નથી. ॥૧૪૬૬॥

હવે ધ્યાનને કરનારો કેવો હોય ? કયા સ્થાને કરે ? કેવી રીતે કરે ? અને કોનું ધ્યાન ધરે ? તે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે – પ્રાણાતિપાત વિગેરે આશ્રવદ્વારો જેણે બંધ કરી દીધા છે, તેવો જીવ ધ્યાનને કરનારો છે. ક્યાં રહીને ધ્યાન કરે ? – જ્યાં નૃત્યયુક્ત ગીત—ગાન વિગેરેરૂપ ભાવવિઘ્ન ન હોય તથા પથ્થર, કાંટા વિગેરે દ્રવ્યકાંટા ન હોય એવા સ્થાનમાં ધ્યાનને કરે. કેવી રીતે ધ્યાન કરે ? – (કાયાની) સ્થિતિને સ્થિર કરીને એટલે કે બિલકુલ હલનચલન કર્યા વિના ઊભા—

ठाणं ठितो निसण्णो निवन्नो वा' कृत्त्वा स्थिरं–निष्प्रकम्पं स्थानं–अवस्थितिविशेषलक्षणं स्थितो निषण्णो निवण्णो वेति प्रकटार्थं, चेतनं–पुरुषादि अचेतनं वा प्रतिमादि वस्तु अवलम्ब्य–विषयीकृत्य घनं–दृढं मनसा–अन्तःकरणेन यत् ध्यायति, किं ? तदाह–'झायति सुयमत्थं वा' ध्यायतीति सम्बध्यते, सूत्रं–गणधरादिभिर्बद्धं अर्थं वा–तद्गोचरं, किंभूतमर्थमत आह–'दवियं तप्पज्जवे वावि' द्रव्यं तत्पर्यायान् वा, इह च यदा सूत्रं ध्यायति तदा तदेव स्वगतधर्मैरालोचयति, न त्वर्थं, यदा त्वर्थं न तदा सूत्रमिति गाथाद्वयार्थः ॥१४६७-१४६८॥ अधुना प्रागुक्तचोद्यपरिहारायाह–तत्र भणेत्–ब्रूयात् कश्चित्, किं ब्रूयादित्याह–'झाणं जो माणसो परीणामो' ध्यानं यो मानसः परीणामः, 'ध्यै चिन्ताया'मित्यस्य चिन्तार्थत्वात्, इत्थमाशङ्क्योत्तरमाह–'तं न भवति जिणदिट्ठं झाणं तिविहेवि जोगंमि' तदेतन्न भवति यत् परेणाभ्यधायि, कुतः ?, यस्माज्जिनैर्दृष्टं ध्यानं त्रिविधेऽपि योगे–मनोवाक्कायव्यापारलक्षण इति गाथार्थः ॥१४६९॥ किं तु ?, कस्यचित् कदाचित् प्राधान्यमाश्रित्य भेदेन व्यपदेशः प्रवर्त्तते, तथा चामुमेव न्यायं प्रदर्शयन्नाह–'वायाईधाऊणं' वातादिधातूनां आदिशब्दात् पित्तश्लेष्मणोर्यो यदा भवत्युत्कटः–प्रचुरो धातुः कुपित इति स प्रोच्यते उत्कटत्वेन प्राधान्यात्, 'न य इतरे तत्थ दो नत्थि'त्ति न चेतरौ तत्र द्वौ न स्त इति गाथार्थः

ઊભા, બેઠા–બેઠા કે સૂતા–સૂતા ધ્યાન કરે. (ધ્યાનનો વિષય કયો ? તે કહે છે –) પુરુષ વિગેરે સચિત્ત કે પ્રતિમા વિગેરે અચિત્તવસ્તુનું આલંબન લઈને મનથી દઢ રીતે (= મનથી દઢતાપૂર્વક) જેનું ધ્યાન કરે તે કહે છે – ગણધરાદિએ બનાવેલ સૂત્રનું કે સૂત્રવિષયક અર્થોનું ધ્યાન કરે. તે કેવા પ્રકારના અર્થો છે ? તે કહે છે – દ્રવ્ય કે તેના પર્યાયોરૂપ અર્થનું ધ્યાન કરે. અહીં (એટલું જાણવું કે) જ્યારે સૂત્રનું ધ્યાન કરતો હોય ત્યારે તે સૂત્રને જ સૂત્રસંબંધી ધર્મોવડે (એટલે કે સૂત્રના અક્ષરો, પદો, લઘુમાત્રા, ગુરુમાત્રા, છંદ, અલંકાર વિગેરેને આશ્રયીને સૂત્રને) વિચારે, પણ અર્થને નહીં. જ્યારે અર્થનું ધ્યાન કરે ત્યારે સૂત્રનું ધ્યાન કરે નહીં. ॥૧૪૬૭–૬૮॥

હવે શિષ્યની શંકાને દૂર કરવા કહે છે. તેમાં (પ્રથમ શંકા કરશે પછી તેનો ઉત્તર આપશે.) – અહીં કોઈ જો એમ કહે કે – 'ધ્યાન' શબ્દ 'ધ્યૈ' ધાતુથી બનેલ છે અને 'ધ્યૈ' ધાતુ ચિંતન અર્થમાં વપરાતો હોવાથી ધ્યાન એ મનનો પરિણામ છે. આ પ્રમાણે શંકા કરીને તેનો ઉત્તર આપે છે – શિષ્ય જે કહે છે કે ધ્યાન એ મનનો પરિણામ છે' એ વાત યોગ્ય નથી, કારણ કે જિનોએ મન–વચન–અને કાયારૂપ ત્રણે યોગમાં ધ્યાન જોયું છે. (અર્થાત્ કાયિક વાચિક અને માનસિક ત્રણે પ્રકારનું ધ્યાન કહ્યું છે.) ॥૧૪૬૯॥

(જો કે ત્રણ પ્રકારના ધ્યાન છે) છતાં ક્યારેક (મન વિગેરેમાંથી) કોઈકની પ્રધાનતાને આશ્રયીને ભેદથી વ્યપદેશ કરાય છે. આ જ ન્યાયને = જ્યારે જેની પ્રધાનતા હોય ત્યારે તે કહેવાય એવા પ્રકારના ન્યાયને જણાવતા કહે છે ➾

વાત–પિત્ત અને કફ આ ત્રણ ધાતુઓમાં જ્યારે જે ધાતુ પ્રચુર પ્રમાણમાં હોય ત્યારે તે ધાતુ કુપિત થયો છે એમ કહેવાય છે, કારણ કે તે સમયે તે ધાતુ પ્રચુર પ્રમાણમાં હોવાથી તેની પ્રધાનતા હોય છે. પરંતુ તે સમયે બીજા બે ધાતુ ન હોય એવું હોતું નથી. (અર્થાત્ હોય જ છે છતાં બીજી બે

॥१४७०॥ 'एमेव य जोगाणं' एवमेव च योगानां—मनोवाक्कायानां त्रयाणामपि यो यदा उत्कटो योगस्तस्य योगस्य तदा—तस्मिन् काले निर्देशः, 'इयरे तत्थेक्क दो व णवा' इतरस्तत्रैको भवति द्वौ वा भवतः, न वा भवत्येव, इयमत्र भावना—केवलिनः वाचि उत्कटायां कायोऽप्यस्ति अस्मदादीनां तु मनः कायो, 'न वे'ति केवलिन एव शैलेश्यवस्थायां काययोगनिरोधकाले स एव केवल इति, अनेन च शुभयोगोत्कटत्वं तथा निरोधश्च द्वयमपि ध्यानमित्यावेदितमिति गाथार्थः ॥१४७१॥ इत्थं य उत्कटो योगः तस्यैवेतरसद्भावेऽपि प्राधान्यात् सामान्येन ध्यानत्वमभिधायाधुना विशेषेण त्रिप्रकारमप्युपदर्शयन्नाह—'काएवि य' कायेऽपि च अध्यात्मं अधि आत्मनि वर्त्तत इति अध्यात्मं ध्यानमित्यर्थः, एकाग्रतया एजनादिनिरोधात्, 'वायाए'त्ति तथा वाचि अध्यात्मं एकाग्रतयैवाऽयतभाषानिरोधात्, 'मणस्स चेव जह होइ'त्ति मनसश्चैव यथा भवत्यध्यात्मं एवं कायेऽपि वाचि चेत्यर्थः, एवं भेदेनाभिधायाधुनैकदैवोपदर्शयन्नाह—कायवाङ्मनोयुक्तं त्रिविधं अध्यात्ममाख्यातवन्तस्तीर्थकरा गणधराश्च, वक्ष्यते, च—'भंगिअसुतं गुणंतो वट्टति तिविहेवि झाणंमि'त्ति गाथार्थः ॥१४७२॥ पराभ्युपगतध्यानसाम्यप्रदर्शनेनानभ्युपगतयोरपि ध्यानतां

ધાતુઓ ઓછા પ્રમાણમાં હોવાથી તેઓની ગૌણતા હોય છે.) ॥૧૪૭૦॥

એ જ પ્રમાણે મન—વચન અને કાયા આ ત્રણ યોગોમાંથી જ્યારે જે યોગ પ્રધાન હોય ત્યારે તે યોગનો નિર્દેશ થાય છે. તે સમયે બીજા બેમાંથી એક હોય અથવા બે હોય અથવા બેમાંથી એક પણ ન હોય એવું બને. જેમ કે – કેવલિને વાચિકયોગ પ્રચુર હોય ત્યારે કાયા પણ હોય છે. જ્યારે આપણને વાચિકયોગ સમયે મન—કાયા બંને હોય છે. કેવલિને જ શૈલેશી—અવસ્થામાં કાયયોગના નિરોધ સમયે માત્ર કાયયોગ જ હોય છે, મન—વચન હોતા નથી. આના દ્વારા = જણાવેલા ન્યાયને અનુસારે શુભયોગોનું ઉત્કટપણું અને યોગનિરોધ આ બંને પણ એક પ્રકારના ધ્યાન જ છે એવું જણાવેલું છે એમ જાણવું. ॥૧૪૭૧॥

આ પ્રમાણે જે યોગ ઉત્કટ = પ્રચુર છે તે યોગની જ પ્રધાનતા હોવાથી તે યોગસંબંધી ધ્યાન છે એમ સામાન્યથી કહીને હવે વિશેષથી ત્રણે પ્રકારોને દેખાડતા કહે છે – આત્મામાં જે રહેલું છે તે અધ્યાત્મ અર્થાત્ ધ્યાન. કાયામાં પણ આ ધ્યાન રહેલું છે. જીવ એકાગ્ર બની હલન—ચલન વિગેરે ચેષ્ટાઓનો નિરોધ કરે ત્યારે તે કાયયોગ પણ ધ્યાન છે. વચનયોગમાં પણ ધ્યાન છે. જીવ જ્યારે એકાગ્ર બની યતના વિનાની ભાષાઓનો નિરોધ કરવા પૂર્વક બોલતો હોય ત્યારે તેનો તે વચનયોગ ધ્યાન કહેવાય છે. આ પ્રમાણે જેમ મનનું ધ્યાન હોય છે તેમ કાયા અને વચનનું પણ ધ્યાન હોય છે. આમ, ભેદથી = સ્વતંત્રરૂપે કહીને હવે એક સમયે જ ત્રણે ધ્યાન સાથે હોય તે જણાવતા કહે છે – તીર્થંકરો અને ગણધરોએ કાય—વચન અને મનથી યુક્ત ત્રણ પ્રકારનું ધ્યાન કહ્યું છે. અને તે માટે આગળ કહેશે – ભંગિકસૂત્રોને ગુણતો જીવ ત્રણે પ્રકારના ધ્યાનમાં વર્તે છે. ॥૧૪૭૨॥

બીજાઓએ સ્વીકારેલ ધ્યાન સાથેનું સામ્ય જણાવવાદ્વારા નહીં સ્વીકારેલા એવા પણ વચન—કાયાની ધ્યાનતાને દેખાડતાં કહે છે – (અર્થાત્ જે યુક્તિથી સામેવાળો માનસ ધ્યાન સ્વીકારે છે તે

प्रदर्शयन्नाह–'जइ एगग्गं' गाहा, हे आयुष्मन् ! यद्येकाग्रं चित्तं क्वचिद् वस्तुनि धारयतो वा स्थिरतया देहव्यापिविषवत् डंक इति 'निरुंभओ वावि'त्ति निरुन्धानस्य वा तदपि योगनिरोध इव केवलिनः किमित्याह–ध्यानं भवति मानसं यथा ननु तथा इतरयोरपि द्वयोर्वाक्काययोः, एवमेव–एकाग्रधारणादिनैव प्रकारेण तल्लक्षणयोगाद् ध्यानं भवतीति गाथार्थः ॥१४७३॥ इत्थं त्रिविधे ध्याने सति यस्य यदोत्कटत्वं तस्य तदेतरसद्भावेऽपि प्राधान्याद् व्यपदेश इति, लोकलोकोत्तरानुगतश्चायं न्यायो वर्त्तते, तथा चाह–'देसिय' गाहा, देशयतीति देशिकः–अग्रयायी देशिकेन दर्शितो मार्गः–पन्था यस्य स तथोच्यते व्रजन्–गच्छन् नरपती–राजा लभते शब्दं–प्राप्नोति शब्दं, किंभूतमित्याह–'रायत्ति एस वच्चति'त्ति राजा एष व्रजतीति, न चासौ केवलः, प्रभूतलोकानुगतत्वात्, न च तदन्यव्यपदेशः, तेषामप्राधान्यात्, तथा चाह–'सेसा अणुगामिणो तस्स'त्ति शेषाः–अमात्यादयः अनुगामिनः–अनुयातारस्तस्य–राज्ञ इत्यतः प्राधान्याद्राजेतिव्यपदेश इति गाथार्थः ॥१४७४॥ अयं लोकानुगतो न्यायः, अयं पुनर्लोकोत्तरानुगतः–'पढमिल्लु' प्रथम एव

---

જ યુક્તિ દ્વારા વચન–કાયાનાં ધ્યાનને સિદ્ધ કરતા કહે છે.) – જેમ દેહમાં વ્યાપેલ વિષને ડંખના સ્થાને લાવીને એકઠું કરવામાં આવે છે, સ્થિર કરવામાં આવે છે તેની જેમ કોઈ એક વસ્તુમાં એકાગ્ર ચિત્તને સ્થિર કરવાદ્વારા ધારી રાખનારનું જો તે ચિત્ત માનસધ્યાન છે, અથવા કેવલિના યોગનિરોધની જેમ ચિત્તને નિરોધ કરનારનું જો તે ચિત્ત માનસધ્યાન છે. (ટૂંકમાં એક વસ્તુમાં એકાગ્રતા પૂર્વક ચિત્તને સ્થિર કરવું અથવા તે ચિત્તનો નિરોધ કરવો એ જો માનસધ્યાન છે.) તો તેની જેમ જ વચન–કાયામાં પણ એકાગ્રધારણા, અને નિરોધ કરવાદ્વારા ધ્યાનનું લક્ષણ ઘટી જતું હોવાથી વાચિક – કાયિકયોગ પણ ધ્યાન જ છે. (અર્થાત્ બોલતી વખતે વચનને પણ પૂર્ણ યતનાપૂર્વક બોલવું તે અથવા વચનયોગનો નિરોધ બંને વાચિકધ્યાન જ છે. એ જ પ્રમાણે કાયામાં પણ સમજી લેવું.) ॥૧૪૭૩॥

આ પ્રમાણે ત્રણ પ્રકારના ધ્યાન હોવાથી જ્યારે જે ધ્યાનની ઉત્કટતા = પ્રચુરતા હોય ત્યારે તે ધ્યાનની પ્રધાનતા હોવાથી બીજા બે ધ્યાનો હોવા છતાં તે ધ્યાનનો વ્યપદેશ થાય છે. આ ન્યાય લોક અને લોકોત્તર બંનેમાં જોવા મળે છે. આ જ વાતને કહે છે – જે માર્ગને બતાવે છે તે દેશિક એટલે કે આગળ ચાલનારો. આ દેશિકવડે = ભોમિયાવડે બતાવેલ છે માર્ગ જેને તે તથા કહેવાય છે એટલે કે દેશિકદર્શિતમાર્ગ કહેવાય છે. દેશિકદર્શિતમાર્ગવાળો રાજા જતો હોય ત્યારે શબ્દને પામે છે. કેવા પ્રકારના શબ્દને પામે છે ? – 'આ રાજા જઈ રહ્યો છે' એવા શબ્દને પામે છે. (ભાવાર્થ – ભોમિયાવડે બતાવેલા માર્ગ ઉપર પોતાના સૈન્ય સાથે રાજા જતો હોય ત્યારે સૈન્ય સાથે હોવા છતાં લોકો એમ જ કહે કે 'આ રાજા જાય છે.') જ્યારે લોકો આ શબ્દ બોલે છે ત્યારે રાજા એકલો નથી, કારણ કે મંત્રી વિગેરે ઘણા લોકો તેની સાથે છે. છતાં રાજાથી અન્ય એવા મંત્રી વિગેરેનો વ્યપદેશ = નામોલ્લેખ થતો નથી (અર્થાત્ 'રાજા અને મંત્રી વિગેરે જાય છે' એમ લોકો બોલતા નથી.) કારણ કે રાજા સિવાય અન્ય લોકોની પ્રધાનતા નથી. આ જ વાતને મૂળમાં કહી છે કે – શેષ મંત્રી વિગેરે તો બધા રાજાના અનુગામી = અનુસરનારા જ છે. તેથી રાજાની પ્રધાનતા હોવાથી 'રાજા જાય છે' એ પ્રમાણેનો વ્યપદેશ થાય છે. ॥૧૪૭૪॥

प्रथमिल्लुकः, प्राथम्यं चास्य सम्यग्दर्शनाख्यप्रथमगुणघातित्वात् तस्य प्रथमिल्लुकस्य उदये, कस्य ?, क्रोधस्य अनन्तानुबन्धिन इत्यर्थः 'इतरेवि तिण्णि तत्थत्थि' शेषा अपि त्रयः—अप्रत्याख्यान-प्रत्याख्यानावरणसञ्ज्वलनाउदयतस्तत्र—जीवद्रव्ये सन्ति, न चातीताद्यपेक्षया तत्सद्भावः प्रतिपाद्यते, यत आह—'न य ते ण संति तहियं' न च ते—अप्रत्याख्यानप्रत्याख्यानावरणादयो न सन्ति तदा किंतु सन्त्येव, न च प्राधान्यं तेषामतो न व्यपदेशः, आद्यस्यैव व्यपदेशः, 'तहेयंपि' तथा एतदपि अधिकृतं वेदितव्यमिति गाथार्थः ॥१४७५॥ अधुना स्वरूपतः कायिकं मानसं च ध्यानमावेदयन्नाह—'मा मे एजउ काउ'त्ति एजतु—कम्पतां 'कायो' देह इति, एवं अचलत एकाग्रतया स्थितस्येति भावना, किं ?, कायेन निर्वृत्तं कायिकं भवति ध्यानं, एवमेव मानसं निरुद्धमनसो भवति ध्यानमिति गाथार्थः ॥१४७६॥ इत्थं प्रतिपादिते सत्याह चोदकः—'जह कायमणनिरोहे' ननु यथा कायमनसोर्निरोधे ध्यानं प्रतिपादितं भवता 'वायाइ जुज्जइ न एवं'ति वाचि युज्यते नैवं, कदाचिदप्रवृत्त्यैव निरोधाभावात्, तथाहि—न कायमनसी यथा सदा प्रवृत्ते तथा वागिति 'तम्हा वती उ झाणं न होइ' तस्माद् वाग् ध्यानं न भवत्येव, तुशब्दस्यैवकारार्थत्वात् व्यवहितप्रयोगाच्च, 'को वा विसेसोऽत्थ'त्ति को वा विशेषोऽत्र ? येनेत्थमपि व्यवस्थिते सति वाग् ध्यानं भवतीति

---

આ લોકમાં અનુસરનારો ન્યાય કહ્યો. આ વળી લોકોત્તરશાસનમાં વર્તતો ન્યાય જાણવો કે – પ્રથમ = અનંતાનુબંધી, અહીં અનંતાનુબંધી પ્રથમ શા માટે છે ? તે કહે છે – સમ્યગ્દર્શનનામના પ્રથમ ગુણનો ઘાત કરનાર હોવાથી અનંતાનુબંધી પ્રથમ છે. આ પ્રથમ અનંતાનુબંધી એવા ક્રોધના ઉદય વખતે શેષ એવા પણ ત્રણ = અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલનના ઉદયો પણ તે જીવદ્રવ્યમાં (= જીવમાં) છે. અહીં ભૂતકાળ વિગેરેની અપેક્ષાએ શેષ ત્રણની હાજરી સમજવાની નથી, કારણ કે મૂળમાં જ કહ્યું છે – અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન વિગેરે ત્યારે = ઉદય સમયે નથી એવું નથી પરંતુ છે જ. છતાં શેષ ત્રણેનું પ્રાધાન્ય ન હોવાથી તેઓનો વ્યપદેશ થતો નથી પરંતુ પ્રથમનો જ વ્યપદેશ (= અનંતાનુબંધી ક્રોધનો ઉદય છે એ પ્રમાણેનો ઉલ્લેખ) થાય છે. જેમ આ કષાયમાં છે તે જ રીતે પ્રસ્તુત ધ્યાન માટે પણ જાણવું. ॥૧૪૭૫॥

હવે સ્વરૂપથી કાયિક અને માનસિક ધ્યાન જણાવતા કહે છે – 'મારા દેહનું હલન–ચલન ન થાઓ' એ પ્રમાણે એકાગ્ર બનીને સ્થિર થયેલાનું કાયિક ધ્યાન થાય છે. કાયાવડે બનેલું હોય તે કાયિક. એ જ પ્રમાણે મનનો નિરોધ કરનારનું માનસ ધ્યાન થાય છે. ॥૧૪૭૬॥ આ પ્રમાણે કહેતા શિષ્ય પ્રશ્ન કરે છે – જે પ્રમાણે તમે કાયા અને મનનો નિરોધ થવાથી કાયિક અને માનસ ધ્યાન કહ્યું છે તે જ પ્રમાણે વચનમાં ધ્યાન ઘટતું નથી, કારણ કે વચનની તો ક્યારેક અપ્રવૃત્તિ જ હોય છે. તે આ પ્રમાણે કે – જેમ કાયા અને મન હંમેશા પ્રવૃત્ત છે તેમ વાણી હંમેશા પ્રવૃત્ત નથી. (તેથી ક્યારેક અપ્રવૃત્તિથી જ વચનનો નિરોધ થઈ જાય છે. પંરતુ અપ્રવૃત્તિમાત્રથી થતાં નિરોધને નિરોધ કહેવાય નહીં. આમ વાસ્તવિકપણે) નિરોધનો અભાવ હોવાથી વચન ધ્યાનરૂપ નથી. તેથી 'तम्हा वती उ....' અહીં 'तु' શબ્દ એવકાર અર્થવાળો જાણવો અને તેનો સંબંધ 'होइ' શબ્દ પછી જોડવો. તેથી વચન ધ્યાન નથી જ. અથવા અહીં શું વિશેષ છે કે જેથી આવું હોવા છતાં પણ એટલે કે વચન નિરંતર

गाथार्थ: ॥१४७७॥ इत्थं चोदकेनोक्ते सत्याह गुरु:—'मा मे चलउ'त्ति मा मे चलतु—कम्पतामितिशब्दस्य व्यवहित: प्रयोग: तं च दर्शयिष्याम:, तनु:—शरीरमिति एवं चलनक्रियानिरोधेन यथा तद् ध्यानं कायिकं 'निरेइणो' निरेजिनो—निष्कम्पस्य भवति 'अजताभासविवज्जिस्स वाइयं झाणमेवं तु' अयताभाषाविवर्जिनो—दुष्टवाक्परिहर्त्तुरित्यर्थ:, वाचिकं ध्यानमेव यथा कायिकं, तुशब्दोऽवधारणार्थ इति गाथार्थ: ॥१४७८॥ साम्प्रतं स्वरूपत एव वाचिकं ध्यानमुपदर्शयन्नाह—'एवंविहा गिरा' एवंविधेति निरवद्या गी:—वागुच्यते 'मे'त्ति मया वक्तव्या 'एरिस'त्ति ईदृशी सावद्या न वक्तव्या 'इय वियालियवक्कस्स भासतो वाइयं झाणं' एवमेकाग्रतया विचारितवाक्यस्य सतो भाषमाणस्य वाचिकं ध्यानमिति गाथार्थ: ॥१४७९॥ एवं तावद् व्यवहारतो भेदेन त्रिविधमपि ध्यानमावेदितं, अधुनैकदैव एकत्रैव च त्रिविधमपि दर्श्यते—तत्र 'मणसा वावारंतो' मनसा—अन्त:करणेनोपयुक्त: सन् व्यापारयन् कायं—देहं वाचं—भारतीं च 'तप्परीणामो' तत्परिणामो विवक्षित श्रुतपरिणाम:, अथवा तत्परिणामो—योगत्रयपरिणाम: स तथाविध: शान्तो योगत्रयपरिणामो यस्यासौ तत्परिणाम:, भङ्गिकश्रुतं—दृष्टिवादान्तर्गतमन्यद् वा तथाविधं 'गुणंतो'त्ति गुणयन् वर्त्तते त्रिविधेऽपि ध्याने मनोवाक्कायव्यापारलक्षणे इति गाथार्थ: ॥१४८०॥

अवसितमानुषङ्गिकं, साम्प्रतं भेदपरिमाणं प्रतिपादयताऽथ उत्सृतोत्सृतादिभेदो यो नवधा कायोत्सर्ग उपन्यस्त: स यथायोगं व्याख्यायत इति, तत्र —

---

પ્રવૃત્ત ન હોવા છતાં તેનું ધ્યાન ઘટે છે? ॥૧૪૭૭॥

આ પ્રમાણે શિષ્યનો પ્રશ્ન સાંભળીને ગુરુ કહે છે – મારા શરીરનું હલન–ચલન ન થાઓ એ પ્રમાણે નિષ્પ્રકંપ થયેલાનું જેમ ચલનક્રિયાના નિરોધવડે કાયિકધ્યાન ઘટે છે. મૂળમાં 'इति' શબ્દનો સંબંધ 'तनु' શબ્દ પછી જોડવો. એ જ પ્રમાણે અયતા (= સાવદ્ય) ભાષા છોડનારનું વાચિકધ્યાન જાણવું. ॥૧૪૭૮॥ હવે સ્વરૂપથી જ વાચિકધ્યાન જણાવતા કહે છે – આવા પ્રકારની નિરવદ્યભાષા મારે બોલવી, આવા પ્રકારની સાવદ્યભાષા મારે ન બોલવી. આ પ્રમાણે એકાગ્રતાપૂર્વક વિચારીને બોલનારને વાચિકધ્યાન કહ્યું છે. ॥૧૪૭૯॥ આ પ્રમાણે ભેદથી ત્રણ પ્રકારના ધ્યાનને કહ્યું.

હવે એક જ સમયે અને એક જ વસ્તુમાં ત્રણે પ્રકારના ધ્યાનને દેખાડે છે – મનથી ઉપયુક્ત થઈને કાયા અને વાણીનો પ્રયોગ કરતો, વિવક્ષિતશ્રુતના પરિણામવાળો અથવા તત્પરિણામ એટલે યોગત્રયનો પરિણામ. તે યોગત્રયનો પરિણામ જેને શાંત થયેલો છે તે તત્પરિણામવાળો કહેવાય છે. (અર્થાત્ વિવક્ષિત કાર્ય સિવાયના બીજા બધા કાર્યમાંથી ત્રણે યોગનો પરિણામ જેનો નિવૃત્ત થઈ ગયો છે તે જીવ) દૃષ્ટિવાદમાં રહેલ ભંગિકશ્રુતને કે તેવા પ્રકારના અન્ય કોઈ ભંગિકશ્રુતને ગુણતો હોય ત્યારે મન–વચન અને કાયાના વ્યાપારરૂપ ત્રણે ધ્યાનમાં વર્તે છે. ॥૧૪૮૦॥

**અવતરણિકા :** આનુષંગિક વાતો પૂર્ણ થઈ. હવે ભેદના પરિમાણનું પ્રતિપાદન કરતા ગ્રંથકારશ્રીએ પૂર્વે જે ઉત્સૃતોત્સૃત વિગેરે નવ પ્રકારે જે કાયોત્સર્ગ કહ્યો. તે કાયોત્સર્ગનું યથાયોગ (= તે નવ પ્રકારના કાયોત્સર્ગની પોત–પોતાની વ્યાખ્યા પ્રમાણે) વ્યાખ્યાન કરાય છે. તેમાં ➪

धम्मं सुक्कं दुवे झायइ झाणाइँ जो ठिओ संतो ।
एसो काउस्सग्गो उसिउसिओ होइ नायव्वो ॥१४८१॥
धम्मं सुक्कं च दुवे नवि झायइ नवि य अट्टरुद्दाइं ।
एसो काउस्सग्गो दव्वुसिओ होइ नायव्वो ॥१४८२॥
पयलायंत सुसुत्तो नेव सुहं झाइ झाणमसुहं वा ।
अव्वावारियचित्तो जागरमाणोवि एमेव ॥१४८३॥
अचिरोववन्नगाणं मुच्छियअव्वत्तमत्तसुत्ताणं ।
ओहाडियमव्वत्तं च होइ पाएण चित्तंति ॥१४८४॥
गाढालंबणलग्गं चित्तं वुत्तं निरेयणं झाणं ।
सेसं न होइ झाणं मउअमवत्तं भमंतं वा ॥१४८५॥
उम्हासेसोवि सिही होउं लद्धिंधणो पुणो जलइ ।
इय अवत्तं चित्तं होउं वत्तं पुणो होइ ॥१४८६॥
पुव्वं च जं तदुत्तं चित्तस्सेगग्गया हवइ झाणं ।
आवन्नमणेगग्गं चित्तं चिय तं न तं झाणं ॥१४८७॥
मणसहिएण उ काएण कुणइ वायाइ भासई जं च ।
एयं च भावकरणं मणरहियं दव्वकरणं च ॥१४८८॥
जइ ते चित्तं झाणं एवं झाणमवि चित्तमावन्नं ।
तेन र चित्तं झाणं अह नेवं झाणमन्नं ते ॥१४८९॥
नियमा चित्तं झाणं झाणं चित्तं न यावि भइयव्वं ।
जह खइरो होइ दुमो दुमो य खइरो अखयरो वा ॥१४९०॥
अट्टं रुद्दं च दुवे झायइ झाणाइं जो ठिओ संतो ।
एसो काउस्सग्गो दव्वुसिओ भावउ निसन्नो ॥१४९१॥
धम्मं सुक्कं च दुवे झायइ झाणाइं जो निसन्नो अ ।
एसो काउस्सग्गो निसनुसिओ होइ नायव्वो ॥१४९२॥
धम्मं सुक्कं च दुवे नवि झायइ नवि य अट्टरुद्दाइं ।
एसो काउस्सग्गो निसण्णओ होइ नायव्वो ॥१४९३॥
अट्टं रुद्दं च दुवे झायइ झाणाइँ जो निसन्नो य ।
एसो काउस्सग्गो निसन्नगनिसन्नओ नामं ॥१४९४॥
धम्मं सुक्कं च दुवे झायइ झाणाइँ जो निवन्नो उ ।
एसो काउस्सग्गो निवनुसिओ होइ णायव्वो ॥१४९५॥

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

धम्मं सुक्कं च दुवे नवि झायइ नवि य अट्टरुद्दाइं ।
एसो काउस्सग्गो निवण्णओ होइ नायव्वो ॥१४९६॥
अट्टं रुद्दं च दुवे झायइ झाणाइँ जो निवन्नो उ ।
एसो काउस्सग्गो निवन्नगनिवन्नओ नाम ॥१४९७॥
अतरंतो उ निसन्नो करिज्ज तहवि असहू निवन्नो उ ।
संबाहुवस्सए वा कारणियसहूवि य निसन्नो ॥१४९८॥

धर्मं च शुक्लं च प्राक्प्रतिपादिस्वरूपं ते एव द्वे ध्यायति ध्याने यः कश्चित् स्थितः सन् एष कायोत्सर्ग उत्सृतोत्सृतो भवति ज्ञातव्यः, यस्मादिह शरीरमुत्सृतं भावोऽपि धर्मशुक्लध्यायित्वादुत्सृत एवेति गाथार्थः ॥ गतः खल्वेको भेदोऽधुना द्वितीयः प्रतिपाद्यते—'धम्मं सुक्कं' धर्मं शुक्लं च द्वे नापि ध्यायति नापि आर्त्तरौद्रे एष कायोत्सर्गो द्रव्योत्सृतो भवतीति ज्ञातव्य इति गाथार्थः ॥१४८१-१४८२॥ आह—कस्यां पुनरवस्थायां न शुभं ध्यानं ध्यायति नाप्यशुभमिति ?, अत्रोच्यते—'पयलायंत' प्रचलायमान ईषत् स्वपन्नित्यर्थः, 'सुसुत्त'त्ति सुष्ठु सुप्तः सुसुप्त स खलु नैव शुभं ध्यायति ध्यानं—धर्मशुक्ललक्षणं अशुभं वा—आर्त्तरौद्रलक्षणं न व्यापारितं क्वचिद् वस्तुनि चित्तं येन सोऽव्यापारितचित्तः जाग्रदपि एवमेव—नैव शुभं ध्यायति ध्यानं नाप्यशुभमिति गाथार्थः ॥१४८३॥ किंच—'अचिरोववन्नगाणं' न चिरोपपन्नका अचिरोपपन्नकाः तेषामचिरोपपन्नकानामचिरजातानामित्यर्थः, मूर्च्छिताव्यक्तमत्तसुप्तानां—मूर्च्छितानामभिघातादिना अव्यक्तानाम्—अव्यक्तचेतसां मत्तानां मदिरादिना सुप्तानां निद्रया, इहाव्यक्तानामिति यदुक्तं तत्राव्यक्तचेतसः अव्यक्ताः, तत्

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (૧) જે જીવ પૂર્વે નિરૂપિતસ્વરૂપવાળા ધર્મ—શુક્લ બે ધ્યાન ઊભા ઊભા કરે છે તેનો તે કાયોત્સર્ગ ઉત્સૃતોત્સૃત જાણવો, કારણ કે અહીં ઊભો હોવાથી શરીર પણ ઉત્સૃત છે અને ધર્મ—શુક્લનું ધ્યાન કરતો હોવાથી તેના ભાવો પણ ઉત્સૃત જ છે. આ પ્રમાણે પ્રથમ ભેદ કહ્યો. હવે બીજો ભેદ જણાવે છે —(૨) ઊભો—ઊભો કાયોત્સર્ગ કરે છે પરંતુ તેમાં ધર્મ—શુક્લધ્યાન પણ કરતો નથી કે આર્ત—રૌદ્રધ્યાન પણ કરતો નથી. તેથી આ કાયોત્સર્ગ દ્રવ્યથી ઉત્સૃત જાણવો. ॥૧૪૮૧—૧૪૮૨॥

શંકા : એવી કઈ અવસ્થા છે કે જેમાં જીવ શુભ કે અશુભ એકપણ ધ્યાન કરતો નથી ? તે કહે છે — કંઈક ઉંઘતો હોય તે, તથા જે ગાઢ નિદ્રામાં સૂઈ ગયો હોય તે ધર્મ—શુક્લરૂપ શુભધ્યાન કે આર્તરૌદ્રરૂપ અશુભધ્યાન કરતો નથી. એ જ પ્રમાણે જાગ્રત અવસ્થામાં પણ જેણે કોઈ વસ્તુમાં પોતાનું ચિત્ત પરોવ્યું નથી તે પણ શુભ—અશુભ ધ્યાન કરતો નથી. ॥૧૪૮૩॥

વળી, (બીજા કોને શુભાશુભ ધ્યાન હોતું નથી તે કહે છે —) જેને ઉત્પન્ન થયાને લાંબો વખત ન થયો હોય એટલે કે અચિરોપપન્નક અર્થાત્ તાજા જન્મેલા જીવોને, પ્રહાર વિગેરેને કારણે મૂર્છિત થયેલાઓને, અવ્યક્તચિત્તવાળાઓને, દારૂ વિગેરેના નશામાં રહેલાઓને, નિદ્રાધીન થયેલાઓને (શુભાશુભ ધ્યાન હોતું નથી.) અહીં 'અવ્યક્તોને' એ પ્રમાણે જે કહ્યું છે તેમાં અવ્યક્તચિતવાળા જે

पुनरव्यक्तं कीदृगित्याह–'ओहाडियमव्वत्तं च होइ पाएण चित्तं तु' 'ओहाडिय'न्ति स्थगितं विषादिना तिरस्कृतस्वभावं अव्यक्तं च–अव्यक्तमेव चशब्दोऽवधारणे भवति प्रायश्चित्तमपि, प्रायोग्रहणादन्यथाऽपि सम्भवमाहेति गाथार्थः ॥१४८४॥ स्यादेतत्–एवंभूतस्यापि चेतसो ध्यानताऽस्तु को विरोध इति ?, अत्रोच्यते, नैतदेवं, यस्मात् 'गाढालंबने'–आलम्बने लग्नं २ गाढमालम्बने लग्नं २ एकालम्बने स्थिरतया व्यवस्थितमित्यर्थः, चित्तं–अन्तःकरणं उक्तं–भणितं, निरेजनं–निष्प्रकम्पं ध्यानं, यतश्चैवमतः शेषं–यदस्मादन्यत् तन्न भवति ध्यानं, किंभूतं ?–'मदुयमवत्तं भमन्तं वा' मृदु–भावनायामकठोरं अव्यक्तं पूर्वोक्तं भ्रमन्वा–अनवस्थितं वेति गाथार्थः ॥१४८५॥ आह–यदि मृद्वादि चित्तं ध्यानं न भवति वस्तुतः अव्यक्तत्वात् तत् कथमस्य पश्चादपि व्यक्ततेति ?, अत्रोच्यते–'उम्हासेसोवि' उष्मावशेषोऽपि मनागपि उष्णमात्र इत्यर्थः, शिखी–अग्निर्भूत्वा लब्धेन्धनः–प्राप्तकाष्ठादिः सन् पुनर्ज्वलति, 'इय' एवं अव्यक्तं चित्तं मदिरादिसम्पर्कादिना भूत्वा, व्यक्तं पुनर्भवत्यग्निवदिति गाथार्थः ॥१४८६॥ इत्थं प्रासङ्गिकं कियदप्युक्तं, अधुना प्रक्रान्तवस्तुशुद्धिः

હોય તે અવ્યક્ત સમજવા. તે અવ્યક્ત ચિત્ત કેવા પ્રકારનું હોય તે કહે છે – વિષ વિગેરેને કારણે ચિત્તનો ધ્યાન ધરવાનો જે સ્વભાવ છે તે ઢંકાયેલો હોય છે અને અવ્યક્ત એટલે કે અસ્પષ્ટ જ હોય છે. ટૂંકમાં અચિરોપપન્નક વિગેરેઓનું ચિત્ત પ્રાયઃ કરીને અસ્પષ્ટ અને ધ્યાન કરવાના સ્વભાવ વિનાનું હોય છે. (આવું ચિત્ત હોવાને કારણે તેઓને શુભાશુભ ધ્યાન હોતું નથી.) અહીં 'પ્રાયઃ' શબ્દ ગ્રહણ કરેલ હોવાથી એમ જાણવું કે ક્યારેક કોઈને આ રીતનું ચિત્ત ન પણ હોય એવો સંભવ છે. ॥૧૪૮૪॥

**શંકા :** આવા પ્રકારનું પણ ચિત્ત ધ્યાન છે એવું માનવામાં કયો વિરોધ આવે ?

**સમાધાન :** એવું માની ન શકાય, કારણ કે આલંબનમાં લીન થયેલું જે હોય તે આલંબનલગ્ન, અને ગાઢ રીતે આલંબનમાં લીન થયેલું ચિત્ત, ગાઢાલંબનલગ્ન – આપ્રમાણે સમાસ જાણવો. ગાઢાલંબનલગ્ન એટલે એક આલંબનમાં સ્થિરરૂપે રહેલું. જે નિષ્પ્રકંપ ચિત્ત આવા એક આલંબનમાં ગાઢ રીતે સ્થિર હોય છે તે ચિત્ત ધ્યાન તરીકે કહેવાયેલું છે. આથી જ આવા ચિત્ત સિવાયનું અન્ય ચિત્ત કે જે મૃદુ છે એટલે કે ભાવનામાં અકઠોર છે અર્થાત્ ભાવનાઓમાં જે એકાગ્ર નથી, અસ્પષ્ટ છે, અથવા કોઈ એક આલંબનમાં સ્થિર રહેવાને બદલે ભ્રમણસ્વભાવવાળું છે તેવું ચિત્ત ધ્યાન નથી. ॥૧૪૮૫॥

**શંકા :** જે મૃદુ વિગેરેરૂપ ચિત્ત છે. તે ચિત્ત ખરેખર તો અવ્યક્ત હોવાથી અત્યારે ધ્યાનરૂપ નથી તો તેવું ચિત્ત પછીથી કેવી રીતે વ્યક્ત બની જશે ?

**સમાધાન :** અગ્નિ ઓલવાઈ જવાની તૈયારીમાં હોય અને તે જ વખતે જો તેને લાકડા વિગેરે ઇંધણ મળે તો જેમ તે ફરીથી વૃદ્ધિને પામે છે, એ જ પ્રમાણે મદિરા વિગેરેના સંપર્ક વિગેરેના કારણે ચિત્ત અવ્યક્ત થઈને પણ ફરી પાછું વ્યક્ત થઈ શકે છે. ॥૧૪૮૬॥ આ પ્રમાણે કેટલીક પ્રાસંગિક વાતો કરી. હવે પ્રસ્તુતવસ્તુની શુદ્ધિ કરાય છે. અને તે પ્રસ્તુત શું છે ? કાયિક વિગેરે ત્રિવિધ ધ્યાનની

क्रियते, किंच प्रक्रान्तं ?, कायिकादि त्रिविधं ध्यानं, यत उक्तं–'भंगियसुयं गुणतो वट्टइ तिविहेऽवि झाणंमि' इत्यादि, एवं च व्यवस्थिते 'अन्तोमुहुत्तकालं चित्तस्सेगग्गया भवति झाणं' यदुक्तमस्माद् विनेयस्य विरोधशङ्कया सम्मोहः स्यादतस्तदपनोदाय शङ्कामाह–'पुव्वं च जं तदुत्तं' ननु त्रिविधे ध्याने सति पूर्वं च यदुक्तं चित्तस्यैकाग्रता भवति ध्यानं 'अन्तोमुहुत्तकालं चित्तस्सेगग्गया भवति झाणं'ति वचनात् चशब्दाद्यच्च तदूर्ध्वमुक्तं–'भंगियसुयं गुणंतो वट्टइ तिविहेवि झाणंमि' तदेतत् परस्परविरुद्धं कथयतस्त्रिविधे ध्याने सति आपन्नमनेकाग्रमनेकविषयं ध्यानमिति, तथाहि–मनसा किञ्चिद्ध्यायति वाचाऽभिधत्ते कायेन क्रियां करोतीति अनेकाग्रता, आचार्य इदमनादृत्य सामान्येनानेकाग्रं चित्तं हृदि कृत्वा काक्काऽऽह–'चित्तं चिय तं न तं झाणं' यदनेकाग्रं तच्चित्तमेव न तद् ध्यानमिति गाथार्थः ॥१४८७॥ आह–उक्तन्यायादनेकाग्रं त्रिविधं ध्यानं तस्य तर्हि ध्यानत्वानुपपत्तिः, न, अभिप्रायापरिज्ञानात्, तथाहि–'मणसहिएण' मनःसहितेनैव कायेन करोति, यदिति सम्बध्यते, उपयुक्तो यत् करोतीत्यर्थः, वाचा भाषते यच्च मनःसहितया, तदेव भावकरणं वर्त्तते, भावकरणं च ध्यानं, मनोरहितं तु द्रव्यकरणं भवति, ततश्चैतदुक्तं भवति–इहानेकाग्रतैव

અહીં વાત ચાલી રહી છે, કારણ કે 'ભંગિકશ્રુતને ગુણતો ત્રણે ધ્યાનમાં વર્તી રહ્યો છે' એ આપણી પ્રસ્તુતવાત ચાલી રહી છે. આનો અર્થ ધ્યાન કાયિકાદિ ત્રણ પ્રકારનું છે તો પૂર્વે 'એક વસ્તુમાં અંતર્મુહૂર્ત સુધી ચિત્તની એકાગ્રતા એ ધ્યાન છે' એવું જે કહ્યું તેનાથી શિષ્યને વિરોધની શંકાદ્વારા સંમોહ થાય. તેથી તેને દૂર કરવા માટે પ્રથમ શિષ્યની શંકા જણાવે છે ⇨

**શંકા :** જો ત્રણ પ્રકારના ધ્યાન હોય તો પૂર્વે તમે કહ્યું કે – 'અંતર્મુહૂર્ત સુધી ચિત્તની એકાગ્રતા એ ધ્યાન છે' આ વચન ઉપરથી ધ્યાનનો એક જ પ્રકાર એટલે કે માનસિકધ્યાન જ સિદ્ધ થાય છે. અને હવે તમે કહો છો કે 'ભંગિકશ્રુતને ગુણતો ત્રિવિધ ધ્યાનમાં વર્તે છે.' આ વચન ઉપરથી ધ્યાન ત્રણ પ્રકારનું સિદ્ધ થાય છે. તો આ રીતે પરસ્પર વિરુદ્ધ વચનોને બોલનારા તમારા મતે ત્રિવિધ ધ્યાન સિદ્ધ થતાં અર્થાપત્તિથી એ જણાય છે કે ધ્યાન અનેકાગ્ર = અનેકવિષયવાળું છે. તે આ રીતે કે – મનથી કંઈક ધ્યાન કરે છે, વચનથી બોલે છે અને કાયાથી ક્રિયા કરે છે. આમ ધ્યાન અનેકાગ્ર બની જાય છે.

**સમાધાન :** આચાર્ય આ વાતનો અનાદર કરીને સામાન્યથી 'અનેકવિષયવાળું એ તો ચિત્ત જ હોય' એ વાતને મનમાં કરીને કટાક્ષદ્વારા કહે છે – જે અનેકાગ્ર છે = અનેકવિષયવાળું છે તે તો ચિત્ત જ છે. તે ચિત્ત ધ્યાન નથી. ॥૧૪૮૭॥

**શંકા :** તો પછી પૂર્વે કહેવાયેલા ન્યાય પ્રમાણે = ભંગિકશ્રુતને ગુણતો... પ્રમાણે ત્રિવિધ ધ્યાન અનેકાગ્ર = અનેકવિષયવાળું બનતા તે ધ્યાન જ નહીં કહેવાય.

**સમાધાન :** તમને અભિપ્રાયનું જ્ઞાન ન હોવાથી તમારી વાત યોગ્ય નથી. તે આ પ્રમાણે – મનસહિતની કાયાવડે જે કરે છે એટલે કે ઉપયોગપૂર્વક જે ક્રિયા કરે છે, અને મનસહિતની વાણીવડે જે બોલે છે અર્થાત્ ઉપયોગપૂર્વક જે બોલે છે, તે જ ભાવકરણ છે (અર્થાત્ ઉપયોગપૂર્વકની ક્રિયા જ ક્રિયારૂપ છે.) અને ભાવકરણ એ જ ધ્યાનરૂપ છે. મનરહિતનું કરણ એ દ્રવ્યકરણ છે. તેથી

नास्ति सर्वेषामेव मनःप्रभृतीनामेकविषयत्वात्, तथाहि–स यत् मनसा ध्यायति तदेव वाचाऽभिधत्ते तत्रैव च कायक्रियेति गाथार्थः ॥१४८८॥ इत्थं प्रतिपादिते सत्यपरस्त्वाह–'जइ ते चित्तं झाणं'यदि ते–तव चित्तं ध्यानं 'अन्तोमुहुत्तकालं चित्तस्सेगग्गया हवइ झाणं'ति वचनात्, एवं ध्यानमपि चित्तमापन्नं, ततश्च कायिकवाचिकध्यानासम्भव इत्यभिप्रायः, तेन किल चित्तमेव ध्यानं नान्यदिति हृदयं, अथ नैवमिष्यते–मा भूत् कायिकवाचिके ध्याने न भविष्यत इति, इत्थं तर्हि ध्यानमन्यत्ते–तव चित्तादिति गम्यते, यस्मान्नावश्यं ध्यानं चित्तमिति गाथार्थः ॥१४८९॥ अत्र आचार्य आह–अभ्युपगमाददोषः, तथाहि–'नियमा चित्तं झाणं' नियमात्–नियमेन उक्तलक्षणं चित्तं ध्यानमेव, 'झाणं चित्तं न यावि भइयव्वं' ध्यानं तु चित्तं न चाप्येवं भक्तव्यं–विकल्पनीयं, अत्रैवार्थे दृष्टान्तमाह–'जइ खइरो होइ दुमो दुमो य खइरो अखइरो वा' यथा खदिरो भवति द्रुम एव, द्रुमस्तु खदिरः अखदिरो वा–धवादिर्वेत्ययं गाथार्थः ॥१४९०॥ अन्ये पुनरिदं गाथाद्वयमतिक्रान्तगाथावयवाक्षेपद्वारेणान्यथा व्याचक्षते, यदुक्तं 'चित्तं चिय तं न तं झाणंती' त्येतदसत्, कथं ?, 'जदि ते चित्तं झाणं एवं झाणमवि चित्तमावन्नं' सामान्येन 'तेन र चित्तं झाणं' किमुच्यते 'चित्तं चिय

---

કહેવાનો ભાવાર્થ એ છે કે – ત્રણ પ્રકારના ધ્યાનમાં અનેકાગ્રતા છે જ નહીં, કારણ કે મન વિગેરે ત્રણેનો વિષય એક જ છે. તે આ પ્રમાણે કે તે મનથી જેનું ધ્યાન કરે છે તેને જ વચનથી બોલે છે અને તેમાં જ કાયાથી ક્રિયા કરે છે. ॥૧૪૮૮॥

આ પ્રમાણે કહેતા શિષ્ય કહે છે કે – અંતર્મુહૂર્ત સુધી ચિત્તની એકાગ્રતા એ ધ્યાન છે એવા વચનથી જો તમારા મતે એકાગ્ર ચિત્ત એ ધ્યાન છે તો ધ્યાન પણ ચિત્તરૂપે પ્રાપ્ત થયું અને તેથી કાયિક અને વાચિક ધ્યાન ઘટશે નહીં. તેથી ચિત્ત જ ધ્યાન છે પણ વચન–કાયા ધ્યાન નથી. હવે જો વાચિક અને કાયિક ધ્યાન નહીં ઘટે માટે જો તમે ચિત્તને ધ્યાનરૂપ નથી માનતા તો તમારા મતે ધ્યાન ચિત્તથી અન્ય છે એવું માનવું પડે, કારણ કે તમારા મતે ધ્યાન એ અવશ્ય ચિત્તસ્વરૂપ નથી. ॥૧૪૮૯॥

**સમાધાન :** અમે આ વાત સ્વીકારેલી હોવાથી કોઈ દોષ નથી. તે આ પ્રમાણે કે એકાગ્રચિત્ત તો નિયમથી ધ્યાનરૂપ છે જ, પણ ધ્યાન એ ચિત્તરૂપ હોય અને ન પણ હોય. આ જ વિષયમાં દૃષ્ટાન્ત જણાવે છે – જેમ જે ખદિર છે તે વૃક્ષ છે જ, પરંતુ વૃક્ષ ખદિરના જ હોય એવું નથી, ખદિરના વૃક્ષો પણ હોય કે ખદિર સિવાયના = ધાવડી વિગેરેના પણ હોય. ॥૧૪૯૦॥

કેટલાક આચાર્યો છેલ્લી બંને ગાથાઓનો અર્થ પૂર્વે કહેવાયેલ ગાથા (૧૪૮૭) ના અવયવના આક્ષેપદ્વારા (એટલે કે એ અવયવને પ્રશ્નરૂપે કરીને) બીજી રીતે કરે છે – પૂર્વે (૧૪૮૭માં) પૂર્વપક્ષીએ જે કહ્યું કે – (ભંગિકસૂત્રના પરાવર્તનમાં ચિત્ત એકાગ્ર નથી તેથી) તે ચિત્ત જ છે, ધ્યાન નથી. તે વાત ખોટી છે. કેવી રીતે ? તે આ પ્રમાણે કે – 'જો તું એકાગ્રચિત્તને જ ધ્યાન માનતો હોય તો ધ્યાન પણ ચિત્તરૂપ થઈ ગયું તો પછી તે (ભંગિકસૂત્રનું પરાવર્તન કરનાર) ચિત્ત પણ ધ્યાન થઈ જ જશે. તો તું શા માટે કહે છે કે – 'તે ચિત્ત જ છે, ધ્યાન નથી.' હવે જો તું આ નિયમ માનતો

तं न तं झाणं'ति 'अह नेवं झाणमन्नं ते' चित्तात्, अत्र पाठान्तरेणोत्तरगाथा 'नियमा झाणं★ चित्तं चित्तं झाणं न यावि भइयव्वं' यतोऽव्यक्तादि चित्तं न ध्यानमिति, 'जइ खदिरो' इत्यादि निदर्शनं पूर्ववदलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः, प्रकृतश्च द्वितीयः उच्छ्रिताभिधानः कायोत्सर्गभेद इति, स च व्याख्यात एव, नवरं तत्र ध्यानचतुष्टयाध्यायी लेश्यापरिगतो वेदितव्य इति, अथेदानीं तृतीयः कायोत्सर्गभेदः प्रतिपाद्यते–निगदसिद्धैव, अधुना चतुर्थः कायोत्सर्गभेदः प्रदर्श्यते, तत्रेयं गाथा–निगदसिद्धैव, नवरं कारणिक एव ग्लानस्थविरादिर्निषण्णकारी वेदितव्यः, वक्ष्यते च–'अतरंतो उ' इत्यादि, अधुना पञ्चमः कायोत्सर्गभेदः प्रदर्श्यते, तत्रेयं गाथा–निगदसिद्धा, नवरं प्रकरणान्निषण्णः स धर्मादीनि न ध्यायतीत्यवगन्तव्यम्, अधुना षष्ठः कायोत्सर्गभेदः प्रदर्श्यते, तत्रेयं गाथा–निगदसिद्धा, अधुना सप्तमः कायोत्सर्गभेदः प्रतिपाद्यते, इह च 'धम्मं सुक्कं च' निगदसिद्धा, नवरं कारणिक एव ग्लानस्थविरादिर्यो निषण्णोऽपि कर्त्तुमसमर्थः स निवण्णकारी गृह्यते, साम्प्रतमष्टमः

---

ન હોય તો તારા મતે ધ્યાન એ ચિત્તથી અન્ય થઈ જશે. કારણ કે (હવે પછીની ગાથા પાઠાન્તરરૂપે જાણવી.) ધ્યાન તો ચિત્ત છે જ, ચિત્ત ધ્યાન હોય કે ન હોય. કારણ કે અવ્યક્તાદિ ચિત્ત ધ્યાનરૂપ નથી, દૃષ્ટાન્ત પૂર્વની જેમ જાણવું – (અહીં अन्ये तु.... નો ભાવાર્થ સ્પષ્ટ થતો ન હોવાથી બહુશ્રુતગમ્ય જાણવો.) વધુ પ્રસંગથી સર્યું.

મૂળ વાત ઉપર આવીએ. મૂળવાત તરીકે ઉત્સૃતનામનો બીજો કાયોત્સર્ગનો ભેદ છે. અને તેનું વ્યાખ્યાન કરી દીધું છે. માત્ર એટલું જાણવું કે ધ્યાનચતુષ્ટયનો અધ્યાયી લેશ્યાયુક્ત હોય છે. (૩) હવે ત્રીજો કાયોત્સર્ગભેદ પ્રતિપાદન કરાય છે – જે ઊભા–ઊભા કાયોત્સર્ગ કરવા સાથે આર્ત–રૌદ્રધ્યાન કરે છે તે દ્રવ્યથી ઉત્સૃત છે ભાવથી નિષન્ન = બેઠેલો છે. (૪) હવે ચોથો કાયોત્સર્ગભેદ દેખાડાય છે – જે બેઠા-બેઠા કાયોત્સર્ગ કરવા સાથે ધર્મ–શુક્લધ્યાન કરે છે તે દ્રવ્યથી નિષન્ન અને ભાવથી ઉત્સૃત છે, અહીં ગ્લાન, વૃદ્ધ વિગેરે ગ્લાનત્વ, વૃદ્ધત્વ વિગેરેને કારણે બેઠા–બેઠા કાયોત્સર્ગ કરતા હોવાથી આ ભેદ કારણિક જાણવો. તે માટે આગળ કહેશે – અસમર્થ હોય ત્યારે... (ગા. ૧૪૯૮)

(૫) હવે પાંચમો કાયોત્સર્ગભેદ દેખાડાય છે – જે બેઠા–બેઠા કાયોત્સર્ગ કરવા સાથે ધર્મ–શુક્લધ્યાન કે આર્ત–રૌદ્રધ્યાન ચારેમાંથી એક પણ ધ્યાન કરતો નથી. તે દ્રવ્યથી નિષન્ન જાણવો. અહીં મૂળમાં ઊભેલો કે બેઠેલો એવું કશું જણાવ્યું નથી છતાં પ્રકરણથી જણાય છે કે બેઠેલો તે ધર્માદિનું ધ્યાન કરતો નથી. (૬) હવે છઠ્ઠો કાયોત્સર્ગભેદ દેખાડાય છે – જે બેઠેલો છતો કાયોત્સર્ગમાં આર્ત–રૌદ્રધ્યાન કરે છે તે દ્રવ્યથી અને ભાવથી નિષન્ન–નિષન્ન જાણવો. (૭) હવે સાતમો કાયોત્સર્ગભેદ જણાવે છે – જે સૂતા–સૂતા કાયોત્સર્ગ કરવા સાથે ધર્મ–શુક્લધ્યાનને કરે છે તે દ્રવ્યથી નિવન્ન અને ભાવથી ઉત્સૃત જાણવો. પરંતુ આ ભેદ કારણિક જાણવો. જે ગ્લાન–વૃદ્ધ વિગેરે બેઠા–બેઠા પણ કાયોત્સર્ગ કરવા સમર્થ નથી તે અહીં સૂતા–સૂતા કાયોત્સર્ગ કરનારો ગ્રહણ કરવો. ||૧૪૯૧–૯૫||

---

★ 'चित्तं झाणं झाणं चित्तं' - पूर्वमुद्रिते

कायोत्सर्गभेद: निदर्श्यते, निगदसिद्धा, इहापि च प्रकरणान्निवण्ण: स धर्मादीनि न ध्यायतीत्यवगन्तव्यम्, अधुना नवम: कायोत्सर्गभेदो प्रतिपाद्यते, इह च–'अट्टं रुद्दं च दुवे' गाहा निगदसिद्धा । 'अतरंतो' गाहा निगदसिद्धैव, नवरं 'कारणियसहूवि य निसण्णो'त्ति यो हि गुरुवैयावृत्त्यादिना व्यावृत: कारणिक: स समर्थोऽपि निषण्ण: करोतीति ॥१४९१–१४९८॥ इत्थं तावत् कायोत्सर्ग उक्त:, अत्रान्तरे अध्ययनशब्दार्थो निरूपणीय:, स चान्यत्र न्यक्षेण निरूपितत्वान्नेहाधिकृत:, गतो नामनिष्पन्नो निक्षेप:, साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्य निक्षेपस्यावसर:, स च सूत्रे सति भवति, सूत्रं च सूत्रानुगम इत्यादिप्रपञ्चो वक्तव्य: यावत् तच्चेदं सूत्रं–'करेमि भंते ! सामाइयमित्यादि यावत् अप्पाणं वोसिरामि', अस्य संहितादिलक्षणा व्याख्या यथा सामायिकाध्ययने तथाऽवगन्तव्या पुनरभिधाने च प्रयोजनं वक्ष्याम:, इदमपरं सूत्रं –

**इच्छामि ठाउं काउस्सग्गं जो मे देवसिओ अइआरो कओ काइओ वाइओ माणसिओ उस्सुत्तो उम्मग्गो अकप्पो अकरणिज्जो दुज्झाओ दुव्विचिंतिओ अणायारो अणिच्छिअव्वो असमणपाउग्गो नाणे दंसणे चरित्ते सुए सामाइए तिण्हं गुत्तीणं चउण्हं कसायाणं पंचण्हं महव्वयाणं छण्हं जीवनिकायाणं सत्तण्हं पिंडेसणाणं अट्ठण्हं पवयणमाऊणं**

(૮) હવે આઠમો કાયોત્સર્ગભેદ દેખાડાય છે – જે સૂતા–સૂતા કાયોત્સર્ગ કરવા સાથે ધર્મ–શુક્લ કે આર્ત–રૌદ્ર ચારેમાંથી એક પણ ધ્યાન કરતો નથી. અહીં પણ મૂળમાં 'નિવન્ન' ન હોવા છતાં પ્રકરણથી સૂતેલો ધર્માદિ–ધ્યાન કરતો નથી એમ સમજવું. (૯) હવે નવમો કાયોત્સર્ગભેદ પ્રતિપાદન કરાય છે – જે સૂતા–સૂતા કાયોત્સર્ગ કરવા સાથે આર્ત–રૌદ્રધ્યાન કરે છે તે નિવન્ન–નિવન્ન જાણવો. ટૂંકમાં જે ઊભા–ઊભા કાયોત્સર્ગ કરવામાં અસમર્થ છે. તે બેઠા–બેઠા કરે. જે બેઠા–બેઠા કરવા માટે પણ અસમર્થ હોય તો સૂતા–સૂતા કાયોત્સર્ગ કરે. અથવા ઉપાશ્રયની ઊંચાઈ નાની હોય વિગેરે કારણે બેઠા–બેઠા કરે. તથા જે સાધુ ગુરુવૈયાવચ્ચ વિગેરે કાર્યોમાં રોકાયેલો છે તે ઊભા–ઊભા કાયોત્સર્ગ કરવામાં સમર્થ હોવા છતાં બેઠા–બેઠા કરે. (આનું કારણ એવું લાગે છે કે તે સમર્થ હોવાથી ઊભા–ઊભા કાયોત્સર્ગ કરે પરંતુ તેમાં પાછળથી શ્રમ લાગવાના કારણે ગુરુવૈયાવચ્ચ વિગેરે કાર્યો કરી ન શકે. તેથી તે કાર્યોમાં બિલકુલ ઉણપ આવે નહીં, કાર્યો સિદાય નહીં તે માટે તે બેઠા–બેઠા કાયોત્સર્ગ કરે.) ॥૧૪૯૬–૧૪૯૮॥

**અવતરણિકા** : આ પ્રમાણે કાયોત્સર્ગ કહેવાયો. હવે અધ્યયનશબ્દનો અર્થ નિરૂપણ કરવા યોગ્ય છે. તે અન્ય ગ્રંથોમાં વિસ્તારથી કહેલો હોવાથી અહીં તેનું વર્ણન અધિકૃત નથી. આ પ્રમાણે નામનિષ્પન્ન નિક્ષેપ પૂર્ણ થયો. હવે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપનો અવસર છે. અને તે સૂત્રની હાજરીમાં સંભવે છે. સૂત્ર સૂત્રાનુગમ હોય ત્યારે સંભવે છે વિગેરે વર્ણન ત્યાં સુધી સમજી લેવું કે છેલ્લે આ સૂત્ર આવીને ઊભું રહે – करेमि भंते ! થી લઈ अप्पाणं वोसिरामि" આ સૂત્રની સંહિતા વિગેરેરૂપ વ્યાખ્યા જે રીતે સામાયિક–અધ્યયનમાં કહી છે તે રીતે અહીં જાણવી. અને આ સૂત્ર ફરીથી કહેવા પાછળનું પ્રયોજન અમે આગળ (ગા. ૧૫૦૫–૬માં) બતાવીશું. હવે આ બીજું સૂત્ર આવે છે ➪

नवण्हं बंभचेरगुत्तीणं दसविहे समणधम्मे समणाणं जोगाणं जं खंडिअं जं विराहिअं तस्स मिच्छा मि दुक्कडं ॥ ( सूत्रम् )

अस्य व्याख्या–तल्लक्षणं चेदं–संहिता चेत्यादि, तत्र इच्छामि स्थातुं कायोत्सर्गं यो मे दैवसिकोऽतिचारः कृत इत्यादि संहिता, पदानि तु इच्छामि स्थातुं कायोत्सर्गं यो मया दैवसिकोऽतिचारः कृत इत्यादीनि, पदार्थस्तु 'इषु इच्छाया'मित्यस्योत्तमपुरुषैकवचनान्तस्य 'इषुगमियमां छ' इति ( पा० ७-३-७७ ) छत्वे इच्छामीति भवति, इच्छामि–अभिलषामि स्थातुमिति 'ष्ठा गतिनिवृत्तौ' इत्यस्य तुम्प्रत्ययान्तस्य स्थातुमिति भवति, 'कायोत्सर्ग'मिति 'चिञ् चयने' अस्य घञन्तस्य 'निवासचितिशरीरोपसमाधानेष्वादेश्च क इति ( पा० ३-३-४१ ) चीयते इति कायः देह इत्यर्थः 'सृज विसर्गे' इत्यस्य उत्पूर्वस्य घञि उत्सर्ग इति भवति, शेषपदार्थो यथा प्रतिक्रमणे तथैव, पदविग्रहस्तु यानि समासभाञ्जि पदानि तेषामेव भवति नान्येषामिति, तत्र इच्छामि स्थातुं, कं ?–कायोत्सर्गं–कायस्योत्सर्गः कायोत्सर्गः तं, शेषपदविग्रहो यथा प्रतिक्रमणे, एवं चालना प्रत्यवस्थानं च यथासम्भवमुपरिष्टाद् वक्ष्यामः । तथेदमन्यत्तु सूत्रं –

तस्सुत्तरीकरणेणं पायच्छित्तकरणेणं विसोहीकरणेणं विसल्लीकरणेणं पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउस्सग्गं । अन्नत्थ ऊससिएणं नीससिएणं खासिएणं छीएणं जंभाइएणं उड्डुएणं वायनिसग्गेणं भमलिए पित्तमुच्छाए सुहुमेहिं अंगसंचालेहिं सुहुमेहिं खेलसंचालेहिं सुहुमेहिं दिट्ठिसंचालेहिं एवमाइएहिं आगारेहिं अभग्गो

---

સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : વ્યાખ્યાનું લક્ષણ – સંહિતા, પદ, પદવિગ્રહ વગેરે પૂર્વની જેમ જાણવું. તેમાં સંહિતા – इच्छामि स्थातुं कायोत्सर्गं.... વિગેરે સૂત્રનું સ્પષ્ટ રીતે ઉચ્ચારણ કરવું. પદો – इच्छामि स्थातुं.... વિગેરે પદો જાણવા. પદાર્થ – इष् ધાતુ ઇચ્છામાં વર્તે છે. આ ઉત્તમ = પ્રથમ પુરુષ–એકવચનાન્ત ધાતુને 'ઇષ્, ગમ્, અને યમ્ ધાતુઓના અંતિમવ્યંજનનો છ થાય છે' એ સૂત્રના આધારે ષ્ નો છ થતાં इष् નું इच्छ થઇ 'इच्छामि' રૂપ થાય છે. इच्छामि એટલે ઇચ્છું છું. 'स्थातुं' શબ્દમાં 'स्था'ધાતુ ઊભા રહેવું અર્થમાં છે. આ 'तुम्' પ્રત્યયાન્ત ધાતુનું 'स्थातुं' રૂપ થાય છે. 'કાયોત્સર્ગ' શબ્દમાં 'કાય' શબ્દ છે. તે 'चि' 'એકઠા કરવું' ધાતુ ઉપરથી બન્યો છે. घञ् લાગે ત્યારે આ ધાતુને 'निवास...' સૂત્રથી 'चि' ધાતુના 'च' નો 'क' થાય છે. પછી તેને અન્ય સૂત્રથી 'घञ्' પ્રત્યય લાગતા काय શબ્દ બને છે. चीयते = પુષ્ટ કરાય તે કાય એટલે કે દેહ.

'सृज्' ધાતુ ત્યાગ અર્થમાં છે. 'उत्' ઉપસર્ગ પૂર્વના આ ધાતુને घञ् પ્રત્યય લાગતા 'ઉત્સર્ગ' શબ્દ બને છે. શેષ પદના અર્થો જે રીતે પ્રતિક્રમણ–અધ્યયનમાં કહ્યાં તે રીતે જાણવા. પદવિગ્રહ જે સમાસવાળા પદો હોય તેઓનો જ થાય છે. તેમાં 'કાયોત્સર્ગ' શબ્દનો પદવિગ્રહ–કાયાનો ઉત્સર્ગ તે કાયોત્સર્ગ. શેષ પદવિગ્રહ પ્રતિક્રમણ–અધ્યયન પ્રમાણે જાણવો. અર્થ – કાયોત્સર્ગમાં રહેવા માટે હું ઈચ્છું છું. આ સૂત્રસંબંધી પ્રશ્નોત્તરી યથાસંભવ આગળ કહીશું. તથા આ બીજું સૂત્ર ⇨.

**अविराहिओ हुज्ज मे काउस्सग्गो जाव अरिहंताणं भगवंताणं नमोक्कारेणं न पारेमि ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ॥ ( सूत्रम् ) ॥**

अस्य व्याख्या—'तस्योत्तरीकरणेन' 'तस्ये'ति तस्य—अनन्तरप्रस्तुतस्य श्रामण्ययोगसङ्घातस्य कथञ्चित् प्रमादात् खण्डितस्य विराधितस्य चोत्तरीकरणेन हेतुभूतेन 'ठामि काउस्सग्गं'ति योगः, तत्रोत्तरकरणं पुनः संस्कारद्वारेणोपरिकरणमुच्यते, उत्तरं च तत् करणं च इत्युत्तरकरणं अनुत्तरमुत्तरं क्रियत इत्युत्तरीकरणं, कृतिः—करणमिति, तच्च प्रायश्चित्तकरणद्वारेण भवति अत आह—'पायच्छित्तकरणेणं' प्रायश्चित्तशब्दार्थं वक्ष्यामः तस्य करणं प्रायश्चित्तकरणं तेन, अथवा सामायिकादीनि प्रतिक्रमणावसानानि विशुद्धौ कर्त्तव्यायां मूलकरणं, इदं पुनरुत्तरकरणमतस्तेनोत्तरकरणेन—प्रायश्चित्तकरणेनेति, क्रिया पूर्ववत्, प्रायश्चित्तकरणं च विशुद्धिद्वारेण भवत्यत आह—'विसोहीकरणेणं' विशोधनं विशुद्धिः अपराधमलिनस्यात्मनः प्रक्षालनमित्यर्थः तस्याः करणं तेन हेतुभूतेनेति, विशुद्धिकरणं च विशल्यकरणद्वारेण भवत्यत आह—'विसल्लीकरणेणं' विगतानि शल्यानि—मायादीनि यस्यासौ विशल्यस्तस्य करणं विशल्यकरणं तेन हेतुभूतेन, 'पावाणं कम्माणं

---

**સૂત્રાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** 'तस्सोत्तरीकरणेन' અહીં तस्य = કોઇક રીતે પ્રમાદથી ખંડિત થયેલા (= દેશથી ભાંગેલા) અને વિરાધિત થયેલા (= સર્વથી ભાંગેલા) એવા પૂર્વના સૂત્રમાં કહેવાયેલા શ્રામણ્યયોગના સમૂહના ઉત્તરીકરણદ્વારા કાયોત્સર્ગમાં રહું છું એ પ્રમાણે અન્વય જોડવો. (ટૂંકમાં પ્રમાદથી ખંડિત અને વિરાધિત એવા શ્રામણ્યયોગસમૂહના ઉત્તરીકરણ કરવાદ્વારા હું કાયોત્સર્ગમાં રહું છું.) ઉત્તરીકરણ એટલે સંસ્કારદ્વારા ઉપરીકરણ. (અર્થાત્ જે શ્રામણ્યયોગો ખંડના–વિરાધનાદ્વારા નીચા થયા છે = હીન થયા છે તેઓનો સંસ્કાર કરવાદ્વારા = આલોચના વિગેરેવડે સંસ્કાર કરવાદ્વારા ઉપર કરવા તે ઉત્તરીકરણ કહેવાય છે.) 'उत्तरं च तत्.... વિગેરે સમાસ જણાવ્યા છે. ઉત્તર એવું જે કરણ તે ઉત્તરકરણ. પૂર્વે જે અનુત્તર (= નીચું) હતું તે હવે ઉત્તર (= ઊંચું) કરાય છે તે ઉત્તરીકરણ, કરણ એટલે કરવું. તે ઉત્તરીકરણ પ્રાયશ્ચિત્તના કરણવડે થાય છે.

તેથી કહે છે – 'प्रायश्चित्तकरणेणं' – પ્રાયશ્ચિત્તશબ્દનો અર્થ આગળ (**ગા. ૧૫૧૦માં**) કહીશું. પ્રાયશ્ચિત્તનું કરવું તે પ્રાયશ્ચિત્તકરણ – તેનાદ્વારા, અથવા આત્માની વિશુદ્ધિ અહીં કર્તવ્ય છે તેથી સામાયિકથી લઈ પ્રતિક્રમણ સુધીના ચાર મુદ્દા એ મૂલકરણ જાણવું અને આ (કાયોત્સર્ગરૂપ) પ્રાયશ્ચિત્ત એ ઉત્તરકરણ છે. તેથી ઉત્તરકરણવડે = પ્રાયશ્ચિત્તકરણવડે 'કાયોત્સર્ગ કરું છું' (અર્થાત્ શ્રામણ્યયોગોની ખંડના–વિરાધના દ્વારા જે પાપકર્મો લાગ્યા છે તેનો નાશ કરવા કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્ત કરું છું.) એ પ્રમાણે ક્રિયા પૂર્વની જેમ જોડી દેવી. પ્રાયશ્ચિત્તકરણ વિશુદ્ધિદ્વારા થતું હોવાથી કહે છે – 'विसोहीकरणेणं' અપરાધથી મલિન થયેલા આત્માને શુદ્ધ કરવો તે વિશુદ્ધિ. તે વિશુદ્ધિના કરણદ્વારા (= આત્માને શુદ્ધ કરવાદ્વારા.)

વિશુદ્ધિકરણ વિશલ્યકરણદ્વારા થાય છે માટે કહે છે – 'विसल्लीकरणेणं' માયા વિગેરે શલ્યો જેના નીકળી ગયા છે તે વિશલ્ય. તેનું કરણ તે વિશલ્યકરણ તેનાદ્વારા (= આત્માને માયાદિશલ્યોથી

णिग्घायणट्ठाए ठामि काउस्सग्गं' पापानां संसारनिबन्धनानां कर्मणां–ज्ञानावरणादीनां निर्घातनार्थं–निर्घातननिमित्तं व्यापत्तिनिमित्तमित्यर्थः, किं ?–'तिष्ठामि कायोत्सर्गं' कायस्योत्सर्गः–कायपरित्याग इत्यर्थः तं, एतदुक्तं भवति–अनेकार्थत्वाद् धातूनां तिष्ठामीति–करोमि कायोत्सर्गं, व्यापारवतः कायस्य परित्यागमिति भावना, किं सर्वथा ? नेत्याह–'अन्नत्थूससिएणं'ति अन्यत्रोच्छ्वसितेन, उच्छ्वसितं मुक्त्वा योऽन्यो व्यापारस्तेन व्यापारवत इत्यर्थः, एवं सर्वत्र भावनीयं, तत्रोर्ध्वं प्रबलं वा श्वसितमुच्छ्वसितं तेन, 'नीससिएणं'ति अधःश्वसितं निःश्वसितं तेन निःश्वसितेन, 'खासिएणं'ति कासितं प्रतीतं, 'छीएणं'ति क्षुतेन इदमपि प्रतीतमेव 'जंभाइएणं'ति जृम्भितेन, विवृतवदनस्य प्रबलपवननिर्गमो जृम्भितमुच्यते, 'उड्डुएणं'ति उद्गारितं प्रतीतं, 'वायनिसग्गेणं'ति अपानेन पवननिर्गमो वातनिसर्गो भण्यते तेन, 'भमलीए'त्ति भ्रमल्या, इयं चाकस्मिकी शरीरभ्रमिलक्षणा प्रतीतैव 'पित्तमुच्छाए' पित्तमूर्च्छयाऽपि, पित्तप्राबल्यात् मनाग् मूर्च्छा भवति, 'सुहुमेहिं अंगसंचालेहिं' सूक्ष्मैरङ्गसञ्चारैर्लक्ष्यालक्ष्यैर्गात्रविचलनप्रकारै रोमोद्गमादिभिः, 'सुहुमेहिं खेलसंचालेहिं' सूक्ष्मैः खेलसञ्चारैर्यस्मात् सयोगिवीर्यसद्द्रव्यतया ते खल्वन्तर्भवन्ति 'सुहुमेहिं दिट्ठिसंचालेहिं' सूक्ष्मैर्दृष्टिसञ्चारैः–निमेषादिभिः, 'एवमाइएहिं आगारेहिं अभग्गो अविराहिओ होज्ज मे काउस्सग्गो' एवमादिभिरित्यादिशब्दार्थं वक्ष्यामः, आक्रियन्त इत्याकारा आगृह्यन्त इति भावना, सर्वथा

---

દૂર કરવાદ્વારા) સંસારના કારણભૂત એવા જ્ઞાનાવરણાદિ પાપકર્મોના નાશ માટે હું કાયોત્સર્ગને =કાયાના ત્યાગને કરું છું. ધાતુઓ અનેક અર્થોવાળા હોવાથી तिष्ठामि એટલે करोमि અર્થ જાણવો, અર્થાત્ વ્યાપારવાળી એવી કાયાનો ત્યાગ કરું છું. શું સર્વથા કાયાનો ત્યાગ કરું છું ? (અર્થાત્ સૂક્ષ્મ કે બાદર કોઈપણ જાતના વ્યાપારો કરવા નથી ?) ના, ઉચ્છ્વાસ સિવાયના વ્યાપારોવાળી કાયાનો ત્યાગ કરું છું. આ પ્રમાણેનો અન્વય હવે બતાવાતા બધા પદો સાથે જોડવો.

તેમાં ઊંચો અથવા પ્રબળ એવો જે શ્વાસ તે ઉચ્છ્વાસ – તેના સિવાય, નીચેનો જે શ્વાસ તે નિઃશ્વાસ – તેના સિવાય, ઊધરસ સિવાય, છીંક સિવાય, જૃમ્ભિત એટલે ઉઘાડેલા મોંમાંથી જોરથી પવન નીકળવો તે, અર્થાત્ બગાસા ખાવા – (તે સિવાયના વ્યાપારવાળી કાયાનો ત્યાગ કરું છું.), ઓડકાર, 'वायनिस्सग्गेण' = અપાનભાગમાંથી પવન નીકળવો તે, અર્થાત્ વાછૂટ થવી – તે વાતનિસર્ગ કહેવાય છે – તેના સિવાય, ભ્રમિ એટલે આકસ્મિક થનારું શરીરનું ભ્રમણ, અર્થાત્ ચક્કર આવવા – તેના સિવાય, પિત્તમૂર્ચ્છા એટલે પિત્ત વધી જવાના કારણે કંઈક બેભાન જેવું થવું – તેના સિવાય, સૂક્ષ્મ અંગસંચાર એટલે કે રૂંવાટા ઊભા થવા વિગેરે જણાતાં કે નહીં જણાતાં એવા શરીરના ચલન પ્રકારો સિવાય.

સૂક્ષ્મ ખેલસંચાર – જે કારણથી સયોગિજીવને યોગસહિત વીર્યનો સદ્ભાવ હોવાથી તે શ્લેષ્મનું હલનચલન સૂક્ષ્મ રીતે શરીરની અંદર થયા કરે છે. તેથી તેના સિવાય. સૂક્ષ્મ દૃષ્ટિસંચાર – આંખના પલકારા વિગેરે સૂક્ષ્મદૃષ્ટિસંચાર સિવાય. एवमाइएहिं વિગેરે શબ્દોના અર્થો અમે આગળ (ગા. ૧૫૧૮ માં) કહીશું. (કાયોત્સર્ગનો ભંગ ન થાય તે માટે) જે ગ્રહણ કરાય તે આગારો અર્થાત્

कायोत्सर्गापवादप्रकारा इत्यर्थः, तैराकारैर्विद्यमानैरपि न भग्नोऽभग्नः, भग्नः सर्वथा नाशितः, न विराधितोऽविराधितो, विराधितो देशभग्नोऽभिधीयते, भवेत् मम कायोत्सर्गः, कियन्तं कालं यावदित्याह–'जाव अरहंताणं भगवंताणं नमोक्कारेणं न पारेमि' यावदर्हतां भगवतां नमस्कारेण न पारयामि, यावदिति कालावधारणं, अशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तस्तेषामर्हतां भगः–ऐश्वर्यादिलक्षणः स विद्यते येषां ते भगवन्तस्तेषां भगवतां सम्बन्धिना नमस्कारेण 'नमो अरहंताणं'इत्यनेन न पारयामि–न पारं गच्छामि, तावत् किमित्याह–'ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि'त्ति तावच्छब्देन कालनिर्देशमाह, कायं–देहं स्थानेन–ऊर्द्ध्वस्थानेन तथा मौनेन–वाग्निरोधलक्षणेन, तथा ध्यानेन शुभेन, 'अप्पाणं'ति प्राकृतशैल्या आत्मीयं, अन्ये न पठन्त्येवैनमालापकं, व्युत्सृजामि–परित्यजामि, इयमत्र भावना–कायं स्थानमौनध्यानक्रिया-व्यतिरेकेण क्रियान्तराध्यासद्वारेण व्युत्सृजामि, नमस्कारपाठं यावत् प्रलम्बभुजो निरुद्धवाक्प्रसरः प्रशस्तध्यानानुगतस्तिष्ठामीति, तथा च कायोत्सर्गपरिसमाप्तौ नमस्कारमपठतस्तद्भङ्ग एव द्रष्टव्य इत्येष तावत् समासार्थः, अवयवार्थं तु भाष्यकारो वक्ष्यत इति तत्रेच्छामि स्थातुं कायोत्सर्गमित्याद्यं

કાયોત્સર્ગ માટેના બધી જ રીતના અપવાદના પ્રકારો. ભગ્ન એટલે સર્વથા કાયોત્સર્ગનો નાશ થવો. સર્વથા નાશ ન થવો તે અભગ્ન. વિરાધિત એટલે દેશથી ભગ્ન. તે ન થવો તે અવિરાધિત. અપવાદના પ્રકારો = કારણો હોવા છતાં મારો કાયોત્સર્ગ અભગ્ન અને અવિરાધિત થાય. (અર્થાત્ અપવાદ સિવાય કાયોત્સર્ગ અભગ્ન, અવિરાધિત થાય.)

કેટલા કાલ સુધી કાયોત્સર્ગ કરવાનો ? તે કહે છે – જ્યાં સુધી અરિહંત ભગવંતોને નમસ્કાર કરવાવડે હું કાયોત્સર્ગને પૂર્ણ ન કરું ત્યાં સુધી મારો કાયોત્સર્ગ થાઓ. આ પ્રમાણે કાલ નક્કી થયો. અશોકવૃક્ષ વિગેરે આઠ મહાપ્રાતિહાર્ય વિગેરેરૂપ પૂજાને જે યોગ્ય છે તે અરિહંતો. ભગ એટલે ઐશ્વર્ય વિગેરે. તે જેમને છે તે ભગવંત. આવા તે અરિહંત ભગવંત સંબંધી 'नमो अरिहंताणं' એ પ્રમાણેના નમસ્કારદ્વારા જ્યાં સુધી હું કાયોત્સર્ગ પૂર્ણ ન કરું ત્યાં સુધી શું ? તે કહે છે કે ત્યાં સુધી હું સ્થાનાદિવડે આત્માને વોસિરાવું છું.

અહીં 'ताव' શબ્દ કાલ જણાવે છે, અર્થાત્ 'ત્યાં સુધી' એ અર્થમાં છે. કાયાને = દેહને સ્થાનવડે = ઊભા રહેવાવડે, તથા મૌનવડે = વચનને અટકાવવાવડે, તથા શુભધ્યાનવડે (સંપૂર્ણ અર્થ – ત્યાં સુધી સ્થિર ઊભા રહેવાદ્વારા, મૌન રાખીને શુભધ્યાન કરવાદ્વારા) 'अप्पाणं' = પોતાની કાયાને વોસિરાવું છું. કેટલાક આચાર્ય 'अप्पाणं' શબ્દ બોલતા નથી. સંપૂર્ણ ભાવાર્થ – સ્થાન-મૌન અને ધ્યાનના અભિગ્રહ સાથે ઉચ્છ્વાસાદિ ક્રિયા સિવાયની અન્ય ક્રિયાઓમાં કાયાને રાખવાને આશ્રયીને હું કાયાનો ત્યાગ કરું છું. (એટલે કે અન્યક્રિયાઓમાં કાયાને રાખીશ નહીં.) અર્થાત્ 'નમો અરિહંતાણં' બોલું નહીં ત્યાં સુધી નીચે ઘૂંટણ તરફ લંબાવેલી ભૂજાવાળો, બોલવાનું બંધ કરીને પ્રશસ્તધ્યાન કરતો હું રહું છું. આવી પ્રતિજ્ઞા હોવાને કારણે કાયોત્સર્ગની પૂર્ણાહુતિ પછી 'નમો અરિહંતાણં' નહીં બોલનારને કાયોત્સર્ગનો ભંગ જ જાણવો. આ પ્રમાણે આ સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારાર્થ ભાષ્યકાર કહેશે.

सूत्रावयवमधिकृत्याह परः—कायोत्सर्गस्थानं न कार्यं, प्रयोजनरहितत्वात्, तथाविधपर्यटनवदिति, अत्रोच्यते, प्रयोजनरहितत्वमसिद्धं, यतः —

काउस्सग्गंमि ठिओ निरेयकाओ निरुद्धवइपसरो ।
जाणइ सुहमेगमणो मुणि देवसियाइ अइयारं ॥१॥ (प्र०)
परिजाणिऊण य जओ संमं गुरुजणपगासणेणं तु ।
सोहेइ अप्पगं सो जम्हा य जिणेहिं सो भणिओ ॥२॥ (प्र०)
काउस्सग्गं मोक्खपहदेसियं जाणिऊण तो धीरा ।
दिवसाइयारजाणणट्ठयाइ ठायंति उस्सग्गं ॥१४९९॥

व्याख्या—इह च सम्बद्धगाथाद्वयमन्यकर्तृकं तथापि सोपयोगमितिकृत्वा व्याख्यायते, कायोत्सर्गे उक्तस्वरूपे स्थितः सन् निरेजकायो—निष्प्रकम्पदेह इति भावना, निरुद्धवाक्प्रसरः—मौनव्यवस्थितः सन् जानीते सुखमेकमना—एकाग्रचित्तः सन्, कोऽसौ ?—मुनिः—साधुः, किं ?—दैवसिकाद्यतिचारं आदिशब्दाद्रात्रिकग्रह इति गाथार्थः ॥ ततः किमित्याह—परिज्ञायातिचारं यतः—यस्मात् कारणात् सम्यग्—अशठभावेन गुरुजनप्रकाशनेन—गुरुजननिवेदनेनेति हृदयं, तुशब्दात् तदादिष्टप्रायश्चित्तकरणेन च शोधयत्यात्मानमसौ, अतिचारमलिनं क्षालयतीत्यर्थः, तच्चातिचारपरिज्ञानमविकलं कायोत्सर्ग-व्यवस्थितस्य भवत्यतः कायोत्सर्गस्थानं कार्यमिति, किंच—यस्माज्जिनैर्भगवद्भिरयं कायोत्सर्गो भणित—उक्तः, तस्मात् कायोत्सर्गस्थानं कार्यमिति गाथार्थः ॥१—२॥ यतश्चैवमतः 'काउस्सग्गं

**શંકા :** તેમાં 'इच्छामि स्थातुं कायोत्सर्गं' આ પ્રમાણેના પ્રથમ સૂત્રાવયવને આશ્રયીને શિષ્ય કહે છે – કાયોત્સર્ગમાં રહેવાની એટલે કે કાયોત્સર્ગ કરવાની જરૂર નથી, કારણ કે નિષ્કારણ પર્યટનની જેમ તેનું કોઈ પ્રયોજન નથી.

**સમાધાન :** કાયોત્સર્ગ પ્રયોજનરહિત છે એ વાત અસિદ્ધ છે કારણ કે ➩

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અહીં જણાવેલ પ્રથમ બે ગાથાઓ અન્યકર્તાની હોવા છતાં ઉપયોગી હોવાથી તેઓનું વ્યાખ્યાન કરાય છે. કહેવાયેલા સ્વરૂપવાળા કાયોત્સર્ગમાં રહેલો સાધુ દેહના હલનચલના વિનાનો છે, અને મૌન થયેલો છતો એકાગ્રમનથી સુખપૂર્વક જાણે છે. શું જાણે છે ? – દૈવસિક વિગેરે અતિચારોને, આદિશબ્દથી રાત્રિકઅતિચારોને જાણે છે. અતિચારોને જાણીને શું કરવાનું ? તે કહે છે – અતિચારોને જાણીને જે કારણથી તે સાધુ સમ્યગ્ રીતે = માયા વિના ગુરુજન પાસે નિવેદન કરવાદ્વારા અને 'तु' શબ્દથી ગુરુએ બતાવેલ પ્રાયશ્ચિત્તને કરવાદ્વારા પોતાના આત્માને શુદ્ધ કરે છે, અર્થાત્ અતિચારોથી મલિન આત્માનું પ્રક્ષાલન કરે છે. આમ, જે કારણથી તે અતિચારોનું સંપૂર્ણ જ્ઞાન કાયોત્સર્ગમાં રહેલાને થાય છે, તે કારણથી કાયોત્સર્ગમાં સાધુએ રહેવું જોઇએ. વળી, જે કારણથી આ કાયોત્સર્ગ જિનોએ ઉપદેશેલો છે, તે કારણથી કાયોત્સર્ગમાં રહેવું જોઇએ. **॥પ્રક્ષિ૦ ૧–૨॥**

અને જે કારણથી આ કાયોત્સર્ગ જિનોપદિષ્ટ છે તે કારણથી 'मोक्षपथदेशित' અહીં તીર્થંકરો

मोक्खपहदेसियं 'ति मोक्षपन्थास्तीर्थकर एव भण्यते तत्प्रदर्शकत्वात्, कारणे कार्योपचारात्, तेन मोक्षपथेन देशितः–उपदिष्टः मोक्षपथदेशितस्तं, 'जाणिऊणं 'ति दिवसाद्यतिचार-परिज्ञानोपायतया विज्ञाय ततो धीराः–साधवः, दिवसातिचारज्ञानार्थमित्युपलक्षणं रात्र्यतिचार-ज्ञानार्थमपि, 'ठायंति उस्सग्गं 'ति तिष्ठन्ति कायोत्सर्गं कुर्वन्ति, कायोत्सर्गमित्यर्थः, ततश्च कायोत्सर्गस्थानं कार्यमेव, सप्रयोजनत्वात्, तथाविधवैयावृत्यवदिति गाथार्थः ॥१४९९॥

साम्प्रतं यदुक्तं 'दिवसातिचारज्ञानार्थ 'मिति, तत्रौघतो विषयद्वारेण तमतिचारमुपदर्शयन्नाह —

सयणासणण्णपाणे चेइय जइ सेज्ज काय उच्चारे ।
समितीभावणगुत्ती वितहायरणंमि अइयारो ॥१५००॥

व्याख्या–शयनीयवितथाचरणे सत्यतिचारः, एतदुक्तं भवति–संस्तारकादेरविधिना ग्रहणादौ अतिचार इति, 'आसण 'त्ति आसनवितथाचरणे सत्यतिचारः पीठकादेरविधिना ग्रहणादौ अतिचार इति भावना, 'अण्णपाणे 'त्ति अन्नपानवितथाचरणे सत्यतिचारः अन्नपानस्याविधिना ग्रहणादावतिचार इत्यर्थः, 'चेतिय 'त्ति चैत्यवितथाचरणे सत्यतिचारः, चैत्यविषयं च वितथाचरणमविधिना वन्दनकरणे अकरणे चेत्यादि, 'जइ 'त्ति यतिवितथाचरणे सत्यतिचारः, यतिविषयं च वितथाचरणं यथार्हं विनयाद्यकरणमिति, 'सेज्ज 'त्ति शय्यावितथाचरणे सत्यतिचारः, शय्या वसतिरुच्यते,

મોક્ષમાર્ગને દેખાડનારા હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરતા મોક્ષપથ તરીકે તીર્થંકરો જ જાણવા. તેમનાવડે ઉપદિષ્ટ એવા આ કાયોત્સર્ગને દિવસના અતિચારોને જાણવા માટેના ઉપાય તરીકે જાણીને ધીર = સાધુઓ કાયોત્સર્ગને કરે છે. અહીં 'દિવસના અતિચારોનું જ્ઞાન' એ ઉપલક્ષણ હોવાથી 'રાત્રિના અતિચારોના પરિજ્ઞાન માટે' પણ જાણી લેવું. આમ તેવા પ્રકારના વૈયાવચ્ચની જેમ સપ્રયોજન હોવાથી કાયોત્સર્ગમાં સાધુઓએ રહેવું જોઇએ. ॥૧૪૯૯॥

**અવતરણિકા :** હવે જે કહ્યું કે 'દિવસના અતિચારોના પરિજ્ઞાન માટે' તેમાં સામાન્યથી વિષયદ્વારા તે અતિચારને જણાવતા કહે છે ➾

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સંથારો વિગેરે ખોટી રીતે ગ્રહણ કરવા વિગેરેમાં અતિચાર લાગે. (આશય એ છે કે સંથારો વિગેરે જ્યારે ગ્રહણ કરવાના હોય, આદિશબ્દથી કોઈક સ્થાને મૂકવાના હોય તો પ્રતિલેખન–પ્રમાર્જન વિના ગ્રહણ–મુંચન કરવામાં અતિચાર લાગે. આ જ પ્રમાણે હવે પછીના પદોમાં અવિધિ એટલે યથાયોગ્ય પ્રતિલેખન–પ્રમાર્જન વિગેરે જાણવું.) આસન એટલે પીઠ–ફલક વિગેરે અવિધિથી ગ્રહણ કરવા વિગેરેમાં અતિચાર લાગે. અન્ન–પાન વિગેરેને અવિધિથી ગ્રહણ વિગેરે કરવામાં (અર્થાત્ અન્ન–પાન વહોરતી વખતે દોષ ન લાગે તેની કાળજી રાખ્યા વિના અથવા વાપરતી વખતે દૃષ્ટિ પડિલેહણ વિગેરે કર્યા વિના વાપરવામાં) અતિચાર લાગે.

ચૈત્યસંબંધી ખોટું આચરણ થતાં એટલે કે અવિધિથી ચૈત્યવંદન કરવામાં અને સર્વથા ચૈત્યવંદન ન કરે તો અતિચાર લાગે. સાધુસંબંધી ખોટું આચરણ થતાં એટલે કે સાધુઓમાં જેને જે યોગ્ય હોય તેને તે વિનય વિગેરે ન કરવાથી અતિચાર લાગે. શય્યા એટલે ઉપાશ્રય. તે સંબંધી ખોટું આચરણ

तद्विषयं वितथाचरणमविधिना प्रमार्जनादौ स्त्र्यादिसंसक्तायां वा वसत इत्यादि, 'काय' इति कायिकावितथाचरणे सत्यतिचारः, वितथाचरणं चास्थण्डिले कायिकां व्युत्सृजतः स्थण्डिले वाऽप्रत्युपेक्षितादावित्यादि, 'उच्चारे'त्ति उच्चारवितथाचरणे सत्यतिचारः उच्चारः—पुरीषं भण्यते वितथाचरणं चैतद्विषयं यथा कायिकायां, 'समिति'त्ति समितिवितथाचरणे सत्यतिचारः, समितयश्चेर्यासमितिप्रमुखाः पञ्च यथा प्रतिक्रमणे, वितथाचरणं चासामविधिनाऽऽसेवनेऽनासेवने चेत्यादि, 'भावने'ति भावनावितथाचरणे सत्यतिचारः, भावनाश्चानित्यत्वादिगोचरा द्वादश, तथा चोक्तम्—'भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे । अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च ॥१॥ निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च । बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥२॥'' अथवा पञ्चविंशतिभावना यथा प्रतिक्रमणे, वितथाचरणं चासामविधिनासेवनेनेत्यादि, 'गुत्ति'ति गुप्तिवितथाचरणे सत्यतिचारः, तत्र मनोगुप्तिप्रमुखास्तिस्रो गुप्तयः तथा प्रतिक्रमणे, वितथाचरणमपि गुप्तिविषयं यथा समितिष्विति गाथार्थः ॥१५००॥

इत्थं सामान्येन विषयद्वारेणातिचारमभिधायाधुना कायोत्सर्गगतस्य मुनेः क्रियामभिधित्सुराह—

થતાં એટલે કે ઉપાશ્રયનું અવિધિથી પ્રમાર્જન વિગેરે કરે અથવા સ્ત્રીસંસક્ત વસતિમાં રહે તો અતિચાર લાગે. કાયિકા = માત્રુ, તે સંબંધી વિતથ આચરણ થતાં એટલે કે સચિત્તભૂમિ ઉપર માત્રુ પરઠવે અથવા અચિત્તભૂમિ ઉપર પણ પ્રત્યુપેક્ષણ વિગેરે કર્યા વિના પરઠવે તો અતિચાર લાગે.

ઉચ્ચાર = વડીનીતિ, તે સંબંધી ખોટું આચરણ માત્રાની જેમ જ સમજવું.તેમાં વિતથ આચરણ થતાં અતિચાર લાગે. સમિતિસંબંધી ખોટું આચરણ થતાં અતિચાર લાગે. સમિતિ એટલે ઈર્યાસમિતિ વિગેરે પાંચ કે જેનું નિરૂપણ પૂર્વે પ્રતિક્રમણ—અધ્યયનમાં (पडिक्कमामि पंचहिं समिईहिं સૂત્રમાં) કરેલું છે. સમિતિઓનું વિતથ આચરણ અવિધિથી સમિતિઓનું પાલન કરવામાં કે સર્વથા અપાલનમાં જાણવું. ભાવનાસંબંધી વિતથ આચરણ થતાં અતિચાર લાગે છે. અહીં અનિત્યત્વ વિગેરે બાર ભાવનાઓ જાણવી. કહ્યું છે – બાર પ્રકારની વિશુદ્ધ ભાવનાઓ ભાવવા યોગ્ય છે. તે આ પ્રમાણે – અનિત્યત્વ, અશરણત્વ, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, સંસાર, કર્માશ્રવ, સંવરવિધિ, કર્મનિર્જરા, લોકનો વિસ્તાર (= લોકનું સ્વરૂપ), ધર્મ (અરિહંતાદિવડે) સારી રીતે કહેવાયેલો છે એ પ્રમાણેનું તાત્વિક ચિંતન અને બોધિની સુદુર્લભતા. ॥ પ્રશમરતિ–૧૪૯–૧૫૦ ॥

અથવા પ્રતિક્રમણ અધ્યયનમાં કહેલી પચ્ચીસ ભાવનાઓ લેવી. અને ભાવનાઓનું વિતથ–આચરણ અવિધિથી સેવન કરવું અથવા સર્વથા ન ભાવવી વિગેરે પ્રકારે જાણવું. ગુપ્તિસંબંધી વિતથ–આચરણમાં અતિચાર લાગે છે. તેમાં મનોગુપ્તિ વિગેરે ત્રણ પ્રતિક્રમણ અધ્યયનમાં કહેલ પ્રમાણે જાણવી. ગુપ્તિવિષયક ખોટું આચરણ સમિતિની જેમ જાણવું. ॥૧૫૦૦॥

**અવતરણિકા** : આ પ્રમાણે સામાન્યથી વિષયદ્વારા (= ક્યાં ક્યાં અતિચારો લાગે ? તે જણાવવા દ્વારા) અતિચારોને કહીને હવે કાયોત્સર્ગમાં રહેલ મુનિની ક્રિયાને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

गोसमुहणंतगाई आलोए देसिए य अइयारे ।
सव्वे समाणइत्ता हियए दोसे ठविज्जाहि ॥१५०१॥
काउं हिअए दोसे जहक्कमं जा न ताव पारेइ ।
ताव सुहुमाणुपाणू धम्मं सुक्कं च झाइज्जा ॥१५०२॥

गोषः प्रत्यूषो भण्यते, 'मुहणंतगं' मुखवस्त्रिका आदिशब्दाच्छेषोपकरणग्रहः, ततश्चैतदुक्तं भवति–गोषादारभ्य मुखवस्त्रिकादौ विषये 'आलोए देसिए य अइआरे'त्ति अवलोकयेत्–निरीक्षेत दैवसिकानतिचारान्–अविधिप्रत्युपेक्षिताप्रत्युपेक्षितादीनिति, ततः 'सव्वे समाणइत्ता' सर्वानतिचारान् मुखवस्त्रिकाप्रत्युपेक्षणादारभ्य यावत् कायोत्सर्गावस्थानमत्रान्तरे य इति 'समाणइत्ता' समाप्य बुद्ध्यवलोकनेन समाप्तिं नीत्वा एतावन्त एत इति, नातः परमतिचारोऽस्ति ततो 'हृदये' चेतसि दोषान्–प्रतिषिद्धकरणादिलक्षणान् आलोचनीयानित्यर्थः, स्थापयेदिति गाथार्थः ॥१५०१॥ 'काउं हियये' गाहा व्याख्या–कृत्वा हृदये दोषान् यथाक्रममिति प्रतिसेवनानुलोम्येन आलोचनानुलोम्येन च, प्रतिसेवनानुलोम्यं नाम ये यथाऽऽसेविता इति, आलोचनानुलोम्यं तु पूर्वं लघव

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** ગોષ એટલે સવાર. મુહણંતગ એટલે મુહપત્તિ, આદિશબ્દથી શેષ ઉપકરણ લેવા. તેથી ભાવાર્થ આ પ્રમાણે કે સવારથી લઇને મુખવસ્ત્રિકા વિગેરે વિષયમાં અવિધિથી પ્રત્યુપેક્ષણા કરી, પ્રત્યુપેક્ષણા ન કરી વિગેરે દિવસસંબંધી અતિચારોનું (કાયોત્સર્ગમાં રહેલો સાધુ) ચિંતન કરે. ત્યાર પછી મુહપત્તિના પડિલેહણથી લઇને અત્યારે કાયોત્સર્ગમાં રહેલો છે ત્યાં સુધીમાં જે અતિચારો લાગ્યા છે તે બધા અતિચારોનું સમાપણ કરીને એટલે કે પોતાની બુદ્ધિથી દિવસદરમિયાનના તે બધા અતિચારોનું અવલોકન કરવાદ્વારા સમાપ્તિને પમાડીને (અર્થાત્ પોતાની બુદ્ધિમાં તે બધા અતિચારોને લાવીને) આટલા અતિચારો આજે મને લાગ્યા છે આના સિવાયનો એક પણ વધારે અતિચાર હવે વિચારવાનો રહ્યો નથી. (એ પ્રમાણે બધા અતિચારોનું સારી રીતે સમાપન કર્યા) પછી આલોચના કરવા યોગ્ય એવા તે પ્રતિષિદ્ધનું કરણ વિગેરે દોષોને (અહીં દિવસે લાગેલા બધા અતિચારોનો આ પ્રતિષિદ્ધકરણ વિગેરે ચારમાં સમાવેશ થયેલો જાણવો. તેથી પ્રતિષિદ્ધકરણ વિગેરે એટલે જ દિવસના બધા અતિચારોને) હૃદયમાં સ્થાપિત કરે (એટલે કે તેની બરાબર ધારણા કરી લે.) ॥૧૫૦૧॥

તે દોષોને હૃદયમાં ક્રમશઃ સ્થાપિત કરે, અર્થાત્ પ્રતિસેવન અનુસારે અથવા આલોચનાનુસારે સ્થાપિત કરે. તેમાં પ્રતિસેવનાનુસારે એટલે કે જે અતિચાર જે રીતે સેવાયા છે તે રીતે. તથા આલોચનાનુસારે એટલે પહેલાં નાના અતિચારો અને પછી મોટા અતિચારોને ગોઠવે. (આશય એ છે કે જે સાધુ છેદસૂત્રાદિનો અભ્યાસ કરીને ગીતાર્થ બન્યો છે અને કયા અતિચારનું કેટલું પ્રાયશ્ચિત્ત આવે ? તે જેણે ખબર છે તે ગીતાર્થ સાધુ જેનું પ્રાયશ્ચિત્ત ઓછું આવતું હોય તેની પ્રથમ આલોચના કરે અને જેનું પ્રાયશ્ચિત્ત વધારે આવતું હોય તેની પછી આલોચના કરે. આને આલોચનાનુસાર

आलोच्यन्ते पश्चाद् गुरव इति, 'जा न ताव पारेति'त्ति यावन्न तावत् पारयति गुरुर्नमस्कारेण, 'ताव सुहुमाणुपाणु'त्ति तावदिति कालावधारणं, सूक्ष्मप्राणापानः, सूक्ष्मोच्छ्वासनिश्वास इत्यर्थः, किं ?–'धम्मं सुक्कं च झाएज्जा' धर्मध्यानं प्रतिक्रमणाध्ययनोक्तस्वरूपं 'शुक्लं च' शुक्लध्यानं च ध्यायेदिति गाथार्थः ॥१५०२॥ एवं —

देसिय राइय पक्खिय चाउम्मासे तहेव वरिसे य ।
इक्किक्के तिन्नि गमा नायव्वा पंचसेएसु ॥१५०३॥

व्याख्या–'देसिय'त्ति दैवसिके प्रतिक्रमणे दिवसेन निर्वृत्तं दैवसिकं, 'राइय'त्ति रात्रिके, 'पक्खिए'त्ति पाक्षिके 'चाउम्मासे'त्ति चातुर्मासिके 'तहेव वरिसे'त्ति तथैव वार्षिके च, वर्षेण निर्वृत्तं वार्षिकं–सांवत्सरिकमिति भावना, एकैकस्मिन् प्रतिक्रमणे दैवसिकादौ त्रयो गमा ज्ञातव्याः, पञ्चस्वेतेषु दैवसिकादिषु, कथं त्रयो गमाः ?, सामायिकं कृत्वा कायोत्सर्गकरणं, सामायिकमेव कृत्वा प्रतिक्रमणं, सामायिकमेव कृत्वा पुनः कायोत्सर्गकरणम्, इह च यस्माद् दिवसादि तीर्थं दिवसप्रधानं च तस्माद् दैवसिकमादाविति गाथार्थः ॥१५०३॥ अत्राह चोदकः —

आइमकाउस्सग्गे पडिक्कमं ताव काउ सामइयं ।
तो किं करेह बीयं तइअं च पुणोऽवि उस्सग्गे ? ॥१५०४॥
समभावंमि ठियप्पा उस्सग्गं करिय तो पडिक्कमइ ।
एमेव य समभावे ठियस्स तइयं तु उस्सग्गे ॥१५०५॥

કહેવાય છે.) આ રીતે અતિચારોને સ્થાપિત કર્યા બાદ જ્યાં સુધી ગુરુ નમસ્કારવડે પોતાનો કાયોત્સર્ગ પારે નહીં ત્યાં સુધી સૂક્ષ્મ શ્વાસોચ્છ્વાસવાળો સાધુ પ્રતિક્રમણઅધ્યયનમાં કહેલ સ્વરૂપવાળું ધર્મધ્યાન અને શુક્લધ્યાન કરે ॥૧૫૦૨॥ તે આ પ્રમાણે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** દિવસવડે બનેલું દૈવસિક કહેવાય. દૈવસિક પ્રતિક્રમણમાં, એ જ પ્રમાણે રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને વાર્ષિક પ્રતિક્રમણમાં. અહીં વર્ષવડે બનેલું તે વાર્ષિક અર્થાત્ સાંવત્સરિક એમ જાણવું. આ દૈવસિક વિગેરે પાંચે પ્રતિક્રમણોમાં દરેક પ્રતિક્રમણમાં ત્રણ પ્રકારો જાણવા. કેવી રીતે ત્રણ પ્રકારો ? તે કહે છે – સામાયિકને કરીને કાયોત્સર્ગ કરવો (અર્થાત્ કરેમિ ભંતે ! સૂત્ર બોલીને 'सयणासणण्ण'નો જે કાયોત્સર્ગ કરાય છે તે પ્રથમ પ્રકાર.) સામાયિકને જ કરીને પ્રતિક્રમણ (અર્થાત્ કરેમિ ભંતે ! સૂત્ર બોલીને पगामसिज्जाए સૂત્ર બોલવું તે બીજો પ્રકાર.) અને સામાયિકને જ કરીને ફરી કાયોત્સર્ગ કરવો (અર્થાત્ કરેમિ ભંતે ! બોલ્યા પછી સાંજના પ્રતિક્રમણમાં બે લોગસ્સ, એક લોગસ્સ અને એક લોગસ્સનો જે કાયોત્સર્ગ થાય છે તે ત્રીજો પ્રકાર) જાણવો. અહીં તીર્થની શરૂઆત દિવસથી થઇ (દિવસે તીર્થની સ્થાપના થઇ હોવાથી)અને દિવસ પ્રધાન હોવાથી (અર્થાત્ પાક્ષિક પણ દિવસે જ હોય છે, ચાતુર્માસિક પણ દિવસે અને સાંવત્સરિક પણ દિવસે જ હોય છે. જ્યારે રાત્રિએ પાક્ષિક વિગેરે હોતા નથી માટે દિવસની પ્રધાનતા હોવાથી इति चूर्णौ ) પાંચે પ્રતિક્રમણોમાં પ્રથમ દૈવસિક પ્રતિક્રમણ ગ્રહણ કર્યું છે. ॥૧૫૦૩॥ અહીં શિષ્ય પ્રશ્ન કરે છે ➪

सज्झायझाणतवओसहेसु उवएसथुइपयाणेसु ।
संतगुणकित्तणेसु अ न हुंति पुणरुत्तदोसा उ ॥१५०६॥

व्याख्या–'आदिमकाउस्सग्गे' इति प्रथमकायोत्सर्गे कृत्वा सामायिकमिति योगः 'पडिक्कमं ताव बितियं काउं सामाइयं'ति योगः, ता किं करेह तइयं च सामाइयं पुणोऽवि उस्सग्गे' यः प्रतिक्रान्तोपरीति गाथार्थः ॥१५०४॥ चालना चेयम्, अत्रोच्यते–'समभावंमि' गाहा व्याख्या–इह समभावस्थितस्य भावप्रतिक्रमणं भवति नान्यथा, ततश्च समभावे–रागद्वेषमध्यवर्त्तिनि स्थित आत्मा यस्यासौ स्थितात्मा, 'उस्सग्गं करिय तो पडिक्कमति' दिवसातिचारपरिज्ञानाय कायोत्सर्गं कृत्वा गुरोरतिचारजालं निवेद्य तत्प्रदत्तप्रायश्चित्तः समभावपूर्वकमेव ततः प्रतिक्रामति, 'एमेव य समभावे ठितस्स ततियं तु उस्सग्गे' एवमेव च समभावे व्यवस्थितस्य सतश्चारित्रशुद्धिरपि भवतीतिकृत्वा तृतीयकं सामायिकं कायोत्सर्गे प्रतिक्रान्तोत्तरकालभाविनि क्रियत इति गाथार्थः ॥१५०५॥ प्रत्यवस्थानमिदमथवा–'सज्झायझाण' गाहा, व्याख्या निगदसिद्धा ॥१५०६॥

इदानीं 'जो मे देवसिओ अइयारो कओ' इत्यादि सूत्रमधो व्याख्यातत्वादनादृत्य 'तस्स मिच्छा मि दुक्कडं'ति सूत्रावयवं व्याचिख्यासुराह –

मित्ति मिउमद्दवत्ते छत्ति अ दोसाण छायणे होइ ।
मित्ति य मेराइ ठिओ दुत्ति दुगुंछामि अप्पाणं ॥१५०७॥

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** સામાયિક કરીને પ્રથમ કાયોત્સર્ગ કર્યો. ત્યાર પછી બીજી વાર સામાયિક કરીને પ્રતિક્રમણ કર્યું. એ પ્રમાણે (મૂળમાં રહેલા શબ્દોને બદલી) અન્વય કરવો. હવે પ્રતિક્રાન્તોપરી = પ્રતિક્રમણ કર્યા બાદ જે કાયોત્સર્ગ કરવાનો છે તે કાયોત્સર્ગ કરતા પહેલા પણ ત્રીજી વારનું સામાયિક શા માટે કરવાની જરૂર છે ? ॥૧૫૦૪॥ આ ચાલના = શિષ્યનો પ્રશ્ન છે.

**સમાધાન :** જે સમભાવમાં રહેલો છે તેનું ભાવપ્રતિક્રમણ થાય છે. જે સમભાવમાં નથી તેનું ભાવપ્રતિક્રમણ થતું નથી. અને તેથી જે સાધુએ પોતાનો આત્મા રાગ–દ્વેષના મધ્યમાં રહેલા એવા સમભાવમાં સ્થાપિત કર્યો છે (= જે સાધુ મધ્યસ્થ બન્યો છે) તે સાધુ દિવસસંબંધી અતિચારોને જાણવા માટે કાયોત્સર્ગ કરીને, ગુરુને અતિચારસમૂહનું નિવેદન કરીને ગુરુવડે અપાયેલ પ્રાયશ્ચિત્તવાળો ત્યાર પછી સમભાવપૂર્વક જ પ્રાયશ્ચિત્તને વહન કરતો અતિચારોથી પાછો ફરે છે. અને આ જ પ્રમાણે સમભાવમાં રહેલાને ચારિત્રશુદ્ધિ પણ થતી હોવાથી પ્રતિક્રમણ કર્યા પછી થનારા કાયોત્સર્ગ પહેલાં ત્રીજું સામાયિક કરવાનું છે. ॥૧૫૦૫॥ આ પ્રત્યવસ્થાન = ઉત્તર જાણવો.

અથવા સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ, દાન અને સદ્ભૂત ગુણોનું કીર્તન આ બધું વારંવાર કરવા છતાં (જેમ) પુનરુક્ત દોષ લાગતો નથી. (તેમ સામાયિકનું પણ વારંવાર ઉચ્ચાર કરવામાં પુનરુક્ત દોષ નથી.) ॥૧૫૦૬॥

**અવતરણિકા :** 'जो मे देवसिओ अइयारो कओ' વિગેરે સૂત્ર પૂર્વે કહી દીધું હોવાથી તેને છોડીને હવે 'तस्स मिच्छा मि दुक्कडं' સૂત્રાવયવની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

कत्ति कडं मे पावं डत्तिय डेवेमि तं उवसमेणं ।
एओ मिच्छाउक्कडपयक्खरत्थो समासेणं ॥१५०८॥

इदं गाथायुगलकं यथा सामायिकाध्ययने व्याख्यातं तथैव द्रष्टव्यमिति ॥१५०७–८॥

साम्प्रतं 'तस्योत्तरीकरणेने'ति सूत्रावयवं विवृण्वन्नाह –

खंडियविराहियाणं मूलगुणाणं सउत्तरगुणाणं ।
उत्तरकरणं कीरइ जह सगडरहंगगेहाणं ॥१५०९॥
पावं छिंदइ जम्हा पायच्छित्तं तु भन्नई तेणं ।
पाएण वावि चित्तं विसोहए तेण पच्छित्तं ॥१५१०॥
दव्वे भावे य दुहा सोही सल्लं च इक्कमिक्कं तु ।
सव्वं पावं कम्मं भामिज्जइ जेण संसारे ॥१५११॥

व्याख्या–'खण्डितविराधितानां' खण्डिताः–सर्वथा भग्ना विराधिताः–देशतो भग्ना मूलगुणानां–प्राणातिपातादिविनिवृत्तिरूपाणां सह उत्तरगुणैः–पिण्डविशुद्ध्यादिभिर्वर्तत इति सोत्तरगुणास्तेषामुत्तरकरणं क्रियते, आलोचनादिना पुनः संस्करणमित्यर्थः, दृष्टान्तमाह–यथा शकटरथाङ्गगेहानां–★वहित्रचक्रगृहाणामित्यर्थः, तथा च शकटादीनां खण्डितविराधितानां अक्षावलिकादिनोत्तरकरणं क्रियत इति गाथार्थः ॥१५०९॥ अधुना 'प्रायश्चित्तकरणेने'ति सूत्रावयवं

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ બંને ગાથાઓનો અર્થ જે પ્રમાણે સામાયિક અધ્યયનમાં (ભા. ૩ ગા. ૯૮૬–૯૮૭માં) આપેલ છે તે પ્રમાણે અહીં જાણવો. ||૧૫૦૭–૮||

અવતરણિકા : હવે 'तस्योत्तरीकरणेन' સૂત્રાવયવનું વિવરણ કરતા કહે છે ➪

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : ખંડિત = સર્વથા ભંગાયેલા, વિરાધિત = દેશથી ભંગાયેલા, પ્રાણાતિપાતાદિથી વિનિવૃત્તિ એ મૂળગુણો જાણવા. પિંડવિશુદ્ધિ વિગેરે ઉત્તરગુણો જાણવા. આ પિંડવિશુદ્ધિ વિગેરે ઉત્તરગુણો સાથે જે રહેલા છે તે મૂલગુણો સોત્તરગુણ કહેવાય છે. સંપૂર્ણ અર્થ આ પ્રમાણે – ખંડિત અને વિરાધિત થયેલા ઉત્તરગુણ સહિતના મૂળગુણોનું ઉત્તરકરણ કરાય છે અર્થાત્ આલોચના વિગેરેદ્વારા તેઓનું સંસ્કરણ કરાય છે. આ વિષયમાં દૃષ્ટાન્ત કહે છે કે જેમ ગાડું, રથાંગ = ચક્ર અને ઘરોનું, અર્થાત્ જેમ ખંડિત – વિરાધિત એવા ગાડાં વિગેરેનું અક્ષ = પૈડું, આવલિકા (= પૈડામાં રહેલા આરા) વિગેરેદ્વારા ઉત્તરકરણ કરાય છે. (ટૂંકમાં જેમ ગાડું ભાંગ્યુ હોય તો પૈડું વગેરે લગાડવાદ્વારા, રથાંગ = ગાડાનું પૈડું, તે તૂટ્યુ હોય તો તેમાં આરા લગાડવાદ્વારા, અને ઘર તૂટ્યું હોય તો તેનું સમારકામ કરાવવાદ્વારા ઉત્તરકરણ કરાય છે. તેમ ખંડિત–વિરાધિત એવા મૂળ–ઉત્તરગુણોનું આલોચના વિગેરેદ્વારા ઉત્તરકરણ = સંસ્કરણ કરાય છે.) ||૧૫૦૯||

★ 'गन्त्री' - पूर्वमुद्रिते ।

व्याचिख्यासुराह–'पावं' गाहा, व्याख्या–पापं–कर्मोच्यते तत् पापं छिनत्ति यस्मात् कारणात् प्राकृतशैल्या 'पायच्छित्तं'ति भण्यते तेन कारणेन, संस्कृते तु पापं छिनत्तीति पापच्छिदुच्यते, प्रायसो वा चित्तं–जीवं शोधयति–कर्ममलिनं विमलीकरोति तेन कारणेन प्रायश्चित्तमुच्यते, प्रायो वा–बाहुल्येन चित्तं स्वेन स्वरूपेण अस्मिन् सतीति प्रायश्चित्तं, प्रायोग्रहणं संवरादेरपि तथाविधचित्तसद्भावादिति गाथार्थः ॥१५१०॥ अधुना 'विशोधिकरणे'त्यादिसूत्रावयवव्याचिख्यासयाऽऽह–'दव्वे भावे य दुहा सोही' गाहा–द्रव्यतो भावतश्च द्विविधा शुद्धिः शल्यं च, 'एक्कमेक्कं तु'त्ति एकैकं शुद्धिरपि द्रव्यभावभेदेन द्विधा, शल्यमपीत्यर्थः। तत्र द्रव्यशुद्धिः ऊषादिना वस्त्रादेर्भावशुद्धिः प्रायश्चित्तादिनाऽऽत्मन एव, द्रव्यशल्यं कण्टकशिलीमुखफलादि, भावशल्यं तु मायादि, सर्वं ज्ञानावरणीयादि कर्म पापं वर्त्तते, किमिति ?–भ्राम्यते येन कारणेन तेन कर्मणा जीवः संसारे–तिर्यग्नरनारकामरभवानुभवलक्षणे, तथा च दग्धरज्जुकल्पेन भवोपग्राहिणाऽल्पेनापि सता केवलिनोऽपि न मुक्तिमासादयन्तीति दारुणं संसारभ्रमणनिमित्तं कर्मेति गाथार्थः ॥१५११॥

साम्प्रतम् 'अन्यत्रोच्छ्वसितेने'त्यवयवं विवृणोति –

---

હવે 'प्रायश्चित्तकरणेन' સૂત્રાવયવની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – પાપ એટલે કર્મ. જે કારણથી તે પાપને છેદે છે = નાશ કરે છે તે કારણથી પ્રાકૃતશૈલીથી 'पायच्छित्त' કહેવાય છે. સંસ્કૃતમાં આ પ્રમાણે જાણવું – પાપને છેદે છે માટે 'पापच्छित्' કહેવાય છે. (પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં અર્થ એક જ છે માત્ર શબ્દ ફેરફાર જાણવો.) અથવા પ્રાયઃ કરીને ચિત્તને = જીવને શુદ્ધ કરે છે અર્થાત્ કર્મથી મલિન થયેલા જીવને પ્રાયઃ કરીને નિર્મલ કરે છે તે કારણથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે. અથવા જેની હાજરીમાં ચિત્ત પ્રાયઃ સ્વસ્વરૂપમાં (સ્થિર થાય છે) તે પ્રાયશ્ચિત્ત. અહીં પ્રાયશ્ચિત્તથી જ ચિત્ત સ્વસ્વરૂપવાળું થાય એવું નથી પણ સંવર વિગેરેદ્વારા પણ સ્વસ્વરૂપવાળા એવા ચિત્તની પ્રાપ્તિ થતી હોવાથી 'પ્રાયઃ' શબ્દ જણાવેલ છે. (અર્થાત્ સંવર વિગેરેથી આવું ચિત્ત પ્રાપ્ત થાય પરંતુ મોટા ભાગે પ્રાયશ્ચિત્તથી થાય છે. તેથી 'પ્રાય' શબ્દ જણાવેલ છે.) **॥૧૫૧૦॥**

હવે 'विशोधिकरण' વિગેરે સૂત્રના અવયવની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે – દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે શુદ્ધિ અને શલ્ય જાણવું; એટલે કે શુદ્ધિ પણ દ્રવ્ય–ભાવ એમ બે પ્રકારે અને શલ્ય પણ બે પ્રકારે છે. તેમાં વસ્ત્ર વિગેરેની ઉષ (= ખારવિશેષ) વિગેરેદ્વારા જે શુદ્ધિ તે દ્રવ્યશુદ્ધિ. આત્માની જ પ્રાયશ્ચિત્ત વિગેરેદ્વારા જે શુદ્ધિ તે ભાવશુદ્ધિ જાણવી. દ્રવ્યશલ્ય તરીકે કાંટો, બાણનો અગ્રભાગ (शिलीमुख = બાણ, शिलीमुखफल = બાણનો અગ્રભાગ.) અને માયા વિગેરે ભાવશલ્ય તરીકે જાણવા. (હવે 'पावाणं कम्माणं' શબ્દની નિર્યુક્તિ જણાવે છે–) જ્ઞાનાવરણીયાદિ બધા કર્મો પાપરૂપ છે. શા માટે ? તે કહે છે – જે કારણથી તે કર્મના કારણે જીવ તિર્યંચ, નર, નારક અને દેવભવના અનુભવરૂપ સંસારમાં ભમે છે. એટલું જ નહીં પણ બળી ગયેલા દોરડા જેવા અઘાતિકર્મો કે જે ઘણા ઓછા હોવા છતાં પણ કેવલિ જેવા કેવલિને પણ મુક્તિપદ પામવા દેતા નથી. તેથી કર્મ એ સંસારભ્રમણનું ભયંકર નિમિત્ત છે. **॥૧૫૧૧॥**

**અવતરણિકા :** હવે 'अन्यत्रोच्छ्वासितेन' અવયવનું વિવરણ કરે છે ⇨

उस्सासं न निरुंभइ आभिग्गहिओवि किमुअ चिट्ठा उ ? ।
सज्जमरणं निरोहे सुहुमुस्सासं तु जयणाए ॥१५१२॥
कासखुअजंभिए मा हु सत्थमणिलोऽनिलस्स तिव्वुण्हो ।
असमाही य निरोहे मा मसगाई अ तो हत्थो ॥१५१३॥
वायनिसग्गुड्डोए जयणासद्दस्स नेव य निरोहो ।
उड्डोए वा हत्थो भमलीमुच्छासु य निवेसो ॥१५१४॥
वीरियसजोगयाए संचारा सुहुमबायरा देहे ।
बाहिं रोमंचाई अंतो खेलाणिलाईया ॥१५१५॥
आलोअचलं चक्खू मणुव्व तं दुक्करं थिरं काउं ।
रूवेहिं तयं खिप्पइ सभावओ वा सयं चलइ ॥१५१६॥
न कुणइ निमेसजत्तं तत्थुवओगे ण झाण झाइज्जा ।
एगनिसिं तु पवन्नो झायइ साहू अणिमिसच्छोऽवि ॥१५१७॥
अगणीउच्छिंदिज्ज व बोहियखोभाइ दीहडक्को वा ।
आगारेहिँ अभग्गो उस्सग्गो एवमाईहिं ॥१५१८॥

ऊद्ध्र्वः प्रबलो वा श्वास उच्छ्वासः तं 'न निरुंभइ'त्ति न निरुणद्धि 'आभिग्गहिओवि' अभिगृह्यत इति अभिग्रहः अभिग्रहेण निर्वृत्त आभिग्रहिकः–कायोत्सर्गस्तदव्यतिरेकात् तत्कर्त्ताऽप्याभिग्रहिको भण्यते, असावप्यभिभवकायोत्सर्गकार्यपीत्यर्थः, 'किमुत चेट्ठा उ'त्ति किं पुनश्चेष्टाकायोत्सर्गकारी, स तु सुतरां न निरुणद्धि इत्यर्थः, किमित्यत आह–'सज्जमरणं निरोहे'त्ति सद्योमरणं निरोधे उच्छ्वासस्य, ततश्च 'सुहुमुस्सासं तु जयणाए'त्ति सूक्ष्मोच्छ्वासमेव यतनया मुञ्चति, नोल्बणं, मा भूत् सत्त्वघात इति गाथार्थः ॥१५१२॥ अधुना 'कासिते'त्यादिसूत्रा-

---

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઊંચો અથવા પ્રબળ એવો જે શ્વાસ તે ઉચ્છ્વાસ. આ ઉચ્છ્વાસને અટકાવતો નથી. (કોણ ? તે કહે છે–) જે ગ્રહણ કરાય તે અભિગ્રહ. તે અભિગ્રહવડે બનેલ આભિગ્રહિક અર્થાત્ કાયોત્સર્ગ. તે કાયોત્સર્ગ સાથે તેના કર્તાનો અભેદ હોવાથી કર્તા પણ આભિગ્રહિક કહેવાય છે. તેથી આ અભિભવકાયોત્સર્ગને કરનારો એવો પણ સાધુ ઉચ્છ્વાસને અટકાવતો નથી તો, ચેષ્ટાકાયોત્સર્ગને કરનારાની શું વાત કરવી ? અર્થાત્ તે તો સુતરાં અટકાવતો નથી. શા માટે અટકાવતો નથી ? – જો ઉચ્છ્વાસને અટકાવવા જાય તો તરત મરણ થાય. તેથી (હવે જે ઉચ્છ્વાસ લીધો જ છે તેને જ્યારે છોડવો છે ત્યારે) કાયોત્સર્ગ દરમિયાન યતનાથી સાધુ ઉચ્છ્વાસને છોડે છે, પરંતુ વાયુકાય વિગેરે જીવોનો ઘાત થાય નહીં તે માટે જોરથી છોડતો નથી. ॥**૧૫૧૨**॥

હવે कासिक વિગેરે સૂત્ર–અવયવના અર્થને પ્રગટ કરવાની ઇચ્છાથી કહે છે – અહીં કાયોત્સર્ગમાં

वयवर्थप्रचिकटयिषयेदमाह–'कासखुयजंभिए' गाहा व्याख्या–इह कायोत्सर्गे कासक्षुतजृम्भितादीनि यतनया क्रियन्ते, किमिति ?–'मा हु सत्थमणिलोऽणिलस्स तिव्वुण्हो'त्ति मा शस्त्रं भविष्यति कासितादिसमुद्भवोऽनिलो–वायुरनिलस्य–बाह्यस्य वायोः, किंभूतः ?–तीव्रोष्णः, बाह्यानिलापेक्षया अत्युष्ण इत्यर्थः । न च न क्रियन्ते न च निरुध्यन्त एव 'असमाही य निरोहे'त्ति असमाधिश्च चशब्दात् मरणमपि सम्भाव्यते कासितादिनिरोधे सति, 'मा मसगाई'त्ति मा मसकादयश्च कासितादिसमुद्भवपवनश्लेष्माभिहता मरिष्यन्ति जृम्भिते वा वदनप्रवेशं करिष्यन्ति ततो हस्तोऽग्रतो दीयत इति यतनेयमिति गाथार्थः ॥१५१३॥ आह–निःश्वसितेनेति सूत्रावयवो न व्याख्यायते इति किमत्र कारणम् ?, उच्यते, उच्छ्वसितेन तुल्ययोगक्षेमत्वादिति, इदानीम् 'उद्गारितेने'त्यादिसूत्रावयवव्याचिख्यासयाऽऽह–वातनिसर्गः–उक्तस्वरूप उद्गारोऽपि, तत्रायं विधिः–यतना शब्दस्य क्रियते न निसृष्टं मुच्यत इति, 'नेव य निरोहो'त्ति नैव च निरोधः क्रियते, असमाधिभावादेव, उद्गारे वा हस्तोऽन्तरे दीयत इति 'भमलीमुच्छासु य निवेसो' मा सहसापतितस्यात्मविराधना भविष्यतीति गाथार्थः ॥१५१४॥ साम्प्रतं 'सूक्ष्मैरङ्गसञ्चारै'रित्यादिसूत्रावयवव्याचिख्यासयाऽऽह–वीर्यसयोगतया

ઉધરસ, છીંક, બગાસુ વિગેરે યતનાદ્વારા કરાય છે. શા માટે યતના કરવાની ? – ઉધરસ વિગેરેથી ઉત્પન્ન થયેલ અચિત્તવાયુ બહાર રહેલા સચિત્તવાયુનું શસ્ત્ર ન બને તે માટે યતનાપૂર્વક ઉધરસ વિગેરે કરવાના હોય છે. ઉધરસ વિગેરેથી બહાર નીકળેલો વાયુ કેવા પ્રકારનો હોય છે ? તે કહે છે કે બાહ્ય વાયુની અપેક્ષાએ અત્યંત ઉષ્ણ હોય છે. (તેથી તે બહાર રહેલ વાયુ માટે શસ્ત્ર બને છે.) અને તે ઉધરસ વિગેરે ન ખવાય એવું બની શકતુ નથી કે તેઓનો નિરોધ પણ કરી શકાય નહીં, કારણ કે ઉધરસ વિગેરેને અટકાવવામાં અસમાધિ અને 'च' શબ્દથી મરણનો સંભવ છે. વળી ઉધરસ વિગેરેને કારણે બહાર નીકળેલા પવન, શ્લેષ્મ વિગેરેથી હણાયેલા મચ્છર વિગેરે જીવો મરે નહીં અથવા બગાસુ ખાવામાં તે મચ્છર વિગેરે મોંમાં પ્રવેશે નહીં તે માટે ઉધરસ, છીંક વિગેરે ખાતી વખતે મોં આગળ હાથ રાખવો જોઈએ. આ તેની યતના છે. ।।૧૫૧૩।।

**શંકા :** 'निःश्वसितेन' આ સૂત્રાવયવની તમે વ્યાખ્યા ન કરી તેમાં શું કારણ છે ?

**સમાધાન :** 'उच्छ्वसितेन' સાથે આ સૂત્રાવયવનો તુલ્ય યોગક્ષેમ છે (અર્થાત્ નિઃસ્વાસના અનિરોધ, યતના વિગેરે ઉચ્છ્વાસ પ્રમાણે જ જાણવાના છે.) હવે उद्गारितेन' વિગેરે સૂત્રાવયવને કહેવાની ઇચ્છાથી કહે છે – વાતનિસર્ગ અને ઉદ્ગાર બંનેનું સ્વરૂપ પૂર્વે કહી દીધું છે. તેમાં વિધિ આ પ્રમાણે જાણવી – જ્યારે વાછૂટ કે ઓડકાર આવે ત્યારે શબ્દની યતના કરવી જોઇએ અર્થાત્ જોરથી અવાજ થાય એ રીતે વાછૂટાદિ કરવા જોઇએ નહીં. તથા અસમાધિ થવાના કારણે જ વાછૂટાદિને અટકાવવા પણ નહીં. અથવા ઓડકાર આવે ત્યારે મોં ઉપર હાથ મૂકવો. ચક્કર કે મૂર્ચ્છા આવવાની હોય તો તરત બેસી જવું કે જેથી અચાનક પડી જવાથી આત્મવિરાધના થાય નહીં. ।।૧૫૧૪।।

હવે सूक्ष्मैरङ्गसञ्चारैः વિગેરે સૂત્રના અવયવોને કહેવાની ઇચ્છાથી કહે છે – યોગસહિતના વીર્યને કારણે જ શરીરમાં સૂક્ષ્મ–બાદર હલનચલન અવશ્ય થયા જ કરે છે. અહીં વીર્યાન્તરાયકર્મના

कारणेन संचाराः सूक्ष्मबादरा देहे अवश्यंभाविनो, वीर्यं वीर्यान्तरायक्षयोपशमक्षयजं खल्वात्मपरिणामो भण्यते योगास्तु–मनोवाक्कायास्तत्र वीर्यसयोगतयैवातिचाराः सूक्ष्मबादरा भवन्ति न केवलात् वीर्यादिति देह एव च सति भवति नादेहस्य, तत्र 'बाहिं रोमंचादि' बही रोमञ्चादय आदिशब्दादुत्कम्पग्रहः 'अन्तो खेलानिलादीया' अन्तः–मध्ये सूक्ष्माः श्लेष्मानिलादयो विचरन्तीति गाथार्थः ॥१५१५॥ अधुना 'सूक्ष्मैर्दृष्टिसञ्चारै'रिति सूत्रावयवं व्याख्यानयति–अवलोकनमवलोकस्तस्मिन्नवलोके चलं अवलोकचलं दर्शनलालसमित्यर्थः, किं ?–चक्षुः–नयनं, यतश्चैवमतो मनोवद्–अन्तःकरणमिव तच्चक्षुर्दुष्करं स्थिरं कर्तुं, न शक्यत इत्यर्थः, यतो रूपैस्तदाक्षिप्यते स्वभावतो वा–स्वभावेन वा नैसर्गिकेण स्वयं चलति, आत्मनैव चलतीति गाथार्थः ॥१५१६॥ यस्मादेवं तस्मात् न करोति निमेषयत्नं कायोत्सर्गकारी, किमिति ?–'तत्थुवओगे ण झाण झाएज्ज'त्ति तत्र–निमेषयत्ने य उपयोगस्तेन सता मा न ध्यानं ध्यायेत् अभिप्रेतमिति, 'एगनिसं तु पवन्नो झायइ साहू अणिमिसच्छोऽवि' एकरात्रिकीं तु प्रतिमां प्रतिपन्नो महासत्त्वो ध्यायति समर्थः अनिमेषाक्षोऽपि–अनिमिषे अक्षिणी यस्य सः अनिमिषाक्षः निश्चलनयन इति गाथार्थः ॥१५१७॥ अधुना एवमादिभिराकारैरित्यादिसूत्रावयवव्याचिख्यासुराह–'अगणि'त्ति यदा ज्योतिः

---

ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ આત્મપરિણામ વીર્ય કહેવાય છે. યોગ તરીકે મન–વચન અને કાયા જાણવા. યોગસહિતના વીર્યથી જ સૂક્ષ્મ–બાદર અતિચારો થાય છે પરંતુ એકલા વીર્યથી નહીં. અને દેહ હોય તો જ અતિચાર થાય છે પરંતુ દેહવિનાનાને અતિચાર સંભવતા નથી. તેમાં બાહ્ય હલનચલન તરીકે રૂંવાટા ઊભા થવા, આદિશબ્દથી કંપન થવું. અને શરીરની અંદર સૂક્ષ્મ એવા શ્લેષ્મ, વાયુ વિગેરે હલનચલન કરે છે. ॥**૧૫૧૫**॥

હવે 'सूक्ष्मैर्दृष्टिसञ्चारैः' સૂત્રાવયવનું વ્યાખ્યાન કરે છે – જોવું તે અવલોક. તેને વિશે ચંચળ તે અવલોકચંચળ અર્થાત્ તે–તે વસ્તુ જોવાની લાલસાવાળી, આવી કોણ છે ? તે કહે છે – ચક્ષુ એટલે કે આંખો, જે કારણથી આંખો આવી લાલસાવાળી છે તે કારણથી તે આંખોને સ્થિર કરવી તે મનની જેમ દુષ્કર છે, અર્થાત્ સ્થિર રાખવી શક્ય નથી, કારણ કે કાંતો તે આંખો રૂપવડે ખેંચાય છે અથવા સ્વભાવથી સ્વયં પોતે જ પોતાની મેળે હલ્યા કરે છે. ॥**૧૫૧૬**॥

કાયોત્સર્ગને કરનારો સાધુ નિમેષના = પલકારાના યત્નને = ન થવારૂપ યત્નને કરતો નથી. (અર્થાત્ આંખના પલકારા ન થાય તેની કાળજી સાધુ કરતો નથી.) શા માટે નથી કરતો ? – જો સાધુ નિમેષના યત્નમાં ઉપયોગ રાખવા જાય તો ઇચ્છિત ધ્યાન કરી શકે નહીં. જ્યારે જે સાધુએ એક–રાત્રિકી પ્રતિમાને સ્વીકારેલી છે તે મહાસત્ત્વશાળી સમર્થ હોવાથી અનિમેષ આંખોવાળો એટલે કે આંખોને સ્થિર રાખીને ધ્યાન કરે છે. ॥**૧૫૧૭**॥

હવે एवमादिभिराकारैः વિગેરે સૂત્રાવયવનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – (અન્નત્થ સૂત્રમાં ઉચ્છ્વાસ વિગેરે જે અપવાદો કહ્યા તે અને 'एवमादिहिं' શબ્દના આદિશબ્દથી બીજા ચાર અપવાદો પણ લેવાના છે તે કયા ? તે કહે છે –) જો અગ્નિ સ્પર્શતો હોય એટલે કે

स्पृशति तदा प्रावरणाय कल्पग्रहणं कुर्वतोऽपि न कायोत्सर्गभङ्गः, आह–नमस्कारमेवाभिधाय किमिति तद्ग्रहणं न करोति ? येन तद्भङ्गो न भवति, उच्यते, नात्र नमस्कारपारणमेवाविशिष्टं कायोत्सर्गमानं क्रियते, किं तु यो यत्परिमाणो यत्र कायोत्सर्ग उक्तस्तत ऊर्ध्वं परिसमाप्तेऽपि तस्मिन्नमस्कारमपठतो भङ्ग इत्यर्थः, अपरिसमाप्तेऽपि च पठतो भङ्ग एव, स चात्र न भवतीति, एवं सर्वत्र भावनीयं, 'उच्छिंदिज्ज व'त्ति मार्जारीमूषकादिभिर्वा पुरतो यायात्, तत्राप्यग्रतः सरतो न कायोसर्गभङ्गः, 'बोहियखोभाइ'त्ति बोधिकाः–स्तेनकास्तेभ्यः क्षोभः–संभ्रमः, आदिशब्दाद्राजादिक्षोभः परिगृह्यते, तत्रास्थानेऽप्युच्चारयतोऽनुच्चारयतो वा न कायोत्सर्गभङ्गो 'दीहडक्को वे'ति सर्पदष्टे चात्मनि परे वा साधौ सहसा–अकाण्ड एवोच्चारयतस्तथैव, आक्रियन्त इत्याकारास्तैराकारैरभग्नः स्यात् कायोत्सर्ग एवमादिभिरिति गाथार्थः ॥१५१८॥

अधुनौघतः कायोत्सर्गविधिप्रतिपादनायाह —

ઉજ્જઇ આવતી હોય ત્યારે ઓઢવા માટે કાંબળીનું ગ્રહણ કરતો હોવા છતાં તેને કાયોત્સર્ગનો ભંગ થતો નથી.

**શંકા :** 'નમો અરિહંતાણં' બોલીને એટલે કે કાયોત્સર્ગને પારીને કાંબળીનું ગ્રહણ કેમ કરતો નથી ? કે જેથી કાયોત્સર્ગનો ભંગ થાય નહીં.

**સમાધાન :** સામાન્યથી 'નમો અરિહંતાણં' બોલવા સુધીનો જ કાયોત્સર્ગ નક્કી કરેલો નથી, પરંતુ જે કાયોત્સર્ગમાં જેટલા પ્રમાણનો કાયોત્સર્ગ કરવાનું કહ્યું છે તે પૂર્ણ થયા પછી 'નમો અરિહંતાણં' નહીં બોલનારને કાયોત્સર્ગનો ભંગ થાય છે. એ જ પ્રમાણે તેટલો કાયોત્સર્ગ પૂર્ણ થયા પહેલા 'નમો અરિહંતાણં'બોલનારને ભંગ જ થાય છે. જ્યારે અહીં પ્રસ્તુતમાં તે પરિમાણવાળો કાયોત્સર્ગ પૂર્ણ થયો નથી. એટલે તેઓ કાયોત્સર્ગ ન પારવા (છતાં કાયોત્સર્ગભંગ થતો નથી.) આ પ્રમાણે બધા આગારોમાં સમજી લેવું.

'उच्छिंदिज्ज वा' અથવા બિલાડી, ઉંદર વિગેરે પંચેન્દ્રિયજીવો આડા ઉતરવાની સંભાવના હોય તે સમયે સાધુ સ્થાપનાચાર્ય પાસે થોડો નજીક આવે તો પણ આગળ સરકતા સાધુને કાયોત્સર્ગનો ભંગ થતો નથી. ચોર વિગેરેથી, આદિશબ્દથી રાજા વિગેરેનો ક્ષોભ લેવો. તેથી ચોર, રાજા વિગેરેનો ભય ઉત્પન્ન થયો હોય તે સમયે કાયોત્સર્ગ પૂર્ણ થયા વિના પણ 'નમો અરિહંતાણં' બોલીને કાયોત્સર્ગ પારે કે બોલ્યા વિના પારે તો પણ કાયોત્સર્ગભંગનો દોષ લાગતો નથી. એ જ પ્રમાણે પોતાને કે બીજા સાધુને સાપ ડંખ મારે ત્યારે કાયોત્સર્ગ પૂર્ણ થયા પહેલાં જ 'નમો અરિહંતાણં' બોલીને પારનારને કાયોત્સર્ગભંગનો દોષ લાગતો નથી. (આ પ્રમાણે 'एवमादिभिः' શબ્દમાં રહેલ આદિશબ્દથી બીજા ચાર અપવાદો બતાવ્યા. હવે 'आगारेहिं' – આગારશબ્દનો અર્થ કરે છે –) જે ગ્રહણ કરાય તે આગાર એટલે કે કાયોત્સર્ગ માટેના અપવાદ સ્થાનો. આવા બધા પ્રકારના અપવાદોવડે કાયોત્સર્ગ અભગ્ન થાય, અર્થાત્ આ અપવાદો હોવા છતાં પણ કાયોત્સર્ગનો ભંગ થાય નહીં. **॥૧૫૧૮॥**

**અવતરણિકા :** હવે સામાન્યથી કાયોત્સર્ગની વિધિનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ते पुण ससूरिए चिय पासवणुच्चारकालभूमीओ ।
पेहित्ता अत्थमिए ठंतुस्सग्गं सए ठाणे ॥१५१९।
जइ पुण निव्वाघाए आवासं तो करिंति सव्वेवि ।
सड्ढाइकहणवाघाययाए पच्छा गुरू ठंति ॥१५२०॥
सेसा उ जहासत्तिं आपुच्छित्ताण ठंति सट्ठाणे ।
सुत्तत्थसरणहेउं आयरिएँ ठियंमि देवसियं ॥१५२१॥
जो हुज्ज उ असमत्थो बालो वुड्ढो गिलाण परितंतो ।
सो विकहाइविरहिओ झाइज्जा जा गुरू ठंति ॥१५२२॥
जा देवसिअं दुगुणं चिंतइ गुरू अहिंडओऽचिट्ठं ।
बहुवावारा इअरे एगगुणं ताव चिंतंति ॥१५२३॥
पव्वइयाण व चिट्ठं नाऊण गुरू बहुं बहुविहीअं ।
कालेण तदुचिएणं पारेइ थेवचिट्ठोऽवि ॥१५२४॥
नमुक्कारचउवीसगकिइकम्मालोअणं पडिक्कमणं ।
किइकम्मदुरालोइअ दुप्पडिक्कंते य उस्सग्गो ॥१५२५॥
एस चरित्तुस्सग्गो दंसणसुद्धीइ तइयओ होइ ।
सुअनाणस्स चउत्थो सिद्धाण थुई अ किइकम्मं ॥१५२६॥

व्याख्या–ते पुनः–कायोत्सर्गकर्त्तारः साधवः ससूर्य एव दिवसे प्रश्रवणोच्चारकालभूमीः प्रत्युपेक्षन्ते, द्वादश प्रश्रवणभूमयः आलयपरिभोगान्तः षट् षट् बहिः, एवमुच्चारभूमयोऽपि द्वादश, प्रमाणं चासां तिर्यग् जघन्येन हस्तमात्रमधश्चत्वार्यङ्गुलानि अचेतनं, उत्कृष्टतस्तु स्थण्डिलं द्वादश योजनमानं, न च तेनाधिकारः, तिस्रस्तु कालभूमयः–कालमण्डलाख्याः, यावच्चैनमन्यं च श्रमणयोगं कुर्वन्ति कालवेलायां तावत् प्रायसोऽस्तमुपयात्येव सविता ततश्च 'अत्थमिए ठंति

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** કાયોત્સર્ગને કરનારા સાધુઓ સૂર્યાસ્ત પહેલાં જ લઘુનીતિ – વડીનીતિ માટેની ભૂમિઓ જોઈ લે છે. તેમાં બાર ભૂમિઓ માત્રુ માટે જોવાની. તે આ પ્રમાણે કે છ ભૂમિઓ ઉપાશ્રયની અંદર અને છ ભૂમિઓ ઉપાશ્રયની બહાર. આ જ પ્રમાણે વડીનીતિ માટેની પણ બાર ભૂમિઓ અંદર–બહાર જોવી. જે ભૂમિ જોવાની છે તેનું પ્રમાણ આટલું હોવું જોઈએ – તિર્ચ્છું જઘન્યથી એક હાથપ્રમાણ અને નીચે ચાર અંગુલપ્રમાણ અચિત્ત હોય છે અને ઉત્કૃષ્ટથી બાર યોજનપ્રમાણ અચિત્તભૂમિ જાણવી. બારયોજન પ્રમાણ સ્થંડિલભૂમિનું અહીં પ્રયોજન નથી. (અહીં જઘન્યથી જે માન કહ્યું તેટલા પ્રમાણવાળીભૂમિઓ સાધુઓ જુએ છે.) આ ચોવીસ સિવાય બીજી ત્રણ કાલભૂમિઓ એટલે કે કાલમાંડલાની ભૂમિઓ જુવે છે. આટલી ભૂમિઓનું પ્રત્યુપેક્ષણ અને બીજો જે શ્રમણયોગ કરવાનો હોય તે કાલવેલામાં કરે ત્યાં સુધીમાં પ્રાયઃ સૂર્ય અસ્ત પામે છે.

उस्सग्गं सए ठाणे 'त्ति उक्तमन्यथा यस्य यदैव व्यापारपरिसमाप्तिर्भवति स तदैव सामायिकं कृत्वा तिष्ठतीति गाथार्थः ॥१५१९॥ अयं च विधिः केनचित् कारणान्तरेण गुरोर्व्याघाते सति । 'जइ पुण निव्वाघाओ' व्याख्या–यदि पुनर्निर्व्याघात एव सर्वेषामावश्यकं–प्रतिक्रमणं ततः कुर्वन्ति सर्वेऽपि सहैव गुरुणा 'सड्ढादिकहणवाघाययाए पच्छा गुरू ठंति 'त्ति निगदसिद्धमिति गाथार्थः ॥१५२०॥ यदा च पश्चाद् गुरवस्तिष्ठन्ति तदा–'सेसा उ जहासत्ती' गाहा व्याख्या–शेषास्तु साधवो यथाशक्ति–शक्त्यनुरूपं यो हि यावन्तं कालं स्थातुं समर्थः 'ँआपुछित्ताण गुरूं ठंति सट्ठाणे सामायिकं काऊण, किंनिमित्तं ?–'सुत्तत्थसरणहेउं' सूत्रार्थस्मरणनिमित्तं–'आयरिए ठियंमि देवसियं' आयरिए पुरओ ठिए तस्स सामाइयावसाणे देवसियं अइयारं चिंतेंति, अण्णे भणंति–जाहे आयरिओ सामाइयं कड्ढइ ताहे तेवि तहट्ठिया चेव सामाइयसुत्तमणुपेहेंति गुरुणा सह पच्छा देवसियं 'ति गाथार्थः ॥१५२१॥ शेषास्तु यथा शक्तिरित्युक्तं, यस्य कायोत्सर्गेण स्थातुं शक्तिरेव

તેથી સૂર્ય અસ્ત પામ્યા પછી સાધુઓ કાયોત્સર્ગમાં રહે છે. આ સામાન્યથી કહ્યું. બાકી ભૂમિઓનું પ્રત્યુપેક્ષણ વિગેરે કાર્ય જેનું જ્યારે પતે તે સાધુ ત્યારે જ સામાયિક કરીને કાયોત્સર્ગમાં રહે છે. (સૂર્યાસ્ત થયો હોય કે ન થયો હોય કાર્ય પૂર્ણ થતાં કાયોત્સર્ગમાં ઊભા રહે.) ॥૧૫૧૯॥ આ વિધિ જ્યારે કોઈ કારણથી ગુરુને વ્યાઘાત હોય ત્યારની સમજવી. (અર્થાત્ ગુરુ ધર્મકથા વિગેરેમાં વ્યસ્ત હોય તો ગુરુ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી સામાયિક કરીને કાયોત્સર્ગમાં સાધુઓ ઊભા રહે.) જો બધાને કોઈપણ પ્રકારનો વ્યાઘાત ન હોય તો બધા સાધુઓ ગુરુની સાથે જ પ્રતિક્રમણ કરે છે. જો શ્રાવકોને કથા વિગેરે કરવાને કારણે ગુરુને વ્યાઘાત હોય તો ગુરુ પાછળથી આવીને કાયોત્સર્ગમાં રહે છે. ॥૧૫૨૦॥

જો ગુરુ ધર્મકથા વિગેરેમાં વ્યસ્ત હોવાને કારણે પ્રતિક્રમણ માટે મોડા આવવાના હોય તો શેષ સાધુઓ પોતાની શક્તિ અનુસારે અર્થાત્ જેટલો કાળ કાયોત્સર્ગમાં રહેવા માટે સમર્થ હોય તેટલા કાળ સુધી ગુરુને પૂછીને પ્રતિક્રમણ માંડલીમાં પોત–પોતાના સ્થાને સામાયિકસૂત્ર બોલીને કાયોત્સર્ગમાં રહે છે. શા માટે ? – સૂત્ર-અર્થનું સ્મરણ કરવા માટે કાયોત્સર્ગમાં રહે છે. ત્યાર પછી જ્યારે ગુરુ માંડલીમાં આવીને સામાયિક સૂત્ર બોલીને કાયોત્સર્ગમાં રહે ત્યારે શેષ સાધુઓ મનમાં દૈવસિક અતિચારોનું ચિંતન કરે છે. અહીં કેટલાક આચાર્યો એમ કહે છે કે – (તે સાધુઓ સૂત્રાર્થનું સ્મરણ કરતા ત્યાં સુધી કાયોત્સર્ગમાં ઊભા રહે કે જ્યાં સુધી ગુરુ આવે. પછી) જ્યારે આચાર્ય = ગુરુ માંડલીમાં આવીને સામાયિક બોલે ત્યારે કાયોત્સર્ગમાં ઊભેલા સાધુઓ મનમાં સામાયિકસૂત્રનું ધ્યાન કરે છે. ત્યાર પછી ગુરુ અને શેષ સાધુઓ બધા સાથે દૈવસિક અતિચારોનું ચિંતન કરે છે. ॥૧૫૨૧॥

'શેષ સાધુઓ યથાશક્તિ' એ પ્રમાણે પૂર્વની ગા. ૧૫૨૦માં જે કહ્યું. તેમાં જે સાધુની કાયોત્સર્ગમાં

४. आपृच्छ्य गुरून् तिष्ठन्ति स्वस्थाने सामायिकं कृत्वा, किंनिमित्तं ?, सूत्रार्थस्मरणहेतोः । 'आचार्ये स्थिते दैवसिकं'-आचार्ये पुरतः स्थिते तस्य सामायिकावसाने दैवसिकमतिचारं चिन्तयन्ति, अन्ये भणन्ति-यदाऽऽचार्याः सामायिकं कथयन्ति तदा तेऽपि तथास्थिता एव सामायिकसूत्रमनुप्रेक्षन्ते गुरुणा सह पश्चाद्दैवसिकं ।

नास्ति स किं कुर्यादिति तद्गतं विधिमभिधित्सुराह–'जो हुज्ज उ असमत्थो' गाहा व्याख्या–यः कश्चित् साधुर्भवेदसमर्थः कायोत्सर्गेण स्थातुं, स किंभूत इत्याह–बालो वृद्धो ग्लानः 'परितंतो'त्ति परिश्रान्तो गुरुवैयावृत्यकरणादिना असावपि विकथादिविरहितः सन् ध्यायेत् सूत्रार्थं 'जा गुरू ठंति'त्ति यावद् गुरवस्तिष्ठन्ति कायोत्सर्गमिति गाथार्थः ॥१५२२॥ आचार्ये स्थिते दैवसिकमित्युक्तं तद्गतं विधिमभिधित्सुराह–'जा देवसियं दुगुणं चिंतइ' गाहा व्याख्या–निगदसिद्धा, नवरं चेष्टा व्यापाररूपाऽवगन्तव्या, पव्वइयाणं व चिट्ठं णाउण गुरू बहुं बहुविधीयं । कालेण तदुचितेण पारेति थेवचेट्ठो वि ॥१५२३-१५२४॥ 'नमोक्कारचउवीसग' गाहा व्याख्या–'नमोक्कारे'ति काउस्सग्ग-समत्तीए नमोक्कारेण पारेंति नमो अरहंताणंति, 'चउवीसग'त्ति पुणो जेहिं इमं तित्थं देसियं तेसिं तित्थगराणं उसभादीणं चउवीसत्थएणं उक्कित्तणं करेंति, लोगस्सुज्जोयगरेणंति भणियं होति, 'कितिकम्मे'ति तओ वंदिउकामा गुरुं संडासयं पडिलेहित्ता उववि‍संति, ताहे मुहणंतगं पडिलेहिय ससीसोवरियं कायं पमज्जंति, पमज्जित्ता परेण विणएण तिकरणविसुद्धं कितिकम्मं करेंति,

ઊભા રહેવાની શક્તિ જ નથી તે શું કરે ? માટે હવે તેના સંબંધી વિધિ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – જે બાળ, ગ્લાન, વૃદ્ધ, ગુરુવૈયાવચ્ચ કરવા વિગેરેને કારણે થાકી ગયેલો સાધુ છે, તે બધા કાયોત્સર્ગમાં ઊભા રહેવા માટે અસમર્થ હોય તો તેઓ પણ વિકથા વિગેરે વિનાના થયેલા છતાં જ્યાં સુધી ગુરુ આવીને કાયોત્સર્ગમાં ન રહે ત્યાં સુધી સૂત્રાર્થનું ધ્યાન કરે. **॥૧૫૨૨॥**

'આચાર્ય આવ્યા બાદ દૈવસિક' એ પ્રમાણે ૧૨૫૧માં જે કહ્યું તે સંબંધી વિધિને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – ગુરુને ગોચરી વિગેરે માટે બહાર ફરવાનું ન હોવાથી અને પડિલેહણ વિગેરે વ્યાપારરૂપ ચેષ્ટા વિનાના હોવાથી તેઓ જ્યારે દૈવસિક અતિચારો બે વાર ચિંતવે છે ત્યારે શેષ સાધુઓ ઘણા વ્યાપારવાળા હોવાથી એક વાર ચિંતવે છે. **॥૧૫૨૩॥** અથવા સાધુઓની ઘણી, ઘણા પ્રકારની વ્યાપારરૂપ ચેષ્ટાને જાણીને અલ્પચેષ્ટાવાળા એવા પણ ગુરુ તેના ઉચિતકાળે કાયોત્સર્ગને પારે છે. (અર્થાત્ સાધુઓને ચિંતન કરવામાં વધારે વાર લાગવાની જાણીને ગુરુ તે પ્રમાણેના કાળ સુધી કાયોત્સર્ગમાં રહીને પછી પારે.) **॥૧૫૨૪॥**

કાયોત્સર્ગ પૂર્ણ થયા બાદ 'નમો અરિહંતાણં' એ પ્રમાણે નમસ્કારદ્વારા કાયોત્સર્ગ પારે છે. ત્યાર પછી જે તીર્થંકરોએ આ તીર્થની સ્થાપના કરી છે, તે ઋષભ વિગેરે તીર્થંકરોનું ચઉવીસસ્તવદ્વારા કીર્તન કરે છે, અર્થાત્ लोगस्स उज्जोयगरे સૂત્રદ્વારા સ્તવના કરે છે. ત્યાર પછી ગુરુને વંદન કરવાની ઇચ્છાવાળા સાધુઓ સંડાસકનું (સત્તર સંડાસાનું) પ્રમાર્જન કરીને નીચે ઉભડક પગે બેસે છે. ત્યારે મુહપત્તિનું પડિલેહણ કરીને શીર્ષ સહિતની નાભિથી ઉપરની કાયાને મુહપત્તિથી પ્રમાર્જન કરે છે. કાયાનું પ્રમાર્જન કરીને ઉત્કૃષ્ટ વિનયપૂર્વક ત્રિકરણથી શુદ્ધ વંદન (= વાંદણા) કરે છે. કહ્યું છે –

---

५. कायोत्सर्गसमाप्तौ नमस्कारेण पारयंति नमोऽर्हद्भ्य इति, चतुर्विंशतिरिति, पुनर्यैरिदं तीर्थं देशितं तेषां तीर्थकराणामृषभादीनां चतुर्विंशतिस्तवेनोत्कीर्त्तनं कुर्वन्ति, लोकस्योद्योतकरेणेति भणितं भवति, कृतिकर्मेति ततो वन्दितुकामा गुरुं संदंशकान् प्रमार्ज्योपविशन्ति, ततो मुखानन्तकं प्रतिलिख्य सशीर्षमुपरितनं कायं प्रमार्जयन्ति, प्रमृज्य परेण विनयेन त्रिकरणविशुद्धं कृतिकर्म कुर्वन्ति ।

वन्दनकमित्यर्थः, उक्तं च–"[६]आलोयणवागरणासंपुच्छणपूयणाए सज्झाए । अवराहे य गुरूणं विणओ मूलं च वंदणग ॥१॥" मित्यादि 'आलोयणं'ति एवं च वंदित्ता उत्थाय उभयकरगहिय-रओहरणाद्धावणयकाया पुव्वपरिचिंतिए दोसे जहारायणियाए संजयभासाए जहा गुरू सुणेइ तहा पवड्ढमाणसंवेगा भयविप्पमुक्का अप्पणो विशुद्धिनिमित्तमालोयंति, उक्तं च–"विणएण विणयमूलं गंतूणायरियपायमूलंमि । जाणाविज्ज सुविहिओ जह अप्पाणं तह परंपि ॥१॥ कयपावोवि मणुस्सो आलोइय निंदिउ गुरुसगासे । होइ अइरेगलहुओ ओहरियभरोव्व भारवहो ॥२॥ तथा–उप्पण्णाणुप्पन्ना माया अणुमग्गओ निहंतव्वा । आलोयणनिंदणगरहणाहिं ण पुणोत्ति या बितियं ॥३॥ तस्स य पायच्छित्तं जं मग्गविऊ गुरू उवइसंति । तं तह अणुचरियव्वं अणवत्थपसंगभीएणं ॥४॥

"આલોચના કરવી હોય ત્યારે, ગુરુએ કંઈક કહ્યું હોય ત્યાર પછી તે સંબંધી કંઇક પૂછવું હોય, પૂજન વખતે, સ્વાધ્યાય સમયે, અપરાધની ક્ષમા માંગવી હોય ત્યારે ગુરુને વંદન કરવું જોઈએ. આ વંદન એ વિનયનું મૂળ છે. ॥૧॥" આ પ્રમાણે વંદન કરીને ઊભા થઈ બંને હાથથી રજોહરણ પકડીને અર્ધ નમેલી કાયાવાળા સાધુઓ પૂર્વે કાયોત્સર્ગમાં ચિંતન કરેલા દોષોની રત્નાધિકના ક્રમ પ્રમાણે યતનાપૂર્ણ ભાષામાં જે રીતે ગુરુ સાંભળે તે રીતે વર્ધમાનસંવેગભાવવાળા, ભયથી રહિત થઇને પોતાની ચારિત્રવિશુદ્ધિનિમિત્તે આલોચના કરે છે. કહ્યું છે – વિનયથી = અતિચારના અકરણપરિણામથી વિનયમૂલને = સંવેગને પામીને સુવિહિત સાધુ આચાર્ય પાસે પોતાને = પોતાના દોષોને જણાવે છે. સાધુ જેમ સ્વયં પોતાના દોષોને જણાવે છે તેમ જે સાધુ આલોચના કરવાનું ભૂલી ગયા હોય તેમને પણ જણાવે = યાદ અપાવે છે. (परमपि = विस्मृतं समानधार्मिकमिति पञ्चव.–४६०) ॥૧॥ જેમ ભારને વહન કરનારો ભારને ઉતાર્યા બાદ હળવો થાય છે તે જ પ્રમાણે પાપને કર્યા પછી પણ મનુષ્ય આ રીતે ગુરુ પાસે પોતાના દોષોનું કથન અને નિંદા કર્યા બાદ અત્યંત હળવો થાય છે. ॥૨॥

તથા – આલોચના કરતી વેળાએ ઉત્પન્ન કે અનુત્પન્ન માયાને તરત જ આલોચના, નિંદા, ગર્હાવડે હણી નાખે જેથી બીજી વાર માયા થાય નહીં. (ઉત્પન્ન માયા એટલે માયા કરી. અને અનુત્પન્નમાયા એટલે માયા કરવાની ઇચ્છા. આવો અર્થ લાગે છે.) ॥૩॥ માર્ગને જાણનારા ગુરુ તે અતિચારોનું જે પ્રાયશ્ચિત્ત આપે તે પ્રાયશ્ચિત્તને અનવસ્થાના પ્રસંગથી ડરેલા (= પોતે અને બીજા સાધુઓ તે દોષોને ફરી સેવે નહીં તે માટે) સાધુએ આચરવું = પૂર્ણ કરવું જોઈએ. (જેથી તે અનવસ્થા–પ્રસંગ થાય નહીં.) ॥૪॥

६. आलोचनाव्याकरणसंप्रश्न-पूजनासु स्वाध्याये । अपराधे च गुरूणां विनयो मूलं च वन्दनकं । एवं च वन्दित्वोत्थायोभयकरगृहीतरजोहरणा अर्धावनतकायाः पूर्वपरिचिन्तितान् दोषान् यथारत्नाधिकं संयतभाषया यथा गुरुः शृणोति तथा प्रवर्धमानसंयोगा भयविप्रमुक्ता आत्मनो विशुद्धिनिमित्तमालोचयन्ति-विनयेन विनयमूलं गत्वाऽऽचार्यपादमूले । ज्ञापयेत् सुविहितो यथाऽऽत्मानं तथा परमपि ॥ कृतपापोऽपि मनुष्य आलोच्य निन्दित्वा गुरुसकाशे । भवत्यतिशयेन लघुरुद्धतभर इव भारवाहः ॥२॥ उत्पन्नाऽनुत्पन्ना माया अनुमार्गतो निहन्तव्या । आलोचनानिन्दनागर्हणाभिर्न पुनरिति च द्वितीयम् ॥३॥ तस्य च प्रायश्चित्तं यन्मार्गविदो गुरुव उपदिशन्ति । तत्तथाऽनुचरितव्यमनवस्थाप्रसङ्गभीतेन ॥४॥

'पडिक्कमणं 'ति–'आलोइऊण दोसे गुरुणा पडिदिण्णपायच्छित्ता उ । सामाइयपुव्वगं समभावे ठाऊण पडिकमंति ॥१॥ सम्ममुवउत्ता पयंपएण पडिक्कमणं कड्ढेति अणवत्थपसंगभीया, अणवत्थाए पुण उदाहरणं तिलहारगकप्पट्ठगोत्ति, 'कितिकम्मं 'ति तओ पडिक्कमित्ता खामणानिमित्तं पडिक्कमणनिवेयणत्थं च वंदंति, तओ आयरियमादी पडिक्कमणत्थमेव दंसेमाणा खामेंति, उक्तं च–आयरिउवज्झाए सीसे साहंमिए कुलगणे य । जे मे केऽवि कसाया सव्वे तिविहेण खामेमि ॥१॥ सव्वस्स समणसंघस्स भगवओ अंजलिं करिय सीसे । सव्वं खमावइत्ता खमामि सव्वस्स

આ પ્રમાણે દોષોની આલોચના કર્યા બાદ ગુરુદ્વારા અપાયેલા–પ્રાયશ્ચિત્તવાળા સાધુઓ સામાયિકસૂત્રના ઉચ્ચારણ પૂર્વક પોતાના આત્માને સમભાવમાં સ્થાપીને પ્રતિક્રમણ કરે છે. ॥૧॥ અર્થાત્ અનવસ્થાપ્રસંગથી ડરેલા સાધુઓ 'पगामसिज्जाए' સૂત્રના દરેક પદોમાં સમ્યગ્ રીતે ઉપયોગ રાખીને 'पगामसिज्जाए' સૂત્ર બોલે છે. અનવસ્થામાં તલની ચોરી કરનારા બાળકનું દૃષ્ટાન્ત જાણવું.

### ❁ તિલહારકનું દૃષ્ટાન્ત ❁

(જેના શરીરે તેલની માલિશ કરેલી હતી એવો એક બાળક રમતો–રમતો તલના ઢગલા ઉપર રમવા લાગ્યો. બાળક હોવાના કારણે કોઈ તેને અટકાવતું નથી. તેલની માલિશને કારણે તેના શરીર ઉપર તલ ચોંટી ગયા. ચોંટેલા તલની સાથે જ તે બાળક ઘરે ગયો. માતાએ તેના શરીર ઉપર તલ ચોંટેલા જોયા. તે બધા તલ કાઢ્યા અને લઈ લીધા. હવે તલના લોભને કારણે માતા તે બાળકને વારંવાર તેલની માલિશ કરીને તલના ઢગલા પાસે મોકલે છે. જતાં કાળે માતા તે બાળક પાસે જ તલની ચોરી કરાવે છે. આ રીતે ધીરે ધીરે તલ જેવી નાની–નાની ચોરી કરતા–કરતા તે મોટો ચોર બની ગયો. પરિણામે એકવાર સૈનિકોએ પકડ્યો અને મારી નાંખ્યો. (વ્યવહારસૂત્ર ભા. ૬ ગા. ૪૧૮૮)

આ રીતે પ્રતિક્રમણ કર્યા બાદ ક્ષમાપણાનિમિત્તે અને (મેં પ્રતિક્રમણ કરી લીધું છે એનું) નિવેદન કરવા માટે ગુરુને વંદન કરે છે. ત્યાર પછી (આચાર્યાદિની થયેલી આશાતનાઓથી) પાછા ફરવા માટે જ આગળ બતાવતા આચાર્યાદિકને ખમાવે છે. કહ્યું છે – આચાર્ય, ઉપાધ્યાય, શિષ્યો, સાધર્મિકો, કુલ (= એક આચાર્યનો પરિવાર) અને ગણને (અનેક આચાર્યોના સમુદાયને) આશ્રયીને મારાવડે જે કષાયો કરાયા છે તે બધાની મન–વનચ–કાયાથી ક્ષમા માંગુ છું. ॥૧॥ મસ્તકે અંજલિને કરીને ભગવાન એવા સર્વ શ્રમણસંઘપાસે સર્વ અપરાધોની ક્ષમા યાચીને હું પણ તેમના અપરાધોને સહું છું (અર્થાત્ તેમના કરેલા અપરાધોની તેમને ક્ષમા આપું છું.) ॥૨॥ ધર્મમાં ભાવથી સ્થાપિત કરેલું છે

७. आलोच्य दोषान् गुरुणा प्रतिदत्तप्रायश्चित्तास्तु । सामायिकपूर्वं समभावे स्थित्वा प्रतिक्राम्यन्ति ॥१॥ सम्यगुपयुक्ताः पदंपदेन प्रतिक्रमणसूत्रं कथयन्त्यनवस्थाप्रसङ्गभीताः, अनवस्थायां पुनरुदाहरणं तिलहारकशिशुरिति । ततः प्रतिक्रम्य क्षामणानिमित्तं प्रतिक्रमणनिवेदनार्थं च वन्दन्ते, तत आचार्यादीन् प्रतिक्रमणार्थमेव दर्शयतः क्षमयन्ति । आचार्योपाध्यान् शिष्यान् साधर्मिकान् कुलगणांश्च । ये मया केऽपि कषायिताः सर्वान् त्रिविधेन क्षमयामि ॥१॥ सर्वश्रमणसङ्घस्य भगवतेऽञ्जलिं कृत्वा शीर्षे । सर्वं क्षमयित्वा क्षमे सर्वस्य + 'पडिक्कंतायवत्तनि०' - पूर्वमुद्रिते ।

[८]अहयंपि ॥२॥ सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहियनियचित्तो । सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयंपि ॥३॥'' इत्यादि, 'दुरालोइयदुप्पडिक्कंते य उस्सग्गे'त्ति एवं खामित्ता आयरियमादी ततो दुरालोइयं वा होज्जा दुप्पडिकंतं वा होज्जा अणाभोगादिणा कारणेण ततो पुणोवि कयसामाइया चरित्तविसोहणत्थमेव काउस्सग्गं करेंतित्ति गाथार्थः ॥१५२५॥ 'एस चरित्तुस्सग्गो' गाहा व्याख्या–एस चरित्तुसग्गोत्ति चरित्तातियारविसुद्धिनिमित्तोत्ति भणियं होइ, अयं च पंचासुस्सासपरिमाणो ॥१५२६॥ ततो नमोक्कारेण पारेत्ता विशुद्धचरित्ता विशुद्धदेसयाणं दंसणविसुद्धिनिमित्तं नामुक्कित्तणं करेंति, चरित्तं विसोहियमियाणिं दंसणं विसोहिज्जतितित्तिकट्टु, तं पुण णामुक्कित्तणमेवं करंति, 'लोगस्सुज्जोयगरे'त्यादि, अयं चतुर्विंशतिस्तवः चतुर्विंशतिस्तवे न्यक्षेण व्याख्यात इति नेह पुनर्व्याख्यायते, चतुर्विंशतिस्तवं चाभिधाय दर्शनविशुद्धिनिमित्तमेव कायोत्सर्गं चिकीर्षवः पुनरिदं सूत्रं पठन्ति –

**सव्वलोए अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं वंदणवत्तियाए पूअणवत्तियाए सक्कारवत्तियाए सम्माणवत्तियाए बोहिलाभवत्तियाए निरुवसग्गवत्तियाए सद्धाए मेहाए धिइए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं ( सूत्रं ) ॥**

---

પોતાનું ચિત્ત જેણે એવો હું સર્વ જીવરાશિના સર્વ અપરાધોની માફી માંગીને તેમના સર્વ અપરાધોની માફી આપું છું. ॥૩॥ આ પ્રમાણે આચાર્ય વિગેરે પાસે ક્ષમા યાચીને અનાભોગ વિગેરેને કારણે જે કોઈ અપરાધની સરખી આલોચના થઈ નથી કે સરખું પ્રતિક્રમણ થયું નથી, તેના કારણે ફરી સામાયિકના ઉચ્ચારપૂર્વક ચારિત્રની વિશુદ્ધિ માટે જ કાયોત્સર્ગને કરે છે. ॥૧૫૨૫॥ આ કાયોત્સર્ગ ચારિત્રસંબંધી અતિચારોની નિમિત્તે હોવાથી ચારિત્રનો કાયોત્સર્ગ છે કે જે પચાસ ઉચ્છ્વાસ પ્રમાણ (= चंदेसु निम्मलयरा સુધીના બે લોગસ્સપ્રમાણ) જાણવો. ॥૧૫૨૬॥ ત્યાર પછી નમસ્કારવડે કાયોત્સર્ગને પારીને વિશુદ્ધચારિત્રવાળા થયેલા સાધુઓ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ માટે વિશુદ્ધમાર્ગના દેશક એવા તીર્થંકરોનું નામોત્કીર્તન કરે છે, કારણ કે ચારિત્રની વિશુદ્ધિ થઈ ગઈ હવે દર્શનની વિશુદ્ધિ કરવી છે. તે વળી નામોત્કીર્તન લોગસ્સસૂત્ર દ્વારા કરે છે. આ સૂત્રની ચતુર્વિંશતિસ્તવનામના અધ્યયનમાં વિસ્તારથી વ્યાખ્યા કરેલ હોવાથી અહીં ફરીથી બતાવતા નથી. લોગસ્સ બોલીને દર્શનવિશુદ્ધિનિમિત્તે જ કાયોત્સર્ગને કરવાની ઇચ્છાવાળા સાધુઓ આ સૂત્ર બોલે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

---

८. अहमपि ॥२॥ सर्वस्मिन् जीवराशौ भावतो धर्मनिहितनिजचित्तः । सर्वं क्षमयित्वा क्षमे सर्वस्याहमपि ॥३॥ एवं क्षमयित्वाऽऽचार्यादीन् ततो दुरालोचितं वा भवेत् दुष्प्रतिक्रान्तं वा भवेत् अनाभोगादिनाकारणेन ततः पुनरपि कृतसामायिकाश्चारित्रविशोधनार्थमेव कायोत्सर्गं कुर्वन्ति । एष चारित्रोत्सर्ग इति चारित्रातिचारविशुद्धिनिमित्त इति भणितं भवति, अयं च पञ्चाशदुच्छ्वासपरिमाणः, ततो नमस्कारेण पारयित्वा विशुद्धचारित्रा विशुद्धदेशकानां दर्शनशुद्धिनिमित्तं नामोत्कीर्त्तनं कुर्वन्ति, चारित्रं विशोधितमिदानीं दर्शनं विशुध्यत्वितिकृत्वा, तत्पुनर्नामोत्कीर्त्तनमेवं कुर्वन्ति ।

अस्या व्याख्या—सर्वलोकेऽर्हच्चैत्यानां करोमि कायोत्सर्गमिति, तत्र लोक्यते—दृश्यते केवलज्ञानभास्वतेति लोकः—चतुर्दशरज्ज्वात्मकः परिगृह्यते इति, उक्तं च—"धर्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम् । तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥१॥" सर्वः खल्वधस्तिर्यगूर्ध्व भेदभिन्नः, सर्वश्चासौ लोकश्च २ तस्मिन् सर्वलोके त्रैलोक्ये इत्यर्थः, तथाहि—अधोलोके चमरादिभवनेषु तिर्यग्लोके द्वीपाचलज्योतिष्कविमानादिषु, ऊर्ध्वलोके सौधर्मादिविमानादिषु सन्त्येवार्हच्चैत्यानि, तत्रशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तः—तीर्थकरास्तेषां चैत्यानि—प्रतिमालक्षणानि अर्हच्चैत्यानि, इयमत्र भावना—चित्तम्—अन्तःकरणं तस्य भावे कर्मणि वा वर्णदृढादिलक्षणे ष्यञि कृते चैत्यं भवति, तत्रार्हतां प्रतिमाः प्रशस्तसमाधिचित्तोत्पादकत्वादर्हच्चैत्यानि भण्यन्ते, तेषां किं ?—करोमीत्युत्तमपुरुषैकवचननिर्देशेनात्माऽभ्युपगमं दर्शयति, किमित्याह—कायः—शरीरं तस्योत्सर्गः—कृताकारस्य स्थानमौनध्यानक्रियाव्यतिरेकेण क्रियान्तराध्यासमधिकृत्य परित्याग इत्यर्थः, तं कायोत्सर्गं, आह—कायस्योत्सर्ग इति षष्ट्या समासः कृतः, अर्हच्चैत्यानामिति

---

**ટીકાર્થ :** સર્વલોકમાં (રહેલાં) અરિહંતચૈત્યોના (વંદનાદિ માટે) કાયોત્સર્ગને હું કરું છું. તેમાં, જે કેવલજ્ઞાનરૂપ સૂર્યવડે દેખાય છે તે લોક. અહીં લોકશબ્દથી ચૌદરાજ આત્મક લોક ગ્રહણ કરવો. કહ્યું છે – "ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો જ્યાં રહેલા છે તે દ્રવ્યોથી યુક્ત એવું તે ક્ષેત્ર લોક કહેવાય છે. તેનાથી વિપરીત ક્ષેત્ર અલોક જાણવું. ॥૧॥" સર્વ એટલે કે અધો, તિર્યગ્ અને ઊર્ધ્વ એમ ત્રણે પ્રકાર. સર્વ એવો જે લોક તે સર્વલોક અર્થાત્ ત્રણે લોક, તેમાં, (**શંકા :** – ત્રણે લોકમાં ચૈત્યો રહેલા છે ? **સમાધાન :** – હા, છે.) તે આ પ્રમાણે – અધોલોકમાં ચમરાદિના ભવનોમાં, તિર્યગ્લોકમાં દ્વીપો, પર્વતો અને જ્યોતિષ્કવિમાન વિગેરેમાં તથા ઊર્ધ્વલોકમાં સૌધર્મ વિગેરે વિમાનાદિમાં અરિહંતચૈત્યો છે જ.

અશોક વિગેરે આઠ મહાપ્રાતિહાર્ય વિગેરે પૂજાને જે યોગ્ય છે તે અરિહંતો એટલે કે તીર્થંકરો તેમના ચૈત્યો એટલે કે પ્રતિમાઓ તે અર્હત્ચૈત્ય. અહીં વર્ણદઢ વગેરેરૂપ સૂત્રોને આશ્રયીને ચિત્તશબ્દને કે જેનો અર્થ અંતઃકરણ છે તે શબ્દને ભાવ અથવા કર્મમાં 'ष्यञ्' પ્રત્યય લાગતા ચૈત્ય શબ્દ બન્યો છે. અરિહંતોની પ્રતિમા એ પ્રશસ્તસમાધિયુક્ત ચિત્તને ઉત્પન્ન કરનાર હોવાથી ચૈત્ય કહેવાય છે. તે પ્રતિમાઓના (વંદનાદિ માટે કાયોત્સર્ગને કરું છું એમ અન્વય જોડવો. તેમાં 'करोमि' શબ્દનો અર્થ જણાવે છે.) 'करोमि' એ પ્રમાણેના ઉત્તમપુરુષ (= પ્રથમપુરુષ) એક વચનાન્ત નિર્દેશવડે આત્મા સ્વીકારને જણાવે છે. करोमि = હું કરું છું. શું કરું છું ? તે કહે છે – કાય એટલે શરીર તેનો ઉત્સર્ગ એટલે જેણે કાયોત્સર્ગ માટેના આગારો = અપવાદો કરેલા છે = સ્વીકારેલા છે એવા સાધુનો સ્થાન, મૌન, ધ્યાન અને ઉચ્છ્વાસાદિ ક્રિયા સિવાયની અન્યક્રિયામાં કાયાને રાખવાને આશ્રયીને શરીરનો પરિત્યાગ (અર્થાત્ अन्नत्थ ऊससिएणं... માં કહેલાં અપવાદો સિવાય અન્યક્રિયાઓમાં કાયાને હું રાખીશ નહીં એ પ્રમાણે અન્યક્રિયાઓમાં શરીરને રાખવાનો ત્યાગ તે ઉત્સર્ગ.) આવા તે કાયોત્સર્ગને હું કરું છું.

**શંકા :** 'કાયાનો ઉત્સર્ગ' એ પ્રમાણે અહીં ષષ્ઠી તત્પુરુષસમાસ કરેલો છે અને પૂર્વે 'અર્હત્ચૈત્યોનું'

प्रागुक्तं, तत् किमर्हच्चैत्यानां कायोत्सर्गं करोति ?, नेत्युच्यते, षष्ठीनिर्दिष्टं तत्पदं पदद्वयमतिक्रम्य मण्डूकप्लुत्या वन्दनप्रत्ययमित्यादिभिः सम्बध्यते, ततश्चार्हच्चैत्यानां वन्दनप्रत्ययं करोमि कायोत्सर्गमिति द्रष्टव्यम्, तत्र वन्दनम्—अभिवादनं प्रशस्तकायवाङ्मनः प्रवृत्तिरित्यर्थः, तत्प्रत्ययं—तन्निमित्तं, तत्फलं मे कथं नाम कायोत्सर्गादेव स्यादित्यतोऽर्थमित्येवं सर्वत्र भावना कार्या, तथा 'पूयणवत्तियाए'त्ति पूजनप्रत्ययं—पूजानिमित्तं, तत्र पूजनं—गन्धमाल्यादिभिरभ्यर्च्चनं, तथा 'सक्कारवत्तियाए'त्ति सत्कारप्रत्ययं—सत्कारनिमित्तं, तत्र प्रवरवस्त्राभरणादिभिरभ्यर्च्चनं सत्कारः, आह—यदि पूजनसत्कारप्रत्ययः कायोत्सर्गः क्रियते ततस्तावेव कस्मान्न क्रियेते ?, उच्यते, द्रव्यस्तवत्वादप्रधानत्वाद्, उक्तं च—'[१]दव्वत्थउ भावत्थउ दव्वत्थओ बहुगणोत्ति बुद्धि सिया, अणिउणमइ वयणमिणं छज्जीवहितं जिणा बेंति । छज्जीवकायसंजमो दव्वत्थतो सो विरुज्जती कसिणो, तो कसिणसंजमविदू पुप्फादियं ण इच्छंति । अकसिण पवत्तयाणं विरताविरताण एस खलु जुत्तो, संसारपतनुकरणो दव्वत्थे कूवदिट्ठंतो । इत्यादि, अतः श्रावकाः पूजनसत्कारावपि

એ પ્રમાણે કહ્યું. તેથી અર્હત્ચૈત્યોની કાયાનો ત્યાગ સાધુ કરે છે ?

**સમાધાન :** ષષ્ઠીવડે નિર્દિષ્ટ એવા તે 'अर्हत्चैत्यानां' પદનો करोमि અને कायोत्सर्गं આ બંને પદોને ઓળંગીને મંડૂકપ્લુતિ ન્યાયે (= જેમ દેડકો કૂદકા મારતો મારતો અમુક–અમુક સ્થાનને ઓળંગીને આગળ વધે તેમ આ બે પદોને ઓળંગીને) 'वन्दनप्रत्ययं' વિગેરે પદો સાથે સંબંધ જોડવાનો છે. તેથી અર્હત્ચૈત્યોના વંદનનિમિત્તે હું કાયોત્સર્ગને કરું છું એ પ્રમાણે અર્થ જાણવો. તેમાં વંદન એટલે અભિવાદન અર્થાત્ પ્રશસ્ત મન–વચન–કાયાની પ્રવૃત્તિ. તે માટે એટલે કે આવી પ્રશસ્તપ્રવૃત્તિનું ફળ મને કેવી રીતે પ્રાપ્ત થાય ? તો કાયોત્સર્ગથી જ થાય. તેથી પ્રશસ્તપ્રવૃત્તિના ફળને પ્રાપ્ત કરવા કાયોત્સર્ગ કરું છું. આ પ્રમાણે આગળ પણ બધે ફળપ્રાપ્તિ માટે જ સમજી લેવું.

'પૂજાનિમિત્તે' – પૂજા એટલે સુગંધી દ્રવ્યો, પુષ્પોની માલા વિગેરેવડે અભ્યર્ચન કરવું. (શ્રાવક પ્રતિમાની જે આવા બધા દ્રવ્યોવડે પૂજા કરે છે તે પૂજાનું ફળ પ્રાપ્ત કરવા હું કાયોત્સર્ગ કરું છું. એમ અન્વય જોડવો.)'सक्कारवत्तियाए' – સત્કાર માટે, તેમાં સત્કાર એટલે ઉત્કૃષ્ટ એવા વસ્ત્ર, આભૂષણો વિગેરેવડે પૂજા કરવી.

**શંકા :** જો પૂજન–સત્કારમાટે સાધુ કાયોત્સર્ગ કરતો હોય તો તે પૂજન–સત્કાર જ સાધુ કેમ કરતો નથી ?

**સમાધાન :** પૂજન–સત્કાર એ દ્રવ્યસ્તવ હોવાથી સાધુ માટે અપ્રધાન છે. કહ્યું છે – "દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ, તેમાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે... વિગેરેનો અર્થ પૂર્વે ભા. ૧૯૩ વિગેરે ગાથાઓ પ્રમાણે જાણવો. આથી (= દ્રવ્યસ્તવ શ્રાવકોને ગુણકારી હોવાથી) શ્રાવકો પૂજન–સત્કારને પણ કરે

१. द्रव्यस्तवो बहुगुण इति बुद्धिस्स्यादनिपुणवचनमिदं षड्जीवहितं जिना ब्रुवन्ति । षड्जीवकायसंयमो द्रव्यस्तवे स विरुध्यते । कृत्स्नस्ततो कृत्स्नसंयमविदवः पुष्पादिकं नेच्छन्ति । अकृत्स्नप्रवर्त्तानां विरताविरतानामेष खलु युक्तः संसारप्रतनुकरणाद्, द्रव्यस्तवे कूपदृष्टान्तः ।

कुर्वन्त्येव, साधवस्तु प्रशस्ताध्यवसायनिमित्तमेवमभिदधति, तथा 'सम्माणवत्तियाए'त्ति सन्मान-प्रत्ययं—सन्माननिमित्तं, तत्र स्तुत्यादिभिर्गुणोन्नतिकरणं सन्मानः, तथा मानसः प्रीतिविशेष इत्यन्ये, अथ वन्दनपूजनसत्कारसन्माना एव किंनिमित्तमित्यत आह—'बोहिलाभवत्तियाए' बोधिलाभप्रत्ययं—बोधिलाभनिमित्तं प्रेत्य जिनप्रणीतधर्मप्राप्तिर्बोधिलाभो भण्यते, अथ बोधिलाभ एव किंनिमित्तमित्यत आह 'निरुवसग्गवत्तियाए' निरुपसर्गप्रत्ययं—निरुपसर्गनिमित्तं, निरुपसर्गो—मोक्षः, अयं च कायोत्सर्गः क्रियमाणोऽपि श्रद्धादिविकलस्य नाभिलषितार्थप्रसाधनायालमित्यत आह—'सद्धाए मेहाए धिईए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं'ति श्रद्धया हेतुभूतया तिष्ठामि कायोत्सर्गं न बलाभियोगादिना श्रद्धा—निजोऽभिलाषः, एवं मेधया—पटुत्वेन, न जडतया, अन्ये तु व्याचक्षते—मेधयेति मर्यादावर्त्तित्वेन नासमञ्जसतयेति, एवं धृत्या—मनःप्रणिधानलक्षणया न पुना रागद्वेषाकुलतया, धारणया—अर्हद्गुणाविस्मरणरूपया न तच्छून्यतया, अनुप्रेक्षया—अर्हद्गुणानामेव मुहुर्मुहुरविच्युतिरूपेणानुचिन्तनरूपया न तद्वैकल्येन, वर्द्धमानयेति प्रत्येकमभिसम्बध्यते, श्रद्धया वर्द्धमानया एवं मेधयेत्यादि, एवं तिष्ठामि कायोत्सर्गम्, आह—उक्तमेव प्राक्करोमि कायोत्सर्गं साम्प्रतं तिष्ठामीति किमर्थमिति ?, उच्यते, 'वर्त्तमानसामीप्ये वर्तमानवद्वा (पा० ३-३-१३१)

---

જ છે. જયારે સાધુઓ પ્રશસ્તાધ્યવસાય માટે જ કાયોત્સર્ગને કરે છે. (અર્થાત્ શ્રાવકો આ પૂજન–સત્કારદ્વારા જે કર્મનિર્જરા વિગેરેરૂપ ફળ પ્રાપ્ત કરે છે તે ફળ મને પણ પ્રાપ્ત થાઓ એવા પ્રશસ્ત અધ્યવસાય માટે જ કાયોત્સર્ગ કરે છે.) તથા 'सम्माणवत्तियाए' – સન્માન માટે, તેમાં તીર્થંકરોની સ્તુતિ વિગેરે દ્વારા તેમના ગુણોને બોલવા તે સન્માન. કેટલાક આચાર્યો સન્માન એટલે માનસિક પ્રીતિવિશેષ કહે છે. તે સન્માન માટે કાયોત્સર્ગ કરું છું. આ વંદન, પૂજન, સત્કાર અને સન્માન આ બધું જ શા માટે કરવાનું છે ? તે કહે છે – બોધિલાભ માટે. પરલોકમાં જિનધર્મની પ્રાપ્તિ તે બોધિલાભ કહેવાય છે. બોધિલાભ જ શા માટે ? તે કહે છે – નિરુપસર્ગ = મોક્ષ માટે. કરાતો એવો પણ આ કાયોત્સર્ગ શ્રદ્ધા વિગેરેથી રહિત જીવને ઇચ્છિત અર્થને સાધી આપવા માટે સમર્થ બનતો નથી. માટે કહે છે – (૧) હેતુભૂત એવી શ્રદ્ધાથી હું કાયોત્સર્ગ કરું છું. (અર્થાત્ મારી પોતાની શ્રદ્ધાથી હું આ કાયોત્સર્ગ કરું છું.) નહીં કે બળજબરી વિગેરેથી. શ્રદ્ધા એટલે પોતાની ઇચ્છા.

(૨) એ જ પ્રમાણે હું જડતાથી નહીં પણ સમજી–વિચારીને કાયોત્સર્ગ કરું છું. કેટલાકો મેધાવડે અસંજમસ રીતે અર્થાત્ હું મર્યાદામાં રહેલો હોવાથી ગમે–તેમ કાયોત્સર્ગ કરતો નથી' એમ અર્થ કરે છે. (૩) એ જ પ્રમાણે ધૃતિવડે એટલે કે રાગ–દ્વેષની વ્યાકુળતાથી નહીં પણ મનની એકાગ્રતાથી કાયોત્સર્ગ કરું છું. (૪) ધારણાવડે એટલે કે અર્હદ્ગુણોની વિસ્મૃતિ કર્યા વિના (અર્થાત્ અર્હદ્ગુણોને મનમાં યાદ કરીને) હું કાયોત્સર્ગ કરું છું નહીં કે ધારણા રાખ્યા વિના. (૫) અનુપ્રેક્ષાવડે અર્થાત્ અર્હત્ગુણોને જ વારંવાર યાદ કરવા સાથે હું કાયોત્સર્ગ કરું છું, નહીં કે તે અનુપ્રેક્ષા વિના. 'વર્ધમાન' શબ્દ શ્રદ્ધા વિગેરે પાંચે પદો સાથે જોડવો. તેથી વધતી એવી શ્રદ્ધા સાથે, વધતી એવી મેધા સાથે હું કાયોત્સર્ગ કરું છું વિગેરે અર્થ કરવો.

**શંકા :** સૂત્રની શરૂઆતમાં જ 'करेमि' શબ્દ આપી જ દીધો છે તો ફરી સૂત્રના અંતમાં 'तिष्ठामि'

इतिकृत्वा करोमि करिष्यामीति क्रियाभिमुख्यमुक्तमिदानीं त्वासन्नतरत्वात् क्रियाकालनिष्ठाकालयोः कथञ्चिदभेदात् तिष्ठाम्येव, आह–किं सर्वथा ?, नेत्याह–'अन्नत्थूससिएणमित्यादि पूर्ववत् यावद्वोसिरामि'त्ति, एयं सुत्तं पढित्ता पणवीसूसासपरिमाणं काउस्सग्गं करेंति, 'दंसणसुद्धीय ततियओ होइ'त्ति तृतीयत्वं चास्यातीचारालोचनविषयप्रथमकायोत्सर्गापेक्षयेति, तओ नमोक्कारेण पारेत्ता सुयणाणपरिवुड्ढिनिमित्तं अतियारविसोहणत्थं च सुयधम्मस्स भगवओ पराए भत्तीए तप्परूवगनमोक्कारपुव्वयं थुइकित्तणं करेंति, तंजहा –

**पुक्खरवरदीवड्ढे धायइसंडे य जंबुद्दीवे य । भरहेरवयविदेहे धम्माइगरे नमंसामि ॥१॥ तमतिमिरपडलविद्धंसणस्स सुरगणनरिंदमहिअस्स । सीमाधरस्स वंदे पप्फोडिय-मोहजालस्स ॥२॥ जाईजरामरणसोगपणासणस्स, कल्लाणपुक्खलविसालसुहावहस्स । को देवदानवनरिंदगणच्चिअस्स, धम्मस्स सारमुवलब्भ करे पमायं ? ॥३॥ सिद्धे भो ! पयओ णमो जिणमए नंदी सया संजमे, देवंनागसुवण्णकिण्णरगणस्सब्भूअभावच्चिए । लोगो जत्थ पइट्ठिओ जगमिणं तेल्लुक्कमच्चासुरं, धम्मो वड्ढउ सासओ विजयऊ धम्मुत्तरं वड्ढउ ॥४॥ सुअस्स भगवओ करेमि काउस्सग्गं वंदण० अन्नत्थ० । (सूत्रम्)**

---

શબ્દ શા માટે મૂક્યો ?

**સમાધાન :** 'નજીકના ભવિષ્ય કે ભૂતકાળમાં વર્તમાનવિભક્તિઓ પણ થાય છે' એ ન્યાયને આશ્રયીને 'करोमि' શબ્દનો 'करिष्यामि' અર્થ કરતા 'હું કાયોત્સર્ગ કરીશ' એ પ્રમાણે પૂર્વે કાયોત્સર્ગની ક્રિયાને અભિમુખતા કહી. (અર્થાત્ ક્રિયા કરવાની તૈયારી બતાવી.) હવે સૂત્રના અંતે તે ક્રિયા કાળ અત્યંત નજીક હોવાથી ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો કંથચિદ્ અભેદ છે. અને તેથી હું કાયોત્સર્ગમાં જ છું. (અહીં આશય એ છે કે 'ठामि काउस्सग्गं' શબ્દ બોલ્યા પછી હજુ તો આખું 'अन्नत्थ' સૂત્ર બોલવાનું બાકી છે. તે બોલાશે પછી કાયોત્સર્ગ શરૂ થશે. તેથી 'ठामि...' એટલે કે હું કાયોત્સર્ગમાં છું એમ કેવી રીતે બોલાય ? તેથી ખુલાસો કરે છે કે 'ठामि काउ०' સૂત્રનો અંત એ નિષ્ઠાકાળ છે અને કાયોત્સર્ગક્રિયાનો આરંભ એ ક્રિયાકાળ છે. કાયોત્સર્ગક્રિયા હવે અત્યંત નજીકમાં હોવાથી આ ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો કંથચિદ્ અભેદ છે અને તેથી હું કાયોત્સર્ગમાં જ છું એવું બોલવામાં કોઇ દોષ નથી.)

**શંકા :** કોઇપણ જાતની છૂટ રાખ્યા વિના કાયોત્સર્ગ કરે છે ?

**સમાધાન :** ના, ઉચ્છ્‌વાસ વિગેરે પૂર્વે જે કહ્યા તે બધા અપવાદો (= છૂટો) અહીં જાણી લેવા. આ 'અન્નત્થ' સૂત્રને બોલીને પચ્ચીસ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાયોત્સર્ગને સાધુઓ કરે છે. (પૂર્વે ગા. ૧૫૨૬માં) કહ્યું કે 'દર્શનવિશુદ્ધિ માટે ત્રીજો કાયોત્સર્ગ છે.' અહીં 'सयणासणण्ण' ના કાયોત્સર્ગની અપેક્ષાએ આ કાયોત્સર્ગ ત્રીજો ગણ્યો છે એમ જાણવું. ત્યાર પછી 'નમો અરિહંતાણં' દ્વારા કાયોત્સર્ગને પારીને શ્રુતજ્ઞાનની પરિવૃદ્ધિ માટે અને અતિચારોની શુદ્ધિ માટે ભગવાન એવા શ્રુતધર્મની ઉત્કૃષ્ટ ભક્તિવડે તે શ્રુતના પ્રરૂપકોને નમસ્કાર કરવા પૂર્વક સ્તુતિ અને કીર્તન કરે છે. તે આ પ્રમાણે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

अस्य व्याख्या–पुष्कराणि–पद्मानि तैर्वरः–प्रधानः पुष्करवरः २ श्चासौ द्वीपश्चेति समासः, तस्यार्धं मानुषोत्तराचलार्वाग्वर्त्ति तस्मिन्, तथा धातकीनां खण्डानि यस्मिन् स धातकीखण्डो द्वीपस्तस्मिंश्च, तथा जम्बोपलक्षितस्तत्प्रधानो वा द्वीपो जम्बूद्वीपस्तस्मिंश्च, एतेष्वर्द्धतृतीयेषु द्वीपेषु महत्तरक्षेत्रप्राधान्याङ्गीकरणतः पश्चानुपूर्व्योपन्यस्तेषु यानि भरतैरावतविदेहानि प्राकृतशैल्या त्वेकवचननिर्द्देशः द्वन्द्वैकवद्भावाद् वा भरतैरावतविदेह इत्यपि भवति, तत्र धर्मादिकरान्नमस्यामि– 'दुर्गतिप्रसृतान् जीवान्, यस्माद् धारयते ततः । धत्ते चैतान् शुभस्थाने, तस्माद् धर्म्म इति स्मृतः ॥१॥' स च द्विभेदः–श्रुतधर्मश्चारित्रधर्मश्च, श्रुतधर्मेणेहाधिकारः, तस्य भरतादिष्वादौ करणशीलास्तीर्थकरा एवातस्तेषां स्तुतिरुक्ता, साम्प्रतं श्रुतधर्मस्योच्यते–'तमतिमिरपडलविद्धंसणस्स सुरगणे'त्यादि, तमः–अज्ञानं तदेव तिमिरं तमस्तिमिरमथवा तमः–बद्धस्पृष्टनिधत्तं ज्ञानावरणीयं निकाचितं तिमिरं तस्य पटलं–वृन्दं तमस्तिमिरपटलं तद् विध्वंसयति विनाशयतीति तमस्तिमिरपटलविध्वंसनः तस्य, तथा चाज्ञाननिरासेनैवास्य प्रवृत्तिः, तथा सुरगणनरेन्द्रमहितस्य, तथा चागममहिमानं कुर्वन्त्येव सुरादयः, तथा सीमां–मर्यादां धारयतीति सीमाधरः, सीम्नि वा धारयतीति

**ટીકાર્થ :** કમળોથી પ્રધાન એવો જે દ્વીપ તે પુષ્કરવરદ્વીપ. તેનો અડધો વિભાગ એટલે કે માનુષોત્તરપર્વત પૂર્વે રહેલો વિભાગ, તેમાં તથા ધાતકી વૃક્ષના વનો જેમાં છે તે ધાતકીખંડ–તેમાં, તથા જંબુવૃક્ષથી ઉપલક્ષિત અથવા જંબુવૃક્ષોથી પ્રધાન એવો જે દ્વીપ તે જંબુદ્વીપ – તેમાં. મોટા ક્ષેત્રોને પ્રધાન ગણીને ઊંધા ક્રમે આ અઢીદ્વીપમાં જે ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રો છે. અહીં મૂળમાં 'भरतैरावतविदेह' એ પ્રમાણે જે એકવચનમાં નિર્દેશ કર્યો છે તે પ્રાકૃતશૈલી હોવાથી જાણવો અથવા સમાહાર દ્વન્દ્વ સમાસ કરેલો હોવાથી છે.

તે ભરતાદિ ક્ષેત્રોમાં ધર્મની આદિ = શરૂઆત કરનારાઓને હું નમસ્કાર કરું છું. (ધર્મની વ્યાખ્યા કરે છે –) "જે કારણથી દુર્ગતિમાં જતાં જીવાને અટકાવે છે અને શુભધ્યાનોમાં જીવોને સ્થાપે છે તે કારણથી તે ધર્મ કહેવાય છે. ॥૧॥" તે ધર્મ બે પ્રકારનો છે – શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. અહીં શ્રુતધર્મનું પ્રયોજન છે. ભરત વિગેરે ક્ષેત્રોમાં તે શ્રુતધર્મને સૌ પ્રથમ કરવાના સ્વભાવવાળા તીર્થંકરો જ છે. તેથી (પ્રથમગાથાદ્વારા) તેમની સ્તુતિ કહી.

હવે શ્રુતધર્મની સ્તુતિ કહેવાય છે – તમઃ એટલે અજ્ઞાન. તે અજ્ઞાનરૂપ અંધકાર તે તમતિમિર. અથવા તમઃ એટલે બંધાયેલ, સ્પર્શાયેલ, નિધત્ત એવું જ્ઞાનાવરણીય કર્મ. અને તિમિર એટલે નિકાચિત જ્ઞાનાવરણીય કર્મ. તેઓનો જે સમૂહ તે તમતિમિરપટલ. આ સમૂહને જે નાશ કરે છે તેવા શ્રુતધર્મને (હું વંદન કરું છું એમ 'वन्दे' પદ સાથે અન્વય કરવો.) અજ્ઞાનને દૂર કરવાદ્વારા જ શ્રુતધર્મની પ્રવૃત્તિ થતી હોવાથી (= શ્રુતધર્મદ્વારા અજ્ઞાન દૂર થતું જ હોવાથી) શ્રુતધર્મ અજ્ઞાનને નાશ કરનારું કહ્યું છે. તથા દેવો વિગેરે આગમની પૂજા (નમસ્કાર) કરતા હોવાથી જ તે શ્રુતધર્મ સુરસમૂહ અને ચક્રવર્તી વિગેરે રાજાઓવડે પૂજાયેલ (= નમસ્કાર કરાયેલ इति चूर्णौ) છે. તેને (હું વંદન કરું છું.)

તથા સીમા એટલે મર્યાદા, તેને જે ધારણ કરે છે અથવા સીમાને વિશે = મર્યાદામાં (જીવને)

तस्येति, कर्मणि षष्ठी, तं वन्दे, तस्य वा यत् माहात्म्यं तद् वन्दे, अथवा तस्य वन्द इति वन्दनं करोमि, तथाहि—आगमवन्त एव मर्यादां धारयन्ति, किंभूतस्य ?—प्रकर्षेण स्फोटितं मोहजालं—मिथ्यात्वादि येन स तथोच्यते तस्य, तथा चास्मिन् सति विवेकिनो मोहजालं विलयमुपयात्येव, इत्थं श्रुतधर्ममभिवन्द्याधुना तस्यैव गुणोपदर्शनद्वारेण प्रमादागोचरतां प्रतिपादयन्नाह—'जाईजरामरणे'त्यादि, जातिः—उत्पत्तिः जरा—वयोहानिः मरणं—प्राणत्यागः शोकः—मानसो दुःखविशेषः, जातिश्च जरा च मरणं च शोकश्चेति द्वन्द्वः, जातिजरामरणशोकान् प्रणाशयति—अपनयति जातिजरामरणशोकप्रणाशनस्तस्य, तथा च श्रुतधर्मोक्तानुष्ठानाज्जात्यादयः प्रणश्यन्त्येव, अनेन चास्यानर्थप्रतिघातित्वमाह, कल्यम्—आरोग्यं कल्यमणतीति कल्याणं, कल्यं शब्दयतीत्यर्थः, पुष्कलं—सम्पूर्णं न च तदल्पं किं तु विशालं—विस्तीर्णं सुखं—प्रतीतं कल्याणं पुष्कलं विशालं सुखमावहति—प्रापयतीति कल्याणपुष्कलविशालसुखावहस्तस्य, तथा च श्रुतधर्मोक्तानुष्ठानादुक्तलक्षणमपवर्गसुखमवाप्यत एव, अनेन चास्य विशिष्टार्थप्रसाधकत्वमाह, कः प्राणी देवदानव-

---

ધારી રાખે છે તે સીમાધર. અને શ્રુત એ સીમાધર જ છે કારણ કે આગમવાળા જ જીવો મર્યાદાનું પાલન કરે છે. અહીં तमतिमिर...स्स, सुर...स्स, सीमाधरस्स એ પ્રમાણે જે ષષ્ઠીવિભક્તિ છે તે કર્મમાં = દ્વિતીયા અર્થમાં જાણવી. તેથી सीमाधरं वन्दे એ પ્રમાણે અર્થ કરવો અથવા ષષ્ઠી વિભક્તિ જ રાખો, અર્થ આ પ્રમાણે કરવો કે તે શ્રુતધર્મના માહાત્મ્યને હું વંદન કરું છું. અથવા 'तस्य वन्दे' એટલે તેને હું વંદન કરું છું. કેવા પ્રકારનો તે શ્રુતધર્મ છે ? તે કહે છે – પ્રકર્ષથી તોડી નાખ્યો છે મિથ્યાત્વ વિગેરે મોહનીયનો સમૂહ જેણે તે पप्फोडियमोहजाल કહેવાય છે. તેને, કારણ કે શ્રુતજ્ઞાનની હાજરીમાં વિવેકી જીવોનો મોહસમૂહ નાશ પામે છે.

આ પ્રમાણે શ્રુતધર્મની સ્તુતિને કરીને હવે તે શ્રુતધર્મના જ ગુણોને જણાવવાદ્વારા તેમાં અપ્રમત્તતાને કેળવવાનું જણાવતા કહે છે – जाईजरामरण.... વિગેરે. જાતિ એટલે જન્મ, જરા એટલે ઘડપણ, મરણ એટલે પ્રાણોનો ત્યાગ, શોક એટલે માનસિક દુઃખવિશેષ. આ બધા પદોનો દ્વન્દ્વ સમાસ કરવો. આ શ્રુતધર્મમાં કહેવાયેલા અનુષ્ઠાનોથી જાતિ વિગેરે નાશ પામતા હોવાથી આ શ્રુતધર્મ જાતિ, જરા, મરણ અન શોકને નાશ કરનારો છે – તેને, આ વિશેષણદ્વારા શ્રુતધર્મ અનર્થોનો પ્રતિઘાત કરનારો છે એમ જણાવ્યું છે. કલ્ય એટલે આરોગ્ય (= મોક્ષ) તે કલ્યને જે બોલાવે તે કલ્યાણ. પુષ્કલ એટલે સંપૂર્ણ. તે પણ અલ્પ નહીં પરંતુ વિશાલ એટલે ઘણા પ્રકારનું (જેમ કે, અનંતજ્ઞાન, સંપૂર્ણ કહેવાય પરંતુ તે અનંતદર્શનાદિ ઘણા પ્રકારોની અપેક્ષાએ અલ્પ છે. તેથી 'વિપુલ' વિશેષણ મૂક્યું કે સુખ સંપૂર્ણ તો આપે પણ વિપુલ = ઘણા પ્રકારનું આપે અર્થાત્ અનંતજ્ઞાન એટલું જ નહીં, સાથે અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય વિગેરે ઘણા પ્રકારનું સુખ આપે.) સુખનો અર્થ સ્પષ્ટ જ છે. સંપૂર્ણ અર્થ – આ શ્રુતધર્મ સંપૂર્ણ અને ઘણા પ્રકારના મોક્ષસુખને પમાડનારો છે. આ વાત સત્ય છે, કારણ કે શ્રુતધર્મમાં કહેવાયેલા અનુષ્ઠાનોથી કહેવાયેલ સ્વરૂપવાળું એવું મોક્ષસુખ પ્રાપ્ત થાય જ છે. આ વિશેષણદ્વારા શ્રુતધર્મ વિશિષ્ટ અર્થનો પ્રસાધક છે એમ કહ્યું. કયો ચેતનવંતો જીવ આવા દેવ–

नरेन्द्रगणार्चितस्य श्रुतधर्मस्य सारं—सामर्थ्यमुपलभ्य—दृष्ट्वा—विज्ञाय कुर्यात् प्रमादं सचेतनः ? चारित्रधर्मे प्रमादः कर्त्तुं न युक्त इति हृदयम्, आह—सुरगणनरेन्द्रमहितस्येत्युक्तं पुनर्देवदानव-नरेन्द्रगणार्चितस्येति किमर्थमिति ?, अत्रोच्यते तन्निगमनत्वाददोषः, तस्यैवंगुणस्य धर्मस्य सारमुपलभ्य कः सकर्णः प्रमादी भवेच्चारित्रधर्म इति, यतश्चैवमतः 'सिद्धे भो पयओ नमो जिणमये'इत्यादि, सिद्धे—प्रतिष्ठिते प्रख्याते भो इत्येतदतिशयिनामामन्त्रणं पश्यन्तु भवन्तः प्रयतोऽहं—यथाशक्त्यैतावंतं कालं प्रकर्षेण यतः, इत्थं परसाक्षिकं प्रयतो भूत्वा पुनर्नमस्करोति—'नमो जिनमते' अर्थाद् विभक्तिपरिणामो नमो जिनमताय, तथा चास्मिन् सति जिनमते नन्दिः—समृद्धिः सदा—सर्वकालं, क्व ?—संयमे—चारित्रे, यथोक्तं—'पढमं णाणं तओ दये'त्यादि, किंभूते संयमे ?—देवंनागसुवर्णकिन्नरगणैः सद्भूतभावेनार्चिते, तथा च संयमवन्तः अर्च्यन्त एव देवादिभिः, किंभूते जिनमते ?—लोक्यतेऽनेनेति लोकः—ज्ञानमेव स यत्र प्रतिष्ठितः, तथा जगदिदं ज्ञेयतया,

---

દાનવ—નરેન્દ્રોના સમૂહથી પૂજાયેલ શ્રુતધર્મના સામર્થ્યને જાણીને પ્રમાદ કરશે ? અર્થાત્ (શ્રુતધર્મમાં કહેવાયેલ અનુષ્ઠાનરૂપી) ચારિત્રધર્મમાં પ્રમાદ કરવો યોગ્ય નથી.

**શંકા :** પૂર્વે 'सुरगणनरेन्द्रमहितस्य' વિશેષણ આપ્યું જ હતું તો પાછળથી 'देव—दानव नरेन्द्रगणार्चितस्य' વિશેષણ શા માટે આપ્યું ?

**સમાધાન :** પૂર્વે કહેલાનો જ ઉપસંહાર હોવાથી કોઈ દોષ નથી. આવા ગુણવાળા તે શ્રુતધર્મના સામર્થ્યને જાણ્યા બાદ કયો સકર્ણ જીવ ચારિત્રધર્મમાં પ્રમાદી થાય ? (આશય એ છે કે – શ્રુતધર્મનું આવું સામર્થ્ય છે એટલે કે શ્રુતધર્મમાં કહેવાયલા અનુષ્ઠાનોથી મોક્ષ જેવું વિશિષ્ટ ફળ પ્રાપ્ત થતું હોય તો તે શ્રુતધર્મને જાણીને = ભણીને ચારિત્રાનુષ્ઠાનોમાં પ્રમાદ કરવો નહીં.) જે કારણથી આ પ્રમાણે છે તે કારણથી – (હું જિનમતને નમસ્કાર કરું છું એમ અન્વય જોડવો. જિનમત કેવો છે ? તે કહે છે—) સિદ્ધ છે એટલે કે (ફલને લાવી આપનારા તરીકે) પ્રતિષ્ઠિત છે. (અથવા સર્વનયને પોતાનામાં સમાવેલ હોવાથી અને કષ—છેદ—તાપરૂપ ત્રિકોટીથી પરિશુદ્ધ હોવાથી) પ્રખ્યાત છે. 'भो' શબ્દ અતિશયિઓના આમંત્રણ માટે છે, અર્થાત્ હે વિશિષ્ટજ્ઞાનીઓ ! તમે જુઓ, હું પ્રયત થયો છું અર્થાત્ મારી શક્તિ પ્રમાણે આટલા કાળ સુધી પ્રકર્ષથી (જિનમતમાં) યત્નવાળો થયો છું. હે વિશિષ્ટ જ્ઞાનીઓ ! વિગેરે આમંત્રણ આપવાદ્વારા આ જીવ પરસાક્ષીએ પ્રયત થઈને હવે ફરીથી નમસ્કાર કરે છે – 'नमो जिनमते' અહીં વિભક્તિનો ફેરફાર કરી 'नमो जिनमताय' અર્થ જાણવો અર્થાત્ જિનમતને નમસ્કાર થાઓ. (ટૂંકમાં પંક્તિનો અર્થ – હે જ્ઞાનીઓ ! પ્રખ્યાત એવા જિનમતમાં આટલા કાળથી યત્નવાળો હું આ જિનમતને નમસ્કાર કરું છું.)

તથા આ જિનમતની હાજરીમાં સર્વકાળ માટે સંયમમાં સારી વૃદ્ધિ થાય છે. કહ્યું છે – પ્રથમ જ્ઞાન અને પછી દયા... વિગેરે. સંયમ કેવા પ્રકારનું છે ? – દેવો—નાગકુમારો—સુવર્ણકુમારો—કિન્નરદેવોના સમૂહદ્વારા ખરાભાવથી આ સંયમ પૂજાયું છે. આ વાત સત્ય છે સંયમીઓ દેવાદિથી પૂજાય જ છે. જિનમત કેવા પ્રકારનો છે ? – જેનાવડે જણાય તે લોક એટલે કે જ્ઞાન. અહીં જ્ઞાન જ 'લોક'શબ્દથી ગ્રહણ કરવાનું છે. તે જ્ઞાન જેમાં પ્રતિષ્ઠિત છે એવો આ જિનમત છે. વળી જે

केचित् मनुष्यलोकमेव जगत् मन्यन्ते इत्यत आह–त्रैलोक्यमनुष्यासुरं, आधाराधेयरूपमित्यर्थः, अयमित्थंभूतः श्रुतधर्मो वर्द्धतां–वृद्धिमुपयातु शाश्वतः–द्रव्यार्थादेशान्नित्यः, तथा चोक्तं–'द्रव्यार्थादेशात् इत्येषा द्वादशाङ्गी न कदाचिद् नासीदि'त्यादि, अन्ये पठन्ति–धर्मो वर्द्धतां शाश्वतं इति, अस्मिन् पक्षे क्रियाविशेषणमेतत्, शाश्वतं वर्द्धतां अप्रच्युत्येति भावना, विजयतः–कर्मपरप्रवादिविजयेनेति हृदयं, तथा धर्मोत्तरं–चारित्रधर्मोत्तरं वर्द्धतु, पुनर्वृद्ध्यभिधानं मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्येति प्रदर्शनार्थं, तथा च तीर्थकरनामकर्महेतून् प्रतिपादयतोक्तं–''अप्पुव्वणाणगहणे''त्ति, 'सुयस्स भगवओ करेमि काउस्सग्गं वंदणवत्तियाए' इत्यादि पूर्ववत्, यावद्वोसिरामि। एयं सुत्तं पढित्ता पणुवीसुस्सासमेव काउस्सग्गं करेंति आह च–'सुयणाणस्स चउत्थो'त्ति, तओ नमोक्कारेण पारित्ता विसुद्धचरणदंसणसुयाइयारा मंगलनिमित्तं चरणदंसणसुयदेसगाणं सिद्धाणं थुइं कड्ढेंति, भणियं च–'सिद्धाण थुई य'त्ति, सा चेयं स्तुतिः–

---

જિનમતમાં જગત જ્ઞેય તરીકે પ્રતિષ્ઠિત છે. કેટલાક જીવો મનુષ્યલોકને જ જગત તરીકે માને છે તેથી (જગતનું સંપૂર્ણ સ્વરૂપ જણાવવા આ જગત કેવું છે ?) તે કહે છે – આ જગત ત્રૈલોક્યસ્વરૂપ છે એટલે કે આધાર છે અને તેમાં રહેનારા મનુષ્ય, સુર અને અસુરો છે (અહીં મૂળમાં પ્રાકૃત હોવાથી 'સુર' શબ્દનો લોપ થવાથી मच्चासुरं રૂપ થયું છે.) માટે જગત આધેયરૂપ પણ છે. (મનુષ્ય, સુર અને અસુર એ આધેય છે. મનુષ્ય વિગેરે જ જગત છે. માટે જગત આધેયરૂપ પણ છે.) માટે જ કહ્યું છે કે આ જગત આધર–આધેયરૂપ છે.

આવા પ્રકારનો શ્રુતધર્મ વૃદ્ધિને પામો. (વળી તે કેવો છે ?) શાશ્વત છે એટલે કે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે. કહ્યું છે – "દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આ દ્વાદશાંગી ક્યારેય નહોતી એવું નથી વિગેરે." કેટલાક એમ કહે છે – 'શાશ્વત'શબ્દ ક્રિયાવિશેષણ જાણવો. તેથી અર્થ – હંમેશા વૃદ્ધિને પામો. તથા વિજયથી એટલે કે કર્મરૂપ પરવાદી ઉપર જિત મેળવવાદ્વારા આ શ્રુતધર્મ વધો. 'ધર્મોત્તરં' અર્થાત્ ચારિત્રધર્મ પ્રધાન બને એ રીતે શ્રુતધર્મ (મારામાં) વધો. અહીં ફરીથી વૃદ્ધિનું કથન કર્યું તે મોક્ષાર્થી જીવે રોજે–રોજ જ્ઞાનવૃદ્ધિ કરવી જોઈએ એ વાત જણાવવા કર્યું છે.

તથા તીર્થંકરનામકર્મના કારણોનું (= વીશસ્થાનકોનું) પ્રતિપાદન કરતી વખતે ગ્રંથકારે અપૂર્વજ્ઞાનનું ગ્રહણ પણ એક કારણ તરીકે કહ્યું છે. 'ભગવાન શ્રુતજ્ઞાનના વંદનનિમિત્તે કાયોત્સર્ગ કરું છું – થી લઈ વોસિરામિ' સુધીનું સૂત્ર પૂર્વની જેમ જાણવું. આ સૂત્રને બોલીને પચ્ચીસ ઉચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ સાધુઓ કરે છે. આ જ વાત ગા. ૧૫૨૬માં કહી છે – શ્રુતજ્ઞાનનો ચોથો કાયોત્સર્ગ છે. (सयणासणण्ण કાયોત્સર્ગની અપેક્ષાએ ચોથો જાણવો.) ત્યાર પછી નમસ્કારવડે કાયોત્સર્ગને પારીને ચારિત્ર, દર્શન અને શ્રુતસંબંધી અતિચારોથી વિશુદ્ધ થયેલા સાધુઓ મંગલ માટે ચારિત્ર, દર્શન અને શ્રુતના દેશક એવા સિદ્ધોની સ્તુતિને બોલે છે. આ જ વાત ગા. ૧૫૨૬માં કરી કે – "ત્યાર પછી સિદ્ધોની સ્તુતિ કરે." અને તે સ્તુતિ આ પ્રમાણે જાણવી ⇨

सिद्धाणं बुद्धाणं पारगयाणं परंपरगयाणं । लोयग्गमुवगयाणं नमो सया सव्वसिद्धाणं ॥१॥ जो देवाणवि देवो जं देवा पंजली नमंसंति । तं देवदेवमहिअं सिरसा वंदे महावीरं ॥२॥ इक्कोऽवि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स । संसारसागराओ तारेइ नरं व नारिं वा ॥३॥ उर्ज्जितसेलसिहरे दिक्खा नाणं निसीहिआ जस्स । तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ॥४॥ चत्तारि अट्ठ दस दो य वंदिआ जिणवरा चउव्वीसं । परमट्ठनिट्ठिअट्ठा सिद्धा सिद्धिं मम दिसंतु ॥५॥ (सूत्रं)

अस्य व्याख्या–सितं ध्मातमेषामिति सिद्धा निर्दग्धकर्मेन्धना इत्यर्थस्तेभ्यः सिद्धेभ्यः, ते च सामान्यतो विद्यासिद्धा अपि भवन्त्यत आह–बुद्धेभ्यः, तत्रावगताशेषाविपरीततत्त्वा बुद्धा उच्यन्ते, तत्र कैश्चित् स्वतन्त्रतयैव तेऽपि स्वतीर्थोज्ज्वालनाय इहागच्छन्ति इत्यभ्युपगम्यन्ते अत आह–'पारगतेभ्यः' पारं–पर्यन्तं संसारस्य प्रयोजनव्रातस्य च गताः पारगताः तेभ्यः, तेऽपि चानादिसिद्धैकजगत्पतीच्छावशात् कैश्चित् तथाऽभ्युपगम्यन्ते अत आह–'परम्परगतेभ्यः' परम्परया एकेनाभिव्यक्तार्थादागमात् प्रवृत्तोऽन्योऽन्येनाभिव्यक्तादर्थादन्योऽन्येनाप्यन्य इत्येवंभूतया गताः परंपरगतास्तेभ्यः, आह–प्रथम एव केनाभिव्यक्तार्थादागमात् प्रवृत्त इति ?, उच्यते, अनादित्वात् सिद्धानां

**સૂત્રાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** सितं = બંધાયેલું કર્મ જેમનું ध्मातं = નાશ પામ્યું છે તે અર્થાત્ બળી ગયું છે કર્મેધણ જેમનું તેવા સિદ્ધો, તેમને (નમસ્કાર થાઓ એમ અન્વય જોડવો.) સામાન્યથી સિદ્ધો તરીકે વિદ્યાસિદ્ધ વિગેરે પણ સમજી શકાય છે. પરંતુ તેઓને અહીં ગ્રહણ કરવા નથી તેથી કહે છે – બુદ્ધોને, બધા જ તત્ત્વો સમ્યગ્ રીતે જેમણે જાણેલા છે તે બુદ્ધ કહેવાય છે. (જો કે 'બુદ્ધ' વિશેષણથી વિદ્યાસિદ્ધ વિગેરેની બાદબાકી થઇ જાય છે પરંતુ) કેટલાક મિથ્યાદર્શનીઓ પોતાની બુદ્ધિકલ્પનાથી જ એવું માને છે કે તે બુદ્ધો પણ પોતાના તીર્થની ઉન્નતિ માટે મોક્ષમાં ગયા પછી પણ પાછા અહીં જગતમાં આવે છે. તેથી આ બુદ્ધોની બાદબાકી કરવા કહે છે કે – પારગતોને, અર્થાત્ જેઓ સંસારના અને પોતાના સર્વ પ્રયોજનોના પારને પામેલા છે તેઓને. (મિથ્યાદર્શનીઓએ માનેલા બુદ્ધોને સ્વતીર્થની ઉન્નતિરૂપ પ્રયોજન પૂર્ણ થયું નથી તેથી આવા બુદ્ધો પારગત કહેવાતા નથી. તેથી 'પારગત' વિશેષણદ્વારા તેઓની બાદબાકી સમજવી.)

કેટલાક મિથ્યાદર્શનીઓ એવું માને છે કે – "તે પારગતો પણ અનાદિસિદ્ધ એવા એક જગત્પતિની ઇચ્છાથી પાર પામેલા છે." તેઓની આ માન્યતાને દૂર કરવા કહે છે કે – પરંપરાગતોને, અહીં પરંપરાવડે એટલે કે એકે પ્રગટ કરેલા અર્થવાળા આગમથી અન્ય પ્રવૃત્ત થયો (અર્થાત્ એકના ઉપદેશથી બોધ પામીને બીજો સિદ્ધ થયો. એ જ પ્રમાણે) અન્યદ્વારા જણાવેલા અર્થવાળા આગમથી અન્ય પ્રવૃત્ત થયો. એ જ પ્રમાણે અન્ય દ્વારા અન્ય એમ પરંપરાવડે મોક્ષમાં જીવો ગયા છે. (આ વિશેષણથી એમ જણાવ્યું કે અનાદિસિદ્ધ એવો જગત્પતિનામનો કોઇ એક આત્મા નથી કે તે એકલાની ઇચ્છાથી જીવો મોક્ષ પામે. પરંતુ અનેક જીવોના ઉપદેશથી અનેકજીવો સિદ્ધ પામ્યા છે.)

**શંકા :** પ્રથમ જીવ કોના ઉપદેશથી સિદ્ધ થયો ?

प्रथमत्वानुपपत्तिरिति, अथवा कथञ्चित् कर्मक्षयोपशमात् दर्शनं दर्शनात् ज्ञानं ज्ञानाच्चारित्रमित्येवंभूतया परम्परया गतास्तेभ्यः, तेऽपि च कैश्चित् सर्वलोकापन्ना एवेष्यन्त इत्यत आह– 'लोकाग्रमुपगतेभ्यः' लोकाग्रम्–ईषत्प्राग्भाराख्यं तमुपगताः तेभ्यः, आह–कथं पुनरिह सकलकर्मविप्रमुक्तानां लोकाग्रं यावद्गतिर्भवति ?, भावे वा सर्वदैव कस्मान्न भवतीति ?, अत्रोच्यते, पूर्वाविधवशाद् दण्डादिचक्रभ्रमणवत् समयमेवैकमविरुद्धेति, नमः सर्वदा–सर्वकालं 'सर्वसिद्धेभ्यः' तीर्थसिद्धादिभेदभिन्नेभ्यः, अथवा सर्वं साध्यं सिद्धं येषां ते सर्वसिद्धास्तेभ्यः, इत्थं सामान्येन सर्वसिद्धनमस्कारं कृत्वा पुनरासन्नोपकारित्वाद् वर्तमानतीर्थाधिपतेः श्रीमन्महावीरवर्द्धमानस्वामिनः स्तुतिं कुर्वन्ति–'जो देवाणवि देवो जं देवा पंजली'त्यादि, यो भगवान् वर्धमानोः देवानामपि–भवनवास्यादीनां देवः, पूज्यत्वात्, तथा चाह–यं देवाः प्राञ्जलयो नमस्यन्ति–विनयरचितकरपुटाः सन्तः प्रणमन्ति, तं 'देवदेवमहियं' देवदेवाः–शक्रादयः तैः महितं–पूजितं 'शिरसा' उत्तमाङ्गेनेत्यादर-

---

**સમાધાન :** સિદ્ધો અનાદિ હોવાથી 'પહેલો જીવ' એમ કહેવું જ ઘટતું નથી. (મિથ્યાદર્શનીઓ જે જગત્પતિનામનો અનાદિ સિદ્ધ માને છે તે એક જીવની અપેક્ષાએ હોવાથી મિથ્યા છે. જ્યારે અહીં સિદ્ધો અનાદિ કહ્યા તે પ્રવાહની અપેક્ષાએ છે એમ જાણવું.) અથવા પરંપરા એટલે કોઇક રીતે કર્મના ક્ષયોપશમથી દર્શન પ્રાપ્ત થાય, દર્શનથી જ્ઞાન અને જ્ઞાનથી ચારિત્ર. આવા પ્રકારની પરંપરાથી મોક્ષમાં ગયેલા સિદ્ધોને નમસ્કાર થાઓ. આ સિદ્ધોને પણ કેટલાક લોકો સર્વલોકવ્યાપી જ માને છે તેથી તેમની આ માન્યતાનું ખંડન કરવા કહે છે – લોકાગ્રને પામેલા. લોકાગ્ર એટલે ઇષત્પ્રાગ્ભારનામનું સ્થાન. તેને પામેલા સિદ્ધોને નમસ્કાર થાઓ.

**શંકા :** (જીવની ગતિ કર્મને આધીન છે. તો) સકલ કર્મોથી રહિત થયેલા એવા સિદ્ધોની લોકાગ્ર સુધી ગતિ કેવી રીતે થાય છે ? અને જો કર્મ વિના ગતિ સિદ્ધોની થઇ હોય તો કાયમ માટે હવે કર્મ રહિત હોવાથી કાયમ ગતિ કેમ થતી નથી ?

**સમાધાન :** જેમ દંડથી ઉત્પન્ન થયેલું ભ્રમણ પછીથી દંડ વિના પણ પૂર્વાભ્યાસના કારણે ચાલ્યા કરે છે અને તે કંઇ લાંબાકાળ સુધી ચાલતું નથી તેમ પૂર્વ અભ્યાસના વશથી સિદ્ધોની પણ કર્મ વિના લોકાગ્ર સુધી ગતિ થાય છે અને તે પણ લાંબાકાળ માટે નહીં એટલે કે એક જ સમય માટે થાય છે તેમાં કોઈ વિરોધ નથી.

'नमो सया सव्वसिद्धाणं' સર્વદા એટલે કે સર્વકાળ માટે તીર્થસિદ્ધ વિગેરે જુદા જુદા પ્રકારના સર્વસિદ્ધોને નમસ્કાર થાઓ. અથવા સર્વ સાધ્ય જેમને સિદ્ધ થઇ ગયા છે તે સર્વસિદ્ધો, તેમને નમસ્કાર થાઓ. આ પ્રમાણે સામાન્યથી સર્વસિદ્ધોને નમસ્કાર કરીને ફરી આસન્નોપકારી હોવાથી વર્તમાન તીર્થના અધિપતિ શ્રીમન્મહાવીરવર્ધમાનસ્વામિની સ્તુતિને કરે છે – "जो देवाणवि...." જે ભગવાન વર્ધમાનસ્વામી દેવોને પણ પૂજ્ય હોવાથી દેવાધિદેવ છે એટલે કે ભવનવાસી વિગેરે દેવોના પણ દેવ છે. આ જ વાતને કહે છે કે – વિનયપૂર્વક જોડેલા હાથોવાળા એવા દેવો જેમને પ્રણામ કરે છે તેવા અને ઇન્દ્રોથી પૂજાયેલા મહાવીરને મસ્તકવડે હું વંદન કરું છું 'મસ્તકવડે' આ શબ્દ આદર જણાવવા કહ્યો છે.

प्रदर्शनार्थमाह, वन्दे, तं कं ?—'महावीरं' 'ईर गतिप्रेरणयो'रित्यस्य विपूर्वस्य विशेषेण ईरयति— कर्म गमयति याति वा शिवमिति वीरः, महांश्चासौ वीरश्च महावीरः तं, इत्थं स्तुतिं कृत्वा पुनः फलप्रदर्शनार्थमिदं पठति—'एक्कोऽवि नमोक्कारो जिणवरवसहस्से'त्यादि, एकोऽपि नमस्कारो जिनवरवृषभस्य वर्द्धमानस्य संसारसागरात्तारयति नरं वा नारीं वा, इयमत्र भावना—सति सम्यग्दर्शने परया भावनया क्रियमाण एकोऽपि नमस्कारः तथाभूताध्यवसायहेतुर्भवति यथाभूताच्छ्रेणिमवाप्य निस्तरति भवोदधिमित्यतः कारणे कार्योपचारादेतदेवमुच्यते, अन्यथा चारित्रादिवैफल्यं स्यात् । एतास्तिस्रः स्तुतयो नियमेनोच्यन्ते, केचिदन्या अपि पठन्ति, न च तत्र नियमः, 'कितिकम्मं'ति पुणो संडंसयं पडिलेहिय उवविसंति, मुहपोत्तियं पडिलेहंति ससीसोवरियं कायं पमज्जित्ता आयरियस्स वंदणं करेंति'त्ति गाथार्थः ॥१५२६॥

आह—किं निमित्तमिदं वन्दनकमिति ?, उच्यते –

ईर् धातु गति अने प्रेरणा अर्थमां छे. 'वि' उपसर्ग पूर्वकना आ धातु उपरथी 'वीर' शब्द बन्यो छे, अर्थात् विशेषथी जे कर्मने प्रेरे छे = दूर करे छे ते वीर अथवा जे मोक्षमां जाय छे ते वीर. महान एवा वीर ते महावीर. तेमने हुं वंदन करुं छुं. आ प्रमाणे वीरप्रभुनी स्तुति करीने फरी तेमने करेला नमस्कारनुं फळ देखाडवा कहे छे – एक्कोऽवि... जिनवरोमां वृषभ समान एवा वर्धमानस्वामिने करेलो एक पण नमस्कार नर के नारीने संसारसागरथी तारे छे. भावार्थ ए छे के – सम्यग्दर्शननी हाजरीमां उत्कृष्ट एवी भावना साथे करातो एक पण नमस्कार तेवा प्रकारना अध्यवसायनुं कारण बने छे के जेवा प्रकारना अध्यवसायथी जीव क्षपकश्रेणिने पामीने संसारसागर तरी जाय छे. तेथी कारणमां कार्यनो उपचार करता 'नमस्कार संसारसागर उतारे छे' एम बोलाय छे. जो आ रीते उपचार न समजवानो होय अने मात्र नमस्कारथी ज मोक्ष मळी जवानो होय तो चारित्र विगेरे बधुं निष्फळ थई जाय.

આ ત્રણ સ્તુતિઓ (= સિદ્ધાણં–બુદ્ધાણંની આ ત્રણ ગાથાઓ ગણધરકૃત હોવાથી) નિયમથી બોલાય છે. કેટલાકો છેલ્લી બે ગાથાઓ પણ બોલે છે પરંતુ છેલ્લી બે બોલવી જ એવો નિયમ નથી. (ઇચ્છા હોય તો બોલે, ન હોય તો ન બોલે. જો કે અત્યારે સામાચારી બોલવાની છે. તેનો અર્થ આ પ્રમાણે – ગિરનાર પર્વતના શિખર ઉપર જેમના દીક્ષા, કેવલજ્ઞાન અને નૈષેધિકી = મોક્ષમાં સર્વ વ્યાપારોનો નિષેધ હોવાથી મોક્ષ એ જ નૈષેધિકી શબ્દથી લેવો. તેથી નૈષેધિકી એટલે કે મોક્ષ થયા છે તે ધર્મચક્રવર્તી એવા અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું. તથા ચાર, આઠ, દસ અને બે (એ પ્રમાણે) વંદન કરાયેલા, પરમાર્થથી નિષ્ઠિત અર્થોવાળા અને સિદ્ધ થયેલા એવા ચોવીસે જિનવરો મને સિદ્ધિને આપો.)

(હવે ગા. ૧૫૨૬માં આપેલ) 'કૃતિકર્મ' શબ્દનો અર્થ કરે છે – આ રીતે સિદ્ધાણં–બુદ્ધાણં બોલીને ફરીથી સાંધાઓનું પ્રમાર્જન કરીને નીચે બેસે છે અને મુહપતિનું પડિલેહણ કરે છે. ત્યાર પછી મસ્તક સહિત નાભિથી ઉપરની કાયાનું પ્રમાર્જન કરીને આચાર્યને વંદન કરે છે. **॥૧૫૨૬॥**

શંકા : આ વંદન શા માટે કરવાનું ? **સમાધાન ⇨**

सुकयं आणत्तिं पिव लोगे काऊण सुकयकिइकम्मं ।
वड्ढंतिया थुईओ गुरुथुइगहणे कए तिन्नि ॥१५२७॥

'सुकयं आणत्तिं पिव लोए काऊणं'ति [10]जह रण्णा मणुस्सा आणत्तिगाए पेसिया पणामं काऊण गच्छंति, तं च सुकतं काऊण पुणो पणामपुव्वगं निवेदेंति, एवं साहुणोऽवि गुरुसमादिट्ठा वंदणगपुव्वगं चरित्तादिविसोहिं काऊण पुणो सुकयकितिकम्मा संतो गुरुणो निवेदंति– भगवं ! कयं तं पेसणं आयविसोहिकारगंति, वंदणं च काऊण पुणो उक्कुडुया आयरियाभिमुहा विणयरतियंजलिपुडा चिट्ठंति, जाव गुरू थुइगहणं करेंति, ततो पच्छा समत्ताए पढमथुतीए थुइं कड्ढंति विणउत्ति, तओ थुई या वड्ढंतियाओ कड्ढेंति तिण्णि, आह च–वड्ढंतिया थुइओ गुरुथुतिगहणे कए तिण्णित्ति गाथार्थः ॥१५२७॥ तओ पाउसियं कत्तव्वं करेंति, एवं ताव देवसियं करेंति, गतं देवसियं, इदाणिं राइयं, तत्थिमा विही, पढमं चिय सामाइयं कड्ढिऊण चरित्तविसुद्धिनिमित्तं

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જેમ રાજાવડે કોઇ કાર્ય માટે આજ્ઞા અપાયેલા પુરુષો રાજાને પ્રણામ કરીને જાય છે. સારી રીતે તે કાર્યને પતાવીને પાછા આવેલા તે પુરુષો પ્રણામપૂર્વક તે કાર્યની સમાપ્તિનું નિવેદન કરે છે. આ જ પ્રમાણે ગુરુવડે આજ્ઞા અપાયેલા સાધુઓ પણ ચારિત્રાદિની વિશોધિને કરીને ફરીથી સારી રીતે કર્યા છે વંદન જેમણે તેવા સાધુઓ ગુરુને નિવેદન કરે છે કે – હે ભગવન્ ! આત્મવિશુદ્ધિ કારક એવું (કાયોત્સર્ગાદિ) કાર્ય અમે પૂર્ણ કર્યું છે. અને આ પ્રમાણે વંદન કરીને ફરી ઉત્કટુક આસને આચાર્યની સામે વિનયથી રચાયેલી અંજલિવાળા થઇને રહે છે.

ત્યાર પછી જ્યારે ગુરુ (नमोऽस्तु वर्धमानाय ની) પ્રથમ ગાથા બોલી રહે પછી બધા સાધુઓ તે સ્તુતિને બોલે છે, ગુરુના બોલી રહ્યા પછી બોલવું એ વિનય હોવાથી સાધુઓ પછી બોલે છે. સાધુઓ ત્યારે અક્ષરો કે સ્વરોવડે વધતી એવી ત્રણ સ્તુતિઓ બોલે છે. આ જ વાત મૂળગાથામાં જણાવી છે કે – ગુરુવડે સ્તુતિ બોલાયા બાદ સાધુઓ વૃદ્ધિ પામતી ત્રણ સ્તુતિઓ બોલે છે ॥**૧૫૨૭**॥ ત્યાર પછી સાધુઓ રાત્રિનું કર્તવ્ય કરે છે. આ પ્રમાણે દૈવસિક પ્રતિક્રમણ સાધુઓ કરે છે. દૈવસિકપ્રતિક્રમણની વિધિ પૂર્ણ થઇ. હવે રાત્રિપ્રતિક્રમણ કહેવાય છે. તેમાં વિધિ આ પ્રમાણે – પ્રથમ સામાયિકસૂત્રને બોલીને ચારિત્રવિશુદ્ધિ માટે પચ્ચીસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરે છે.

१०. यथा राज्ञा मनुष्या आज्ञप्त्या प्रेषिताः प्रणामं कृत्वा गच्छन्ति, तच्च कृत्वा पुनः प्रणामपूर्वकं निवेदयन्ति, एवं साधवोऽपि गुरुसमादिष्टा वन्दनपूर्वं चारित्रादिविशुद्धिं कृत्वा पुनः सुकृतकृतिकर्माणः सन्तो गुरुभ्यो निवेदयन्ति-भगवन् ! कृतं तं प्रेषणमात्मविशुद्धिकारकमिति, वन्दनं च कृत्वा पुनरुत्कटुका आचार्याभिमुखा विनयरचिताञ्जलिपुटास्तिष्ठन्ति यावद्गुरवः स्तुतिग्रहणं कुर्वन्ति, ततः पश्चात् समाप्तायां प्रथमस्तुतौ स्तुतीः कथयन्ति विनय इति, ततः स्तुतीर्वर्धमानाः कथयन्ति तिस्रः, वर्धमानाः स्तुतयः गुरुस्तुतिग्रहणे कृते तिस्त्ररिति । ततः प्रादोषिकं कालं कुर्वन्ति, एवं तावद्दैवसिकं कुर्वन्ति, गतं दैवसिकं, रात्रिकमिदानीं, तत्रायं विधिः-प्रथममेव सामायिकं कथयित्वा चारित्रविशुद्धिनिमित्तं

पणुवीसुस्सासमेत्तं काउस्सग्गं करेंति, तओ नमोक्कारेण पारित्ता दंसणविसुद्धीनिमित्तं चउवीसत्थयं पढंति, पणुवीसुस्सासपरिमाणमेव काउस्सग्गं करेंति, एत्थवि नमोक्करेण पारेत्ता सुयणाण-विसुद्धीनिमित्तं सुयणाणत्थयं कड्ढेंति, काउस्सग्गं च तस्सुद्धिनिमित्तं करेंति, तत्थ य पाओसिय-थुइमादीयं अधिकतकाउस्सग्गपज्जंतमइयारं चिंतेइ, आह–किंनिमित्तं पढमकाउस्सग्गे एव राइयाइयारं ण चिंतेति ?, उच्यन्ते,

निद्दामत्तो न सरइ अइआरं मा य घट्टणंऽण्णोऽण्णं ।
किइअकरणदोसा वा गोसाई तिन्नि उस्सग्गा ॥१५२८॥

निद्दामत्तो–निद्दाभिभूओ न सरइ–न संभरइ सुट्ठु अइयारं मा य घट्टणं ऽण्णोऽण्णं अंधयारे वंदंतयाणं, 'कितिअकरणदोसा वा' अंधयारे अदंसणाओ मंदसद्धा न वंदंति, एएण कारणेणं गोसे–पच्चूसे आइए तिण्णि काउस्सग्गा भवन्ति, न पुण पाओसिए जहा एक्कोत्ति ॥१५२८॥

(સવારે પ્રતિક્રમણ ઠાવ્યા બાદ નમુત્થુણં બોલ્યા પછીની આ વિધિ જાણવી.) નમસ્કારવડે કાયોત્સર્ગને પારીને દર્શનવિશુદ્ધિનિમિત્તે પ્રગટ લોગસ્સસૂત્ર બોલે. પછી પચ્ચીસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરે. અહીં પણ નમસ્કારવડે પારીને શ્રુતજ્ઞાનની વિશુદ્ધિ માટે 'पुक्खरवरदीवड्ढे' સૂત્ર બોલે અને તેની શુદ્ધિ માટે કાયોત્સર્ગને કરે છે. અને તે કાયોત્સર્ગમાં આગલી રાતે પ્રતિક્રમણમાં नमोऽस्तु वर्धमानाय વિગેરે જે સ્તુતિ બોલ્યા હતા ત્યાંથી લઈને અત્યારે ચાલી રહેલા ત્રીજા કાયોત્સર્ગ સુધીના અતિચારો વિચારે.

**શંકા :** ચારિત્રશુદ્ધિના પ્રથમકાયોત્સર્ગમાં જ રાત્રિક–અતિચારો કેમ ન વિચારે ?
**સમાધાન :** ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (ઊઠીને તરત ચિંતન કરવામાં) નિદ્રાથી અભિભૂત થયેલો સાધુ સારી રીતે અતિચારોનું સ્મરણ કરી શકતો નથી. વળી અંધારામાં વંદન કરતા (= અબ્ભુટ્ઠિઓ ખામતી વેળાએ) સાધુઓને પરસ્પર અથડામણ ન થાય અથવા અંધકારમાં ન દેખાવાને કારણે મંદશ્રદ્ધાવાળા (= સામાચારીમાં ઢીલાપોચા) સાધુઓ અંધકારનો ફાયદો ઊઠાવીને વંદન કરતા નથી. આવા બધા કારણોને કારણે સવારે પ્રથમ ત્રણ કાયોત્સર્ગ કરવાના આવે છે. (તેમાં પહેલા બે કાયોત્સર્ગ કરતા સુધીમાં નિદ્રા ઊડી જવાથી ત્રીજા કાયોત્સર્ગમાં અતિચારોનું સ્મરણ સારી રીતે થઈ શકે.) પણ સાંજના પ્રતિક્રમણની જેમ એક કાયોત્સર્ગ થતો નથી. ॥૧૫૨૮॥

११. पञ्चविंशत्युच्छ्वासमानं कायोत्सर्गं कुर्वन्ति, ततो नमस्कारेण पारयित्वा दर्शनविशुद्धिनिमित्तं चतुर्विंशतिस्तवं पठन्ति पञ्चविंशत्युच्छ्वासपरिमाणमेव कायोत्सर्गं कुर्वन्ति, अत्रापि नमस्कारेण पारयित्वा श्रुतज्ञानविशुद्धिनिमित्तं श्रुतज्ञानस्तवं कर्षयन्ति, कायोत्सर्गं च तच्छुद्धिनिमित्तं कुर्वन्ति, तत्र च प्रादोषिकस्तुत्यादिकं अधिकृतकायोत्सर्गपर्यन्तमतिचारं चिन्तयन्ति । आह-किंनिमित्तं प्रथमकायोत्सर्ग एव रात्रिकातिचारं न चिन्तयन्ति ?, - निद्रामत्तः-निद्राभिभूतो न स्मरति सुष्ठ्वतिचारं मा घट्टनमन्योऽन्यं वन्दमानानामन्धकारे कृतिकर्माकरणदोषा वा-अन्धकारेऽदर्शनात् मन्दश्रद्धा न वन्दन्ते, एतेन कारणेन प्रत्यूषे आदौ त्रयः कायोत्सर्गा भवन्ति, न पुनः प्रादोषिके यथैक इति,

एत्थ पढमो चरित्ते दंसणसुद्धीएँ बीयओ होइ ।
सुयनाणस्स य ततिओ नवरं चिंतंति तत्थ इमं ॥१५२९॥
तइए निसाइयारं चिंतइ चरमंमि किं तवं काहं ? ।
छम्मासा एगदिणाइहाणि जा पोरिसि नमो वा ॥१५३०॥
अहमवि भे खामेमी तुब्भेहिँ समं अहं च वंदामि ।
आयरियसंतियं नित्थारगा उ गुरुणो अ वयणाइं ॥१५३१॥

[12]तओ चिंतिऊण अइयारं नमोक्कारेण पारेत्ता सिद्धाण थुइं काऊण पुव्वभणिएण विहिणा वंदित्ता आलोएंति, तओ–सामाइयपुव्वयं पडिक्कमंति, तओ वंदणपुव्वयं खामेंति, वंदणं काऊणं तओ सामाइयपुव्वयं काउस्सग्गं करेंति, तत्थ चिंतेंति–कम्हि नियोगे निउत्ता वयं गुरूहिं ?, तो तारिसयं तवं पवज्जामो जारिसेण तस्स हाणि न भवति, तओ चिंतेति–छम्मासखमणं करेमो ?,

---

ગાથાર્થ : પ્રથમ કાયોત્સર્ગ ચારિત્ર માટે, બીજો દર્શનશુદ્ધિ માટે છે. ત્રીજો શ્રુતજ્ઞાનની વિશુદ્ધિ માટે જાણવો, પરંતુ તેમાં આ પ્રમાણે વિચારે.

ગાથાર્થ : ત્રીજા કાયોત્સર્ગમાં રાત્રિ અતિચાર વિચારે. છેલ્લા (તપચિંતવણીના) કાયોત્સર્ગમાં – હું કયો તપ કરી શકીશ ? તેમાં છમહિનાથી લઇને એક દિવસ વિગેરેની હાનિ કરતા છેલ્લે પોરિસિ અથવા નવકારશી સુધીનું ચિંતન કરે.

ગાથાર્થ : હું પણ તમને ખમાવું છું, તમારી સાથે (મારું પણ પખવાડિયું સારું ગયું છે.), ચૈત્યોને હું વંદન કરું છું, આચાર્યસંબંધી, નિસ્તાર પામો – આ બધા ગુરુના (ક્ષમાપણા વખતના) વચનો જાણવા.

ટીકાર્થ : આ રીતે કાયોત્સર્ગમાં અતિચારોને વિચાર્યા પછી નમસ્કારવડે કાયોત્સર્ગને પારીને સિદ્ધોની સ્તુતિને (= સિદ્ધાણં–બુદ્ધાણં સૂત્રને) બોલીને પૂર્વોક્ત (= મુહપત્તિ વિગેરેના પ્રતિલેખન પૂર્વકની) વિધિ પ્રમાણે વંદન કરીને ગુરુને અતિચારોનું કથન કરે. ત્યાર પછી સામાયિકસૂત્રને બોલીને પગામસિજ્જાએ સૂત્રદ્વારા પ્રતિક્રમણ કરે છે. ત્યાર પછી વંદનપૂર્વક આચાર્યાદિને ખમાવે છે. ત્યાર પછી વંદન કરીને સામાયિકપૂર્વક કાયોત્સર્ગ કરે છે. તેમાં આ પ્રમાણે વિચારે છે – ગુરુએ મને કયા યોગમાં જોડ્યો છે ? (એ પ્રમાણે વિચારીને) તેવા પ્રકારનો હું તપ કરું કે જેથી તે તપના કારણે ગુરુએ સોંપેલ કાર્ય સીદાય નહીં.

તપ માટે તે સાધુ કાયોત્સર્ગમાં વિચારે કે છમ્માસનો તપ કરવા હું સમર્થ છું ? નથી. એક દિવસ

---

१२. ततश्चिन्तयित्वाऽतिचारान् नमस्कारेण पारयित्वा सिद्धाणमिति स्तुतिं कृत्वा पूर्वभणितेन विधिना वन्दित्वाऽऽलोचयन्ति, ततः सामायिकपूर्वकं प्रतिक्राम्यन्ति, ततो वन्दनकपूर्वकं क्षमयन्ति, वन्दनं कृत्वा ततः सामायिकपूर्वकं कायोत्सर्गं कुर्वन्ति, तत्र चिन्तयन्ति-कस्मिन्नियोगे नियुक्ताश्च वयं गुरुभिः ?, ततस्तादृशं तपः प्रपद्यामहे यादृशेन तस्य हानिर्न भवति, ततश्चिन्तयन्ति-षण्मासक्षपणं कुर्मः ?,

[१३]न सक्केमो, एगदिवसेण ऊणं ?, तहवि न सक्केमो, एवं जाव पंच मासा, तओ चत्तारि तओ तिन्नि तओ दोन्नि, ततो एक्कं ततो अद्धमासं चउत्थं आयंबिलं एगठाणयं एगासणं पुरिमड्ढं निव्विगइयं पोरुसी नमोक्कारसहियं वत्ति, उक्तं च–'चरिमे किं तवं काहं'ति, चरिमे काउस्सग्गे 'छम्मासा एगू( एगदि )णादिहाणी जाव पोरिसि नमो वा, एवं जं समत्था काउं तमसढभावा हिअए करेंति, पच्छा वंदित्ता गुरुसक्खयं पवज्जंति, सव्वे य नमोकारइत्तगा समगं उट्ठेंति वोसिरावेंति निसीयंति य, एवं पोरिसिमादिसु विभासा, तओ तिण्णि थुई जहा पुव्वं, नवरमप्पसद्दगं देंति जहा

ઓછો એવો છમાસનો તપ કરવા સમર્થ છું ? તે પણ કરવા સમર્થ નથી. આ પ્રમાણે પાંચ માસ સુધી સમજવું. ત્યાર પછી ચાર, ત્રણ, બે, એક એમ એક-એક મહિનો ઘટાડવો. ત્યાર પછી પંદર દિવસનો તપ કરવા સમર્થ છું ? નથી. એ જ રીતે ઉપવાસ, આયંબિલ, એકસ્થાન, એકાસણ, પરિમડ્ઢ, નીવિ, પોરિસી અથવા નવકારશી સુધી વિચારવું. (વર્તમાનકાલિન સામાચારી આ પ્રમાણે છે – છ માસનો તપ કરવા સમર્થ છું ? નથી. એક દિવસ ન્યૂન છમાસ ? શક્તિ નથી, પરિણામ નથી. આ પ્રમાણે એક-એક દિવસ ઓછા કરતા–કરતા છેલ્લે ૨૯ દિવસ ન્યૂન છમાસ તપ કરવા સમર્થ છું ? નથી. આ જ પ્રમાણે હવે પાંચ દિવસ ન્યૂન પાંચ મહિના તપ કરવા સમર્થ છું ? નથી. ૧૦ દિવસ ન્યૂન પાંચ મહિના, ૧૫ દિવસ ન્યૂન પાંચ મહિના, ૨૦ દિવસ ન્યૂન પાંચ મહિના, ૨૫ દિવસ ન્યૂન પાંચ મહિના તપ કરવા સમર્થ છું ? નથી. આ જ પદ્ધતિ પ્રમાણે) ચાર મહિના, ત્રણ મહિના, બે મહિના સુધી જવું ત્યાર પછી ૧ દિવસ ન્યૂન ૧ મહિનાનો તપ કરવા સમર્થ છું ? નથી એમ એક–એક દિવસ ઓછો કરતા કરતા છેલ્લે ૧૩ દિવસ ન્યૂન એક મહિનાનો તપ કરવા સમર્થ છું ? નથી. ત્યાર પછી ચોત્રીસ ભક્ત, બત્રીસ ભક્ત વિગેરેથી લઈ ઉપવાસ, આયંબિલ, એકસ્થાન, એકાસણ, પુરિમઢ, નીવિ, પોરિસી અથવા નવકારશી સુધી વિચારવું.) આ જ વાત ગાથામાં કરી છે – "છેલ્લા કાયોત્સર્ગમાં કયો તપ કરું ? તેમાં છમાસથી આરંભી એક દિવસ ન્યૂન વિગેરેરૂપ હાનિ કરતા છેલ્લે પોરિસી અથવા નવકારશી વિચારે."

તેમાં જે તપ કરવા સમર્થ હોય તે તપને માયા વિનાના સાધુઓ હૃદયમાં કરે અર્થાત્ તે તપ કરવાનું નક્કી કરે. પછી ગુરુને વંદન કરીને ગુરુસાક્ષીએ તે તપનું પચ્ચક્ખાણ કરે. તેમાં જેટલા સાધુઓ નવકારશીવાળા હોય તેબધા એક સાથે ઉપસ્થિત થાય, વોસિરાવે (= પચ્ચક્ખાણ લે) અને બેસી જાય. આ જ પ્રમાણે પોરિસી વિગેરેના પચ્ચક્ખાણવાળા સાધુઓ માટે સમજી લેવું. ત્યાર પછી પૂર્વની જેમ વર્ધમાન ત્રણ સ્તુતિઓ બોલે પરંતુ (રાત્રિનો અંતિમ સમય હોવાથી) મંદસ્વરે બોલે જેથી

१३. न शक्नुमः, एकदिवसेनोनं ?, तथापि न शक्नुमः, एवं यावत् पञ्च मासाः, ततश्चतुरः, ततस्त्रीन् ततो द्वौ तत एकं ततोऽर्द्धमासं चतुर्थभक्तमाचामाम्लं एकस्थानकं एकासणं पूर्वार्धं निर्विकृतिकं पौरुषी नमस्कारसहितं वेति, चरमे कायोत्सर्गे षण्मासादेकोनादिहानिर्यावत् पौरुषी नमस्कारसहितं वा, एवं यत् समर्थाः कर्त्तुं तदशठभावा हृदि कुर्वन्ति, पश्चात् वन्दित्वा गुरुसाक्षिकं प्रतिपद्यन्ते, सर्वे च नमस्कारसहिते पारकाः समकमुत्तिष्ठन्ति व्युत्सृजन्ति निषीदन्ति च, एवं पौरुष्यादिषु विभाषा, ततस्तिस्रः स्तुतीर्यथा पूर्वं, नवरमल्पशब्दं ददति यथा

घर[१४]कोइलादी सत्ता न उट्ठेंति, तओ देवे वंदंति, तओ बहुवेलं संदिसावेंति, ततो रयहरणं पडिलेहंति, ततो उवधिं संदिसावेंति पडिलेहंति य, तओ वसहिं पडिलेहिय कालं निवेदेंति, अण्णे भणंति–थुइसमणंतरं कालं निवेएंति, एवं च पडिक्कमणकालं तुलेंति जहा पडिक्कमंताणं थुइअवसाणे चेव पडिलेहणवेला भवति, गयं राइयं, इयाणिं पक्खियं, तत्थिमा विही–जाहे देवसियं पडिक्कंता भवंति निविट्ठगपडिक्कमणेणं ताहे गुरू निविसंति, तओ साहू वंदित्ता भणंति–इच्छामि खमासमणो पक्खियं खामणं त्ति । एत्थ पढमं खामणसुत्तं, तं पुण —

**इच्छामि खमासमणो ! उवट्ठिओमि अब्भितरपक्खियं खामेउं, पन्नरसण्हं दिवसाणं पन्नरसण्हं राईणं जं किंचि अपत्तियं परपत्तियं भत्ते पाणे विणए वेयावच्चे आलावे संलावे उच्चासणे समासणे अतंरभासए उवरिभासाए जं किंचि मज्झ विणयपरिहीणं**

ગરોળી વિગેરે જીવો જાગી ન જાય. (અહીં પ્રતિક્રમણની વિધિ પૂર્ણ થાય છે. ત્યાર પછી પ્રાતઃકાલમાં કર્તવ્ય હોવાથી) 'नमुत्थुणं' વિગેરે સૂત્રોદ્વારા દેવોને વંદન કરે.

ત્યાર પછી બહુવેલની અનુજ્ઞા માંગે. ત્યાર પછી રજોહરણનું પડિલેહણ કરે. તેના પછી ઉપધિના પડિલેહણની અનુજ્ઞા માંગે અને ઉપધિનું પ્રતિલેખન કરે. ત્યાર બાદ વસતિનું પ્રતિલેખન કરીને કાલ (શુદ્ધ છે કે અશુદ્ધ છે તેનું) નિવેદન કરે. કેટલાકો એમ કહે છે કે – સ્તુતિ બોલ્યા બાદ તરત જ કાલનું નિવેદન કરે. આ પ્રમાણે પ્રતિક્રમણકાલની તુલના કરે (એટલે કે એ રીતે પ્રતિક્રમણ કરવાની શરૂઆત કરે કે) પ્રતિક્રમણ કર્યા બાદ સ્તુતિના અંતે પ્રતિલેખનનો સમય થાય. રાત્રિકપ્રતિક્રમણ પૂર્ણ થયું. હવે પાક્ષિકપ્રતિક્રમણ કહેવાય છે. તેમાં આ પ્રમાણેની વિધિ જાણવી – જ્યારે દેવસિયપ્રતિક્રમણ દ્વારા (= पगामसिज्जाए સૂત્રદ્વારા) સાધુઓ પ્રતિક્રાન્ત થાય છે ત્યારે ગુરુ પોતાનું પ્રતિક્રમણ પૂર્ણ થવાને કારણે બેસી જાય છે. ત્યાર પછી સાધુઓ વંદન કરીને ગુરુને કહે છે કે – "હે ક્ષમાશ્રમણ ! હું પાક્ષિકક્ષમાપણા કરવા ઇચ્છું છું." તે માટે અહીં પ્રથમ ક્ષમાપણાસૂત્ર આ પ્રમાણે છે –

**સૂત્રાર્થ : હે ક્ષમાશ્રમણ ! હું ખમાવવા ઇચ્છું છું, (ઇચ્છું છું એટલું જ નહીં પરંતુ) પખવાડીયાની અંદર થયેલા પાક્ષિક અતિચારોની ક્ષમા માંગવા ઉપસ્થિત થયો છું = ઉદ્યમી થયો છું. વીતિ ગયેલા પંદર દિવસ અને પંદર રાત્રિમાં જે કંઇપણ અપ્રીતિ થઇ હોય, પ્રકૃષ્ટ અપ્રીતિ થઇ હોય (તેનું મિચ્છા મિ દુક્કડં એમ અન્વય જોડવો.) તથા ભોજનને વિશે, પાણીને વિશે, અભ્યુત્થાન વિગેરે વિનય કરતા, વૈયાવચ્ચ દરમિયાન, એકવાર વાતચીત કરવામાં, વારંવાર વાતચીત કરવામાં, આપના કરતા ઊંચા આસને બેસવામાં, સમાન આસને બેસવામાં, અન્યની સાથે આપની વાતચીત ચાલતી**

१४. गृहकोकिलाद्याः सत्त्वा नोत्तिष्ठन्ति, ततो देवान् वन्दन्ते, ततो बहुवेलं संदिशन्ति, ततो रजोहरणं प्रतिलिखन्ति, तत उपधिं संदशन्ति प्रतिलिखन्ति च ततो वसतिं प्रतिलिख्य कालं निवेदयन्ति, अन्ये भणन्ति- स्तुतिसमनन्तरं कालं निवेदयन्ति, एवं च प्रतिक्रमणकालं तोलयन्ति यथा प्रतिक्राम्यतां स्तुत्यवसान एव प्रतिलेखनावेला भवति । गतं रात्रिकं । इदानीं पाक्षिकं, तत्रायं विधिः-यदा दैवसिकं प्रतिक्रान्ता भवन्ति निर्विष्टप्रतिक्रमणेन तदा गुरवो निषीदन्ति, ततः साधवो वन्दित्वा भणन्ति–इच्छामि क्षमाश्रमण ! पाक्षिकां क्षामणामिति, अत्र प्रथमं क्षामणासूत्रं,

सुहुमं वा बायरं वा तुब्भे जाणह अहं न याणामि तस्स मिच्छा मि दुक्कडं ( सूत्रं )

इदं च निगदसिद्धमेव, नवरमन्तरभाषा–आचार्यस्य भाषमाणस्यान्तरे भाषते, उपरिभाषा तूत्तरकालं तदेव किलाधिकं भाषते, अत्राचार्यो यदभिधत्ते तत् प्रतिपादयन्नाह–'अहमवि खामेमि' गाहा व्याख्या–अहमवि खामेमि तुब्भेत्ति भणियं होति, एवं जहण्णेणं तिण्णि उक्कोसेणं सव्वे खामिज्जंति, पच्छा गुरू उट्ठेऊणं जहाराइणियाए उद्धट्ठिओ चेव खामेति, इयरेवि जहाराइणियाए सव्वेवि अवणउत्तिमंगा भणंति–देवसियं पडिक्कंतं पक्खियं खामेमो पण्णरसण्हं दिवसाणमित्यादि, एवं सेसगावि जहाराइणियाए खामेंति, पच्छा वंदित्ता भणंति–देवसियं पडिक्कंतं पक्खियं पडिक्कमावेह, तओ गुरू गुरुसंदिट्ठो वा पक्खियपडिक्कमणं कड्ढति, सेसगा जहासत्ति काउस्सग्गादि-संठिया धम्मज्झाणोवगया सुणेंति, कड्ढिए मुलुत्तरगुणेहिं जं खंडियं तस्स पायच्छित्तनिमित्तं

**હતી ત્યારે વચ્ચે બોલવામાં, આપના કરતાં કંઇક વધુ નિરૂપણ કરવામાં, જે કંઈ પણ વિનયથી રહિત સૂક્ષ્મ કે બાદર મારું વર્તન થયું, જે તમે જાણો છો, હું નથી જાણતો તેનું મિચ્છા મિ દુક્કડં માંગુ છું.**

**ટીકાર્થ :** સૂત્રાર્થ સ્પષ્ટ જ છે. માત્ર અંતરભાષા એટલે આચાર્ય બોલતા હોય ત્યારે વચ્ચે બોલવું. ઉપરીભાષા એટલે આચાર્યે જે નિરૂપણ કર્યું છે તે જ નિરૂપણ તેમના પછી અધિક સ્પષ્ટ કરતા બોલવું – આ રીતે શિષ્યના ખામણા થયા બાદ આચાર્ય જે બોલે તેનું પ્રતિપાદન કરતા કહે છે – "હું પણ તમને ખમાવું છું." આ પ્રમાણે સાધુઓ જઘન્યથી ગુરુ વિગેરે ત્રણ જણાને ખમાવે અને ઉત્કૃષ્ટથી સર્વને ખમાવે છે. પછી ગુરુ ઊભા થઇને રત્નાધિકના ક્રમ પ્રમાણે મોટાઓને ઊભા ઊભા જ (ઊભા–ઊભાનું કારણ એ છે કે અન્ય સાધુજનને ખબર પડે કે જેમ હું અહંકાર છોડીને દ્રવ્યથી ઊભો થયો છું તેમ ભાવથી પણ ઊભા થઈને = મધ્યસ્થ બનીને ખમાવવું જોઇએ. इति पाक्षिकचूर्णौ) ખમાવે છે. (હવે ઉત્કૃષ્ટથી બધાને ખમાવે એમ જે કહ્યું તે કેવી રીતે ? તે જણાવે છે –) ત્યાર પછી ગુરુ કરતાં મોટા જેટલા રત્નાધિકો છે તેઓ પણ પોતાનામાં રત્નાધિકોના ક્રમ પ્રમાણે મસ્તક નમાવીને કહે છે કે – દેવસિય ખમાવ્યું હવે પક્ખિ ખમાવીએ છીએ... વિગેરે. આ પ્રમાણે શેષ બધા પણ (એટલે કે ગુરુ કરતાં નાના બધા સાધુઓ ગુરુ કરતાં મોટાઓને) રત્નાધિકના ક્રમ પ્રમાણે ખમાવે છે.

પછી વંદન કરીને બધા ગુરુને કહે છે – દૈવસિક પ્રતિક્રમણ (पगामसिज्जाए સૂત્રદ્વારા) કર્યું. હવે આપશ્રી અમને પાક્ષિક પ્રતિક્રમણ કરાવો. ત્યારે ગુરુ અથવા ગુરુવડે કહેવાયેલ સાધુ પાક્ષિકસૂત્ર બોલે છે. શેષ સાધુઓ પોતાની શક્તિ પ્રમાણે કાયોત્સર્ગ વિગેરે મુદ્રામાં રહેલા ધર્મધ્યાનને પામેલા પાક્ષિકસૂત્રને સાંભળે છે. પાક્ષિકસૂત્ર બોલ્યા બાદ મૂલ–ઉત્તરગુણોમાં જે ખંડિત થયું તેના પ્રાયશ્ચિત્ત

૧૫. तं पुण:-अहमपि क्षमयामि युष्मान् इति भणितं भवति, एवं जघन्येन त्रय उत्कृष्टतः सर्वे क्षाम्यन्ते, पश्चात् गुरुरुत्थाय यथारात्निकमूर्ध्वस्थित एव क्षमयति, इतरेऽपि यथारात्निकं सर्वेऽप्यवनतोत्तमाङ्गा भणन्ति-दैवसिकं प्रतिक्रान्तं पाक्षिकं क्षमयामः पञ्चदशसु दिवसेषु, एवं शेषा अपि यथारात्निकं क्षमयन्ति, पश्चाद् वन्दित्वा भणन्ति-दैवसिकं प्रतिक्रान्तं पाक्षिकं प्रतिक्रामयत, ततो गुरुर्गुरुसंदिष्टो वा पाक्षिकप्रतिक्रमणं कथयति, शेषा यथाशक्ति कायोत्सर्गादिसंस्थिता धर्मध्यानोपगताः शृण्वन्ति, कथिते मूलोत्तरगुणेषु यत् खण्डितं तस्य प्रायश्चित्तनिमित्तं

तिंण्णि ऊसाससयाणि काउस्सग्गं करेंति, बारसउज्जोयकरेत्ति भणियं होति, पारिए उज्जोयकरे थुइं कड्ढंति, पच्छा उवविट्ठा मुहणंतगं पडिलेहित्ता वंदंति पच्छा रायाणं पूसमाणवा अतिक्कंते मंगलिज्जे कज्जे बहुमन्नंति—सत्तुपरक्कमेण अखंडियनियबलस्स सोभणो कालो गओ अण्णोऽवि एवं चेव उवट्ठिओ, एवं पक्खियविणओवयारं खामेंति बितियखामणासुत्तेणं, तच्चेदं —

**इच्छामि खमासमणो ! पियं च मे जं भे हट्ठाणं तुट्ठाणं अप्पायंकाणं अभग्गजोगाणं सुसीलाणं सुव्वयाणं सायरियउवज्झायाणं णाणेणं दंसणेणं चरित्तेणं तवसा अप्पाणं भावेमाणाणं बहुसुभेणं भे दिवसो पोसहो पक्खो वतिक्कंतो, अण्णो य भे कल्लाणेणं पज्जुवट्ठिओ सिरसा मणसा मत्थएण वंदामि ( सूत्रम् )**

निगदसिद्धं, आयरिआ भणंति—साहूहिं समं जमेयं भणियंति, तओ चेइयवंदावणं साधुवंदावणं

માટે ત્રણસો ઉચ્છ્‌વાસ પ્રમાણ = બાર લોગસ્સનો કાયોત્સર્ગ કરે છે. કાયોત્સર્ગ પાર્યા બાદ પ્રગટ લોગસ્સરૂપ સ્તુતિ બોલે છે. પછી નીચે બેસીને મુહપત્તિનું પ્રતિલેખન કરીને વંદન (= વાંદણા) કરે છે. ત્યાર પછી જેમ મંગલપાઠકો મંગળભૂત કાર્ય પૂર્ણ થયા બાદ રાજાનું બહુમાન કરતા બોલે છે કે — શત્રુઓનો પરાજય કરવાદ્વારા અખંડિત સ્વબળવાળા એવા આપનો કાળ ઘણો સારો પસાર થયો છે આ જ પ્રમાણે બીજો કાળ (બીજું પખવાડીયું) પણ ઉપસ્થિત થયો છે." આ રીતે જેમ મંગલપાઠકો રાજાનો વિનય કરે છે તે જ પ્રમાણે સાધુઓ પણ પાક્ષિક વિનયોપચાર માટે બીજા ક્ષમાપનાસૂત્રદ્વારા ગુરુને ખમાવે છે. તે સૂત્ર આ પ્રમાણે છે ⇨

**સૂત્રાર્થ : હે (iii)ક્ષમાશ્રમણ ! હું (આગળ કહેવાતી વસ્તુને) ઇચ્છું છું. અને મને પ્રિય છે. (તે શું વસ્તુ છે ? અને શું પ્રિય છે ? તે કહે છે —) કે (સામાન્ય) રોગથી રહિત, આનંદવાળા, મારણાંતિક-રોગોથી રહિત, અભગ્નસંયમયોગોવાળા, સમ્યક્‌શીલવાળા, અને સમ્યગ્‌વ્રતોવાળા, તથા અનુયોગાચાર્ય—ઉપાધ્યાયોથી યુક્ત અને જ્ઞાન, દર્શન, ચારિત્રથી પોતાને ભાવિત કરતા એવા આપનો ઘણી સારી રીતે ધર્મપોષક એવો દિવસ, પક્ષ પસાર થયો છે. અને બીજો પક્ષ શુભથી યુક્ત એવો શરૂ થયો છે. (આ પ્રમાણે મંગલવચનો બોલીને હવે ગુરુને પ્રમાણ કરતા કહે છે —) મનથી મસ્તકવડે નમસ્કાર કરું છું.**

**ટીકાર્થ :** ('(iii)सिरसा मणसा मत्थएण वंदामि' અહીં 'मत्थएण वंदामि' શબ્દો 'નમસ્કાર કરું છું' એ અર્થમાં આગમમાં રૂઢ થયેલા જાણવા. તેથી સિરસા શબ્દ આપ્યા પછી પણ मत्थएण જે કહ્યું એમાં કોઇ દોષ નથી. 'सिरसा मणसा... પંક્તિનો અર્થ — શીર્ષથી = કાયાથી, મનથી નમસ્કાર કરું છું.) સૂત્રાર્થ સ્પષ્ટ જ છે. શિષ્યો દ્વારા આ રીતે બોલાયા બાદ આચાર્ય કહે છે — સાધુઓની સાથે જે કંઇ

१६. त्रीण्युच्छ्वासशतानि कायोत्सर्गं कुर्वन्ति, द्वादशोद्योतकरानिति भणितं भवति, पारिते उद्योतकरे स्तुतिं कथयन्ति, पश्चादुपविष्टा मुखानन्तकं प्रतिलिख्य वन्दन्ते, पश्चात् राजानं पुष्यमाणवा अतिक्रान्ते माङ्गलिके कार्ये बहुमन्यन्ते-शत्रुपराक्रमणेनाखण्डितनिजबलस्य शोभनः कालो गतः एवमेवान्योऽपि उपस्थितः, एवं पाक्षिकविनयोपचारं क्षमयन्ति द्वितीयक्षामणासूत्रेण, आचार्या भणन्ति-साधुभिः समं यदेतत् भणितमिति, ततश्चैत्यवन्दनं साधुवन्दनं

[१७]चं निवेदितुंकामा भणन्ति –

**इच्छामि खमासमणो ! पुव्विं चेइयाइं वंदित्ता नमंसित्ता तुब्भं पायमूले विहरमाणेणं जे केइ बहुदेवसिया साहुणो दिट्ठा समाणा वा वसमाणा वा गामाणुगामं दुइज्जमाणा वा, राइणिया संपुच्छंति ओमराइणिया वंदंति अज्जा वंदंति अज्जियाओ वंदंति सावया वंदंति सावियाओ वंदंति अहंपि निस्सल्लो निक्कसाओ तिकट्टु सिरसा मणसा मत्थएण वंदामि ॥ अहमवि वंदामि चेइयाइं ( सूत्रम् )**

**निगदसिद्धं, नवरं समाणो—वुड्ढवासी वसमाणो—णवविगप्पविहारी, वुड्ढवासी जंघाबलपरिहीणो णव विभागे खेत्तं काऊण विहरति नवविगप्पविहारी पुण उउबद्धे अट्ठ मासा मासकप्पेण**

---

કહ્યું તે બધું તે જ રીતે થયું છે. (અર્થાત્ હે સાધુઓ ! તમારી સાથે મારું ગયું પખવાડીયું સારું ગયું છે અને નવું પખવાડીયું સારી રીતે શરૂ થયું છે.) ત્યાર પછી શિષ્યો ગુરુને ચૈત્યો અને સાધુઓને વંદન કરાવવા માટે (અન્ય સાધુ-સાધ્વી વિગેરેઓએ પોતાના ગુરુને કરેલી વંદનાનું) નિવેદન કરવાની ઇચ્છાવાળા કહે છે –

**સૂત્રાર્થ : હે (11)ક્ષમાશ્રમણ ! હું (આપને ચૈત્ય અને સાધુઓને વંદન કરાવવા નિવેદન કરવાને) ઇચ્છું છું. પૂર્વકાલે એટલે કે વિહાર કરતા પહેલાં હું જ્યારે આપની પાસે હતો ત્યારે આપ બધાવતી ચૈત્યોને સ્તુતિઓદ્વારા વંદન કરીને અને પ્રણામદ્વારા નમસ્કાર કરીને (આનાદ્વારા ચૈત્યોના વંદનનું નિવેદન કર્યું.) ત્યાર પછી અન્યત્ર વિહાર કરતા એવા મારાવડે જે કોઇ સામાન્યથી ઘણા દિવસના પર્યાયવાળા સાધુઓ જોવાયા. (તે સાધુઓ કેવા હતા ? —) જંઘાબળનો નાશ થવાથી એક ક્ષેત્રમાં નવ વિભાગ કરીને રહેલા અથવા વિહાર કરતા એટલે કે ૠતુબદ્ધકાળમાં માસકલ્પવડે અને વર્ષાૠતુમાં ચાર મહિના એક સ્થાને રહેવાવડે વિહાર કરતા (અને આથી જ) ગામાનુગામ વિચરતા. આ બધા સાધુઓમાં જે મોટા આચાર્યો હતા (તેઓને મેં વંદન કર્યા અને આપનાવતી વંદન કહ્યા ત્યારે) તેઓએ આપના કુશલાદિના સમાચાર પૂછ્યા છે.**

**જેઓ આપનાથી નાના હતા તેઓએ આપને વંદના કહી છે, સાધુ—સાધ્વીજીઓએ આપને વંદના કહી છે. શ્રાવક—શ્રાવિકાઓએ આપને વંદના કહી છે. તે સમયે મેં પણ શલ્ય અને કષાય વિનાના થઇને તેઓને મન—વચન—કાયાથી વંદના કર્યાં. એ કારણથી (આપશ્રી પણ તેઓને વંદન કરો. એ પ્રમાણે શિષ્યના કહેવાથી ગુરુ કહે છે —) હું પણ તે તે ચૈત્યોને (અને ઉપલક્ષણથી આચાર્યાદિ સાધુઓને) વંદન કરું છું.**

ટીકાર્થ : સૂત્રાર્થ સ્પષ્ટ જ છે. સમાણો એટલે વૃદ્ધત્વાદિને કારણે સ્થિરવાસમાં રહેલા. વસમાણો એટલે નવકલ્પવિહારી. જંઘાબળથી ક્ષીણ થયેલો સ્થિરવાસી સાધુ એક જ ક્ષેત્રમાં રહેવાનું આવે ત્યારે તે ક્ષેત્રને નવ વિભાગમાં (ગામ કે વસતિનો અને ગોચરીના ઘરોનો જો શક્ય હોય તો નવ વિભાગ

---

१७. च निवेदयितुकामा भणन्ति-नवरं श्रमणो-वृद्धावासः वैश्रमणो ( वसन् )-नवविकल्पविहारः, वृद्धावासः परिक्षीणजङ्घाबलो नव विभागान् क्षेत्रं कृत्वा विहरति, नवकल्पविहारः पुनः ऋतुबद्धेऽष्ट मासान् मासकल्पेन

+ 'वंदावेमि' - पूर्वमुद्रिते.

विँहरति, एए अट्ठ विगप्पा, वासावासं एगंमि चेव ठाणे करेंति, एस णवविगप्पो, अत्राचार्यो भणति—मत्थएण वंदामि अहंपि तेसिंति, अण्णे भणंति—अहमवि वंदावेमित्ति ॥

तओ अप्पगं गुरूणं निवेदंति चउत्थखामणासुत्तेणं, तच्चेदं –

**इच्छामि खमासमणो ! उवट्ठिओमि तुब्भण्हं संतियं अहाकप्पं वा वत्थं वा पडिग्गहं वा कंबलं वा पायपुच्छणं वा ( रयहरणं वा ) अक्खरं वा पयं वा गाहं वा सिलोगं वा ( सिलोगद्धं वा ) अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा तुब्भेहिं चियत्तेण दिण्णं मए अविणएण पडिच्छियं तस्स मिच्छा मि दुक्कडं ( सूत्रम् )**

કરીને) વિચરે. નવકલ્પવિહારી સાધુ ઋતુબદ્ધકાળમાં આઠ મહિના માસકલ્પવડે વિચરે અને વર્ષાકાળ એક જ સ્થાને પૂર્ણ કરે છે. આ પ્રમાણે તેના નવવિકલ્પો થાય છે. (શિષ્યોદ્વારા કહ્યા પછી) આચાર્ય કહે છે કે – હું પણ તે ચૈત્યો અને સાધુઓને મસ્તકવડે વંદન કરું છું. ત્યારે ગુરુ કરતાં અન્ય એટલે કે શિષ્યો ગુરુને કહે છે કે – હું પણ ચૈત્યવંદના કરાવું છું (અર્થાત્ અમુક નગર વિગેરેમાં આપના વતી જે મેં ચૈત્યોને વંદન કર્યા તથા જે–જે સંઘોએ પણ આપની માટે વંદનાદિ કહ્યા તે ચૈત્યો વિગેરેને આપ પણ વંદન કરો. કેટલાકો 'अण्णे' શબ્દનો અર્થ 'અન્ય આચાર્યો' કરે છે. સંપૂર્ણ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે કે – વિહાર કર્યા બાદ શિષ્યે ગામોગામ જે ચૈત્યોને જે જે ઉચિત વ્યવહાર કર્યા, તે તે ગુરુની સમક્ષ જણાવીને ગુરુને પણ તે તે ચૈત્યોને તથા આચાર્યાદિશ્રીસંઘને વંદન કરવા વિનંતિ કરે છે, તે સાંભળીને પ્રસન્ન ગુરુ પણ ચૈત્યો વિગેરેને વંદનાદિ કરે છે.)

**અવતરણિકા :** ત્યાર પછી શિષ્ય ચોથા ખામણાસૂત્રદ્વારા પોતાનું ગુરુને નિવેદન કરે છે. તે સૂત્ર આ પ્રમાણે છે ⇨

**સૂત્રાર્થ : હે ક્ષમાશ્રમણ ! હું (પોતાનું નિવેદન કરવા) ઇચ્છું છું. (ઇચ્છું છું એટલું જ નહીં પરંતુ નિવેદન કરવા) તૈયાર થયો છું. ( જે કંઇ પણ મારી પાસે છે તે બધું) તમારા સંબંધી = તમારું જ છે. (શું છે તે ?–) યથાકલ્પ (= સ્થવિરકલ્પને ઉચિત અને કલ્પનીય) એવું વસ્ત્ર, પાત્ર, કાંબળી, પાદપુંછણ = દંડાસણ (ટીપ્પણીકારે પાદપુંછણ એટલે રજોહરણ અર્થ કરેલ છે. તેમની પાસે જે પાઠ હશે એમાં 'રજોહરણ' શબ્દ જુદો નહીં હોય. વર્તમાનમાં પાદપુંછણ અને રજોહરણ બંને શબ્દો જુદા બોલાય છે. એટલે પાદપુંછણ શબ્દનો અર્થ વર્તમાનકાળ પ્રમાણે દંડાસણ કરેલ છે,)(રજોહરણ), અક્ષર, પદ, ગાથા (આર્યાછંદથી ગૂંથાયેલ પદ્ય), શ્લોક (અનુષ્ટુપ પદ્ય), શ્લોકાર્ધ, અર્થ, હેતુ, પ્રશ્ન કે ઉત્તર આ પ્રમાણે જે કંઇ પણ મારી પાસે છે તે બધું આપનું જ છે. આ પ્રમાણે પોતાનું નિવેદન કરીને આપે જ આ બધું મને આપ્યું છે એ પ્રગટ કરતા આ બધી વસ્તુ ગ્રહણ કરતી વખતે જે અવિનય થયો છે તેની ક્ષમા માંગતા શિષ્ય કહે છે કે –) આપશ્રીએ પ્રસન્નતાથી આપ્યું અને મેં અવિનયથી ગ્રહણ કર્યું તેનું મિચ્છા મિ દુક્કડં.**

१८. विहरति, एतेऽष्ट विकल्पाः वर्षावासमेकस्मिन् स्थाने करोति, एष नवमो विकल्पः । मस्तकेन वन्देऽहमपि तेषामिति, अन्ये भणन्ति-अहमपि वन्दापयामीति, तत आत्मानं गुरुभ्यो निवेदयन्ति चतुर्थक्षामणासूत्रेण,

निगदसिद्धं, ॐआयरिआ भणंति–'आयरियसंतियं'ति य अहंकारपरिवज्जणत्थं–किं ममात्रेति ॥ तओ जं विणइया तमणुसट्ठिं बहु मन्नंति पंचमखामणासुत्तेण, तच्चेदं –

**इच्छामि खमासमणो ! कयाइं च मे किंतिकम्माइं आयारमंतरे विणयमंतरे सेहिओ सेहाविओ संगहिओ उवगहिओ सारिओ वारिओ चोइओ पडिचोइओ चियत्ता मे पडिचोयणा अब्भुट्ठिओऽहं तुब्भण्हं तवतेयसिरीए इमाओ चातुरंतसंसारकंताराओ साहट्टु नित्थरिस्सामित्तिकट्टु सिरसा मणसा मत्थएण वन्दामि ( सूत्रं )**

निगदसिद्धं, संगहिओ–णाणादीहिं सारिओ–हिए पवत्तिओ वारिओ–अहियाओ निवत्तिओ चोइओ–खलणाए पडिचोइओ–पुणो २ अवत्थं उवट्ठिउत्ति, पच्छा आयरिओ भणइ–'नित्थारग-

**ટીકાર્થ :** સૂત્રાર્થ સ્પષ્ટ જ છે. શિષ્યના કહ્યા પછી આચાર્ય પોતાને અહંકાર ન થાય તે માટે કહે છે કે – મારું અહીં કઇ નથી, જે છે તે બધું આચાર્યનું (= મારા ગુરુમહારાજ વિગેરેનું) છે.

**અવતરણિકા :** ત્યાર પછી છેલ્લા પખવાડીયામાં ગુરુએ જે હિતશિક્ષા ગ્રહણ કરાવડાવી તેને ઉપકારરૂપે પાંચમા ક્ષામણાસૂત્રવડે બહુમાન કરતા શિષ્યો કહે છે ⇨

**સૂત્રાર્થ : હે ક્ષમાશ્રમણ ! હું ભવિષ્યસંબંધી વિનયરૂપ કૃતિકર્મ કરવા ઇચ્છું છું. તથા મેં આપનું વૈયાવચ્ચવિશેષરૂપ કૃતિકર્મ કર્યું. તેમાં જે કઈ પણ આચારાન્તર એટલે કે જ્ઞાનાદિ આચારવિષયક અથવા જ્ઞાનાદિઆચારોનું પાલન ન કરતા તથા વિનયાન્તર = આસનદાન વિગેરે વિનયવિષયક અથવા વિનય ન કરતાં આપે મને શીખવાડ્યું (અન્વય આ પ્રમાણે – આપના વૈયાવચ્ચરૂપ કૃતિકર્મ કરવામાં જે કઇ મેં આચાર કે વિનય કર્યો નહીં તે આપે મને શીખવાડ્યું.), ઉપાધ્યાયાદિદ્વારા મને શીખવાડ્યું, તથા જ્ઞાનાદિ ભણાવવાદ્વારા મને સંગૃહીત કર્યો અને વસ્ત્રાદિ આપવાદ્વારા મારા ઉપર ઉપકાર કર્યો.**

**તથા સંયમયોગોરૂપ હિતમાં મને જોડ્યો, અહિતમાં જતા મને અટકાવ્યો, સંયમયોગોમાં સીદાતા મને પ્રેરણા કરી, વારંવાર પ્રેરણા કરી. આપની આ વારંવારની પ્રેરણા મારી માટે આનંદ કરનારી છે. (ટૂંકમાં આપે જે કઈ પણ મને શીખવાડ્યું વિગેરેથી લઇ વારંવારની પ્રેરણાઓ કરી તે બધું મને આનંદ આપનારું છે પરંતુ ઉદ્વેગ પમાડનારું નથી.) અને તેથી આપની તે પ્રેરણા પ્રમાણે વર્તવા હું ઉદ્યમી થયો છું. વળી મારા પોતાના આત્માને કષાયાદિમાંથી બહાર કાઢીને આપના તપના પ્રભાવરૂપ લક્ષ્મીથી આ ચાઉરંત (ચાર ગતિ એ છે અંત જેનો તેવા) સંસારરૂપ જંગલમાંથી નિસ્તાર પામીશ. અને માટે જ મન–વચન–કાયાથી હું આપને વંદન કરું છું.**

**ટીકાર્થ :** સ્પષ્ટ જ છે. તેમાં સંગૃહીત એટલે જ્ઞાનાદિ ભણાવવા વિગેરે દ્વારા તૈયાર કર્યો. सारिओ એટલે હિતમાં જોડ્યો. वारिओ એટલે અહિતમાંથી પાછો વાળ્યો. चोइओ એટલે સ્ખલના થતાં પ્રેરણા કરી. पडिचोइओ એટલે વારંવાર પ્રેરણા કરવાદ્વારા સ્વઅવસ્થામાં સ્થાપિત કર્યો. અહીં શિષ્યના

१९. आचार्या भणन्ति-आचार्यसत्कमिति चाहङ्कारपरिवर्जनार्थं, ततो यत् विनायितास्तामनुशास्ति बहु मन्यन्ते पञ्चमक्षामणासूत्रेण, संगृहीतः-ज्ञानादिभिः सारितः-हिते प्रवर्त्तितः वारितोऽहितात् निवर्त्तितः चोदितः स्खलनायां प्रतिचोदितः पुनः पुनरवस्थामुपस्थापितः, पश्चादाचार्या भणन्ति-निस्तारक-

[२०]पारग'त्ति नित्थारगपारगा होहत्ति, गुरुणोत्ति, एयाइं वयणाइंति वक्कसेसमयं गाथार्थः ॥१५३१॥ एवं सेसाणवि साहूणं खामणावंदणं करेंति, अह अतिवियालो वाघाओ वा ताहे सत्तण्हं पंचण्हं तिण्हं वा, पच्छा देवसियं पडिक्कमंति, केइ भणंति–सामण्णेणं, अन्ने भणंति–खामणाइयं, अण्णे चरित्तुस्सग्गाइयं, सेज्जादेवयाए य उस्सग्गं करेंति, पडिक्कंताणं गुरूसु वंदिएसु वड्डमाणीयाओ तिण्णि थुइओ आयरिया भणंति, इमेवि अंजलिमउलियग्गहत्था समत्ताए समत्ताए नमोक्कारेंति, पच्छा सेसगावि भणंति, तद्दिवसं नवि सुत्तपोरिसी नवि अत्थपोरुसी, थुईओ भणंति जस्स जत्तियाओ एंति, एसा पक्खियपडिक्कमणविही मूलटीकानुसारेण भणिया, अण्णे पुण आयरणाणुसारेण भणंति–देवसिए पडिक्कंते खामिए य तओ पढमं गुरू चेव उट्ठित्ता पक्खियं

બોલ્યા પછી ગુરુ કહે છે – 'આ સંસારરૂપ જંગલમાંથી નિસ્તારને પામનારો તું થા.' (ગા. ૧૫૩૧ માં આપેલા गुरुणो अ वयणाई શબ્દનો અર્થ કરતા કહે છે કે –) આમ ગુરુના આ વચનો છે એ પ્રમાણે વાક્યશેષ જાણવો. ॥૧૫૩૧॥

જેમ ગુરુને તેમ શેષ સાધુઓને પણ ખામણાવંદન કરે છે. જો સમય ઘણો થઇ ગયો હોય કે કોઇ વ્યાઘાત હોય તો સાત, પાંચ અથવા ત્રણને ખામણાવંદન કરે. ત્યાર પછી ફરી દૈવસિકપ્રતિક્રમણ કરે. કેટલાકો કહે છે – ખામણાદિ ચાર અલગ નહીં પણ સામાન્યપણે ખામણા કરવા. બીજાઓ કહે છે – ખામણા વિગેરે.. એટલે કે ખામણાથી માંડીને બાકી બધું કરવું. કેટલાકો કહે છે કે ખામણા કરીને પછી ચારિત્ર–દર્શન–જ્ઞાનના કાયોત્સર્ગ વિગેરે કરવા.

પ્રતિક્રમણ કરીને ગુરુને વાંદણા આપ્યા બાદ ગુરુ ત્રણ વધતી સ્તુતિ બોલે. તે સમયે શિષ્યો અંજલિમુદ્રાએ હાથ જોડીને દરેક સ્તુતિ પૂર્ણ થતાં નમસ્કાર કરે છે. અને ગુરુના ત્રણ સ્તુતિ બોલ્યા બાદ શેષ સાધુઓ ત્રણ સ્તુતિ બોલે છે. તે દિવસે સૂત્ર કે અર્થપોરિસી સાધુઓ કરતા નથી. પરંતુ જેને જેટલી સ્તુતિઓ આવડતી હોય તેટલી સ્તુતિઓ બોલે છે. આ પક્ખિપ્રતિક્રમણની વિધિ મૂલ ટીકાકારના અનુસારે કહેવાઈ. કેટલાકો આચરણાનુસારે વિધિ આ પ્રમાણે કહે છે કે – દૈવસિકપ્રતિક્રમણ અને ખામણા કર્યા બાદ પ્રથમ ગુરુ ઊભા થઇને રત્નાધિક પ્રમાણે પક્ખિ ખામણા કરે છે. (અહીં બંને મતોમાં તફાવત એટલો જાણવો કે મૂલટીકાકાર પ્રમાણે – દૈવસિકપ્રતિક્રમણ અને અબ્ભુટ્ઠિઓ કર્યા બાદ સાધુઓ જઘન્યથી ત્રણ અને ઉત્કૃષ્ટથી સર્વને ખમાવે છે. જ્યારે અહીં આચરણામાં –

२०. पारगा भवतेति, गुरूणामिति एतानि वचनानीति वाक्यशेषः । एवं शेषाणामपि साधूनां क्षामणावन्दनकं कुर्वन्ति, अथातिविकलो व्याघातो वा तदा सप्तानां पञ्चानां त्रयाणां वा, पश्चाद्दैवसिकं प्रतिक्राम्यन्ति, केचित् भणन्ति-सामान्येन, अन्ये भणन्ति-क्षामणादिकं, अन्ये चारित्रोत्सर्गादिकं, शय्यादेवतायाश्चोत्सर्गं कुर्वन्ति, प्रतिक्राम्यत्सु गुरुषु वन्दितेषु ( च ) वर्धमानास्तिस्रः स्तुतीर्गुरवो भणन्ति, इमेऽपि अञ्जलिमुकुलिताग्रहस्ताः समाप्तौ समाप्तौ नमस्कारं कुर्वन्ति, पश्चाच्छेषा अपि भणन्ति, तद्दिवसे नैव सूत्रपौरुषी नैवार्थपौरुषी, स्तुतीर्भणन्ति येन यावत्योऽधीताः, एष पाक्षिकप्रतिक्रमणविधिर्मूलटीकाकारेण भणितः, अन्ये पुनः आचरणानुसारेण भणन्ति-दैवसिके प्रतिक्रान्ते क्षामिते च ततः प्रथमं गुरुरेवोत्थाय पाक्षिकं

[21]खामेंति जहाराइणियाए, तओ उवविसंति, एवं सेसगावि जहाराइणिया खामेत्ता उवविसंति, पच्छा वंदित्ता भणंति–देवसियं पडिक्कंतं पक्खियं पडिक्कमावेह, इत्यादि पूर्ववत्, गतं पक्खियं एवं चाउमासियंपि, नवरं काउस्सग्गो पंचुस्साससयाणि, एवं संवच्छरियंपि नवरं काउस्सग्गो अट्ठसहस्सं उस्सासाणं, चाउमासियसंवच्छरिएसु सव्वेवि मूलगुणउत्तरगुणाणं आलोयणं दाउं पडिक्कमंति, खेत्तदेवयाए उस्सग्गं करेंति, केई पुण चाउमासिगे सिज्जदेवयाएवि उस्सग्गं करेंति, पभाए य आवस्सए कए पंचकल्लाणगं गिण्हंति, पुव्वगहिए य अभिग्गहे निवेदेंति, अभिग्गहा जइ संमं णाणुपालिया तो कुइयकक्कराइयस्स उस्सग्गं करेंति, पुणोऽवि अण्णे गिण्हंति, निरभिग्गहाण न

---

દૈવસિકપ્રતિક્રમણ અને અબ્ભુટ્ઠિઓ કર્યા બાદ પ્રથમ ગુરુ રત્નાધિક પ્રમાણે ખમાવે છે.) ત્યાર પછી ગુરુ બેસી જાય અને શેષ સાધુઓ પણ રત્નાધિકના ક્રમ પ્રમાણે ખમાવીને બેસી જાય છે. પછી બધા સાથે વાંદણા આપીને કહે છે – દૈવસિકપ્રતિક્રમણ કર્યું.પક્ખિપ્રતિક્રમણ કરાવો... વિગેરે વિધિ પૂર્વની જેમ જાણી લેવી. પાક્ષિકપ્રતિક્રમણ પૂર્ણ થયું.

ચાતુર્માસિકપ્રતિક્રમણની વિધિ પણ આ પ્રમાણે જ જાણી લેવી. પરંતુ આ પ્રતિક્રમણમાં પાચંસો ઉચ્છ્વાસ = ૨૦ લોગસ્સપ્રમાણ કાયોત્સર્ગ કરવો. આ જ પ્રમાણે સાંવત્સરિકપ્રતિક્રમણની વિધિ પણ જાણવી. ત્યાં ૧૦૦૮ ઉચ્છ્વાસ = ૪૦ લોગસ્સપ્રમાણ કાયોત્સર્ગ જાણવો. ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં બધા સાધુઓ મૂલ–ઉત્તરગુણોની આલોચના આપીને પ્રતિક્રમણ કરે. ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કરે. (ટીકાકારના મતે દૈવસિક–પક્ખિપ્રતિક્રમણમાં ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કર્તવ્ય નથી. જયારે ચાતુર્માસિકાદિમાં કરવાનું કહ્યું છે.) કેટલાકો ચાતુર્માસિકમાં વસતિસંબંધી દેવતાનો પણ કાયોત્સર્ગ કરે છે.

(ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં) સવારે પ્રતિક્રમણ કર્યા બાદ પંચકલ્યાણકનું પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે. પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહોનું ગુરુને નિવેદન કરે. તેમાં અભિગ્રહોનું જો સમ્યગ્રીતે પાલન ન કર્યું હોય (= લોચ વિગેરેમાં હાય–હોય, ઓ...રે વિગેરે કર્યા હોય) તો कुइयकक्कराइय નો કાયોત્સર્ગ કરે છે. અને ફરીથી બીજા અભિગ્રહો ધારણ કરે, કારણ કે સાધુઓને અભિગ્રહ વિના રહેવું યોગ્ય નથી. સંવત્સરિના દિવસે સાંજે પ્રતિક્રમણ કર્યા બાદ પર્યુષણાકલ્પ (=

---

२१. क्षमयन्ति यथारात्निकं, तत उपविशन्ति, एवं शेषा अपि यथारात्निकं क्षमयित्वोपविशन्ति, पश्चाद्वन्दित्वा भणन्ति-दैवसिकं प्रतिक्रान्तं पाक्षिकं प्रतिक्रामयत, गतं पाक्षिकं, एवं चातुर्मासिकमपि, परं कायोत्सर्गे पञ्चोच्छ्वासशतानि, एवं सांवत्सरिकमपि नवरं कायोत्सर्गोऽष्टसहस्रमुच्छ्वासानां । चातुर्मासिकसांवत्सरिकयोः सर्वेऽपि मूलोत्तरगुणानामालोचनां दत्त्वा प्रतिक्राम्यन्ति, क्षेत्रदेवताया उत्सर्गं कुर्वन्ति, केचित् पुनश्चातुर्मासिके शय्यादेवताया अपि कायोत्सर्गं कुर्वन्ति, प्रभाते चावश्यके कृते पञ्चकल्याणकं गृह्णन्ति, पूर्वगृहीतांश्चाभिग्रहान् निवेदयन्ति, अभिग्रहा यदि पुनः सम्यग् नानुपालितास्तदा कूजितकर्करायिततयोत्सर्गं कुर्वन्ति, पुनरपि अन्यान् गृह्णन्ति, निरभिग्रहैर्न

[२२]वट्टइ अच्छिउं, संवच्छरिए य आवस्सए कए पाओसिए पज्जोसवणा कप्पो कड्डिज्जति, सो पुण पुव्विं च अणागयं पंचरत्तेण कहिज्जइ य, एसा सामायारित्ति, एनामेव लेशतः उपसंहरन्नाह भाष्यकारः—

चाउम्मासियवरिसे आलोअण नियमसो हु दायव्वा ।
गहणं अभिग्गहाण य पुव्वगहिए निवेएउं ॥२३४॥ ( भा० )
चाउम्मासियवरिसे उस्सग्गो खित्तदेवयाए उ ।
पक्खिय सिज्जसुरीए करिंति चउमासिए वेगे ॥२३५॥ ( भा० )

गाथाद्वयं गतार्थं । अधुना नियतकायोत्सर्गप्रतिपादनायाह —

देसिय राइय पक्खिय चउमासे या तहेव वरिसे य ।
एएसु हुंति नियया उस्सग्गा अनिअया सेसा ॥१५३२॥
साय सयं गोसऽद्धं तिन्नेव सया हवंति पक्खंमि ।
पंच य चाउम्मासे अट्ठसहस्सं च वारिसए ॥१५३३॥
चत्तारि दो दुवालस वीसं चत्ता य हुंति उज्जोआ ।
देसिय राइय पक्खिय चाउम्मासे अ वरिसे य ॥१५३४॥
पणवीसमद्धतेरस सिलोग पन्नत्तरिं च बोद्धव्वा ।
सयमेगं पणवीसं बे बावन्ना य वारिसिए ॥१५३५॥

કલ્પસૂત્ર) વંચાય છે. (**શંકા :** જે આ પર્યુષણાકલ્પ વંચાય છે તે શું એક દિવસમાં જ વંચાય છે ? **સમાધાન :** – ના,) તે પર્યુષણાકલ્પ પૂર્વના પાંચ દિવસથી વંચાય છે (અર્થાત્ સંવત્સરીએ પાંચમો દિવસ આવે તે રીતે વંચાય છે. તે પાંચમા દિવસે સંવત્સરીપ્રતિ૦ કર્યા બાદ જે શેષ વાંચન બાકી હોય તે વંચાય છે.) આ પ્રમાણે આ સામાચારી જાણવી. આ સામાચારીને જ લેશથી ઉપસંહાર કરતા ભાષ્યકાર કહે છે ➩

**ગાથાર્થ : ચાતુર્માસિક અને સંવત્સરીએ નિયમથી આલોચના આપવી. અને પૂર્વગૃહીત અભિગ્રહોનું નિવેદન કરીને નવા અભિગ્રહોનું ગ્રહણ કરવું.**

**ગાથાર્થ : ચાતુર્માસિક અને સંવત્સરીપ્રતિક્રમણમાં ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કરે. પક્ખિપ્રતિક્રમણમાં અને કેટલાકોના મતે ચાતુર્માસિકપ્રતિક્રમણમાં પણ ઉપાશ્રયસંબંધી દેવતાનો કાયોત્સર્ગ કરે.**

**ટીકાર્થ :** બંને ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. ॥૨૩૪–૨૩૫॥ હવે નિયતકાયોત્સર્ગનું પ્રતિપાદન કરવા માટે કહે છે ➩

**ગાથાર્થ : દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક આ પાંચે પ્રતિક્રમણોમાં (કરાતો) કાયોત્સર્ગ નિયત છે. શેષ કાયોત્સર્ગ અનિયત જાણવા.**

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

२२. वर्त्तते स्थातुं, सांवत्सरिके चावश्यके कृते प्रदोषे पर्युषणाकल्पः कथ्यते, स पुनः पूर्वमेवानागते पञ्चरात्रेण कथ्यते च, एषा सामाचारीति ।

निगदसिद्धाः, नवरं शेषा—गमनादिविषया इति, साम्प्रतं नियतकायोत्सर्गाणामोघत उच्छ्वासमानं प्रतिपादयन्नाह—'साय'त्ति सायं—प्रदोषः तत्र शतमुच्छ्वासानां भवति, चतुर्भिरुद्योतकरैरिति, भावित एवायमर्थः प्राक्, 'गोसद्धं'ति प्रत्यूषे पञ्चाशद्यतस्तत्रोद्योतकरद्वयं भवति, शेषं प्रकटार्थमिति गाथार्थः, उच्छ्वासमानं चोपरिष्टाद् वक्ष्यामः 'पायसमा उस्सासा' इत्यादिना ॥१५३३॥ साम्प्रतं दैवसिकादिषूद्योतकरमानमभिधित्सुराह—'चत्तारि'त्तिगाहा भावितार्था ॥१५३४॥ अधुना श्लोकमानमुपदर्शयन्नाह—'पणवीसे'तिगाहा निगदसिद्धैव, नवरं चतुर्भिरुच्छ्वासैः श्लोकः परिगृह्यते ॥१५३५॥

इत्युक्ता नियतकायोत्सर्गवक्तव्यता, इदानीमनियतकायोत्सर्गवक्तव्यतावसरः, तत्रेयं गाथा —

**गमणागमणविहारे सुत्ते वा सुमिणदंसणे राओ ।**
**नावानइसंतारे इरियावहियापडिक्कमणं ॥१५३६॥**

---

**ટીકાર્થ :** પ્રથમ ગાથાનો અર્થ સ્પષ્ટ જ છે. માત્ર શેષ એટલે ગમન વિગેરે વિષયક કાયોત્સર્ગ જાણવા. (અહીં 'एते ताव वेलाणियमेण भणिता काउस्सग्गा' इति चूर्णिकारवचनाद् નિયત એટલે ચોક્કસ સમયે કરવા યોગ્ય કાયોત્સર્ગ. અને અનિયત એટલે ગમન વિગેરે જ્યારે થાય ત્યારે કરવા યોગ્ય કાયોત્સર્ગ.) **॥૧૫૩૨॥** હવે નિયતકાયોત્સર્ગોના ઉચ્છ્વાસપ્રમાણને સામાન્યથી પ્રતિપાદન કરતા કહે છે – સાંજના પ્રતિક્રમણમાં એકસો ઉચ્છ્વાસ = ચાર લોગસ્સપ્રમાણ કાયોત્સર્ગ થાય છે. (સાંજના પ્રતિક્રમણમાં 'आयरिय उवज्झाए सीसे...' સૂત્ર બોલ્યા પછી બે, એક, એક એમ ચારિત્ર, દર્શન, અને જ્ઞાનની શુદ્ધિ માટે જે ચાર લોગસ્સનો કાયોત્સર્ગ થાય છે તે સમજવો.) સવારના પ્રતિક્રમણમાં પચાસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ જાણવો, કારણ કે ત્યાં બે લોગસ્સ જ હોય છે. (આ બે લોગસ્સ એટલે સવારે પ્રતિક્રમણ ઠાવ્યા પછી ચારિત્ર–દર્શન–જ્ઞાનની વિશુદ્ધિ માટે ત્રણ કાયોત્સર્ગ થાય છે. તેમાં પહેલા બે કાયોત્સર્ગ એક–એક લોગસ્સપ્રમાણ જે છે તે બે લોગસ્સ અહીં જાણવા.) પાક્ષિકપ્રતિક્રમણમાં ત્રણસો ઉચ્છ્વાસ, ચાતુર્માસિકમાં પાંચસો અને વાર્ષિકમાં એક હજાર આઠ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ જાણવો. એક ઉચ્છ્વાસ એટલે કેટલું પ્રમાણ જાણવું ? તે અમે આગળ 'પાયસમા ઉસ્સાસા' વિગેરે ગાથાવડે જણાવીશું. **॥૧૫૩૩॥**

હવે દૈવસિક વિગેરે પ્રતિક્રમણમાં કેટલા લોગસ્સપ્રમાણ કાયોત્સર્ગ આવે છે ? તે કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – ચાર, બે, બાર, વીસ અને ચાલીસ લોગસ્સ ક્રમશ દૈવસિક, રાત્રિક, પક્ખિ, ચાતુર્માસિક અને સાંવત્સરિકપ્રતિક્રમણમાં જાણવા. **॥૧૫૩૪॥** હવે દરેક પ્રતિક્રમણમાં શ્લોકોનું પ્રમાણ કેટલું હોય ? તે દેખાડતાં કહે છે – પચ્ચીસ, સાડાબાર, પિંચોત્તેર, એકસો પચ્ચીસ અને સંવત્સરીએ બસો બાવન શ્લોકો જાણવા, અહીં ચાર ઉચ્છ્વાસપ્રમાણ એક શ્લોક જાણવો. **॥૧૫૩૫॥**

**અવતરણિકા :** આ પ્રમાણે નિયતકાયોત્સર્ગની વાત કરી. હવે અનિયત કાયોત્સર્ગની વાતનો અવસર છે. તેમાં આ ગાથા જાણવી ⇨

**ગાથાર્થ : ગમનમાં, આગમનમાં, વિહારમાં, સૂત્રમાં, રાત્રિએ સ્વપ્નદર્શનમાં, નાવડીમાં, નદીમાં, પુલમાં આ બધાને વિશે ઇરિયાવહી કરવી. (આ દ્વારગાથા છે.)**

भत्ते पाणे सयणासणे य अरिहंतसमणसिज्जासु ।
उच्चारे पासवणे पणवीसं हुंति उस्सासा ॥२३६॥ द्वारम् ( भा० )
नियआलयाओ गमणं अन्नत्थ उ सुत्तपोरिसिनिमित्तं ।
होइ विहारो इत्थवि पणवीसं हुंति ऊसासा ॥१॥ ( प्र० )
उद्देससमुद्देसे सत्तावीसं अणुन्नवणियाए ।
अट्ठेव य ऊसासा पट्ठवणपडिक्कमणमाई ॥१५३७॥
जुज्जइ अकालपढियाइएसु दुट्ठु अ पडिच्छियाईसु ।
समणुन्नसमुद्देसे काउस्सग्गस्स करणं तु ॥१५३८॥
जं पुण उद्दिसमाणा अणइक्कंताविं कुणह उस्सग्गं ।
एस अकओवि दोसो परिघिप्पइ किं मुहा भंते !? ॥१५३९॥
पावुग्घाई कीरइ उस्सग्गो मंगलंति उद्देसे ।
अणुवहियमंगलाणं मा हुज्ज कहिंचि णे विग्घं ॥१५४०॥
पाणवहमुसावाए अदत्तमेहुणपरिग्गहे चेव ।
सयमेगं तु अणूणं ऊसासाणं भविज्जाहि ॥१५४१॥
नावाए उत्तरिउं वहमाई तह नइं च एमेव ।
संतारेण चलेण व गंतुं पणवीस ऊसासा ॥१॥ ( प्र० )

[23]गमणं भिक्षादिनिमित्तमन्यग्रामादौ, आगमणं तत्तो चेव, इत्थ इरियावहियं पडिक्कमिऊण पंचवीसुस्सासो काउस्सग्गो कायव्वो ॥१५३६॥ तथा चामुमेवावयवं विवृण्वन्नाह भाष्यकारः— 'भत्ते पाणे सयणासणे' गाहा, भत्तपाणनिमित्तमन्नगामादिगया जइ न ताव वेलेति ता ईरियावहियं पडिक्कमिऊण अच्छंति । आगयावि पुणोऽवि पडिक्कमंति, सयणासणेत्ति एवं सयणासणनिमित्तंपि,

**ગાથાર્થ :** શેષ ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પ્રથમ ગાથામાં – ગમન એટલે ભિક્ષા વિગેરે માટે અન્ય ગામ વિગેરેમાં જવું. આગમન એટલે અન્ય ગામ વિગેરેથી પાછા આવવું. અહીં ઇરિયાવહી પ્રતિક્રમીને પચ્ચીસ ઉચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવો. ॥૧૫૩૬॥ આ જ અવયવનું વિવરણ કરતા ભાષ્યકાર કહે છે – ભત્તે પાણે...' ગાથા, તેમાં ભક્ત–પાન માટે અન્યગામ વિગેરેમાં સાધુઓ ગયા હોય અને હજું ભક્ત–પાનનો સમય ન થયો હોય અને ત્યાં રાહ જોઇને રોકાવવાનું હોય તો ઇરિયાવહી કરીને રહે છે. એ જ પ્રમાણે ભક્ત–પાન વિગેરે લઇને મૂળસ્થાને આવેલા સાધુઓ ફરી ઇરિયાવહી કરે છે. આ જ પ્રમાણે શય્યા = સંથારો અથવા વસતિ, અને આસન = પીઠક વિગેરે માટે ગમનાગમનમાં

२३. गमनं भिक्षादिनिमित्तमन्यग्रामादौ आगमनं तत एवात्रेर्यापथिकीं प्रतिक्रम्य पञ्चविंशत्युच्छ्वासः कायोत्सर्गः कर्त्तव्यः, भक्तपाननिमित्तमन्यग्रामादिगता यदि तावन्न वेलेति तदेर्यापथिकीं प्रतिक्रम्य तिष्ठन्ति, आगता अपि पुनरपि प्रतिक्राम्यन्ति, एवं शयनासननिमित्तमपि,

सयणं[२४]—संथारगो वसही वा, आसणं—पीढगादि, 'अरहंतसमणसेज्जासु'त्ति चेइघरं गया पडिक्कमिऊणं अच्छंति, एवं समणसेज्जंमि—साहुवसतिमित्यर्थः, 'उच्चारपासवणे'त्ति उच्चारे वोसिरिए पासवणे य जतिवि हत्थमेत्तं गया तोऽवि आगया पडिक्कमंति, अह मत्तए वोसिरियं होज्ज ताहे जो तं परिठवेति सो पडिक्कमति, से सठाणेसु पुण जइ हत्थसयं नियत्तणस्स वा बाहिं तो पडिक्कमंति, अह अंतो न पडिक्कमंति, एतेसु य ठाणेसु काउस्सग्गपरिमाणं पणुवीसं होति ऊसासत्ति गाथार्थः ॥२३६॥ 'विहारे'त्ति विहारद्वारं व्याचिख्यासुराह—'निययालयाउ गमणं'गाहा ऽन्यकर्तृकी सोपयोगा च निगदसिद्धा च । 'सुत्ते व'त्ति सूत्रद्वारं व्याचिख्यासुराह—'उद्देससमुद्देसे' गाहा व्याख्या—सुत्तस्स उद्देसे समुद्देसे य जो काउस्सग्गो कीरइ तत्थ सत्तावीसमुस्सासा भवंति, अणुण्णवणयाए य, एत्थ जइ असढो सयं चेव पारेइ, अह सढो ताहे आयरिया, 'अट्ठेव ऊसासा पट्ठवणपडिक्कमणमाई'

ઇરિયાવહી કરે. એ જ પ્રમાણે ચૈત્યઘરમાં ગયા હોય ત્યારે ઇરિયાવહી કરીને રહે. એ જ પ્રમાણે સાધુની વસતિમાં (= સો હાથ બહાર સ્વવસતિથી જુદી વસતિમાં) ગયા હોય ત્યારે ઇરિયાવહી કરીને રહે. વડીનીતિ કે માત્રુ પરઠવવા માટે જો કે એક હાથ જ દૂર ગયા હોય તો પણ પાછા આવીને ઇરિયાવહી કરે. પરંતુ જો કુંડીમાં માત્રુ કર્યું હોય તો જે તે કુંડીને પરઠવે તે ઇરિયાવહી કરે. જ્યારે શેષસ્થાનોમાં = ભક્ત—પાન વિગેરે માટે જો સો હાથથી બહાર ગયેલા હોય તો, અથવા સો હાથ બહાર જઇને પાછો ફરે તો ઇરિયાવહી કરે, પણ સો હાથની અંદર જ હોય તો ન કરે. આ બધા સ્થાનોમાં ઇરિયાવહીમાં પચ્ચીસ ઉચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ જાણવો. ॥ભા.—૨૩૯॥

હવે વિહારદ્વારની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – 'निययालयाउ...' આ ગાથા અન્યકર્તાની હોવા છતાં ઉપયોગી હોવાથી દેખાડાય છે. વિહાર એટલે પોતાના સ્થાને અસજ્ઝાય વિગેરેને કારણે સૂત્રપોરિસી માટે અન્યત્ર ગમન થાય છે. ત્યાં પણ પચ્ચીસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ જાણવો. ॥ **પ્રક્ષિપ્તગાથા** ॥ સૂત્રદ્વારનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે – સૂત્રના ઉદ્દેસ, સમુદ્દેસ અને અનુજ્ઞામાં સત્તાવીસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ થાય છે. તેમાં જો શિષ્ય પોતે નિર્માયાવી હોય તો જાતે જ કાયોત્સર્ગ પારે. અને જો માયાવી હોય (એટલે કે પોતે કાયોત્સર્ગ વ્યવસ્થિત કરી શકતો ન હોય અથવા કાયો. કરવામાં ગોટાળા વાળતો હોય તો) આચાર્ય કહે ત્યારે તે પારે.

२४. शयनं संस्तारको वसतिर्वा, आसनं पीठादि 'अर्हच्छ्रमणशय्यास्वि'ति चैत्यगृहं गताः प्रतिक्रम्य तिष्ठन्ति, एवं श्रमणशय्यास्विति साधुवसतौ 'उच्चारप्रश्रवण'इति उच्चारं व्युत्सृज्य प्रश्रवणं च यद्यपि हस्तमात्रं गतास्तदाऽप्यागताः प्रतिक्राम्यन्ति, अथ मात्रके व्युत्सृष्टं भवेत् तदा यस्तं परिष्ठापयेत् स प्रतिक्राम्येत्, शेषस्थानेषु पुनर्यदि हस्तशतनिर्वृत्ताद्बहिस्तदा प्रतिक्राम्यन्ति, अथान्तर्न प्रतिक्राम्यन्ति, एतेषु च स्थानेषु कायोत्सर्गपरिमाणं पञ्चविंशतिरुच्छ्वासा इति । सूत्रस्योद्देशे समुद्देशे च यः कायोत्सर्गः क्रियते तत्र सप्तविंशतिरुच्छ्वासा भवन्ति, अनुज्ञायां च, अत्र यद्यशठः स्वयमेव पारयति, अथ शठस्तदाऽऽचार्या, 'अष्टैवोच्छ्वासान् प्रस्थापनप्रतिक्रमणादौ

पैट्ठविओ कज्जनिमित्तं जइ खलइ अट्ठुस्सासं उस्सग्गं करिय गच्छइ, बितियवारं जति तो सोलस्सुस्सासं, ततियवारं जइ तो न गच्छति, अण्णो पट्ठविज्जति, अवस्सकज्जे वा देवे वंदिय पुरओ साहू ठवेत्ता अण्णेण समं गच्छति, कालपडिक्कमणेवि अट्ठउस्सासा, आदिसद्दाओ कालगिण्हण पट्ठवणे य गोयरचरियाए सुयखंधपरियट्टणे अट्ठ चेव, केसिंचि परियट्टणे पंचवीस, तथाहि– 'सुयखंधपरियट्टणं मंगलत्थं काउस्सग्गं काऊण कीरइ'त्ति गाथार्थः ॥१५३७॥ अत्राह चोदकः– 'जुज्जइ अकालपढियाइ' गाथा, युज्यते–संगच्छते घटते अकालपठितादिषु कारणेषु सत्सु अकालपठितमादिशब्दात् काले न पठितमित्यादि, दुष्टु च प्रतीच्छितादि–दुष्टविधिना प्रतीच्छितं आदिशब्दात् श्रुतहीलनादिग्रहः, 'समणुण्णसमुद्देसे'त्ति समनुज्ञासमुद्देशयोः, समनुज्ञायां च समुद्देशे च कायोत्सर्गस्य करणं युज्यत एवेति योगः, अतिचारसम्भवादिति गाथार्थः ॥१५३८॥ 'जं पुण' गाहा–यत् पुनरुद्दिश्यमानाः श्रुतमनतिक्रान्ता अपि निर्विषयत्वादपराधमप्राप्ता अपि 'कुणह उस्सग्गं'ति

✓'अट्ठेव ऊसासा...' ગુરુએ શિષ્યને કોઇ કામ માટે જવાનું કહ્યું હોય ત્યારે તે કામ માટે જતી વખતે જો ઠોકર વિગેરે લાગે તો આઠ ઉચ્છ્વાસનો કાયોત્સર્ગ કરીને નીકળે, બીજીવાર સ્ખલના પામે તો સોળ ઉચ્છ્વાસનો કાયોત્સર્ગ કરે. ત્રીજી વાર જો સ્ખલના પામે તો તે કામ માટે પોતે નીકળે નહીં પરંતુ ગુરુ બીજાને મોકલે. જો જવું જ પડે એવું હોય તો અરિહંત દેવોને વંદન કરીને પોતાની આગળ બીજા સાધુને રાખીને તે સાધુ સાથે નીકળે. (અર્થાત્ પોતે આગળ ન રહે પરંતુ બીજાને આગળ કરીને તેની સાથે નીકળે.) એ જ પ્રમાણે કાલનું પ્રતિક્રમણ કરવાનું હોય (જોગમાં કાલગ્રહણ પછી પાટલીના અંતમાં જે 'પાભાઈકાલ પડિક્કમુ ? વિગેરે જે આદેશ માંગવામાં આવે છે) તેમાં, તથા આદિશબ્દથી કાલનું ગ્રહણ કરવામાં, કાલનું પ્રસ્થાપન કરવામાં, ગોચરીમાં (= ગોચરીમાં જે અનેષણા થઇ તેના પ્રાયશ્ચિત્તરૂપે) અને શ્રુતસ્કંધનું પુનરાવર્તન કરવાનું હોય ત્યારે આઠ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ થાય છે. કેટલાકો પુનરાવર્તન માટે પચ્ચીસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરવાનું કહે છે. (શંકા : પુનરાવર્તન માટે કાયોત્સર્ગ કરવાનું કહ્યું છે ? – હા કહ્યું છે.) તે આ પ્રમાણે – "શ્રુતસ્કંધનું પુનરાવર્તન મંગલમાટે કાયોત્સર્ગ કરીને કરવું." ॥૧૫૩૭॥

**શંકા :** અકાલે સ્વાધ્યાય કર્યો, આદિશબ્દથી કાલે સ્વાધ્યાય ન કર્યો વિગેરે લેવા, અવિધિથી શ્રુત સ્વીકાર્યું = ભણ્યું, આદિશબ્દથી શ્રુતની હીલના કરી વિગેરે લેવા, તથા અનુજ્ઞા અને સમુદ્દેશ, આ બધામાં અતિચારનો સંભવ હોવાથી કાયોત્સર્ગ કરવો એ ઘટે છે. ॥૧૫૩૮॥ પરંતુ જે સાધુઓને હજુ શ્રુતનો ઉદ્દેશો કરાવાઇ રહ્યો છે અર્થાત્ જે સાધુઓએ શ્રુત ભણવાનું હજુ તો શરૂ કરવાનું છે, હજુ

२५. प्रस्थापितः कार्यनिमित्तं यदि स्खलति अष्टोच्छ्वासमुत्सर्गं कृत्वा गच्छति, द्वितीयवारं यदि तदा षोडशोच्छ्वासं, तृतीयवारं यदि तदा न गच्छति, अन्यः प्रस्थाप्यते, अवश्यकार्ये वा देवान् वन्दित्वा पुरतः साधून् स्थापयित्वाऽन्येन समं गच्छति, कालप्रतिक्रमणेऽप्यष्टोच्छ्वासाः, आदिशब्दात् कालग्रहणे प्रस्थापने च, गोचरचर्यायां श्रुतस्कन्धपरावर्त्तनेऽष्टैव, केषाञ्चित् परावर्त्तने पञ्चविंशतिः, श्रुतस्कन्धपरावर्त्तनं मङ्गलार्थं कायोत्सर्गं कृत्वा क्रियते ।

कुरुत कायोत्सर्गं एषः अकृतोऽपि दोषः कायोत्सर्गशोध्यः परिगृह्यते किं मुधा भदन्त !, न चेत् परिगृह्यते न कर्त्तव्यः तर्ह्युद्देशकायोत्सर्ग इति गाथाभिप्रायः ॥१५३९॥ अत्राहाचार्यः—'पावुग्घाई कीरइ' गाहा निगदसिद्धा ॥१५४०॥ 'सुमिणदंसणे राउ'त्ति द्वारं व्याख्यानयन्नाह—'पाणवहमुसावाए' गाहा, [२६]सुमिणंमि पाणवहमुसावाए अदत्तमेहुणपरिग्गहे चेव आसेविए समाणे सयमेगं तु अणूणं उस्सासाणं भविज्जाहि, मेहुणे दिट्ठिविप्परियासियाए सयं इत्थीविप्परियासयाए अट्ठसयंति उक्तं च—"दिट्ठीविप्परियासे सयं मेहुन्नंमि थीविपरियासे । अट्ठसयं ववहारे अणभिस्संगस्स साहुस्स ॥१॥" गाथार्थः ॥१५४१॥ 'णावाणतिसंतार'त्ति द्वारत्रयं व्याचिख्यासुराह—'नावाए उत्तरिउं वहगाई' गाहा, गाथेयमन्यकर्तृकी सोपयोगा च निगदसिद्धा, इदनीमुच्छ्वासमानप्रतिपादनायाह —

જેઓએ શ્રુત ભણીને પૂર્ણ કર્યું નથી અને તેથી તેઓ નિર્વિષય હોવાથી એટલે કે અપરાધનો વિષય = શ્રુત એ હજુ પામ્યા જ નથી અને માટે જ અપરાધને પણ પામ્યા નથી છતાં કાયોત્સર્ગ કરે છે. તો હે ગુરુ ! આ નહીં કરાયેલો એવો પણ દોષ કાયોત્સર્ગથી શોધ્ય શા માટે માનો છો ? અને જો નથી માનતા તો ઉદ્દેશસંબંધી કાયોત્સર્ગ કરવાની જરૂર નથી. ॥૧૫૩૯॥

સમાધાન : પાપોનો ઘાત કરનાર એવો કાયોત્સર્ગ મંગલ હોવાથી ઉદ્દેશામાં કરાય છે, મંગલ નહીં કરનારા સાધુઓને કોઈ રીતે વિઘ્ન ન થાય (તે માટે મંગલ કરવું આવશ્યક છે. અને માટે મંગલરૂપ કાયોત્સર્ગ કર્તવ્ય છે.) ॥૧૫૪૦॥ 'સ્વપ્રદર્શન રાત્રિએ' દ્વારનું વ્યાખ્યાન કરતા કહે છે – સ્વપ્નમાં પ્રાણવધ, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનું આસેવન થયું હોય તો સંપૂર્ણ એવા સો ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ થાય છે. મૈથુનમાં એટલું વિશેષ જાણવું કે – દૃષ્ટિવિપર્યાસ થયો હોય (એટલે સ્ત્રી તરફ રાગદૃષ્ટિથી જોયું હોય) તો સો ઉચ્છ્વાસનો અને સ્ત્રીવિપર્યાસ થયો હોય (એટલે કે સ્ત્રી સાથે અબ્રહ્મનું સેવન થયું હોય) તો એકસો આઠ ઉચ્છ્વાસનો કાયોત્સર્ગ કરાય છે. કહ્યું છે – "વ્યવહારથી અનભિષ્વંગ = સાક્ષાત્ મૈથુનસેવન નહીં કરનારા સાધુને મૈથુનને વિશે દૃષ્ટિવિપર્યાસમાં સો અને સ્ત્રીવિપર્યાસમાં એકસો આઠ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરવાનો હોય છે. ॥૧॥" ॥૧૫૪૧॥

'નાવડી, નદી અને પુલ' એ ત્રણદ્વારની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી 'नावाए.... ગાથા કહે છે – આ ગાથા અન્યકર્તાની હોવા છતાં ઉપયોગી છે. નાવડીવડે પાણીનો પ્રવાહ વિગેરે ઉતરીને (જો કે પાણી વિગેરેનો સંઘટ્ટો વિગેરે ન હોય તો પણ) પચ્ચીસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરે. એ જ પ્રમાણે નદીને ઉતરીને અથવા ચંચળ એવા સંતારવડે (સંતારવડે એટલે નદીને સામે કિનારે જવા માટે મૂકેલા પથ્થર વિગેરે કે દોરી વિગેરેથી બાંધેલા પુલ વિગેરેવડે) ઉતરીને પચ્ચીસ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરવાનો હોય છે. ॥ પ્રક્ષિપ્તગાથા ॥ હવે એક ઉચ્છ્વાસ એટલે કેટલું પ્રમાણ ? તે જણાવવા માટે કહે છે ⇨

२६. स्वप्ने प्राणवधमृषावादादत्तमैथुनपरिग्रहेष्वासेवितेषु सत्सु शतमेकमनूनमुच्छ्वासानां भवेत्, मैथुने दृष्टिविपर्यासे शतं स्त्रीविपर्यासेऽष्टशतमिति.

पायसमा ऊसासा कालपमाणेण हुंति नायव्वा ।
एयं कालपमाणं उस्सग्गेणं तु नायव्वं ॥१५४२॥

'पायसमा उस्सासा काल' गाहा निगदसिद्धा—नवरं पादः—श्लोकपादः ॥१५४२॥ व्याख्याता गमनेत्यादिद्वारगाथा, अधुनाऽऽद्यद्वारगाथागतमशठद्वारं व्याख्यायते, इह विज्ञानवता शाठ्यरहितेनात्महितमितिकृत्वा स्वबलापेक्षया कार्योत्सर्गः कार्यः, अन्यथाकरणेऽनेकदोषप्रसङ्गः, तथा चाह भाष्यकारः—

जो खलु तीसइवरिसो सत्तरिवरिसेण पारणाइसमो ।
विसमे व कूडवाही निव्विन्नाणे हु से जड्डो ॥२३७॥ (भा०)
समभूमेवि अइभरो उज्जाणे किमुअ कूडवाहिस्स ? ।
अइभारेणं भज्जइ तुत्तयघाएहि अ मरालो ॥२३८॥ (भा०)
एमेव बलसमग्गो न कुणइ मायाइ सम्ममुस्सग्गं ।
मायावडिअं कम्मं पावइ उस्सग्गकेसं च ॥१॥ (प्र०)
मायाए उस्सग्गं सेसं च तवं अकुव्वओ सहुणो ।
को अन्नो अणुहोही सकम्मसेसं अणिज्जरियं ? ॥१५४३॥
निक्कूडं सविसेसं वयाणुरूवं बलाणुरूवं च ।
खाणुव्व उद्धदेहो काउस्सग्गं तु ठाइज्जा ॥१५४४॥

व्याख्या—यः कश्चित् साधुः, खलुशब्दो विशेषणार्थः, त्रिंशद्वर्षः सन् खलुशब्दाद् बलवानातङ्करहितश्च सप्ततिवर्षेणान्येन वृद्धेन साधुना पारणया समः—कायोत्सर्गप्रारम्भपरिसमाप्त्या तुल्य इत्यर्थः । विषम इव—उद्दंकादाविव कूटवाही विषमवाही बलीवर्द्द इव निर्विज्ञान एवासौ

---

**ગાથાર્થ :** કાલથી એક પાદસમાન ઉચ્છ્વાસ જાણવો. આ કાલપ્રમાણ ઉત્સર્ગથી જાણવું.

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. માત્ર શ્લોકનો ચોથો ભાગ એટલે એક પાદ. ॥૧૫૪૨॥ આ પ્રમાણે ગમન વિગેરે જે દ્વારગાથા (૧૫૩૬) હતી તેનું વ્યાખ્યાન પૂર્ણ થયું. હવે જે પ્રથમ દ્વારગાથામાં (૧૪૨૯માં) 'અસઠ' દ્વાર છે તેનું વ્યાખ્યાન કરાય છે. અહીં જ્ઞાનીએ માયા રહિત થઈને આત્મહિત સમજીને પોતાના બળની અપેક્ષાએ કાયોત્સર્ગ કરવા યોગ્ય છે. સ્વશક્તિ પ્રમાણે કાયોત્સર્ગ ન કરવામાં અનેક દોષો લાગવાનો પ્રસંગ આવે છે. આ જ વાત ભાષ્યકાર કરે છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જે સાધુ ત્રીસવર્ષનો યુવાન છે. 'खलु' શબ્દ વિશેષ અર્થને જણાવનાર હોવાથી, બળવાન અને રોગરહિત છે. આવો તે સાધુ જો સિત્તેરવર્ષના અન્ય વૃદ્ધ સાધુની સાથે પારવાવડે સમાન છે અર્થાત્ કાયોત્સર્ગ સાથે ચાલુ કર્યો અને સાથે પૂરો કરે છે. (અર્થાત્ પોતાના સામર્થ્ય પ્રમાણેનો કાયોત્સર્ગ કરતો નથી, પરંતુ પોતાની શક્તિ ગોપવે છે.) તે સાધુ પેલા ઊંચા ચડાણ વિગેરે વિષમસ્થાનોમાં સીધો નહીં ચાલનાર (= આડાઇ કરનાર) એવા બળદ જેવો જ્ઞાન વિનાનો જડ

'जड्डो' जडः, स्वहितपरिज्ञानशून्यत्वात्, तथा चात्महितमेव सम्यक्कायोत्सर्गकरणं स्वकर्मक्षयफलत्वादिति गाथार्थः ॥२३७॥ अधुना दृष्टान्तमेव विवृण्वन्नाह–'समभूमेवि अइभरो 'गाहा व्याख्या–समभूमावपि अतिभरःविषमवाहित्वात् 'उज्जाणे किमुत कूडवाहिस्स 'ऊर्द्ध्वं यानमस्मिन्नित्युद्यानम्–उद्दंकं तस्मिन्नुद्याने किमुत ?, सुतरामित्यर्थः, कस्य ?–कूटवाहिनो–बलीवर्दस्य, तस्य च दोषद्वयं कथमित्याह–'अतिभारेणं भज्जति तुत्तयघाएहि य मरालो' त्ति अतिभारेण भज्यते यतो विषमवाहिन एवातिभारो भवति, तुत्तयघातैश्च विषमवाह्येव पीड्यते, तुत्तगो–पाइणगो मरालो–गलिरिति गाथार्थः ॥२३८॥ साम्प्रतं दार्ष्टान्तिकयोजनां कुर्वन्नाह–'एमेव बलसमग्गो' गाहा व्याख्या–इयमन्यकर्तृकी सोपयोगा च व्याख्यायते, 'एमेव' मरालबलीवर्दवत् बलसमग्रः सन् यो न करोति मायया कारणेन सम्यक्–सामर्थ्यानुरूपं कायोत्सर्गं स मूढः मायाप्रत्ययं कर्म प्राप्नोति नियमत एव, तथा कायोत्सर्गक्लेशं च निष्फलं प्राप्नोति, तथाहि–निर्मायस्यापेक्षारहितस्य स्वशक्त्यनुरूपं च कुर्वत एव सर्वमनुष्ठानं सफलं भवतीति गाथार्थः ॥ अधुना मायावतो दोषानुपदर्शयन्नाह–'मायाए उस्सग्गं 'गाहा, मायया कायोत्सर्गं शेषं च तपः–अनशनादि अकुर्वतः 'सहिष्णोः 'समर्थस्य कश्च तस्मादन्योऽनुभविष्यति ?, किं–स्वकर्मशेषमनिर्जरितं, शेषता चास्य सम्यक्त्वप्राप्त्योत्कृष्ट-

જાણવો, કારણ કે તે પોતાના હિતના જ્ઞાન વિનાનો છે. તે આ પ્રમાણે કે – સમ્યગ્રીતે કાયોત્સર્ગ કરવો તે પોતાના કર્મક્ષયરૂપ ફળવાળો હોવાથી આત્મહિતકર છે. (અને આ સાધુ પોતાની શક્તિ પ્રમાણેનો આત્મહિતકર એવો કાયોત્સર્ગ કરતો ન હોવાથી હિતકર એવા જ્ઞાન વિનાનો છે અને માટે જડ છે.) ॥ ભા.–૨૩૭ ॥

હવે દૃષ્ટાન્તનું જ વિવરણ કરતા કહે છે – સીધો નહીં ચાલતો હોવાથી જેને અતિભાર લાગે છે તેવો ગળિયો બળદ સમાન ભૂમિભાગમાં પણ જો હેરાન થતો હોય તો ઊંચા ચડાણમાં તેનું શું થાય? અર્થાત્ સુતરામ્ હેરાન થાય છે. જેને વિશે વાહન ઊર્ધ્વ થતું હોય તે ઉદ્યાન, એટલે કે ઊંચું ચડાણ. આવા બળદને બે દોષ થાય છે. કેવી રીતે ? તે કહે છે – તે ગળિયો બળદ (પોતાનું સામર્થ્ય હોવા છતાં સરખી રીતે ચાલતો ન હોવાથી) અતિભારને કારણે શરીરથી તૂટે છે, કારણ કે સીધા નહીં ચાલનારને વધુ ભાર લાગે છે. અને સીધો નહીં ચાલનારો જ ચાબૂકોના મારથી વધુ માર ખાય છે. ॥ ભા. ૨૩૮ ॥

હવે દાર્ષ્ટાન્તિકયોજનાને કરતા કહે છે – 'एमेव बलसमग्गो...' આ ગાથા અન્યકર્તાની છે, પણ ઉપયોગી હોવાથી વ્યાખ્યાન કરાય છે. ગળિયા બળદની જેમ બળયુક્ત એવો જે સાધુ માયાથી સામર્થ્ય પ્રમાણેનો કાયોત્સર્ગ કરતો નથી તે મૂઢ સાધુ નિયમથી માયાથી ઉત્પન્ન થયેલા કર્મોથી લેપાય છે અને નકામા કાયોત્સર્ગના ક્લેશને પામે છે. (અર્થાત્ તે જે કાયોત્સર્ગ કરે છે તે પણ નિષ્ફળ જાય છે.) આ પ્રમાણે માયા વિના આલોક–પરલોકની આશંસાથી રહિત થઈને પોતાની શક્તિ પ્રમાણે અનુષ્ઠાનને કરનારાનાં જ બધા અનુષ્ઠાનો સફળ થાય છે. ॥ પ્રક્ષિપ્તગાથા ॥

હવે માયાવાળાના દોષોને જણાવતા કહે છે – સમર્થ હોવા છતાં માયાથી કાયોત્સર્ગ અને શેષ અનશન વિગેરે તપને જે કરતો નથી તેના સિવાય વળી બીજો કોણ નહીં નિર્જરા કરાયેલા પોતાના કર્મશેષને અનુભવશે. (આશય એ છે કે કાયોત્સર્ગ, તપ વિગેરેથી જે શેષ કર્મો છે તે નિર્જરા થઈ

कर्मापेक्षयेति, उक्तं च–"[२७]सत्तण्हं पगडीणं अब्भिंतरओ उ कोडीकोडीए । काऊण सागराणं जइ लहइ चउण्हमण्णयरं ॥१॥" अन्ये पठन्ति–'एमेव य उस्सग्गं'ति, न चायमतिशोभनः पाठ इति गाथार्थः ॥१५४३॥ यतश्चैवमतः–'निक्कूडं सविसेसं'गाहा, 'निष्कूट'–मित्यशठं 'सविशेष'मिति समबलादन्यस्मात् सकाशात्, न चाहमहमिकया, किं तु वयोऽनुरूपं, स्थाणुरिवोर्द्ध्वदेहो निष्प्रकम्पः समशत्रुमित्रः कायोत्सर्गं तु तिष्ठेत्, तुशब्दादन्यच्च भिक्षाटनाद्येवंभूतमेवानुतिष्ठेत इति गाथार्थः ॥१५४४॥

इदानीं वयो बलं चाधिकृत्य कायोत्सर्गकरणविधिमभिधत्ते —

**तरुणो बलवं तरुणो अ दुब्बलो थेरओ बलसमिद्धो ।**
**थेरो अबलो चउसुवि भंगेसु जहाबलं ठाई ॥१५४५॥**

तरुणो बलवान् १ तरुणश्च दुर्बलः २ स्थविरो बलसमृद्धः ३ स्थविरो दुर्बलः ४ चतुर्ष्वपि भङ्गकेषु यथाबलं तिष्ठति बलानुरूपमित्यर्थः, न त्वभिमानतः, कथमनेनापि वृद्धेन तुल्य

જાત પરંતુ જે સાધુ કાયોત્સર્ગાદિને સામર્થ્ય હોવા છતાં કરતો નથી તેના તે કર્મો નિર્જરાને પામતા નથી. તેથી તે અનિર્જરિત એવા શેષ કર્મો તેના સિવાય કોણ ભોગવવાનું છે ? અર્થાત્ એને જ ભોગવવા પડશે.) (**શંકા :** અહીં કર્મોને 'શેષ' કેમ કહ્યા છે ? **સમાધાન :** ) સમ્યક્ત્વની પ્રાપ્તિ પહેલા જે ઉત્કૃષ્ટ કર્મો હતા તેની અપેક્ષાએ હવે જે કર્મો બાકી રહ્યા છે તે ઘણા ઓછા હોવાથી 'શેષ' કહ્યાં છે. કહ્યું જ છે – "આયુષ્ય સિવાયની સાતે કર્મોની સત્તા એક કોડાકોડી સાગરોપમની અંદર થાય ત્યારે જીવ ચારમાંથી કોઈ સામાયિકને પ્રાપ્ત કરે છે. ॥૧॥" કેટલાક આચાર્યો – 'मायाए उस्सग्गं' ની બદલે 'एमेव य उस्सग्गं' પાઠ કહે છે પરંતુ તે બહુ સારો જણાતો નથી. **॥૧૫૪૩॥**

જે કારણથી આ પ્રમાણે છે તે કારણથી – માયા વિના સમાન બળવાળા એવા બીજા સાધુ કરતા સવિશેષ કાયોત્સર્ગ કરે. તે કાયોત્સર્ગ પણ 'હું આના કરતા વધારે કાયોત્સર્ગ કરું' એવા પ્રકારની અહમ્અહમિકાથી નહીં પરતું પોતાની ઊંમરને અનુસારે, ઠુંઠાની જેમ ઊર્ધ્વકાયાવાળો (= ઊભા–ઊભા), નિષ્પ્રકંપ રીતે શત્રુ–મિત્રને વિશે સમાન દૃષ્ટિ રાખીને કાયોત્સર્ગને કરે. 'तु' શબ્દથી ભિક્ષા માટે જવું વિગેરે બધા અનુષ્ઠાનો આ પ્રમાણે 'માયા વિના' વિગેરે વિશેષણોથી યુક્ત બનીને કરે. **॥૧૫૪૪॥**

**અવતરણિકા :** હવે ઊંમર અને બળને આશ્રયીને કાયોત્સર્ગ કરવાની વિધિને કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (ઊંમર અને બળને આશ્રયીને અહીં ચતુર્ભંગી જાણવી. તે આ પ્રમાણે – (૧) યુવાન અને બળવાન હોય, (૨) યુવાન પણ દુર્બળ હોય, (૩) વૃદ્ધ અને બળવાન હોય, (૪) વૃદ્ધ અને દુર્બળ હોય. આ ચારે ભાંગામાં જેનું જેટલું બળ હોય તે પ્રમાણે કાયોત્સર્ગ કરે પરંતુ અભિમાનથી ન કરે, અર્થાત્ પોતાનું બળ ન હોવા છતાં આ બળવાન વૃદ્ધની સમાન કેવી રીતે થાઉં' (અર્થાત્ તે

२७. समानां प्रकृतीनामभ्यन्तरे तु कोटीकोट्याः । कृत्वा सागरोपमाणां यदि लभते चतुर्णामन्यतरत् ( तर्हि लभते ) ॥१॥

इत्यबलवतापि स्थातव्यम्, उत्तरत्रासमाधिग्लानादावधिकरणसम्भवादिति गाथार्थः ॥१४४५॥ गतं सप्रसङ्गमशठद्वारं, साम्प्रतं शठद्वारावसरस्तत्रेयं गाथा —

पयलायइ पडिपुच्छइ कंटययवियारपासवणधम्मे ।
नियडी गेलन्नं वा करेइ कूडं हवइ एयं ॥१५४६॥

कायोत्सर्गकरणवेलायां मायया प्रचलयति—निद्रां गच्छति, प्रतिपृच्छति सूत्रमर्थं वा, कण्टकं अपनयति, 'वियार'त्ति पुरीषपरित्यागाय गच्छति, 'पासवणे'त्ति कायिकां व्युत्सृजति 'धम्मे'त्ति धर्मं कथयति, 'निकृत्या' मायया ग्लानत्वं वा करोति कूटं भवत्येतद्—अनुष्ठानमिति गाथार्थः ॥१५४६॥

गतं शठद्वारम्, अधुना विधिद्वारमाख्यायते, तत्रेयं गाथा —

पुव्वं ठंति य गुरुणो गुरुणा उस्सारियंमि पारेंति ।
ठायंति सविसेसं तरुणा उ अनूणविरिया उ ॥१५४७॥
चउरंगुल मुहपत्ती उज्जूए डब्बहत्थ रयहरणं ।
वोसट्ठचत्तदेहो काउस्सग्गं करिज्जाहि ॥१५४८॥

'पुव्वं ठंति य गुरुणो' गाहा प्रकटार्था ॥१५४७॥ 'चउरंगुल'त्ति चत्तारि अंगुलाणि पायाणं अंतरं करेयव्वं, 'मुहपोत्ति उज्जुए'त्ति दाहिणहत्थेण मुहपोत्तिया घेत्तव्वा, डब्बहत्थे रयहरणं

---

જેટલો કાયોત્સર્ગ કરે છે એટલો મોટો કાયોત્સર્ગ હું પણ કેમ ન કરું ?) આવા પ્રકારના અભિમાનથી બળ વિનાના સાધુએ મોટા કાયોત્સર્ગ કરવા નહીં, કારણ કે આવા કાયોત્સર્ગ કરવામાં પછીથી અસમાધિ, માંદગી વિગેરે થવાથી હિંસા થવાનો સંભવ છે. **॥૧૫૪૫॥**

**અવતરણિકા :** પ્રસંગસહિત અશઠદ્વાર પૂર્ણ થયું. હવે શઠદ્વારનો અવસર છે. તેમાં આ પ્રમાણેની ગાથા જાણવી ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કાયોત્સર્ગ કરવાના સમયે સાધુ માયાથી સૂઈ જાય અર્થાત્ ઊંઘે. અથવા સૂત્ર કે અર્થને પૂછે (પણ કાયોત્સર્ગ ન કરે.) અથવા કાંટો કાઢવા બેસી જાય, અથવા વડીનીતિ માટે જાય, માત્રુ કરવા જાય, ધર્મકથા કરવા બેસી જાય, અથવા માયાથી બિમાર પડે. (આ પ્રમાણે કરવાથી તેનું તે) અનુષ્ઠાન ખોટું થાય છે, (અર્થાત્ સ્વકર્મક્ષય કરનારું બનતું નથી.) **॥૧૫૪૬॥**

**અવતરણિકા :** શઠદ્વાર પૂર્ણ થયું. હવે વિધિદ્વાર કહેવાય છે. તેમાં આ ગાથા છે ⇨

**ગાથાર્થ : બંને ગાથાઓના અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ગુરુ કરતા પહેલાં કાયોત્સર્ગ ચાલુ કરે, ગુરુના પાર્યા પછી કાયોત્સર્ગ સાધુઓ પારે. જેમનું બળ હીન થયું નથી તેવા બળવાન તરુણો વધારે પણ કાયોત્સર્ગ કરે. **॥૧૫૪૭॥** તેમાં બે પગ વચ્ચેનું અંતર (આગળથી) ચારઆંગળ જેટલું રાખે. જમણા હાથે મુહપત્તિને પકડે. ડાબા હાથે રજોહરણ રાખે, આ પ્રમાણેની વિધિવડે વ્યુત્સૃષ્ટ અને વ્યક્ત દેહવાળો સાધુ કાયોત્સર્ગ કરે.

कायव्वं, एतेण विहिणा 'वोसट्ठचत्तदेहो'त्ति पूर्ववत्, काउस्सग्गं करिज्जाहित्ति गाथार्थः ॥१५४८॥

गतं विधिद्वारम्, अधुना दोषद्वारावसरः, तत्रेदं गाथाद्वयं –

घोडग लयाइ खंभे कुड्डे माले अ सवरि वहु नियले ।
लंबुत्तर थण उद्धी संजय खलि[ णे य ] वायसकविट्ठे ॥१५४९॥
सीसुक्कंपिय मूई अंगुलिभमुहा य वारुणी पेहा ।
नाभीकरयलकुप्पर उस्सारिय पारियंमि थुई ॥१५५०॥

व्याख्या–आसोव्व विसमपायं आउंटावित्तु ठाइ उस्सग्गं । कंपइ काउस्सग्गे लयव्व खरपवणसंगेणं ॥१॥ खंभे वा कुड्डे वा अवठंभिय कुणति काउसग्गं तु । माले य उत्तमंगं अवठंभिय ठाइ उस्सग्गं ॥२॥ सबरी वसणविरहिया करेहि सागारियं जह ठवेइ । ठइऊण गुज्झदेसं करेहि इय कुणइ उस्सग्गं ॥३॥ अवणामिउत्तमंगो काउस्सग्गं जहा कुलवहुव्व । नियलियओविव चलणे वित्थारिय अहव मेलविउं ॥४॥ काऊण चोलपट्टं अविधीए नाभिमंडलस्सुवरिं । हिट्ठा य जाणुमित्तं चिट्ठई लंबुत्तरुस्सग्गं ॥५॥ उच्छाईऊण य थणे चोलगपट्टेण ठाइ उस्सग्गं । दंसाइरक्खणट्ठा अहवा अन्नाणदोसेणं ॥६॥ मेलित्तु पण्हियाओ चलणे वित्थारिऊण

(વ્યુત્સૃષ્ટદેહ એટલે પરિષહોને સહન કરવાની તૈયારી સાથે દેહનો ત્યાગ કરનાર, અને ત્યક્તદેહ એટલે દેહ પરનું મમત્વ છોડનાર.) ॥१५४८॥

**અવતરણિકા :** વિધિદ્વાર પૂર્ણ થયું. હવે દોષદ્વારનો અવસર છે. તેમાં આ બે ગાથાઓ જાણવી ⇨

**ગાથાર્થ : બંને ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (કાયોત્સર્ગસંબંધી દોષો આ પ્રમાણે જાણવા –) (१) **ઘોટકદોષ :** ઘોડાની જેમ પગ વાંકો રાખીને કાયોત્સર્ગ કરે. (२) **લતાદોષ :** કર્કશપવનના સંગથી જેમ વેલડી કંપે તેમ કાયોત્સર્ગમાં શરીર કંપે. (३) **સ્તંભદોષ:** થાંભલે કે દિવાલ ઉપર ટેકો રાખીને કાયોત્સર્ગ કરે. (४) **માલાદોષ :** ઉપરના ભાગરૂપ માલમાં પોતાના મસ્તકને ટેકીને કાયોત્સર્ગ કરે. (५) **શબરીદોષ :** શબરી એટલે આદિવાસી સ્ત્રી, તે સ્ત્રી વસ્ત્રોથી રહિત હોય ત્યારે પોતાના હાથોવડે ગુપ્ત અંગોને જેમ છુપાવે તે રીતે પોતાના હાથોવડે ગુપ્ત અંગોને છુપાવીને કાયોત્સર્ગ કરે.

(६) **વધૂદોષ :** કુલવધૂની જેમ મસ્તક નમાવીને કાયોત્સર્ગ કરે. (७) **નિગડદોષ :** સાંકળથી જાણે કે પગો બાંધેલા હોય તેમ બંને પગોને પહોળા કરીને કે ભેગા કરીને કાયોત્સર્ગ કરે. (८) **લંબુત્તરદોષ :** ચોલપટ્ટાને અવિધિથી પહેરીને એટલે કે નાભિથી ચાર આંગળ નીચે અને ઘુંટણથી ચાર આંગળ ઉપર પહેરવાને બદલે નાભિથી ઉપર અને ઘુંટણ સુધી ચોલપટ્ટો પહેરીને કાયોત્સર્ગ કરે. (९) **સ્તનદોષ :** દંશ–મશક વિગેરેથી રક્ષણ મેળવવા માટે કે અજ્ઞાનને લીધે ચોલપટ્ટાથી (અથવા કોઈપણ વસ્ત્રોથી) સ્તનોને (= છાતીના ભાગને) ઢાંકીને કાયોત્સર્ગ કરે. (१०) **ઊર્ધ્વિકાદોષ :** તે બે પ્રકારે છે – બાહ્ય અને અભ્યંતર. તેમાં પગની એડીઓ ભેગી કરે અને આગળનો ભાગ પહોળો

बाहिरओ । ठाउस्सग्गं एसो बाहिरउद्धी मुणेयव्वो ॥७॥ अंगुट्ठे मेलविउं वित्थारिय पण्हियाओ बाहिं तु । ठाउस्सग्गं एसो भणिओ अब्भितरुद्धित्ति ॥८॥ कप्पं वा पट्टं वा पाइणिउं संजइव्व उस्सग्गं । ठाइ य खलिणं व जहा रयहरणं अग्गओ काउं ॥९॥ भामेइ तहा दिट्ठिं चलचित्तो वायसोव्व उस्सग्गे । छप्पइआण भएणं कुणई अ पट्टं कविट्ठं व ॥१०॥ सीसं पकंपमाणो जक्खाइट्ठव्व कुणइ उस्सग्गं । मूयव्व हुअहुअंतो तहेव छिज्जंतमाईसु ॥११॥ अंगुलिभमुहाओवि य चालंतो तहय कुणइ उस्सग्गं । आलावगगणणट्ठा संठवणत्थं च जोगाणं ॥१२॥ काउस्सग्गंमि ठिओ सुरा जह बुडबुडेइ अव्वत्तं । अणुपेहंतो तह वानरुव्व चालेइ ओट्ठउडे ॥१३॥ एए काउस्सग्गं कुणमाणेण विबुहेण दोसा उ । सम्मं परिहरियव्वा जिणपडिकुट्ठत्तिकाऊणं ॥१४॥

'नाभीकरयलकुप्पर उस्सारे पारियंमि थुइ'त्ति निर्युक्तिगाथाशकलं लेशतोऽदुष्टकायोत्सर्गावस्थानप्रदर्शनपरं विध्यन्तरसंग्रहपरं च, तत्र 'नाभि'त्ति [२८]नाभीओ हेट्ठा चोलपट्टगो कायव्वो, करयलेत्ति सामण्णेणं हेट्ठा पलंबकरयले 'जाव कोप्परे'त्ति सोऽविय कोप्परेहिं धरेयव्वो, एवंभूतेन

કરીને કાયોત્સર્ગમાં ઊભો રહે તે બાહ્યોર્ધ્વિકા અને એડીઓ પહોળી અને આગળનો ભાગ ભેગો કરીને ઊભો રહે તે અભ્યંતરોર્ધ્વિકા જાણવી. (૧૧) સંયતી દોષ : વસ્ત્રને કે ચોલપટ્ટાને સાધ્વીની જેમ ઓઢીને (એટલે કે બંને ખભાના ભાગો ઢંકાય તે રીતે ઓઢીને) કાયોત્સર્ગ કરે. (૧૨) ખલીનદોષ : ઘોડાના મોઢામાં રહેલા ચાકડા (લગામ)ની જેમ રજોહરણને આગળ (અર્થાત્ દશીઓ આગળ રહે અને દાંડી પાછળ રહે એ રીતે) પકડીને ઊભો રહે. (૧૩) વાયસદોષ : ચંચળચિત્તવાળો સાધુ કાયોત્સર્ગમાં કાગડાની જેમ આંખની કીકીઓ ભમાડે. (૧૪) કપિત્થ દોષ : કપિત્થ એટલે કોઠાનું ફળ. જૂના ભયથી ચોલપટ્ટાને કોઠાની જેમ ડૂચો વાળીને બે પગ વચ્ચે ભરાવીને કાયોત્સર્ગ કરે.

(૧૫) શીર્ષોત્કંપિત દોષ : જાણે કે કોઇ યક્ષ શરીરમાં પેસ્યો હોય તેની જેમ મસ્તકને ધૂનાવતો કાયોત્સર્ગ કરે. (૧૬) મૂકદોષ : જ્યાં કાયોત્સર્ગ કરવા ઊભો હોય ત્યાં નજીકમાં કોઈ વનસ્પતિ વિગેરે છેદતું હોય ત્યારે તેને છેદતો અટકાવવા મૂંગા વ્યક્તિની જેમ 'હું હું' કરતો કાયોત્સર્ગ કરે. (૧૭) અંગુલિકાભ્રૂદોષ : આલાપકોની ગણતરી કરવા માટે આંગળીઓને ચલાવતા કાયોત્સર્ગ કરે. તેમ જ સામેવાળાના કોઇ વર્તનથી પોતાને અશાંતિ થતી જોઇને પોતાના મન–વચન–કાયાની શાંતિ માટે સામેવાળાને તે વર્તનથી અટકાવવા ભવાને આમ–તેમ ફેરવે. (૧૮) વારુણીદોષ : કાયોત્સર્ગમાં રહીને દારૂડિયાની જેમ અવ્યક્ત અવાજને કરે = અવ્યક્તપણે બડબડ કરે. (૧૯) પ્રેક્ષાદોષ : નમસ્કારાદિનું ચિંતન કરતો તે વાંદરાની જેમ હોઠોને હલાવે. કાયોત્સર્ગ કરનારા એવા પંડિત જનોએ આ ઓગણીસ દોષો જિનોવડે નિષેધાયેલા હોવાથી સમ્યગ્ રીતે ત્યાગવા જોઇએ.

नाभीकरयल... વિગેરે ગાથાનો પાછલો ભાગ સંક્ષેપથી કાયોત્સર્ગમાં સારી રીતે રહેવાનું જણાવનાર અને અન્ય વિધિનો સંગ્રહ કરનાર જાણવો. તેમાં 'नाभि' એટલે ચોલપટ્ટો નાભિથી ચાર આંગળ નીચે પહેરવો. 'करयल' અર્થાત્ સામાન્યથી હાથ ઘૂંટણ તરફ લટકતા રાખવા. 'जाव कोप्परे' એટલે તે

२८. नाभितोऽधस्तात् चोलपट्टकः कर्त्तव्यः, करतलेति सामान्येन अधस्तात् प्रलम्बकरतलः यावत् कूर्पराभ्यां- सोऽपि च कूर्पराभ्यां धारयितव्यः,

कायोत्सर्गः कार्यः, [२९]उस्सारिए य–काउस्सग्गे पारिए नमोक्कारेण अवसाणे थुई दायव्वेति गाथार्थः ॥१५४९-५०॥

गतं प्रासङ्गिकं, साम्प्रतं कस्येति द्वारं व्याख्यायते, तत्रोक्तदोषरहितोऽपि यस्यायं कायोत्सर्गो यथोक्तफलो भवति तमुपदर्शयन्नाह –

वासीचंदणकप्पो जो मरणे जीविए य समसण्णो ।
देहे य अपडिबद्धो काउस्सग्गो हवइ तस्स ॥१५५१॥
तिविहाणुवसग्गाणं दिव्वाणं माणुसाण तिरियाणं ।
सम्ममहियासणाए काउस्सग्गो हवइ सुद्धो ॥१५५२॥
इहलोगंमि सुभद्दा राया उइओद सिट्ठिभज्जा य ।
सोदासखग्गथंभण सिद्धी सग्गो य परलोए ॥१५५३॥

'वासीचंदनकप्पो 'गाहा व्याख्या–वासीचन्दनकल्पः–उपकार्यपकारिणोर्मध्यस्थः, उक्तं च– ''जो चंदणेण बाहुं आलिंपइ वासिणा व तच्छेइ । संथुणइ जो व निंदइ महरिसिणो तत्थ समभावा ॥१॥'' अनेन परं प्रति माध्यस्थ्यमुक्तं भवति, तथा यो मरणे–प्राणत्यागलक्षणे जीविते च–प्राणसंधारणलक्षणे चशब्दादिहलोकादौ च समसञ्ज्ञः तुल्यबुद्धिरित्यर्थः, अनेन चात्मानं प्रति माध्यस्थ्यमुक्तं भवति, तथा देहे च–शरीरे चाप्रतिबद्धः चशब्दादुपकरणादौ च, कायोत्सर्गो

ચોલપટ્ટો પણ બંને હાથની કોણીવડે પકડી રાખવો. આ રીતે થઈને કાયોત્સર્ગ કરવો. 'નમો અરિહંતાણં' કહીને કાયોત્સર્ગ પાર્યા બાદ સ્તુતિ બોલવી. ॥૧૫૪૯–૫૦॥

**અવતરણિકા :** પ્રાસંગિક વાત પૂર્ણ થઈ. હવે 'कस्य' દ્વારનું વ્યાખ્યાન કરાય છે. તેમાં ઉપરોક્ત દોષોથી રહિત એવો પણ કાયોત્સર્ગ જેને યથોક્ત ફળવાળો થાય છે, તે જીવને જણાવતાં કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** વાસીચંદનકલ્પ એટલે કે (વાસી = છરી જેવું શસ્ત્રવિશેષ. તેનાવડે કોઈ શરીરને કાપવાદ્વારા અપકાર કરનાર હોય કે ગોશીર્ષ વિગેરે ચંદનવડે આલિંપન કરવાદ્વારા ઉપકાર કરનાર હોય) આ ઉપકારી કે અપકારી ઉપર રાગ–દ્વેષ વિનાનો મધ્યસ્થ. કહ્યું છે – 'જે ચંદનવડે ભુજાઓનું આલિંપન કરે કે વાસીવડે છોલે, જે પોતાની પ્રશંસા કરતું હોય કે કોઈ પોતાની નિંદા કરતું હોય, મહાઋષિઓ આવા ઉપકારી કે અપકારી ઉપર સમાનભાવવાળા હોય છે.' ॥ ઉપ. મા. – ૯૨ ॥ આ વિશેષણથી સાધુનું બીજા પ્રત્યે માધ્યસ્થ્ય કહ્યું.

તથા જે પ્રાણોના ત્યાગરૂપ મરણને વિશે અને પ્રાણના ધારણરૂપ જીવનને વિશે – 'च' શબ્દથી આલોક અને પરલોકને વિશે તુલ્ય બુદ્ધિવાળો છે. આ વિશેષણથી સાધુનું પોતાના પ્રત્યે માધ્યસ્થ્ય કહ્યું. તથા જે શરીરને વિશે અને 'च' શબ્દથી ઉપકરણ વિગેરેને વિશે અપ્રતિબદ્ધ = મૂર્ચ્છા વિનાનો છે.

२९. उत्सारिते च-कायोत्सर्गे पारिते नमस्कारेणावसाने स्तुतिर्दातव्या । यश्चन्दनेन बाहुमालिम्पति वास्या वा तक्षयति । संस्तौति यो वा निन्दति महर्षयस्तत्र समभावाः ॥१॥

यथोक्तफलो भवति तस्येति गाथार्थः ॥१५५१॥ तथा–'तिविहाणुवसग्गाणं' गाहा, त्रिविधानां–त्रिप्रकाराणां उपसर्गाणां दिव्यानां–व्यन्तरादिकृतानां मानुषाणां–म्लेच्छादिकृतानां तैरश्चानां–सिंहादिकृतानां सम्यक्–मध्यस्थभावेन अतिसहनया सत्या कयोत्सर्गो भवति शुद्धः–अविपरीत इत्यर्थः । ततश्चोपसर्गसहिष्णोः कायोत्सर्गो भवतीति गाथार्थः ॥१५५२॥ द्वारं । साम्प्रतं फलद्वारमभिधीयते, तच्च फलमिहलोकपरलोकापेक्षया द्विधा भवति, तथा चाह ग्रन्थकारः– 'इहलोगंमि' गाहा व्याख्या–इहलोके यत् कायोत्सर्गफलं तत्र सुभद्रोदाहरणं–कथं ?, [૩૦]वसंतपुरं नगरं, तत्थ जियसुत्तराया, जिणदत्तो सेट्ठी संजयसड्ढओ, तस्स सुभद्दा दारिया धुया, अतीव-रूवस्सिणी ओरालियसरीरा साविगा य, सो तं असाहंमियाणं न देइ, तच्चनियसड्ढेणं चंपाओ वाणिज्जगएण दिट्ठा, तीए रूवलोभेण कवडसड्ढओ जाओ, धम्मं सुणेइ, जिणसाहू पूजेइ, अण्णया भावो समुप्पण्णो, आयरियाणं आलोएइ, तेहिवि अणुसासिओ, जिणदत्तेणवि से भावं

આવા સાધુનો કાયોત્સર્ગ યથોક્તફલને = સ્વકર્મના ક્ષયરૂપ ફલને આપનારો છે. **॥૧૫૫૧॥**

તથા ત્રણ પ્રકારના ઉપસર્ગોને એટલે વ્યંતરાદિકૃત દિવ્ય, હલકી જાતિવાળા એવા મનુષ્ય વિગેરે દ્વારા કરાયેલા માનુષ અને સિંહાદિકૃત તિર્યંચસંબંધી ઉપસર્ગોને જે સાધુ મધ્યસ્થભાવવડે સહન કરે છે તે સાધુનો કાયોત્સર્ગ શુદ્ધ = અવિપરીત થાય છે. તેથી ભાવાર્થ એ છે કે જે ઉપસર્ગોને સહન કરનાર છે તેનો કાયોત્સર્ગ થાય છે, (અર્થાત્ યથોક્તફલવાળો થાય છે.) **॥૧૫૫૨॥**

હવે ફલદ્વાર કહેવાય છે. અને તે ફલ આલોક અને પરલોકની અપેક્ષાએ બે પ્રકારનું છે. આ જ વાત ગ્રંથકારશ્રી કરે છે – આલોકમાં જે કાયોત્સર્ગનું ફલ છે તેમાં સુભદ્રાનું ઉદાહરણ છે. કેવી રીતે ? તે કહે છે –

## ✿ કાયો. ના આલોકફલ ઉપર સુભદ્રા વિગેરેના દૃષ્ટાન્તો ✿

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં જિનદત્તનામનો શ્રેષ્ઠિ સાધુઓ પ્રત્યે ભક્તિ–બહુમાનવાળો હતો. તેને સુભદ્રાનામની દીકરી હતી. તે અત્યંતરૂપવાન, સુંદર શરીરવાળી અને શ્રાવિકા હતી. જિનદત્ત પોતાની દીકરીને અસમાનધર્મવાળા (= મિથ્યાત્વી) સાથે પરણાવા માંગતો નહતો. એકવાર ચંપાનગરીથી (વસંતપુર) વેપાર માટે ગયેલા બૌદ્ધધર્મપ્રિય એવા એક વેપારીએ સુભદ્રાને જોઇ. તેણીના રૂપના લોભથી તે કપટી શ્રાવક થયો. (અર્થાત્ માયાથી તેણે શ્રાવકપણું સ્વીકાર્યું.) તે ધર્મ સાંભળે છે. જિનેશ્વરદેવ અને સાધુઓની પૂજા કરે છે. (આમ કરતા–કરતા) તેણે એકવાર વાસ્તવિક જિનધર્મ પ્રત્યે રૂચિ ઉત્પન્ન થઇ.

પોતાની તે માયાની આચાર્ય પાસે આલોચના કરી. આચાર્યે પણ તેને હિતશિક્ષા આપી. જિનદત્ત

૩૦. वसन्तपुरं नगरं, तत्र जितशत्रू राजा, जिनदत्तः श्रेष्ठी संयतश्राद्धः, तस्य सुभद्रा बालिका दुहिताऽतीव रूपिणी उदारशरीरा श्राविका च, स तामसाधार्मिकाय न ददाति, तच्चनिकश्राद्धेन चम्पातो वाणिज्यगतेन दृष्टा, तस्या रूपलोभेन कपटश्राद्धो जातः, धर्मं शृणोति, जिनसाधून् पूजयति, अन्यदा भावः समुत्पन्नः, आचार्याणां कथयति, तैरप्यनुशिष्टः, जिनदत्तेनापि तस्य भावं

[31]नाऊण धूया दिण्णा, वित्तो विवाहो, केच्चिरकालस्सवि सो तं गहाय चंपं गओ, नणंदसासुमाइयाओ तच्चण्णियसड्ढिगाओ तं खिंसंति, तओ जुयगं घरं कयं, तत्थाणेगे समणा समणीओ य पाउग्गनिमित्तमागच्छंति, ततो तच्चण्णिग्गसड्ढिया भणंति—एसा संजयाणं दढं अणुरत्तत्ति, भत्तारो से न पत्तियइत्ति, अण्णया कोई वण्णरूवाइगुणगणपुन्नो, तरुणभिक्खू पाउग्गनिमित्तं गओ, तस्स य वाउद्धुयं अच्छिमि कणगं पविट्ठं, सुभद्दाए तं जीहाए लिहिऊण कड्ढितं, तस्स निलाडे तिलओ संकंतो, तेणवि अणुवउत्तेण ण जाणिओ, सो नीसरति ताव तच्चणिगसड्ढिगाहिं अथक्कागयस्स भत्तारस्स स दंसिओ, पेच्छ इमं वीसत्थरमियसंकंतं सभज्जाए संतगं तिलगंति, तेणवि चिंतियं—किमिदमेवंपि होज्जा ?, अहवा बलवंतो विसया अणेगभवब्भत्थगा य किन्न होइत्ति ?, मंदनेहो जाओ, सुभद्दाए कहवि मुणिओ एस वुत्तंतो, चिंतियं च णाए—पावयणीओ एस उड्डाहो कहं

તેના સુંદર ભાવોને જાણીને પોતાની દીકરી આપી. બંનેનો વિવાહ થયો. કેટલાક કાળ પછી તે વેપારી સુભદ્રાને લઈને ચંપાનગરીમાં ગયો. ત્યાં સુભદ્રાની નણંદ, સાસુ વિગેરે બૌદ્ધધર્મપ્રિય હોવાથી સુભદ્રાનો તિરસ્કાર કરે છે. તેથી તે બંને જુદા ઘરમાં રહેવા જાય છે. ત્યાં અનેક સાધુ—સાધ્વીઓ પોતાને પ્રાયોગ્ય આહાર—પાણી માટે વહોરવા આવે છે. તેથી બૌદ્ધધર્મપ્રિય એવા સાસુ વિગેરે પોતાના દીકરાને કહે છે—'આ સુભદ્રા સાધુઓ ઉપર દૃઢ રાગવાળી છે.' સુભદ્રાનો પતિ વિશ્વાસ કરતો નથી.

એકવાર સુભદ્રાના ઘરે વર્ણ, રૂપ વિગેરે ગુણોના સમૂહથી પૂર્ણ એવો યુવાન સાધુ પ્રાયોગ્ય વહોરવા ગયો. ત્યાં તેના આંખમાં પવનથી ઉડેલું એક રજકણ પેસ્યું. સુભદ્રાએ તે રજકણને પોતાની જીભથી બહાર ખેંચી લીધું. આમ કરવામાં પોતાનું તિલક સાધુના કપાળે લાગી ગયું. ઉપયોગ ન હોવાથી સાધુને પણ કપાળ ઉપર તિલક લાગ્યાની ખબર ન પડી. તે ઘરમાંથી બહાર નીકળે છે. તેટલામાં નંદણ, સાસુ વિગેરેએ અકાળે ઘરે આવેલા પોતાના દીકરાને સાધુ દેખાડ્યો. (અર્થાત્ સાધુના કપાળ ઉપર લાગેલ પોતાની પત્નીનું તિલક દેખાડ્યું.) અને કહ્યું – 'હે પુત્ર ! આ પ્રમાણે સંકાન્ત થયેલા તારી પત્નિના તિલકને તું વિશ્વાસપૂર્વક જો.

પતિએ પણ વિચાર્યું કે – "(આટલી ધર્મિષ્ઠ પત્ની હોવા છતાં) શું આવું પણ કરી શકે છે ? અથવા વિષયો બળવાન અને અનેકભવોથી અભ્યસ્ત છે તેથી શું ન થઈ શકે ?" સુભદ્રા ઉપરનો પતિનો સ્નેહ ઓછો થયો. સુભદ્રાએ તેનું કારણ કોઈપણ રીતે જાણી લીધું. તેણીએ વિચાર્યું – "આ

૩૧. ज्ञात्वा दुहिता दत्ता, वृत्तो विवाहः, कियच्चिरेण कालेन सोऽपि तां गृहीत्वा चम्पां गतः, ननन्दृश्वश्वादिकास्तच्चनिकश्राद्ध्यस्तां निन्दन्ति, ततः पृथग्गृहं कृतं, तत्रानेके श्रमणाः श्रमण्यश्च प्रायोग्यनिमित्तमागच्छन्ति, तच्चनिकश्राद्ध्यो भणन्ति-एषा संयतेषु दृढमनुरक्तेति भर्त्ता तस्या न प्रत्येतीति, अन्यदा कोऽपि वर्णरूपादिगुणगणपूर्णस्तरुणभिक्षुः प्रायोग्यनिमित्तं गतः, तस्य च वायूद्धुतं रजोऽक्षिण प्रविष्टं, सुभद्रया तज्जिह्वयोल्लिख्य कृष्टं, तस्य ललाटे तिलकः संक्रान्तः, तेनाप्यनुपयुक्तेन न ज्ञातः, स निस्सरति तावत्तच्चनिकश्राद्धीभिरकाण्डागताय भर्त्रे स दर्शितः, पश्येदं विश्वस्तरमितिसंक्रान्तं स्वभार्यायाः सत्कं तिलकमिति, तेनापि चिन्तितं-किमिदमेवमपि भवेत् ?, अथवा बलवन्तो विषया अनेकभवाभ्यस्तकाश्चेति किं न भवतीति, मन्दस्नेहो जातः, सुभद्रया कथमपि ज्ञात एष वृत्तान्तः, चिन्तितं चानया-प्रावचनिक एष उड्डाहः कथं

[३२]फेडितो त्ति, पवयणदेवयमभिसंधारिऊण रयणीए काउस्सग्गं ठिया, अहासंनिहिया काइ देवया तीए सीलसमायारं नाऊण आगया, भणियं च तीए–किं ते पियं करेमित्ति, तीए भणियं–उड्डाहं फेडेहि, देवयाए भणियं–फेडेमि, पच्चूसे इमाए नयरीए दाराणि थंभेमि, तओ आउलग्गेसु नागरेसु आगासत्था भणिस्सामि–जाए परपुरिसो मणेणावि न चिंतिओ सा इत्थिया चालणीए पाणियं छोढूणं गंतूणं तिण्णि वारे छंटेउं उग्घाडाणि भविस्संति, तओ तुमं विण्णासिते सेसनागरिगाहिंतो पच्छा जाएज्जासि, तओ उग्घाडेहिसि, तओ फिट्टिहित्ति उड्डाहो, पसंसं च पाविहिसि, तहेव कयं पसंसं च पत्ता, एयं इहलोइयं काउस्सग्गफलं, अन्ने भणंति–वाणारसीए सुभद्दाए काउस्सग्गो कओ, एलगच्छुप्पत्ती भाणियव्वा । 'राया उदिओदए'त्ति, उदितोदयस्स रण्णो

પ્રવચનસંબંધી હીલના કેવી રીતે દૂર કરાયેલી થાય ? (અર્થાત્ કયા ઉપાયથી તેને દૂર કરું ?)" સુભદ્રા શાસનદેવતાનો સંકલ્પ કરીને રાત્રિએ કાયોત્સર્ગમાં ઊભી રહી. આજુ–બાજુમાં રહેલ કોઈ દેવી તેણીના શીલપાલનના આચારને જાણીને ત્યાં આવી અને કહ્યું – "બોલ, હું શું તારું પ્રિય કરું ?" સુભદ્રાએ કહ્યું – "પ્રવચનહીલનાને દૂર કરો."

દેવીએ કહ્યું – "હું દૂર કરું છું. તેમાં સવારે હું નગરના દ્વારોને બંધ કરી દઈશ. નગરના દરવાજા બંધ હોવાથી લોકો જ્યારે આકુલ–વ્યાકુલ થશે, ત્યારે આકાશમાં રહીને હું કહીશ કે – જે સ્ત્રીએ મનથી પણ પરપુરુષ ઇચ્છ્યો નથી તે સ્ત્રી ચાલણીમાં પાણીને ભરીને દરવાજા પાસે આવીને ત્રણ વાર પાણીના છાંટણા કરશે ત્યારે દરવાજા ખૂલી જશે. આ સાંભળીને તારા સિવાયની નગરની શેષ સ્ત્રીઓ ખોલી નહીં શકે ત્યારે તું દરવાજો ખોલી આપવાની માંગણી કરજે. જેથી તું દરવાજો ખોલી શકીશ. અને આ રીતે પ્રવચનહીલના દૂર થતાં તું પ્રશંસાને પામીશ." તેણીએ એ પ્રમાણે કર્યું અને પ્રશંસાને પામી. આ આલોકસંબંધી કાયોત્સર્ગનું ફલ કહ્યું. કેટલાકો આ પ્રમાણે કહે છે કે – વારાણસીનગરીમાં સુભદ્રાએ કાયોત્સર્ગ કર્યો (જેથી દેવે આવીને તરત મરેલા બકરાની આંખો લગાડી.) અહીં એડકાક્ષની ઉત્પત્તિ કહેવી. (આ કથાનક ભાગ–૬ પૃ.૧૬૫ અનિશ્રિતોપધાનનામના ચોથા યોગસંગ્રહમાંથી જાણી લેવું.)

(૨) પોતાની રાણીને મેળવવાના લોભથી આવેલા ધર્મરુચિ રાજાથી ઘેરાયેલા ઉદિતોદિતરાજાનો

३२. स्फेटितो भवतीति ?, प्रवचनदेवतामभिसंधार्य रजनौ कायोत्सर्गे स्थिता, यथासन्निहिता काचिद्देवता तस्याः शीलसमाचारं ज्ञात्वाऽऽगता, भणितं च तया-किं ते प्रियं करोमीति, तया भणितं-उड्डाहं स्फेटय, देवतया भणितं-स्फेटयामि, प्रत्यूषेऽस्या नगर्या द्वाराणि स्थगिष्यामि, ततोऽऽकुलितेषु नागरेषु आकाशस्था भणिष्यामि-यया परपुरुषो मनसाऽपि न चिन्तितः सा स्त्री चालिन्यामुदकं क्षिप्त्वा गत्वा त्रीन् वारान् छण्टयति उद्घाटानि भविष्यन्ति, ततस्त्वं विन्यासिते शेषनागरिकाभिस्ततो पश्चाद्याचेः, तत उद्घाटयिष्यसि ततः स्फेटिष्यतीत्युड्डाहः प्रशंसां च प्राप्स्यसि, तथैव कृतं, प्रशंसां च प्राप्ता, एतत्तावदैहलौकिकं कायोत्सर्गफलं, अन्ये भणन्ति-वाराणस्यां सुभद्रया कायोत्सर्गः कृतः, एडकाक्षोत्पत्तिर्भणितव्या । राजा उदितोदय इति, उदितोदयस्य राज्ञः

[૩૩] भज्जालोभागयणिवरोहियस्स उवसग्गसमणं जायं, कहाणगं जहा नमोक्कारे । 'सेट्ठिभज्जा य'त्ति चंपाए सुदंसणो सेट्ठिपुत्तो, सो सावगो अट्ठमिचउद्दसीएसु चच्चरे उवासगपडिमं पडिवज्जइ, सो महादेवीए पत्थिज्जमाणो णिच्छइ, अण्णया वोसट्ठकाओ देवपडिमत्ति वत्थे चेडीए वेढिउं अंतेउरं अतिणीओ, देवीए निब्बंधेवि कए नेच्छइ, पउट्ठाए कोलाहलो कओ, रण्णा वज्झो आणत्तो, निज्जमाणे भज्जाए से मित्तवतीए सावियाए सुतं, सव्वाणजक्खस्साराधणाए काउस्सग्गे ठिता, सुदंसणस्सवि अट्ठखंडाणि कीरंतुत्ति खंधे असी वाहितो, सव्वाणजक्खेण पुप्फदामं कतो, मुक्को रन्ना पूइतो, ताधे मित्तवतीए पारियं । तथा 'सोदास'त्ति सोदासो राया, जहा नमोक्कारे,

(કાયોત્સર્ગદ્વારા) ઉપસર્ગ શાંત થઇ ગયો. આ કથાનક જે રીતે નમસ્કારનિર્યુક્તિમાં (ભાગ. ૪ પૃ. ૧૭૨માં) આપ્યુ છે તે રીતે અહીં જાણી લેવું. (૩) ત્રીજું ઉદાહરણ શ્રેષ્ઠિભાર્યાનું છે – ચંપાનગરીમાં સુદર્શનનામે શ્રેષ્ઠિપુત્ર હતો. તે શ્રાવક આઠમ—ચૌદસને દિવસે છ રસ્તા જ્યાં પડતા હોય તેવા ચોકમાં શ્રાવકપ્રતિમાને સ્વીકારે છે. મહારાણીવડે પ્રાર્થના કરાવા છતાં સુદર્શન ઇચ્છતો નથી. એકવાર તે પોતાની કાયાને વોસિરાવીને કાયોત્સર્ગમાં રહ્યો. (તે અવસરનો લાભ ઉઠાવી) દાસી 'દેવપ્રતિમા છે' એમ (માયા કરીને) વસ્ત્રમાં લપેટીને સુદર્શનને અંતઃપુરમાં લઇને આવી.

દેવીવડે ઘણો આગ્રહ કરાયા છતાં તે ઇચ્છતો નથી. તેથી દ્વેષ પામીને દેવીએ કોલાહલ કર્યો. રાજાએ સુદર્શનને મારી નાખવાની આજ્ઞા આપી. વધ્યસ્થાને જ્યારે સુદર્શનને લઇ જતા હતા ત્યારે તેની શ્રાવિકા પત્ની મિત્રવતીએ આ વાત સાંભળી. તે સર્વાનનામના યક્ષની આરાધના માટે કાયોત્સર્ગમાં રહી. સુદર્શનના આઠ ટુકડા થાઓ એમ વિચારી જ્યાં વધ કરનારાવડે તલવાર ખભા ઉપર મારવા ઉંચકાઇ એટલામાં સર્વાનયક્ષે તલવારની પુષ્પમાળા બનાવી દીધી. આ જોઈને રાજાએ તેને છોડી મૂક્યો અને તેની પૂજા કરી. ત્યાર પછી મિત્રવતીએ કાયોત્સર્ગ પાર્યો.

(૪) ચોથું સોદાસરાજાનું દૃષ્ટાન્ત જે રીતે નમસ્કારનિર્યુક્તિમાં (ભાગ–૪ પૃ. ૮૭) છે. તે રીતે ત્યાંથી જાણી લેવું. (જો કે તે દૃષ્ટાન્તમાં ક્યાંય કાયોત્સર્ગની વાત આવતી નથી છતાં અહીં હવે પછીનું જે ગેંડાનું દૃષ્ટાન્ત આપવાના છે. તેની જેમ અહીં આ દૃષ્ટાન્તમાં પણ સંભવિત લાગે છે અર્થાત્ માંસપ્રિય એવો સોદાસ જ્યારે સાધુઓને મારવા જાય છે ત્યારે સાધુઓ કાયોત્સર્ગમાં ઊભા રહ્યા હશે. તેને જોઇને સોદાસરાજા પણ શાંત થઇ ધર્મ પામ્યો. એવું કંઇક હોવું જોઇએ.) (૫) ગેંડાનું અટકવું – કોઈ પૂર્વભવમાં શ્રામણ્યની વિરાધનાને કારણે જંગલમાં ગેંડા તરીકે ઉત્પન્ન થયો. તે

३३. भार्यालोभागतराजरोधितस्योपसर्गप्रशमनं जातं, कथानकं यथा नमस्कारे । श्रेष्ठिभार्या चेति चम्पायां सुदर्शनः श्रेष्ठिपुत्रः, स श्रावकोऽष्टमीचतुर्दश्योश्चत्वरे उपासकप्रतिमां प्रतिपद्यते, स महादेव्या प्रार्थ्यमानो नेच्छति, अन्यदा व्युत्सृष्टकायो देवप्रतिमेति चेट्या वस्त्रैर्वेष्टयित्वा अन्तःपुरमानीतः, देव्या निर्बन्धे कृतेऽपि नेच्छति, प्रद्विष्टया कोलाहलः कृतः, राज्ञा वध्य आज्ञप्तः, नीयमानो भार्यया तस्य मित्रवत्या श्राविकया श्रुतः, सर्वाणयक्षस्य आराधनाय कायोत्सर्गे स्थिता, सुदर्शनस्याप्यष्ट खण्डा भवन्त्विति स्कन्धेऽसिः प्रहृतः, सर्वाणयक्षेण पुष्पदामीकृताः, मुक्तो राज्ञा पूजितः, तदा मित्रवत्या पारितः । सौदासेति सौदासो राजा, यथा नमस्कारे,

'[३४]खग्गथंभणे'त्ति कोइ विराहियसामण्णो खग्गो समुप्पण्णो, वट्टाए मारेति, साहू पहाविया, तेण दिट्ठा आगओ, इयरेवि काउस्सग्गेण ठिया, न पहवइ, पच्छा तं दट्ठूण उवसंतो । एतदैहिकं फलं, 'सिद्धी सग्गो य परलोए'सिद्धिः—मोक्षः स्वर्गो—देवलोकः चशब्दात् चक्रवर्त्तित्वादि च परलोके फलमिति गाथार्थः ॥१५५३॥ आह—सिद्धिः सकलकर्मक्षयादेवाप्यते, 'कृत्स्नकर्मक्षयान्मोक्षः' इति वचनात्, स कथं कायोत्सर्गफलमिति ?, उच्यते, कर्मक्षयस्यैव कायोत्सर्गफलत्वात्, परम्पराकारणस्यैव विवक्षितत्वात्, कायोत्सर्गफलत्वमेव कर्मक्षयस्य कथं?, यत आह भाष्यकारः —

जह करगओ निकिंतइ दारुं इंतो पुणोवि वच्चंतो ।
इअ कंतंति सुविहिया काउस्सग्गेण कम्माइं ॥२३९॥ ( भा० )
काउस्सग्गे जह सुट्ठियस्स भज्जंति अंगमंगाइं ।
इय भिंदंति सुविहिया अट्ठविहं कम्मसंघायं ॥१५५४॥
अन्नं इमं सरीरं अन्नो जीवुत्ति एव कयबुद्धी ।
दुक्खपरिकिलेसकरं छिंद ममत्तं सरीराओ ॥१५५५॥
जावइया किर दुक्खा संसारे जे मए समणुभूया ।
इत्तो दुव्विसहतरा नरएसु अणोवमा दुक्खा ॥१५५६॥
तम्हा उ निम्ममेणं मुणिणा उवलद्धसुत्तसारेणं ।
काउस्सग्गो उग्गो कम्मखयट्ठाय कायव्वो ॥१५५७॥

काउस्सग्गनिज्जुत्ती समत्ता ( ग्रन्थाग्र २५३९ )

માર્ગમાંથી જે પસાર થાય તેને તે ગેંડો મારી નાંખે છે. એકવાર સાધુઓ તે રસ્તેથી નીકળ્યા. ગેંડાએ સાધુઓને જોયા. તેમને મારવા તે તરફ તે આવ્યો. સાધુઓ પણ કાયોત્સર્ગમાં ઊભા રહી ગયા. તેમના પ્રભાવથી ગેંડો મારવા માટે સમર્થ બનતો નથી. પાછળથી સાધુઓને જોઇને તે ઉપશાંત થયો. આ કાયોત્સર્ગનું ઐહિકફલ જાણવું. પરલોકમાં મોક્ષ, દેવલોક કે 'च' શબ્દથી ચક્રવર્તી વિગેરે ફળોની પ્રાપ્તિ થાય છે. ॥૧૫૫૩॥

**અવતરણિકા :** **શંકા :** 'સંપૂર્ણકર્મોના ક્ષયથી મોક્ષ થાય છે.' આવું શાસ્ત્રવચન હોવાથી સકલ કર્મોનો ક્ષય થવાથી જો મોક્ષ પ્રાપ્ત થતો હોય તો તે મોક્ષ કાયોત્સર્ગનું ફળ કેવી રીતે કહેવાય ? ⇨

**સમાધાન :** કર્મનો ક્ષય એ જ કાયોત્સર્ગનું ફળ છે. (અર્થાત્ કાયોત્સર્ગથી કર્મોનો ક્ષય થાય અને કર્મના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય. આ રીતે) પરંપરાએ જ અહીં કાયોત્સર્ગને મોક્ષના કારણ તરીકેની વિવક્ષા કરેલી જાણવી.

**શંકા :** કાયોત્સર્ગથી કર્મક્ષયરૂપ ફળ કેવી રીતે પ્રાપ્ત થાય ?

**સમાધાન :** તે માટે ભાષ્યકાર કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

३४. खड्गस्तम्भनमिति, कश्चिद्विराद्धश्रामण्यः खड्गः समुत्पन्नः, वर्त्तन्यां मारयति, साधवः प्रधाविताः, तेन दृष्टा आगतः, इतरेऽपि कायोत्सर्गेण स्थिताः, न प्रभवति, पश्चात्तद्दृष्ट्वोपशान्तः ।

व्याख्या—यथा 'करगतो'ति करपत्रं निकृन्तति—छिनत्ति विदारयति दारु—काष्ठं, किं कुर्वन्? —आगच्छन् पुनश्च व्रजन्नित्यर्थः, 'इय' एवं कृन्तन्ति सुविहिताः—साधवः कायोत्सर्गेण हेतुभूतेन कर्माणि—ज्ञानावरणीयादीनि, तथाऽन्यत्राप्युक्तं—"[३५]संवरेण भवे गुत्तो, गुत्तीए संजमुत्तरो । संजमेण तवो होइ, तवाओ होइ निज्जरा ॥१॥ निज्जराएऽसुभं कम्मं, खिज्जई कमसो सया । आवस्सग-जुत्तस्स, काउस्सग्गे विसेसओ ॥२॥" इत्यादि, अयं गाथार्थः ॥२३९॥ अत्राह—किमिदमित्थमित्यत आह—'काउस्सग्गे'गाहा व्याख्या—कायोत्सर्गे यथा सुस्थितस्य सतः भज्यन्ते अङ्गोपाङ्गानि 'इय' एवं चित्तनिरोधेन 'भिन्दन्ति' विदारयन्ति मुनिवराः—साधवः अष्टविधं—अष्टप्रकारं कर्मसङ्घातं—ज्ञानावरणीयादिलक्षणमिति गाथार्थः ॥१५५४॥ आह—यदि कायोत्सर्गे सुस्थितस्य भज्यन्ते अङ्गोपाङ्गानि ततश्च दृष्टापकारत्वादेवालमनेनेति ?, अत्रोच्यते, सौम्य ! मैवं—'अन्नं इमं' गाहा, व्याख्या—अन्यदिदं शरीरं निजकर्मोपात्तमालयमात्रमशाश्वतम्, अन्यो जीवोऽस्याधिष्ठाता शाश्वतः स्वकृतकर्मफलोपभोक्ता य इदं त्यजत्येव, एवं कृतबुद्धिः सन् दुःखपरिक्लेशकरं छिन्द्धि ममत्वं शरीरात्, किं च—यद्यनेनाप्यसारेण कश्चिदर्थः सम्पाद्यते पारलौकिकस्ततः सुतरां यत्नः कार्य इति

**ટીકાર્થ** : આવતું—જતું (અર્થાત્ ઘસાતું) એવું કરવત જેમ લાકડાને છેદે છે તેમ સાધુઓ કાયોત્સર્ગદ્વારા જ્ઞાનાવરણીયાદિ કર્મોને છેદે છે. તથા અન્યત્ર પણ કહ્યું છે – " આવશ્યક ક્રિયાઓથી યુક્ત જીવને સંવરથી ગુપ્તિ, ગુપ્તિથી ઉત્તરસંયમ, સંયમથી તપ, તપથી નિર્જરા ॥૧॥ નિર્જરાથી હંમેશા ક્રમશઃ અશુભકર્મોનો ક્ષય થાય છે. જયારે કાયોત્સર્ગથી વિશેષ પ્રકારે કર્મક્ષય થાય છે. ॥૨॥" વિગેરે. ॥ ભા. – ૨૩૯ ॥

**શંકા** : કાયોત્સર્ગથી કર્મક્ષય થાય એવું કેમ ?

**સમાધાન** : જેમ કાયોત્સર્ગમાં સારી રીતે રહેલાના અંગોપાંગ પીડાય છે તે જ પ્રમાણે સાધુઓ કાયોત્સર્ગમાં ચિત્તનો નિરોધ કરવાદ્વારા જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મસમૂહને તોડે છે. **॥૧૫૫૪॥**

**શંકા** : જો કાયોત્સર્ગમાં રહેલાના અંગોપાંગ પીડાતા હોય તો તે અપકાર સ્પષ્ટ દેખાતો હોવાથી આવા કાયોત્સર્ગવડે સર્યું, અર્થાત્ શા માટે આવો કાયોત્સર્ગ કરવો જોઈએ ?

**સમાધાન** : હે સૌમ્ય ! તું કહે છે એ પ્રમાણે નથી. પોતાના કર્મોથી પ્રાપ્ત કરેલું, આત્મને રહેવા માત્રનું અશાશ્વત સ્થાનરૂપ આ શરીર એ (આત્માથી) જુદું છે. તથા આ શરીરમાં રહેનાર, શાશ્વત, સ્વકૃતકર્મોના ફળને ભોગવનાર એવો જીવ એ (શરીરથી) જુદો છે જે આ શરીરને અવશ્ય છોડે જ છે, (અર્થાત્ આ શરીરને આજે નહીં તો કાલે અવશ્ય છોડવાનું જ છે) આવા પ્રકારની બુદ્ધિને કરીને તું દુઃખરૂપ પરિક્લેશને કરનારા એવા શરીર પરના મમત્વને છેદી નાંખ. (આશય એ છે કે – 'હું કાયોત્સર્ગ કરીશ તો મારા અંગોપાંગને પીડા થશે' એવા વિચારથી કાયોત્સર્ગનો ત્યાગ કર નહીં પરંતુ આ શરીર જીવથી જુદું છે, અશાશ્વત છે વિગેરે વિચારવા દ્વારા શરીર ઉપરના મમત્વભાવને છોડ.) વળી અસાર એવા પણ આ શરીરવડે જો કોઇ પારલૌકિક પ્રયોજન પૂર્ણ થતું હોય તો સુતરાં તે

३५. संवरेण भवेद्गुप्तो गुप्त्या संयमोत्तरो भवेत् । संयमेन तपो भवति तपसो भवति निर्जरा ॥१॥ निर्जरयाऽशुभं कर्म क्षीयते क्रमशः सदा । आवश्यकेन युक्तस्य कायोत्सर्गे विशेषतः ॥२॥

गाथार्थः ॥१५५५॥ किं चैवं च भावनीयम्—'जावइया'गाहा व्याख्या—यावन्त्यकृतजिनप्रणीतधर्मेण किलशब्दः परोक्षाप्तागमवादसंसूचकः दुःखानि शारीरमानसानि संसारे—तिर्यग्नरनारकामरभवानुभवलक्षणे यानि मया समनुभूतानि ततः—तेभ्यो दुर्विषहतराण्यग्रतोऽप्यकृतपुण्यानां नरकेषु—सीमन्तकादिषु अनुपमानि—उपमारहितानि दुःखानि, दुर्विषहत्वमेतेषां शेषगतिसमुत्थदुःखापेक्षयेति गाथार्थः ॥१५५६॥ यतश्चैवं 'तम्हा' गाथा, तस्मात् तु निर्ममेन—ममत्वरहितेन मुनिना—साधुना, किंभूतेन ?—उपलब्धसूत्रसारेण—विज्ञातसूत्रपरमार्थेनेत्यर्थः, किं ?—कायोत्सर्गः—उक्तस्वरूपः उग्रः—शुभाध्यवसायप्रबलः कर्मक्षयार्थं न तु स्वर्गादिनिमित्तं कर्तव्य इति गाथार्थः ॥१५५७॥ उक्तोऽनुगमः, नयाः पूर्ववत् ॥ शिष्यहितायां कायोत्सर्गाध्ययनं समाप्तम् ।

*"कायोत्सर्गविवरणं कृत्वा यदवाप्तमिह मया पुण्यम् ।*

*तेन खलु सर्वसत्त्वाः पञ्चविधं कायमुज्झन्तु ॥१॥"*

॥ इत्याचार्यश्रीहरिभद्रकृतायां शिष्यहिताख्यायामावश्यकवृत्तौ कायोत्सर्गाध्ययनं समाप्तं ॥

## ❖ अथ प्रत्याख्यानाध्ययनं ❖

व्याख्यातं कायोत्सर्गाध्ययनं, अधुना प्रत्याख्यानाध्ययनमारभ्यते, अस्य चायमभिसम्बन्धः—

---

પ્રયોજન પૂર્ણ કરવા માટે કાયોત્સર્ગ વિગેરે કરવામાં યત્ન કરવા યોગ્ય છે. **॥૧૫૫૫॥**

વળી તારે આ રીતે વિચારવું જોઈએ કે 'जावइया... ગાથા. અહીં 'किल' શબ્દ પરોક્ષ—આપ્ત—આગમવાદનો સંસૂચક છે. (અહીં આશય એવો લાગે છે કે ગ્રંથકારશ્રીને આ આપ્તાગમવાદ = આગમ પરંપરાએ પ્રાપ્ત થયું છે એવું જણાવનાર किल શબ્દ છે.) જિનપ્રણીતધર્મનું પાલન ન કરવાને કારણે તિર્યંચ, નર, નારક અને દેવના ભવોને અનુભવવારૂપ આ સંસારમાં જેટલા શારીર—માનસ એવા જે દુઃખો મેં ભોગવ્યા છે તેના કરતા પણ વધારે અસહ્ય જેનો જોટો નથી તેવા દુઃખો આપણી સામે રહેલા એવા પણ અકૃતપુણ્યવાળા જીવોને સીમન્તક વિગેરે નરકાવાસોમાં આવશે. (તેથી... એમ આગળની ગાથા સાથે અન્વય જોડવો.) આ દુઃખો નારક સિવાયની શેષ ગતિમાં ઉત્પન્ન થતાં દુઃખોની અપેક્ષાએ અસહ્ય જાણવા. **॥૧૫૫૬॥**

આમ ઘણા દુઃખો ભૂતકાળમાં સહન કર્યા છે અને તેના કરતા પણ વધારે અસહ્ય દુઃખો નારકમાં સહન કરવા પડશે જો ધર્મનું પાલન નહીં કરીએ તો, તેથી સૂત્રનું રહસ્ય જેણે જાણેલું છે એવા સાધુએ મમત્વ વિનાના થઈને શુભ અધ્યવસાય પ્રબળ છે જેમાં એવો કાયોત્સર્ગ સ્વર્ગાદિ માટે નહીં પરંતુ કર્મક્ષય માટે કરવો જોઈએ. **॥૧૫૫૭॥**

અનુગમ કહ્યો. નયો પૂર્વની જેમ જાણી લેવા. આ પ્રમાણે આવશ્યકસૂત્રની શિષ્યહિતા નામની ટીકાને વિશે કાયોત્સર્ગ અધ્યયન પૂર્ણ થયું. આ કાયોત્સર્ગનું વિવેચન કરીને મેં જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે તેનાથી સર્વજીવો ઔદારિક વિગેરે પંચવિધ શરીરને છોડનારા બનો. ॥૧॥

## ❀ પ્રત્યાખ્યાન અધ્યયન ❀

કાયોત્સર્ગ અધ્યયન કહ્યું. હવે પ્રત્યાખ્યાનાધ્યયનનો આરંભ કરાય છે. તેનો સંબંધ આ પ્રમાણે

अनन्तराध्ययने स्खलनविशेषतोऽपराधव्रणविशेषसम्भवे निन्दामात्रेणाशुद्धस्यौघतः प्रायश्चित्त-भेषजेनापराधव्रणचिकित्सोक्ता, इह तु गुणधारणा प्रतिपाद्यते, भूयोऽपि मूलगुणोत्तरगुणधारणा कार्येति, सा च मूलगुणोत्तरगुणप्रत्याख्यानरूपेति तदत्र निरूप्यते, यद्वा कायोत्सर्गाध्ययने कायोत्सर्गकरणद्वारेण प्रागुपात्तकर्मक्षयः प्रतिपादितः, यथोक्तं–'जह करगओ नियंतई'त्यादि, 'काउस्सग्गे जह सुट्ठियस्से'त्यादि, इह तु प्रत्याख्यानकरणतः कर्मक्षयोपशमक्षयजं फलं प्रतिपाद्यते, वक्ष्यते च–'इहलोइयपरलोइय दुविह फलं होइ पच्चखाणस्स । इहलोए धम्मिलादी दामण्णगमाइ परलोए ॥१॥ पच्चक्खाणमिणं सेविऊण भावेण जिणवरुद्दिट्ठं । पत्ता अणंतजीवा सासयसोक्खं लहुं मोक्खं ॥२॥' इत्यादि, अथवा सामायिके चारित्रमुपवर्णितं, चतुर्विंशतिस्तवेत्वर्हतां गुणस्तुतिः, सा च दर्शनज्ञानरूपा, एवमिदं त्रितयमुक्तं, अस्य च वितथासेवनमैहिकामुष्मिकापायपरिजिहीर्षुणा गुरोर्निवेदनीयं, तच्च वन्दनपूर्वकमित्यतस्तन्निरूपितं, निवेद्य च भूयः शुभेष्वेव स्थानेषु प्रतीपं क्रमणमासेवनीयमिति तदपि निरूपितं, तथाऽप्यशुद्धस्य सतोऽपराधव्रणविचिकित्सा आलोचनादि

---

જાણવો – કાયોત્સર્ગ અધ્યયનમાં સ્ખલનાના કારણે જે અપરાધરૂપ ઘા પડ્યા છે. તે અપરાધોની નિંદામાત્રથી અશુદ્ધ (અર્થાત્ એકલી નિંદાથી જેના અપરાધો ધોવાયા નથી) એવા સાધુને સામાન્યથી પ્રાયશ્ચિત્તરૂપ ઔષધોવડે અપરાધરૂપ ઘાની ચિકિત્સા કહી. (એટલે કે નિંદા અને પ્રાયશ્ચિત્તદ્વારા તે અપરાધોની શુદ્ધિ કહી.) હવે આ અધ્યયનમાં ગુણધારણા કહેવાય છે એટલે કે (તે અપરાધોને દૂર કરીને હવે) ફરીથી પણ મૂલગુણ અને ઉત્તરગુણોની ધારણા કરવા યોગ્ય છે. અને તે ધારણા મૂલ–ઉત્તરગુણોના પ્રત્યાખ્યાનરૂપ છે. (આશય એ છે કે જે ઘા પડ્યા તેને પ્રાયશ્ચિત્તદ્વારા = કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્તદ્વારા દૂર કર્યા બાદ મૂલ–ઉત્તરગુણોને ફરી પ્રાપ્ત કરવા છે. અને તેની પ્રાપ્તિ તે મૂલ–ઉત્તરગુણસંબંધી પ્રત્યાખ્યાન કરવાથી થાય છે. તેથી) તે પ્રત્યાખ્યાનનું હવે અહીં નિરૂપણ કરાય છે.

અથવા કાયોત્સર્ગાધ્યયનમાં કાયોત્સર્ગને કરવાદ્વારા પૂર્વે ગ્રહણ કરેલા કર્મોનો ક્ષય કહ્યો. તે આ પ્રમાણે 'जह करगओ....' વિગેરે. તથા काउसग्गे जह... વિગેરે. હવે આ અધ્યયનમાં પ્રત્યાખ્યાન કરવાદ્વારા કર્મના ક્ષયોપશમથી અને ક્ષયથી ઉત્પન્ન થતાં ફળનું પ્રતિપાદન કરાય છે. અને તે માટે આગળ કહેશે – "ઐહિલૌકિક અને પારલૌકિક એ બે પ્રકારના પ્રત્યાખ્યાનના ફળ છે. ઇહલોકમાં ધમ્મિલ વિગેરે અને પરલોકમાં દામનક વિગેરે દૃષ્ટાન્ત જાણવા. (૧૬૨૨) જિનેશ્વરોએ બતાવેલા આ પ્રત્યાખ્યાનનું ભાવથી સેવન કરીને અનંતા જીવો શાશ્વતસુખવાળા એવા મોક્ષને શીઘ્ર પામ્યા છે. (૧૬૨૩)" વિગેરે.

અથવા સામાયિક અધ્યયનમાં ચારિત્રનું વર્ણન કર્યું. ચતુર્વિંશતિસ્તવ અધ્યયનમાં અરિહંતોની ગુણસ્તુતિ કરી અને તે સ્તુતિ દર્શન–જ્ઞાનરૂપ છે. આમ જ્ઞાનાદિત્રિકનું વર્ણન કર્યું. આ જ્ઞાનાદિત્રિકનું જ્યારે ખોટું આસેવન થાય ત્યારે ઐહિક–પારલૌકિક નુકસાનોને છોડવાની ઇચ્છાવાળા સાધુએ તે ખોટા આસેવનનું ગુરુને નિવેદન કરવું જોઇએ. અને તે નિવેદન વંદનપૂર્વક કરવાનું હોવાથી ત્યાર બાદ વંદન–અધ્યયન કહ્યું. નિવેદન કર્યા બાદ શુભ સ્થાનોમાં ફરી પાછા ફરવું જોઇએ, તેથી વંદન બાદ પ્રતિક્રમણ અધ્યયનનું નિરૂપણ કર્યું. પ્રતિક્રમણ કરવા છતાં જેને શુદ્ધિ પ્રાપ્ત થઈ નથી તેવા

कायोत्सर्गपर्यवसानप्रायश्चित्तभेषजाद्यनन्तराध्ययन उक्ता, इह तु तथाप्यशुद्धस्य प्रत्याख्यानतो भवतीति तन्निरूप्यते, एवमनेनानेकरूपेण सम्बन्धेनायातस्य प्रत्याख्यानाध्ययनस्य चत्वार्यनुयोगद्वाराणि सप्रपञ्चं वक्तव्यानि, तत्र नामनिष्पन्ने निक्षेपे प्रत्याख्यानाध्ययनमिति प्रत्याख्यानमध्ययनं च, तत्र प्रत्याख्यानमधिकृत्य द्वारगाथामाह निर्युक्तिकारः—

पच्चक्खाणं पच्चक्खाओ पच्चक्खेयं च आणुपुव्वीए ।
परिसा कहणविही या फलं च आईइ छब्भेया ॥१५५८॥

अस्या व्याख्या—'ख्या प्रकथने' इत्यस्य प्रत्याङ्पूर्वस्य ल्युडन्तस्य प्रत्याख्यानं भवति, तत्र प्रत्याख्यायते—निषिध्यतेऽनेन मनोवाक्कायक्रियाजालेन किञ्चिदनिष्टमिति प्रत्याख्यानं क्रियाक्रियावतोः कथञ्चिदभेदात् प्रत्याख्यानक्रियैव प्रत्याख्यानं, प्रत्याख्यायतेऽस्मिन् सति वा प्रत्याख्यानं "कृत्यल्युटो बहुल"मिति ( पा० ३-३-१२ ) वचनादन्यथाऽप्यदोषः प्रति आख्यानं प्रत्याख्यानमित्यादौ, तथा प्रत्याख्यातीति प्रत्याख्याता—गुरुर्विनेयश्च, तथा प्रत्याख्यायत इति प्रत्याख्येयं—प्रत्याख्यानगोचरं वस्तु, चशब्दस्त्रयाणामपि तुल्यकक्षतोद्भावनार्थः, आनुपूर्व्या—परिपाट्या कथनीयमिति वाक्यशेषः,

---

સાધુને તે અપરાધરૂપધાની ચિકિત્સા આલોચના વિગેરેથી લઇને કાયોત્સર્ગસુધીના પ્રાયશ્ચિત્તરૂપ ઔષધવડે પૂર્વના અધ્યયનમાં કરવાનું કહ્યું. હવે અહીં આટલું કરવા છતાં પણ અશુદ્ધ એવા સાધુની અપરાધચિકિત્સા પ્રત્યાખ્યાનથી થાય છે માટે તે પ્રત્યાખ્યાનનું નિરૂપણ કરાય છે.

આ રીતે અનેક પ્રકારના સંબંધોથી આવેલા આ પ્રત્યાખ્યાનાધ્યયનમાં ઉપક્રમ વિગેરે ચાર અનુયોગદ્વારો વિસ્તારથી કહેવા. તેમાં નામનિષ્પન્ન નિક્ષેપમાં પ્રત્યાખ્યાન અને અધ્યયન એમ બે શબ્દોના નિક્ષેપા કરવા, કારણ કે આ પ્રત્યાખ્યાન અધ્યયન છે. તેમાં પ્રથમ પ્રત્યાખ્યાનને આશ્રયીને (તેનું નિરૂપણ કરવા માટે) દ્વારગાથાને નિર્યુક્તિકાર કહે છે ⇨

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (૧) 'ख्या' ધાતુ પ્રકર્ષથી કથન કરવાના અર્થમાં છે. 'प्रति' અને 'आ' ઉપસર્ગ પૂર્વના 'ख्या' ધાતુને अन (अनट्) પ્રત્યય લગાડતા 'પ્રત્યાખ્યાન' શબ્દ બને છે. તેમાં પ્રત્યાખ્યાન કરાય છે એટલે કે મન—વચન—કાયાની ક્રિયાના સમૂહવડે કંઇક અનિષ્ટનો જે નિષેધ કરાય છે તે પ્રત્યાખ્યાન. અહીં ક્રિયા અને ક્રિયાવાનનો કથંચિત્ અભેદ હોવાથી પ્રત્યાખ્યાનની ક્રિયા જ પ્રત્યાખ્યાનશબ્દથી લેવી. અથવા લ્યુટ્ પ્રત્યય અનેક અર્થોમાં લાગતો હોવાથી—જેની હાજરીમાં પ્રત્યાખ્યાન કરાય છે = નિષેધ કરાય છે તે પ્રત્યાખ્યાન અથવા પ્રતિ આખ્યાન તે પ્રત્યાખ્યાન વિગેરે જુદા જુદા અર્થો કરવામાં પણ કોઇ દોષ નથી. (અહીં બધે પ્રત્યાખ્યાન શબ્દથી પ્રત્યાખ્યાનની ક્રિયા જ ગ્રહણ કરવાની છે.)

(૨) તથા જે પ્રત્યાખ્યાન કરે છે તે પ્રત્યાખ્યાતા જાણવો એટલે કે ગુરુ અને શિષ્ય. (૩) તથા જેનું પ્રત્યાખ્યાન કરાય તે પ્રત્યાખ્યેય એટલે કે જેનું પચ્ચકખાણ કરવાનું છે તે વસ્તુ. 'च' શબ્દ પ્રત્યાખ્યાન વિગેરે ત્રણેની તુલ્યતા જણાવનાર છે (અર્થાત્ પ્રરૂપણાને આશ્રયીને ત્રણે તુલ્ય છે અને માટે જ) પ્રત્યાખ્યાન વિગેરે ત્રણેનું ક્રમશઃ નિરૂપણ કરવું એ પ્રમાણે વાક્યશેષ જાણવો. (૪) તથા

तथा परिषद् वक्तव्या, किंभूतायाः पर्षदः कथनीयमिति, तथा कथनविधिश्च—कथनप्रकारश्च वक्तव्यः, तथा फलं चैहिकामुष्मिकभेदं कथनीयं, आदावेते षड् भेदा इति गाथासमासार्थः । व्यासार्थं तु यथाऽवसरं भाष्यकार एव वक्ष्यति ॥१५५८॥

तत्राद्यावयवव्यासार्थप्रतिपिपादयिषयाह —

नामंठवणादविए अइच्छ पडिसेहमेव भावे य ।
एए खलु छब्भेया पच्चक्खाणंमि नायव्वा ॥२४०॥ ( भा० )
दव्वनिमित्तं दव्वे दव्वभूओ व तत्थ रायसुआ ।
अइच्छापच्चक्खाणं बंभणसमणा अदिच्छत्ति ॥२४१॥ ( भा० )
अमुगं दिज्जउ मज्झं नत्थि ममं तं तु होइ पडिसेहो ।
सेसपयाण य गाहा पच्चक्खाणस्स भावंमि ॥२४२॥ ( भा० )
तं दुविहं सुअनोसुअ सुयं दुहा पुव्वमेव नोपुव्वं ।
पुव्वसुय नवमपुव्वं नोपुव्वसुयं इमं चेव ॥२४३॥ ( भा० )
नोसुअपच्चक्खाणं मूलगुणे चेव उत्तरगुणे य ।
मूले सव्वं देसं इत्तरियं आवकहियं च ॥२४४॥ ( भा० )
मूलगुणावि य दुविहा समणाणं चेव सावयाणं च ।
ते पुण विभज्जमाणा पंचविहा हुंति नायव्वा ॥१॥ ( प्र० )
पाणवहमुसावाए अदत्तमेहुणपरिग्गहे चेव ।
समणाणं मुलगुणा तिविहंतिविहेण नायव्वा ॥२४५॥ ( भा० )

व्याख्या—नामप्रत्याख्यानं स्थापनाप्रत्याख्यानं 'दविए'त्ति द्रव्यप्रत्याख्यानं, 'अदिच्छ'त्ति दातुमिच्छा दित्सा न दित्सा अदित्सा सैव प्रत्याख्यानमदित्साप्रत्याख्यानं 'पडिसेहे'त्ति प्रतिषेधप्रत्याख्यानं, 'एवं भावे'त्ति एवं भावप्रत्याख्यानं च, 'एए खलु छब्भेया पच्चक्खाणंमि नायव्व'त्ति गाथादलं निगदसिद्धमयं गाथासमुदायार्थः, अवयवार्थं तु यथावसरं वक्ष्यामः, तत्र

કેવા પ્રકારની પર્ષદા આગળ આ બધું કથન કરવું જોઇએ તે પર્ષદા જણાવવી. (૫) કથન કેવી રીતે કરવું ? તે કથનનો પ્રકાર જણાવવો. (૬) ઐહિક—આમુષ્મિક પ્રત્યાખ્યાનનું ફળ જણાવવું. આ પ્રમાણે શરૂઆતમાં આ છ ભેદો જાણવા. આ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારથી અર્થ ભાષ્યકાર જ અવસર પ્રમાણે આગળ કહશે. ॥૧૫૫૮॥

**અવતરણિકા** : તેમાં પ્રથમ 'પ્રત્યાખ્યાન' નામના અવયવનો વિસ્તારથી અર્થ પ્રતિપાદન કરવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : નામ, સ્થાપના, દ્રવ્ય, અદિત્સા, પ્રતિષેધ, અને ભાવ આ પ્રમાણે પચ્ચકખાણને વિશે છ પ્રકારના નિક્ષેપા જાણવા. તેમાં દેવાની ઇચ્છા તે દિત્સા, દિત્સાનો અભાવ તે અદિત્સા. તે રૂપ જે પ્રત્યાખ્યાન તે અદિત્સાપ્રત્યાખ્યાન. આ સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તાર અર્થ અવસર પ્રમાણે આગળ

नामस्थापने गतार्थे ॥२४०॥ अधुना द्रव्यप्रत्याख्यानप्रतिपादनायाह–'दव्वनिमित्तं' गाथाशकलम्, अस्य व्याख्या–द्रव्यनिमित्तं प्रत्याख्यानं वस्त्रादिद्रव्यार्थमित्यर्थः, यथा केषाञ्चित् साम्प्रतक्षपकाणां, तथा द्रव्ये प्रत्याख्यानं यथा भूम्यादौ व्यवस्थितः करोति, तथा द्रव्यभूतः–अनुपयुक्तः सन् यः करोति तदप्यभीष्टफलरहितत्वात् द्रव्यप्रत्याख्यानमुच्यते, तुशब्दाद् द्रव्यस्य द्रव्याणां द्रव्येण द्रव्यै-र्द्रव्येष्विति, क्षुण्णश्चायं मार्गः, 'तत्थ रायसुय'त्ति अत्र कथानकं–[36]ऍगस्स रण्णो धूया अण्णस्स रण्णो दिण्णा, सो य मओ, ताहे सा पिउणा आणिया, धम्मं पुत्त ! करेहि त्ति भणिया, सा पासंडीणं दाणं देति, अण्णया कत्तिओ धम्ममासोत्ति मंसं न खामित्ति पच्चक्खायं, तत्थ पारणए दंडिएहिं अणेगाणि सत्तसहस्साणि मंसत्थाए उवणीयाणि, ताहे भत्तं दिज्जति, जो भुंजति णाणाविहाणि मंसाणि तस्स दिज्जंति तत्थ साहू अदूरेण वोलेंता निमंतिया, तेहिं भत्तं गहियं, मंसं नेच्छंति, सा

કહેશે. તેમાં નામ–સ્થાપના સ્પષ્ટ જ છે. ॥ ભા.–૨૪૦ ॥

હવે દ્રવ્યપ્રત્યાખ્યાનનું પ્રતિપાદન કરવા માટે કહે છે – વસ્ત્ર વિગેરે દ્રવ્યોનો ત્યાગ કરવા માટેનું જે પ્રત્યાખ્યાન તે દ્રવ્યપ્રત્યાખ્યાન. જેમ કે, કેટલાક વાર્તમાનિક (તે કાળની અપેક્ષાએ) તપસ્વીઓના (તે–તે દ્રવ્યોનો ત્યાગ કરવા) કરાતા પ્રત્યાખ્યાન. તથા દ્રવ્ય ઉપર રહીને જે પ્રત્યાખ્યાન કરાય તે દ્રવ્યપ્રત્યાખ્યાન. જેમ કે, ભૂમિ વિગેરે ઉપર ઊભો રહીને પચ્ચક્ખાણ કરે. તથા જે ઉપયોગ વિના પચ્ચક્ખાણ કરે છે તેનું તે પચ્ચક્ખાણ પણ ઇચ્છિત ફળને આપનારું ન હોવાથી દ્રવ્યપ્રત્યાખ્યાન કહેવાય છે. 'તુ' શબ્દથી દ્રવ્યનું, દ્રવ્યોનું, દ્રવ્યવડે, દ્રવ્યોવડે, દ્રવ્યોને વિશે એ પ્રમાણે જુદી જુદી રીતે સમાસ કરવાદ્વારા અર્થો કરવા. આ પૂર્વે અનેક રીતે કહેવાયેલા છે. દ્રવ્યપ્રત્યાખ્યાનને વિશે રાજપુત્રીનું દૃષ્ટાન્ત જાણવું. તે આ પ્રમાણે –

એક રાજાએ પોતાની દીકરી બીજા રાજા સાથે પરણાવેલી હતી. તે રાજા મૃત્યુ પામ્યો. ત્યારે આ રાજાએ દીકરીને પાછી પોતાને ત્યાં બોલાવી અને કહ્યું – 'હે પુત્રી ! તું હવે ધર્મને કર.' તે વ્રતધારીઓને ભિક્ષા વિગેરેનું દાન કરે છે. એકવાર 'કાર્તિકમાસ એ ધર્મમાસ કહેવાય' એમ વિચારી 'હું માંસ ખાઇશ નહીં' એ પ્રમાણે કાર્તિકમાસ પુરતુ માંસનિમિત્તે પચ્ચક્ખાણ કર્યું. પારણાના દિવસે ('રાજપુત્રીનું પારણું છે' એમ વિચારી) ખંડિયા રાજાઓ અનેક પ્રકારના લાખો પશુઓ માંસ માટે લઇને આવ્યા. તે દિવસે જેને જુદા જુદા પ્રકારના માંસ ખાવા હોય તેને માંસ અપાય છે અને જેને માંસ વિનાનું ભોજન ખાવું હોય તેને તે ભોજન અપાય છે.

એવામાં નજીકમાંથી સાધુઓ પસાર થતાં હતા ત્યારે સાધુઓને ભિક્ષા માટે નિમંત્રણ કર્યું. તેઓએ ભોજન ગ્રહણ કર્યું પણ માંસ ગ્રહણ કર્યું નહીં. તેથી રાજપુત્રીએ કહ્યું – "શું તમારે હજુ

३६. एकस्य राज्ञो दुहिताऽन्यस्मै राज्ञे दत्ता, स च मृतः, तदा सा पित्रानीता, धर्मं पुत्रिके ! कुर्विति भणिता, सा पाषण्डिभ्यो दानं ददाति, अन्यदा कार्तिको धर्ममास इति मांसं न खादामीति प्रत्याख्यातं, तत्र पारणके दण्डिकैरनेकाः शतसहस्राः ( पशवो ) मांसार्थमुपनीताः, तदा भक्तं दीयते, यो भुङ्क्ते नानाविधानि मांसानि तस्मै ददाति । तत्र साधवोऽदूरे व्यतिव्रजन्तो निमन्त्रिताः, तैर्भक्तं गृहीतं, मांसं नेच्छन्ति, सा

य[३७] रायधूया भणइ–किं तुज्झं न ताव कत्तियमासो पूरइ ?, ते भणंति जावज्जीवाए कत्तिउत्ति, किं वा कह वा, ताहे ते धम्मकहं परिकर्हेति, मंसदोसे य परिकहंति, पच्छा संबुद्धा पव्वतिया, एवं तीसे दव्वपच्चक्खाणं, पच्छा भावपच्चक्खाणं जातं, अधुना अदित्साप्रत्याख्यानं प्रतिपाद्यते, तत्रेदं गाथार्द्धं, 'अइच्छापच्चक्खाणं बंभणसमणा अदिच्छ'त्ति अदित्साप्रत्याख्यानं हे ब्राह्मण हे श्रमण अदित्सेति–न मे दातुमिच्छा, न तु नास्ति यद् भवता याचितं, ततश्चादित्सैव वस्तुतः प्रतिषेधात्मिकेति प्रत्याख्यानमिति गाथार्थः ॥२४१॥ अधुना प्रतिषेधप्रत्याख्यानव्याचिख्यासयेदं गाथाशकलमाह–'अमुगं दिज्जउ मज्झं'गाहा व्याख्या–अमुकं घृतादि दीयतां मह्यं, इतरस्त्वाह–नास्ति मे तदिति, न तु दातुं नेच्छा, एष इत्थंभूतो भवति प्रतिषेधः, अयमपि वस्तुतः प्रत्याख्यानमेव, प्रतिषेध एव प्रत्याख्यानं २ । ॥२४२॥ इदानीं भावप्रत्याख्यानं प्रतिपाद्यते, तत्रेदं गाथार्द्धं 'सेसपयाण य गाहा पच्चक्खाणस्स भावंमि' शेषपदानामागमनोआगमेत्यादीनां साक्षादिहानुक्तानां प्रत्याख्यानसम्बन्धिनां गाथा–कार्येति योगवाक्यशेषौ, इह गाथा प्रतिष्ठोच्यते, निश्चितिरित्यर्थः,

કાર્તિકમહિનો પુરો થયો નથી ? (જેથી તમે માંસ ગ્રહણ કરતા નથી.)" તેઓએ કહ્યું – "અમારે તો યાવજ્જીવ કાર્તિક જ છે." પુત્રીએ પૂછ્યું–"શા માટે ? કેવી રીતે ?" સાધુઓએ ધર્મકથા કરી, અને માંસના દોષો જણાવ્યા. પછીથી રાજપુત્રીએ બોધ પામીને દીક્ષા લીધી. આ પ્રમાણે માત્ર કાર્તિકમાસ માટે જે પચ્ચક્ખાણ કર્યું તે દ્રવ્યપચ્ચક્ખાણ જાણવું અને પાછળથી દીક્ષા લીધી તે ભાવપચ્ચક્ખાણ થયું.

હવે અદિત્સાપ્રત્યાખ્યાનનું પ્રતિપાદન કરે છે – તેમાં "अइच्छापच्चक्खाणं..." વિગેરે ગાથાનો પાછલો અડધો ભાગ જાણવો. તેની વ્યાખ્યા આ પ્રમાણે – "હે બ્રાહ્મણ ! હે શ્રમણ ! તમે જેની યાચના કરો છો તે વસ્તુ નથી એવું નથી પરંતુ મને તે વસ્તુ દેવાની ઇચ્છા નથી." અહીં ખરેખર તો અદિત્સા જ પ્રતિષેધ આત્મક હોવાથી પ્રત્યાખ્યાન છે. (આશય એ છે કે પ્રત્યાખ્યાન નિષેધરૂપ છે. અહીં અદિત્સા એ નિષેધરૂપ હોવાથી અદિત્સા પોતે જ પ્રત્યાખ્યાનરૂપ બની જાય છે.) ॥ભા.–૨૪૧॥

હવે પ્રતિષેધપ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી ગાથાઅવયવને કહે છે – "अमुगं दिज्जउ...." વ્યાખ્યા – "ઘી વિગેરે અમુક વસ્તુ મને આપો." ત્યારે સામેવાળો કહે કે – "મારી પાસે તે વસ્તુ નથી." અહીં દેવાની ઇચ્છા નથી એવું નથી, પરંતુ તે વસ્તુ જ નથી માટે નિષેધ કરેલ છે. આને પ્રતિષેધ કહેવાય છે. આવા પ્રકારનો પ્રતિષેધ પણ ખરેખર તો પ્રત્યાખ્યાન જ છે (કારણ કે પ્રત્યાખ્યાન પ્રતિષેધરૂપ છે.) પ્રતિષેધરૂપ જે પ્રત્યાખ્યાન તે પ્રતિષેધપ્રત્યાખ્યાન. ॥ભા.–૨૪૨ પૂર્વાર્ધ॥

હવે ભાવપ્રત્યાખ્યાનનું પ્રતિપાદન કરાય છે – તેમાં આ પ્રમાણે ગાથાનું અડધિયું જાણવું – ભાવપ્રત્યાખ્યાનમાં સાક્ષાત્ સૂત્રમાં નહીં કહેવાયેલા એવા આગમ–નોઆગમ વિગેરે પ્રત્યાખ્યાનસંબંધી શેષપદોની અહીં ગાથા કરવા યોગ્ય છે. અહીં ગાથા એટલે પ્રતિષ્ઠા અર્થ કરવો એટલે કે નિશ્ચિતિ

३७. च राजदुहिता भणति-किं युष्माकं न तावत् कार्त्तिकमासः पूर्णः ?, ते भणन्ति-यावज्जीवं कार्त्तिक इति, किं वा कथं वा ?, तदा ते धर्मकथां कथयन्ति, मांसदोषांश्च परिकथयन्ति, पश्चात् संबुद्धा प्रव्रजिता, एवं तस्या द्रव्यप्रत्याख्यानं पश्चाद् भावप्रत्याख्यानं जातं

'गाधृ प्रतिष्ठालिप्सयोर्ग्रन्थे चे'ति धातुवचनात्, 'भावंमि'त्ति द्वारपरामर्शः, भावप्रत्याख्यान इति गाथार्थः । तदेतद्दर्शयन्नाह–'तं दुविहं सुतणोसुय'गाहा, 'तद्'भावप्रत्याख्यानं द्विविधं–द्विप्रकारं 'सुतनोसुतं'त्ति श्रुतप्रत्याख्यानं नोश्रुतप्रत्याख्यानं च 'सुयं दुहा पुव्वमेव नोपुव्वं' श्रुतप्रत्याख्यानं द्विधा भवति–पूर्वश्रुतप्रत्याख्यानं नोपूर्वश्रुतप्रत्याख्यानं च, 'पुव्वसुय नवमपुव्वं' पूर्वश्रुतप्रत्याख्यानं नवमं पूर्वं, प्रत्याख्यानपूर्वमित्यर्थः । 'नोपुव्वसुयं इमं चेव' नोपूर्व्वश्रुतप्रत्याख्यानमिदमेव– प्रत्याख्यानाध्ययनमित्येतच्चोपलक्षणमन्यच्चातुरप्रत्याख्यान–महाप्रत्याख्यानादि पूर्वबाह्यमिति गाथार्थः ॥२४३॥ अधुना नोश्रुतप्रत्याख्यानप्रतिपादनायाह–'नोसुयपच्चक्खाणं' गाहा 'णोसुयपच्चक्खाणं'ति श्रुतप्रत्याख्यानं न भवतीति नोश्रुतप्रत्याख्यानं, 'मूलगुणे चेव उत्तरगुणे य' मूलगुणांश्चाधिकृत्योत्तरगुणांश्च, मूलभूता गुणाः २ त एव प्राणातिपातादिनिवृत्तिरूपत्वात् प्रत्याख्यानं वर्त्तते, उत्तरभूता गुणाः २ त एवाशुद्धपिण्डनिवृत्तिरूपत्वात् प्रत्याख्यानं तद्विषयं वा अनागतादि वा दशविधमुत्तरगुणप्रत्याख्यानं, 'मूले सव्वं देसं'ति मूलगुणप्रत्याख्यानं द्विधा– सर्वमूलगुणप्रत्याख्यानं देशमूलगुणप्रत्याख्यानं च, सर्वमूलगुणप्रत्याख्यानं पञ्च महाव्रतानि,

= નિશ્ચય કરવો, કારણ કે ગાધ્ ધાતુ પ્રતિષ્ઠા, લિપ્સા અને ગુંથન અર્થમાં વપરાય છે એવું ધાતુપાઠનું વચન છે. 'भावंमि' શબ્દ ભાવદ્વારને સૂચવનાર જાણવો. (ટૂંકમાં આશય એ છે કે ભાવપ્રત્યાખ્યાનની વિચારણા કરવામાં સૂત્રમાં ન કહ્યું હોવા છતાં આગમભાવપ્રત્યાખ્યાન, નોઆગમભાવપ્રત્યાખ્યાન વિગેરે શેષ પદોની પણ અહીં પ્રતિષ્ઠા = સમાવેશ સ્વયં કરી લેવો.) મૂળમાં 'गाहा पच्चक्खाणस्स' આ પ્રમાણેનો પાઠ છે. તેમાં 'गाहा' શબ્દનો 'पच्चक्खाणस्स' શબ્દ પછી યોગ = અન્વય કરવો. તથા 'कार्या' એ પ્રમાણે વાક્યશેષ સમજી લેવો. ॥ ભા.–૨૪૨ ॥

ભાવપ્રત્યાખ્યાનને દેખાડતા કહે છે – તે ભાવપ્રત્યાખ્યાન બે પ્રકારે છે – શ્રુતપ્રત્યાખ્યાન અને નોશ્રુતપ્રત્યાખ્યાન. તેમાં શ્રુતપ્રત્યાખ્યાન બે પ્રકારે છે – પૂર્વશ્રુતપ્રત્યાખ્યાન અને નોપૂર્વશ્રુતપ્રત્યાખ્યાન. પૂર્વશ્રુતપ્રત્યાખ્યાન તરીકે ચૌદપૂર્વોમાનું નવમુ પૂર્વ એટલે કે પ્રત્યાખ્યાનનામનું પૂર્વ જાણવું. નોપૂર્વશ્રુતપ્રત્યાખ્યાન તરીકે આ પ્રત્યાખ્યાન અધ્યયન જ જાણવું. આ ઉપલક્ષણ હોવાથી બીજા પણ આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન વિગેરે જે જે પૂર્વથી બહારના છે તે બધા અહીં સમજી લેવા. ॥ ભા.–૨૪૩ ॥

હવે નોશ્રુતપ્રત્યાખ્યાનનું પ્રતિપાદન કરતા કહે છે – જે શ્રુતપ્રત્યાખ્યાન નથી તે નોશ્રુતપ્રત્યાખ્યાન, અર્થાત્ મૂલગુણ અને ઉત્તરગુણ એ નોશ્રુતપ્રત્યાખ્યાન જાણવું. તેમાં મૂળભૂત જે ગુણો તે મૂલગુણો અને તે જ પ્રાણાતિપાત વિગેરેથી નિવૃત્તિરૂપ હોવાથી પ્રત્યાખ્યાનરૂપ છે. ઉત્તરભૂત જે ગુણો તે ઉત્તરગુણો અને તે જ અશુદ્ધપિંડથી નિવૃત્તિરૂપ હોવાથી પ્રત્યાખ્યાનરૂપ છે. અથવા ઉત્તરગુણવિષયક જે પ્રત્યાખ્યાન તે ઉત્તરગુણપ્રત્યાખ્યાન અથવા અનાગત વિગેરે (આદિ શબ્દથી અતિક્રાન્ત, કોટિસહિત, નિયંત્રિત, અનાગાર, સાગાર, નિરવશેષ, પરિમાણકૃત, સંકેત અને અદ્ધા એ પ્રમાણેના) દશ પ્રકારના ઉત્તરગુણપ્રત્યાખ્યાન જાણવા. મૂલપ્રત્યાખ્યાન બે પ્રકારે છે – સર્વમૂલગુણપ્રત્યાખ્યાન અને દેશમૂલગુણપ્રત્યાખ્યાન. સર્વમૂલગુણપ્રત્યાખ્યાન તરીકે પાંચ મહાવ્રતો અને દેશમૂલગુણપ્રત્યાખ્યાન

देशमूलगुणप्रत्याख्यानं पञ्चाणुव्रतानि, इदं चोपलक्षणं वर्त्तते यत उत्तरगुणप्रत्याख्यानमपि द्विधैव–सर्वोत्तरगुणप्रत्याख्यानं देशोत्तरगुणप्रत्याख्यानं च, तत्र सर्वोत्तरगुणप्रत्याख्यानं दशविधमनागत-मतिक्रान्तमित्याद्युपरिष्टाद् वक्ष्यामः, देशोत्तरगुणप्रत्याख्यानं सप्तविधं–त्रीणि गुणव्रतानि चत्वारि शिक्षाव्रतानि, एतान्यप्यूर्ध्वं वक्ष्यामः, पुनरुत्तरगुणप्रत्याख्यानमोघतो द्विविधं–'इत्तरियमावकहियं च' तत्रेत्वरं–साधूनां किञ्चिदभिग्रहादि श्रावकाणां तु चत्वारि शिक्षाव्रतानि, यावत्कथिकं तु नियन्त्रितं, यत् कान्तारदुर्भिक्षादिष्वपि न भज्यते, श्रावकाणां तु त्रीणि गुणव्रतानीति गाथार्थः ॥२४४॥ साम्प्रतं स्वरूपतः सर्वमूलगुणप्रत्याख्यानमुपदर्शयन्नाह–'पाणिवहमुसावाए' गाहा, प्राणा–इन्द्रियादयः, तथा चोक्तम्–"पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च, उच्छ्वासनिश्वासमथान्यदायुः । प्राणा दशैते भगवद्भिरुक्तास्तेषां वियोजीकरणं तु हिंसा ॥१॥" तेषां वधः प्राणवधो न जीववधस्तस्मिन्, मृषा वदनं मृषावादस्तस्मिन्, असदभिधान इत्यर्थः, 'अदत्तं'ति उपलक्षणत्वाददत्तादाने परवस्त्वाहरण इत्यर्थः, 'मेहुण'त्ति मैथुने अब्रह्मसेवने यदुक्तं भवति, 'परिग्गहे चेव'त्ति परिग्रहे चैव, एतेषु विषयभूतेषु श्रमणानां–साधूनां मुलगुणाः त्रिविधत्रिविधेन योगत्रयकरणत्रयेण नेतव्याः–

---

તરીકે પાંચ અણુવ્રતો જાણવા. આ ઉપલક્ષણ છે કારણ કે ઉત્તરગુણપ્રત્યાખ્યાન પણ બે પ્રકારે છે – સર્વઉત્તરગુણપ્રત્યાખ્યાન અને દેશઉત્તરગુણપ્રત્યાખ્યાન. તેમાં સર્વઉત્તરગુણપ્રત્યાખ્યાન અનાગત, અતિક્રાન્ત વિગેરે દશપ્રકારનું જાણવું કે જે અમે આગળ કહીશું. દેશઉત્તરગુણપ્રત્યાખ્યાન ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ સાતપ્રકારનું જાણવું. આ સાત પ્રકારો પણ અમે આગળ કહીશું. ઉત્તરગુણપ્રત્યાખ્યાન ફરી સામાન્યથી બે પ્રકારનું છે – ઇત્વર અને યાવત્કથિક. તેમાં ઇત્વર તરીકે સાધુઓને કોઇક અભિગ્રહ વિગેરે અને શ્રાવકોને ચાર શિક્ષાવ્રતો જાણવા. યાવત્કથિક તરીકે નિયંત્રિતપ્રત્યાખ્યાન (આગળ ગા. ૧૫૭૩માં કહેશે તે) કે જે જંગલ, દુર્ભિક્ષ વિગેરેમાં પણ તોડાય નહીં. શ્રાવકોને યાવત્કથિક તરીકે ત્રણ ગુણવ્રતો જાણવા. ॥ ભા.–૨૪૪ ॥

(હવે મૂળમાં રહેલ પ્રક્ષિપ્તગાથાનો અર્થ લખાય છે – મૂલગુણો પણ શ્રમણ અને શ્રાવકોને આશ્રયીને બે પ્રકારે છે. તે મૂલગુણોનો જો વિભાગ કરીએ તો તે પાંચપ્રકારના જાણવા.) હવે સર્વમૂલગુણપ્રત્યાખ્યાનનું સ્વરૂપ બતાડતા કહે છે – પ્રાણિવધ વિગેરે મૂલગુણોના વિષયો જાણવા. તેમાં ઇન્દ્રિય વિગેરે પ્રાણ તરીકે જાણવા. કહ્યું છે – "પાંચ ઇન્દ્રિયો, મન–વચન અને કાયાનું બળ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ, અને આયુષ્ય આ દશ પ્રાણો ભગવાને કહ્યા છે. આ દશ પ્રાણોનો વિયોગ કરવો તે હિંસા છે. ॥૧॥" આ દશ પ્રાણોનો જે વધ તે પ્રાણવધ. આ પ્રાણવધ તરીકે અહીં ઇન્દ્રિય વિગેરે દશ પ્રાણોનો વધ જાણવો, પણ જીવવધ નહીં (કારણ કે જીવ = આત્મા, તેનો વધ થતો જ નથી.) આ પ્રાણવધને વિશે એટલે કે પ્રાણવધવિષયક (સાધુઓને મૂલગુણ હોય છે. એમ આગળ અન્વય કરવો.) ખોટું બોલવું તે મૃષાવાદ, તેને વિશે, મૂળમાં 'अदत्त' એ ઉપલક્ષણ હોવાથી અદત્તનું ગ્રહણ કરવામાં એટલે કે બીજાની વસ્તુ હરણ કરવામાં, મૈથુન = અબ્રહ્મનું સેવન કરવામાં, અને પરિગ્રહને વિશે અર્થાત્ આ પાંચ વિષયોમાં = આ પાંચસંબંધી મૂલગુણો સાધુઓને યોગત્રય–કરણત્રયને આશ્રયીને અનુસરવા.

अनुसरणीया:, इयमत्र भावना–श्रमणा: प्राणातिपाताद्विरतास्त्रिविधं त्रिविधेन तत्थ 'तिविध'न्ति न करेति न कारवेइ करंतंपि अण्णं णाणुजाणेति, 'तिविहेण'ति मणेणं वायाए काएणं, एवमन्यत्रापि योजनीयमिति गाथार्थ: ॥२४५॥

इत्थं तावदुपदर्शितं सर्वमूलगुणप्रत्याख्यानं, अधुना देशमूलगुणप्रत्याख्यानावसर:, तच्च श्रावकाणां भवतीतिकृत्वा विनेयानुग्रहाय तद्धर्मविधिमेवौघत: प्रतिपिपादयिषुराह —

सावयधम्मस्स विहिं वुच्छामी धीरपुरिसपन्नत्तं ।
जं चरिऊण सुविहिया गिहिणोवि सुहाइं पावंति ॥१५५९॥
साभिग्गहा य निरभिग्गहा य ओहेण सावया दुविहा ।
ते पुण विभज्जमाणा अट्ठविहा हुं ति नायव्वा ॥१५६०॥
दुविहतिविहेण पढमो दुविहं दुविहेण बीयओ होइ ।
दुविहं एगविहेणं एगविहं चेव तिविहेणं ॥१५६१॥
एगविहं दुविहेणं इक्किक्कविहेण छट्ठओ होइ ।
उत्तरगुण सत्तमओ अविरयओ चेव अट्ठमओ ॥१५६२॥
पणय चउक्कं च तिगं दुगं च एगं च गिण्हइ वयाइं ।
अहवाऽवि उत्तरगुणे अहवाऽवि न गिण्हई किंचि ॥१५६३॥
निस्संकियनिक्कंखिय निव्वितिगिच्छा अमूढदिट्ठी य ।
वीरवयणंमि एए बत्तीसं सावया भणिया ॥१५६४॥

व्याख्या–तत्राभ्युपेतसम्यक्त्व: प्रतिपन्नाणुव्रतोऽपि प्रतिदिवसं यतिभ्य: सकाशात् साधूनामगारिणां च सामाचारीं शृणोतीति श्रावक इति, उक्तं च–*"यो ह्यभ्युपेतसम्यक्त्वो, यतिभ्य: प्रत्यहं कथाम् । शृणोति धर्मसम्बद्धामसौ श्रावक उच्यते ॥१॥"* श्रावकाणां धर्म्म: २

ભાવાર્થ એ છે કે – સાધુઓ ત્રિવિધ–ત્રિવિધવડે પ્રાણાતિપાતથી વિરત છે. તેમાં ત્રિવિધં એટલે પ્રાણાતિપાત કરે નહીં, કરાવે નહીં, કરતા એવા પણ બીજાની અનુમોદના કરે નહીં. ત્રિવિધેન એટલે મન–વચન–કાયાથી. આમ, ત્રિવિધ ત્રિવિધવડે સાધુઓ પ્રાણાતિપાતથી વિરત હોય છે. આ જ પ્રમાણે મૃષાવાદ વિગેરેમાં જોડી દેવું. ॥ ભા.–૨૪૫ ॥

**અવતરણિકા :** આ પ્રમાણે સર્વમૂલગુણપ્રત્યાખ્યાન બતાવ્યું. હવે દેશમૂલગુણપ્રત્યાખ્યાનનો અવસર છે. અને તે શ્રાવકોને હોવાથી શિષ્યોના અનુગ્રહ માટે (= શિષ્યોને પણ શ્રાવકધર્મનો બોધ થાય તે માટે) શ્રાવકધર્મની વિધિને સામાન્યથી પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સમ્યક્ત્વ અને અણુવ્રતો પણ જેણે સ્વીકારેલ છે એવો જે જીવ રોજે રોજ સાધુઓ પાસેથી સાધુઓની અને ગૃહસ્થોની = શ્રાવકોની સામાચારીને સાંભળે છે તે શ્રાવક કહેવાય છે. કહ્યું છે – 'સમ્યક્ત્વ સ્વીકારનાર એવો જે જીવ રોજેરોજ સાધુઓ પાસે ધર્મથી સંબદ્ધ એવી કથાને સાંભળે

तस्य विधिस्तं वक्ष्ये—अभिधास्ये, किंभूतं ?—'धीरपुरुषप्रज्ञप्तं' महासत्त्वमहाबुद्धितीर्थकरगणधरप्ररूपितमित्यर्थः, यं चरित्वा सुविहिता गृहिणोऽपि सुखान्यैहिकान्यामुष्मिकाणि प्राप्नुवन्तीति गाथार्थः ॥१५५९॥ तत्र—'साभिग्गहा य निरभिग्गहा य' गाहा, अभिगृह्यन्त इत्यभिग्रहाः—प्रतिज्ञाविशेषाः सह अभिग्रहैर्वर्त्तन्त इति साभिग्रहाः, ते पुनरनेकभेदा भवन्ति, तथाहि—देशमूलगुणोत्तरगुणेषु सर्वेष्वेकस्मिन् वा भवत्येव तेषामभिग्रहः, निर्गता—अपेता अभिग्रहा येभ्यस्ते निरभिग्रहाः, ते च केवलसम्यग्दर्शनिन एव, यथा कृष्णसत्यकिश्रेणिकादयः, इत्थं ओघेन—सामान्येन श्रावका द्विविधा भवन्ति, ते पुनर्द्विविधा अपि विभज्यमाना अभिग्रहग्रहणविशेषेण निरूप्यमाणा अष्टविधा भवन्ति ज्ञातव्या इति गाथार्थः ॥१५६०॥ तत्र यथाऽष्टविधा भवन्ति तथोपदर्शयन्नाह—'दुविहतिविहेण' गाहा, इह योऽसौ कश्चनाभिग्रहं गृह्णाति स ह्येवं—'द्विविध'मिति कृतकारितं 'त्रिविधेन'ति मनसा वाचा कायेनेति, एतदुक्तं भवति—स्थूलप्राणातिपातं न करोत्यात्मना न कारयत्यन्यैर्मनसा वाचा कायेनेति प्रथमः, अस्यानुमतिरप्रतिषिद्धा, अपत्यादिपरिग्रहसद्भावात्,

તે શ્રાવક કહેવાય છે. ॥૧॥' શ્રાવકોનો જે ધર્મ તે શ્રાવકધર્મ. તેની વિધિને હું કહીશ. તે વિધિ કેવા પ્રકારની છે ? – મહાસત્ત્વશાળી અને મહાબુદ્ધિમાન એવા તીર્થંકરો–ગણધરોવડે પ્રરૂપણા કરાયેલી આ વિધિ છે કે જેને આચરીને સુવિહિત (= સમ્યગ્ અનુષ્ઠાનવાળા) ગૃહસ્થો પણ આલોક–પરલોકસંબંધી સુખોને પ્રાપ્ત કરે છે. ॥૧૫૫૯॥

સામાન્યથી શ્રાવકો બે પ્રકારના છે – અભિગ્રહવાળા અને અભિગ્રહ વિનાના. તેમાં જે ગ્રહણ કરાય છે તે અભિગ્રહો અર્થાત્ પ્રતિજ્ઞા વિશેષો. જે શ્રાવકો અભિગ્રહ સાથે રહે છે તે સાભિગ્રહ શ્રાવકો જાણવા. તે સાભિગ્રહ શ્રાવકો અનેક પ્રકારના છે. તે આ પ્રમાણે – દેશમૂલગુણ અને દેશઉત્તરગુણોમાં શ્રાવકોને તે બધા ગુણોમાં કે કોઇ એકમાં અભિગ્રહ હોય જ છે. જેમનામાંથી અભિગ્રહો નીકળી ગયા છે તે નિરભિગ્રહ એટલે કે અભિગ્રહ વિનાના એવા શ્રાવકો. અને આવા નિરભિગ્રહ શ્રાવકો તરીકે કૃષ્ણ, સત્યકી, શ્રેણિક વિગેરે જેવા (વ્રતવિનાના) માત્ર સમ્યગ્દર્શન ધરાવનારા જ જાણવા. આ પ્રમાણે સાભિગ્રહ અને નિરભિગ્રહ એમ સામાન્યથી શ્રાવકો બે પ્રકારે છે. આ બંને પ્રકારના શ્રાવકોનું અભિગ્રહના ગ્રહણવિશેષથી (= એમને ગ્રહણ કરેલા અભિગ્રહોને આશ્રયીને) નિરૂપણ કરીએ તો તેઓ આઠ પ્રકારના છે. (જો કે નિરભિગ્રહ શ્રાવકો કોઇ અભિગ્રહ ન હોવાથી તેઓના કોઇ ભેદ પડશે નહીં તેથી તેમનો છેલ્લા આઠમા ભેદમાં સમાવેશ કરશે. બાકી સાભિગ્રહોના અભિગ્રહોને આશ્રયીને સાત ભેદ પડશે. એટલે બંને મળીને તે બંને પ્રકારના શ્રાવકોના આઠ ભેદ થશે.) ॥૧૫૬૦॥

તેમાં હવે જે રીતે આઠ પ્રકાર થાય છે તે રીતે બતાવતા કહે છે – જે શ્રાવક કોઇ અભિગ્રહ ધારણ કરતો હોય તો તે આ પ્રમાણે અભિગ્રહોને ધારણ કરે છે. (૧) કોઇક શ્રાવક દ્વિવિધ–ત્રિવિધ એટલે કે મન–વચન–કાયાથી કૃત–કારિત પચ્ચક્ખાણ કરે છે. એટલે કે હું સ્થૂલપ્રાણાતિપાતને મન–વચન–કાયાથી જાતે કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં, આ પ્રથમ પ્રકાર જાણવો. આ જીવને અનુમતિ અપ્રતિષિદ્ધ છે એટલે કે આ શ્રાવકને અનુમતિનું પચ્ચક્ખાણ હોતું નથી, કારણ કે આ

तद्व्यापत्तिकरणाच्च तस्यानुमतिप्रसङ्गाद्, इतरथा परिग्रहापरिग्रहयोरविशेषेण प्रव्रजिताप्रव्रजितयोरभेदापत्तेरिति भावना, अत्राह–ननु भगवत्यामागमे त्रिविधं त्रिविधेनेत्यपि प्रत्याख्यानमुक्तमगारिणः, तच्च श्रुतोक्तत्वादनवद्यमेव, तदिह कस्मान्नोक्तं निर्युक्तिकारेणेति ?, अथोच्यते, तस्य विशेषविषयत्वात्, तथाहि–किल यः प्रविव्रजिषुरेव प्रतिमां प्रतिपद्यते पुत्रादिसन्ततिपालनाय स एव त्रिविधं त्रिविधेनेति करोति, तथा विशेष्यं वा किञ्चिद् वस्तु स्वयम्भूरमणमत्स्यादिकं तथा स्थूलप्राणातिपातादिकं चेत्यादि, न तु सकलसावद्यव्यापारविरमणमधिकृत्येति, ननु च निर्युक्तिकारेण स्थूलप्राणातिपातादावपि त्रिविधंत्रिविधेनेति नोक्तो विकल्पः, 'वीरवयणंमि एए बत्तीसं सावया

શ્રાવકને દીકરા વિગેરેનો પરિગ્રહ છે. અને આ દીકરા વિગેરે દ્વારા કોઇ જીવની હિંસા થઇ તો તેમાં આ શ્રાવકની અનુમતિ = અનુમોદના રહેલી છે. માટે તેને અનુમતિનું પચ્ચક્ખાણ નથી. અને જો આવું ન માનો એટલે કે પરિગ્રહ હોવા છતાં અનુમતિ લાગતી નથી એવું માનો તો પરિગ્રહ હોય કે પરિગ્રહ ન હોય બંનેમાં કોઇ ફરક ન હોવાથી સાધુ–શ્રાવક વચ્ચે અભેદની આપત્તિ આવે. (માટે પોતે ભલે પ્રાણાતિપાત કરતો નથી કે બીજા પાસે કરાવતો નથી છતાં પોતાના દીકરા વિગેરે જે કઇ હિંસા કરે છે તેમાં તેની અનુમતિ હોવાથી આ પ્રથમ પ્રકારના શ્રાવકને અનુમતિ અપ્રતિષિદ્ધ છે, અર્થાત્ અનુમતિનું પચ્ચક્ખાણ આ શ્રાવકને હોતુ નથી.)

**શંકા :** ભગવતીનામના પાંચમા અંગમાં શ્રાવકને ત્રિવિધ–ત્રિવિધ પ્રત્યાખ્યાન કહ્યું છે. અને તે શ્રુતમાં કહેલું હોવાથી નિર્દોષ જ છે, અર્થાત્ આગમમાં જ કહેલું હોવાથી તમે તેમાં કોઇ દોષ = આપત્તિ પણ આપી શકતા નથી. તો પછી નિર્યુક્તિકારે પ્રથમ પ્રકારમાં ત્રિવિધ–ત્રિવિધ બતાવવાને બદલે દ્વિવિધ–ત્રિવિધ શા માટે કહ્યું ?

**સમાધાન :** આગમમાં શ્રાવકને જે ત્રિવિધ–ત્રિવિધ પ્રત્યાખ્યાન કહ્યું છે તે ચોક્કસ પ્રકારના વિષયને આશ્રયીને કહ્યું છે. તે આ પ્રમાણે – પ્રવ્રજ્યા લેવાની ઇચ્છાવાળો એવો જ જે શ્રાવક પુત્ર વિગેરે સંતાનોનું પાલન કરવા માટે પ્રતિમાને સ્વીકારે છે. (એટલે કે જે શ્રાવક પ્રવ્રજ્યા લેવા ઇચ્છે છે પરંતુ પોતાના પુત્ર વિગેરે હજુ નાના છે. તેમનું પાલન કરનાર બીજું કોઇ નથી. તેથી જ્યાં સુધી તે પુત્રાદિ મોટા થઇને સમર્થ બને નહીં ત્યાં સુધી પ્રવ્રજ્યા લઇ શકાય એવી પરિસ્થિતિ નથી. તેવો શ્રાવક પ્રવ્રજ્યા લઇ શકતો ન હોવાથી અને સંતાનોનું પાલન કરવા સંસારમાં રહેવું પડતું હોવાથી વિશિષ્ટ આરાધનારૂપે જ્યારે પ્રતિમાને સ્વીકારે ત્યારે) તે જ શ્રાવક ત્રિવિધ–ત્રિવિધ પચ્ચક્ખાણ કરે છે.

અથવા સ્વયંભૂરમણસમુદ્રમાં રહેલા મત્સ્ય વિગેરે કોઇ ચોક્કસ વસ્તુને આશ્રયીને ત્રિવિધ–ત્રિવિધ પચ્ચક્ખાણ કરે. તે પણ સ્થૂલપ્રાણાતિપાતાદિને આશ્રયીને નહીં કે સકલસાવદ્યવ્યાપારથી વિરતિને આશ્રયીને ત્રિવિધ–ત્રિવિધ કરે. (આમ કોઇક જ શ્રાવક કરે અથવા અમુક વિષયને અને સ્થૂલપ્રાણાતિપાતાદિને આશ્રયીને કરે માટે ત્રિવિધ–ત્રિવિધ પ્રત્યાખ્યાન ચોક્કસ વિષયને આશ્રયીને થાય છે.)

**શંકા :** જો સ્થૂલપ્રાણાતિપાતાદિને આશ્રયીને ત્રિવિધિ–ત્રિવિધિ પ્રત્યાખ્યાન થતું હોય તો નિર્યુક્તિકારે સ્થૂલપ્રાણાતિપાતાદિમાં પણ તે વિકલ્પ કેમ ન કહ્યો ? તથા "વીરવચનમાં = આગમમાં આ બત્રીશ

भणिया' इति वचनादन्यथा पुनरधिकाः स्युरिति ?, अत्रोच्यते, सत्यमेतत्, किंतु बाहुल्यपक्षमेवाङ्गीकृत्य निर्युक्तिकारेणाभ्यधायि, यत् पुनः क्वचिदवस्थाविशेषे कदाचिदेव समाचर्यते न सुष्ठु समाचारानुपाति तन्नोक्तं, बाहुल्येन तु द्विविधं त्रिविधेनेत्यादिभिरेव षड्भिर्विकल्पैः सर्वस्यागारिणः सर्वमेव प्रत्याख्यानं भवतीति न कश्चिद् दोष इत्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः, 'दुविहं दुविहेण बितियओ होति'त्ति 'द्विविध' मिति स्थूलप्राणातिपातं न करोति न कारयति 'द्विविधेने'ति मनसा वाचा, यद्वा मनसा कायेन, यद्वा वाचा कायेन, इह च प्रधानोपसर्जनभावविवक्षया भावार्थोऽवसेयः, तत्र यदा मनसा वाचा न करोति न कारयति तदा मनसैवाभिसन्धिरहित एव वाचापि हिंसकमब्रुवन्नेव कायेनैव दुश्चेष्टितादिना करोत्यसंज्ञिवत्, यदा तु मनसा कायेन च न करोति न कारयति यदा मनसाभिसन्धिरहित एव कायेन च दुश्चेष्टितादि परिहरन्नेव अनाभोगाद्वाचैव हिंसकं ब्रूते, यदा तु वाचा कायेन च न करोति न कारयति तदा मनसैवाभिसन्धिमधिकृत्य करोतीति, अनुमतिस्तु त्रिभिरपि सर्वत्रैवास्तीति भावना, एवं शेषविकल्पा अपि भावनीया इति, 'दुविहं एगविहेणं'ति

શ્રાવકો કહ્યા છે" (૧૫૬૪) આ પ્રમાણેના વચનથી ત્રિવિધ-ત્રિવિધનો અભાવ સિદ્ધ થાય છે. બાકી જો ત્રિવિધ-ત્રિવિધ હોત તો ૩૨થી વધારે શ્રાવકો થાત.

**સમાધાન :** તમારી વાત સાચી છે. પરંતુ બહુલતાને આશ્રયીને નિર્યુક્તિકારે દ્વિવિધ–ત્રિવિધ વિગેરે વિકલ્પો કહ્યા છે પરંતુ જે ત્રિવિધ–ત્રિવિધ પ્રત્યાખ્યાન વિગેરેનું કોઇક અવસ્થાવિશેષમાં ક્યારેક જ આચરણ થાય છે (માટે જ) સામાચારીને સારી રીતે અનુસરનારું નથી (એટલે કે વારંવાર જેનું સેવન થતું નથી) તે કહ્યું નથી. મોટા ભાગે દ્વિવિધ–ત્રિવિધ વિગેરે છ જ વિકલ્પોવડે બધા શ્રાવકોના બધા જ પ્રત્યાખ્યાન થાય છે. તેથી (ત્રિવિધ–ત્રિવિધનો વિકલ્પ ન કહ્યો હોવા છતાં) કોઇ દોષ નથી. પ્રાસંગિક ચર્ચાવડે સર્યું.

(૨) મૂળ વાત ઉપર આવીએ. (પ્રથમ પ્રકાર કહ્યો. હવે) દ્વિવિધ–દ્વિવિધવડે બીજો પ્રકાર જાણવો. તેમાં દ્વિવિધ એટલે સ્થૂલપ્રાણાતિપાતને કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં. 'દ્વિવિધેન' એટલે મન–વચનથી, કે મન–કાયાથી, કે વચન–કાયાથી. અહીં મુખ્ય–ગૌણભાવની વિવક્ષાવડે ભાવાર્થ જાણવા યોગ્ય છે. અર્થાત્ જ્યારે મન–વચનથી સ્થૂલપ્રાણાતિપાતને કરીશ નહીં, કરાવીશ નહીં એ પ્રમાણેનું પ્રત્યાખ્યાન કરે, ત્યારે મનથી પ્રાણાતિપાતના વિચાર વિના જ, વચનથી પણ હિંસક વચનોને નહીં જ બોલતો માત્ર દુષ્ચેષ્ટિત વિગેરે કાયાવડે જ અસંજ્ઞિની જેમ હિંસાને કરે છે. (આમ, મન–વચન ગૌણ અને કાયા જ મુખ્ય બને છે.)

જ્યારે મન–કાયાથી કરીશ નહીં, કરાવીશ નહીં એવું પ્રત્યાખ્યાન ગ્રહણ કરે ત્યારે મનથી વિચારરહિત અને કાયાથી દુશ્ચેષ્ટા વિગેરેનો ત્યાગ કરતો જ અનાભોગથી વચનથી 'મારી નાંખુ' વિગેરે હિંસકવચન બોલે. જ્યારે વચન–કાયાથી કરીશ નહીં, કરાવીશ નહીં એવું પ્રત્યાખ્યાન ગ્રહણ કરે ત્યારે માત્ર મનથી વિચાર કરવાદ્વારા જ પ્રાણાતિપાતને કરે છે. મન–વચન–કાયા આ ત્રણેથી અનુમોદના તો બધા વિકલ્પોમાં છે એટલું જાણવું. આ જ પ્રમાણે આગળ બતાવાતા શેષ વિકલ્પો પણ વિચારી લેવા.

द्विविधमेकविधेन, 'एक्कविहं चेव तिविहेणं'ति एकविधं चैव त्रिविधेनेति गाथार्थः ॥१५६१॥ 'एगविहं दुविहेणं'ति एकविधं द्विविधेन 'एक्केक्कविहेण छट्ठओ होइ' एकविधमेकविधेन षष्ठो भवति भेदः, 'उत्तरगुण सत्तमओ'त्ति प्रतिपन्नोत्तरगुणः सप्तमः, इह च सम्पूर्णासम्पूर्णोत्तरगुणभेदमनादृत्य सामान्येनैक एव भेदो विवक्षितः, 'अविरयओ चेव अट्ठमओ'त्ति अविरतश्चैवाष्टम इति अविरत-सम्यग्दृष्टिरिति गाथार्थः ॥१५६२॥ इत्थमेते अष्टौ भेदाः प्रदर्शिताः, एत एव विभज्यमाना द्वात्रिंशद् भवन्ति, कथमित्यत आह–'पणग'त्ति पञ्चाणुव्रतानि समुदितान्येव गृह्णाति कश्चित्, तत्रोक्तलक्षणाः षड् भेदा भवन्ति, 'चउक्कं च'त्ति तथाऽणुव्रतचतुष्टयं गृह्णात्यपरस्तत्रापि षडेव, 'तिग'न्ति एवमणु-व्रतत्रयं गृह्णात्यन्यस्तत्रापि षडेव, 'दुगं च'त्ति इत्थमणुव्रतद्वयं गृह्णाति, तत्रापि षडेव, 'एक्कं व'त्ति तथाऽन्य एकमेवाणुव्रतं गृह्णाति, तत्रापि षडेव, 'गिण्हइ वयाइं'ति इत्थमनेकधा गृह्णाति व्रतानि, विचित्रत्वात् श्रावकधर्मस्य, एवमेते पञ्च षट्कास्त्रिंशद् भवन्ति, प्रतिपन्नोत्तरगुणेन सहैकत्रिंशत्,

---

(૩) દ્વિવિધ–એકવિધવડે અર્થાત્ મનથી કરીશ નહીં, કરાવીશ નહીં. વચનથી કરીશ નહીં, કરાવીશ નહીં. કાયાથી કરીશ નહીં, કરાવીશ નહીં. (અહીં પણ ગૌણ–મુખ્યભાવ પૂર્વની જેમ જાણવો. અનુમતિ બધા જ વિકલ્પોમાં રહેશે.) (૪) એકવિધ–ત્રિવિધવડે અર્થાત્ મન–વચન–કાયાથી કરીશ નહીં. અથવા મન–વચન–કાયાથી કરાવીશ નહીં. ॥૧૫૬૧॥

(૫) એકવિધ–દ્વિવિધવડે અર્થાત્ મન–વચનથી કરીશ નહીં, મન–કાયાથી કરીશ નહીં, વચન–કાયાથી કરીશ નહીં. આ જ પ્રમાણેના બીજા ત્રણ વિકલ્પો 'કરાવીશ નહીં' રૂપ કારાપણમાં સમજી લેવા. (૬) એકવિધ–એકવિધવડે છઠ્ઠો ભાંગો જાણવો. અર્થાત્ મનથી કરીશ નહીં, વચનથી કરીશ નહીં, કાયાથી કરીશ નહીં. આ જ પ્રમાણે અન્ય ત્રણ વિકલ્પો કારાપણમાં સમજવા. (આ છ વિકલ્પોમાં જ બધા શ્રાવકોના બધા જ પચ્ચક્ખાણોનો સમાવેશ થઇ જાય છે. આ છ મૂલભાંગા થયા. આ બધાના પેટા વિકલ્પોની બધી મળીને સંખ્યા એકવીશ જાણવી. આ છ મૂલભાંગાને આશ્રયીને છ પ્રકારના શ્રાવકો થયા.)

(૭) સાતમો શ્રાવક તે છે કે જેણે ઉત્તરગુણો = ગુણવ્રત અને શિક્ષાવ્રતો સ્વીકારેલા છે. અહીં બધા કે અમુક ઉત્તરગુણોના ભેદોની વિવક્ષા કરવાને બદલે સામાન્યથી એક જ ભેદની વિવક્ષા કરી છે. (૮) જેણે એક પણ અભિગ્રહ ધારણ કર્યો નથી. એવા (કૃષ્ણ વિગેરે) અવિરતસમ્યગ્દષ્ટિનો આઠમો ભેદ જાણવો. ॥૧૫૬૨॥

આ પ્રમાણે આઠ ભેદો બતાવ્યા. આ આઠ ભેદોમાં જ વધારે વિભાગો પાડતા બત્રીસ થાય છે. કેવી રીતે ? તે કહે છે – કોઇક શ્રાવક એક સાથે પાંચ અણુવ્રતો ગ્રહણ કરે. તેમાં પૂર્વે કહેલા દ્વિવિધ–ત્રિવિધ વિગેરે છ મૂલભાંગા થાય છે. કોઇક ચાર અણુવ્રતો ગ્રહણ કરે તેમાં પણ છ થાય. એ જ પ્રમાણે કોઇ ત્રણ અણુવ્રતો સ્વીકારે તેમાં પણ છ ભેદો પડે. આ જ પ્રમાણે કોઇ બે અણુવ્રતો ગ્રહણ કરે અથવા કોઇ એક અણુવ્રત ગ્રહણ કરે દરેકમાં છ–છ ભેદ પડે. આ પ્રમાણે અનેક રીતે વ્રતો ગ્રહણ કરે કારણ કે શ્રાવકધર્મ વિચિત્ર છે. (= અનેક પ્રકારનો છે.) આમ, આ પાંચ અણુવ્રતોને આશ્રયીને દરેકના છ ભેદ પડતા હોવાથી ત્રીસ ભેદો થાય છે.

तथा चाह–'अहवावि उत्तरगुणे'त्ति अथवोत्तरगुणान्–गुणव्रतादिलक्षणान् गृह्णाति, समुदितान्येव गृह्णाति, केवलसम्यग्दर्शनिना सह द्वात्रिंशद् भवन्ति, तथा चाह–'अहवावि न गिण्हती किंचि'त्ति अथवा न गृह्णाति तानप्युत्तरगुणानिति, केवलं सम्यग्दृष्टिरेवेति गाथार्थः ॥१५६३॥ इह पुनर्मूल-गुणोत्तरगुणानामाधारः सम्यक्त्वं वर्त्तते तथा चाह–'निस्संकियनिक्कंखिय'गाहा, शङ्कादिस्वरूप-मुदाहरणद्वारेणोपरिष्टाद् वक्ष्यामः 'वीरवचने' भगवन् महावीरवर्द्धमानस्वामिप्रवचने 'एते' अनन्तरोक्ता द्वात्रिंशदुपासकाः–श्रावका भणिताः–उक्ता इति गाथार्थः ॥१५६४॥ एते चेव बत्तीसविहा करणतियजोगतियकालतिएणं विसेसेज्जमाणा सीयालं समणोवासगसयं भवति, कहं ?, पाणाइवायं न करेति मणेणं, अथवा पाणातिपातं न करेइ वायाए, अहवा पाणातिपातं न करेइ काएणं ३, अथवा पाणातिवातं न करेति मणेणं वायाए य ४, अथवा पाणातिवायं न करेति मणेणं काएण य ५, अथवा पाणातिपातं न करेति वायाए काएण य ६, अथवा पाणातिपातं न करेति मणेणं वायाए काएण य ७, एते सत्त भंगा करणेणं, एवं कारवणेणवि एए चेव सत्त भंगा १४, एवं अणुमोयणेणवि सत्त भंगा २१, अहवा न करेइ न कारवेइ मणसा १ अहवा न करेइ न कारवेइ वचसा २ अहवा न करेइ न कारवेइ काएण ३ अहवा न करेइ न कारवेइ मणसा

અથવા કોઇ શ્રાવક ગુણવ્રતાદિરૂપ ઉત્તરગુણોને એક સાથે જ સ્વીકારે. તેથી તે મળીને એકત્રીસ અને માત્ર સમ્યગ્દર્શની મળીને બત્રીસ ભેદો થાય છે. કહ્યું છે કે – કોઇ ઉત્તરવ્રતો પણ સ્વીકારે નહીં, તે સમ્યગ્દષ્ટિ જ જાણવો. ॥૧૫૬૩॥

અહીં મૂલ–ઉત્તરગુણોનો આધાર સમ્યક્ત્વ છે. આ વાતને મૂળમાં કહે છે કે નિઃશંકિત, નિષ્કાંક્ષિત, અમૂઢદૃષ્ટિ એવા શ્રાવકો હોય છે. (અર્થાત્ શંકા–કાંક્ષા વિગેરે વિનાના શ્રાવકો હોય છે. શંકા–કાંક્ષા વિગેરે સમ્યક્ત્વના અતિચારો છે.) તે શંકાદિનું સ્વરૂપ ઉદાહરણદ્વારા આગળ બતાવીશું. વીરવચનમાં એટલે કે ભગવાન મહાવીરવર્ધમાનસ્વામિના પ્રવચનમાં આ પૂર્વે કહેવાયેલા બત્રીસ શ્રાવકો કહેવાયા. ॥૧૫૬૪॥

આ જ બત્રીસ પ્રકારના શ્રાવકોને કરણત્રિક, યોગત્રિક અને કાલત્રિકને આશ્રયીને વિશેષિત કરીએ તો તેઓના એકસો સુડતાલીસ = ૧૪૭ ભેદો થાય છે. કેવી રીતે ? તે કહે છે – (૧) મનથી પ્રાણાતિપાતને કરીશ નહીં, અથવા (૨) વચનથી પ્રાણાતિપાતને કરીશ નહીં, અથવા (૩) કાયાથી પ્રાણાતિપાતને કરીશ નહીં. અથવા (૪) મન–વચનથી પ્રાણાતિપાતને કરીશ નહીં, અથવા (૫) મન–કાયાથી પ્રાણાતિપાતને કરીશ નહીં, અથવા (૬) વચન–કાયાથી પ્રાણાતિપાતને કરીશ નહીં. અથવા (૭) મન–વચન–કાયાથી પ્રાણાતિપાતને કરીશ નહીં. આ કરણને આશ્રયીને સાત ભાંગા પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે કરાવણને આશ્રયીને આ જ રીતે સાત ભાંગ પ્રાપ્ત થતાં ૧૪ ભાંગા થાય. આ જ પ્રમાણે અનુમોદનાને આશ્રયીને બીજા સાત ભાંગા પ્રાપ્ત થતાં કુલ એકવીસ ભાંગા થયા.

અથવા (૧) મનથી કરીશ–કરાવીશ નહીં, અથવા (૨) વચનથી કરીશ–કરાવીશ નહીં, અથવા (૩) કાયાથી કરીશ નહીં–કરાવીશ નહીં. અથવા (૪) મન–વચનથી કરીશ નહીં – કરાવીશ નહીં,

वयसा ४ अहवा न करेइ न कारवेइ मणसा कायेणं ५ अहवा न करेइ न कारवेइ वयसा कायसा ६ अहवा न करेइ न कारवेइ मणसा वयसा कायसा ७, एते करणकारावणेहिं सत्त भंगा ७, एवं करणाणुमोयणेहिवि सत्त भंगा ७, एवं कारावणाणुमोयणेहिवि सत्त भंगा, एवं करणकारावणाणुमोयणेहिवि सत्त भंगा ७, एवेते सत्त सत्तभंगाणं एगूणपण्णासं विगप्पा भवन्ति, एत्थ इमो एगूणपन्नासइमो विगप्पो–पाणातिवायं न करेइ न कारवेइ करेंतंपि अन्नं न समणुजाणइ मणेणं वायाए काएणंति, एस अंतिमविगप्पो पडिमापडिवन्नस्स समणोवासगस्स तिविहंतिविहेणं भवतीति, एवं ताव अतीतकाले पडिक्कमंतस्स एगूणपण्णा भवन्ति, एवं पडुपण्णेवि काले संवरेंतस्स एगूणपण्णा भवन्ति, एवं अणागएवि काले पच्चक्खायंतस्स एगूणपन्नासा भवन्ति, एवमेता एगूणपण्णासा तिण्णि सीयालं सावयसयं भवति —

सीयालं भंगसयं जस्स विसोहीएँ होति उवलद्धं । सो खलु पच्चक्खाणे कुसलो सेसा अकुसला उ ॥१॥ एवं पुण पंचहिं अणुव्वएहिं गुणियं सत्तसयाणि पंचत्तीसाणि सावयाणं भवन्ति [ सीयालं भंगसयं गिहिपच्चक्खाणभेयपरिमाणं । जोगतियकरणतियकालतिएणं गुणेयव्वं ॥२॥ सीयालं भंगसयं पच्चक्खाणंमि जस्स उवलद्धं । सो खलु पच्चक्खाणे कुसलो सेसा अकुसला य ॥३॥ सीयालं भंगसयं गिहिपच्चक्खाणभेयपरिमाणं । तं च विहिणा इमेणं भावेयव्वं पयत्तेणं

---

અથવા (૫) મન–કાયાથી કરીશ નહીં – કરાવીશ નહીં, અથવા (૬) વચન–કાયાથી કરીશ નહીં–કરાવીશ નહીં, અથવા (૭) મન–વચન–કાયાથી કરીશ નહીં–કરાવીશ નહીં. આ કરણ–કરાવણને આશ્રયીને સાત ભાંગા થયા. આ જ પ્રમાણે કરણ–અનુમોદન, કરાવણ–અનુમોદન અને કરણ–કરાવણ–અનુમોદનવડે દરેકના સાત–સાત ભાંગા ગણતા બધા મળીને ઓગણપચાસ = ૪૯ ભાંગા થાય છે. તેમાં છેલ્લા ઓગણપચાસમાં ભાંગાનું સ્વરૂપ આ પ્રમાણે આવશે – "મન–વચન–કાયાથી પ્રાણાતિપાતને કરીશ નહીં, કરાવીશ નહીં કે કરતા એવા પણ બીજાની અનુમોદના કરીશ નહીં."

આ છેલ્લો વિકલ્પ પ્રતિમા સ્વીકારેલ એવા શ્રાવકને ત્રિવિધ–ત્રિવિધે થાય છે. આ ઓગણપચાસ વિકલ્પો ભૂતકાળનું (નિંદા દ્વારા) પ્રતિક્રમણ કરતાને, વર્તમાનકાળમાં સંવરણ કરતાને અને ભવિષ્યકાળમાં પચ્ચક્ખાણ કરતાને થાય છે. આમ ત્રણે કાળના ગણતા બધા મળીને એકસો સુડતાલીસ ભાંગા થાય છે, એટલે કે એકસો સુડતાલીસ પ્રકારના શ્રાવકો થાય છે. "જે જીવને પચ્ચક્ખાણવિષયક (વિશોધિ = પચ્ચક્ખાણ) એકસો સુડતાલીસ ભાંગાઓનું જ્ઞાન પ્રાપ્ત થયું છે તે જ પચ્ચક્ખાણમાં કુશલ જાણવો. શેષ અકુશલ જાણવા ॥૧॥" આ પ્રમાણે પાંચે અણુવ્રતો સાથે આ ૧૪૭ ભાંગાઓ ગુણતા સાતસો પાંત્રીસ = ૭૩૫ ભેદો શ્રાવકોના થાય છે.

[ગૃહસ્થોના પચ્ચક્ખાણના એકસો સુડતાલીસ ભેદો થાય છે. (પૂર્વે કહેલા ઓગણપચાસ ભાંગાઓને) યોગત્રિક, કરણત્રિક અને કાલત્રિકવડે ગણતા આટલું પરિમાણ પ્રાપ્ત થાય છે. ॥૨॥ પ્રત્યાખ્યાનને વિશે જેને આ એકસો સુડતાલીસ ભાંગાનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. તે જ પચ્ચક્ખાણમાં કુશલ જાણવો. શેષ અકુશલ જાણવા. ॥૩॥ ગૃહસ્થ પચ્ચક્ખાણના આ એકસો સુડતાલીસ ભાંગાની

---

[ ] कोष्ठकमध्यवर्ती पाठः प्रायादर्शेषु न दृश्यते ।

॥४॥ तिन्नि तिया तिन्नि दुया तिन्निक्किक्का य हुंति जोगेसुं । तिदुइक्कं तिदुइक्कं तिदुएगं चेव करणाइं ॥५॥ पढमे लब्भइ एगो सेसेसु पएसु तिय तिय तियंति । दो नव तिय दो नवगा तिगुणिय सीयाल भंगसयं ॥६॥] अहवा अणुव्वए चेव पडुच्च एक्कगादिसंजोगदुवारेण पभूयतरा भेदा निदंसिज्जंति, तत्रेयमेकादिसंयोगपरिमाणप्रदर्शनपराऽन्यकर्तृकी गाथा ॥

पंचण्हमणुवयाणं इक्कगदुगतिगचउक्कपणएहिं ।
पंचगदसदसपणइक्कगो य संजोग नायव्वा ॥१॥

एतीए वक्खाणं—पंचण्हमणुव्वयाणं पुव्वभणियाणं 'एक्कगदुगतिगचउक्कपणएहिं' चिंतिज्जमाणाणं 'पंचगदसदसपणगएक्कगो य संजोग णातव्वा' एक्केण चिंतिज्जमाणाणं पंच संजोगा, कहं ?, पंचसु घरएसु एगेण पंचेव भवन्ति, दुगेण चिंतिज्जमाणाणं दस चेव, कहं ?, पढमबीयघरेण एक्को १ पढमततियघरेण २ पढमचउत्थघरेण ३ पढमपंचमघरेण ४ बितियततियघरेण ५ बीयचउत्थघरेण ६ बीयपंचमघरेण सत्तमो ७ ततियचउत्थघरेण ८ ततियपंचमघरेण ९ चउत्थ-पंचमघरेण १० ॥ तिगेण चिंतिज्जमाणाणं दस चेव, कहं ?, पढमबियततियघरेण एक्को १ पढमबितियचउत्थघरेण २ पढमबितियपंचमघरेण ३ पढमतईयचउत्थघरेण ४ पढमततियपंचमघरेण ५ पढमचउत्थपंचमघरेण ६ बितियततियचउत्थघरएण ७ बितियततियपंचमघरेण ८ बितियचउत्थ-

---

સંખ્યાને આગળ બતાવાતી વિધિવડે પ્રયત્નથી વિચારવી. ।।૪।। (હવે બતાવેલ પાંચમી અને છઠ્ઠી ગાથાનો અર્થ ભાગ. ૪ પૃ. ૩૩૬ પ્રમાણે જાણી લેવો) ।।૫–૬।।] અથવા અણુવ્રતોને જ આશ્રયીને એક વિગેરેના સંયોગદ્વારા ઘણા બધા ભેદો દેખાડાય છે. તેમાં એક વિગેરેના સંયોગના પરિમાણને દેખાડનાર અન્યકર્તાની ગાથા આ પ્રમાણે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** પૂર્વે કહેલા પાંચ અણુવ્રતોના એક-બે-ત્રણ-ચાર અને પાંચવડે વિચારતા ક્રમશઃ પાંચ-દસ-દસ-પાંચ અને એક સંયોગો જાણવા. તેમાં એક-એકવડે વિચારતા પાંચ સંયોગો થાય છે. કેવી રીતે ? તે કહે છે કે પાંચ ઘરોમાં = પાંચ ખાનામાં દરેકમાં એક-એક મૂકતા પાંચ ભાંગા થાય. (અર્થાત્ કોઈપણ શ્રાવક કોઈ એક જ વ્રત લે. બીજો શ્રાવક કોઈ બીજું વ્રત લે. કોઇ વળી ત્રીજું એક જ વ્રત લે. એમ પાંચ સમજવા.) બેવડે વિચારતા દસ સંયોગો થાય. કેવી રીતે ? (૧) પહેલા-બીજા વ્રતને આશ્રયીને, (૨) પહેલા-ત્રીજા, (૩) પહેલા-ચોથા, (૪) પહેલા-પાંચમા, (૫) બીજા-ત્રીજા, (૬) બીજા-ચોથા, (૭) બીજા-પાંચમા, (૮) ત્રીજા-ચોથા (૯) ત્રીજા-પાંચમા, અને (૧૦) ચોથા-પાંચમા વ્રતને આશ્રયીને દસમો ભાંગો થાય છે.

ત્રણવડે વિચારતા દસ સંયોગો થાય છે. કેવી રીતે ? તે કહે છે – (૧) પહેલા-બીજા-ત્રીજાવ્રતને આશ્રયીને પહેલો ભાંગો. એ જ પ્રમાણે (૨) પહેલા-બીજા-ચોથા, (૩) પહેલા-બીજા-પાંચમા, (૪) પહેલા-ત્રીજા-ચોથા, (૫) પહેલા-ત્રીજા-પાંચમા, (૬) પહેલા-ચોથા-પાંચમા, (૭) બીજા-ત્રીજા-ચોથા, (૮) બીજા-ત્રીજા-પાંચમા, (૯) બીજા-ચોથા-પાંચમા, અને (૧૦) ત્રીજા-ચોથા-પાંચમા ઘરવડે (એટલે

पंचमघरेण ९ ततियचउत्थपंचमघरेण १० । चउक्कगेण चिंतिज्जमाणाणं पंच हवंति, कहं ?, पढमबितियततियचउत्थघरेण एक्को १ पढमबितियततियपंचमघरेण २ पढमबितियचउत्थपंचमघरेण ३ पढमततियचउत्थपंचमघरेण ४ बितियततियचउत्थपंचमघरेण ५, पंचगेण चिंतिज्जमाणाण एगो चेव भवतित्तिगाथार्थः ॥१॥ एत्थ य एक्कगेण य जे पंच संजोगा दुगेण जे दस इत्यादि, एएसिं चारणियापओगेण आगयफलगाहाओ तिण्णि —

वयएक्कगसंजोगाण हुंति पंचण्ह तीसई भंगा ।
दुगसंजोगाण दसण्ह तिन्नि सट्ठा सया हुंति ॥१॥
तिग संजोगाण दसण्ह भंग सया इक्कवीसई सट्ठा ।
चउसंजोगाण पुणो चउसट्ठिसयाणिऽसीयाणि ॥२॥
सत्तर्त्तारिं सयाइं छसत्तराइं पंचसंजोए ।
उत्तरगुण अविरयमेलियाण जाणाहि सव्वग्गं ॥३॥
सोलस चेव सहस्सा अट्ठसया चेव होंति अट्ठहिया ।
एसो उवासगाणं वयगहणविही समासेणं ॥४॥ (प्र०)

| प्रा० | मृ० | अ० | मै० | प० |
|---|---|---|---|---|
| २।३ | २।३ | २।३ | २।३ | २।३ |
| २।२ | २।२ | २।२ | २।२ | २।२ |
| २।१ | २।१ | २।१ | २।१ | २।१ |
| १।३ | १।३ | १।३ | १।३ | १।३ |
| १।२ | १।२ | १।२ | १।२ | १।२ |
| १।१ | १।१ | १।१ | १।१ | १।१ |

व्याख्या—एताश्चतस्रोऽप्यन्यकृताः सोपयोगा इत्युपन्यस्ताः, एतासिं भावणाविही इमा—तत्र तावदियं स्थापना, थूलगपाणातिवातं पच्चक्खाइ दुविहं तिविहेण १ दुविहं दुविहेणं २ दुविहं एक्कविहेणं ३ एगविहं तिविहेणं ४ एगविहं दुविहेण ५ एगविहं एगविहेण ६, एवं थूलगमुसावाय-अदत्तादाणमेहुणपरिग्गहेसु, एक्केक्के छभेदा, एए सव्वेवि मिलिया तीसं हवंति, ततश्च यदुक्तं प्राक्

કે ત્રીજા–ચોથા-પાંચમાનું એક ખાનું બનાવવું તેનાવડે) દસમો ભાંગો થાય છે. ચારવડે પાંચ સંયોગો થાય છે કેવી રીતે ? તે કહે છે – (૧) પહેલા-બીજા-ત્રીજા-ચોથા, (૨) પહેલા-બીજા-ત્રીજા-પાંચમા, (૩) પહેલા-બીજા-ચોથા-પાંચમા, (૪) પહેલા-ત્રીજા-ચોથા-પાંચમા, અને (૫) બીજા-ત્રીજા-ચોથા-પાંચમા વ્રતને આશ્રયીને પાંચમો ભાંગો થાય છે. પાંચવડે વિચારતા એક જ ભાંગો થાય છે. **॥ પ્રક્ષિપ્તગાથા ॥**

**અવતરણિકા :** અહીં એકવડે જે પાંચ સંયોગો, બેવડે જે દસ સંયોગો વિગેરે કહ્યું. તે આ બધા ભાંગાઓની ચારણિકા કરતા આવેલા ફળને જણાવનારી ત્રણ ગાથાઓ કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (અહીં પ્રથમ પાંચવ્રતોને આશ્રયીને ૩૦ ભાંગા જણાવે છે. (૧) કોઈ શ્રાવક સ્થૂલપ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ દ્વિવિધ–ત્રિવિધવડે કરે. (૨) કોઈ આ જ પચ્ચક્ખાણ દ્વિવિધ–દ્વિવિધવડે કરે, (૩) કોઈ દ્વિવિધ–એકવિધવડે કરે, (૪) કોઈ એકવિધ–ત્રિવિધવડે કરે, (૫) કોઈ

'वयएक्कगसंजोगाण होंती पंचण्ह तीसई भंग'त्ति तद् भावितं, इयाणिं दुगचारणिया—थूलगपाणाइवायं थूलगमुसावायं च पच्चक्खाति दुविहं तिविहेण १ थूलगपाणाइवायं दुविहं तिविहेण, थूलगमुसावायं पुण दुविहं दुविहेण २, थूलगपाणाइवायं २—३ थूलगमुसावायं पुण दुविहं एगविहेण ३ थूलगपाणाइवायं २—३ थूलगमुसावायं पुण एगविहं तिविहेण ४ थूलगपाणाइवायं २—३ थूलगमुसावायं पुण एगविहं दुविहेण ५ थूलगपाणातिवायं २—३ थूलगमुसावायं पुण एगविहं एगविहेण ६, एवं थूलगअदत्तादाणमेहुणपरिग्गहेसु एक्केक्के छब्भंगा, सव्वेवि मिलिया चउव्वीसं, एए य थूलगपाणाइवायं पढमघरगममुंचमाणेण लद्धा, एवं बितियादिघरएसुवि पत्तेयं चउव्वीस हवंति, एए सव्वेवि मिलिया चोयालं सयं, चारिओ थूलगपाणाइवाओ, इयाणिं थूलगमुसावायाइ चिंतिज्जइ— तत्थ थूलगमुसावायं थूलगअदत्तादाणं च पच्चक्खाति दुविहं तिविहेणं १ थूलगमुसावायं दुविहं तिविहेण थूलगअदत्तादाणं पुण दुविहं दुविहेण २ एवं पुव्वकमेण छब्भंगा नायव्वा, एवं

---

એકવિધ—દ્વિવિધવડે અને (૬) કોઇ વળી એકવિધ—એકવિધવડે કરે. આ સ્થૂલપ્રાણાતિપાતને આશ્રયીને છ ભાંગા થયા. આ જ પ્રમાણે સ્થૂલમૃષાવાદ, સ્થૂલઅદત્તાદાન, સ્થૂલમૈથુન અને સ્થૂલપરિગ્રહમાં પણ દરેકના છ—છ ભાંગા ગણતા બધા મળીને ત્રીસ ભાંગા થાય છે. આમ જે ગાથામાં કહ્યું કે – "પાંચે વ્રતોના એકસંયોગના ત્રીસ ભાંગા થાય છે" તે વિચારાઇ ગયું.

હવે બે વ્રતોની ચારણિકા જણાવે છે – (૧) સ્થૂલપ્રાણાતિપાત અને સ્થૂલમૃષાવાદનુ દ્વિવિધ—ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૨) સ્થૂલપ્રાણાતિપાતનું દ્વિવિધ—ત્રિવિધવડે અને સ્થૂલમૃષાવાદનું વળી દ્વિવિધ—દ્વિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૩) સ્થૂલપ્રાણાતિપાતનું દ્વિવિધ—ત્રિવિધવડે અને સ્થૂલમૃષાવાદનું દ્વિવિધ—એકવિધવડે પચ્ચક્ખાણ કરે. (૪) સ્થૂલપ્રાણાતિપાતનું દ્વિવિધ—ત્રિવિધવડે અને સ્થૂલમૃષાવાદનું એકવિધ—ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૫) સ્થૂલપ્રાણાતિપાતનું દ્વિવિધ—ત્રિવિધવડે અને સ્થૂલમૃષાવાદનું એકવિધ—દ્વિવિધવડે કરે. (૬) સ્થૂલપ્રાણાતિપાતનું દ્વિવિધ—ત્રિવિધવડે અને સ્થૂલમૃષાવાદનું એકવિધ—એકવિધવડે કરે.

આ જ પ્રમાણે સ્થૂલપ્રાણાતિપાતને પૂર્વની જેમ રાખીને સ્થૂલમૃષાવાદની બદલે સ્થૂલઅદત્તાદાન, સ્થૂલમૈથુન અને સ્થૂલપરિગ્રહ દરેકના છ—છ ભાંગા પ્રાપ્ત થાય. બધા મળીને ચોવીસ ભાંગા થયા. આ ચોવીસ ભાંગા સ્થૂલપ્રાણાતિપાતરૂપ પ્રથમઘરને = પ્રથમખાનાને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે હવે સ્થૂલપ્રાણાતિપાતના દ્વિવિધ-દ્વિવિધ વિ. બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા ખાનાને આશ્રયીને દરેકના ચોવીસ-ચોવીસ ભાંગા થાય છે. આમ સ્થૂલપ્રાણાતિપાતના દ્વિવિધ-ત્રિવિધ વિગેરે છ ભાંગાના દરેકના ૨૪—૨૪ ભાંગા ગણતા ૨૪ x ૬ = ૧૪૪ ભાંગા થયા. આ સ્થૂલપ્રાણાતિપાતની ચારણિકા થઈ.

હવે સ્થૂલમૃષાવાદ વિગેરેની વિચારણા કરાય છે – (૧) કોઇ શ્રાવક સ્થૂલમૃષાવાદ અને સ્થૂલઅદત્તાદાનનું દ્વિવિધ-ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૨) કોઇ શ્રાવક સ્થૂલમૃષાવાદનું દ્વિવિધ-ત્રિવિધવડે અને સ્થૂલઅદત્તાદાનનું દ્વિવિધ-દ્વિવિધવડે પચ્ચક્ખાણ કરે. પૂર્વે કહેલી પદ્ધતિથી એ જ

मेहुणपरिग्गहेसु वि पत्तेयं पत्तेयं छ २, सव्वेवि मिलिया अट्ठारस, एते मुसावायं पढमघरगममुंचमाणेण लद्धा १८, एवं बीयादिघरेसुवि पत्तेयं २ अट्ठारस २ भवन्ति, एए सव्वेवि मेलिया अट्ठुत्तरं सयंति, चारिओ थूलगमुसावाओ, इयाणिं थूलगादत्तादाणादि चिंतिज्जति, तत्थ थूलगादत्तादाणं थूलगमेहुणं च पच्चक्खाति दुविहंतिविहेण १, थूलगादत्तादाणं २–३ थूलगमेहुणं पुण दुविहं दुविहेण २ एवं पुव्वकमेण छब्भंगा नायव्वा, एवं थूलगपरिग्गहेणवि छभंगा, मेलिया बारस, एए य थूलगअदत्तादाणं पढमघरममुंचमाणेण लद्धा, एवं बितियाइसुवि पत्तेयं दुवालस २ हवंति, सव्वेवि मेलिया बावत्तरि हवंति, चारितं थूलगादत्तादाणं, इदाणिं थूलगमेथुणादि चिंतिज्जति, तत्थ थूलगमेहुणं थूलगपरिग्गहं च पच्चक्खाति दुविधं तिविधेण १ थूलगमेथुणं २–३ थूलगपरिग्गहं पुण दुविधं दुविधेण २ एवं पुव्वकमेण छब्भंगा, एते थूलगमेथुणपढमघरममुंचमाणेण लद्धा, एवं बीयादिसुवि पत्तेयं २ छ २ हवंति, सव्वेवि मेलिया छत्तीसं, एते य मूलाओ आरब्भ सव्वेवि चोतालसयं अट्ठुत्तरसयं बावत्तरिं छत्तीसं मेलिता तिण्णि सताणि सट्ठाणि हवंति, ततश्च यदुक्तं प्राक् 'दुगसंजोगाण दसण्ह तिन्नि सट्ठा सता होंति'त्ति तदेतद् भावितं, इदाणिं तिचारणिया–

પ્રમાણે છ ભાંગા જાણી લેવા. આ જ પ્રમાણે મૈથુન અને પરિગ્રહને લઇને દરેકના છ–છ ભાંગા પ્રાપ્ત થશે. તેથી બધા મળીને ૧૮ ભાંગા થયા. આ અઢાર ભાંગા દ્વિવિધ-ત્રિવિધનામના મૃષાવાદના પ્રથમવિકલ્પને આશ્રયીને પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે મૃષાવાદના દ્વિવિધ-દ્વિવિધ વિગેરે શેષ વિકલ્પોના પણ દરેકના ૧૮-૧૮ ભાંગા પ્રાપ્ત થતાં બધા મળીને ૧૦૮ ભાંગા થયા. આ પ્રમાણે સ્થૂલમૃષાવાદની ચારણિકા કહી.

હવે સ્થૂલઅદત્તાદાન વિગેરે વિચારાય છે – (૧) કોઈ શ્રાવક સ્થૂલઅદત્તાદાન અને સ્થૂલમૈથુનનું દ્વિવિધ-ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે છે. (૨) કોઈ શ્રાવક સ્થૂલઅદત્તાદાનનું દ્વિવિધ-ત્રિવિધવડે અને સ્થૂલમૈથુનનું દ્વિવિધ-દ્વિવિધવડે પચ્ચક્ખાણ કરે. આ જ પ્રમાણે પૂર્વની પદ્ધતિથી છ ભાંગા જાણવા. આ જ પ્રમાણે સ્થૂલપરિગ્રહને લઇને પણ છ ભાંગા થતાં બધા મળીને ૧૨ ભાંગા થશે. આ ૧૨ ભાંગા દ્વિવિધ-ત્રિવિધનામના સ્થૂલઅદત્તાદાનના પ્રથમવિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે દ્વિવિધ-દ્વિવિધ વિગેરે વિકલ્પોને આશ્રયીને દરેકના ૧૨-૧૨ ભાંગા પ્રાપ્ત થતાં બધા મળીને બહોત્તેર ભાંગા થશે. આ સ્થૂલઅદત્તાદાનની ચારણિકા કહી.

હવે સ્થૂલમૈથુન વિગેરે વિચારાય છે – તેમાં (૧) કોઇ શ્રાવક સ્થૂલમૈથુન અને સ્થૂલપરિગ્રહનું દ્વિવિધ-ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૨) અન્ય કોઇ શ્રાવક સ્થૂલમૈથુનનું દ્વિવિધ-ત્રિવિધ અને સ્થૂલપરિગ્રહનું વળી દ્વિવિધ-દ્વિવિધ પચ્ચક્ખાણ કરે. આ પ્રમાણે પૂર્વ પદ્ધતિથી છ ભાંગા થાય. આ છ ભાંગા સ્થૂલમૈથુનના દ્વિવિધ-ત્રિવિધનામના પ્રથમવિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે દ્વિવિધ-દ્વિવિધ વિગેરે દરેક વિકલ્પોમાં છ-છ ભાંગા પ્રાપ્ત થતાં બધા મળીને ૩૬ ભાંગા પ્રાપ્ત થયા. હવે પહેલેથી બધા વિકલ્પો ભેગા કરતા એટલે કે ૧૪૪ + ૧૦૮ + ૭૨ + ૩૬ = ૩૬૦ ભાંગા થાય છે. આમ, મૂળમાં જે કહ્યું કે દસ એવા દ્વિકસંયોગના ૩૬૦ ભાંગા થાય છે' એ વાતની વિચારણા કરી લીધી.

थूलगपाणातिवातं थूलगमुसावायं थूलगादत्तादाणं च पच्चक्खाति दुविधं तिविधेण १ थूलगपाणातिवातं थूलगमुसावादं च २-३ थूलगादत्तादाणं पुण दुविधं दुविधेण २ थूलगपाणातिवायं थूलगमुसावायं च २-३ थूलगादत्तादाणं पुण दुविहं एगविहेणं ३ एवं पुव्वकमेण छब्भंगा, एवं मेहुणपरिग्गहेसुवि पत्तेयं २ छ २, सव्वेवि मेलिया अट्ठारस, एते य थूलगमुसावादपढमघरकममुंचमाणेण लद्धा, एवं बीयादिसुवि पत्तेयं २ अट्ठारस २ हवंति, सव्वेवि मेलिया अठुत्तरं सयं, एवं च थूलगपाणाइवायपढमघरममुंचमाणेण लद्धा, एवं बीयाइसुवि पत्तेयं २ अट्ठुत्तरं २ सयं हवंति, एए य सव्वेवि मिलिया छ सयाणि अडयालाणि, एवं थूलगपाणातिवाओ तिगसंजोएण थूलगमुसावाएण सह चारिओ, एवं अदत्तादाणेण सह चारिज्जति, तत्थ थूलगपाणाइवायं थूलगादत्तादाणं थूलगमेहुणं च पच्चक्खाइ दुविहं तिविहेण १ थूलगपाणाइवायं थूलगादत्तादाणं च २-३ थूलगमेहुणं पुण दुविहं दुविहेण २ एवं पुव्वकमेण छब्भंगा, एवं थूलगपरिग्गहेणवि छ मेलिया दुवालस, एते य अदत्तादाणपढमघरगममुंचमाणेण लद्धा, एवं बीयाइसुवि पत्तेयं २ दुवालस २, सव्वेवि मेलिया बावत्तरि हवंति, एते य पाणाइवायपढमघरममुंचमाणेण लद्धा, एते बितियाइसुवि पत्तेयं बावत्तरि २, सव्वेऽवि मिलिया चत्तारि सया बत्तीसा हवंति, एवं

---

હવે ત્રણ વ્રતોની ચારણિકા જણાવે છે – તેમાં (૧) કોઇ શ્રાવક સ્થૂલપ્રાણાતિપાતનું સ્થૂલમૃષાવાદનું અને સ્થૂલઅદત્તાદાનનું દ્વિવિધ-ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૨) કોઈ શ્રાવક સ્થૂલપ્રાણાતિપાત અને સ્થૂલમૃષાવાદનું દ્વિવિધ-ત્રિવિધવડે સ્થૂલઅદત્તાદાનનું વળી દ્વિવિધ-દ્વિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૩) કોઇ વળી સ્થૂલપ્રાણાતિપાત અને સ્થૂલમૃષાવાદનું દ્વિવિધ-ત્રિવિધવડે તથા સ્થૂલ અદત્તાદાનનું વળી દ્વિવિધ-એકવિધવડે કરે. આમ પૂર્વ પદ્ધતિથી છ-છ ભાંગા થાય. બધા મળીને ૧૮ ભાંગા થયા. આ ૧૮ ભાંગા સ્થૂલમૃષાવાદના પ્રથમ વિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે બીજા વિગેરે વિકલ્પોમાં પણ દરેકના ૧૮-૧૮ પ્રાપ્ત થતાં ૧૦૮ થયા. આ ૧૦૮ ભાંગા સ્થૂલપ્રાણાતિપાતના પ્રથમવિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે શેષ વિકલ્પોમાં પણ દરેકના ૧૦૮-૧૦૮ થતાં ૬૪૮ ભાંગા થાય છે. આમ, સ્થૂલપ્રાણાતિપાતની ત્રિકના સંયોગમાં સ્થૂલમૃષાવાદ સાથે ચારણિકા કરી.

હવે એ જ પ્રમાણે સ્થૂલઅદત્તાદાન સાથે ચારણિકા કરાય છે – તેમાં (૧) કોઈ શ્રાવક સ્થૂલપ્રાણાતિપાત, સ્થૂલઅદત્તાદાન અને સ્થૂલમૈથુનનું દ્વિવિધ-ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે છે. (૨) કોઇ શ્રાવક સ્થૂલપ્રાણાતિપાત અને સ્થૂલઅદત્તાદાનનું દ્વિવિધ-ત્રિવિધવડે તથા સ્થૂલમૈથુનનું વળી દ્વિવિધ-દ્વિવિધવડે પચ્ચક્ખાણ કરે છે. પૂર્વની રીતથી છ ભાંગા જાણવા. આ જ રીતે સ્થૂલપરિગ્રહમાં પણ છ ભાંગા પ્રાપ્ત થતાં બંને મળીને ૧૨ ભાંગા થયા. આ ૧૨ ભાંગા સ્થૂલઅદત્તાદાનના પ્રથમવિકલ્પને છોડ્યા વિના મળ્યા. આ જ રીતે શેષ વિકલ્પોમાં દરેકના ૧૨-૧૨ ભાંગા ગણતા બહોત્તેર ભાંગા થયા. આ બહોત્તેરભાંગા સ્થૂલપ્રાણાતિપાતના પ્રથમવિકલ્પને છોડ્યા વિના મળ્યા. આ જ રીતે પ્રાણાતિપાતના શેષ વિકલ્પોમાં દરેકમાં ૭૨-૭૨ મળતા બધા મળીને ૪૩૨ ભાંગા થયા.

थूलगपाणाइवाओ तिगसंजोगेण थूलगादत्तादाणेण सह चारिओ, इयाणिं थूलगमेहुणेण परिग्गहेण य सह चारिज्जइ, तत्थ थूलगपाणाइवायं थूलगमेहुणं थूलगपरिग्गहं च पच्चक्खाइ दुविहं तिविहेण १, थूलगपाणातिपातं थूलगमेहुणं च २-३ थूलगपरिग्गहं पुण दुविहं दुविहेण २, एवं पुव्वक्कमेण छब्भंगा, एए उ थूलगमेहुणपढमघरगममुंचमाणेण लद्धा, बितियादिसुवि पत्तेयं २ छ छ, सव्वेऽपि मेलिया छत्तीसं, एते य थूलगपाणातिवायपढमघरगममुंचमाणेण लद्धा, बितियादिसु पत्तेयं २ छत्तीसं, सव्वेवि मेलिया सोलसुत्तरा दो सया । एवं थूलगपाणातिवाओ तिगसंजोएणं मेहुणेण सह चारिओ, चारिओ य तिगसंजोएणं पाणातिवाओ, इदाणिं मुसावाओ चिंतिज्जइ, तत्थ थूलगमुसावायं थूलगादत्तादाणं थूलगमेहुणं च पच्चक्खाति दुविहं तिविहेण १ थूलगमुसावायं थूलगादत्तादाणं च २-३ थूलगमेहुणं पुण दुविहं दुविहेण २ एवं पुव्वक्कमेण छब्भंगा, एवं थूलगपरिग्गहेणवि छ, मेलिया दुवालस, एते य थूलगादत्तादाणपढमघरगममुंचमाणेण लद्धा, बितियादिसुवि पत्तेयं दुवालस २, सव्वेऽवि मेलिया बावत्तरि, एते य थूलगमुसावायपढमघरगममुंचमाणेण लद्धा, बितियादिसु पत्तेयं बावत्तरि २, सव्वेवि मेलिया चत्तारि सया बत्तीसा, एवं थूलगमुसावाओ तिगसंजोएण थूलगादत्तादाणेण सह चारिओ, इयाणिं थूलगमेहुणेण सह

---

આમ, ત્રિકના સંયોગમાં સ્થૂલપ્રાણાતિપાતની સ્થૂલઅદત્તાદાન સાથે ચારણિકા કરી.

હવે સ્થૂલપ્રાણાતિપાતની સ્થૂલમૈથુન અને સ્થૂલપરિગ્રહ સાથે ચારણિકા કરે છે. તેમાં (૧) કોઇ શ્રાવક સ્થૂલપ્રાણાતિપાત, સ્થૂલમૈથુન અને સ્થૂલપરિગ્રહનું દ્વિવિધ-ત્રિવિધવડે પચ્ચક્ખાણ કરે. (૨) કોઇ શ્રાવક સ્થૂલપ્રાણાતિપાત અને સ્થૂલમૈથુનનું દ્વિવિધ-ત્રિવિધવડે તથા સ્થૂલપરિગ્રહનું દ્વિવિધ-દ્વિવિધવડે પચ્ચક્ખાણ કરે. આ પ્રમાણેની પૂર્વની પદ્ધતિથી છ ભાંગા પ્રાપ્ત થાય. આ ભાંગા સ્થૂલમૈથુનના પ્રથમવિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે શેષ વિકલ્પોના પણ છ-છ ભાંગા ગણતા ૩૬ ભાંગા થશે. આ ૩૬ ભાંગા સ્થૂલપ્રાણાતિપાતના પ્રથમવિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે શેષ વિકલ્પોના ૩૬-૩૬ ગણતા ૩૬ x ૬ = ૨૧૬ ભાંગા પ્રાપ્ત થયા. આમ, ત્રિકસંયોગમાં સ્થૂલપ્રાણાતિપાતની મૈથુન સાથે ચારણિકા કરી. આ સાથે ત્રિકસંયોગમાં સ્થૂલપ્રાણાતિપાતની ચારણિકા પૂર્ણ થઇ. (અહીં સુધી ૬૪૮ + ૪૩૨ + ૨૧૬ આ ત્રણ સંખ્યા પ્રાપ્ત થઇ છે.)

હવે ત્રિકસંયોગમાં મૃષાવાદની ચારણિકા કરાય છે – તેમાં (૧) સ્થૂલમૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન અને સ્થૂલમૈથુનનું ૨-૩ વડે પચ્ચ. કરે. (૨) સ્થૂલમૃષાવાદ અને સ્થૂલઅદત્તાદાનનું ૨-૩વડે તથા સ્થૂલમૈથુનનું ૨-૨ વડે પચ્ચ. કરે. અહીં પણ પૂર્વપદ્ધતિની જેમ છ ભાંગા થશે. એ જ પ્રમાણે સ્થૂલપરિગ્રહમાં પણ છ ભાંગા થશે. બંને મળીને ૧૨ ભાંગા થયા. આ ૧૨ ભાંગા સ્થૂલ અદત્તાદાનના પ્રથમવિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. એ જ પ્રમાણે શેષ વિકલ્પોમાં પણ ૧૨-૧૨ ભાંગા પ્રાપ્ત થતાં બધા મળીને ૭૨ થશે. આ ૭૨ ભાંગા સ્થૂલમૃષાવાદના પ્રથમવિકલ્પને છોડ્યા વિના પ્રાપ્ત થયા. એ જ પ્રમાણે શેષ વિકલ્પોના ૭૨-૭૨ ગણતા બધા મળીને ૪૩૨ થયા. આમ, ત્રિકસંયોગમાં સ્થૂલમૃષાવાદની સ્થૂલઅદત્તાદાનની સાથે ચારણિકા કરી.

ईयरा पोत्तं देंतिया सा विलग्गा, रण्णा सरियं, मुक्का पव्वइया, एयं विदुगुंछाफलं । परपाषंडानां— सर्वज्ञप्रणीतपाषण्डव्यतिरिक्तानां प्रशंसा प्रशंसनं प्रशंसा स्तुतिरित्यर्थः । परपाषण्डानामोघतस्त्रीणि शतानि त्रिषष्ट्यधिकानि भवन्ति, यत उक्तम्–"असीयसयं किरियाणं अकिरियवाईण होइ चुलसीती । अण्णाणिय सत्तट्ठी वेणइयाणं च बत्तीसं ॥१॥" गाहा, इयमपि गाथा विनेयजनानुग्रहार्थं ग्रन्थान्तरप्रतिबद्धाऽपि लेशतो व्याख्यायते–'असियसयं किरियाणं'ति अशीत्युत्तरं शतं क्रियावादिनां, तत्र न कर्त्तारं विना क्रिया सम्भवति तामात्मसमवायिनीं वदन्ति ये तच्छीलाश्च ते क्रियावादिनः, ते पुनरात्माद्यस्तित्वप्रतिपत्तिलक्षणाः अनेनोपायेनाशीत्यधिकशतसङ्ख्या विज्ञेयाः, जीवाजीवाश्रव-बन्धसंवरनिर्जरापुण्यापुण्यमोक्षाख्यान् नव पदार्थान् विरचय्य परिपाट्या जीवपदार्थस्याधः स्वपरभेदावुपन्यसनीयौ, तयोरधो नित्यानित्य भेदौ, तयोरप्यधः कालेश्वरात्मनियतिस्वभावभेदाः

ગઈ છતાં સુકુલમાં ઉત્પન્ન થયેલી હોવાથી બીજી બધી રાણીઓએ રાજાની પીઠ ઉપર માત્ર એક જયસૂચક વસ્ત્ર મૂક્યું. જ્યારે વેશ્યાની દીકરી વસ્ત્ર મૂકવા સાથે પોતે પીઠ ઉપર બેસી ગઈ. એટલે રાજાને તરત ભગવાનના વચનો યાદ આવ્યા. તેથી તે હસવા લાગ્યો. આ રાણીએ હસવાનું કારણ પૂછતાં રાજાએ સર્વ કહાની કહી. તેનાથી તે રાણી વૈરાગ્યને પામી. શ્રેણિકે દીક્ષા માટે અનુજ્ઞા આપી. તેણીએ દીક્ષા લીધી. આ પ્રમાણે નિંદાનું ફળ જાણવું.

પરપાખંડોની એટલે કે સર્વજ્ઞકથિત વ્રતીઓ સિવાયના વ્રતીઓની પ્રશંસા = સ્તુતિ તે પરપાખંડપ્રશંસા. સામાન્યથી ત્રણસો ત્રેસઠ પરપાખંડો જાણવા. કહ્યું છે – "૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનિકો; અને ૩૨ વૈનયિકો જાણવા." અન્યગ્રંથમાં કહેવાયેલી એવી પણ આ ગાથાની વ્યાખ્યા શિષ્યજન ઉપર ઉપકાર કરવા લેશથી કહેવાય છે –

**ક્રિયાવાદી :** કર્તા વિના ક્રિયા સંભવતી નથી. માટે ક્રિયા એ આત્મામાં સમવાયસંબંધથી (નૈયાયિકોએ માનેલા એક સંબંધવિશેષથી) રહેલી છે એમ જેઓ બોલે છે અને 'अस्ति' એ પ્રમાણેની ક્રિયાને જેઓ બોલવાના સ્વભાવવાળા છે તે ક્રિયાવાદી જાણવા. આ ક્રિયાવાદીઓ આત્મા વિગેરેનું અસ્તિત્વ સ્વીકારનારા છે. આ (આગળ બતાવાતા) ઉપાયથી ક્રિયાવાદીઓના ૧૮૦ ભેદો જાણવા. તે આ પ્રમાણે – જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, અને મોક્ષ આ નવ પદાર્થોને ગોઠવીને ક્રમશઃ જીવપદાર્થની નીચે સ્વ = સ્વતઃ અને પર = પરતઃ એમ બે ભેદો સ્થાપવા. તે દરેકની નીચે નિત્ય અને અનિત્ય એમ બે ભેદો સ્થાપવા. તે દરેકની નીચે કાલ, ઈશ્વર, આત્મા, નિયતિ અને સ્વભાવ એમ પાંચ ભેદો સ્થાપવા. તેની સ્થાપના આ પ્રમાણે –




(આ પ્રમાણે જીવના ૨૦ ભેદ થયા. ઉપરોક્ત ૯ પદાર્થોના દરેકના ૨૦–૨૦ ભેદ કરતા ૧૮૦

૫૧. इतरा पोतं ददत्या विलग्ना, राज्ञा स्मृतं, मुक्ता प्रव्रजिता, एतत् विजुगुप्साफलं ।

पञ्च न्यसनीयाः, पुनश्चेत्थं विकल्पाः कर्त्तव्याः—अस्ति जीवः स्वतो नित्यः कालत इत्येको विकल्पः, विकल्पार्थश्चायं—विद्यते खल्वयमात्मा स्वेन रूपेण नित्यश्च कालतः, कालवादिनः, उक्तेनैवाभिलापेन द्वितीयो विकल्पः ईश्वरवादिनः, तृतीयो विकल्प आत्मवादिनः 'पुरुष एवेदं सर्वं'मित्यादि, नियतिवादिनश्चतुर्थो विकल्पः, पञ्चमविकल्पः स्वभाववादिनः, एवं स्वत इत्यत्यजता लब्धाः पञ्च विकल्पाः, परत इत्यनेनापि पञ्चैव लभ्यन्ते, नित्यत्वापरित्यागेन चैते दश विकल्पाः एवमनित्यत्वेनापि दशैव, एकत्र विंशतिर्जीवपदार्थेन लब्धाः, अजीवादिष्वप्यष्टस्वेवमेव प्रतिपदं विंशतिर्विकल्पानामतो विंशतिर्नवगुणा शतमशीत्युत्तरं क्रियावादिनामिति ।' अक्रियाणं च भवति

---

ભેદ થાય છે.) જીવના ૨૦ ભેદો આ પ્રમાણે કરવા – (૧) જીવ કાલથી (= કાલવાદીઓના મતે) સ્વતઃ નિત્ય છે. આ પ્રથમ વિકલ્પ થયો. આ વિકલ્પનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો – કાલવાદીઓના મતે આ આત્મા પોતાના સ્વરૂપથી વિદ્યમાન છે અને નિત્ય છે. (૨) આ જ શબ્દોથી બીજો વિકલ્પ જાણવો. માત્ર કાલવાદીઓની બદલે ઇશ્વરવાદીઓ જાણવા. (અર્થાત્ ઇશ્વરવાદીઓના મતે આ આત્મા = ઇશ્વર સ્વરૂપથી વિદ્યમાન છે અને નિત્ય છે.) (૩) આ જ પ્રમાણે ત્રીજો વિકલ્પ આત્મવાદીઓનો 'આ આખું જગત પુરુષ = આત્મા જ છે... વિગેરે વચનાનુસારે જાણવો. (૪) ચોથો નિયતિવાદીઓનો અને (૫) પાંચમો વિકલ્પ = ભાંગો સ્વભાવવાદીઓનો જાણવો.

આ પાંચ ભાંગા 'સ્વતઃ' શબ્દને છોડ્યા વિના પ્રાપ્ત થયા. હવે 'સ્વતઃ'ની બદલે 'પરતઃ' શબ્દને લઇને પણ પાંચ વિકલ્પો પ્રાપ્ત થાય છે. (સંપૂર્ણ ભાવાર્થ આ પ્રમાણે જાણવો :– તેમાં પહેલો ભાંગો – કોઇક કાલવાદી એમ માને છે કે આત્મા પોતાના સ્વરૂપથી વિદ્યમાન છે, પરંતુ પર ઉપાધિની અપેક્ષાએ વિદ્યમાન નથી, જેમ કે, હ્રસ્વત્વ એ દીર્ઘત્વરૂપ પરઉપાધિથી વિદ્યમાન છે, દીર્ઘત્વ હ્રસ્વત્વની અપેક્ષાએ વિદ્યમાન છે. જેમ આ દીર્ઘત્વ અને હ્રસ્વત્વ એ એકબીજાની અપેક્ષા રાખીને પોતાની વિદ્યમાનતા ધારણ કરે છે તેમ આત્મા કોઇ બીજી ઉપાધિની અપેક્ષાએ પોતાની વિદ્યમાનતા ધારણ કરતો નથી પરંતુ સ્વતઃ જ = પોતાના સ્વરૂપથી જ વિદ્યમાન છે. વળી આ આત્મા નિત્ય = શાશ્વત છે પણ ક્ષણિક નથી. આ કેટલાક કાલવાદીઓની માન્યતા છે.

કેટલાક કાલવાદીઓ વળી એમ કહે છે કે – આત્મા સ્વતઃ નહીં પણ પરતઃ વિદ્યમાન છે. અર્થાત્ જેમ હ્રસ્વત્વ અને દીર્ઘત્વ એકબીજાની અપેક્ષાએ વિદ્યમાન છે તેમ આત્માથી જુદા એવા કુંભ, પટ વિગેરે પદાર્થોને જોયા બાદ આ કુંભાદિથી જુદી જ એવી વસ્તુમાં "આ આત્મા છે" એ પ્રમાણેની આત્મબુદ્ધિ પ્રવર્તતી હોવાથી આત્માનું સ્વરૂપ પરથી જ જણાય છે પણ સ્વતઃ જણાતું નથી. આમ, આ કાલવાદીઓ કહેશે આત્મા પરતઃ વિદ્યમાન છે અને તે નિત્ય છે. આ છઠ્ઠો ભાંગો જાણવો. આ જ પ્રમાણે શેષ ભાંગાઓ વિચારી લેવા. इति प्रवचनसारोद्धार – ૨૦૬મું દ્વાર.) 'નિત્યત્વ'ને છોડ્યા વિના આ ૧૦ વિકલ્પો પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે 'અનિત્યત્વ'ને લઇને બીજા દશ ભાંગા જાણવા. બધા મળીને આ ૨૦ વિકલ્પો જીવપદાર્થને આશ્રયીને પ્રાપ્ત થયા. આ જ પ્રમાણે અજીવ વિગેરે આઠ પદાર્થોના દરેકના ૨૦–૨૦ વિકલ્પો થાય છે. તેથી ૨૦ x ૯ = ૧૮૦ વિકલ્પો ક્રિયાવાદીઓના જાણવા.

चुलसीति'त्ति अक्रियावादिनां च भवति चतुरशीतिर्भेदा इति, न हि कस्यचिदवस्थितस्य पदार्थस्य क्रिया समस्ति, तद्भाव एवावस्थितेरभावादित्येवं वादिनोऽक्रियावादिन:, तथा चाहुरेके— "*क्षणिका: सर्वसंस्कारा:, अस्थितानां कुत: क्रिया ? । भूतिर्येषां क्रिया सैव, कारकं सैव चोच्यते ॥१॥*" इत्यादि, एते चात्मादिनास्तित्वप्रतिपत्तिलक्षणा अमुनोपायेन चतुरशीतिर्द्रष्टव्या:, एतेषां हि पुण्यापुण्य-वर्जितपदार्थसप्तकन्यासस्तथैव जीवस्याध: स्वपरविकल्पभेदद्वयोपन्यास:, असत्त्वादात्मनो नित्यानित्यभेदौ न स्त:, कालादीनां तु पञ्चानां षष्ठी यदृच्छा न्यस्यते, पश्चाद्विकल्पाभिलाप:,— नास्ति जीव: स्वत: कालत इत्येको विकल्प:, एवमीश्वरादिभिरपि यदृच्छावसानै:, सर्वे च षड् विकल्पा:, तथा नास्ति जीव: परत: कालत इति षडेव विकल्पा:, एकत्र द्वादश, एवमजीवादिष्वपि षट्सु प्रतिपदं द्वादश विकल्पा: एकत्र, सप्त द्वादशगुणाश्चतुरशीतिर्विकल्पा नास्तिकानामिति । 'अण्णाणिय सत्तट्ठि'त्ति अज्ञानिकानां सप्तषष्टिर्भेदा इति, तत्र कुत्सितं ज्ञानमज्ञानं तदेषामस्तीति अज्ञानिका:, नन्वेवं लघुत्वात् प्रक्रमस्य प्राक् बहुव्रीहिणा भवितव्यं ततश्चाज्ञाना इति स्यात्, नैष

---

અક્રિયાવાદીઓના ૮૪ ભેદો થાય છે. અક્રિયાવાદીઓ આ પ્રમાણે બોલે છે કે – "(દરેક પદાર્થ ક્ષણમાત્ર જ અવસ્થિત છે. અને ક્ષણમાત્ર જ) અવસ્થિત એવા કોઇપણ પદાર્થને ક્રિયા ઘટતી નથી, (કારણ કે ઉત્પત્તિ પછીની ક્ષણે જ તે પદાર્થોનો નાશ થાય છે.) છતાં જો ક્રિયા માનો તો અવસ્થિતિનો = ક્ષણિકત્વનો અભાવ થાય. અક્રિયાવાદીઓ કહે છે – "બધા જ પદાર્થો ક્ષણિક છે. માટે અસ્થિત = ક્ષણિક એવા તેઓને ક્રિયા ક્યાંથી હોય ? તે પદાર્થોની ભૂતિ = ઉત્પત્તિ એ જ જેમની (= પદાર્થોની) ક્રિયા છે અને એ જ (પદાર્થનો) કર્તા છે. ॥૧॥" વિગેરે. આ અક્રિયાવાદીઓ આત્મા વિગેરે નથી એ પ્રમાણે આત્મા વિગેરેના નાસ્તિત્વને સ્વીકારનાર છે. આ ઉપાયથી તેઓના ૮૪ ભેદો કરવા –

તેઓના મતે પુણ્ય–પાપ વિનાના શેષ જીવાદિ સાત પદાર્થો સ્થાપવા. અને પૂર્વની જેમ જીવની નીચે સ્વ–પર બે વિકલ્પો સ્થાપવા. હવે આત્મા ન હોવાથી નિત્ય–અનિત્ય આ બે ભેદો તેઓને ઘટશે નહીં. અને કાલ વિગેરે પાંચમાં યદચ્છા ઉમેરી છ વિકલ્પો સ્થાપવા. હવે વિકલ્પોનું કથન કરવું. તેમાં (૧) કાલથી (ક્રિયાને નહીં માનનારા એવા કાલવાદીઓના મતે) જીવ પોતાના સ્વરૂપથી વિદ્યમાન નથી. આ પ્રથમ વિકલ્પ જાણવો. આ જ પ્રમાણે ઇશ્વર વિગેરેથી લઇ યદચ્છા સુધીના મતોને લઇ ભાંગા કરતા છ ભાંગા થાય છે. તથા કાલવાદીઓના મતે 'જીવ પરતઃ નથી.' એ પ્રમાણે ઇશ્વરાદિવડે વિચારતા બીજા છ વિકલ્પો થયા. બધા મળીને ૧૨ વિકલ્પો થયા. આ જ પ્રમાણે અજીવ વિગેરે શેષ છ પદોમાં દરેકના ૧૨–૧૨ વિકલ્પો થશે. તેથી ૧૨ x ૭ = ૮૪ વિકલ્પો અક્રિયાવાદીઓના = નાસ્તિકોના જાણવા.

અજ્ઞાનિકોના ૬૭ વિકલ્પો = ભેદો થાય છે. તેમાં કુત્સિત = અહિતકર એવું જે જ્ઞાન તે અજ્ઞાન. તે જેમને છે તે અજ્ઞાનિકો.

**શંકા :** પ્રસ્તુત ટીકા રચવાનો પ્રયાસ તમારો લઘુ છે = સંક્ષેપરૂપ છે. (અર્થાત્ સંક્ષેપરૂચિવાળા માટે ટૂંકમાં સમજાઇ જાય એ રીતનો તમારો ટીકા રચવાનો પ્રયાસ છે. તેથી અજ્ઞાનવાળા એવા અર્થ

दोषः, ज्ञानान्तरमेवाज्ञानं मिथ्यादर्शनसहचारित्वात्, ततश्च जातिशब्दत्वाद् गौरखरवदरण्यमित्यादिवदज्ञानिकत्वमिति, अथवा अज्ञानेन चरन्ति तत्प्रयोजना वा अज्ञानिकाः—असंचिन्त्यकृतबंधवैफल्यादिप्रतिपत्तिलक्षणाः, अमुनोपायेन सप्तषष्टिर्ज्ञातव्याः, तत्र जीवादिनवपदार्थान् पूर्ववत्

માટે अज्ञानाः કરવામાં લાઘવ છે अज्ञानिकाः કરવામાં ગૌરવ છે.) તેથી પ્રથમથી જ બહુવ્રીહિ સમાસ તમારે કરવો જોઇએ. (તેની બદલે તમે नञ् તત્પુરુષસમાસ કર્યો અને પછી મત્વર્થીય इन् પ્રત્યય લગાડીને ગૌરવ કર્યું છે. એના બદલે સીધો 'न विद्यते ज्ञानं येषां ते अज्ञानाः' એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરો.) તેથી अज्ञानाः એ પ્રમાણે શબ્દ થશે.

**સમાધાન :** અહીં કોઇ દોષ નથી, કારણ કે જો બહુવ્રીહિસમાસ કરો તો 'જ્ઞાનનો અભાવ' એવો અર્થ પ્રાપ્ત થાય જે અભિપ્રેત નથી. અહીં અજ્ઞાન એટલે અન્યજ્ઞાન લેવું છે કે જે મિથ્યાત્વ સાથે રહેલું હોવાથી અજ્ઞાન છે. (આ અર્થ બહુવ્રીહિથી પ્રાપ્ત થતો નથી. અહીં જ્ઞાનાન્તર કે જે મિથ્યાત્વયુક્ત હોવાથી અજ્ઞાન છે. તેવા અજ્ઞાનવાળા જેટલા હોય તે સર્વનો અહીં સમાવેશ કરવો છે. તેથી 'અજ્ઞાન' શબ્દ જાતિવાચક બને છે.) અને માટે આ જાતિશબ્દ હોવાથી 'गौरखरवद् अरण्यं' ની જેમ અહીં મત્વર્થીય પ્રત્યય લગાડીને અજ્ઞાનિક શબ્દ બનેલ છે. (गौरखरवद् अरण्यं ગૌર = સફેદ, ખર = ગધેડો. અહીં પણ જો બહુવ્રીહિ કરો તો गौरः खरः यस्मिन् तद् गौरखरं એ પ્રમાણે બહુવ્રીહિ થઇ શકત છતાં गौरखरः જાતિવાચક શબ્દ બનાવીને તેને મત્વર્થીય લગાડીને 'गौरखरवद्' શબ્દ બનાવ્યો છે. વધુ વિસ્તારાર્થીઓએ વ્યાકરણાચાર્યને પૂછી લેવું.)

અથવા અજ્ઞાનવડે જેઓ ચરે છે તે અથવા અજ્ઞાન એ જ છે પ્રયોજન જેઓનું તે (એટલે કે અજ્ઞાનને જ કલ્યાણકારી માનનારા જેઓ છે તે) અજ્ઞાનિકો. વિચાર્યા વિના કરાયેલા (કર્મબંધ)ની નિષ્ફળતા વિગેરેને સ્વીકારનારા. (અહીં આશય એ છે કે—અજ્ઞાનિકો એમ કહે છે કે—જ્ઞાન એ કલ્યાણકારી નથી, કારણ કે જ્ઞાન હોય તો ક્યારેક વિરુદ્ધ પ્રરૂપણા થઇ તો વિવાદ થાય અને તે વિવાદને કારણે ચિત્તમાં કલુષતા પ્રગટ થાય અને તેને કારણે દીર્ઘ સંસાર થાય. જ્યારે અજ્ઞાન હોય તો અહંકાર થાય નહીં કે બીજા ઉપર ચિત્તની કલુષતા પણ થાય નહીં અને તેથી કર્મબંધ પણ સંભવે નહીં.

વળી, જે કર્મબંધ વિચારીને કરાય છે તેનો વિપાક પણ ભયંકર હોય છે. અને આથી જ તે અવશ્ય ભોગવવો પડે છે, કારણ કે તીવ્રાધ્યવસાયથી કર્મબંધ થયો છે. જ્યારે જે કર્મબંધ મન વિનાની માત્ર વચન—કાયાની પ્રવૃત્તિથી થાય છે તેમાં મન ભળેલું ન હોવાથી અવશ્ય ભોગવવો પડતો નથી, કે તેનો ભયંકર વિપાક પણ હોતો નથી. તે કર્મબંધ તો અત્યંત સૂકાઇ ગયેલા કાદવનો ભિંત સાથે થયેલા સંગની જેમ જાતે જ શુભ અધ્યવસાયરૂપ પવનથી ખરી પડે છે. માટે અજ્ઞાન જ કલ્યાણકારી છે. જેથી અસંચિંત્યકૃત કર્મબંધ = ખબર ન હોવાને કારણે અવિચારપૂર્વકનો કર્મબંધ નિષ્ફળ જાય છે. इति षड्दर्शनसमुच्चये)

આ અજ્ઞાનિકોના ૬૭ વિકલ્પો આગળ બતાવાતા ઉપાયવડે જાણવા, તેમાં જીવાદિ નવ પદાર્થોને પૂર્વની જેમ સ્થાપીને છેલ્લે નવ સાથે ૧૦મા પદાર્થ તરીકે ઉત્પત્તિની સ્થાપના કરવી. તે કર્યા બાદ

व्यवस्थाप्य पर्यन्ते चोत्पत्तिमुपन्यस्याधः सप्त सदादयः उपन्यसनीयाः, सत्त्वमसत्त्वं सदसत्त्वं अवाच्यत्वं सदवाच्यत्वं असदवाच्यत्वं सदसदवाच्यत्वमिति चैकैकस्य जीवादेः सप्त सप्त विकल्पाः, एते नव सप्तकाः त्रिषष्टिः, उत्पत्तेस्तु चत्वार एवाद्या विकल्पाः, तद्यथा–सत्त्वमसत्त्वं सदसत्त्वं अवाच्यत्त्वं चेति, त्रिषष्टिमध्ये क्षिप्ताः सप्तषष्टिर्भवन्ति, को जानाति जीवः सन्नित्येको विकल्पः,

પ્રથમના નવ પદાર્થોની નીચે સત્ વિગેરે સાત પદાર્થો સ્થાપવા. તે આ પ્રમાણે (૧) સત્ત્વ = સ્વરૂપથી વિદ્યમાનતા, (૨) અસત્ત્વ = પરરૂપે અવિદ્યમાનતા, (૩) સત્ત્વ–અસત્ત્વ = સ્વરૂપે અને પરરૂપે ક્રમશઃ વિદ્યમાનતા–અવિદ્યમાનતા, (૪) અવાચ્યત્વ = વસ્તુની વિદ્યમાનતા અને અવિદ્યમાનતા એકસાથે એક શબ્દથી કહેવી અશક્ય હોવાથી તે અવાચ્ય કહેવાય છે. (૫) સત્–અવાચ્યત્વ = વસ્તુનો અમુક અંશ સત્ તરીકે અને અમુક અંશ અવાચ્ય તરીકે એકસાથે વિવક્ષા કરીએ ત્યારે સત્–અવાચ્યત્વભાંગો ઘટે. (૬) આ જ પ્રમાણે અસત્–અવાચ્યત્વ જાણવું. અને (૭) જ્યારે એક અંશ સત્ તરીકે, બીજો અંશ અસત્ તરીકે અને ત્રીજો અંશ અવાચ્યત્વ તરીકે એક સાથે વિવક્ષા કરીએ ત્યારે સત્–અસત્–અવાચ્યત્વ. જીવ વિગેરે દરેકના સાત–સાત વિકલ્પો કરતા ૯ x ૭ = ૬૩ થાય. અને ઉત્પત્તિના ચાર વિકલ્પો – (૧) સત્ત્વ, (૨) અસત્ત્વ, (૩) સત્–અસત્ત્વ, અને (૪) અવાચ્યત્વ. (બાકીના ત્રણ વિકલ્પો પદાર્થની ઉત્પત્તિ થયા પછી પદાર્થના જુદા જુદા અવયવોની અપેક્ષાએ ઘટે. અને પદાર્થના જુદા જુદા અવયવોની કલ્પના ઉત્પત્તિ થયા પછી જ કરી શકાય, પણ ઉત્પત્તિ વખતે ન કરી શકાય માટે ઉત્પત્તિમાં છેલ્લા ત્રણ વિકલ્પો ઘટતા નથી.) ૬૩માં આ ચાર વિકલ્પો ઉમેરતા ૬૭ થાય છે.

(અહીં ઘટને આશ્રયીને સાત ભાંગાઓની વિચારણા કરાય છે. એક વિવક્ષિત ઘડો માટીનો છે, અમદાવાદીય છે, લાલ છે. તેથી તેમાં મૃન્મયત્વ, અમદાવાદીયત્વ, અને રક્તત્વનામના ધર્મો 'સ્વ'રૂપ છે. તે ઘડો સોનાનો નથી, મુંબાપુરી(મુંબઇ)નો નથી કે કાળો નથી. તેથી તેમાં સુવર્ણત્વ, મુંબાપુરીયત્વ અને શ્યામત્વનામના ધર્મો રહેતા ન હોવાથી ઘડા માટે તે ધર્મો 'પર'રૂપ છે. (૧) કોઇ વ્યક્તિ પૂછે કે–ઘડો માટીનો છે ? ત્યારે આ વિવક્ષિત ઘડો માટીનો હોવાથી તેને જવાબ અપાય છે કે – स्वरूपेण = मृन्मयत्वेन ઘડો છે = घटः सन्. (૨) કોઇ વ્યક્તિ પૂછે–ઘડો સોનાનો છે ? ત્યારે તે ઘડો સોનાનો ન હોવાથી તેને જવાબ અપાય છે કે – पररूपेण = स्वर्णीयत्वेन ઘટ અસત્ = અવિદ્યમાન છે = घटः असन्.

(૩) કોઇ વ્યક્તિ પૂછે – ઘડો માટીનો છે ? શ્યામ છે ? ત્યારે તેને ક્રમશઃ જવાબ અપાય છે કે ઘડો માટીનો છે = स्वरूपेण घटः सन्. અને શ્યામ નથી = पररूपेण घटः असन्. (૪) કોઇ વ્યક્તિને શ્યામ માટીના ઘડાની જરૂર છે તેથી તે પૂછે કે માટીનો કાળો ઘડો છે ? આ પ્રશ્નમાં મૃન્મયત્વ એ 'સ્વ'રૂપ છે અને શ્યામત્વ એ 'પર'રૂપ છે. આ બંનેનો એક સાથે એક જ પ્રશ્નમાં ઉલ્લેખ છે અને એટલે એક જ શબ્દથી જવાબ આપવાનો આવે ત્યારે તેવો કોઇ શબ્દ છે નહીં કે જે સ્વ-પર બંને રૂપોનો એક સાથે ઉલ્લેખ કરી શકે. તેથી જવાબ આપવો પડે કે घटः अवाच्यः = ઘટ અવાચ્ય છે. આશય એ છે કે વિવક્ષિત ઘડો માટીનો હોવાથી 'घटः असन् = ઘટ નથી' એવું બોલાય

ज्ञातेन वा किं ?, एवमसदादयोऽपि वाच्याः, उत्पत्तिरपि किं सतोऽसतः सदसतोऽवाच्यस्येति को जानातीति ?, एतन्न कश्चिदपीत्यभिप्रायः । 'वेणइयाणं च बत्तीस'त्ति वैनयिकानां च द्वात्रिंशद् भेदाः, विनयेन चरन्ति विनयो वा प्रयोजनमेषामिति वैनयिकाः, एते चानवधृतलिङ्गाचारशास्त्रा विनयप्रतिपत्तिलक्षणा, अमुनोपायेन द्वात्रिंशदवगन्तव्याः—सुरनृपतियतिज्ञातिस्थविराधममातृपितॄणां प्रत्येकं कायेन वाचा मनसा दानेन च देशकालोपपन्नेन विनयः कार्य इत्येते चत्वारो भेदाः सुरादिष्वष्टसु स्थानकेषु, एकत्र मिलिता द्वात्रिंशदिति, सर्वसङ्ख्या पुनरेतेषां त्रीणि शतानि त्रिषष्ट्यधिकानि, न चैतत् स्वमनीषिकाव्याख्यानं, यस्मादन्यैरप्युक्तं—*"आस्तिकमतमात्माद्या नित्यानित्यात्मका नव पदार्थाः । कालनियतिस्वभावेश्वरात्मकृताः स्वपरसंस्थाः ॥१॥ कालयदृच्छानियतीश्वरस्वभावात्मनश्चतुरशीतिः । नास्तिकवादिगणमतं न सन्ति भावाः स्वपरसंस्थाः ॥२॥*

નહીં. એ જ પ્રમાણે ઘડો શ્યામ ન હોવાથી 'घटः सन् = ઘટ છે' એમ પણ બોલાય નહીં. તેથી અવાચ્ય બોલાય છે. (૫) કોઇ પૂછે – ઘડો અમદાવાદી છે ? ઘડો શ્યામ માટીનો છે ? ત્યારે જવાબ घटः सन्—अवाच्यः = ઘટ સ્વરૂપે છે, સ્વ-પર ઉભયરૂપે અવાચ્ય છે. (૬) કોઇ પૂછે ઘડો મુંબઇનો છે ? ઘડો શ્યામમાટીનો છે ? ત્યારે घटः असन्—अवाच्यः = ઘડો પરરૂપે અવિદ્યમાન છે, સ્વ-પર ઉભયરૂપે અવાચ્ય છે. (૭) કોઇ વ્યક્તિને અમદાવાદી, ચોરસ, શ્યામમાટીના ઘડાનું પ્રયોજન છે તેથી તે પૂછે કે – ઘડો અમદાવાદી છે ? ચોરસ છે ? શ્યામમાટીનો છે ? ત્યારે જવાબ અપાય છે કે – અમદાવાદી ઘડો હોવાથી घटः सन्, ચોરસ ન હોવાથી घटः असन् અને સ્વ-પર ઉભયરૂપે અવાચ્ય છે. આ પ્રમાણે જીવ વિગેરે નવ પદાર્થોમાં પણ વિચારણા કરી લેવી.)

તેના વિકલ્પો આ પ્રમાણે જાણવા – (૧) જીવ છે એવું કોણ જાણે છે ? (અર્થાત્ કોઇ પાસે વિશિષ્ટ જ્ઞાન ન હોવાથી જીવે છે એવું કોઇ જાણતું નથી.) અથવા જીવ છે એવું જાણીને શું કામ છે ? આ પ્રથમ વિકલ્પ થયો. આ જ પ્રમાણે અસત્ વિગેરે પણ કહેવા. ઉત્પત્તિ પણ સત્‌ની થાય છે, અસત્‌ની થાય છે, સત્—અસત્‌ની થાય છે કે અવાચ્ય એવા પદાર્થની થાય છે ? તે પણ કોણ જાણે છે ? અર્થાત્ એ પણ કોઇ જાણતું નથી. એ પ્રમાણે અજ્ઞાનિકોનો અભિપ્રાય જાણવો.

વૈનયિકોના બત્રીસ ભેદો છે. વિનયવડે જેઓ ચરે છે કે વિનય એ જ છે પ્રયોજન જેઓનું તે (એટલે કે વિનયથી જ સર્વકાર્યની સિદ્ધિ જેઓ માને છે, તે) વૈનયિકો. આ લોકો લિંગ (વેશ), આચાર અને શાસ્ત્રને ધારણ કરનારા નથી. (અર્થાત્ વેશ પહેરે નહીં, આચાર પાળે નહીં, શ્રુત ભણે નહીં.) માત્ર વિનયને જ સ્વીકારનારા છે. આગળ કહેવાતા ઉપાયવડે તેઓના બત્રીસ ભેદો જાણવા. દેવ, રાજા, સાધુ, જ્ઞાતિ, વૃદ્ધ, અધમ, માતા અને પિતા આ આઠેના મન, વચન, કાયા અને દેશ—કાલને ઉચિત એવા દાનથી વિનય કરવો. આ આઠેના ચાર પ્રકારે વિનય કરતા ૮ x ૪ = ૩૨ ભેદો થાય છે. આ બધા મળીને ૩૬૩ પાખંડો થાય છે. આ સ્વબુદ્ધિથી વ્યાખ્યાન કરાયું નથી, કારણ કે બીજાઓવડે પણ કહેવાયું છે – "આસ્તિકોના મતે કાલ, નિયતિ, સ્વભાવ, ઇશ્વર અને આત્માથી કરાયેલા, સ્વ—પરસ્વરૂપથી રહેલા, નિત્ય—અનિત્યરૂપ આત્મા વિગેરે નવ પદાર્થો છે. ॥૧॥ નાસ્તિકવાદીઓના સમૂહના કાલ, યદચ્છા, નિયતિ, ઇશ્વર, સ્વભાવ અને આત્માને આશ્રયીને ૮૪

*अज्ञानिकवादिमतं नव जीवादीन् सदादिसप्तविधान् । भावोत्पत्तिं सदसद्द्वैतावाच्यां च को वेत्ति ? ॥३॥ वैनयिकमतं विनयश्चेतोवाक्कायदानतः कार्यः । सुरनृपतियतिज्ञातिस्थविराधममातृपितृषु सदा ॥४॥"* इत्यलं प्रसङ्गेन प्रकृतं प्रस्तुमः, एतेषां प्रशंसा न कार्या–पुण्यभाज एते सुलब्धमेभिर्जन्मेत्यादिलक्षणा, एतेषां मिथ्यादृष्टित्वादिति । अत्र चोदाहरणं–पाँडलिपुत्ते चाणक्को, चंदगुत्तेणं भिक्खुगाणं वित्ती हरिता, ते तस्स धम्मं कहेंति, राया तूसति चाणक्कं पलोएति, ण य पसंसतित्ति ण देति, तेहिं चाणक्कभज्जा ओलग्गिता, ताए सो करणिं गाहितो, तेहिं कथिते भणितं–सुभासियंति, रण्णा तं अण्णं च दिण्णं, बिदियदिवसे चाणक्को भणति–कीस ते दिन्नं ?, राया भणइ–तुज्झेहिं पसंसितं, सो भणइ–ण मे पसंसितं, सव्वारंभपवित्ता कहं लोगं पत्तियावितित्ति !, पच्छा ठितो, केत्तिया एरिसा तम्हा ण कायव्वा । परपाषण्डैः–अनन्तरोक्तस्वरूपैः सह संस्तवः

---

ભેદો છે. તેઓના મતે સ્વ–પરસ્વરૂપથી રહેલા એવા આત્મા વિગેરે પદાર્થો નથી. ॥૨॥ અજ્ઞાનિકોના મતે સત્ વિગેરે સાત પ્રકારના જીવાદિ નવ પદાર્થોને અને સત્, અસત્, દ્વૈત = સત્–અસત્, અને અવાચ્ય એમ ચાર પ્રકારની ભાવોની ઉત્પત્તિને કોણ જાણે છે ? ॥૩॥ દેવ, રાજા, સાધુ, જ્ઞાતિ, વૃદ્ધ, અધમ, માતા અને પિતાને વિશે મન, વચન, કાયા અને દાનથી હંમેશા વિનય કરવો એ વૈનયિકોનો મત છે. ॥૪॥ પ્રસંગથી સર્યું.

મૂળવાત ઉપર આવીએ. આ ૩૬૩ પરપાખંડોની પ્રશંસા કરવી નહીં, અર્થાત્ આ લોકો પુણ્યશાળી છે, આ લોકોએ જન્મ સફળ કર્યો છે વિગેરેરૂપ પ્રશંસા કરવી નહીં, કારણ કે આ લોકો મિથ્યાદૃષ્ટિ છે. અહીં ઉદાહરણ આ પ્રમાણે જાણવું – પાટલિપુત્રમાં ચાણક્ય છે. ચંદ્રગુપ્તે ભિક્ષુઓની = બૌદ્ધોની આજીવિકા હરી લીધી. તેથી તેઓ ચંદ્રગુપ્તને ધર્મ સંભળાવે છે. રાજા ખુશ થાય છે અને ચાણક્યની સામે જુએ છે. ચાણક્ય તે બૌદ્ધોની પ્રશંસા કરતો નથી તેથી રાજા તેઓને કંઇ દાન પણ આપતો નથી. બૌદ્ધભિક્ષુઓ ચાણક્યની પત્નીની સેવા કરવા લાગ્યા. તેથી તેણીએ ચાણક્ય પાસે પ્રશંસા માટેની પ્રતિજ્ઞા કરાવી. ત્યાર બાદ બૌદ્ધોએ રાજાને ધર્મ કહ્યો. ત્યારે ચાણક્યે તેઓની પ્રશંસા કરતા કહ્યું કે – "બહું સુંદર ધર્મ કહ્યો."

એટલે રાજાએ બૌદ્ધોને આજીવિકા અને તે સિવાય બીજું પણ દાનમાં આપ્યું. બીજા દિવસે ચાણક્યે રાજાને કહ્યું – "કેમ તમે તેઓને દાન આપ્યું ?" રાજાએ કહ્યું – "તમે તેઓની પ્રશંસા કરી માટે." ચાણક્યે કહ્યું – "મેં તેઓની પ્રશંસા નહોતી કરી. મેં તો ફક્ત એટલું જ કહ્યું હતું કે સર્વ આરંભોમાં પ્રવૃત્ત એવા આ લોકો કેવી રીતે લોકને પોતાના વિશ્વાસમાં લે છે ! (ઠગે છે ઇત્યર્થઃ)" પછીથી રાજા અટક્યો આવા કેટલા હોય. તેથી તેઓની પ્રશંસા કરવી નહીં.

---

૫૨. पाटलिपुत्रे चाणक्यः, चन्द्रगुप्तेन भिक्षुकाणां वृत्तिर्हृता, ते तस्मै धर्मं कथयन्ति, राजा तुष्यति, चाणक्यं प्रलोकयति, तान् न प्रशंसतीति न ददाति, तैश्चाणक्यभार्या सेवितुमारब्धा, तया स करणिं ग्राहितः, तैः कथिते भणितं-सुभाषितमिति, राज्ञा तदन्यच्च दत्तं, द्वितीयदिवसे चाणक्यो भणति-कथं त्वया दत्तं ?, राजा भणति-युष्माभिः प्रशंसितं, स भणति-न मया प्रशंसितं सर्वारम्भप्रवृत्ताः कथं लोकं प्रत्याययन्ति ! पश्चात् स्थितः, कियन्त ईदृशास्तस्मान्न कर्त्तव्या ।

परपाषण्डसंस्तवः, इह संवासजनितः परिचयः संवसनभोजनालापादिलक्षणः परिगृह्यते, न स्तुतिरूपः, तथा च लोके प्रतीत एव संपूर्वः स्तौतिः परिचय इति, 'असंस्तुतेषु प्रसभं कुलेष्वि'-त्यादाविति, अयमपि न समाचरणीयः, तथा हि एकत्र संवासे तत्प्रक्रियाश्रवणात् तत्क्रियादर्शनाच्च तस्यासकृदभ्यस्तत्वादवाप्तसहकारिकारणात् मिथ्यात्वोदयतो दृष्टिभेदः संजायते अतोऽतिचारहेतुत्वान्न समाचरणीयोऽयमिति । अत्र चोदाहरणं–[53]सौरट्ठसड्ढगो पुव्वभणितो । एवं शङ्कादिसकलशल्यरहितः सम्यक्त्ववान् शेषाणुव्रतादिप्रतिपत्तियोग्यो भवति, तानि चाणुव्रतानि स्थूलप्राणातिपातादि-निवृत्तिरूपाणि प्राक् लेशतः सूचितान्येव 'दुविधन्तिविधेण पढमो' इत्यादि( ना ) अधुना स्वरूपतस्तान्येवोपदर्शयन्नाह –

**थूलगपाणाइवायं समणोवासगो पच्चक्खाइ, से पाणाइवाए दुविहे पन्नत्ते, तंजहा– संकप्पओ अ आरंभओ अ, तत्थ समणोवासओ संकप्पओ जावज्जीवाए पच्चक्खाइ, नो आरंभओ, थूलगपाणाइवायवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, तंजहा–बंधे वहे छविच्छेए अइभारे भत्तपाणवुच्छेए १ । ( सूत्रं )**

अस्य व्याख्या–स्थूलाः–द्वीन्द्रियादयः, स्थूलत्वं चैतेषां सकललौकिकजीवत्वप्रसिद्धेः,

પરપાખંડસંસ્તવ : પૂર્વે કહેવાયેલા એવા પરપાખંડો સાથે સંસ્તવ તે પરપાખંડસંસ્તવ એમ સમાસ કરવો. અહીં સંસ્તવ એટલે એમની સાથે રહેવાથી થયેલો પરિચય એટલે કે સાથે રહેવું, સાથે ભોજન કરવું, વાતચીત કરવી વિગેરેરૂપ પરિચય સંસ્તવ તરીકે જાણવો, પણ સંસ્તવ એટલે સ્તુતિ એમ અર્થ કરવો નહીં. (સંસ્તવ એટલે પરિચય એવો અર્થ ક્યાંથી લાવ્યા ? તે કહે છે કે) લોકમાં આ પ્રસિદ્ધ જ છે કે સમ્ ઉપસર્ગપૂર્વકની સ્તુતિ એટલે પરિચય. જેમ કે, "અસંસ્તુત = અપરિચિત એવા કુલોને વિશે ભયંકર..." વિગેરે.

આ પરપાખંડ સંસ્તવ પણ કરણીય નથી, કારણ કે એક સ્થાને સાથે રહેતા તેમની પ્રક્રિયાઓનું શ્રવણ થવાથી, અને તેમની ક્રિયાઓના દર્શન થવાથી મિથ્યાત્વનો ઉદય થાય છે કારણ કે તે મિથ્યાત્વનો પૂર્વભવોમાં વારંવાર અભ્યાસ કરેલો (હોવાથી તેના ગાઢ સંસ્કાર આત્મામાં પડેલા) છે અને આ ભવમાં શ્રવણ–દર્શનરૂપ સહકારીકારણ પ્રાપ્ત થયા. તેથી મિથ્યાત્વનો ઉદય થાય છે અને તેને કારણે દૃષ્ટિભેદ = સમ્યગ્દૃષ્ટિનો નાશ થાય છે. તેથી આ સંસ્તવ પણ અતિચારનું કારણ બનતો હોવાથી આચરવા યોગ્ય નથી. અહીં ઉદાહરણ તરીકે પૂર્વે (વિત્તિકંતારમાં) કહેલ સૌરાષ્ટ્રદેશમાં રહેનારો એવો શ્રાદ્ધ જાણવો. આ પ્રમાણે શંકા વિગેરે સર્વ શલ્યોથી રહિત એવો સમ્યક્ત્વવાન્ જીવ શેષ અણુવ્રતાદિને સ્વીકારવાની યોગ્યતાવાળો થાય છે. આ સ્થૂલપ્રાણાતિપાતાદિથી નિવૃત્તિરૂપ અણુવ્રતો કે જે પૂર્વે દ્વિવિધ–ત્રિવિધેણ પ્રથમ... (૧૫૬૧) વિગેરે ગાથાઓવડે સંક્ષેપથી બતાવ્યા, તે જ અણુવ્રતો હવે સ્વરૂપથી બતાવતા કહે છે ⇨

સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : સ્થૂલ જીવો એટલે કે બેઇન્દ્રયવિગેરે જીવો. આ બેઇન્દ્રિય વિગેરે સકલ લોકમાં જીવ

૫૩. सौराष्ट्रश्रावकः पूर्वभणितः ।

एतदपेक्षयैकेन्द्रियाः सूक्ष्मा विगानेन जीवत्वसिद्धेरिति, स्थूला एव स्थूलकास्तेषां प्राणाः–इन्द्रियादयः तेषामतिपातः स्थूलकप्राणातिपातः तं श्रमणोपासकः श्रावक इत्यर्थः प्रत्याख्याति, तस्माद् विरमत इति भावना । स च प्राणातिपातो 'द्विविधः प्रज्ञप्तः' तीर्थकरगणधरैर्द्विविधः प्ररूपित इत्यर्थः, 'तद्यथे'त्युदाहरणोपन्यासार्थः, सङ्कल्पजश्चारम्भजश्च, सङ्कल्पाज्जातः सङ्कल्पजः, मनसा सङ्कल्प्य द्वीन्द्रियादिप्राणिनं मांसास्थिचर्म्मनखवालदन्ताद्यर्थं व्यापादयतो भवति, आरम्भाज्जातः आरम्भजः, तत्रारम्भो–हलदन्तालादिखननसूना प्रकारस्तस्मिन् शङ्खचन्दणकपिपीलिकाधान्यगृहकारकादिसङ्घट्टनपरितापापद्रावणलक्षण इति, तत्र श्रमणोपासकः सङ्कल्पतो यावज्जीवयापि प्रत्याख्याति, न तु यावज्जीवयैव नियमत इति, 'नारम्भज'मिति, तस्यावश्यतयाऽऽरम्भसद्भावादिति, आह–एवं सङ्कल्पतः किमिति सूक्ष्मप्राणातिपातमपि न प्रत्याख्याति ?, उच्यते, एकेन्द्रिया हि प्रायो दुष्परिहाराः सद्मवासिनां सङ्कल्प्यैव सचित्तपृथिव्यादिपरिभोगात्, [54]तत्थ पाणातिपाते कज्जमाणे के दोसा ? अकज्जंते के गुणा ?, तत्थ दोसे उदाहरणं कोंकणगो, तस्स भज्जा मया,

---

તરીકે પ્રસિદ્ધ હોવાથી સ્થૂલજીવો છે. આની અપેક્ષાએ એકેન્દ્રિયો સૂક્ષ્મ તરીકે જાણવા, કારણ કે વિવાદથી તેમાં જીવત્વની સિદ્ધિ થાય છે. (જયારે બેઇન્દ્રિય વિગેરેમાં તર્ક વિના પણ જીવત્વ લોકો માને છે.) સ્થૂલ એ જ સ્થૂલક. તે સ્થૂલકજીવોના ઇન્દ્રિય વિગેરે જે પ્રાણો છે તે પ્રાણોનો જે અતિપાત તે સ્થૂલકપ્રાણાતિપાત. તે સ્થૂલકપ્રાણાતિપાતનું શ્રમણોપાસક = શ્રાવક પ્રત્યાખ્યાન કરે છે એટલે કે તેનાથી અટકે છે.

તે પ્રાણાતિપાત તીર્થંકર–ગણધરવડે બે પ્રકારનો પ્રરૂપણા કરાયેલો છે. તે આ પ્રમાણે – સંકલ્પથી ઉત્પન્ન થયેલ અને આરંભથી ઉત્પન્ન થયેલ. તેમાં મનથી સંકલ્પ કરીને માંસ, હાડકાં, ચામડું, નખ, વાળ, દાંત વિગેરે માટે બેઇન્દ્રિય વિગેરે જીવોને મારનારને સંકલ્પજ પ્રાણાતિપાત હોય છે. તથા હળ, દાતરડું વિગેરેદ્વારા જે ખોદકામ, સૂના = પ્રાણિઓને મારવાનું સ્થાન = કતલખાનુ, આવા બધા પ્રકારના સ્થળે શંખ, ચંદનક, કીડીઓ, ધાન્યને વિશે ઘર બનાવનાર જંતુવિશેષ વિગેરે જીવોનો સંઘટ્ટો, પરિતાપ, મરણરૂપ પ્રાણાતિપાત તે આરંભજ કહેવાય છે. શ્રાવક આ બંને પ્રકારમાંથી સંકલ્પજનું યાવજ્જીવ પણ પ્રત્યાખ્યાન કરે છે. પરંતુ યાવજ્જીવ નિયમથી પ્રત્યાખ્યાન કરે એવું નહીં. તથા આરંભજનું પ્રત્યાખ્યાન ન કરે, કારણ કે શ્રાવકને નિયમથી આરંભ સંભવે જ છે.

**શંકા :** જો આ પ્રમાણે સંકલ્પથી સ્થૂલજીવોનું પ્રત્યાખ્યાન કરી શકતો હોય તો સૂક્ષ્મજીવોના પ્રાણાતિપાતનું પણ સંકલ્પથી પ્રત્યાખ્યાન શા માટે કરતો નથી ?

**સમાધાન :** ગૃહવાસી એવા શ્રાવકો માટે એકેન્દ્રિયજીવોના પ્રાણાતિપાતનો ત્યાગ કરવો એ પ્રાયઃ કરીને દુઃશક્ય છે, કારણ કે તેઓ જાણી જોઇને જ સચિત્તપૃથ્વી વિગેરેનો ઉપયોગ કરે છે. પ્રાણાતિપાત કરવામાં કયા દોષો છે ? અને ન કરવામાં કયા ગુણો છે ? તે જણાવતા પ્રથમ દોષોમાં કોંકણગનું ઉદાહરણ જાણવું – એક કોંકણગની પત્ની મૃત્યુ પામી. તે સમયે તેને એક નાનો દીકરો

---

૫૪. तत्र प्राणातिपाते क्रियमाणे के दोषाः ? अक्रियमाणे च के गुणाः ?, तत्र दोषे उदाहरणं कोङ्कणकः, तस्य भार्या मृता,

पुँत्तो य से अत्थि, तस्स दारगस्स दाइयभएण दारियं ण लभति, ताधे सो अद्दलक्खेण रमंतो विंधति । गुणे उदाहरणं सत्तवदिओ । बिदियं उज्जेणीए दारगा, मालवेहिं हरिता सावगदारगो, सूतेण कीतो, सो तेण भणितो–लावगे ऊसासेहि, तेण मुक्का, पुणो भणिओ मारेहित्ति, सो णेच्छति, पच्छा पिट्टेत्तुमारद्धो, सो पिट्टिज्जंतो कूजति, पच्छा रण्णा सुतो, सद्दावेतूण पुच्छितो, ताधे साहति, रण्णावि भणिओ णेच्छति, ताधे हत्थिणा तासितो तथावि णेच्छति, पच्छा रण्णा सीसरक्खो ठावितो, अण्णता थेरा समोसड्ढा, तेसिं अंतिए पव्वइतो । ततियं गुणे उदाहरणं– पाडलिपुत्ते नगरे जियसत्तू राया, खेमो से अमच्चो चउव्विधाए बुद्धीए संपण्णो समणोवासगो सावगगुणसंपण्णो, सो पुण रण्णो हिउत्तिकाउं अण्णेसिं दंडभडभोइयाणं अप्पितो, तस्स

હતો. કોંકણગને બીજા લગ્ન કરવાની ઇચ્છા થઇ. પરંતુ તે પુત્રના ભયથી કોઇ કોંકણગને પોતાની દીકરી પરણાવતા નહોતા. (પુત્રને કારણે મને બીજી કન્યા મળતી નથી એમ જાણીને) કોંકણગ પુત્રને મારી નાંખવાના લક્ષ્યથી તેની સાથે રમવા લાગે છે. (તેમાં બાણને છોડીને તે બાણ પાછું લાવવા પુત્રને મોકલે છે. અને દૂર ગયેલા પુત્રને બીજું બાણ મારીને) વીંધે છે. (અહીં આ રીતે મારવાના અધ્યવસાયથી નરકગમન વિગેરે દોષો જાણવા.) ગુણને વિશે સામપદિકનું (ભા.–૧, પૃ. ૨૭૩માં કહેલ) દૃષ્ટાન્ત જાણવું.

ગુણને વિશે બીજું ઉદાહરણ – ઉજ્જયિનીનગરીમાં બાળકો હતા. માણસોને ઊઠાવી જનારા એવા ચોરોએ બાળકોનું અપહરણ કર્યું. તેમાંના એક શ્રાવકના પુત્રને રસોઇયાએ ખરીદ્યો. રસોઇયાએ પુત્રને કહ્યું – "પક્ષીઓને તું મારજે." તેણે પક્ષીઓને છોડી દીધા. એ પુત્રને ફરી કહ્યું – "માર." તે પુત્ર પક્ષીઓને મારવા ઇચ્છતો નથી. તેથી રસોઇઓ તેને મારવા લાગ્યો. મારને કારણે તે બાળક જોર–જોરથી બૂમો પાડવા લાગ્યો. તે રાજાએ સાંભળ્યુ. રસોઇયાને બોલાવીને પૂછ્યું. રસોઇયાએ વાત કરી. રાજાએ પણ તે બાળકને પક્ષી મારવાનું કહ્યું છતાં તે મારવા તૈયાર થતો નથી. તેથી હાથીદ્વારા ડરાવવા છતાં તે મારવા ઇચ્છતો નથી. તેથી ખુશ થઇને રાજાએ તે બાળકને (ભવિષ્યમાં અંગરક્ષક બનશે એમ વિચારીને) અંગરક્ષક તરીકે સ્થાપિત કર્યો. ત્યાં એકવાર આચાર્યમહારાજ પધાર્યા. તેમની પાસે તેણે દીક્ષા લીધી. ગુણને વિશે ત્રીજું ઉદાહરણ – પાટલિપુત્રનગરમાં જિતશત્રુ રાજા હતો. તે રાજાને ચારવિદ્યાથી યુક્ત, શ્રાવકગુણોથી સંપન્ન, શ્રમણોપાસક એવો ક્ષેમ નામનો

५५. पुत्रश्च तस्य अस्ति, तस्य दारकस्य दायादभयेन दारिकां न लभते, तदा सोऽर्दलक्ष्येण रममाणो विध्यति । गुणे उदाहरणं सामपदिकः द्वितीयं, उज्जयिन्या दारकाः मालवकैर्हृताः श्रावकदारकः सूदेन क्रीतः, स तेन भणितः–लावकान् मारय, तेन मुक्ताः, पुनर्भणितः–मारयेति, स नेच्छति, पश्चात्पिट्टयितुमारब्धः, स पिट्ट्यमानः कूजति, पश्चाद् राज्ञा श्रुतः, शब्दयित्वा पृष्टः, तदा कथयति, राज्ञाऽपि भणितो नेच्छति, तदा हस्तिना त्रासितस्तथापि नेच्छति, पश्चाद्राज्ञा शीर्षरक्षकः स्थापितः, अन्यदा स्थविराः समवसृतास्तेषामन्तिके प्रव्रजितः । तृतीयमुदाहरणं गुणे-पाटलिपुत्रे नगरे जितशत्रू राजा, क्षेमस्तस्य अमात्यश्चतुर्विधया बुद्ध्या संपन्नः श्रमणोपासकः श्रावकगुणसंपन्नः, स पुना राज्ञे हित इतिकृत्वाऽन्येषां दण्डभटभोजिकानामप्रियः, तस्य

[५६]विणासणणिमित्तं खेमसंतिए पुरिसे दाणमाणेहिं सक्कारेंति, रण्णो अभिमरए पउंजंति, गहिता य भणंति हम्ममाणा–अम्हे खेमसंगता तेण चेव खेमेण णिउत्ता, खेमो गहितो भणति–अहं सव्वसत्ताणं खेमं करोमि किं पुण रण्णो सरीरस्सत्ति ?, तथावि वज्झो आणत्तो, रण्णो य असोगवणियाए अगाहा पुक्खरिणी संछण्णपत्त भिसमुणाला उप्पलपउमोपसोभिता, सा य मगरगाहेहिं दुरवगाहा, ण य ताणि उप्पलादीणि कोइ उच्चिणिउं समत्थो, जो य वज्झो रण्णा आदिस्सति सो वुच्चति–एत्तो पुक्खरिणीतो पउमाणि आणेहित्ति, ताधे खेमो उट्ठेऊण नमोऽत्थु णं अरहंताणं भणित्तु जदिहं निरावराधी तो मे देवता साणेज्झं देंतु, सागारं भत्तं पच्चक्खायितुं ओगाढो, देवतासाणेज्झेणं मगरपुट्ठीठितो बहूणि उप्पलपउमाणि गेण्हित्तुत्तिण्णो, रण्णा हरिसितेण खामितो उवगूढो य, पडिपक्खणिग्गहं कातूण भणितो–किं ते वरं देमि ?, तेण णिरुंभमाणेणवि पव्वज्जा चरिता

મંત્રી હતો. તે મંત્રી રાજાનું હિત ઇચ્છનારો હોવાથી બીજા ખંડિયા રાજા, યોદ્ધા, ગામના મુખીઓને અપ્રિય હતો. તેથી તેના વિનાશ માટે તેઓએ ક્ષેમમંત્રીના માણસોને દાન–સન્માન કરવાદ્વારા સત્કારે છે. (અર્થાત્ તેઓને પુષ્કળ ધનાદિ આપીને પોતાના બનાવે છે.) અને રાજાને મારી નાંખવા મોકલે છે. ખબર પડતા સૈનિકો તેઓને પકડી લે છે અને માર મારતા તેઓ કહે છે કે – "અમે ક્ષેમમંત્રીના માણસો છીએ અને તે મંત્રીએ જ અમને રાજાને મારવા નિયુક્ત કર્યા છે."

મંત્રીને પકડતા તેણે કહ્યું "હું સર્વજીવોના હિતને કરું છું તો શું રાજાના શરીરને ન કરું ?" છતાં રાજાએ મંત્રીને મારી નાંખવાની આજ્ઞા આપી. રાજાના બગીચામાં પત્રોવાળા એવા કમળોથી છવાયેલી એક ઊંડી વાવડી હતી પરંતુ તેમાં મગર, ગ્રાહ (જલજંતુવિશેષ) ને કારણે ઉતરવું કપરું હતું. તે વાવડીમાંથી તે કમળો લેવા કોઇ સમર્થ હતું નહીં. રાજા જેને મારી નાંખવાનો આદેશ આપતો તેને કહેવામાં આવતું કે – "આ વાવડીમાંથી કમળો લાવ." (મંત્રીને પણ એ જ પ્રમાણે કહેવામાં આવ્યું.) ત્યારે ક્ષેમમંત્રી ઊઠીને "નમો અરિહંતાણં" એમ બોલીને – જો હું નિરપરાધી હોઉં તો દેવ મને સાનિધ્ય આપે એમ કહીને સાગારિક ભક્તનું પચ્ચક્ખાણ કરીને વાવડીમાં ઉતર્યો.

દેવના સાનિધ્યથી = દેવના પ્રભાવે મગરની પીઠ ઉપર રહીને તેણે ઘણા બધા કમળો ગ્રહણ કરીને વાવડીથી બહાર આવ્યો. રાજા ખૂબ ખુશ થયો, મંત્રી પાસે ક્ષમા માંગી અને ભેટી પડ્યો. ત્યાર બાદ શત્રુપક્ષનો નિગ્રહ કરીને રાજાએ મંત્રીને પૂછ્યું – "બોલ, તને કયું વરદાન આપું ?" ઘણું

५६. विनाशननिमित्तं क्षेमसत्कान् पुरुषान् दानसन्मानाभ्यां सत्कारयन्ति, राज्ञोऽभिमरकान् प्रयुञ्जन्ति, गृहीताश्च भणन्ति हन्यमानाः-वयं क्षेमसत्काः तेनैव क्षेमेण नियुक्ताः, क्षेमो गृहीतो भणति-अहं सर्वसत्त्वानां क्षेमं करोमि किं पुना राज्ञः शरीरस्येति ?, तथापि वध्य आज्ञप्तः, राज्ञश्चाशोकवनिकायामगाधा पुष्करिणी संछन्नपत्रबिशमृणाला उत्पलपद्मोपशोभिता, सा च मकरग्राहैर्दुरवगाहा, न च तान्युत्पलादीनि कोऽप्युच्चेतुं समर्थः, यश्च वध्यो राज्ञाऽऽदिश्यते स उच्यते-इतः पुष्करिणीतः पद्मान्यानयेति, तदा क्षेम उत्थाय नमोऽस्तु अर्हद्भ्यो भणित्वा यद्यहं निरपराधस्तदा मह्यं देवता सान्निध्यं ददातु, साकारं भक्तं प्रत्याख्यायावगाढः, देवतासान्निध्येन मकरपृष्ठिस्थितो बहून्युत्पलपद्मानि गृहीत्वोत्तीर्णः, राज्ञा हृष्टेन क्षामितः उपगूढश्च, प्रतिपक्षनिग्रहं कृत्वा भणितः-किं ते वरं ददामि ?, तेन निरुध्यमानेनापि प्रव्रज्या चीर्णा

पँव्वइतो, एते गुणा पाणातिपातवेरमणे । इदं चातिचाररहितमनुपालनीयं, तथा चाह–' थूलगे 'त्यादि, स्थूलकप्राणातिपातविरमणस्य विरतेरित्यर्थः श्रमणोपासकेनामी पञ्चातिचाराः 'सातव्याः' ज्ञपरिज्ञया न समाचरितव्याः–न समाचरणीयाः, तद्यथेत्युदाहरणोपन्यासार्थः, तत्र बन्धनं बन्धः–संयमनं रज्जुदामनकादिभिः, हननं वधः–ताडनं कसादिभिः छविः–शरीरं तस्य छेदः–पाटनं करपत्रादिभिः, भरणं भारः अतीव भरणं अतिभारः–प्रभूतस्य पूगफलादेः स्कन्धपृष्ठ्यादिष्वारोपणमित्यर्थः, भक्तं–अशनमोदनादि पानं–पेयमुदकादि तस्य च व्यवच्छेदः–निरोधोऽदानमित्यर्थः, एतान् समाचरन्नतिचरति प्रथमाणुव्रतं, तदत्रायं तस्य विधिः —

बन्धो दुविधो–दुपदाणं चतुप्पदाणं च, अट्ठाए अणट्ठाए य, अणट्ठाए न वट्टति बंधेत्तुं, अट्ठाए दुविधो–निरवेक्खो सावेक्खो य, णिरवेक्खो णेच्चलं धणितं जं बंधति, सावेक्खो जं दामगंठिणा जं व सक्केति पलीवणगादिसुं मुंचितुं छिंदितुं वा तेण संसरपासएण बंधेतव्वं, एवं ताव

અટકાવવા છતાં મંત્રીએ દીક્ષાનું શરણ લીધું અને તેણે પ્રવ્રજ્યા લીધી. પ્રાણાતિપાતથી અટકવામાં આ ગુણો થાય છે. આ પ્રથમઅણુવ્રતનું અતિચારરહિત થઇને પાલન કરવાનું હોય છે. આ જ વાત મૂળમાં કહી છે કે – "थूलग..." શ્રાવકે સ્થૂલકપ્રાણાતિપાતવિરમણના એટલે કે સ્થૂલપ્રાણાતિપાતની વિરતિના આ પાંચ અતિચારો જ્ઞપરિજ્ઞાવડે = જ્ઞાનથી જાણવા યોગ્ય છે (એટલે કે તે અતિચારોનું સારી રીતે જ્ઞાન મેળવવું) પણ તેઓનું આચરણ કરવું નહીં.

તે પાંચ અતિચારો આ પ્રમાણે છે – (૧) **બંધ** : દોરી, દોરડાં વિગેરેવડે બાંધવું, (૨) **વધ** : હણવું, એટલે કે ચાબૂક વિગેરેવડે મારવું. (૩) **છવિચ્છેદ** : છવિ એટલે શરીર. તેને કરવત વિગેરેવડે છેદવું. (અર્થાત્ અંગ–ઉપાંગનું છેદવું.) (૪) **અતિભાર** : પશુ વિગેરેની પીઠ વિગેરે ઉપર સોપારી વિગેરે ઘણી બધી વસ્તુનો ભાર મૂકવો. (૫) **ભક્ત–પાનચ્છેદ** : ભાત વિગેરે એ ભક્ત = ભોજન જાણવું. પાણી વિગેરે પાન જાણવું. આ ભોજન–પાનનું અટકાવવું એટલે કે તે દેવું નહીં. આ બંધાદિને કરતો શ્રાવક પ્રથમઅણુવ્રતમાં અતિચાર લગાડે છે. અહીં (જો બંધ, વધાદિ કરવા જ પડે તો) તેની વિધિ આ પ્રમાણે જાણવી ➪

(૧) બંધ બે પ્રકારે છે – બે પગવાળા એવા દાસ–દાસી વિગેરેનું બંધન અને ચાર પગવાળા એવા ગાય વિગેરેનું બંધન. તે પણ પ્રયોજનથી અને નિષ્પ્રયોજન એમ બે પ્રકારે છે. શ્રાવકે નિષ્પ્રયોજન કોઇને પણ બાંધવા જોઇએ નહીં. પ્રયોજનથી બે પ્રકારે બંધાય–નિરપેક્ષ અને સાપેક્ષ. તેમાં નિરપેક્ષબંધન એટલે જેમાં તે જીવ બિલકુલ હલન–ચલન ન કરી શકે તેમ ગાઢ રીતે બાંધવો. અને સાપેક્ષ એટલે જેમાં માત્ર સામાન્યથી ગાંઠ બાંધવાદ્વારા બંધાય અથવા આગ વિગેરે લાગતા ભાગવું હોય ત્યારે બાંધેલા જીવને આપણે સહેલાઇથી તેના બંધનો છોડી શકીએ કે છેદી શકીએ એ રીતે બાંધવો. શ્રાવકે બાંધવું જ પડે તો આવા ઢીલાબંધનથી બાંધવું જોઇએ. આ વાત ચતુષ્પદોની કરી.

૫૭. प्रव्रजितः, एते गुणाः प्राणातिपातविरमणे । बन्धो द्विविधो-द्विपदानां चतुष्पदानां च, अर्थायानर्थाय च, अनर्थाय न वर्त्तते बद्धुं, अर्थाय द्विविधः-निरपेक्षस्सापेक्षश्च, निरपेक्षो यन्निश्चलं बध्नाति बाढं, सापेक्षो यद्दामग्रन्थिना यच्च शक्नोति प्रदीपनकादिषु मोचयितुं छेत्तुं वा तेन संसरत्पाशकेन बद्धव्यं, एवं तावत्

**[૫૮]चतुप्पदाणं, दुपदाणंपि दासो वा दासी वा चोरो वा पुत्तो वा ण पढंतगादि जति बज्झति तो सावेक्खाणि बंधितव्वाणि रक्खितव्वाणि य जधा अग्गिभयादिसु ण विणस्संति, ताणि किर दुपदचतुप्पदाणि सावगेण गेण्हितव्वाणि जाणि अबद्धाणि चेव अच्छंति, वहोवि तधा चेव, वधो णाम तालणा, अणट्ठाए ( तहेव ), णिरवेक्खो णिद्दयं तालेति, सावेक्खो पुण पुव्वमेव भीतपरिसेण होतव्वं, मा हणणं कारिज्जा, जति करेज्ज ततो मम्मं मोत्तूणं ताधे लताए दोरेण वा एक्कं दो तिण्णि वारे तालेति, छविच्छेदो अणट्ठाए तधेव, णिरवेक्खो हत्थपादकण्णणक्खाइं णिद्दयत्ताए छिंदति, सावेक्खो गंडं वा अरुयं वा छिंदेज्ज वा डहेज्ज वा, अतिभारो ण आरोवेतव्वो, पुव्वं चेव जा वाहणाए जीविया सा मोत्तव्वा, ण होज्जा अण्णा जीविता ताधे दुपदो जं सयं उक्खिवति**

દ્વિપદોમાં પણ દાસ, દાસી, ચોર કે પુત્ર કે જે ભણતો વિગેરે ન હોય અને જો બાંધવો પડે તો સાપેક્ષ રીતે બાંધવો જોઇએ. અને તે સમયે તેનું રક્ષણ કરવું જોઇએ કે જેથી આજુબાજુ આગ વિગેરે લાગે ત્યારે બાંધેલો જીવ મરી ન જાય. (અર્થાત્ તે સમયે સહેલાઇથી તેને છોડી બંને જણા ભાગી શકે એ રીતે બાંધી તેનું રક્ષણ કરવું.) શ્રાવકે તેવા દ્વિપદ કે ચતુષ્પદ ગ્રહણ કરવા જોઇએ કે જેઓને બાંધવાની જરૂર જ ન પડે.

(૨) વધ પણ તે જ પ્રમાણે (એટલે કે ચતુષ્પદ, દ્વિપદને) જાણવો. વધ એટલે ચાબુક વિગેરેવડે હણવું. નિષ્પ્રયોજન વધ કરાય નહીં. (પ્રયોજનથી બે પ્રકારે નિરપેક્ષ અને સાપેક્ષ) નિરપેક્ષ એટલે કોઇ જીવ સામેવાળાને નિર્દયતાથી મારે. સાપેક્ષવધમાં શ્રાવકે પ્રથમથી પર્ષદામાં પોતાનો ભય ઊભો રાખવો જોઇએ. (અર્થાત્ લોકો તેનાથી ડરતા રહે એમ જ વર્તવું જોઇએ.) જેથી કોઇને મારવાની જરૂર જ પડે નહીં. છતાં કોઇને મારવા પડે તો મર્મસ્થાનને છોડીને ચાબુકથી કે દોરડાંથી એક, બે કે ત્રણવાર મારે.

(૩) છવિચ્છેદ પણ નિષ્કારણ શ્રાવકે કરવો જોઇએ નહીં. નિરપેક્ષ છવિચ્છેદ તે કે જે હાથ, પગ, કર્ણ, નખ વિગેરેને નિર્દયતાથી કાપે. સાપેક્ષ તે કે જે ગુમડું, કે કોઇ ઘાને છેદે કે બાળે.

(૪) શ્રાવકે અતિભાર પણ કોઇની ઉપર ચઢાવવો જોઇએ નહીં. તેમાં સૌ પ્રથમ તો એવી આજીવિકા ગ્રહણ જ ન કરવી જેમાં પશુ વિગેરે ઉપર ભાર ચઢાવીને જીવન ચલાવવું પડે. જો બીજી કોઇ આજીવિકા મળતી ન હોય તો દ્વિપદ = દાસ–દાસી વિગેરે પોતાની મેળે જેટલો ભાર ચઢાવી

---

**૫૮. चतुष्पदानां, द्विपदानामपि दासो वा दासी वा चौरो वा पुत्रो वाऽपठदादिर्यदि बध्यते तदा सापेक्षाणि बद्धव्यानि रक्षितव्यानि च यथाऽग्निभयादिषु न विनश्यन्ति, ते किल द्विपदचतुष्पदाः श्रावकेण ग्रहीतव्या येऽबद्धा एव तिष्ठन्ति, वधोऽपि तथैव, वधो नाम ताडनं, अनर्थाय ( तथैव ) निरपेक्षो निर्दयं ताडयति, सापेक्षः पुनः पूर्वमेव भीतपर्षदा भवितव्यं मा घातं कुर्याद्, यदि कुर्यात् ततो मर्म मुक्त्वा तदा लतया दवरकेण वा एकशो द्विस्त्रिर्वारान् ताडयति, छविच्छेदोऽनर्थाय तथैव निरपेक्षो हस्तपादकर्णनखादि निर्दयतया छिनत्ति, सापेक्षो गण्डं वा अरुर्वा छिन्द्याद्वा दहेद्वा, अतिभारो नारोपयितव्यः, पूर्वमेव या वाहनेनाजीविका सा मोक्तव्या, न भवेदन्या जीविका तदा द्विपदो यं स्वयमुत्क्षिपति**

[५९]उत्तारेति वा भारं एवं वहाविज्जति, बइल्लाणं जधा साभावियाओवि भारातो ऊणओ कीरति, हलसगडेसुवि वेलाए मुयति, आसहत्थीसुवि एस विही, भत्तपाणवोच्छेदो ण कस्सइ कातव्वो, तिव्वछुद्धो मा मरेज्ज, तधेव अणट्ठाए दोसा परिहरेज्जा, सावेक्खो पुण रोगणिमित्तं वा वायाए वा भणेज्जा—अज्ज ते ण देमित्ति, संतिणिमित्तं वा उववासं कारावेज्जा, सव्वत्थवि जतणा जधा थूलगपाणातिवातस्स अतिचारो ण भवति तथा पयतितव्वं, णिरवेक्खबंधादिसु य लोगोवघातादिया दोसा भाणियव्वा । उक्तं सातिचारं प्रथमाणुव्रतं, अधुना द्वितीयमुच्यते, तत्रेदं सूत्रं –

**थूलगमुसावायं समणोवासओ पच्चक्खाइ, से य मुसावाए पंचविहे पन्नत्ते, तंजहा— कन्नालीए गवालीए भोमालिए नासावहारे कूडसक्खिज्जे । थूलगमुसावायवेरमणस्स समणोवासएणं इमे पंच०, तंजहा—सहस्सब्भक्खाणे रहस्सब्भक्खाणे सदारमंतभेए मोसुवएसे कूडलेहकरणे २ ॥**

अस्य व्याख्या—मृषावादो हि द्विविधः—स्थूलः सूक्ष्मश्च, तत्र परिस्थूलवस्तुविषयोऽति-दुष्टविवक्षासमुद्भवः स्थूलो, विपरीतस्त्वितरः, तत्र स्थूल एव स्थूलकः २ श्चासौ मृषावादश्चेति

શકે કે ઉતારી શકે તેટલો જ ભાર તેમની પાસે વહન કરાવવો. બળદો માટે તો તેઓ જેટલો ભાર સ્વાભાવિક રીતે વહન કરી શકે તેના કરતા પણ કંઇક ઓછો વહન કરાવે. બળદોને હળ, ગાડાં વિગેરેથી પણ યોગ્ય સમયે છૂટા કરી દે. ઘોડા—હાથીઓમાં પણ આ જ વિધિ જાણવી.

(૫) ભોજન—પાણીનો છેદ પણ કોઇનો શ્રાવકે કરવો નહીં, નહીં તો તે જીવ તીવ્ર ભૂખથી કદાચ મરણ પણ પામે. ભક્ત—પાનનો છેદ પણ કારણ—નિષ્કારણ બે પ્રકારે છે. તેમાં નિષ્કારણ ભક્ત—પાનચ્છેદ કરવા દ્વારા થતાં દોષોનો ત્યાગ કરે. (અર્થાત્ નિષ્કારણ છેદ કરે નહીં.) સાપેક્ષ ભક્ત—પાનચ્છેદમાં રોગને દૂર કરવા માટે કે કોઇને સીધો કરવા માટે માત્ર વચનથી એમનેમ બોલે કે – "આજે તને હું ખાવાનું નહીં આપું." અથવા રોગાદિની શાંતિ = શમન માટે ઉપવાસ કરાવે. સર્વત્ર જયણા એ જ કે જે રીતે સ્થૂલકપ્રાણાતિપાતનો અતિચાર ન થાય તે રીતે વર્તવું. અને નિરપેક્ષબંધ વિગેરેમાં લોકનિંદા વિગેરે દોષો કહેવા. આ પ્રમાણે અતિચારસહિત પ્રથમ અણુવ્રત કહ્યું.

**અવતરણિકા :** હવે બીજું અણુવ્રત કહેવાય છે. તેમાં આ સૂત્ર છે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** મૃષાવાદ સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે છે. તેમાં અત્યંત સ્થૂલ વસ્તુસંબંધી અતિદુષ્ટવિવક્ષાથી ઉત્પન્ન થયેલ મૃષાવાદ સ્થૂલ જાણવો. અને તેનાથી વિપરીત એટલે કે અતિસૂક્ષ્મવસ્તુસંબંધી મૃષાવાદ સૂક્ષ્મ જાણવો. સ્થૂલ પોતે જ સ્થૂલક. તથા સ્થૂલક એવો મૃષાવાદ તે

૫૯. उत्तारयति वा भारं एवं वाह्यते, बलिवर्दानां यथा स्वाभाविकादपि भारादूनः क्रियते, हलशकटेष्वपि वेलायां मुञ्चति, अश्वहस्त्यादिष्वप्येष एव विधिः, भक्तपानव्यवच्छेदो न कस्यापि कर्त्तव्यः तीव्रक्षुन्मा म्रियेत तथैवानर्थाय दोषान् परिहरेत्, सापेक्षः पुना रोगनिमित्तं वा वाचा वा भणेत्-अद्य तुभ्यं न तदामीति, शान्तिनिमित्तं वोपवासं कारयेत्, सर्वत्रापि यतना यथा स्थूलप्राणातिपातस्यातिचारो न भवति तथा प्रयतितव्यं, निरपेक्षबन्धादिषु च लोकोपघातादयो दोषा भणितव्याः।

समासः, तं श्रमणोपासकः प्रत्याख्यातीति पूर्ववत्, स च मृषावादः पञ्चविधः प्रज्ञप्तः—पञ्चप्रकारः प्ररूपितस्तीर्थकरगणधरैः, तद्यथेत्युदाहरणोपन्यासार्थः, कन्याविषयमनृतं कन्यानृतं—अभिन्नकन्यकामेव भिन्नकन्यकां वक्ति विपर्ययो वा, एवं गवानृतं अल्पक्षीरामेव गां बहुक्षीरां वक्ति विपर्ययो वा, एवं भूम्यनृतं परसत्कामेवात्मसत्कां वक्ति, व्यवहारे वा नियुक्तोऽनाभवंतव्यवहारस्यैव कस्यचिद् रागाद्यभिभूतो वक्ति—अस्येयमाभवतीति, न्यस्यते—निक्षिप्यत इति न्यासः—रूप्यकाद्यर्प्पणं तस्यापहरणं न्यासापहारः, अदत्तादानरूपत्वादस्य कथं मृषावादत्वमिति ?, उच्यते, अपलपतो मृषावाद इति, कूटसाक्षित्वं उत्कोचमत्सराद्यभिभूतः प्रमाणीकृतः सन् कूटं वक्ति, अविधवाद्यनृतस्यात्रैवान्तर्भावो वेदितव्यः । [६०]मुंसावादे के दोसा ? अकज्जंते वा के गुणा ?, तत्थ दोसा कण्णगं

સ્થૂલકમૃષાવાદ એ પ્રમાણે સમાસ કરવો. આ સ્થૂલમૃષાવાદનું શ્રાવક પ્રત્યાખ્યાન કરે છે. પ્રત્યાખ્યાન શબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો અર્થાત્ શ્રાવક સ્થૂલકમૃષાવાદથી અટકે છે. તીર્થંકર—ગણધરોએ તે મૃષાવાદ પાંચ પ્રકારનો કહ્યો છે.

તે આ પ્રમાણે – (૧) **કન્યાવિષયક મૃષાવાદ :** અખંડિતશીલવાળી કન્યાને ખંડિતશીલવાળી કહે અથવા ખંડિતશીલવાળી કન્યાને અખંડિતશીલવાળી કહે. (૨) **ગાયસંબંધી મૃષાવાદ :** અલ્પ દૂધ આપતી ગાયોને બહુ દૂધ આપે છે એમ કહે અથવા બહુદૂધવાળી ગાયને અલ્પદૂધવાળી કહે. (૩) **ભૂમિસંબંધી મૃષાવાદ :** બીજાની ભૂમિને પોતાની કહે અથવા કોઇ કેસમાં પોતાને નિર્ણાયક તરીકે નિયુક્ત કર્યો હોય ત્યારે જેના પક્ષમાં કેસ ન જીતાતો હોય તેવા જ કોઇના પ્રત્યે પોતે રાગાદિથી યુક્ત હોવાથી બોલે કે – આ ભૂમિ આની માલિકિની છે. (અર્થાત્ તે વ્યક્તિ પ્રત્યેના રાગાદિને કારણે તેની ભૂમિ ન હોવા છતાં તેની કહે.)

(૪) **ન્યાસાપહાર :** જેનું સ્થાપન કરાય તે ન્યાસ અર્થાત્ રૂપિયાઓનું અર્પણ. તેનું અપહરણ તે ન્યાસાપહાર. (અર્થાત્ પોતાની પાસે થાપણ રાખેલા ધનાદિની ચોરી કરવી.) **શંકા :** ન્યાસાપહાર એ અદત્તાદાનરૂપ હોવાથી તેનું મૃષાવાદપણું કેવી રીતે ઘટે ? **સમાધાન :** થાપણ મૂકેલા ધનાદિનો અપલાપ થતો હોવાથી (એટલે કે થાપણ મૂકનાર જ્યારે ધનાદિ પાછા લેવા આવે ત્યારે આ બોલે કે તમે મને ક્યાં કંઇ આપ્યું છે ? હું તમને ઓળખતો પણ નથી વિગેરે રીતે ધનાદિનું હરણ કરવા માટે ખોટું બોલતો હોવાથી) આ મૃષાવાદ છે.

(૫) **કૂટસાક્ષિત્વ :** લાંચ, ઇર્ષા વિગેરેથી યુક્ત પુરુષ જ્યારે સાક્ષી તરીકે બનાવવામાં આવે ત્યારે ખોટું બોલે. (અર્થાત્ ખોટી સાક્ષી આપે.) પતિવ્રતા સ્ત્રી વિગેરે સંબંધી મૃષાવાદનો આ પાંચમાં યથાયોગ્ય સમાવેશ કરી લીધેલો જાણવો. (આમ, પાંચ પ્રકારનો સ્થૂલકમૃષાવાદ કહ્યો.) મૃષાવાદમાં કયા દોષો લાગે ? અથવા મૃષા ન બોલવામાં કયા ગુણો થાય ? તેમાં દોષો આ પ્રમાણે જાણવા કે – કન્યાને અકન્યા બોલનારને (એટલે કે અખંડિતશીલવાળી કન્યાને ખંડિતશીલવાળી બોલનારને) ભોગાંતરાય દોષો થાય છે અથવા સામેવાળી કન્યા દ્વેષ પામતા આત્મહત્યા કરે અથવા બીજા પાસે

६०. मृषावादे के दोषाः ? अक्रियमाणे वा के गुणाः ?, तत्र दोषाः कन्यकां

चेवं[61] अकण्णगं भणंते भोगंतरायदोसा पदुट्ठा वा आतघातं करेज्ज कारवेज्ज वा, एवं सेसेसुवि भाणियव्वा । णासावहारे य पुरोहितोदाहरणम्–सो जधा णमोक्कारे, गुणे उदाहरणं–कोंकणगोसावगो मणुस्सेण भणितो–घोडए णासंते आहणाहित्ति, तेण आहतो मतो य करणं णीतो, पुच्छितो–को ते सक्खी ?, घोडगसामिएण भणियं–एतस्स पुत्तो मे सक्खी, तेण दारएण भणितं–सच्चमेतन्ति, तुट्ठा पूजितो सो, लोगेण य पसंसितो, एवमादिया गुणा मुसावादवेरमणे । इदं चातिचाररहितमनुपालनीयम्, तथा चाह–'थूलगमुसावादवेरमणस्स' व्याख्या–स्थूलकमृषावादविरमणस्य श्रमणोपासकेनामी पञ्चातिचाराः ज्ञातव्याः ज्ञपरिज्ञया न समाचरितव्याः, तद्यथेति पूर्ववत्, सहसा–अनालोच्य अभ्याख्यानं सहसाऽभ्याख्यानं अभिशंसनम्–असदध्यारोपणं, तद्यथा–चौरस्त्वं पारदारिको वेत्यादि, रहः–एकान्तस्तत्र भवं रहस्यं तेन तस्मिन् वा अभ्याख्यानं रहस्याभ्याख्यानं, एतदुक्तं भवति–एकान्ते मन्त्रयमाणान् वक्ति–एते हीदं चेदं च राजापकारित्वादि

પોતાને મારી નખાવે. આ જ પ્રમાણે શેષ ભેદોમાં પણ આ જ દોષો કહેવા. ન્યાસાપહારમાં પુરોહિતનું ઉદાહરણ જાણવું. તે ઉદાહરણ નમસ્કારનિર્યુક્તિમાં (ભા. ૪, પૃ. ૧૪૫માં) કહેલાનુસારે જાણી લેવું. ગુણમાં ઉદાહરણ – એક કોંકણગ શ્રાવક હતો. ઘોડાઓના સ્વામીએ તેને કહ્યું કે – "જો ઘોડા ભાગી જાય તો તારે મારીને તેને અટકાવવા." શ્રાવકે એક ઘોડો ભાગતો હતો એટલે તેને માર્યો પરંતુ તેમાં તે ઘોડો મૃત્યુ પામ્યો. એટલે ઘોડાના સ્વામીએ શ્રાવકને પકડીને ન્યાયાલયમાં લઇ ગયો. ન્યાયાધીશે ઘોડાના સ્વામીને પૂછ્યું કે – "શ્રાવકે ઘોડાને માર્યો છે એમાં કોઇ સાક્ષી છે ?" ઘોડાના સ્વામીએ કહ્યું – "આનો દીકરો જ મારે સાક્ષી છે." ત્યારે પુત્રે મૃષાવાદ બોલવાને બદલે જે સત્ય હકીકત હતી તે કહીં. બધા લોકો પુત્રની સત્યવાદીતા ઉપર ખુશ થયા. તેની પૂજા થઇ. લોકોએ પણ તેની પ્રશંસા કરી. આવા બધા પ્રકારના ગુણો મૃષાવાદથી અટકવામાં થાય છે.

આ બીજું વ્રત અતિચાર વિના પાલવું જોઇએ. તે જ વાત મૂળમાં કહી છે કે 'થૂલગ...' આ સૂત્રની વ્યાખ્યા – શ્રાવકે સ્થૂલકમૃષાવાદથી વિરતિના આ પાંચ અતિચારો જ્ઞપરિજ્ઞાવડે જાણવા પરંતુ આચરવા નહીં. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે–(૧) વિચાર્યા વિના ખોટું આળ ચઢાવવું તે **સહસાઅભ્યાખ્યાન**. તે આ પ્રમાણે–તું ચોર છે અથવા તું પરસ્ત્રીલંપટ છે, વિગેરે. (૨) **રહસ્યઅભ્યાખ્યાન** : રહસ્ એટલે એકાન્ત. તેમાં જે થયેલું હોય તે રહસ્ય. તેનાવડે અથવા તેના વિશે જે અભ્યાખ્યાન તે રહસ્યાભ્યાખ્યાન. ભાવાર્થ એ છે કે–એકાન્તમાં મંત્રણા કરતા એવા લોકો માટે બોલે કે–આ લોકો આ આ રાજઅપકારિત્વ વિગેરેની (એટલે કે રાજા વિરુદ્ધ થવાની વિગેરે) વિચારણા કરી રહ્યા છે.

૬૧. चैवाकन्यकां भणति भोगान्तरायदोषाः प्रद्विष्टा वाऽऽत्मघातं कुर्यात्कारयेद्वा, एवं शेषेष्वपि भणितव्याः । न्यासापहारे च पुरोहितोदाहरणं-स यथा नमस्कारे, गुणे उदाहरणं-कोङ्कणकश्रावको मनुष्येण भणितः-घोटकं नश्यन्तं आजहि इति, तेनाहतो मृतश्च करणं नीतः, पृष्टः-कस्तव साक्षी ?, घोटकस्वामिकेन भणितं-एतस्य पुत्रो मे साक्षी, तेन दारकेण भणितं-सत्यमेतदिति तुष्टाः ( सभ्याः ) पूजितः सः, लोकेन च प्रशंसितः, एवमादिका गुणा मृषावादविरमणे ।

मन्त्रयन्ति, स्वदारे मन्त्रभेदः स्वदारमन्त्रवेदः—स्वदारमन्त्रप्रकाशनं स्वकलत्रविश्रब्धविशिष्टावस्था-मन्त्रितान्यकथनमित्यर्थः, मृषोपदेशः असदुपदेश इत्यर्थः, कूटम्—असद्भूतं लिख्यत इति लेखः तस्य करणं—क्रिया कूटलेखक्रिया—कूटलेखकरणं अन्यमुद्राक्षरबिम्बस्वरूपलेखकरणमित्यर्थः, एतानि समाचरन्नतिचरति द्वितीयाणुव्रतमिति, तथापायाः प्रदर्श्यन्ते, '[62]सहसऽब्भक्खाणं खोलपुरिसो सुणेज्जा सो वा इतरो वा मारिज्जेज्ज वा, डंडिज्जेज्ज वा एवंगुणो एसत्ति, भएणं अप्पाणं तं वा विराधेज्जा, एवं रहस्सब्भक्खाणेऽवि, सदारमंतभेदे जो अप्पणो भज्जाए सद्धिं जाणि रहस्से बोल्लित्ताणि ताणि अण्णेसिं पगासेति पच्छा सा लज्जिता अप्पाणं परं वा मारेज्जा, तत्थ उदाहरणम्—मथुरावाणिगो दिसीयत्ताए गतो, भज्जा सो जाधे ण एति ताधे बारसमे वरिसे अण्णेण समं घडिता, सो आगतो, रत्तिं अन्नायवेसेण कप्पडियत्तणेण पविसति, ताणं तद्दिवसं

(૩) **સ્વાદારમંત્રભેદ :** પોતાની પત્ની વિશે જે મંત્રભેદ તે સ્વદારમંત્રભેદ, અર્થાત્ પોતાની પત્નીએ વિશ્વાસપૂર્વક પોતાની વિશિષ્ટ કોઇ અવસ્થાની જે વાત કરી હોય તે વાત બીજાને કહી દેવી. (૪) **મૃષા—ઉપદેશ :** અર્થાત્ ખોટો ઉપદેશ આપવો. (૫) **કૂટલેખકરણ :** કૂટ એટલે ખોટું, જે લખાય તે લેખ, અને કરણ એટલે ક્રિયા. તેથી બીજી વ્યક્તિની સહિ, અક્ષર જેવા સ્વરૂપવાળા અક્ષર, સહિ કરવા તે કૂટલેખકરણ. આ પાંચ અતિચારોને આચરતો જીવ બીજા અણુવ્રતમાં અતિચાર લગાડે છે. હવે અપાયોને બતાવે છે. કોઇ ખોલપુરુષે = [62]રાજપુરુષવિશેષે સહસા—અભ્યાખ્યાનના વચનો સાંભળ્યા. તેમાં જો તે વાત સાચી હોય તો 'તું ચોર છે' એ પ્રમાણેનું અભ્યાખ્યાન જેને આપ્યું છે તે પુરુષને પકડીને રાજપુરુષ રાજા પાસે લઇ જાય અને ત્યાં રાજાદ્વારા મરાવે કે દંડ અપાવે. અને જો એ વાત અસત્ય હોય તો અભ્યાખ્યાન આપનાર ઉપર જ 'આ જ આવા પ્રકારનો = ચોર વિગેરે છે' એમ વિચારી રાજપુરુષ તેને મારે અથવા દંડ કરે. (અથવા) તે અભ્યાખ્યાનના વચનો રાજપુરુષે સાંભળી લીધા હોય તો તેઓના ભયથી અભ્યાખ્યેયપુરુષ પોતાને મારી નાખે કે પછી અભ્યાખ્યાન આપનારને મારી નાખે. આ જ પ્રમાણેના દોષો રહસ્યાભ્યાખ્યાનમાં પણ જાણી લેવા.

સ્વદારમંત્રભેદમાં જો પુરુષ પોતાની પત્ની સાથે એકાન્તમાં જે વાતચીત થઇ હતી તે બીજાને કહે ત્યારે તે પત્ની લજ્જા પામેલી પોતાની જાતને કે સામેવાળાને મારી નાખે. તેમાં ઉદાહરણ આ પ્રમાણે જાણવું — મથુરાનગરીનો વેપારી એકવાર દિગ્યાત્રા (દેશાટન) માટે નીકળ્યો. તે ઘણા સમય પછી પણ જ્યારે પાછો આવતો નથી ત્યારે તેની પત્નીએ બારમાં વર્ષે બીજા પુરુષ સાથે સંબંધો બાંધ્યા. બીજી બાજુ તે વેપારી દિગ્યાત્રાથી પાછો ફર્યો. પત્નીની પરીક્ષા માટે તે રાત્રિના સમયે અજ્ઞાતવેષ ધારણ કરીને ભિક્ષાચર તરીકે ઘરમાં પ્રવેશ કરે છે. તે દિવસે તે બંને જણા સાથે જમવાના હતા.

६२. सहसाऽभ्याख्यानं राजपुरुषः शृणुयात् स वेतरो वा मार्यते दण्डयते वा एवंगुणः एष इति, भयेनात्मानं तं वा विराधयेत्, एवं रहोऽभ्याख्यानेऽपि, स्वदारमन्त्रभेदे य आत्मनो भार्यया समं यानि रहसि उक्तानि तान्यन्येषां प्रकाशयति पश्चात्, सा लज्जिताऽऽत्मानं परं वा मारयेत्, तत्रोदाहरणं-मथुरावणिक् दिग्यात्रायै गतः, भार्या तस्य यदा नायाति तदा द्वादशे वर्षेऽन्येन समं स्थिता, स आगतः, रात्रौ अज्ञातवेषेण कार्पटिकत्वेन प्रविशति, तयोस्तद्दिवसे

[६३]पैंगतं, कप्पडिओ य मग्गति, तीए य वहितव्वगं खज्जगादि, ताधे णियगपतिं वहावेति, अण्णातचज्जाए ताधे पुणरवि गंतुं महता रिद्धीए आगतो सयणाण समं मिलितो, परोवदेसेण वयस्साण सव्वं कधेति, ताए अप्पा मारितो । मोसुवदेसे परिव्वायगो मणुस्सं भणति–किं किलिस्ससि ?, अहं ते जदि रुच्चति णिसण्णो चेव दव्वं विढवावेमि जाहि किराडयं उच्छिण्णं

ભિક્ષાચરે ભિક્ષા માંગી. તેણીને ખાજા (ખાદ્ય વિશેષ) વિગેરે અન્ય સ્થાને લઇ જવાના હતા. (ચૂર્ણિના આધારે દૃષ્ટાન્ત સ્પષ્ટ કરાય છે – અર્થાત્ પોતાના ઘરે જે રસોઇ બનાવી હતી તેમાંની ખાજા વિગેરે અમુક સુંદર વસ્તુઓ તે પોતાના પ્રેમી માટે લઇ જવા માંગતી હતી.

તેથી તેણીએ આ ભિક્ષાચરને કહ્યું – "જો તું મારું એક કામ કરીશ તો હું તને સારી ભિક્ષા આપીશ." ભિક્ષાચરે વાત સ્વીકારી.) એટલે તેની પત્ની ખાજા વિગેરે દ્રવ્યોને એક વસ્ત્રાદિમાં બાંધીને પોતાના ભિક્ષાચર બનેલા પતિના ખભા ઉપર મૂકી પ્રેમીના ઘરે લઇ જાય છે. (ત્યાં પહોંચ્યા પછી પત્ની ભિક્ષાચરને કહે છે કે – "તું મારા ઘરે જા અને હું ન આવું ત્યાં સુધી તું મારા ઘરનું રક્ષણ કરજે." ભિક્ષાચર ત્યાંથી નીકળવાને બદલે ત્યાં જ છુપાઇને પત્ની તે પ્રેમી સાથે શું કરે છે ? વિગરે બધું જાણી લઇને) અજ્ઞાતવેષમાં જ ત્યાંથી નીકળી જાય છે.

ત્યાર પછી બીજા દિવસે ફરીથી મોટી ઋદ્ધિ સાથે હવે પોતાના વેપારીના વેષમાં જ તે ઘરે આવે છે અને ઘરે આવેલો તે સ્વજનો સાથે મળે છે. (સ્વજનો, મિત્રો વિગેરે આટલા વર્ષ બાદ પાછા આવેલા વેપારીને ત્યાં શું જોયું ? શું કર્યું ? વિગેરે સમાચારો પૂછે છે. ત્યારે પોતાની પત્નીનો આગલી રાતે જોયેલો પ્રસંગ) બીજાના બહાનાથી પોતાના મિત્રોને તે બધી વાત કરે છે. (આ બધી વાત પોતાની પત્ની સાંભળે છે અને તે જાણી જાય છે કે મારી પોલ પતિએ જાણી લીધી છે.) તેણીએ આત્મહત્યા કરી.

મૃષોપદેશમાં પરિવ્રાજકનું દૃષ્ટાન્ત જાણવું. (આ દૃષ્ટાન્ત ચૂર્ણિના આધારે સ્પષ્ટ કરાય છે.) એક ચોરે નંદાવર્તના આકારે ખાતર પાડ્યું. બીજા દિવસે લોકો ત્યાં ભેગા થયા. ચોરની આ કળાની પ્રશંસા કરે છે. તે સમયે ચોર પણ ત્યાં જ ઊભો હોય છે. ત્યાં જ ઊભા રહેલા એક પરિવ્રાજકે લોકોને કહ્યું – "તમે શું ભેગા થઇને ચોરની મૂર્ખતાની પ્રશંસા કરો છો ?" ચોર આ વાત સાંભળીને આશ્ચર્ય પામ્યો. તેથી તેણે એકાન્તમાં પરિવ્રાજકને ચોરને મુર્ખ કહેવાનું કારણ પૂછ્યું. ત્યારે પરિવ્રાજકે કહ્યું – "તું આ રીતે કરીશ તો ક્યારેક પકડાઇ જઇશ અને રાજા તને મારી નાખશે. તું આ રીતે ચોરીના કામથી નકામો દુ:ખી કેમ થાય છે ? તેના કરતા જો તને ગમે તો હું તને બેઠા–બેઠા જ ઉપાયથી, દ્રવ્ય=ધન ભેગું કરી આપું. ચોરે પૂછ્યું – "કયો ઉપાય છે ?" ત્યારે પરિવ્રાજકે કહ્યું – "હું અમુક વેપારીના દુકાને જઇને બેસીશ, તું પાછળથી ત્યાં આવજે. જ્યારે તે વેપારી ઘરાકો સાથેની લેવડ–

६३. प्रकृतं, कार्पटिकश्च मार्गयति, तस्याश्च वहनीयं खाद्यकादि, तदा निजकपतिं वाहयति, अज्ञातचर्यया तदा पुनरपि गत्वा महत्या ऋद्ध्या आगतः स्वजनैः समं मिलति, परोपदेशेन वयस्यानां कथयति सर्वं, तयाऽऽत्मा मारितः । मृषोपदेशे परिव्राजको मनुष्यं भणति-किं क्लिश्यसि ?, अहं ते यदि रोचते निषण्ण एव द्रव्यमुपार्जयामि, याहि वणिजं उच्छिन्नं

[६४]मग्गाहि, पच्छा कालुद्देसेहिं मग्गेज्जासि, जाधे य वाउलो जणदाणगहणेण ताधे भणिज्जासि, सो तधेव भणति, जाधे विसंवदति ताधे ममं सक्खिं उद्दिसेज्जत्ति, एवं करणे ओहारितो जितो दवावितो य, कूडलेहकरणे भइरवी अण्णे य उदाहरणा । उक्तं सातिचारं द्वितीयाणुव्रतं, अधुना तृतीयं प्रतिपादयन्नाह –

**थूलगअदत्तादाणं समणोवासगा पच्चक्खाति, से य अदिन्नादाणे दुविहे पन्नत्ते, तंजहा–सचित्तादत्तादाणे अचित्तादत्तादाणे अ । थूलादत्तादाणवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, तंजहा–तेनाहडे तक्करपओगे विरुद्धरज्जाइक्कमणे कूडतुलकूडमाणे तप्पडिरूवगववहारे ३ ॥**

अस्य व्याख्या–अदत्तादानं द्विविधं–स्थूलं सूक्ष्मं च, तत्र परिस्थूलविषयं चौर्यारोपणहेतुत्वेन ★प्रसिद्धमतिदुष्टाध्यवसायपूर्वकं स्थूलं, विपरीतमितरत्, स्थूलमेव स्थूलकं स्थूलकं च तत् अदत्तादानं चेति समासः, तच्छ्रमणोपासकः प्रत्याख्यातीति पूर्ववत्, सेशब्दः मागधदेशीप्रसिद्धो निपातस्त-

દેવડમાં વ્યાકુલ હોય ત્યારે તારે તેને કહેવું કે – "મેં તમને જે ઉછીના પૈસા આપ્યા હતા તે આપો." તે ઘરાકીમાં વ્યાકુલ હોવાથી તને કોઇ પ્રત્યુત્તર આપશે નહીં. ત્યાર પછી તારે કાલોદ્દેશવડે ઊછીના પૈસા માંગવા અર્થાત્ રોજે–રોજ આવીને સામાન્યથી તારે તેને કહેવું કે – ભાઇ ! મારા પૈસા આપો, ભાઇ ! મારા પૈસા પાછા આપો." તારી આ માંગણી લોકો પણ સાંભળશે. આ રીતે તારે રોજ જ્યારે તે વેપારી લોકો સાથેના લેવડ–દેવડમાં વ્યાકુલ હોય ત્યારે પૈસાની માંગણી કરવી.

તે ચોર એ જ પ્રમાણે રોજે રોજ માંગણી કરે છે. જ્યારે વેપારી તને એમ કહે છે કે – "મેં તારી પાસેથી કોઇ પૈસા લીધા નથી." ત્યારે તારે મને સાક્ષી બનાવવો. તે વેપારીને રાજકુલમાં લઇ જવો એટલે ત્યાં હું સાક્ષી આપીશ." ચોરે તે જ પ્રમાણે કરતા તે વેપારી હાર્યો અને પૈસા અપાવડાવ્યા. કૂટલેખકરણમાં ભૈરવી (?) અને બીજા ઉદાહરણો જાણવા.

**અવતરણિકા :** અતિચાર સહિત બીજું વ્રત કહ્યું. હવે ત્રીજા વ્રતનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અદત્તાદાન સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે છે. જે અદત્તાદાન પરિસ્થૂલવસ્તુવિષયક છે, ચોરીનો આરોપ થાય તેના કારણ તરીકે જે પ્રસિદ્ધ છે (અર્થાત્ જે વસ્તુ ચોરવાથી લોકો 'આ ચોર છે' એવું બોલતા હોય તે વસ્તુવિષયક) અતિદુષ્ટ અધ્યવસાયપૂર્વક થતું અદત્તાદાન સ્થૂલઅદત્તાદાન જાણવું. તેનાથી જે વપરીત છે તે સૂક્ષ્મઅદત્તાદાન જાણવું. સ્થૂલ પોતે જ સ્થૂલક. અને સ્થૂલક એવું જે અદત્તાદાન તે સ્થૂલકાદત્તાદાન એ પ્રમાણે સમાસ જાણવો. શ્રાવક આ સ્થૂલાદત્તાદાનનું પ્રત્યાખ્યાન કરે છે એમ પૂર્વની જેમ જાણવું. મૂળમાં 'से' શબ્દ મગધદેશની ભાષામાં પ્રસિદ્ધ છે કે જે 'तद्' શબ્દના અર્થમાં વપરાય છે.

६४. मार्गय, पश्चात् कालोद्देशे मार्ग्यसे, यदा च व्याकुलो जनदानग्रहणेन तदा भणेः, स तथैव भणति, यदा विसंवदति तदा मां साक्षिणमुद्दिशेरिति, एवं करणेऽपि अपहारितः, जितो दापितश्च, कूटलेखकरणे भैरवी अन्ये चोदाहरणानि । ★ 'प्रतिषिद्ध' - पूर्वमुद्रिते ।

च्छब्दार्थः, तच्चादत्तादानं द्विविधं प्रज्ञप्तं–तीर्थकरगणधरैर्द्विप्रकारं प्ररूपितमित्यर्थः, तद्यथेति पूर्ववत्, सह चित्तेन सचित्तं–द्विपदादिलक्षणं वस्तु तस्य क्षेत्रादौ सुन्यस्तदुर्न्यस्तविस्मृतस्य स्वामिनाऽदत्तस्य चौर्यबुद्ध्याऽऽदानं सचित्तादत्तादानं, आदानमिति ग्रहणं, अचित्तं–वस्त्रकनकरत्नादि तस्यापि क्षेत्रादौ सुन्यस्तदुर्न्यस्तविस्मृतस्य स्वामिनाऽदत्तस्य चौर्यबुद्ध्याऽऽदानमचित्तादत्तादानमिति, अदत्तादाने के दोषाः ?, ॅकज्जंते वा के गुणा ?, एत्थ इमं चेवोदाहरणम्–जधा एगा गोट्ठी, सावगोऽवि ताए गोट्ठीए, एगत्थ य पगरणं वट्टति, जणे गते गोट्ठील्लएहिं घरं पेल्लितं, थेरीए एक्केक्को मोरपिच्छेण पाएसु पडंतीए अंकितो, पभाए रण्णो णिवेदितं, राया भणति–कथं ते जाणियव्वा ?, थेरी भणति–एते पादेसु अंकिता, णगरसमागमे दिट्ठा, दो तिण्णि चत्तारि सव्वा गोट्ठी गहिता, एगो

તીર્થંકર-ગણધરોએ તે અદત્તાદાન બે પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે – સચિત્ત અદત્તાદાન અને અચિત્ત અદત્તાદાન. તેમાં સચિત્ત એટલે કે ચિત્તવાળી = ચેતનાવાળી દ્વિપદ વિગેરેરૂપ વસ્તુ. ખેતર વિગેરેમાં સારી રીતે મૂકેલી કે ગમે તેમ મૂકેલી કે ભૂલાઇ ગયેલી એવી સચિત્ત વસ્તુ કે જે સ્વામીએ પોતાને આપી નથી એવી અદત્ત સચિત્ત વસ્તુને ચોરીની બુદ્ધિથી ગ્રહણ કરવી તે સચિત્ત અદત્તાદાન કહેવાય છે. અહીં આદાન એટલે ગ્રહણ અર્થ કરવો. એ જ પ્રમાણે ખેતર વિગેરેમાં સારી રીતે મૂકેલી, ગમે તેમ મૂકેલી કે ભૂલાઇ ગયેલી એવી વસ્ત્ર, સુવર્ણ, રત્ન વિગેરે અચિત્ત વસ્તુ કે જે સ્વામીએ પોતાને આપી નથી તેવી અદત્ત અચિત્ત વસ્તુને ગ્રહણ કરવી તે અચિત્ત અદત્તાદાન કહેવાય છે.

અદત્તાદાનમાં કયા દોષો છે ? કે અદત્તાદાનના વિરમણમાં કયા ગુણો છે ? અહીં ગુણ–દોષ બંનેમાં આ ઉદાહરણ જાણવું – એક ગોષ્ઠિ (= સમાન ઊંમરવાળાઓની ટોળકી) હતી. ગોષ્ઠિમાં એક શ્રાવક પણ હતો. એક સ્થાને કોઇ પ્રસંગ ચાલતો હતો. જેથી ઘણા લોકો ત્યાં ભેગા થયા હતા. જ્યારે બધા લોકો ઘરમાંથી નીકળી ગયા. ત્યારે તે ગોષ્ઠિના યુવાનોએ ઘરને લૂંટી લીધું. (તે સમયે તે શ્રાવક ઘરને લૂંટવા ઇચ્છતો નહોતો.) ઘરમાં એક ડોશી હતી. તેની પાસે એક મોરપિંછ હતું. જ્યારે યુવાનો ઘરમાં આવ્યા ત્યારે ડોશીએ દરેકના પગમાં પડતા 'મને મારતા નહીં' એમ બોલતા–બોલતા તે મોરપિંછાથી દરેકના પગમાં અમુક નિશાની કરી.

બીજા દિવસે સવારે ડોશીએ રાજાને વાત કરી. રાજાએ પૂછ્યું – "તે યુવાનોને કેવી રીતે ઓળખવા ?" ડોશીએ કહ્યું – "મેં તેઓના પગમાં અમુક ચિહ્નો કર્યા છે." રાજાએ નગરના દરેક યુવાનોને બોલાવ્યા. તેમાં ડોશીએ ચિહ્નો ઉપરથી તે યુવાનોને દેખાડ્યા. બે, ત્રણ, ચાર એમ કરતા–કરતા આખી ટોળકીને પકડી લીધી. તેમાં એક શ્રાવકે કહ્યું – "મેં ચોરી કરી નથી. ( તે સમયે મારી

६५. अक्रियमाणे वा के गुणाः ?, अत्रेदमेवोदाहरणं-यथैका गोष्ठी, श्रावकोऽपि तस्यां गोष्ठ्यां, एकत्र च प्रकरणं वर्त्तते, जने गते गोष्ठीकैर्गृहं लुण्टितं, स्थविरयैकैको मयूरपिच्छेण पादेषु पतन्त्याऽङ्कितः, प्रभाते राज्ञो निवेदितं, राजा भणति-कथं ते ज्ञातव्याः ?, स्थविरा भणति-एते पादेष्वङ्किताः, नगरसमागमे दृष्टाः, द्वौ त्रयः सर्वा गोष्ठी गृहीता, एकः

[६६]सावगो भणति–ण हरामि ण लंछितो य, तेहिंवि भणितं–ण एस हरति मुक्को, इतरे सासिता, अविय सावयेण गोट्ठिं ण पविसितव्वं, जं किंचिवि पयोयणेण पविसति ता ओहारगं हिंसादि ण देति, ण य तेसिं आयोगठाणेसु ठाति । इदं चातिचाररहितमनुपालनीयं, तथा चाह 'थूलगे'त्यादि– स्थूलादत्तादानविरमणस्य श्रमणोपासकेनामी पञ्चातीचारा ज्ञातव्याः, न समाचरितव्याः, तद्यथा– स्तेनाहृतं, स्तेनाः–चौरास्तैराहृतं–आनीतं किञ्चित् कुङ्कुमादि देशान्तरात् स्तेनाहृतं तत् समर्घमिति लोभाद् गृह्णतोऽतिचारः, तस्कराः–चौरास्तेषां प्रयोगः–हरणक्रियायां प्रेरणमभ्यनुज्ञा तस्करप्रयोगः, तान् प्रयुङ्क्ते–हरत यूयमिति, विरुद्धनृपयोर्यद् राज्यं विरुद्धराज्यं तस्यातिक्रमः–अतिलङ्घनं विरुद्धराज्यातिक्रमः, न हि ताभ्यां तत्र तत्रातिक्रमोऽनुज्ञातः, 'कूटतुलाकूटमानं' तुला प्रतीता मानं–कुडवादि, कूटत्वं–न्यूनाधिकत्वं, न्यूनया ददतोऽधिकया गृह्णतोऽतिचारः, तेन–अधिकृतेन

ચોરી કરવાની ઇચ્છા નહોતી એટલે હું ડોશીના ઘરે ગયો પણ નહોતો તેથી) મને ચિહ્ન પણ થયું નથી." ટોળકીના યુવાનોએ પણ કહ્યું કે – "એને ચોરી કરી નથી." રાજાએ તેને છોડી મૂક્યો. જ્યારે બીજા યુવાનોને દંડ થયો. પ્રથમ તો શ્રાવકે આવી ટોળકીમાં પ્રવેશ જ કરવો જોઇએ નહીં. કદાચ કોઇ કારણે પ્રવેશ કરે તો પણ તેઓને (ii)તલવાર, ભાલો વિગેરે હિંસાના સાધનો અને આદિશબ્દથી પોતાના ઘરે ભોજન વિગેરે આપે નહીં. અને જ્યાં તે ચોરોએ ખાતર વિગેરે પાડ્યા હોય તેવા આયોગસ્થાનોમાં = (ii)લાભસ્થાનોમાં ઊભો પણ રહે નહીં.

આ વ્રત અતિચાર વિના પાલવું જોઇએ. આ જ વાત મૂળમાં કહી છે – 'थूलग...' વિગેરે. શ્રાવકે સ્થૂલકઅદત્તાદાનની વિરતિના આ પાંચ અતિચારો જ્ઞાનથી જાણવા પરંતુ આચારણ કરવા નહીં. તે પાંચ અતિચારો આ પ્રમાણે જાણવા – (૧) **સ્તેનાહૃત** : સ્તેન એટલે ચોરો. તેઓવડે દેશાન્તરમાંથી ચોરીને લાવેલ કેસર વિગેરે કોઇ વસ્તુ તે સ્તેનાહૃત જાણવું. આ ઘણી મોંઘી વસ્તુ ચોરીનો માલ હોવાથી મને સસ્તામાં મળી જશે એવા લોભથી ગ્રહણ કરનાર શ્રાવકને અદત્તાદાનનો અતિચાર લાગે છે.

(૨) **તસ્કરપ્રયોગ** : તસ્કર એટલે ચોરો. તેઓને ચોરી કરવા માટેની પ્રેરણા = અનુજ્ઞા તે તસ્કર પ્રયોગ, અર્થાત્ 'તમે ચોરી કરો' એ પ્રમાણેની પ્રેરણા કરવી. (૩) **વિરુદ્ધરાજયાતિક્રમ** : પરસ્પર વિરુદ્ધ એવા બે રાજાઓનું જે રાજય તે વિરુદ્ધરાજય. તેનો અતિક્રમ એટલે કે ઓળંગવું તે વિરુદ્ધરાજયાતિક્રમ, અર્થાત્ તે બંને રાજાઓએ પોત–પોતાના રાજયની બહાર જવાની અનુજ્ઞા આપી ન હોય. તેથી રાજયને ઓળંગીને વિરુદ્ધ એવા રાજાના રાજયમાં જે જાય છે તેને અદત્તાદાનનો અતિચાર લાગે છે. (૪) **કૂટતુલા–કૂટમાન** : તુલા = ત્રાજવું, માન = કુડવ વિગેરે માપિયા. કૂટત્વ = ન્યૂનાધિકત્વ, સામેવાળાને ઓછું આપે, વધારે ગ્રહણ કરે તો આ અતિચાર લાગે છે.

६६. श्रावको भणति-न मुष्णामि न च लाञ्छितः, तैरपि भणितं-नैव मुष्णाति मुक्तः, इतरे शासिताः, अपि च श्रावकेण गोष्ट्यां न प्रवेष्टव्यं, यत् केनापि प्रयोजनेन प्रविशति तदा द्रव्यं हिंस्राणि न ददाति न च तेषामायोगस्थानेषु तिष्ठति ।

प्रतिरूपकं—सदृशं तत्प्रतिरूपकं तस्य विविधमवहरणं व्यवहारः—प्रक्षेपस्तत्प्रतिरूपकव्यवहारः, यद्यत्र घटते व्रीह्यादिघृतादिषु पलञ्जीवसादि तस्य प्रक्षेप इतियावत्, तत्प्रतिरूपकेण वा वसादिना व्यवहरणं तत्प्रतिरूपकव्यवहारः, एतानि समाचरन्नतिचरति तृतीयाणुव्रतमिति । दोसा[६७] पुण तेणाहडगहितं राया वियाणिज्जा, सामी वा पच्चभिजाणेज्जा ततो दंडेज्ज वा मारेज्ज वा इत्यादयः, शेषेष्वपि वक्तव्याः । उक्तं सातिचारं तृतीयाणुव्रतं, इदानीं चतुर्थमुपदर्शयन्नाह —

**परदारगमणं समणो० पच्चक्खाति सदारसंतोसं वा पडिवज्जइ, से य परदारगमणे दुविहे पन्नत्ते, तंजहा—ओरालियपरदारगमणे वेउव्वियपरदारगमणे, सदारसंतोसस्स समणोवा० इमे पंच०, तंजहा—इत्तरियपरिग्गहियागमणे अपरिगहियागमणे अणंगकीडा परवीवाहकरणे कामभोगतिव्वाभिलासे ४ ॥ ( सू० )**

व्याख्या—आत्मव्यतिरिक्तो योऽन्यः स परस्तस्य दाराः—कलत्रं परदारास्तेषु गमनं परदारगमनं, गमनमासेवनरूपतया द्रष्टव्यं, श्रमणोपासकः प्रत्याख्यातीति पूर्ववत्, स्वकीया दाराः स्वदाराः । स्वकलत्रमित्यर्थः, तेन तस्मिन् वा संतोषः स्वदारसन्तोषः तं वा प्रतिपद्यते, इयमत्र भावना— परदारगमनप्रत्याख्याता यास्वेव परदारशब्दः प्रवर्त्तते, ताभ्य एव निवर्तते स्वदारसन्तुष्ट-स्त्वेकानेकस्वदारव्यतिरिक्ताभ्यः सर्वाभ्य एवेति, सेशब्दः पूर्ववत्, तच्च परदारगमनं द्विविधं

---

(૫) **તત્પ્રતિરૂપકવ્યવહાર** : તત્ એટલે કે વિવક્ષિત વસ્તુ, પ્રતિરૂપક = તેના જેવું, અર્થાત્ વિવક્ષિત વસ્તુ જેવી અન્ય વસ્તુ તે તત્પ્રતિરૂપક, તેનો વ્યવહાર—એટલે કે તેનો ઉમેરો કરવો. જે વસ્તુ જે ચોખા વિગેરેમાં કે ઘી વિગેરેમાં નખાતી હોય તે પલંજી, ચરબી વિગેરેનો ઉમેરો કરવો. તે તત્પ્રતિરૂપક—વ્યવહાર જાણવો (અર્થાત્ સારી ગુણવત્તાના ચોખામાં તેના જેવા જ પલંજી વિગેરે અમુક હલકા ચોખાની જાત ઉમેરીને તે ચોખા વેચવા. એ જ પ્રમાણે ઘીમાં ઘી જેવી જ ચરબી વિગેરે નાખીને ઘી વેચવું.) આ બધાનું આચરણ કરતો શ્રાવક ત્રીજા અણુવ્રતમાં અતિચાર લગાડે છે. દોષો આ પ્રમાણે કે – સ્તેનાહૃત ગ્રહણ કરેલું રાજા જાણે કે તે વસ્તુનો સ્વામી 'આ મારી વસ્તુ છે કે જે ચોરોએ ચોરી હતી' એમ પોતાની વસ્તુને ઓળખે, તો રાજા કે સ્વામી શ્રાવકને દંડ કરે કે મારે વિગેરે દોષો થાય. આ જ પ્રમાણે શેષ અતિચારોમાં પણ દોષો જાણી લેવા.

**અવતરણિકા** : અતિચારસહિત ત્રીજું અણુવ્રત કહ્યું. હવે ચોથા અણુવ્રતને દેખાડતા કહે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : પોતાના સિવાયનો જે અન્ય છે તે પર તરીકે જાણવો. તે પરવ્યક્તિની પત્ની તે પરદારા. બીજાની પત્નીઓને વિશે જે ગમન તે પરદારાગમન. અહીં ગમન એટલે આસેવન જાણવું. શ્રાવક પરાદારાગમનનું પ્રત્યાખ્યાન કરે છે. અથવા પોતાની પત્નીથી કે પોતાની પત્નીને વિશે જે સંતોષ છે તેને સ્વીકારે છે. ભાવાર્થ આ પ્રમાણે જાણવો – પરદારાગમનનું પ્રત્યાખ્યાન કરનાર શ્રાવક જે સ્ત્રીઓ માટે 'પરદારા' શબ્દ વપરાતો હોય તે સ્ત્રીઓથી જ અટકે છે. જ્યારે સ્વદારાસંતોષનું પ્રત્યાખ્યાન લેનાર પોતાની એક—અનેક પત્ની સિવાયની તમામ સ્ત્રીઓથી અટકે છે.

---

६७. दोषाः पुनः स्तेनाहृते गृहीते राजाविजानीयात्, स्वामी वा प्रत्यभिजानीयात् ततो दण्डयेत् मारयेद्वा,

प्रज्ञप्तं, तद्यथेति पूर्ववत्, औदारिकपरदारगमनं–स्त्र्यादिगमनं वैक्रियपरदारगमनं–देवाङ्गनागमनं, [68]तत्थ चउत्थे अणुव्वते सामण्णेण अणियत्तस्स दोसा–मातरमवि गच्छेज्जा, उदाहरणं–गिरिणगरे तिण्णि वयंसियाओ उज्जेंतं गताओ, चोरेहिं गहिताओ, णेत्तुं पारसकूले विक्कीतातो, ताण पुत्ता डहरगा घरेसु उज्झियता, तेवि मित्ता जाता, मातासिणेहेण वाणिज्जेणं गता पारसउलं, ताओ य गणियाओ सहदेसियाउत्ति भाडिं देंति, तेवि संपत्तीए सयाहिं सयाहि गया, एगो सावगो, ताहिं अप्पणीयाहि मातीहिं समं वुच्छा, सड्ढो णेच्छति, महिला अणिच्छं णातुं तुण्हिक्का अच्छति, सड्ढो भणाति–कातो तुब्भे आणीता ?, ताए सिट्ठं, तेण भणितं–अम्हे चेव ते तुम्हे पुत्ता, इयरेसिं सिट्ठं मोइया पव्वइता, एते अणिवित्ताणं दोसा । बिदियं–धूताएवि समं वसेज्जा, जधा गुव्विणीए

'से' શબ્દ પૂર્વની જેમ 'તત્' શબ્દના અર્થમાં જાણવો. તીર્થંકર–ગણધરોએ તે પરદારાગમન બે પ્રકારનું કહ્યું છે – (૧) ઔદારિક પરદારાગમન=મનુષ્યસ્ત્રી વિગેરેનું ગમન, અને (૨) વૈક્રિયપરદારાગમન = દેવાંગનાનું ગમન. તેમાં સામાન્યથી પણ જે ચોથા વ્રતથી અટક્યો નથી તેને દોષો એ થાય કે તે જીવ પોતાની માતાનું પણ સેવન કરી બેસે. ઉદાહરણ – ગિરિનગરમાં રહેનારી ત્રણ સખીઓ ઉજ્જયિનીનગરીમાં ગઇ. ત્યાં ચોરોએ તેઓને પકડી લીધી અને લઇ જઇને પારસકુળમાં વેચી દીધી. ત્રણે સ્ત્રીઓના નાના દીકરાઓ ઘરમાં રહી ગયા. તેઓ પણ પરસ્પર મિત્ર થયા. માતા પ્રત્યેના સ્નેહને કારણે પારસકુળનગરમાં વેપાર માટે ત્રણે મિત્રો આવ્યા. આ બાજું ત્રણે સ્ત્રીઓ વેશ્યા બની ગઇ હતી. ત્રણે મિત્રો આ આપણા દેશની જ સ્ત્રીઓ છે એમ વિચારી ત્રણે સ્ત્રીઓને ભાડું આપે છે.

ત્રણે મિત્રો ભવિતવ્યતાથી પોત–પોતાની માતા પાસે જ ગયા. તેમાં એક શ્રાવક હતો. ત્રણે મિત્રો પોત–પોતાની માતા સાથે રહ્યા. તેમાં શ્રાવક તે મહિલા સાથે અકૃત્ય કરવા ઇચ્છતો નથી. તેથી મહિલા 'આ ઇચ્છતો નથી' એમ જાણીને મૌન રહે છે. શ્રાવકે સ્ત્રીને પૂછ્યું – "તમે ક્યાંથી લવાયા છો ?" તે સ્ત્રીએ પોતાની વાત કરી. શ્રાવક સમજી ગયો. તેણે કહ્યું – "અમે જ તમારા પુત્રો છીએ. બીજા બે મિત્રોને પણ વાત કરી. એટલે તરત જ તેમને પણ માતાઓને મુક્ત કરી. વૈરાગ્ય પામીને ત્રણે માતાઓએ દીક્ષા લીધી. આ મૈથુનવ્રતથી નહીં અટકાયેલાઓના દોષો છે.

બીજું દૃષ્ટાન્ત – ચોથા વ્રતથી નહીં અટકેલ જીવ પુત્રી સાથે પણ અકાર્ય કરી બેસે. જેમ કે પોતાની પત્ની ગર્ભવતી હતી ત્યારે એક વેપારી દિગ્યાત્રા માટે ગયો. અહીં પત્નીએ બાળિકાને જન્મ

૬૮. तत्र चतुर्थेऽणुव्रते सामान्येनानिवृत्तस्य दोषा मातरमपि गच्छेत्, उदाहरणं-गिरिनगरे तिस्रो वयस्याः उज्जयन्तं गतश्चौरैर्गृहीताः, नीत्वा पारसकूले विक्रीताः, तासां पुत्राः क्षुल्लका गृहेषु उज्झिताः, तेऽपि मित्राणि जाताः, मातृस्नेहेन वाणिज्येन गताः पारसकूलं, ताश्च गणिकाः सदेशीया इति भाटीं ददति, तेऽपि भवितव्यतया स्वकीयायाः २ ( मातुः पार्श्वे ) गताः, एकः श्रावकः, ताभिश्चात्मीयाभिर्मातृभिः सममुषिताः, श्राद्धो नेच्छति, महेला अनिच्छां ज्ञात्वा तूष्णीका तिष्ठति, श्राद्धो भणति कुतो यूयमानीताः ?, तयोक्तं, तेन भणितं-वयमेव ते युष्माकं पुत्राः, इतरेषां शिष्टं, मोचिताः प्रव्रजिताः, एतेऽनिवृत्तानां दोषाः । द्वितीयं-दुहित्राऽपि समं वसेत्, यथा गर्भिण्यां

[६९]भज्जाए दिसागमणं, पेसितं जधा ते धूता जाता, सोऽवि ता ववहरति जाव जोव्वणं पत्ता, अण्णणगरे दिण्णा सो ण याणति जधा दिण्णत्ति, सो पडियंतो तम्मि णगरे मा भंडं विणस्सिहितित्ति वरिसारत्तं ठितो, तस्स तीए धूताए समं घडितं, तहवि ण याणति, वत्ते वासारत्ते गतो सणगरं, धूतागमणं, दट्ठूणं विलियाणि, ताए मारितो अप्पा, इयरोऽवि पव्वतितो । ततियं–गोट्ठीए समं चेडो अच्छति, तस्स य माता हिंडति, सुण्हा से णियगपतिणो साहति पति य से न पत्तियइ, सा तस्स माता देवकुलठितेहिं धुत्तेहिं गच्छंती दिट्ठा, तेहिं परिभुत्ता, मातापुत्ताणं पोत्ताणि परियत्तिताणि, तीए भण्णति–महिलाए कीस ते उवरिल्लं पोत्तं गहितं ?, हा पाव ! किं ते कतं ?, सो णट्ठो

આપ્યો એટલે તેણીએ સમાચાર મોકલાવ્યા કે તમને બાળિકાનો જન્મ થયો છે. વેપારી પણ ત્યાં સુધી વેપાર કરે છે કે દીકરી યુવાનીને પામી. દીકરીને અન્યનગરમાં પરણાવી દીધી. પિતા જાણતો નથી કે દીકરીના લગ્ન થઇ ગયા છે. પોતાના નગર તરફ પાછા ફરતા તેને વચ્ચે વર્ષાકાળ આવ્યો તેથી માલ–સામાન નાશ ન પામે તે માટે તે દીકરીના નગરમાં જ રોકાઇ ગયો. ત્યાં તેનો તેની દીકરી સાથે મેળાપ થયો. (અકૃત્ય કર્યું) છતાં તે જાણતો નથી કે આ મારી જ દીકરી છે. વર્ષાકાળ પૂર્ણ થતાં તે પોતાના નગરમાં પહોંચ્યો. (પત્નીએ દીકરીના જન્મથી લઇ લગ્ન વિગેરે સુધીની વાતો કરી. પિતા આવી ગયા હોવાથી માતાને દીકરીને બોલાવાની ઇચ્છા થઇ. તેથી દીકરીને બોલાવવામાં આવી.) દીકરી પોતાના પિયરે આવી. પિતા અને દીકરી બંને એકબીજાને જોઇને વિલખા પડી ગયા, અર્થાત્ લજ્જા પામ્યા. દીકરીએ આત્મહત્યા કરી અને પિતાએ દીક્ષા લીધી.

ત્રીજું ઉદાહરણ – એક ગોષ્ઠિ હતી. તેમાં એક દાસ હતો. તેની માતા (રાત્રિએ પરપુરુષ પાસે જવા વારંવાર) નીકળે છે. તેની પુત્રવધુ પોતાના પતિને વાત કરે છે, પરંતુ પતિ વિશ્વાસ કરતો નથી. એકવાર દેવકુળમાં રહેલા ધુર્તોએ (ગોષ્ઠિના યુવાનોએ) જતી એવી તેની માતાને જોઇ. તેઓએ તેણીની સાથે અકૃત્ય કર્યું. (અર્થાત્ રાત્રિએ જતી એવી માતાને ગોષ્ઠિના યુવાનોએ જોઇ, પણ રાત્રિ હોવાને કારણે ઓળખી ન શક્યા. વારાફરથી બધાએ માતા સાથે અકૃત્ય કર્યું.) તેમાં માતા અને પુત્રના વસ્ત્રો પરસ્પર બદલાઇ ગયા. બીજા દિવસે સવારે ઘરે આવતા પત્નિએ પતિને કહ્યું કે – "તમે ઉપર મહિલાનું વસ્ત્ર શા માટે પહેર્યું છે ? હા પાપી ! તમે આ શું કર્યું ? (અર્થાત્ વસ્ત્ર માતાનું છે એવું પત્નીને ખબર પડતા પતિને પત્ની ધિક્કારે છે.) ત્યાંથી પતિ ભાગી ગયો અને દીક્ષા લીધી.

६९. भार्यायां दिग्गमनं, प्रेषितं यथा ते दुहिता जाता, सोऽपि तावत् व्यवहरति यावद्यौवनं प्राप्ता, अन्याऽन्यस्मिन् नगरे दत्ता स न जानाति यथा दत्तेति, स प्रत्यागच्छन् तस्मिन्नगरे मा भाण्डं विनेशदिति वर्षारात्रं स्थितः, तस्य तया दुहित्रा समं संयोगो जातः, तथापि न जानाति, वृत्ते वर्षारात्रे गतः स्वनगरं, दुहित्रागमनं, दृष्ट्वा विलज्जितौ, तया मारित आत्मा, इतरोऽपि प्रव्रजितः । तृतीयं-गोष्ठ्या समं चेटस्तिष्ठति, तस्य च माता हिण्डते, स्नुषा तस्या निजकपतिं कथयति, पतिश्च तस्या न प्रतीयते, सा तस्य माता देवकुलस्थितैर्धूर्तैर्गच्छन्ती दृष्टा तैः परिभुक्ता, मातृपुत्रयोर्वस्त्रे परावृत्ते, तया भण्यते-महेलायाः कथं त्वयोपरितनं वस्त्रं गृहीतं ?, हा पाप ! किं त्वया कृतं ?, स नष्टः

पॅव्वइतो । चउत्थं–जमलाणि गणियाए उज्झिताणि, पत्तेहिं मित्तेहिं गहताणि वट्टंति, तेसिं पुव्वसंठितीए संजोगो कतो, अण्णदा सो दारगो ताए गणियाए पुव्वमाताए सह लग्गो, सा से भगिणी धम्मं सोतुं पव्वइता, ओहीणाणमुप्पण्णं, गणियाघरं गता, तेण गणियाए पुत्तो जातो, अज्जा गहाय परियंदति, कहं ?, पुत्तोऽसि मे भत्तिज्जओऽसि मे दारगा देवरोऽसि मे भायासि मे, जो तुज्झ पिता सो मज्झ पिया पती य ससुरो य भाता य मे, जा तुज्झ माया सा मे माया

ચોથું દૃષ્ટાન્ત – (એક નગરમાં એક વેશ્યાને ગર્ભ રહ્યો. જેને સંતાન ન હોય તેને ઘણું મૂલ્ય પ્રાપ્ત થાય. તેથી ગર્ભ રહ્યા બાદ 'મને મૂલ્ય મળશે નહીં' એમ વિચારી જયારે પુત્ર–પુત્રીરૂપ યુગલનો જન્મ થયો ત્યારે) વેશ્યાએ તે યુગલને છોડી મૂક્યા. (તેમાં નગરના પૂર્વદ્વારમાં બાળિકાને છોડી દીધી અને પશ્ચિમ દરવાજે બાળકને છોડ્યો.) નગરના બે વેપારીઓ જે પરસ્પર મિત્ર હતા. ભવિતવ્યતાના યોગે એક વેપારીએ બાળિકાને જોઇ અને બીજાએ બાળકને જોયો. બંને જણાએ બંને બાળક–બાળિકાને ગ્રહણ કર્યા. પોત–પોતાના ઘરમાં બંને મોટા થાય છે. (બંને જયારે નાના હતા ત્યારે બંને વેપારીઓએ નક્કી કરેલું કે મોટા થતાં બંનેને પરસ્પર પરણાવવા.) પૂર્વે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે મોટા થતાં બંનેનો સંયોગ કર્યો, અર્થાત્ લગ્ન કરાવ્યા.

લગ્ન થયા બાદ એકવાર તે પુત્ર = પતિ પોતાની માતા કે જે વેશ્યા છે તેની સાથે અકૃત્ય કરે છે. બીજી બાજું તેની બહેન = પત્ની ધર્મ સાંભળીને દીક્ષા લે છે. અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. સાધ્વીજી ગોચરીમાં ફરતા–ફરતા વેશ્યાના ઘરે આવી. પુત્રએ = પતિએ વેશ્યા સાથે કરેલા અકૃત્યને કારણે વેશ્યાથી પુત્રનો જન્મ થયો. (સાધ્વીજીએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતા જાણ્યું કે આ બાળક પોતાના પતિનો જ છે. તેથી બોધ પમાડવા) બાળકને લઇને તે બોલે છે. શું બોલે છે ? તે કહે છે – (૧) તું મારો પુત્ર છે.(અર્થાત્ સાધ્વીજી બાળકને પોતાનો પુત્ર કહે છે, કારણ કે તેનો પિતા પોતાનો પતિ જ છે.) (૨) તું મારો ભત્રીજો છે (કારણ કે તેનો પિતા (પોતાનો પતિ) પોતાનો ભાઇ પણ છે.) (૨) હે દીકરા ! તું મારો દિયર છે. (કારણ કે આ બાળક વેશ્યાનો પુત્ર હતો. અને વેશ્યા સાધ્વીજીના પતિની માતા હોવાથી વેશ્યાનો આ પુત્ર સાધ્વીજીના પતિનો નાનો ભાઇ હતો.) (૪) તું મારો ભાઇ છે, (કારણ કે તું વેશ્યાનો દીકરો છે અને વેશ્યા એ મારી માતા છે.)

વળી, જે તારો પિતા છે તે મારા પણ (૫) પિતા છે (કારણ કે મારી માતા એવી વેશ્યાની સાથે અકૃત્ય કરનારા હોવાથી વેશ્યાના પતિ છે.) (૬) તારા પિતા મારા પતિ છે (આ સંબંધ સ્પષ્ટ જ છે.) (૭) તારા પિતા મારા સસરા છે, (કારણ કે સાધ્વીજીનો પતિ જે છે તેની માતા વેશ્યા છે. એટલે વેશ્યા એ સાધ્વીજીની સાસુ થઇ અને વેશ્યાનો પતિ એ સાધ્વીજીના સસરા થયા.) (૮) તારા પિતા

૭૦. प्रव्रजितः । चतुर्थ-यमलं गणिकयाज्झितं, प्राप्तैर्मित्रैर्गृहीतं वर्त्तते, तयोः पूर्वसंस्थित्या संयोगः कृतः, अन्यदा स दारकस्तया गणिकया पूर्वमात्रा सह लग्नः, सा तस्य भगिनी धर्मं श्रुत्वा प्रव्रजिता, अवधिज्ञानमुत्पन्नं, गणिकागृहं गता, तेन गणिकायां पुत्रो जातः, आर्या गृहीत्वा परिवन्दते, कथं ?, पुत्रोऽसि मे भ्रातृव्योऽसि मे दारक ! देवाऽसि मे भ्राताऽसि मे, यस्तव पिता स मम पिता पतिः श्वसुरो भ्राता च मे, या तव माता सा मे माता

[७१]भाउज्जाइया सवत्तिणी सासू य, एवं नाऊण दोसे वज्जेयव्वं । एते इहलोए दोसा, परलोए पुण णपुंसगत्तविरूवपियविप्पयोगादिदोसा भवन्ति, णियत्तस्स इहलोए परलोए य गुणा, इहलोए कच्छे कुलपुत्तगाणि सड्ढाणि, आणंदपूरे एगो य धिज्जातिओ दरिद्दो, सो थूलेसरे उववासेण वरं मग्गति, को वरो ? चाउव्वेज्जभत्तस्स मोल्लं देहि, जा पुण्णं करेमि, तेण वाणमंतरेण भणितं— कच्छे सावगाणि कुलपुत्ताणि भज्जपतियाणि, एयाणं भत्तं करेहि, ते महप्फलं होहिति, दोण्णि वारा भणितो गतो कच्छं, दिण्णं दाणं सावयाणं भत्तं दक्खिणं च, भणति—साहह किं तुज्झं तवचरणं जेण तुज्झे देवस्स पुज्जाणि ?, तेहिं भणितं—अम्हे बालभावे एगंतरगं मेथुणं

મારા ભાઈ છે, (આ પણ સ્પષ્ટ જ છે.) વળી, તારી જે માતા છે તે (૯) મારી માતા છે, (૧૦) મારી ભાભી છે. (કારણ કે વેશ્યા સાથે અકૃત્ય કરવાને કારણે વેશ્યા સાધ્વીજીના પતિની = ભાઈની પત્ની કહેવાય અને સાધ્વીજીની ભાભી કહેવાય.) (૧૧) તારી માતા મારી શૌક્ય છે. (૧૨) તારી માતા મારી સાસુ છે. (આ રીતે જુદા જુદા સંબંધો બતાવીને પતિને બોધ પમાડે છે. અને પતિ દીક્ષા લે છે.) આ પ્રમાણે મૈથુનથી અવિરતને આવા દોષો થાય છે એમ જાણીને મૈથુનની અવિરતિને છોડવી જોઈએ (અર્થાત્ ચોથું અણુવ્રત ગ્રહણ કરવું જોઈએ.) આ આલોકસંબંધી દોષો કહ્યા. પરલોકમાં નપુંસકપણું, કુરૂપ, પ્રિયનો વિપ્રયોગ વિગેરે દોષો થાય છે.

મૈથુનથી અટકેલા જીવને આલોક અને પરલોકમાં ગુણોની પ્રાપ્તિ થાય છે. આલોકનું ઉદાહરણ – કચ્છદેશમાં પતિ–પત્નિરૂપ કુલપુત્રો (= વંશનું રક્ષણ કરનારા) શ્રાવક બન્યા. આનંદપુરનગરમાં એક બ્રાહ્મણ ગરીબ હતો. તે થૂલેશ્વરનામના વાણવ્યંતરદેવની ઉપવાસથી આરાધના કરી તેમની પાસે વરદાન માંગે છે. વાણવ્યંતર પ્રસન્ન થઈને કહે છે – "બોલ, તને કયું વરદાન આપું ?" તેણે કહ્યું – "હું ચતુર્વેદધારણ કરનારા બ્રાહ્મણને ભોજન કરાવી શકું એટલું મને ધન આપો. જેથી હું પુણ્ય બાંધી શકું." વાણવ્યંતરે કહ્યું – "કચ્છદેશમાં પતિ–પત્નિરૂપ કુલપુત્રો છે જે શ્રાવક છે તેઓને તું ભોજન કરાવ જેથી તને મહાન ફળ પ્રાપ્ત થશે." આ પ્રમાણે બે વાર બોલ્યા બાદ તે બ્રાહ્મણ કચ્છદેશમાં જાય છે.

અને ત્યાં તે બંને શ્રાવકોને ભોજન કરાવે છે અને દક્ષિણા આપે છે. ત્યાર બાદ બ્રાહ્મણ તેઓને પૂછે છે કે – "તમે કહો કે તમારું એવું કયું તપ–ચારિત્ર છે ? કે જેથી તમે દેવને પૂજ્ય છો." તેઓએ કહ્યું – "અમે બંને જણાએ બાળપણમાં એકાન્તરે મૈથુનનું પચ્ચક્ખાણ કર્યું હતું. ત્યાર પછી કેટલાક

૭૧. भ्रातृजाया श्वश्रूः सपत्नी च, एवं ज्ञात्वा दोषान् वर्जयितव्यं । एते इहलोके दोषाः परलोके पुनर्नपुंसकत्वविरूपत्वप्रियविप्रयोगादयो दोषा भवन्ति, निवृत्तस्येहलोके परलोके च गुणाः, इहलोके कच्छे कुलपुत्रौ श्राद्धौ, आनन्दपुरे एकश्च धिग्जातीयो दरिद्रः, स स्थूलेश्वरं ( व्यन्तरं ) उपवासेनाराध्य वरं मार्गयति- को वरः ? चातुर्वैद्यभक्तस्य मूल्यं देहि यतः पुण्यं करोमि, तेन व्यन्तरेण कथितं-कच्छे श्रावकौ कुलपुत्रौ भार्यापती, एताभ्यां भक्तं देहि, तव महत्फलं भविष्यति, द्विर्भणितो गतः कच्छं, दत्तं दानं श्रावकाभ्यां भक्तं दक्षिणां च, भणति-कथयत किं युवयोस्तपश्चरणं येन युवां देवस्यापि पूज्यौ ?, ताभ्यां भणितं-आवाभ्यां बाल्ये एकान्तरितं मैथुनं

[७२]पच्चक्खायं, अण्णदा अम्हाणं किहवि संजोगो जातो, तं च विवरीयं समावडियं, जद्दिवसं एगस्स बंभचेरपोसधो तद्दिवसं बिइयस्स पारणगं, एवं अम्हे जरं गताणि चेव कुमारगाणि, धिज्जातितो संबुद्धो । एते इहलोए गुणा, परलोए पधाणपुरिसत्तं देवत्ते पहाणातो अच्छराओ मणुयत्ते पधाणाओ माणुसीतो विउला पंचलक्खणा भोगा पियसंपयोगा य आसण्णसिद्धिगमणं चेति । इदं चातिचाररहितमनुपालनीयं, तथा चाह–'सदारसंतोसस्स' इत्यादि, स्वदारसन्तोषस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्याः न समाचरितव्यास्तद्यथा–इत्वरपरिगृहीतागमनं अपरिगृहीतागमनं अनङ्गक्रीडा परविवाहकरणं कामभोगतीव्राभिलाषः, तत्रेत्वरकालपरिगृहीता कालशब्दलोपादित्वरपरिगृहीता, भाटिप्रदानेन कियन्तमपि कालं दिवसमासादिकं स्ववशीकृतेत्यर्थः, तस्या गमनम्–अभिगमो मैथुनासेवना इत्वरपरिगृहीतागमनं, अपरिगृहीताया गमनं अपरिगृहीतागमनं, अपरिगृहीता नाम वेश्या अन्यसत्कागृहीतभाटी कुलाङ्गना वाऽनाथेति, अनङ्गानि–कुचकक्षोरुवदनादीनि तेषु क्रीडनमनङ्गक्रीडा, अथवाऽनङ्गो मोहोदयोद्भूततीव्रो मैथुनाध्यवसायाख्यः कामो भण्यते तेन तस्मिन्

સમય બાદ અમારા બંનેના લગ્ન થયા. તે વિપરીત થઈ પડ્યું. (અર્થાત્ જે દિવસે બંનેને વ્રત હોય તે દિવસે લગ્ન થવાના બદલે એવા દિવસે લગ્ન થયા કે જેથી) જે દિવસે એકને બ્રહ્મચર્યનો પૌષધ હોય ત્યારે બીજાને તેનું પારણું હોય. આ રીતે અમે લગ્નથી લઇ ઘરડા થયા ત્યાં સુધી કુમાર જ છીએ (અર્થાત્ અમે હજુ સુધી અબ્રહ્મસેવન કર્યું નથી.) આ સાંભળીને બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યો. આ આલોકમાં ગુણો કહ્યા. પરલોકમાં પ્રધાનપુરુષપણું, દેવલોકમાં પ્રધાન (= રૂપાદિગુણોથી પ્રધાન) એવી અપ્સરાઓ, મનુષ્યપણામાં પ્રધાન સ્ત્રીઓ, વિપુલ એવા પાંચ ઇન્દ્રિયોના ભોગો, પ્રિયનો સંપ્રયોગ અને નજીકમાં મોક્ષપ્રાપ્તિ ગુણો થાય છે.

આ અણુવ્રત અતિચાર વિના પાલવું જોઇએ. આ જ વાત મૂળમાં કહી છે – "सदारसंतोसस्स..." શ્રાવકે સ્વદારાસંતોષના આ પાંચ અતિચારો જાણવા પણ સમાચરવા નહીં. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે – (૧) ઇત્વરપરિગૃહીતાગમન, (૨) અપરિગૃહીતાગમન, (૩) અનંગક્રીડા, (૪) પરવિવાહકરણ, અને (૫) કામભોગતીવ્રાભિલાષ. તેમાં (૧) **ઇત્વરકાલપરિગૃહીતાગમન :** મૂળમાં કાલશબ્દ લોપ થયેલો હોવાથી ઇત્વરપરિગૃહીતા કહ્યું છે. ભાડું આપીને એક દિવસ, બે દિવસ, એક મહિનો, બે મહિનો વિગેરે કાલ સુધી પોતાના વશમાં કરેલી સ્ત્રી ઇત્વરકાલપરિગૃહીતા કહેવાય છે. તેવી સ્ત્રીનું સેવન તે ઇત્વરપરિગૃહીતાગમન.

(૨) **અપરિગૃહીતાગમન :** તેમાં અપરિગૃહીતા એટલે બીજાનું ભાડું જેણે ગ્રહણ કર્યું નથી એવી વેશ્યા અથવા અનાથ એવી સ્ત્રી. તેની સાથે સેવન. (૩) **અનંગક્રીડા :** તેમાં અનંગ એટલે સ્તન, બગલ, સાથળ, મુખ વિગેરે. તેઓને વિશે જે ક્રીડા કરવી તે અનંગક્રીડા, અથવા મોહનીયકર્મના

७२. प्रत्याख्यातं, अन्यदाऽऽवयोः कथमपि संयोगो जातः, तच्च विपरीतमापतितं, यद्दिवसे एकस्य ब्रह्मचर्यपोषधः तद्दिवसे द्वितीयस्य पारणकमेवमावां जरं गतावेव कुमारौ, धिग्जातीयः संबुद्धः । एते ऐहलौकिका गुणाः, परलोके प्रधानपुरुषत्वं देवत्वे प्रधाना अप्सरसो मनुजत्वे प्रधाना मानुष्यो विपुलाश्च पञ्चलक्षणा भोगाः प्रियसंप्रयोगाश्चासन्नसिद्धिगमनं च ।

वा क्रीडा कृतकृत्यस्यापि स्वलिङ्गेन आहार्यैः काष्ठफलपुस्तमृत्तिकाचर्म्मादिघटितप्रजननैर्योषिदवाच्यप्रदेशासेवनमित्यर्थः, परविवाहकरणमितीह स्वापत्यव्यतिरिक्तमन्यापत्यं परशब्देनोच्यते तस्य कन्याफललिप्सया स्नेहसंबन्धेन वा विवाहकरणमिति, [73]अवि य—उस्सग्गो णियगावच्चाणवि वरणसंवरणं ण करेति किमंग पुण अण्णेसिं ?, जो वा जत्तियाण आगारं करेइ, तत्तिया कप्पंति, सेसा ण कप्पंति, ण वट्टति महती दारिया दिज्जउ गोधणे वा संडो छुब्भउत्ति भणिउं। काम्यन्त इति कामाः—शब्दरूपगन्धा भुज्यन्त इति भोगा—रसस्पर्शाः, कामभोगेषु तीव्राभिलाषः, तीव्राभिलाषो नाम अत्यंत तदध्यवसायित्वं, तस्माच्चेदं करोति—समाप्तरतोऽपि योषिन्मुखोपस्थकर्णकक्षान्तरेष्वतृप्ततया प्रक्षिप्य लिङ्गं मृत इव आस्ते निश्चलो महतीं वेलामिति, दन्तनखोत्पलपत्रकादिभिर्वा मदनमुत्तेजयति, वाजीकरणानि चोपयुङ्क्ते, योषिदवाच्यदेशं वा मृद्नाति । एतानीत्वरपरिगृहीतगमनादीनि समाचरन्नतिचरति चतुर्थाणुव्रतमिति । एत्थ य आदिल्ला दो अतियारा सदारसंतुट्ठस्स भवंति णो परदारविवज्जगस्स, सेसा पुण दोण्हवि

ઉદયથી ઉત્પન્ન થયેલ તીવ્રકક્ષાનો જે મૈથુનનો અધ્યવસાય. તે મૈથુનાધ્યવસાયનામનો કામ અનંગ તરીકે જાણવો. આવા અધ્યવસાયથી ક્રીડા કરવી અથવા આવા અધ્યવસાયની હાજરીમાં જે ક્રીડા તે અનંગક્રીડા. આગળનું ગુરુગમથી જાણવું.

(૪) **પરવિવાહ કરણ** : પોતાના પુત્ર સિવાયનો બીજાનો પુત્ર અહીં પર શબ્દથી લેવો. તેને કન્યારૂપ ફળ મળી જાય એવી ઇચ્છાથી કે તે પુત્ર પ્રત્યેના સ્નેહથી તે પુત્રનો વિવાહ કરવો. અહીં ઉત્સર્ગમાર્ગ આ પ્રમાણે છે કે – શ્રાવક પોતાના પણ પુત્રોનો વિવાહ કરતો નથી, તો બીજાના પુત્રાદિની વાત જ ક્યાં રહી ? અથવા પચ્ચક્ખાણ લેતી વખતે જે શ્રાવક જેટલા પુત્રાદિની છૂટ રાખે તેઓનો વિવાહ કરવો કલ્પે. તે સિવાયનાનો વિવાહ કરવો કલ્પે નહીં. તથા શ્રાવકને આવું બોલવું પણ કલ્પતું નથી કે – "મોટી દીકરીને પરણાવી દો અથવા ગાયોના સમૂહ વચ્ચે સાંઢને મૂકો."

(૫) **કામ–ભોગતીવ્રાભિલાષ** : જે ઇચ્છાય તે કામો અર્થાત્ શબ્દ, રૂપ અને ગંધ, જે ભોગવાય તે ભોગો અર્થાત્ રસ અને સ્પર્શ. આ કામ–ભોગોને વિશે જે તીવ્રાભિલાષ. અહીં તીવ્રાભિલાષ એટલે તીવ્રકક્ષાનો તે કામ–ભોગો પ્રત્યેનો અધ્યવસાય. આવા અધ્યવસાયથી તે શ્રાવક આ પ્રમાણે કરે – આગળનું ગુરુગમથી જાણવું. અથવા દાંત, નખો, (પ)ઉત્પલપત્રો વિગેરેદ્વારા મદનભાવને ઉત્તેજિત કરે. વાજીકરણનો (= માદકદ્રવ્યવિશેષોનો) ઉપયોગ કરે. અથવા સ્ત્રીના...

આ ઇત્વરપરિગૃહીતાગમન વિગેરેનું આચરણ કરતો શ્રાવક ચોથા અણુવ્રતમાં અતિચાર લગાડે છે. આ પાંચમાંથી પ્રથમ બે અતિચારો સ્વદારાસંતુષ્ટ શ્રાવક માટે જાણવા, પણ પરદારાનું વર્જન કરનારને નહીં. શેષ ત્રણ અતિચારો બંને શ્રાવક માટે જાણવા. દોષો આ પ્રમાણે – ઇત્વરપરિગૃહીતાનું

૭૩. अपि च उत्सर्गे निजकापत्यानामपि वरणसंवरणं न करोति किं पुनरन्येषां ?, यो वा यावतामाकारं करोति तावन्तः कल्पन्ते, शेषा न कल्पन्ते, न युज्यते महतीं दारिकां ददातु गोधने वा षण्डः क्षिपत्विति भणितुं । अत्र चाद्यौ द्वावतिचारौ स्वदारसंतुष्टस्य भवतः न परदारविवर्जकस्य, शेषाः पुनर्द्वयोरपि

[७४]भवन्ति, दोसा पुण इत्तरियपरिग्गहितागमणे बिदिएण सद्धिं वेरं होज्ज मारेज्ज वा तालेज्ज वा इत्यादयः, एवं सेसेसुवि भाणियव्वा । उक्तं सातिचारं चतुर्थाणुव्रतं । अधुना पञ्चमं प्रतिपाद्यते, तत्रेदं सूत्रम् –

**अपरिमियपरिग्गहं समणो० इच्छापरिमाणं उवसंपज्जइ, से परिग्गहे दुविहे पन्नत्ते, तंजहा–सचित्तपरिग्गहे अचित्तपरिग्गहे य, इच्छापरिमाणस्स समणोवा० इमे पंच०– खित्तवत्थुपमाणाइक्कमे हिरन्नसुवन्नपमाणाइक्कमे धणधन्नपमाणाइक्कमे दुपयचउप्पय-पमाणाइक्कमे कुवियपमाणाइक्कमे ५ ॥ ( सू० )**

'अपरिमितपरिग्गहं समणोवासतो पच्चक्खाति' परिग्रहणं परिग्रहः अपरिमितश्चासौ परिग्रहश्चेति समासोऽपरिमितो–अपरिमाणः तं श्रमणोपासकः प्रत्याख्याति, सचित्तादेः अपरिमाणात् परिग्रहाद् विरमतीति भावना, इच्छायाः परिमाणं २ तदुपसम्पद्यते, सचित्तादिगोचरेच्छापरिमाणं करोतीत्यर्थः । स च परिग्रहो द्विविधः प्रज्ञप्तः, तद्यथेत्येतत् प्राग्वत्, सह चित्तेन सचित्तं–द्विपदचतुष्पदादि तदेव परिग्रहः, अचित्तं–रत्नवस्त्रकुप्यादि तदेव चाचित्तपरिग्रहः । एत्थ य पंचमअणुव्वते अणियत्तस्स दोसे नियत्तस्स य गुणा तत्थोदाहरणं लुद्धनंदो–कुसीमूलियं लुद्धणंदो विणट्ठो सावगो पूइतो

સેવન કરવામાં બીજાની સાથે વૈર બંધાય અથવા બીજો આ શ્રાવકને મારી નાખે અથવા માર મારે વિગેરે દોષો જાણવા. આ જ પ્રમાણે શેષ અતિચારોમાં પણ દોષો જાણી લેવા.

**અવતરણિકા :** અતિચારસહિત ચોથું અણુવ્રત કહ્યું. હવે પાંચમું અણુવ્રત પ્રતિપાદન કરાય છે. તેમાં સૂત્ર આ પ્રમાણે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** શ્રાવક અપરિમિત એવા પરિગ્રહનું પચ્ચક્ખાણ કરે છે, અર્થાત્ સચિત્ત વિગેરે અપરિમિત એવા પરિગ્રહથી શ્રાવક પાછો ફરે છે અને ઇચ્છાના પરિમાણને સ્વીકારે છે. અર્થાત્ સચિત્ત વિગેરે સંબંધી પોતાની ઇચ્છાનું પરિમાણ કરે છે. તે પરિગ્રહ સચિત્તપરિગ્રહ અને અચિત્તપરિગ્રહ એમ બે પ્રકારે કહેવાયેલો છે. તેમાં દ્વિપદ (= દાસ, દાસી વિગેરે), ચતુષ્પદ (= ગાય વિગેરે) વિગેરે સચિત્ત જાણવા. તે રૂપ જે પરિગ્રહ તે સચિત્તપરિગ્રહ. તથા રત્ન, વસ્ત્ર, કુપ્ય (= સોના, ચાંદિ સિવાયના ધાતુ, માટી વિગેરેથી બનેલા ઘરના ઉપકરણો,) વિગેરે અચિત્ત વસ્તુઓ જાણવી. તે રૂપ જે પરિગ્રહ તે અચિત્તપરિગ્રહ.

આ પાંચમા અણુવ્રતથી નહીં અટકેલાને દોષો અને તેનાથી અટકેલાને ગુણો થાય છે. તેમાં લોભીનંદનું દૃષ્ટાન્ત જાણવું – કોશોને કારણે લોભીયો નંદ નાશ પામ્યો. અને શ્રાવકની પૂજા થઈ.

૭૪. भवन्ति, दोषाः पुनरित्वरपरिगृहीतागमने द्वितीयेन सार्धं वैरं भवेत् मारयेत् ताडयेद्वा, एवं शेषेष्वपि भणितव्याः, अत्र च पञ्चमाणुव्रते अनिवृत्तस्य दोषा निवृत्तस्य च गुणाः, तत्रोदाहरणं लुब्धनन्दः-कुशीमूलिकां लुब्धनंदो विनष्टः, श्रावकः पूजितो

भंडाँगारवती ठवितो, अहवावि वाणिगिणी रतणाणि विक्किणति छुहाए मरंती, सड्ढेण भणिता– एत्तिअपरिक्खओ णत्थि, अण्णस्स णीताणि, ताए भण्णति–जं जोग्गं तं देहि, सो तुच्छं देइ, सुभिक्खे तीए भत्तारो आगतो, पुच्छति–रतणाणि कहिं ?, भणति–विक्कियाणि मए, कहिं दिण्णाणि ?, सा भणइ–गोहुमसेइयाए एक्केक्को दिन्नो अमुगस्स वाणियगस्स, सो वाणियगो तेण भणिओ–रयणाणि अप्पेहि पूरं वा मोल्लं देहि, सो नेच्छइ, तओ रण्णो मूलं गतो एरिसे अग्घे वट्टमाणे एतस्स मणिरयणस्स एतेण एत्तियं दिण्णं, सो विणासितो, पढमं पुण ताणि रतणाणि सावगस्स विक्केणुयाणि ढोइयाणि तेण परिग्गहपरिमाणाइरित्ताइंतिकाउं न गहियाणि, सावगेण णेच्छितं, सो य पूइतो । इदं चातिचाररहितमनुपालनीयं, तथा चाह–'इच्छापरिमाणस्स समणोवासएणं०' इच्छापरिमाणस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्याः न समाचरितव्याः, तद्यथेति पूर्ववत्, क्षेत्रवास्तुप्रमाणातिक्रमः तत्र शस्योत्पत्तिभूमिः क्षेत्रं, तच्च सेतुकेतुभेदाद् द्विविधं,

---

તેને ભાંડાગારપતિ તરીકે સ્થાપ્યો. (આ સંપૂર્ણ દૃષ્ટાન્ત ભા. ૪, પૃ. ૭૫માંથી જાણી લેવું.) અથવા (એક વેપારી ધંધા માટે બહારગામ ગયો. પોતાના ગામમાં દુષ્કાળ પડ્યો. તેથી) વેપારીની પત્ની ભૂખને કારણે મરવા પડેલી રત્નોને વેચવા નીકળે છે. પ્રથમ તે શ્રાવક પાસે વેચવા ગઇ. શ્રાવકે કહ્યું– "આ રત્નોનાં મૂલ્યને જાણવા માટેનો પરીક્ષક હું નથી." એટલે તે બીજા વેપારી પાસે ગઈ. તેણીએ વેપારીને કહ્યું–"આ રત્નોનું જે યોગ્ય મૂલ્ય હોય તે આપો." વેપારી તેનું ઘણું અલ્પ મૂલ્ય આપે છે.

આ ગામમાં સુભિક્ષ થતાં તેણીનો પતિ પાછો આવે છે. આવીને પૂછે છે – "રત્નો કયાં છે ?" પત્નીએ કહ્યું – "મેં વેચી દીધા." તેણે ફરી પૂછ્યું – "કોને વેચી દીધા ?" તેણીએ કહ્યું – "એક સેતિકા (પ્રમાણવિશેષ) પ્રમાણ ઘઉં સામે એક રત્ન એમ અમુક વેપારીને બધા રત્નો વેચી દીધા છે." પતિએ જઇને તે વેપારીને કહ્યું – "તું મારા રત્નો પાછા આપ અથવા તેનું પૂરેપુરું મૂલ્ય આપ." તે બંનેમાંથી એકે ઇચ્છતો નથી. તેથી પતિ રાજા પાસે ગયો અને કહ્યું – "આ વેપારીએ આવા મૂલ્યવાન રત્નોની આટલી જ કિંમત આપી છે." રાજાએ તે વેપારીને પકડીને નાશ કર્યો. પહેલા તે રત્નો શ્રાવક પાસે વેચાવા આવ્યા. પરંતુ પોતાના પરિગ્રહ પરિમાણથી વધારાનું હોવાથી શ્રાવકે તે રત્નો લેવા ઇચ્છ્યા નહીં. તેથી રાજાએ તેની પૂજા કરી.

આ અણુવ્રત અતિચારરહિત પાલવું જોઇએ. આ જ વાત મૂળમાં કહી છે – इच्छापरिमाणस्स.... શ્રાવકે ઇચ્છાપરિમાણના આગળ કહેવાતા પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહીં. તે પાંચ અતિચારો આ પ્રમાણે – (૧) ક્ષેત્રવાસ્તુપ્રમાણાતિરિક્ત : ક્ષેત્ર એટલે ધાન્યને ઉગાડવાની ભૂમિ

---

૭૫. भाण्डागारपतिः स्थापितः, अथवाऽपि वणिग्भार्या रत्नानि विक्रीणाति क्षुधा म्रियमाणा, श्राद्धेन भणिता- ईयत्परीक्षको नास्मि, अन्यस्य पार्श्वे नीतानि, तया भण्यते-यद्योग्यं तद्देहि, स तुच्छं ददाति, सुभिक्षे तस्या भर्त्ताऽऽगतः, पृच्छति-रत्नानि क्व?, भणति-विक्रीतानि मया, क्व दत्तानि ?, सा भणति-गोधूमसेतिकयैकैकं दत्तममुकस्मै वणिजे, स वणिक् तेन भणितः-रत्नान्यर्पय पूर्णं वा मूल्यं देहि, स नेच्छति, ततो राज्ञो मूलं गतः- ईदृशेऽर्घे वर्त्तमाने एतस्य मणिरत्नस्यैतेनेयद्दत्तं, स विनाशितः प्रथमं पुनस्तानि रत्नानि श्रावकाय विक्रेतुं ढौकितानि, तेन परिग्रहप्रमाणातिरिक्तानीतिकृत्वा न गृहीतानि, श्रावकेण नेष्टं, स च पूजितः,

तत्र सेतुक्षेत्रं अरघट्टादिसेक्यं, केतुक्षेत्रं पुनराकाशपतितोदकनिष्पाद्यं, वास्तु–अगारं तदपि त्रिविधं खातमुत्सृतं खातोत्सृतं च, तत्र खातं–भूमिगृहकादि उत्सृतं–प्रासादादि, खातोत्सृतं–भूमिगृहस्योपरि प्रासादः, एतेषां क्षेत्रवास्तूनां प्रमाणातिक्रमः, प्रत्याख्यानकालगृहीतप्रमाणोल्लङ्घनमित्यर्थः । तथा हिरण्यसुवर्णप्रमाणातिक्रमस्तत्र हिरण्यं–रजतमघटितं घटितं वा अनेकप्रकारं द्रम्मादिः, सुवर्णं प्रतीतमेव तदपि घटिताघटितभेदमेतद्ग्रहणाच्चेन्द्रनीलमरकताद्युपलग्रहः, अक्षरगमनिका पूर्ववदेव, तथा धनधान्यप्रमाणातिक्रमः, तत्र धनं–गुडशर्करादि, गोमहिष्यजाविकाकरभतुरगाद्यन्ये, धान्यं–व्रीहिकोद्रवमुद्गमाषतिलगोधूमयवादि, अक्षरगमनिका प्राग्वदेव, तथा द्विपदचतुष्पदप्रमाणातिक्रमः, तत्र द्विपदानि–दासीदासमयूरहंसादीनि, चतुष्पदाद्–हस्त्यश्वमहिष्यादीनि, अक्षरगमनिका पूर्ववदेव, तथा कुप्यप्रमाणातिक्रमः, तत्र कुप्यं–आसनशयनभण्डककरोटकलोहाद्युपस्करजातमुच्यते, एतद्ग्रहणाच्च वस्त्रकम्बलपरिग्रहः, अक्षरगमनिका पूर्ववदेव, तान् क्षेत्रवास्तुप्रमाणातिक्रमादीन् समाचरन्नतिचरति पञ्चमाणुव्रतमिति । [७६]एत्थ य दोसा जीवघातादि भणितव्वा । उक्तं सातिचारं

એટલે કે ખેતર, તે ક્ષેત્ર સેતુ–કેતુ ભેદથી બે પ્રકારે છે. તેમાં સેતુક્ષેત્ર એટલે કૂવા ઉપર રહેલ અરઘટ્ટ વિગેરેથી જેમાં પાણીનું સિંચન થતું હોય. અને કેતુક્ષેત્ર એટલે જેમાં આકાશમાંથી પડતા વરસાદના પાણીથી સિંચન થતું હોય. વાસ્તુ એટલે ઘર. તે પણ ખાત, ઉત્સૃત અને ખાતોત્સૃત એમ ત્રણ પ્રકારે જાણવું. તેમાં ખાતઘર એટલે ભોંયરામાં રહેલું ઘર વિગેરે. ઉત્સૃત એટલે મહેલ વિગેરે અને ખાતોત્સૃત એટલે ભોંયરા સાથેનો મહેલ. આ ક્ષેત્રવાસ્તુના પ્રમાણનો અતિક્રમ એટલે કે પચ્ચક્ખાન લેતા સમયે જેટલું પ્રમાણ નક્કી કર્યું તેટલા પ્રમાણને ઓળંગવું.

(૨) **હિરણ્ય–સુવર્ણપ્રમાણાતિક્રમ** : તેમાં હિરણ્ય એટલે નહીં ઘડાયેલ કે ઘડાયેલ એવી અનેક પ્રકારની ચાંદી જેમ કે દ્રમ્મ (ચલણવિશેષ) વિગેરે. સોનું પ્રસિદ્ધ જ છે. તે પણ ઘડાયેલ કે નહીં ઘડાયેલ એમ બે ભેદે જાણવું. આ બેના ગ્રહણથી ચન્દ્રનીલ, મરકત વિગેરે પથ્થરો પણ લઈ લેવા. હિરણ્યાતિક્રમ... વિગેરે શબ્દની અક્ષરગમનિકા = વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી. (૩) તથા **ધનધાન્યપ્રમાણાતિક્રમ** : તેમાં ધન એટલે ગોળ, ખાંડ વિગેરે. કેટલાકો ધન એટલે ગાય, ભેંસ, અજાવિકા = નાનો પશુવિશેષ, ઊંટ, ઘોડા વિગેર કહે છે. ધાન્ય એટલે વ્રીહિ, કોદ્રવ (આ બંને ચોખાની જાતિઓ છે.) મગ, અડદ, તલ, ઘઉં, જવ વિગેરે. અક્ષરગમનિકા પૂર્વની જેમ જ.

(૪) તથા **દ્વિપદચતુષ્પદપ્રમાણાતિક્રમ** : તેમાં દ્વિપદ એટલે દાસી, દાસ, મોર, હંસ વિગેરે. ચતુષ્પદ એટલે હાથી, ઘોડા, ભેંસ વિગેરે. અક્ષરગમનિકા પૂર્વની જેમ જ. (૫) તથા **કુપ્યપ્રમાણાતિક્રમ** : તેમાં કુપ્ય એટલે આસન, શયન, થાળી વિગેરે વાસણો, વાટકો, લોખંડ વિગેરે સામગ્રીસમૂહ. અને આના ગ્રહણથી વસ્ત્ર, કાંબળી પણ ગ્રહણ કરવા. અક્ષરગમનિકા પૂર્વની જેમ જ. તે ક્ષેત્રવાસ્તુપ્રમાણાતિક્રમ વિગેરેને આચરતો શ્રાવક પાંચમા અણુવ્રતમાં અતિચાર લગાડે છે. અહીં જીવઘાત વિગેરે દોષો કહેવા. અતિચારસહિત પાંચમું અણુવ્રત કહ્યું. આ સાથે પાંચ અણુવ્રતો કહ્યા.

૭૬. अत्र च दोषा जीवघातादयो भणितव्याः

पञ्चमाणुव्रतम् इत्युक्तान्यणुव्रतानि । साम्प्रतमेतेषामेवाणुव्रतानां परिपालनाय भावनाभूतानि गुणव्रतान्यभिधीयन्ते—तानि पुनस्त्रीणि भवन्ति, तद्यथा—दिग्व्रतं उपभोगपरिभोगपरिमाणं अनर्थदण्डपरिवर्जनमिति, तत्राद्यगुणव्रतस्वरूपाभिधित्सयाऽऽह —

**दिसिवए तिविहे पन्नत्ते—उड्ढदिसिवए अहोदिसिवए तिरियदिसिवए, दिसिवयस्स समणो० इमे पञ्च० तंजहा—उड्ढदिसिपमाणाइक्कमे अहोदिसिपमाणाइक्कमे तिरियदिसिपमाणाइक्कमे खित्तवुड्ढी सइअंतरद्धा ६ ॥ ( सूत्रं )**

अस्य व्याख्या—दिशो ह्यनेकप्रकाराः शास्त्रे वर्णिताः, तत्र सूर्योपलक्षिता पूर्वा शेषाश्च पूर्वदक्षिणादिकास्तदनुक्रमेण द्रष्टव्याः, तत्र दिशां संबन्धि दिक्षु वा व्रतमेतावत्सु पूर्वादिदिग्विभागेषु मया गमनाद्यनुष्ठेयं न परत इत्येवंभूतं दिग्व्रतं, एतच्चौघतः त्रिविधं प्रज्ञप्तं तीर्थकरगणधरैः, तद्यथेत्युदाहरणोपन्यासार्थः, ऊर्ध्वा दिग् ऊर्ध्वदिग् तत्सम्बन्धि तस्यां वा व्रतं ऊर्ध्वदिग्व्रतं, एतावती दिगूर्ध्वं पर्वताद्यारोहणादवगाहनीया न परत इत्येवंभूतं इति भावना, अधो दिग् अधोदिक् तत्सम्बन्धि तस्यां वा व्रतं अधोदिग्व्रतं, एतावती दिगध इन्द्रकूपाद्यवतरणादवगाहनीया न परत इत्येवंभूतमिति हृदयं, तिर्यक् दिशस्तिर्यग्दिशः—पूर्वादिकास्तासां सम्बन्धि तासु वा व्रतं

---

**અવતરણિકા :** હવે આ જ અણુવ્રતોનું પરિપાલન કરવા માટે ભાવનાભૂત એવા (= આત્મા અણુવ્રતથી ભાવિત થાય તે માટે) ગુણવ્રતો કહેવાય છે. તે ગુણવ્રતો ત્રણ છે. તે આ પ્રમાણે – દિગ્વ્રત, ઉપભોગ–પરિભોગપરિમાણવ્રત, અને અનર્થદંડપરિવર્જનવ્રત. તેમાં પ્રથમગુણવ્રતનું સ્વરૂપ કહેવાની ઇચ્છાથી કહે છે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** શાસ્ત્રમાં દિશાઓ અનેકપ્રકારની વર્ણવેલી છે. તેમાં સૂર્ય જે બાજુથી ઉગે છે તે પૂર્વદિશા જાણવી. તે સિવાયની પૂર્વદિશાથી ડાબી બાજુના ક્રમથી અગ્નિ વિગેરે દિશાઓ જાણવી. તેમાં દિશાઓ સંબંધી વ્રત તે અથવા દિશાઓ વિશે જે વ્રત તે દિગ્વ્રત અર્થાત્ "પૂર્વ વિગેરેના આટલા જ દિગ્વિભાગોમાં (અર્થાત્ પૂર્વદિશાના આટલા જ વિભાગમાં = આટલા જ કિલોમિટર, એ જ પ્રમાણે પશ્ચિમ વિગેરેમાં પણ આટલા જ વિભાગમાં) મારે ગમન વિગેરે કરવું પણ વધારે આગળ ગમન વિગેરે કરવું નહીં." આવા પ્રકારનું જે વ્રત તે દિગ્વ્રત. તીર્થંકર–ગણધરોએ આ વ્રત સામાન્યથી ત્રણ પ્રકારે કહ્યું છે – (૧) ઊર્ધ્વદિગ્–ઊર્ધ્વ એવી જે દિશા તે ઊર્ધ્વદિશા. તેના સંબંધી કે તેને વિશે જે વ્રત તે ઊર્ધ્વદિગ્વ્રત, અર્થાત્ "પર્વત વિગેરે ઉપર ચઢવા દ્વારા મારે ઊર્ધ્વદિશામાં આટલું જ ઉપર ચઢવું, વધારે નહીં" આવું જે વ્રત તે ઊર્ધ્વદિગ્વ્રત.

(૨) અધોદિગ્ – અધોવર્તી જે દિશા તે અધોદિગ્. તેના સંબંધી કે તેના વિશે જે વ્રત તે અધોદિગ્વ્રત. અર્થાત્ "ઇન્દ્રકૂપ (આ નામનો કૂવો હોવો જોઇએ એવું લાગે છે.) વિગેરેમાં ઉતરવાદ્વારા નીચે તરફ મારે આટલું જ જવું, વધારે નહીં." આવા પ્રકારનું જે વ્રત તે અધોદિગ્વ્રત જાણવું. (૩) તિર્યગ્દિશા – તિર્છિ એવી જે દિશાઓ તે તિર્યગ્દિશાઓ, અર્થાત્ પૂર્વ વિગેરે દિશાઓ. તેના સંબંધી કે તે દિશાઓને વિશે જે વ્રત તે તિર્યગ્દિશાવ્રત, અર્થાત્ "પૂર્વ દિશા તરફ મારે આટલું દૂર જવું,

तिर्यग्दिग्व्रतं, एतावतो दिग् पूर्वेणावगाहनीया एतावती दक्षिणेनेत्यादि, न परत इत्येवंभूतमिति भावार्थः । अस्मिंश्च सत्यवगृहीतक्षेत्राद् बहिः स्थावरजङ्गमप्राणिगोचरो दण्डः परित्यक्तो भवतीति गुणः । इदमपि चातिचाररहितमनुपालनीयमतोऽस्यैवातिचारानभिधित्सुराह–'दिसिवयस्स समणो०' दिग्व्रतस्य उक्तरूपस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्याः न समाचरितव्याः, तद्यथा– ऊर्ध्वदिक्प्रमाणातिक्रमः यावत्प्रमाणं परिगृहीतं तस्यातिलङ्घनमित्यर्थः, एवमन्यत्रापि भावना कार्या, अधोदिक्प्रमाणातिक्रमः, तिर्यग्दिक्प्रमाणातिक्रमः, क्षेत्रस्य वृद्धिः क्षेत्रवृद्धिः इति–एकतो योजनशतपरिमाणमभिगृहीतमन्यतो दश योजनान्यभिगृहीतानि तस्यां दिशि समुपन्ने कार्ये योजनशतमध्यादपनीयान्यानि दश योजनानि तत्रैव स्वबुद्ध्या प्रक्षिपति, संवर्द्धयत्येकत इत्यर्थः, स्मृतेर्भ्रंशः–अन्तर्द्धानं स्मृत्यन्तर्द्धानं किं मया परिगृहीतं कया मर्यादया व्रतमित्येवमननुस्मरणमित्यर्थः, स्मृतिमूलं नियमानुष्ठानं, तद्भ्रंशे तु नियमत एव नियमभ्रंश इत्यतिचारः । एत्थ[77] य समाचारी–उड्ढं जं पमाणं गहितं तस्स उवरिं पव्वतसिहरे रुक्खे वा मक्कडो पक्खी वा सावयस्स वत्थं आभरणं

દક્ષિણદિશામાં આટલું જવું વિગેરે, એનાથી વધારે જવું નહીં" એવું જે વ્રત તે તિર્યગ્દિગ્વ્રત. આવા પ્રકારના દિશાસંબંધી વ્રતના ગ્રહણથી નક્કી કરેલા ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં જે કંઇ પણ સ્થાવર, જંગમજીવો સંબંધી આરંભ–સમારંભ થાય છે તેનો ત્યાગ કરવાનો લાભ પ્રાપ્ત થાય છે.

આ પણ વ્રત અતિચાર વિના પાલવાનું હોય છે, તેથી આ વ્રતના જ અતિચારોને કહેવાની ઇચ્છાથી કહે છે – "दिसिवयस्स...." શ્રાવકે કહેવાયેલા સ્વરૂપવાળા એવા દિગ્વ્રતના આ પાંચ અતિચારો જાણવા, પણ આચરવા નહીં. તે પાંચ અતિચારો આ પ્રમાણે – (૧) **ઊર્ધ્વદિગ્પ્રમાણાતિક્રમ :** ઊર્ધ્વદિશાસંબંધી જેટલું પ્રમાણ ગ્રહણ કર્યું છે તેને ઓળંગવું. આ જ પ્રમાણે બીજા અતિચારોમાં પણ વિચારણા કરી લેવી. (૨) **અધોદિક્પ્રમાણાતિક્રમ.** (૩) **તિર્યગ્દિક્પ્રમાણાતિક્રમ,** (૪) **ક્ષેત્રવૃદ્ધિ :** ક્ષેત્રની વૃદ્ધિ કરવી, અર્થાત્ એક દિશામાં સો યોજનપ્રમાણ ગ્રહણ કરેલું છે અને બીજી દિશામાં ૧૦ યોજનપ્રમાણ ગ્રહણ કરેલું છે. હવે આ બીજી દિશામાં ૧૦ યોજનથી બહારના ક્ષેત્રમાં કોઇ કામ આવી પડતા પ્રથમ દિશાસંબંધી ૧૦૦ યોજનમાંથી બીજા ૧૦ યોજન લઇને પોતાની બુદ્ધિથી જ બીજી દિશાના ૧૦ યોજનમાં ઉમેરે, અર્થાત્ બીજી દિશાના ક્ષેત્રને વધારે તે ક્ષેત્રવૃદ્ધિ જાણવી.

(૫) **સ્મૃતિ–અંતર્દ્ધાન :** અહીં અંતર્દ્ધાન એટલે ભ્રંશ = ભૂલી જવું. સ્મૃતિનો ભ્રંશ તે સ્મૃતિઅંતર્દ્ધાન, અર્થાત્ કયું વ્રત કઇ મર્યાદાથી ગ્રહણ કર્યું છે ? એ ભૂલી જવું તે સ્મૃતિઅંતર્દ્ધાન. ખરેખર તો નિમયનું પાલન સ્મૃતિથી જ થાય છે. (આશય એ જ છે કે ૧૦૦ કિ.મિ. નક્કી કર્યા બાદ જો તે ભૂલી જાય તો, ૧૦૦ કિ.મિ.થી બહાર ન જાય તો પણ અતિચાર લાગે.)

અહીં સામાચારી આ પ્રમાણે છે કે – ઊર્ધ્વદિશાસંબંધી જે પ્રમાણ ગ્રહણ કર્યું છે તે પ્રમાણથી ઉપર તરફ પર્વતના શિખરને વિશે કે વૃક્ષને વિશે કોઇ વાંદરો કે પક્ષી શ્રાવકનું વસ્ત્ર કે આભૂષણ

૭૭. अत्र च सामाचारी-ऊर्ध्वं यत् प्रमाणं गृहीतं तस्योपरि पर्वतशिखरे वृक्षे वा मर्कटः पक्षी वा श्रावकस्य वस्त्रमाभरणं

वाँ गेण्हितुं पमाणातिरेकं उवरि भूमिं वच्चेज्जा, तत्थ से ण कप्पति गंतुं, जाधे तु पडितं अण्णेण वा आणितं ताधे कप्पति, इदं पुण अट्ठावयहेमकुडसम्मेयसुपतिट्ठउज्जेंतचित्तकूडअंजणगमंदरादिसु पव्वतेसु भवेज्जा, एवं अधेवि कूवियादिसु विभासा, तिरियं जं पमाणं गहितं तं तिविधेणवि करणेण णातिक्कमितव्वं, खेत्तवुड्ढी सावगेणं ण कायव्वा, कथं ?, सो पुव्वेण भंडं गहाय गतो जाव तं परिमाणं ततो परेण भंडं अग्घतित्तिकातुं अवरेण जाणि जोयणाणि पुव्वदिसाए संछुभति, एसा खेत्तवुड्ढी से ण कप्पति कातुं, सिय त्ति वोलीणो होज्जा णियत्तियव्वं, विस्सरिते वा ण गंतव्वं, अण्णोवि ण विसज्जितव्वो, अणाणाए कोवि गतो होज्ज जं विसुमरियखेत्तगतेण लद्धं तं ण गेण्हेज्जत्ति । [ ग्रं० २१००० ]

उक्तं सातिचारं प्रथमं गुणव्रतं अधुना द्वितीयमुच्यते, तत्रेदं सूत्रं —

---

ગ્રહણ કરીને પ્રમાણથી ઉપરની ભૂમિમાં લઇ ગયો હોય તો શ્રાવકને તે લેવા જવું કલ્પતું નથી. જ્યારે તે વસ્ત્ર કે આભૂષણ નીચે પડે કે બીજો કોઇ લઇ આવે તો લેવું કલ્પે છે. આવો પ્રસંગ અષ્ટાપદ, હેમકુટ, સંમેતશિખર, સુપ્રતિષ્ઠ, ઉજ્જયંત, ચિત્રકૂટ, અંજનકગિરિ મેરુ વિગેરે પર્વતોને વિશે થવાની શક્યતા છે. આ જ પ્રમાણે અધોદિશામાં પણ નાના કૂવા વિગેરેમાં વિકલ્પો સમજી લેવા.

તિર્છિદિશામાં જે પ્રમાણ ગ્રહણ કરેલું છે તે પ્રમાણને શ્રાવકે મન–વચન–કાયાથી ઓળંગવું નહીં. ક્ષેત્રવૃદ્ધિ શ્રાવકે કરવી નહીં. કેવી રીતે ? શ્રાવક પૂર્વદિશામાં પોતાનું કરિયાણું વેચવા નીકળ્યો. પોતે જેટલું પરિમાણ ગ્રહણ કર્યું હતું ત્યાં સુધી તે પહોંચ્યો. હવે તે ક્ષેત્ર પછીના ક્ષેત્રમાં કરિયાણુ વેચાય તો ઘણું મૂલ્ય પ્રાપ્ત થાય એવા વિચારથી પશ્ચિમદિશાસંબંધી જે યોજનો છે તેને પૂર્વદિશામાં નાખે. આને ક્ષેત્રવૃદ્ધિ કહેવાય છે. તે શ્રાવકને કરવી કલ્પતી નથી. કદાચ ખબર ન રહી અને પ્રમાણ ઓળંગાઇ ગયું. અને પછી ખબર પડી તો ત્યાંથી જ પાછા ફરવું. અથવા કેટલું પ્રમાણ ગ્રહણ કર્યું હતું ? તે જો ભૂલાઇ જ જાય તો શ્રાવકે તે દિશામાં જવું નહીં. એ જ પ્રમાણે બીજાને પણ મોકલવો નહીં. તથા આજ્ઞા વિના કોઇ ત્યાં ગયું હોય અને તેણે જે પ્રાપ્ત કર્યું હોય તે અથવા પોતે ભૂલાયેલા ક્ષેત્રમાં જઇને કઇ પ્રાપ્ત કર્યું હોય તો તે ગ્રહણ કરે નહીં.

**અવતરણિકા :** અતિચારસહિત પ્રથમ ગુણવ્રત કહ્યું. હવે બીજું કહેવાય છે. તેમાં સૂત્ર આ પ્રમાણે છે ➪

---

૭૮. वा गृहीत्वा प्रमाणातिरेकामुपरिभूमिं व्रजेत्, तत्र तस्य न कल्पते गन्तुं, यदा तु पतितं अन्येन वा आनीतं तदा कल्पते, इदं पुनरष्टापदहेमकुण्डसंमेतसुप्रतिष्ठोज्जयन्तचित्रकूटाञ्जनकमन्दरादिषु पर्वतेषु भवेत्, एवमधोऽपि कूपिकादिषु विभाषा, तिर्यग् यत् प्रमाणं गृहीतं तत् त्रिविधेनापि करणेन तन्नातिक्रान्तव्यं, क्षेत्रवृद्धिः श्रावकेण न कर्त्तव्या, कथं ?, स पूर्वस्यां भाण्डं गृहीत्वा गतो यावत्तत्प्रमाणं ततः परतो भाण्डमर्घतीतिकृत्वाऽपरस्यां यानि योजनानि (तानि) पूर्वस्यां दिशि क्षिपति, एषा क्षेत्रवृद्धिस्तस्य न कल्पते कर्त्तुं, स्यादित्यतिक्रान्तो भवेत् निवर्त्तितव्यं, विस्मृते वा न गन्तव्यं, अन्योऽपि न विसर्जनीयः, अनाज्ञया कोऽपि यतो भवेत् यद्विस्मृतक्षेत्रे च गतेन लब्धं तन्न गृह्णीयात् इति ।

**उवभोगपरिभोगवए दुविहे पन्नत्ते तंजहा–भोअणओ कम्मओ अ । भोअणओ समणोवा० इमे पञ्च०–सचित्ताहारे सचित्तपडिबद्धाहारे अप्पउलिओसहिभक्खणया दुप्पउलिओसहिभक्खणया तुच्छोसहिभ० ७ ॥**

उपभुज्यत इत्युपभोगः, उपशब्दः सकृदर्थे वर्त्तते, सकृद्भोग उपभोगः–अशनपानादि, अथवाऽन्तर्भोगः उपभोगः–आहारादि, उपशब्दोऽत्रान्तर्वचनः, परिभुज्यत इति परिभोगः, परिशब्दोऽभ्यावृत्तौ वर्त्तते, पुनः पुनर्भोगः वस्त्रादेः परिभोग इति, अथवा बहिर्भोगः परिभोग वसनालङ्कारादेः, अत्र परिशब्दो बहिर्वाचक इति, एतद्विषयं व्रतं–उपभोगपरिभोगव्रतं, एतत् तीर्थकरगणधरैर्द्विविधं प्रज्ञप्तं, तद्यथेत्युदाहरणोपन्यासार्थः, भोजनतः कर्मतश्च, तत्र भोजनत उत्सर्गेण निरवद्याहारभोजिना भवितव्यं, कर्मतोऽपि प्रायो निरवद्यकर्मानुष्ठानयुक्तेनेत्यक्षरार्थः । इह चेयं सामाचारी–'[७९]भोयणतो सावगो उस्सग्गेण फासुगं आहारं आहारेज्जा, तस्सासति अफासुगमवि सचित्तवज्जं, तस्स असती अणंतकायबहुबीयगाणि परिहरितव्वाणि, इमं च अण्णं भोयणतो परिहरति–असणे अणंतकायं अल्लगमूलगादि मंसं च, पाणे मंसरसमज्जादि, खादिमे उदुंबरकाउंबरवडपिप्पलपिलंखुमादि,

**સૂત્રાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** 'ઉપભોગ' શબ્દમાં 'ઉપ' શબ્દ 'એકવાર' અર્થમાં છે. તેથી જે એકવાર ભોગવાય તે ઉપભોગ, અર્થાત્ અશન–પાન વિગેરે. અથવા જે અંદર ભોગવાય તે ઉપભોગ અર્થાત્ આહાર વિગેરે. અહીં 'ઉપ' શબ્દ અંદરવાચી જાણવો. 'પરિ' શબ્દ 'વારંવાર' અર્થમાં હોવાથી વારંવાર જે ભોગવાય તે પરિભોગ, અર્થાત્ વસ્ત્રાદિનો જે વારંવારનો ભોગ તે પરિભોગ. (અહીં 'परिभुज्यते इति परिभोगः' આવી વ્યુત્પત્તિથી વસ્ત્ર વિગેરે પરિભોગ જાણવા.) અથવા 'પરિ'શબ્દ બાહ્યવાચી હોવાથી વસ્ત્ર, અલંકાર વિગેરેનો જે બાહ્ય ભોગ તે પરિભોગ. આ બંનેવિષયક જે વ્રત તે ઉપભોગ–પરિભોગવ્રત.

આ વ્રત તીર્થંકર–ગણધરોએ બે પ્રકારનું કહ્યું છે – ભોજનથી અને કર્મથી. તેમાં ભોજનથી ઉત્સર્ગમાર્ગે શ્રાવકે નિરવદ્ય આહાર વાપરવો જોઈએ. કર્મથી પણ શ્રાવકે નિરવદ્યકર્મ કરવું જોઈએ. અહીં સામાચારી આ પ્રમાણે જાણવી–ભોજનથી શ્રાવક ઉત્સર્ગમાર્ગે પ્રાસુક આહાર (= પોતાની માટે બનાવેલો ન હોય તેવો આહાર)નું ભોજન કરે. તે શક્ય ન હોય તો અપ્રાસુક પણ સચિત્ત વિનાનો આહાર કરે. તે શક્ય ન હોય તો અનંતકાય, બહુબીજવાળા આહારનો ત્યાગ કરે. અને ભોજનમાં બીજું આ પણ છોડે – **અશનમાં** આદુ, મૂળા વિગેરે અનંતકાય અને માંસ, **પાણીમાં** લોહી, દારુ વિગેરે. **ખાદિમમાં** ઉદુંબર = ઉંબરાનું ફળ, કાકોદુંબર (ઉંબરાની જ એક જાતિવિશેષ, તેનું ફળ), વડ, પિપળો, પ્લક્ષ વિગેરે. **સ્વાદિમમાં** મધ વિગેરેનો ત્યાગ કરે.

७९. भोजनतः श्रावक उत्सर्गेण प्रासुकमाहारमाहरेत्, तस्मिन्नसति अप्रासुकमपि सचित्तवर्जं, तस्मिन्नसति अनन्तकायबहुबीजकानि परिहर्त्तव्यानि, इदं चान्यत् भोजनतः परिहरति-अशनेऽनन्तकायं आर्द्रकमूलकादि मांसं च, पाने मांसरसमज्जादि, खाद्ये उदुम्बरकाकोन्दुकावटपिप्पलप्लक्षादि

साँदिमं मधुमादि, अचित्तं च आहारेयव्वं, जदा किर ण होज्ज अचित्तो तो उस्सग्गेण भत्तं पच्चक्खातितव्वं ण तरति ताधे अववाएण सचित्तं अणंतकायबहुबीयगवज्जं, कम्मतोऽवि अकम्मा ण तरति जीवितुं ताधे अच्चंतसावज्जाणि परिहरिज्जंति । इदमपि चातिचाररहित-मनुपालनीयमित्यतस्तस्यैवातिचारानभिधित्सुराह–'भोयणतो समणोवासएण' भोजनतो यद्व्रतमुक्तं तदाश्रित्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्या न समाचरितव्याः, तद्यथा–'सचित्ताहारः' चित्तं चेतना संज्ञानमुपयोगोपधानमिति पर्यायाः, सचित्तश्चासौ आहारश्चेति समासः, सचित्तो वा आहारो यस्य सचित्तमाहारयति इति वा मूलकन्दलीकन्दकार्द्रकादिसाधारणप्रत्येकतरुशरीराणि सचित्तानि सचित्तं च पृथिव्याद्याहारयतीति भावना । तथा सचित्तप्रतिबद्धाहारो यथा वृक्षे प्रतिबद्धो गुन्दादि पक्वफलानि वा । तथा अपक्वौषधभक्षणत्वमिदं प्रतीतं, सचित्तसंमिश्राहार इति वा पाठान्तरं, सचित्तेन संमिश्र आहारः सचित्तसंमिश्राहारः, वल्ल्यादि पुष्पादि वा संमिश्रं, तथा दुष्पक्वौषधिभक्षणता दुष्पक्वाः–अस्विन्ना इत्यर्थः तद्भक्षणता, तथा तुच्छौषधिभक्षणता तुच्छा हि

શ્રાવકે (ઉપરોક્ત સર્વ સાવદ્ય આહારનો ત્યાગ કરવો જોઇએ.) અને તેના સિવાયના નિરવદ્ય અચિત્ત ભોજન-પાણીનો આહાર કરવો જોઇએ. જ્યારે અચિત્તવસ્તુની પ્રાપ્તિ થતી ન હોય તો ઉત્સર્ગથી શ્રાવકે ભોજનનો જ ત્યાગ કરવો. જો તેમાં સમર્થ ન હોય તો અપવાદે અનંતકાય અને બહુબીજને છોડી સચિત્ત વાપરે. કર્મથી પણ જો શ્રાવક કોઇપણ ધંધા–પાણી વગર જીવી શકાતું ન હોય ત્યારે અત્યંત સાવદ્ય ધંધાઓનો ત્યાગ કરે. આ ગુણવ્રત પણ અતિચાર વિના પાલવું જોઇએ. આથી હવે તેના અતિચારોને કહેવાની ઇચ્છાથી કહે છે – भोयणतो.... ભોજનથી જે વ્રત કહ્યું તેને આશ્રયીને શ્રાવકે આ પાંચ અતિચારો જાણવા, પણ આચરવા નહીં.

તે પાંચ અતિચારો આ પ્રમાણે છે – (૧) **સચિત્ત આહાર** : ચિત્ત, ચેતના, સંજ્ઞાન, ઉપયોગ, ઉપધાન આ બધા સમાનાર્થી શબ્દો છે. સચિત્ત એવો જે આહાર તે સચિત્તાહાર એમ સમાસ કરવો. અથવા સચિત્ત આહાર છે જેનો તે અથવા જે સચિત્તને વાપરે છે તે સચિત્તાહાર, અર્થાત્ સચિત્ત એવા મૂળ, કન્દલી (= પ્રત્યેકવનસ્પતિ છે इति आचाराङ्गे) કંદ, આદૂ વિગેરે સાધારણ અને પ્રત્યેકવૃક્ષના શરીરોનો અને સચિત્ત એવા પૃથ્વીકાય વિગેરેનો જે આહાર કરે છે તે સચિત્તાહાર. (૨) **સચિત્તપ્રતિબદ્ધાહાર** : વૃક્ષ ઉપર લાગેલા ગુંદા વિગેરે અથવા (અચિત્ત થઇ ગયેલા) પાકેલા ફળ એ સચિત્ત પ્રતિબદ્ધ જાણવા તેનો જે આહાર તે સચિત્તપ્રતિબદ્ધઆહાર.

(૩) **અપક્વૌષધિ** : એટલે કે જે અગ્નિવડે રંધાયેલું નથી તે. (ઔષધિ = ધાન્ય) તેનું જે ભક્ષણ તે અપક્વૌષધિભક્ષણ. અથવા 'સચિત્તસંમિશ્રાહાર' એ પ્રમાણે પાઠાન્તર જાણવો. સચિત્તથી સંમિશ્ર આહાર તે સચિત્તસંમિશ્રઆહાર, અર્થાત્ ફૂલ, પાંદડા વિ. થી મિશ્ર. (૪) **દુષ્પક્વૌષધિ** : દુષ્પક્વ એટલે જે બરાબર રાંધેલુ નથી તે. તેનુ ભક્ષણ તે દુષ્પક્વૌષધિભક્ષણ. (૫) **તુચ્છૌષધિભક્ષણતા** :

૮૦. स्वाद्यं मध्वादि, अचित्तं चाहर्त्तव्यं, यदा किल न भवेत् अचित्त उत्सर्गेण भक्तं प्रत्याख्यातव्यं न शक्नोति तदाऽपवादेन सचित्तं अनन्तकायबहुबीजकवर्जं, कर्मतोऽप्यकर्मा न शक्नोति जीवितुं तदाऽत्यन्तसावद्यानि परिहियन्ते ।

असारा मुद्गफलीप्रभृतयः, अत्र हि महती विराधना अल्पा च तुष्टिः, बह्विभिरप्यैहिकोऽप्यपायः सम्भाव्यते । [८१]एत्थ सिंगाखायकोदाहरणं—खेत्तरक्खगो सिंगातो खाति, राया णिग्गच्छति, मज्झण्हे पडिगतो, तधावि खायति, रण्णा कोउएणं पोट्टं फालावितं केत्तियाओ खइताओ होज्जत्ति, णवरि फेणो अन्नं किंचि णत्थि, एवं भोजन इति गतं ।

अधुना कर्मतो यत् व्रतमुक्तं तदप्यतिचाररहितमनुपालनीयं इत्यतोऽस्यातिचारानभिधित्सुराह—

**कम्मओ णं समणोवा० इमाइं पन्नरस कम्मादाणाइं जा०, तंजहा—इंगालकम्मे वणकम्मे साडीकम्मे भाडीकम्मे फोडीकम्मे, दंतवाणिज्जे लक्खवाणिज्जे रसवाणिज्जे विसवाणिज्जे केसवाणिज्जे, जंतपीलणकम्मे निल्लंछणकम्मे दवग्गिदावणया सरदहतलायपरिसोसणया असईपोसणया यत्ति ७ ॥ ( सूत्रं )**

अस्या व्याख्या—कर्मतो यद् व्रतमुक्तं णमिति वाक्यालङ्कारे तदाश्रित्य श्रमणोपासकेनामूनि—प्रस्तुतानि पञ्चदशेतिसङ्ख्या कर्मादानानीत्यल्पसावद्यजीवनोपायाभावेऽपि तेषामुत्कटज्ञानावरणीयादिकर्महेतुत्वादादानानि कर्मादानानि ज्ञातव्यानि न समाचरितव्यानि । तद्यथेत्यादि पूर्ववत्,

---

તુચ્છ એટલે અસાર. (અર્થાત્ ઘણું બધું ખાવા છતાં જેનાથી તૃપ્તિ અલ્પ થાય તે.) મગફળી વિગેરે. આવી વસ્તુમાં મોટી વિરાધના અને અલ્પાંશે તૃપ્તિ થાય છે. વળી આવી તુચ્છૌષધિ જો ઘણા બધા પ્રમાણમાં વપરાય તો આલોકમાં જ નુકસાન સંભવે છે. અહીં મગફળીને ખાનારનું ઉદાહરણ જાણવું – મગફળીના ખેતરનું રક્ષણ કરવા એક પુરુષને રાખવામાં આવ્યો. ખેતરનું રક્ષણ કરનારો તે મગફળીને ખાય છે. એકવાર રાજા ત્યાંથી પસાર થયો. મગફળીઓ ખાતા તેને જોયો. બપોરના સમયે તે રાજા પાછો ફર્યો. તે સમયે પણ પેલાને મગફળીઓ ખાતા જુએ છે. તેથી રાજાએ પેલાએ કેટલી મગફળીઓ ખાધી એ જોવાના કૌતુકથી પેલાનું પેટ ફાડી નાંખ્યું. પરંતુ તેમાં ફીણ સિવાય બીજું કશું જ નહોતું. (આમ આવી તુચ્છૌષધિ વધારે ખાવાથી આલોકમાં પણ નુકશાન થવાનો સંભવ છે.) આ પ્રમાણે ભોજનને આશ્રયીને અતિચારો કહ્યા.

**અવતરણિકા :** હવે કર્મથી જે વ્રત કહ્યું તે પણ અતિચારવિના પાલવું જોઈએ. તેથી તેના અતિચારોને કહેવાની ઇચ્છાથી કહે છે ➪

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** મૂળમાં 'णं' શબ્દ વાક્યાલંકારમાં = વાક્યની શોભા માટે છે. કર્મથી જે વ્રત કહ્યું તેને આશ્રયીને શ્રાવકે આગળ કહેવાતા પંદર કર્માદાનો જાણવા પણ આચરવા નહીં. આ પંદર કર્મો = ધંધાઓ જીવન જીવવા માટેનો અલ્પ પાપયુક્ત ઉપાય ન હોવા છતાં પણ ઉગ્ર એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધવામાં કારણભૂત હોવાથી આદાન તરીકે કહેવાય છે. તે પંદર કર્માદાનો જાણવા યોગ્ય છે પણ આચરવા યોગ્ય નથી. तद्यथा... વિગેરે સૂત્ર પૂર્વની જેમ જાણવું. તેમાં **અંગારકર્મ :** લાકડામાંથી

---

૮૧. अत्र शिम्बाखादक उदाहरणं—क्षेत्ररक्षकः शिम्बाः खादति, राजा निर्गच्छति, मध्याह्ने प्रतिगतः, तत्रापि खादति, राज्ञा कौतुकेनोदरं पाटितं कियत्यः खादिता भवेयुरिति, नवरं फेनः, अन्यत्किमपि नास्ति ।

अङ्गारकर्म—अङ्गारकरणविक्रयक्रिया, एवं वनशकटभाटकस्फोटना दन्तलाक्षारसविषकेशवाणिज्यं च यंत्रपीडननिर्ल्लाञ्छनदवदापनसरोद्रहादिपरिशोषणासतीपोषणेष्वपि द्रष्टव्यमित्यक्षरार्थः । भावार्थस्त्वयं—'ईंगालकम्मं'ति, इंगाले द्दहितुं विक्किणति, तत्थ छण्हं कायाणं वधो तं न कप्पति, वणकम्मं—जो वणं किणाति, पच्छा रुक्खे छिंदित्तुं मुल्लेण जीवति, एवं पणिगादि पडिसिद्धा हवंति, साडीकम्मं—सागडीयत्तणेण जीवति, तत्थ बंधवधाई दोसा, भाडीकम्मं—सएण भंडोवक्खरेण भाडएण वहइ परायगं, ण कप्पति, अण्णेसिं वा सगडं बलद्दे य देति, एवमादी कातुं ण कप्पति, फोडिकम्मं—उड्डत्तणं हलेण वा भूमीफोडणं, दंतवाणिज्जं—पुव्विं चेव पुलिंदाणं मुल्लं देति दंते देज्जाहत्ति, पच्छा पुलिंदा हत्थी घातेंति, अचिरा स वाणियओ एहिइत्तिकातुं, एवं धीवरगाणं

કોલસા બનાવવા અને વેચવા તે અંગારકર્મ. આ જ પ્રમાણે વન, શકટ, ભાટક, સ્ફોટના, દંત, લાક્ષ, રસ, વિષ અને કેશવાણિજ્ય, યંત્રપીડન, નિર્લાછન, દવદાપન, સરોવર – દ્રહ વિગેરેનું પોષણ, અને અસતિના પોષણમાં પણ જાણી લેવું.

ભાવાર્થ આ પ્રમાણે – (૧) **અંગારકર્મ** : લાકડામાંથી કોલસા બનાવીને વેચે; તેમાં ષટ્કાયની હિંસા હોવાથી શ્રાવકને તે કરવું કલ્પતું નથી. (૨) **વનકર્મ** : જે જંગલોને ખરીદે અને પછી તેમાંના વૃક્ષોને છેદીને તેના વેચવાથી પ્રાપ્ત થતાં મૂલ્યદ્વારા પોતાની આજીવિકા ચલાવે. આ જ પ્રમાણે પાંદડાં વિગેરેને છેદીને વેચવાનો પ્રતિષેધ જાણવો. (૩) **શકટકર્મ** : ગાડાઓ બનાવીને વેચવાદ્વારા આજીવિકા ચલાવે, આ રીતે ગાડા બનાવીને વેચવામાં ખરીદનારો તેમાં બળદ વિગેરેને બાંધે, તેને મારે વિગેરે દોષો જાણવા. (૪) **ભાટીકર્મ** : (ભાટી = ભાડું) પોતાના ગાડારૂપી સાધનદ્વારા ભાડું લઈને બીજાનો માલ-સામાન લઈ જાય. શ્રાવકને આવું કરવું કલ્પતું નથી. અથવા બીજાને પોતાનું ગાડું અને બળદો આપે. આવું બધું કરવું શ્રાવકને કલ્પતું નથી.

(૫) **સ્ફોટીકર્મ** : સ્ફોટી = ઉડ્ડત્વ અર્થાત્ કૂવો, તળાવ વિગેરેનું ખોદવું. અથવા હળવડે ખેતર વિગેરેની ભૂમિને ખોદવું. (૬) **દંતવાણિજ્ય** : જંગલના આદિવાસીઓને પહેલેથી જ પૈસા આપીને કહે કે "તમે મને હાથી વિગેરેના દાંતો (ઉપલક્ષણથી ચમરી વિગેરે ગાયના વાળ, એ જ પ્રમાણે કોઈ પ્રાણીના નખ, કોઈના હાડકાં, કોઈનું ચામડું વિગેરે) આપજો." પાછળથી તે આદિવાસીઓ "વેપારી દાંતો લેવા તરત આવશે" એમ વિચારી હાથીઓને મારી નાંખે છે. આ જ પ્રમાણે માછીમારોને શંખનું

૮૨. अङ्गारकर्मेति-अङ्गारान् दह्य विक्रीणाति तत्र षण्णां कायानां वधस्तन्न कल्पते, वनकर्म यो वनं क्रीणाति, पश्चाद्वृक्षान् छित्त्वा मूल्येन जीवति, एवं पण्याद्याः प्रतिषिद्धा भवन्ति, शाकटिककर्म-शाकटिकत्वेन जीवति, तत्र बन्धवधादिका दोषाः, भाटीकर्म-स्वकीयेन भाण्डोपस्करेण भाटकेन वहति परकीयं न कल्पते, अन्येभ्यो वा शकटं बलीवर्दौ च ददाति, एवमादि कर्त्तुं न कल्पते, स्फोटिकर्म-उड्डत्वं हलेन वा भूमिस्फोटनं, दन्तवाणिज्यं-पूर्वमेव पुलिन्द्रेभ्यो मूल्यं ददाति, दन्तान् दद्यातेति, पश्चात् पुलिन्द्रा हस्तिनो घातयन्ति अचिरात् स वणिक् आयास्यतीतिकृत्वा, एवं धीवराणां

[૮૩]संखमुल्लं देंति, एवमादी ण कप्पति, पुव्वाणीतं किणति, लक्खवाणिज्जेऽवि एते चेव दोसा–तत्थ किमिया होंति, रसवाणिज्जं–कल्लवालत्तणं तत्थ सुरादिपाणे बहुदोसा मारणअक्कोसवधादी तम्हा ण कप्पति, विसवाणिज्जं–विसविक्कयो से ण कप्पति, तेण बहूण जीवाण विराधणा, केसवाणिज्जं–दासीओ गहाय अण्णत्थ विक्किणति जत्थ अग्घंति, एत्थवि अणेगे दोसा परवसित्तादयो, जंतपीलणकम्मं–तेल्लियं जंतं उच्छुजन्तं चक्कादि तंपि ण कप्पति, णिल्लंछणकम्मं–वद्धेउं गोणादि ण कप्पति, दवग्गिदावणताकम्मं–वणदवं देति छेत्तरक्खणणिमित्तं जधा उत्तरावहे पच्छा दड्ढे तरुणगं तणं उट्ठेति, तत्थ सत्ताणं सत्तसहस्साण वधो, सरदहतलागपरिसोसणताकम्मं–

મૂલ્ય આપે. આ પ્રમાણે કરવું કલ્પતું નથી. (અર્થાત્ આ રીતે જંગલાદિમાં પ્રાણીઓને આદિવાસીઓ દ્વારા મરાવીને તેમના અવયવો ગ્રહણ કરી વેચવા શ્રાવકને કલ્પતા નથી. પરંતુ) જો પોતાના કહ્યા વગર જ કોઇએ પહેલેથી જ દાંત વિગેરે વેચવા લાવ્યા હોય તો તે ખરીદવામાં શ્રાવકને કોઇ દોષ નથી.

(૭) **લાક્ષાવેપાર** : લાક્ષા = લાખ. (દેરાસરના ભંડારના તાલા ઉપર કોઇક સ્થાને લાખ લગાડવામાં આવે છે.) લાખનો વેપાર કરવામાં પણ જીવહિંસા વિગેરે દોષો થાય છે. લાખના રસમાં કૃમિજીવો હોય છે. તે બધાની હિંસા થતી હોવાથી તેનો વેપાર શ્રાવકને કલ્પે નહીં. (૮) **રસવેપાર** : કલ્યપાલ = દારૂ વેચનાર. (દારૂ વેચવાનો ધંધો તે રસવાણિજ્ય.) તેમાં દારૂ વિગેરે (આદિથી મધ, માખણ, ચરબી વિગેરે) પીવાથી મારવું, આક્રોશ કરવો, વધ થવો વિગેરે ઘણા દોષો હોવાથી શ્રાવકને આવો વેપાર કરવો જોઇએ નહીં. (૯) **વિષવાણિજ્ય** : ઝેર વેચવું કલ્પતું નથી. ઝેરથી ઘણા જીવોની વિરાધના થાય છે. (૧૦) **કેશવાણિજ્ય** : જ્યાં ઘણું મૂલ્ય પ્રાપ્ત થતું હોય તેવા સ્થાને દાસીઓને (ઉપલક્ષણથી દાસ વિગેરે તથા ગાય વિગેરે ચતુષ્પદોને) વેચવા તે કેશવાણિજ્ય. અહીં પણ પરવશ વિગેરે ઘણા દોષો થાય છે.

(૧૧) **યંત્રપીલનકર્મ** : તલને પીલવા માટેનું યંત્ર (= ઘાણી), શેરડીને પીલવાનું ચક્ર વિગેરે યંત્ર (= કોલુ) આ રીતે યંત્રપીલનનો વેપાર પણ શ્રાવકને કરવો કલ્પતો નથી. (૧૨) **નિર્લાંછનકર્મ** : સાંઢ વિગેરેને વર્ધિત કરવા = તેમના અમુક અંગોનો છેદ કરવો શ્રાવકને કલ્પે નહીં. (૧૩) **દવાગ્નિદાપનતાકર્મ** : જેમ ઉત્તરાપથમાં (દેશવિશેષમાં) પોતાના ખેતરનું રક્ષણ કરવા માટે (= નકામા ઘાસ વિગેરે જે ઉગ્યા હોય તેનો નિકાલ કરવા માટે) ખેતરને બાળે. જેથી પછીથી નવું ઘાસ ઊગે (જે ગાયો વિગેરેને ચરવા કામ આવે તેમજ પોતાના ખેતરમાં બીજો સારો પાક થાય.) અગ્નિથી

૮૩. शङ्खमूल्यं ददाति, एवमादि न कल्पते, पूर्वानीतं क्रीणाति, लाक्षावाणिज्येऽपि एत एव दोषास्तत्र कृमयो भवन्ति, रसवाणिज्यं-कल्यपालत्वं तत्र सुरादिपाने बहवो दोषाः मारणाक्रोशवधादयस्तस्मान्न कल्पते, विषवाणिज्यं विषविक्रयस्तस्य न कल्पते, तेन बहूनां जीवानां विराधना, केशवाणिज्यं-दासीर्गृहीत्वाऽन्यत्र विक्रीणाति यत्रार्घन्ति, अत्राप्यनेके दोषाः परवशित्वादयः, यन्त्रपीडनकर्म-तैलिकं यन्त्रं इक्षुयन्त्रं चक्रादि तदपि न कल्पते, निर्लाच्छनकर्म-वर्धयितुं गवादीन् न कल्पते, दवाग्निदापनताकर्म वनदवं ददाति क्षेत्ररक्षणनिमित्तं यथोत्तरापथे, पश्चात् दग्धे तरुणं तृणमुत्तिष्ठते, तत्र सत्त्वानां शतसहस्त्राणां वधः, सरोहृदतटाकपरिशोषणताकर्म-

[८४]सरदहतलागादीणि सोसेति पच्छा वाविज्जंति, एवं ण कप्पति, असदीपोसणताकम्मं–असतीओ पोसेति जधा गोल्लविसए जोणीपोसगा दासीओ पोसंति तासिं भाडिं गेण्हेंति, प्रदर्शनं चैतद् बहुसावद्यानां कर्मणां एवंजातीयानां, न पुनः परिगणनमिति भावार्थः ।

उक्तं सातिचारं द्वितीयं गुणव्रतं, साम्प्रतं तृतीयमाह –

**अणत्थदंडे चउव्विहे, पन्नत्ते, तंजहा–अवज्झाणायरिए पमायायरिए हिंसप्पयाणे पावकम्मोवएसे, अणत्थदंडवेरमणस्स समणोवा० इमे पञ्च० तंजहा–कंदप्पे कुक्कुइए मोहरिए संजुत्ताहिगरणे उवभोगपरिभोगाइरेगे ८ ॥ ( सूत्रम् )**

अस्य व्याख्या–अनर्थदण्डशब्दार्थः–अर्थः–प्रयोजनं, गृहस्थस्य क्षेत्रवास्तुधनशरीरपरिजनादिविषयं तदर्थ आरम्भो–भूतोपमर्दोऽर्थदण्डः, दण्डो निग्रहो यातना विनाश इति पर्यायाः, अर्थेन–प्रयोजनेन दण्डोऽर्थदण्डः स चैष भूतविषयः उपमर्दनलक्षणो दण्डः क्षेत्रादिप्रयोजनमपेक्षमाणोऽर्थदण्ड उच्यते, तद्विपरीतोऽनर्थदण्डः–प्रयोजननिरपेक्षः, अनर्थः अप्रयोजनमनुपयोगो निष्कारणतेति पर्यायाः, विनैव कारणेन भूतानि दण्डयति सः, तथा कुठारेण प्रहृष्टस्तरुस्कन्धशाखादिषु प्रहरति

---

બાળવામાં લાખો જીવોની હિંસા થવાથી શ્રાવકને આવું કરવું કલ્પતું નથી. (૧૪) **સરોવર, હ્રદ, તળાવપરિશોષણતાકર્મ** : સરોવર, હ્રદ, તળાવ વિગેરેમાંથી પોતાના ખેતરમાં વાવવા માટે પાણીને ખેંચવાદ્વારા સરોવરાદિ શોષે. અથવા સરોવરાદિના પાણીને શોષીને ત્યાં જ વાવણી કરે. આવું કરવું શ્રાવકને કલ્પે નહીં. (૧૫) **અસતિપોષણતાકર્મ** : અસતિઓ = દુઃશીલ સ્ત્રીઓનું પોષણ કરે. જેમ કે, ગોલ્લનામના દેશવિશેષમાં યોનિપોષકો (= સ્ત્રી વિગેરેનું પોષણ કરનારી વ્યક્તિઓ) દાસીઓનું પોષણ કરે છે અને તેઓનું ભાડું ગ્રહણ કરે છે. આ પંદરપ્રકારો માત્ર દેખાડ્યા છે બાકી આના જેવા બહુસાવદ્ય બીજા પણ કર્મો ઉપલક્ષણથી સમજી લેવા. એની અહીં ગણના કરી નથી.

**અવતરણિકા** : અતિચારસહિત બીજું ગુણવ્રત કહ્યું. હવે ત્રીજું કહે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : અનર્થદંડશબ્દનો અર્થ આ પ્રમાણે જાણવો. તેમાં ગૃહસ્થનું ક્ષેત્ર, વાસ્તુ, ધન, શરીર, પરિજન વિગેરેસંબંધી જે પ્રયોજન તે અર્થ જાણવો અને જીવોનો જે નાશ તે દંડ. અહીં દંડ, નિગ્રહ, યાતના, વિનાશ આ બધા પર્યાયવાચી શબ્દો છે. કોઇ પ્રયોજનને કારણે થતો જે દંડ તે અર્થદંડ. અને અહીં તે દંડ જીવોના નાશરૂપ જાણવો. ટૂંકમાં ક્ષેત્ર વિગેરેના પ્રયોજનની અપેક્ષા રાખીને કરાતો જીવોનો નાશ તે અર્થદંડ કહેવાય છે. તેનાથી વિપરીત = જે પ્રયોજનથી નિરપેક્ષ છે તે અનર્થદંડ છે. અહીં અનર્થ, અપ્રયોજન, અનુપયોગ, નિષ્કારણતા આ બધા પર્યાયવાચી શબ્દો જાણવા. ટૂંકમાં કોઇપણ કારણ વિના જેમાં જીવોનો નાશ થાય છે તે અનર્થદંડ કહેવાય છે. હૃષ્ટ–પૃષ્ટ વ્યક્તિ કુહાડીથી સંકલ્પપૂર્વક વૃક્ષના થડ, શાખા વિગેરે ઉપર પ્રહાર કરે અને કાચિંડો, કીડી વિગેરેને મારી

---

८४. सरोहृदतटाकादीन् शोचयति, पश्चादुप्यन्ते, एवं न कल्पते, असतीपोषणताकर्म-असतीः पोषयति तथा गौडविषये योनिपोषका दास्यः पोषयन्ति तासां भाटिं गृह्णन्ति ।

कृकलासपिपीलिकादीन् व्यापादयति कृतसङ्कल्पः, न च तद्व्यापादने किञ्चिदतिशयोपकारि प्रयोजनं येन विना गार्हस्थ्यं प्रतिपालयितुं न शक्यते, सोऽयमनर्थदण्डः चतुर्विधः प्रज्ञप्तः, तद्यथा–'अपध्यानाचरित' इति अपध्यानेनाचरितः अपध्यानाचरितः समासः, अप्रशस्तं ध्यानं अपध्यानं, इह देवदत्तश्रावककोङ्कणकसाधुप्रभृतयो ज्ञापकं, 'प्रमादाचरितः' प्रमादेनाचरित इति विग्रहः, प्रमादस्तु मद्यादिः पञ्चधा, तथा चोक्तम्–*"मज्जं विसयकसाया विकथा णिद्दा य पंचमी भणिया"* अनर्थदण्डत्वं चास्योक्तशब्दार्थद्वारेण स्वबुद्ध्या भावनीयं, 'हिंसाप्रदानं' इह हिंसाहेतुत्वादायुधानलविषादयो हिंसोच्यते, कारणे कार्योपचारात्, तेषां प्रदानमन्यस्मै क्रोधाभिभूतायानभिभूताय वा न कल्पते, प्रदाने त्वनर्थदण्ड इति, 'पापकर्मोपदेशः' पातयति नरकादाविति पापं तत्प्रधानं कर्म पापकर्म तस्योपदेश इति समासः, यथा–कृष्यादि कुरुत, तथा चोक्तं–*"छिंत्ताणि कसथ गोणे दमेध इच्चादि सावगजणस्स । णो कप्पति उवदिसिउं जाणियजिणवयणसारस्स ॥१॥"* इदमतिचाररहितमनुपालनीयमित्यतोऽस्यैवातिचाराभिधित्सयाऽऽह–'अणट्ठदंडे'त्यादि, अनर्थदण्डविरमणस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्याः न समाचरितव्याः, तद्यथा–कन्दर्पः–कामः

નાંખે. તે જીવોને મારવામાં કોઇ વિશિષ્ટ પ્રકારનો ફાયદો થાય એવું કોઇ પ્રયોજન સરતું નથી કે જેના વિના ગૃહસ્થપણું પાલવું શક્ય ન થાય. આવા પ્રકારની જીવહિંસાને અનર્થદંડ કહેવાય છે.

તીર્થંકર-ગણધરોએ આ અનર્થદંડ ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે – (૧) **અપધ્યાનાચરિત** : જે અપધ્યાનથી આચરેલો હોય. અપ્રશસ્ત એવું જે ધ્યાન તે અપધ્યાન. અહીં દેવદત્તશ્રાવક, કોંકણક સાધુ વિગેરે દૃષ્ટાન્ત જાણવા. (દેવદત્તશ્રાવકનું દૃષ્ટાન્ત ખ્યાલમાં નથી અને કોંકણક સાધુનું દૃષ્ટાન્ત ભા. ૫ પૃ. ૨૬૮ માં છે.) (૨) **પ્રમાદાચરિત** : પ્રમાદને કારણે થયેલ. અહીં મદ્ય વિગેરે પાંચ પ્રકારના પ્રમાદ જાણવા. કહ્યું છે – "દારૂ, વિષય, કષાય, વિકથા અને પાંચમો પ્રમાદ નિદ્રા છે. ॥૧॥" આ પ્રમાદોનું અનર્થદંડપણું પૂર્વે કહેવાયેલ શબ્દાર્થ પ્રમાણે પોતાની બુદ્ધિથી વિચારી લેવું. (આનું વિશેષવર્ણન યોગશાસ્ત્ર–૩જો પ્રકાશ ગા. ૭૮ વિગેરેમાંથી જાણવું.)

(૩) **હિંસાપ્રદાન** : અહીં શસ્ત્ર, અગ્નિ, વિષ વિગેરે હિંસાનું કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરતા શસ્ત્રાદિ જ હિંસા કહેવાય છે. ક્રોધથી યુક્ત કે અયુક્ત એવા બીજાને આ શસ્ત્ર વિગેરે આપવા શ્રાવકને કલ્પતા નથી. આપે તો અનર્થદંડનો દોષ લાગે. (૪) **પાપકર્મોપદેશ** : જે આત્માને નરકાદિમાં પાડે છે તે પાપ. પાપની મુખ્યતા છે જેમાં તેવું કર્મ તે પાપકર્મ. તેનો જે ઉપદેશ તે પાપકર્મોપદેશ એ પ્રમાણે સમાસ જાણવો. જેમ કે – "તમે ખેતી વિગેરે કરો." કહ્યું છે – "ખેતરને ખેડ, બળદોનું દમન કર વિગેરે ઉપદેશ જિનવચનના રહસ્યને જાણનાર શ્રાવકને આપવો યોગ્ય નથી. ॥૧॥"

આ ગુણવ્રત અતિચાર વિના પાલવું જોઇએ. તેથી તેના જ અતિચારોને કહેવાની ઇચ્છાથી કહે છે – 'अणट्ठदंड....' વિગેરે. શ્રાવકે અનર્થદંડવિરતિના આ પાંચ અતિચારો જાણવા, પણ આચરવા નહીં. તે આ પ્રમાણે – (૧) **કંદર્પ** : કંદર્પ એટલે કામવિકાર. તેના કારણભૂત એવો વિશિષ્ટ

૮૫. क्षेत्राणि कृष गा दमय इत्यादि श्रावकजनस्य । न कल्पते उपदेष्टुं ज्ञातजिनवचनसारस्य ॥१॥

तद्धेतुर्विशिष्टो वाक्प्रयोगः कन्दर्प उच्यते, रागोद्रेकात् प्रहासमिश्रो मोहोद्दीपको नर्मेति भावः । इह सामाचारी–[૮૬]सावगस्स अट्टहासो न वट्टति, जति णाम हसियव्वं तो ईसिं चेव विहसितव्वंति । कौकुच्यं–कुत्सितसंकोचनादिक्रियायुक्तः कुचः कुकुचः तद्भावः कौकुच्यं–अनेकप्रकारा मुखनयनोष्ठकरचरणभ्रूविकारपूर्विका परिहासादिजनिका भाण्डादीनामिव विडम्बनक्रियेत्यर्थः । एत्थ सामायारी–तारिसगाणि भासितुं ण कप्पति जारिसेहिं लोगस्स हासो उप्पज्जति, एवं गतीए ठाणेण वा ठातितुन्ति । मौखर्य–धाष्ट्र्यप्रायमसत्यासम्बद्धप्रलापित्वमुच्यते, मुहेण वा अरिमाणेति, जधा कुमारामच्चेणं सो चारभडओ विसज्जितो, रण्णा णिवेदितं, ताए जीविकाए वित्ति दिण्णा, अण्णता रुट्ठेण मारितो कुमारामच्चो । संयुक्ताधिकरणं–अधिक्रियते नरकादिष्वनेनेत्यधिकरणं–वास्युदूखलशिलापुत्रकगोधूमयन्त्रकादि संयुक्तं–अर्थक्रियाकरणयोग्यं संयुक्तं च तदधिकरणं चेति

વાણીપ્રયોગ કંદર્પ કહેવાય છે. પ્રબળ એવા રાગથી મોહને ઉત્પન્ન કરનારી હાસ્યમિશ્રિત ઠઠ્ઠા–મશ્કરી એ કંદર્પ જાણવો. અહીં સામાચારી આ પ્રમાણે કે – શ્રાવકને જોર–જોરથી હસવું યોગ્ય નથી. જો કદાચ હસવું પડે તો સ્મિત કરે.

(૨) **કૌકુચ્ય** : ખરાબ રીતે સંકોચન વિગેરે ક્રિયાથી યુક્ત કુચ (= ક્રિયાવિશેષ) તે કુકુચ તેનો જે ભાવ તે કૌકુચ્ય અર્થાત્ મોં, આંખ, હોઠ, હાથ, પગ, ભ્રમરનું સંકોચન વિગેરે ભાંડ (વિદૂષક) વિગેરેની જેમ એવી રીતે કરે કે જેથી સામેવાળાને હસવું આવે વિગેરે થાય. આમ, શરીરના અવયવોની અનેકપ્રકારની સંકોચન વિગેરે ક્રિયા કૌકુચ્ય કહેવાય છે. અહીં સામાચારી–શ્રાવકે તેવા પ્રકારનું બોલવું ન જોઇએ કે એ રીતે ચાલવું, ઊભા રહેવું, બેસવું વિગેરે ન કરવું જોઇએ કે જેથી લોકોને હસવું આવે.

(૩) **મૌખર્ય** : ધૃષ્ટતાપૂર્વકના અસત્ય, અસંબદ્ધ વચનો બોલવા તે મૌખર્ય કહેવાય છે. અથવા મુખથી = એવા પ્રકારના વચનોથી શત્રુઓ ઊભા કરે. જેમ કે (દૃષ્ટાન્ત ચૂર્ણિ અને ટીપ્પણીના આધારે લખાય છે –) કોઇક રાજાને અન્યગામમાં ઝડપથી જઇ શકે એવા પુરુષની જરૂર પડી. તેથી રાજાએ મંત્રીને પૂછ્યું કે "શીઘ્રગતિવાળો પુરુષ આપણા રાજ્યમાં કોણ છે ?" મંત્રીએ એક શૂરવીર એવા સૈનિકનું નામ આપ્યું. તે સૈનિક જવા તૈયાર નહોતો છતાં પણ પરાણે તે સૈનિકને રવાના કર્યો. (આ રીતે મંત્રીએ પોતાના મુખથી સૈનિકને શત્રુ બનાવ્યો.) સૈનિક 'મને મંત્રીએ પરાણે આ કામમાં જોડ્યો છે' એમ વિચારી મંત્રી ઉપર દ્વેષ પામ્યો. પરિણામે એકવાર તક મળતા સૈનિકે મંત્રીને મારી નાંખ્યો.

(૪) **સંયુક્તાધિકરણ** : જેનાવડે આત્મા નરકાદિનો અધિકારી બનાવાય છે તે અધિકરણ. તે અધિકરણ તરીકે વાસી (લાકડાં છોડલાનું શસ્ત્ર), ખાંડણી, ઔષધ વિગેરે વાટવાનો પથ્થર, ઘંટી વિગેરે જાણવા. સંયુક્ત એટલે અર્થક્રિયાને = કુહાડી વિગેરેનું જે કાર્ય હોય તે કાર્ય કરવાને યોગ્ય.

८६. श्रावकस्याट्टहासो न वर्त्तते, यदि नाम हसितव्यं तर्हि ईषदेव विहसितव्यमिति । अत्र सामाचारी-तादृंशि भाषितुं न कल्पते यादृशैर्लोकस्य हास्यमुत्पद्यते, एवं गत्या स्थानेन वा स्थातुमिति मुखेन वाऽरिमानयति, यथा कुमारामात्येन स चारभटो विसृष्टः, राज्ञो निवेदितं, तया जीविकया वृत्तिर्दत्ता, अन्यदा रुष्टेन मारितः कुमारामात्यः ।

समासः । [८७]एत्थ समाचारी—सावगेण संजुत्ताणि चेव सगडादीनि न धरेतव्वाणि, एवं वासीपरसुमादिसु विभासा । 'उपभोगपरिभोगातिरेक' इति उपभोगपरिभोगशब्दार्थो निरूपित एव तदतिरेकः । एत्थवि सामायारी—उवभोगातिरित्तं जदि तेल्लामलए बहुए गेण्हति ततो बहुगा ण्हायगा वच्चंति तस्स लोलियाए, अण्णेवि ★अण्हायगा ण्हायंति, एत्थ पूतरगाआउक्कायवधो, एवं पुप्फतंबोलमादिविभासा, एवं ण वट्टति, का विधी सावगस्स उवभोगे ण्हाणे ?, घरे ण्हायव्वं णत्थि ताधे तेल्लामलएहिं सीसं घंसित्ता सव्वे साडेतूणं ताहे तडागाईतडे निविट्ठो अंजलिहि ण्हाति, एवं जेसु य पुप्फेसु पुप्फकुंथुताणि ताणि परिहरति ।

उक्तं सातिचारं तृतीयगुणव्रतं, व्याख्यातानि गुणव्रतानि, अधुना शिक्षापदव्रतानि उच्यन्ते,

---

સંયુક્ત એવું અધિકરણ તે સંયુક્તાધિકરણ એમ સમાસ જાણવો. અહીં સામાચારી—શ્રાવકે ગાડા વિગેરે સંયુક્ત (= બળદો જોડીને તૈયાર) રાખવા ન જોઇએ. આ જ પ્રમાણે વાસી, કુહાડો વિગેરે તૈયાર કરીને રાખવા નહીં (જેમ કે, કુહાડો હોય તો તેને હાથો સંયુક્ત કરીને ન રાખે અથવા ધાર બુઠ્ઠી હોય તો તીક્ષ્ણ કરીને ન રાખે વિગેરે.)

(૫) **ઉપભોગ-પરિભોગ-અતિરેક :** ઉપભોગ—પરિભોગ શબ્દોનો અર્થ પૂર્વે જણાવી જ દીધો છે. તેનો જે અતિરેક તે ઉપભોગપરિભોગાતિરેક. અહીં સામાચારી – ઉપભોગઅતિરેકપણું આ પ્રમાણે કે જો શ્રાવક તળાવે સ્નાન કરવા જાય ત્યારે સાથે તેલ, આમળા વધુ પ્રમાણમાં ગ્રહણ કરે તો ત્યાં તેની લાલચથી ઘણા બધા લોકો સ્નાન કરવા આવે. તથા સ્નાન ન કરવાની ઇચ્છાવાળા બીજા પણ ત્યાં તેલ-આમળાની લાલચથી સ્નાન કરે. તેથી પાણીમાં રહેલા પોરા વિગેરે અને અપ્કાયજીવોની હિંસા થાય છે. આ જ પ્રમાણે પુષ્પ, તંબોલ વિગેરેમાં પણ સમજી લેવું. ઉપભોગની વસ્તુઓ વધારે રાખવી શ્રાવકને કલ્પતી નથી. **શંકા :** સ્નાનરૂપ ઉપભોગમાં શ્રાવકને કઇ વિધિ જાણવી ? – પ્રથમ શ્રાવકે પોતાના ઘરમાં જ સ્નાન કરવું જોઇએ. જો એ શક્ય ન હોય તો તેલ—આમળાવડે પોતાનું મસ્તક ઘસીને તે બધું ત્યાં જ ખંખેરીને પછી તળાવ વિગેરેના કિનારે બેસી અંજલિવડે સ્નાન કરે. આ જ પ્રમાણે જે પુષ્પોમાં પુષ્પના કુંથવા જીવો હોય તે પુષ્પો છોડી દે.

**અવતરણિકા :** અતિચારસહિત ત્રીજું ગુણવ્રત કહ્યું. તે સાથે ગુણવ્રતોનું વ્યાખ્યાન પૂર્ણ થયું. હવે શિક્ષાપદવ્રતો કહેવાય છે. (શિક્ષા – અભ્યાસ, તે માટેના જે પદો = સ્થાનો તે શિક્ષાપદો. તે રૂપ જે વ્રત તે શિક્ષાપદવ્રત. અણુવ્રતો અને ગુણવ્રતો એકવાર ગ્રહણ કરવાના હોય છે, જ્યારે આ શિક્ષાપદવ્રતોનો વારંવાર અભ્યાસ કરવાનો હોય છે. માટે તેઓને શિક્ષાપદ કહેવાય છે.) તે ચાર

---

८७. अत्र सामाचारी श्रावकेण संयुक्तानि शकटादीनि न धारणीयानि, एवं वासीपर्श्वादिषु विभाषा । अत्रापि सामाचारी-उपभोगातिरिक्तं यदि तैलामलकादीनि बहूनि गृह्णाति ततो बहवः स्नानकारका व्रजन्ति तस्य लौल्येन, अन्येऽस्नायका अपि स्नान्ति, अत्र पूतरकाद्यप्कायवधः, एवं पुष्पतांबूलादिविभाषा, एवं न वर्त्तते, को विधिः श्रावकस्योपभोगे स्नाने ? गृहे स्नातव्यं नास्ति तदा तैलामलकैः शीर्षं घृष्ट्वा सर्वाणि शाटयित्वा ततस्तडाकादीनां तटे निवेश्याञ्जलिभिः स्नाति, एवं येषु पुष्पेषु पुष्पकुन्थवस्तानि परिहरति ।

★ 'ण्हायगा' - पूर्वमुद्रिते प्रत्य० च ।

तानि च चत्वारि भवन्ति, तद्यथा—सामायिकं देशावकाशिकं पौषधोपवासः अतिथिसंविभागश्चेति, तत्राद्यशिक्षापदव्रतप्रतिपादनायाह —

सामाइअं नाम सावज्जजोगपरिवज्जणं निरवज्जजोगपडिसेवणं च ।

सिक्खा दुविहा गाहा उववायठिई गई कसाया य । बंधंता वेयंता पडिवज्जाइक्कमे पंच ॥१॥ सामाइअंमि उ कए समणो इव सावओ हवइ जम्हा । एएण कारणेणं बहुसो सामाइयं कुज्जा ॥२॥ सव्वंति भाणिऊणं विरई खलु जस्स सव्विया नत्थि । सो सव्वविरइवाई चुक्कइ देसं च सव्वं च ॥३॥ सामाइयस्स समणो० इमे पञ्च०, तंजहा— मणदुप्पणिहाणे वइदुप्पणिहाणे कायदुप्पणिहाणे सामाइयस्स सइअकरणया सामाइयस्स अणवट्ठियस्स करणया ९ ॥ (सूत्रम्) ॥

समो—रागद्वेषवियुक्तो यः सर्वभूतान्यात्मवत् पश्यति, आयो लाभः प्राप्तिरिति पर्यायाः, समस्यायः समायः, समो हि प्रतिक्षणमपूर्वैर्ज्ञानदर्शनचरणपर्यायैर्निरुपमसुखहेतुभिरधःकृतचिन्तामणि-कल्पद्रुमोपमैर्युज्यते, स एव समायः प्रयोजनमस्य क्रियानुष्ठानस्येति सामायिकं समाय एव वा सामायिकं, नामशब्दोऽलङ्कारार्थः, अवद्यं—गर्हितं पापं, सहावद्येन सावद्यः योगो—व्यापारः कायिकादिस्तस्य परिवर्जनं—परित्यागः कालावधिनेति गम्यते, तत्र मा भूत् सावद्ययोगपरिवर्जन-मात्रमपापव्यापारासेवनशून्यं सामायिकमित्यत आह—निरवद्ययोगप्रतिसेवनं चेति, अत्र सावद्ययोग-

---

છે – (૧) સામાયિક, (૨) દેશાવકાશિક, (૩) પૌષધોપવાસ, અને (૪) અતિથિસંવિભાગ. તેમાં પ્રથમ શિક્ષાપદવ્રતનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** રાગ–દ્વેષ વિનાનો જે જીવ બીજા બધા જીવોને પોતાની જેમ જુએ છે (અર્થાત્ જેમ પોતાને દુઃખ ગમતુ નથી, સુખ ગમે છે, તેમ બીજા જીવોને પણ દુઃખ ગમતુ નથી સુખ ગમે છે એમ જે જુએ છે,) તે સમ કહેવાય છે. આય, લાભ, પ્રાપ્તિ આ ત્રણે પર્યાયવાચી શબ્દો જાણવા. તેથી સમનો જે આય=પ્રાપ્તિ તે સમાય. (શું સમની પ્રાપ્તિ થાય ? હા, તે આ પ્રમાણે –) નિરૂપમસુખના કારણભૂત અને ચિંતામણિ તથા કલ્પવૃક્ષની ઉપમા પણ જેની સામે ઓછી પડે છે એવા નવા–નવા જ્ઞાન–દર્શન–ચારિત્રના પર્યાયોદ્વારા દરેક ક્ષણે સમની પ્રાપ્તિ થાય છે. તે સમાય જ જે ક્રિયાનુષ્ઠાનનું પ્રયોજન છે તે ક્રિયાનુષ્ઠાન સામાયિક કહેવાય છે. અથવા સમાય એ જ સામાયિક. મૂળમાં 'નામ' શબ્દ શોભા માટે જાણવો.

અવદ્ય એટલે ગર્હા પામેલું = નિંદ્ય પાપ. અવદ્ય સાથે જે હોય તે સાવદ્ય. યોગ એટલે કાયિક વિગેરે વ્યાપાર. આ સાવદ્ય એવા યોગનો જે અમુક કાળ સુધી ત્યાગ તે સાવદ્યયોગપરિવર્જન. તેમાં સામાયિક એ નિરવદ્ય એવા યોગના આસેવન વિનાનું માત્ર સાવદ્યયોગના ત્યાગરૂપ ન થાઓ તે માટે કહે છે – (સામાયિક સાવદ્યયોગના ત્યાગરૂપ) અને નિરવદ્યયોગના પ્રતિસેવનરૂપ છે. અહીં શ્રાવકે સાવદ્યયોગના ત્યાગની જેમ નિરવદ્યયોગના પ્રતિસેવનમાં પણ રોજે રોજ યત્ન કરવો જોઇએ એવું

परिवर्जनवन्निरवद्ययोगप्रतिसेवनेऽप्यहर्निशं यत्नः कार्य इति दर्शनार्थं चशब्दः परिवर्जनप्रतिसेवन-क्रियाद्वयस्य तुल्यकक्षतोद्भावनार्थः । [८८]एत्थ पुण सामाचारी–सामाइयं सावएण कथं कायव्वंति ?, इह सावगो दुविधो–इड्ढीपत्तो अणिड्ढिपत्तो य, जो सो अणिड्ढिपत्तो सो चेतियघरे साधुसमीपे वा घरे वा पोसधसालाए वा जत्थ वा विसमति अच्छति वा निव्वावारो सव्वत्थ करेति तत्थ, चउसु ठाणेसु णियमा कायव्वं–चेतियघरे साधुमूले पोषधसालाए घरे आवासगं करेंतोत्ति, तत्थ जति साधुसगासे करेति तत्थ का विधी ?, जति परं परभयं नत्थि जतिवि य केणइ समं विवादो णत्थि जति कस्सइ ण धरेइ मा तेण अंछवियछियं कज्जिहिति, जति य धारणगं दट्ठूण न गेण्हति मा भज्जिहित्ति, जति वावारं ण वावारेति, ताधे घरे चेव सामायिकं कातूणं वच्चति, पंचसमिओ तिगुत्तो ईरियाउवजुत्ते जहा साहू भासाए सावज्जं परिहरंतो एसणाए कट्ठं लेट्ठुं वा पडिलेहिउं

દેખાડવા માટે 'च' શબ્દ ત્યાગ અને પ્રતિસેવન બંને ક્રિયાની તુલ્યતા પ્રગટ કરવા માટે આપેલો છે. અહીં વળી સામાચારી આ પ્રમાણે છે – શ્રાવકે સામાયિક કેવી રીતે કરવું જોઇએ ? તે કહે છે કે શ્રાવક બે પ્રકારના છે – ઋદ્ધિમાન અને ઋદ્ધિ વિનાના. તેમાં જે તે ઋદ્ધિ વિનાનો શ્રાવક છે તે ચૈત્યઘરમાં, સાધુ પાસે, ઘરમાં, પૌષધશાળામાં કે જ્યાં પોતે વ્યાપાર વિનાનો થયેલો શાંતિથી આરામ કરતો હોય કે રહેતો હોય ત્યાં બધે સામાયિક કરે, પરંતુ મુખ્યતયા ચૈત્યઘર, સાધુપાસે, પૌષધશાળા અને ઘર એમ જો આ ચાર સ્થાનોમાં આવશ્યક કરતો હોય ત્યારે નિયમથી કરવું.

જો સાધુ પાસે કરતો હોય તો ત્યાં કઇ વિધિ છે ? તે કહે છે – જો કોઇ પરનો = શત્રુ વિગેરેનો ભય ન હોય, કે કોઇની સાથે વિવાદ નથી કે કોઇનું દેવું માથે નથી, કારણ કે જો ભય, વિવાદ હશે તો સામેવાળા સાથે બાથા–બાથી ન થઇ જાય, અને જો માથે દેવું હોય તો સાધુ પાસે જતી વખતે રસ્તામાં ક્યાંય લેણદાર મળે અને તે સામાયિકનો ભંગ ન કરે તે માટે ઘરેથી સામાયિક ગ્રહણ ન કરે. પરંતુ જો આવું કઇ નથી અર્થાત્ ભય, વિવાદ કે દેવું નથી, કે રસ્તામાં જતી વેળાએ કોઇ વ્યાપાર પણ કરવાનો નથી. તો તે શ્રાવક ઘરેથી સામાયિક લઇને સાધુપાસે જાય. જતી વેળાએ તે શ્રાવક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત થઇને જાય. તે આ પ્રમાણે – સાધુની જેમ ઇર્યામાં બરાબર ઉપયુક્ત, ભાષાથી સાવદ્યનો ત્યાગ કરતો, એષણાસમિતિમાં કાષ્ઠ કે માટીના ઢેફા વિગેરેની જરૂર હોય તો તેના

૮૮. अत्र पुनः सामाचारी सामायिकं श्रावकेण कथं कर्त्तव्यमिति ?, इह श्रावको द्विविधः- ऋद्धिप्राप्तोऽनृद्धिप्राप्तश्च, यः सोऽनृद्धिप्राप्तः स चैत्यगृहे साधुसमीपे वा गृहे वा पौषधशालायां वा यत्र वा विश्राम्यति तिष्ठति वा निर्व्यापारः सर्वत्र करोति तत्र, चतुर्षु स्थानेषु नियमात् कर्त्तव्यं-चैत्यगृहे साधुमूले पौषधशालायां गृहे वाऽऽवश्यकं कुर्वन्निति, तत्र यदि साधुसकाशे करोति तत्र को विधिः ?-यदि परं परभयं नास्ति यदि च केनापि सार्धं विवादो नास्ति यदि कस्मैचिन्न धारयति मा तेनाकर्षविकर्षं भूदिति, यदि चाधमर्णं दृष्ट्वा न गृह्णाति मा भङ्क्ष्यतीति, यदि व्यापारं न करोति, तदा गृह एव सामायिकं कृत्वा व्रजति, पञ्चसमितस्त्रिगुप्त ईर्याद्युपयुक्तो यथा साधुः भाषायां सावद्यं परिहरन् एषणायां काष्ठं लेष्टुं वा प्रतिलिख्य

पमज्जेत्तुं[८९], एवं आदाणणिक्खेवणे खेलसिंघाणे ण विगिंचति, विगिंचंतो वा पडिलेहेति य पमज्जति य, जत्थ चिट्ठति तत्थवि गुत्तिणिरोधं करेति । एताए विधीए गत्ता तिविधेण णमित्तु साधुणो पच्छा सामाइयं करेति–'करेमि भन्ते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविधं तिविधेणं जाव साधू पज्जुवासामित्ति कातूणं, पच्छा ईरियावहियाए पडिक्कमति, पच्छा आलोएत्ता वंदति आयरियादी जधारातिणिया, पुणोवि गुरुं वंदित्ता पडिलेहित्ता णिविट्ठो पुच्छति पढति वा, एवं चेतियाइएसुवि, जदा सगिहे पोसधसालाए वा तत्थ णवरि गमणं णत्थि, जो इड्ढीपत्तो सो सव्विड्ढीए एति, तेण जणस्स उच्छाहोवि आढिता य साधुणो सुपुरिसपरिग्गहेणं, जति सो कयसामाइतो एति ताधे आसहत्थिमादिणा जणेण य अधिकरणं वट्टति, ताधे ण करेति,

સ્વામી પાસે અનુજ્ઞા લઈ તેનું પ્રતિલેખન, પ્રમાર્જન કરીને ગ્રહણ કરતો, આ જ પ્રમાણે આદાન–નિક્ષેપણમાં પણ પ્રતિલેખન–પ્રમાર્જન કરીને ગ્રહણ–મુંચન કરતો, પારિષ્ઠાપનિકામાં શ્લેષ્મ–ગળફાનો ત્યાગ કરે નહીં, કરવો પડે તો પ્રતિલેખન–પ્રમાર્જન કરીને પરઠવે, જ્યાં ઊભો રહે ત્યાં પણ મનાદિ ગુપ્તિનો નિરોધ કરે.

આ પ્રમાણેની વિધિથી ઉપાશ્રયમાં જઈને સાધુઓને મન–વચન–કાયાથી નમસ્કાર કરીને પછી સામાયિકને કરે – "હે ભન્તે ! જ્યાં સુધી હું સાધુઓની પર્યુપાસના કરું ત્યાં સુધી દ્વિવિધ–ત્રિવિધે સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવાદ્વારા સામાયિક કરું છું." આ પ્રમાણે 'કરેમિ ભંતે !'સૂત્ર બોલીને ઇર્યાવહી પ્રતિક્રમે. ત્યાર બાદ (પોતાના આગમનાદિની) આલોચના કરીને આચાર્ય વિગેરેને રત્નાધિક પ્રમાણે વંદન કરે. ત્યાર બાદ ફરી ગુરુને વંદન કરીને બેસવાના સ્થાનનું પડિલેહણ કરીને બેસે. આસન ઉપર બેઠેલો તે શંકાસ્થાનો પૂછે અથવા ભણે. આ જ પ્રમાણે ચૈત્યઘર વિગેરેમાં પણ જાણવું. હવે જ્યારે પોતાના ઘરમાં કે પૌષધશાળામાં સામાયિક કરે ત્યારે બહાર જવાનું હોતું નથી.

હવે જે રાજા વિગેરે ઋદ્ધિમાન શ્રાવક છે. તે પોતાની સર્વઋદ્ધિ સાથે સાધુ પાસે સામાયિક કરવા આવે. (અર્થાત્ ઋદ્ધિ વિનાના શ્રાવકની જેમ ઘરેથી સામાયિક કરીને નીકળે નહીં.) આવી ઋદ્ધિ સાથે શ્રાવક જતો હોવાથી લોકોને પણ ધર્મમાં ઉત્સાહ વધે તથા આવા સારા લોકો પણ સાધુને પૂજે છે એમ વિચારી લોકો પણ સાધુઓનો આદર–સત્કાર કરે. આવો શ્રાવક જો ઘરેથી જ સામાયિક લઈને જાય તો પોતાની ઋદ્ધિ સાથે નીકળતા હાથી–ઘોડા વિગેરેદ્વારા અને તેના માણસો વિગેરેદ્વારા હિંસા થાય તેથી તે ઘરેથી સામાયિક લઈને જાય નહીં. એ જ પ્રમાણે જો ઘરેથી સામાયિક લઈને જવાનું

૮૯. प्रमृज्य एवमादाननिक्षेपे, श्लेष्मसिङ्घाने न त्यजति, त्यजन् वा प्रतिलिखति च प्रमार्ष्टि च, यत्र तिष्ठति तत्रापि गुप्तिनिरोधं करोति, एतेन विधिना गत्वा त्रिविधेन नत्वा साधून् पश्चात् सामायिकं करोति-करोमि भदन्त ! सामायिकं सावद्यं योगं प्रत्याख्यामि द्विविधं त्रिविधेन यावत् साधून् पर्युपासे इतिकृत्वा, पश्चात् ऐर्यापथिकीं प्रतिक्रामति, पश्चात् आलोच्य वन्दते आचार्यादीन् यथारात्निकं, पुनरपि गुरुं वन्दित्वा प्रतिलिख्य निविष्टः पृच्छति पठति वा, एवं चैत्यादिष्वपि, यदा स्वगृहे पौषधशालायां वा आवासके वा तदा नवरं गमनं नास्ति, य ऋद्धिप्राप्तः स सर्वद्‌र्ध्याऽऽयाति, तेन जनस्योत्साहः अपि च साधव आदृताः सुपुरुषपरिग्रहेण, यदि स कृतसामायिक आयाति तदाऽश्वहस्त्यादिना जनेन चाधिकरणं वर्त्तते ततो न करोति,

कॆयसामाइएण य पादेहिं आगंतव्वं, तेणं ण करेति, आगतो साधुसमीवे करेति, जति सो सावओ तो ण कोइ उट्ठेति, अह अहाभद्दओ ता पूता कता होतुत्ति भण्णति, ताधे पुव्वरइतं आसणं कीरति, आयरिया उट्ठिता य अच्छंति, तत्थ उट्ठेंतमणुट्ठेंते दोसा विभासितव्वा, पच्छा सो इड्ढीपत्तो सामाइयं करेइ अणेण विधिणा—करेमि भन्ते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविधं तिविधेण जाव नियमं पज्जुवासामित्ति, एवं सामाइयं काउं पडिक्कंतो वंदित्ता पुच्छति, सो य किर सामाइयं करेंतो मउडं अवणेति कुंडलाणि णाममुद्दं पुप्फतंबोलपावारगमादी वोसिरति, एसा विधी सामाइयस्स । आह—सावद्ययोगपरिवर्जनादिरूपत्वात् सामायिकस्य कृतसामायिकः श्रावको वस्तुतः

હોય તો પગેથી ચાલીને જવું પડે. તેથી પણ ઘરેથી સામાયિક કરીને નીકળે નહીં. ઋદ્ધિ સાથે આવીને તે શ્રાવક સાધુપાસે સામાયિક કરે.

આ આવનારો ઋદ્ધિમાન જો શ્રાવક હોય (= ધર્મ પામેલો હોય) તો તેના આવવાથી કોઇ સાધુ ઊઠે નહીં. પરંતુ જો તે શ્રાવક ન હોય પણ યથાભદ્રક હોય (= ધર્મ પામેલો ન હોય, સાધુની સામાચારી જાણતો ન હોય) ત્યારે પૂજા કરાયેલી થાઓ (= મારા પણ માન–સત્કાર થયા એવું તેના મનમાં થાય તે માટે) કઇ વિધિ સાધુઓએ કરવી ? તે કહેવાય છે – તે યથાભદ્રક આવે તે પહેલા જ તેને બેસવા માટે આસન તૈયાર કરે, તેના આવ્યા પહેલા જ આચાર્ય ઊભા થઇ આટા મારે, કારણ કે જો તેના આવતાની સાથે ઊઠે તો આવનાર ગૃહસ્થનો આદર કરવાના કારણે દોષ લાગે અને જો ઊભા ન થાય તો તેને ખોટું લાગે માટે પહેલેથી જ આચાર્ય ઊભા થઇ આટા મારતા રહે.

ત્યાર પછી તે ઋદ્ધિમાન આ વિધિથી સામાયિક કરે – 'करेमि भंते.... जाव नियमं पज्जुवासामि' (ઋદ્ધિ વિનાનો શ્રાવક 'जाव साधू पज्जुवासामि' બોલે અને ઋદ્ધિમાન શ્રાવક 'जाव नियमं पज्जुवासामि' બોલે. આવું કેમ ? એના સમાધાનમાં બહુશ્રુતો એવી યુક્તિ જણાવે છે કે – ઋદ્ધિમાન શ્રાવક ઘણા કાર્યોમાં વ્યસ્ત હોવાથી ઘણો સમય સાધુ પાસે વિતાવી શકે નહીં. તેથી ચોક્કસ સમયની મર્યાદા સાથે તે સામાયિક કરે.) પછી પૂર્વની જેમ ઇરિયાવહીદ્વારા પ્રતિક્રાન્ત થયેલો વંદન કરીને પ્રશ્નાદિ પૂછે. તે ઋદ્ધિમાન સામાયિક કરતી વેળાએ પોતાના મુકુટ, કુંડલો, વીંટી દૂર મૂકે છે અને પુષ્પ, પાન, ઉત્તરીય વસ્ત્ર વિગેરેનો ત્યાગ કરે. આ સામાયિકની વિધિ કહી.

**શંકા :** સામાયિક એ સાવદ્યયોગના ત્યાગરૂપ હોવાથી જે શ્રાવક સામાયિક કરે છે તે ખરેખર તો સાધુ જ કહેવાય. અને તેથી તે ઇત્વરકાળ માટે પણ ત્રિવિધ-ત્રિવિધવડે સર્વસાવદ્યયોગોનું

૧૦. कृतसामायिकेन च पादाभ्यामागन्तव्यं तेन न करोति, आगतः साधुसमीपे करोति, यदि स श्रावकस्तदा न कोऽपि अभ्युत्तिष्ठति, अथ यथाभद्रकस्तदाऽऽदृतो भवत्विति भण्यते, तदा पूर्वरचितमासनं क्रियते, आचार्याश्चोत्थितास्तिष्ठन्ति, तत्रोत्तिष्ठत्यनुत्तिष्ठति च दोषा विभाषितव्याः, पश्चात् स ऋद्धिप्राप्तः सामायिकं करोत्यनेन विधिना-करोमि भदन्त ! सामायिकं सावद्यं योगं प्रत्याख्यामि द्विविधं त्रिविधेन यावन्नियमं पर्युपासे इति, एवं सामायिकं कृत्वा प्रतिक्रान्तो वन्दित्वा पृच्छति, स किल सामायिकं कुर्वन् मुकुटं अपनयति कुण्डले नाममुद्रां पुष्पताम्बूलप्रावारकादि व्युत्सृजति, एष विधिः सामायिकस्य ।

साधुरेव, स कस्माद् इत्वरं सर्वसावद्ययोगप्रत्याख्यानमेव न करोति त्रिविधं त्रिविधेनेति ?, अत्रोच्यते, सामान्येन सर्वसावद्ययोगप्रत्याख्यानस्यागारिणोऽसम्भवादारम्भेष्वनुमतेरव्यवच्छिन्नत्वात्, कनकादिषु चाऽऽत्मीयाग्रहानिवृत्तेः, अन्यथा सामायिकोत्तरकालमपि तदग्रहणप्रसङ्गात्, साधु-श्रावकयोश्च प्रपञ्चेन भेदाभिधानात् । तथा चाह ग्रन्थकारः –

सिक्खा दुविधा गाहा, उववातठिती गती कसाया य ।
बंधंता वेदन्ता पडिवज्जाइक्कमे पंच ॥१॥

अस्या व्याख्या–इह शिक्षाकृतः साधुश्रावकयोर्महान् विशेषः, सा च शिक्षा द्विविधा–आसेवनाशिक्षा ग्रहणशिक्षा च, शिक्षा–अभ्यासः, तत्रासेवनाशिक्षामधिकृत्य सम्पूर्णामेव चक्रवालसामाचारीं सदा पालयति साधुः, श्रावकस्तु न तत्कालमपि सम्पूर्णामपरिज्ञानादसम्भवाच्च, ग्रहणशिक्षां पुनरधिकृत्य साधुः सूत्रतोऽर्थतश्च जघन्येनाष्टौ प्रवचनमातर उत्कृष्टतस्तु बिन्दुसारपर्यन्तं गृह्णातीति, श्रावकस्तु सूत्रतोऽर्थतश्च जघन्येन ता एव प्रवचनमातर उत्कृष्टतस्तु षड्जीवनिकां यावदुभयतोऽर्थतस्तु पिण्डैषणां यावत्, न तु तामपि सूत्रतो निरवशेषामर्थत इति । सूत्रप्रामाण्याच्च

---

પચ્ચક્ખાણ શા માટે કરતો નથી ?

**સમાધાન :** સામાન્યથી ગૃહસ્થને સર્વસાવદ્યયોગનું પ્રત્યાખ્યાન સંભવતું નથી કારણ કે સામાયિક લીધા પછી પણ જે પરિવારાદિ માટે આરંભો ચાલે છે તેમાં તેની અનુમોદના મટી જતી નથી. અને સોનું વિગેરે જે પોતાની મિલકત છે તેમાં તેનો મમત્વભાવ જતો રહ્યો નથી. જો જતો રહ્યો હોત તો સામાયિક કર્યા પછી પણ તે સોનું વિગેરે ગ્રહણ કરત નહીં પણ કરે છે માટે મમત્વભાવ પણ રહેલો છે. તથા સાધુ-શ્રાવક વચ્ચે વિસ્તારથી (આગળ) ભેદ જણાવેલો છે. તેથી તે શ્રાવક સાધુ બની જતો નથી કે જેથી સર્વસાવદ્યનું પચ્ચક્ખાણ તેને સંભવે. શ્રાવક–સાધુ વચ્ચે ભેદ જણાવવા ગ્રંથકારશ્રી કહે છે ➩

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સાધુ–શ્રાવક વચ્ચે શિક્ષાકૃત મોટો ભેદ છે. (૧) તે શિક્ષા બે પ્રકારે છે – આસેવનશિક્ષા અને ગ્રહણશિક્ષા. શિક્ષા એટલે અભ્યાસ. તેમાં આસેવનશિક્ષાને આશ્રયીને સાધુ બધી જ ચક્રવાલ સામાચારીને કાયમ માટે પાળે છે. જ્યારે શ્રાવક તત્કાળપૂરતી પણ સંપૂર્ણ સામાચારીને પાળતો નથી, કારણ કે તેનું તેને જ્ઞાન નથી અને તેનાથી સંપૂર્ણ સામાચારીનું પાલન કરવું શક્ય પણ નથી. ગ્રહણશિક્ષાને આશ્રયીને સાધુ સૂત્ર–અર્થથી જઘન્યથી આઠ પ્રવચનમાતાનું જ્ઞાન અને ઉત્કૃષ્ટથી બિંદુસાર (૧૪મું પૂર્વ) સુધીનું જ્ઞાન ગ્રહણ કરે છે. જ્યારે શ્રાવક સૂત્ર–અર્થથી જઘન્યથી તે જ આઠ પ્રવચનમાતાનું જ્ઞાન અને ઉત્કૃષ્ટથી સૂત્ર–અર્થરૂપ ઉભયથી દશવૈકા. ના ૪થા ષડ્જીવનિકાય અધ્યયન સુધી અને અર્થથી પિંડૈષણા સુધીનું જ્ઞાન ગ્રહણ કરે છે. તે પિંડૈષણાને પણ સૂત્રથી નહીં પણ અર્થથી સંપૂર્ણ ગ્રહણ કરે. (આ પ્રમાણે જ્ઞાન–ક્રિયાને આશ્રયીને શ્રાવક–સાધુવચ્ચે ભેદ કહ્યો.)

(૨) ગાથાથી = સૂત્રના પ્રામાણ્યથી સાધુ–શ્રાવક વચ્ચે ભેદ જણાય છે. કહ્યું છે – 'सामाइयंमि

विशेषः, तथा चोक्तम्–"*सामाइयंमि तु कते समणो इव सावओ हवइ जम्हा । एतेण कारणेणं बहुसो सामाइयं कुज्जा ॥१॥*" इति, गाथासूत्रं प्राग् व्याख्यातमेव, लेशतस्तु व्याख्यायते–सामायिके प्राग्निरूपितशब्दार्थे, तुशब्दोऽवधारणार्थः, सामायिक एव कृते न शेषकालं श्रमण इव–साधुरिव श्रावको भवति यस्मात्, एतेन कारणेन बहुशः–अनेकशः सामायिकं कुर्यादित्यत्र श्रमण इव चोक्तं न तु श्रमण एवेति यथा समुद्र इव तडागः न तु समुद्र एवेत्यभिप्रायः । तथोपपातो विशेषकः, साधुः सर्वार्थसिद्ध उत्पद्यते श्रावकस्त्वच्युते परमोपपातेन, जघन्येन तु द्वावपि सौधर्म एवेति, तथा चोक्तं–"[11]*अविराधितसामण्णस्स साधुणो सावगस्स उ जहण्णो । सोधम्मे उववातो भणिओ तेलोक्कदंसीहिं ॥१॥*" तथा स्थितिर्भेदिका, साधोरुत्कृष्टा त्रयस्त्रिंशत्-सागरोपमाणि जघन्या तु पल्योपमपृथक्त्वमिति, श्रावकस्य तूत्कृष्टा द्वाविंशतिः सागरोपमाणि जघन्या तु पल्योपममिति । तथा गतिर्भेदिका, व्यवहारतः साधुः पञ्चस्वपि गच्छति, तथा च कुरूटोत्कुरुटौ नरकं गतौ कुणालादृष्टान्तेनेति श्रूयते, श्रावकस्तु चतसृषु न सिद्धिगताविति, अन्ये तु व्याचक्षते–साधुः सुरगतौ मोक्षे च, श्रावकस्तु चतसृष्वपि । तथा कषायाश्च विशेषकाः, साधुः कषायोदयमाश्रित्य सञ्ज्वलनापेक्षया चतुस्त्रिद्व्येककषायोदयवानकषायोऽपि भवति

तु कते...' આ ગાથાસૂત્રનો અર્થ પૂર્વે કહેવાઇ ગયો જ છે. છતાં અહીં સંક્ષેપથી અર્થ કહેવાય છે – 'તુ' શબ્દ જકાર અર્થવાળો હોવાથી સામાયિક કરતી વેળાએ જ શ્રાવક સાધુ જેવો છે, નહીં કે સામાયિક સિવાયના શેષકાળમાં. જે કારણથી સામાયિક કરતી વખતે શ્રાવક સાધુ જેવો બને છે તે કારણથી શ્રાવક વારંવાર સામાયિક કરે. આ ગાથામાં શ્રાવકને 'સાધુ જેવો' કહ્યો છે 'સાધુ જ' કહ્યો નથી. જેમ કે, તે તળાવ સમુદ્ર જેવું છે, સમુદ્ર નથી. આમ આ ગાથા ઉપરથી પણ સાધુ–શ્રાવક વચ્ચે ભેદ સિદ્ધ થાય છે.

(૩) તથા ઉપપાત પણ ભેદ પાડનાર જાણવો – સાધુ સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થાય, જ્યારે શ્રાવક અચ્યુતનામના ૧૨માં દેવલોકમાં ઉત્કૃષ્ટથી ઉત્પન્ન થાય. જઘન્યથી બંને સૌધર્મ દેવલોકમાં જ ઉત્પન્ન થાય. કહ્યું છે – "ત્રણલોકને જોનારા તીર્થંકરોએ અવિરાધિતસંયમવાળા સાધુ અને શ્રાવકનો જઘન્યથી સૌધર્મમાં ઉપપાત કહ્યો છે. ॥૧॥" (૪) તથા સ્થિતિ પણ ભેદ પાડનારી જાણવી – સાધુની પછીના ભવમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૩૩ સાગરોપમ અને જઘન્યથી પલ્યોપમપૃથક્ત્વ. શ્રાવકની ઉત્કૃષ્ટથી ૨૨ સાગરોપમ અને જઘન્યથી પલ્યોપમ. (૫) તથા ગતિ પણ ભેદ પાડનારી જાણવી – વ્યવહારથી = બહારથી જે સાધુ છે તે પાંચે ગતિમાં (ચાર+મોક્ષ) જાય છે. કુણાલાનગરીના દૃષ્ટાન્તમાં (ભા. ૪, પૃ. ૨૮૪) કુરુટ અને ઉત્કુરુટ બંને સાધુઓ નરકમાં ગયા એમ સંભળાય છે. જ્યારે શ્રાવક ચાર ગતિમાં જાય પણ સિદ્ધિગતિમાં જાય નહીં. કેટલાક વળી એમ કહે છે કે – સાધુ દેવગતિ અને મોક્ષમાં જાય તથા શ્રાવક ચારે ગતિમાં જાય.

(૬) કષાયો ભેદક જાણવા – છદ્મસ્થવીતરાગ વિગેરે સાધુ કષાયોદયને આશ્રયીને સંજ્વલનની અપેક્ષાએ ક્રોધાદિ ચાર અથવા ત્રણ અથવા બે અથવા એક અથવા અકષાય પણ હોય છે. જ્યારે

११. अविराद्धश्रामण्यस्य साधोः श्रावकस्यापि जघन्यतः । सौधर्मे उपपातो भणितस्त्रैलोक्यदर्शिभिः ॥१॥

छद्मस्थवीतरागादिः, श्रावकस्तु द्वादशकषायोदयवान् अष्टकषायोदयवांश्च भवति, यदा द्वादशकषायोदयवांस्तदाऽनन्तानुबन्धवर्जा गृह्यन्ते, एते चाविरतस्य विज्ञेया इति, यदा त्वष्टकषायोदयवान् तदाऽनन्तानुबन्धिअप्रत्याख्यानकषायवर्ज्जा इति, एते च विरताविरतस्य । तथा बन्धश्च भेदकः, साधुर्मूलप्रकृत्यपेक्षया अष्टविधबन्धको वा सप्तविधबन्धको वा षड्विधबन्धको वा एकविधबन्धको वा, उक्तं च–"[12]*सत्तविधबंधगा हुंति पाणिणो आउवज्जगाणं तु । तह सुहुमसंपरागा छव्विहबंधा विणिद्दिट्ठा ॥१॥ मोहाउयवज्जाणं पगडीणं ते उ बंधगा भणिया । उवसंतखीणमोहा केवलिणो एगविधबंधा ॥२॥ ते पुण दुसमयठितीयस्स बंधगा ण पुण संपरागस्स । सेलेसीपडिवण्णा अबंधगा होंति विण्णेया ॥३॥*" श्रावकस्तु अष्टविधबन्धको वा सप्तविधबन्धको वा । तथा वेदनाकृतो भेदः, साधुरष्टानां सप्तानां चतसृणां वा प्रकृतीनां वेदकः, श्रावकस्तु नियमादष्टानामिति । तथा प्रतिपत्तिकृतो विशेषः, साधुः पञ्च महाव्रतानि प्रतिपद्यते, श्रावकस्त्वेकमणुव्रतं द्वे त्रीणि चत्वारि पञ्च वा, अथवा साधुः सकृत् सामायिकं प्रतिपद्य सर्वकालं धारयति, श्रावकस्तु पुनः २ प्रतिपद्यत इति । तथाऽतिक्रमो विशेषकः, साधोरेकव्रतातिक्रमे पञ्चव्रतातिक्रमः, श्रावकस्य

શ્રાવક ૧૨ અને ૮ કષાયના ઉદયવાળો હાય છે. જ્યારે ૧૨કષાયના ઉદયવાળો હોય ત્યારે અનંતાનુબંધી સિવાયના કષાયો લેવા. આ અવિરત શ્રાવકને જાણવા. જ્યારે આઠ કષાયના ઉદયવાળો હોય ત્યારે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન સિવાયના કષાયવાળો જાણવો. આ આઠ દેશવિરતશ્રાવકને જાણવા.

(૭) બંધ એ ભેદક જાણવો – સાધુ મૂલપ્રકૃતિની અપેક્ષાએ આઠપ્રકૃતિને બાંધનારો, સાત પ્રકૃતિને બાંધનારો, છ પ્રકૃતિને બાંધનારો કે એક પ્રકૃતિને બાંધનારો હોય છે. કહ્યું છે – "જીવો આયુવિનાના સાત પ્રકારના કર્મોને બાંધનારા હોય છે. તથા સૂક્ષ્મસંપરય (= ૧૦માં ગુણસ્થાનવાળા) જીવો છ પ્રકારના કર્મોને બાંધનારા કહ્યા છે. ॥૧॥ તેઓ મોહનીય અને આયુષ્ય સિવાયના છ કર્મોને બાંધનારા કહેવાયા છે. ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને કેવલિઓ એકવિધ કર્મને બાંધનારા છે. ॥૨॥ તેઓ બે સમયની સ્થિતિવાળા કર્મને બાંધનારા છે પણ સાંપરાયિકકર્મને (= કષાયનિમિત્તક કર્મને) બાંધનારા હોતા નથી. શૈલેશી અવસ્થાને પામેલા (= ૧૪માં ગુણસ્થાનવાળા) કેવલિઓ અબંધ જાણવા. ॥૩॥" જ્યારે શ્રાવક આઠ કે સાત કર્મને બાંધનારા હોય છે.

(૮) વેદનાકૃત ભેદ જાણવો – સાધુ આઠ, સાત કે ચાર પ્રકૃતિના ઉદયને વેદનારો હોય છે જ્યારે શ્રાવક નિયમથી આઠ પ્રકૃતિના ઉદયને વેદે = ભોગવે છે. (૯) પ્રતિપત્તિકૃત ભેદ જાણવો – સાધુ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરે છે, જ્યારે શ્રાવક એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ અણુવ્રતોને સ્વીકારનારો હોય છે. અથવા સાધુ એકવાર સામાયિક સ્વીકારીને સર્વકાળ માટે ધારણ કરે છે. જ્યારે શ્રાવક વારંવાર સામાયિક ગ્રહણ કરે છે. (૧૦) અતિક્રમ ભેદક જાણવો – સાધુને એકવ્રતનો

१२. सप्तविधबन्धका भवन्ति प्राणिन आयुर्वर्जानां तु । तथा सूक्ष्मसंपरायाः षड्विधबन्धा विनिर्दिष्टाः ॥१॥ मोहायुर्वर्जानां प्रकृतीनां ते तु बन्धका भणिताः । उपशान्तक्षीणमोहौ केवलिन एकविधबन्धकाः ॥२॥ ते पुनर्द्विसमयस्थितिकस्य बन्धका न पुनः सांपरायिकस्य । शैलेशीप्रतिपन्ना अबन्धका भवन्ति विज्ञेया ॥३॥

पुनरेकस्यैव, पाठान्तरं वा, किं च–इतश्च सर्वशब्दं न प्रयुङ्क्ते, मा भूद्देशविरतेरप्यभाव इत्याह– 'सव्वंति भाणिऊणं' विरती खलु जस्स सव्विया णत्थि । सो सव्वविरयवाई चुक्कइ देसं च सव्वं च त्ति गाहा, सर्वमित्यभिधाय–सर्वं सावद्यं योगं परित्यजामीत्यभिधाय विरतिः खलु यस्य 'सर्वा' निरवशेषा नास्ति, अनुमतेर्नित्यप्रवृत्तत्वादिति भावना, स एवंभूतः सर्वविरतिवादी 'चुक्कइ'त्ति भ्रश्यति देशविरतिं सर्वविरतिं च प्रत्यक्षमृषावादित्वादित्यभिप्रायः । पर्याप्तं प्रसङ्गेन प्रकृतं प्रस्तुमः । इदमपि च शिक्षापदव्रतमतिचाररहितमनुपालनीयमित्यत आह–'सामाइयस्स समणो' [ गाहा ], सामायिकस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्या न समाचरितव्याः, तद्यथा–मनोदुष्प्रणिधानं, प्रणिधानं–प्रयोगः दुष्टं प्रणिधानं दुष्प्रणिधानं मनसो दुष्प्रणिधानं मनोदुष्प्रणिधानं, कृतसामायिकस्य गृहसत्केतिकर्त्तव्यतासुकृतदुष्कृतपरिचिन्तनमिति, उक्तं च–"[13]*सामाइयं तु कातुं घरचिन्तां जो तु चिंतये सड्ढो । अट्टवसट्टोवगतो निरत्थयं तस्स सामइयं ॥१॥*" वागदुष्प्रणिधानं कृतसामायिकस्या-

અતિક્રમ = ઉલ્લંઘન થતાં પાંચે વ્રતોનો અતિક્રમ થાય છે. જ્યારે શ્રાવકને એક જ વ્રતનો અતિક્રમ થાય છે. અથવા (પૂર્વે શંકાકારે જે શંકા કરી કે શ્રાવક ત્રિવિધ–ત્રિવિધવડે સર્વસાવદ્યયોગોનું પ્રત્યાખ્યાન કેમ કરી શકતો નથી ? તેના સમાધાનમાં ગ્રંથકારે 'सिक्खा दुविधा गाहा...' ગાથા કહી. આ ગાથાના બદલે આ શંકાના સમાધાન માટે પાઠાન્તર તરીકે બીજી ગાથા પણ મળે છે. તેથી જણાવે છે કે) અહીં પાઠાન્તર જાણવો. પોતાનામાં દેશવિરતિનો પણ અભાવ ન થાય તે માટે શ્રાવક 'करेमि भंते !' સૂત્રમાં 'सर्वसावद्ययोग' એ પ્રમાણે સર્વશબ્દનો પ્રયોગ કરતો નથી. આ જ વાત કહે છે – "सव्वंति भाणिऊणं...." 'સર્વસાવદ્યયોગનો હું ત્યાગ કરું છું' એ પ્રમાણે કહીને જેને સર્વસાવદ્યયોગથી વિરતિ નથી એટલે કે સર્વસાવદ્યયોગોનો જેણે ત્યાગ કર્યો નથી, કારણ કે તેવા શ્રાવકની અનુમોદના તો હંમેશા છે જ. તેથી તેવા પ્રકારનો તે સર્વવિરતિવાદી શ્રાવક પ્રત્યક્ષમૃષાવાદી હોવાથી દેશવિરતિ અને સર્વવિરતિ બંનેથી ભ્રષ્ટ થાય છે. (ટૂંકમાં સર્વવિરતિ લીધી હોવાથી દેશવિરતિ તો છે જ નહીં અને સર્વવિરતિ લીધા બાદ અનુમોદના રહેલી હોવાથી સર્વવિરતિ પણ રહેતી નથી. આમ બંનેથી તે ભ્રષ્ટ થાય છે.) વધુ પ્રાસંગિક ચર્ચાથી સર્યું.

મૂળ વાત ઉપર આવીએ. શિક્ષાપદવ્રત પણ અતિચાર વિના પાલવાનું હોવાથી કહે છે – 'सामाइयस्स समणो....' શ્રાવકે સામાયિકના આ પાંચ અતિચારો જાણવા પરંતુ આચરવા નહીં. (૧) **મનોદુષ્પ્રણિધાન** : પ્રણિધાન એટલે પ્રયોગ (જેમ કે, મનનું પ્રણિધાન એટલે મનનો પ્રયોગ અર્થાત્ મનનું ચિંતન, એ જ પ્રમાણે વચનપ્રણિધાન = વચનપ્રયોગ અર્થાત્ વચન ઉચ્ચારવું, વિગેરે.) દુષ્ટ = ખરાબ એવું પ્રણિધાન તે દુષ્પ્રણિધાન, મનનું દુષ્પ્રણિધાન તે મનોદુષ્પ્રણિધાન, અર્થાત્ સામાયિક કરનારનું (સામાયિકમાં) ઘરસંબંધી પોતાની ફરજોનું, સુકૃતનું (= ફલાણું કામ થયું તે બહુ સારું થયું.), દુષ્કૃતનું (= ફલાણું થયું તે બહુ ખરાબ થયું.) ચિંતન. કહ્યું છે – "સામાયિક કરીને જે શ્રાવક ઘરની ચિંતા કરે છે. તે આર્તધ્યાનને પામે છે અને તેથી તેનું તે સામાયિક નિરર્થક થાય છે. ॥૧॥"

(૨) **વચનદુષ્પ્રણિધાન** : સામાયિક કરનારનો અસભ્ય, નિષ્ઠુર અને સાવદ્ય એવો વચનપ્રયોગ

१३. सामायिकं तु कृत्वा गृहचिन्तां यस्तु चिन्तयेच्छ्राद्धः । आर्त्तवशार्त्तमुपगतो निरर्थकं तस्य सामायिकम् ॥१॥

सभ्यनिष्ठुरसावद्यवाक्प्रयोग इति, उक्तं च–"[१४]*कडसामइओ पुव्विं बुद्धीए पेहितूण भासेज्जा । सइ णिरवज्जं वयणं अण्णह सामाइयं ण भवे ॥२॥*" कायदुष्प्रणिधानं कृतसामायिकस्याप्रत्युपेक्षितादिभूतलादौ करचरणादीनां देहावयवानामनिभृतस्थापनमिति, उक्तं च–"*अणिरिक्खियापमज्जिय थंडिल्ले ठाणमादि सेवेन्तो । हिंसाभावेवि ण सो कडसामइओ पमादाओ ॥३॥*" सामायिकस्य स्मृत्यकरणं–सामायिकस्य सम्बन्धिनी या स्मरणा स्मृतिः–उपयोगलक्षणा तस्या अकरणम्–अनासेवनमिति, एतदुक्तं भवति–प्रबलप्रमादवान् नैव स्मरत्यस्यां वेलायां मया यत्सामायिकं कर्तव्यं कृतं न कृतमिति वा, स्मृतिमूलं च मोक्षसाधनानुष्ठानमिति, उक्तं च–"*ण सरइ पमादजुत्तो जो सामइयं कदा तु कातव्वं । कतमकतं वा तस्स हु कयंपि विफलं तयं णेयं ॥१॥*" सामायिकस्यानवस्थितस्य करणं अनवस्थितकरणं, अनवस्थितमल्पकालं वा करणानन्तरमेव त्यजति, यथाकथञ्चिद्वाऽनवस्थितं करोतीति, उक्तं च–"*कातूण तक्खणं चिय पारेति करेति वा जधिच्छाए । अणवट्ठियं सामइयं अणादरातो न तं सुद्धं ॥१॥*"

---

તે વચનદુષ્પ્રણિધાન જાણવું. કહ્યું છે – "સામાયિક કરનારો શ્રાવક હંમેશા પ્રથમ બુદ્ધિથી વિચારે અને પછી નિરવદ્ય વચન બોલે, નહીં તો તેનું સામાયિક કહેવાય નહીં.।।૨।।" (૩) **કાયદુષ્પ્રણિધાન :** એટલે કે સામાયિક કરનારનું અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત એવી ભૂમિ વિગેરે ઉપર હાથ–પગ વિગેરે શરીરના અવયવોનું ગમે–તેમ મૂકવું. કહ્યું છે – "અનિરિક્ષિત, અપ્રમાર્જિત અચિત્તભૂમિને વિશે ઊભા રહેવું વિગેરે કરતો શ્રાવક કદાચ હિંસા ન થાય તો પણ સામાયિકવાળો કહેવાતો નથી, કારણ કે તેનો આ પ્રમાદ છે. ।।૩।।"

(૪) **સામાયિકની સ્મૃતિનું અકરણ :** સામાયિકસંબંધી જે સ્મરણ = ઉપયોગ, તે ન કરવું. અર્થાત્ પ્રબલ પ્રમાદવાળો જીવ તે યાદ કરતો નથી કે આ સમયે મારે જે સામાયિક કરવાનું હતું તે કર્યું કે ન કર્યું. (તો શું સ્મરણ એ જરૂરી છે ? હા, કારણ કે) મોક્ષને સાધી આપનાર ક્રિયા સ્મરણપૂર્વકની હોય તો જ મોક્ષને સાધે છે. કહ્યું જ છે – "જે પ્રમાદયુક્ત જીવ "સામાયિક ક્યારે કરવાનું છે ?, કર્યું કે ન કર્યું ?" એ પ્રમાણે સામાયિકને યાદ કરતો નથી, તે જીવનું કરેલું પણ તે સામાયિક નિષ્ફળ જાય છે. ।।૧।।"

(૫) **અનવસ્થિતકરણ :** અનવસ્થિત એવા સામાયિકને કરવું. અનવસ્થિત એટલે અલ્પકાળ માટે અર્થાત્ સામાયિક લઈને તરત જ પારી દે અથવા ગમે–તેમ (અવિધિ) કરે. કહ્યું છે – "સામાયિક કરીને તે જ ક્ષણે પારી દે અથવા પોતાની ઇચ્છા પ્રમાણે (= કહેવાયેલી વિધિ વિના પોતાની મતિ પ્રમાણે) કરે તે અનવસ્થિત સામાયિક છે. આવું સામાયિક અનાંદર હોવાથી શુદ્ધ થતું નથી. ।।૧।।"

---

१४. कृतसामायिकः पूर्वं बुद्ध्या प्रेक्ष्य भाषेत । सदा निरवद्यं वचनमन्यथा सामायिकं न भवेत् ॥१॥ अनिरीक्ष्याप्रमृज्य स्थण्डिलान् स्थानादि सेवमानः । हिंसाऽभावेऽपि न स कृतसामायिकः प्रमादात् ॥१॥ न स्मरति प्रमादयुक्तो यः सामायिकं तु कदा कर्त्तव्यं । कृतमकृतं वा तस्य हु कृतमपि विफलं तकत् ज्ञेयं ॥१॥ कृत्वा तत्क्षणमेव पारयति करोति वा यदृच्छया । अनवस्थितं सामायिकमनादरात् न तत् शुद्धम् ॥१॥

उक्तं सातिचारं प्रथमं शिक्षापदव्रतमधुना द्वितीयं प्रतिपादयन्नाह —

दिसिव्वयगहियस्स दिसापरिमाणस्स पइदिणं परिमाणकरणं देसावगासियं, देसावगासियस्स समणो० इमे पञ्च०, तंजहा–आणवणप्पओगे पेसवणप्पओगे सद्दाणुवाए रूवाणुवाए बहिया पुग्गलपक्खेवे ॥१०॥ (सूत्रं)

अस्य व्याख्या–दिग्व्रतं प्राग् व्याख्यातमेव तद्गृहीतस्य दिक्परिमाणस्य दीर्घकालस्य यावज्जीवसंवत्सरचतुर्मासादिभेदस्य योजनशतादिरूपत्वात् प्रत्यहं तावत्परिमाणस्य गन्तुमशक्तत्वात् प्रतिदिनं–प्रतिदिवसमित्येतच्च प्रहरमुहूर्त्ताद्युपलक्षणं प्रमाणकरणं–दिवसादिगमनयोग्यदेशस्थापनं प्रतिदिनप्रमाणकरणं देशावकाशिकं, दिग्व्रतगृहीतदिक्परिमाणस्यैकदेशः–अंशः तस्मिन्नवकाशः– गमनादिचेष्टास्थानं देशावकाशस्तेन निर्वृत्तं देशावकाशिकं, एतच्चाणुव्रतादिगृहीतदीर्घतर-कालावधिविरतेरपि प्रतिदिनसङ्क्षेपोपलक्षणमिति पूज्या वर्णयन्ति, अन्यथा तद्विषयसङ्क्षेपाभावाद्

---

**અવતરણિકા :** અતિચારસહિત પ્રથમ શિક્ષાપદવ્રત કહ્યું. હવે બીજા શિક્ષાપદવ્રતનું પ્રતિપાદન કરતા કહે છે ➩

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** દિગ્વ્રત પૂર્વે જણાવી જ દીધું છે. તે દિગ્વ્રતમાં જે દિશાસંબંધી પરિમાણ ગ્રહણ કર્યું છે, તે દીર્ઘકાળનું એટલે કે યાવજ્જીવ, વાર્ષિક, ચાર મહિના, વિગેરે ભેદોવાળું એવું સો યોજન વિગેરેરૂપ પરિમાણ છે. આટલું પરિમાણ રોજે રોજ જવાનું થાય એ કઇ શક્ય નથી. (અર્થાત્ એટલા પરિમાણ સુધી રોજે રોજ જવું સંભવતું ન હોય.) તેથી આવા દિગ્પરિમાણનું રોજે રોજ, અહીં 'प्रतिदिवसं' શબ્દ પ્રહર, મુહૂર્ત વિગેરેનું ઉપલક્ષણ છે. તેથી તે દીર્ઘકાલીન એવા દિકપ્રમાણને રોજે રોજ દિવસ વિગેરેમાં જવા યોગ્ય દેશમાં સ્થાપન કરવું. (અર્થાત્ ધારો કે પૂર્વદિશાસંબંધી ૧૦૦ યોજન મારે જવું એવું કોઇ શ્રાવકે પરિમાણ નક્કી કર્યું. હવે જે દિવસે ૧૦૦ યોજન જવાનું નથી તે દિવસે મારે ૧૦૦ યોજનની બદલે ૧૦ યોજનથી વધારે જવું નહીં અથવા આ એક પ્રહર દરમિયાન મારે ૧૦ યોજનથી વધારે જવું નહીં અથવા એક મુહૂર્ત માટે ૧૦ યોજનથી વધારે જવું નહીં વિગેરે રીતે દીર્ઘકાલીન એવા દિકપ્રમાણને = ૧૦૦ યોજન વિગેરેને દિવસ વિગેરેમાં જવા યોગ્ય દેશમાં = ૧૦ યોજન વિગેરેમાં સ્થાપન કરવું) તે પ્રતિદિનપ્રમાણકરણ છે. અને આ પ્રતિદિનપ્રમાણનું કરવું તે દેશાવકાશિક કહેવાય છે.

દિગ્વ્રતમાં ગ્રહણ કરેલ દિશાપરિમાણનો (૧૦૦ યો. નો) એક દેશમાં એટલે કે એક અંશમાં (૧૦ યો. માં) જે અવકાશ એટલે કે ગમન વિગેરે ચેષ્ટાનું સ્થાન તે દેશાવકાશ. તેનાવડે જે બનેલું છે તે દેશાવકાશિકવ્રત. (અહીં આ વ્રત માત્ર દિગ્વ્રત પુરતું જ નથી એ સ્પષ્ટ કરે છે.) આ વ્રત અણુવ્રત વિગેરેમાં ગ્રહણ કરેલ લાંબા કાળ સુધીની વિરતિના પણ પ્રતિદિન સંક્ષેપનું ઉપલક્ષણ છે એમ પૂજ્યો = ગુરુ વિગેરે વડિલો કહે છે. (અર્થાત્ અણુવ્રતો વિગેરેમાં પણ ગ્રહણ કરેલ કાળમર્યાદાનો સંક્ષેપ કરવો તે દેશાવકાશિક જાણવું.) નહીં તો જો માત્ર દિગ્વ્રતસંબંધી જ આ વ્રત હોય તો અણુવ્રત વિગેરે સંબંધી સંક્ષેપનો અભાવ થઇ જાય. અને જો સંક્ષેપ કરવાનો હોય તો જુદા–જુદા શિક્ષાપદ

भावे वा पृथक्शिक्षापदभावप्रसङ्गादित्यलं विस्तरेण । ँएत्थ य सप्पदिट्ठंतं आयरिया पण्णवयंति, जधा सप्पस्स पुव्वं से बारसजोयणाणि विसओ आसि, पच्छा विज्जावादिएण ओसारेंतेण जोयणे दिट्ठिविसओ से ठवितो, एवं सावओवि दिसिव्वतागारे बहुयं अवरज्झियाउ, पच्छा देसावगासिएणं तंपि ओसारेति । अथवा विसदिट्ठंतो—अगतेण एक्काए अंगुलीए ठवितं, एवं विभासा । इदमपि शिक्षाव्रतमतिचाररहितमनुपालनीयमित्यत आह—'देसा० देशावकाशिकस्य—प्रागनिरूपितशब्दार्थस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्या न समाचरितव्याः, तद्यथा—'आनयनप्रयोगः' इह विशिष्टावधिके भूदेशाभिग्रहे परतः स्वयं गमनायोगाद्यदन्यः सचित्तादिद्रव्यानयने प्रयुज्यते सन्देशकप्रदानादिना त्वयेदमानेयमित्यानयनप्रयोगः, बलात् विनियोज्यः प्रेष्यः तस्य प्रयोगः यथाऽभिगृहीतप्रचारदेशव्यतिक्रमभयात् त्वयाऽवश्यमेव गत्वा मम गवाद्यानेयमिदं वा तत्र

---

માનવાપડે (અર્થાત્ જેમ દિગ્વ્રતસંબંધી દેશાવકાશિક જુદું તેમ દરેક અણુવ્રતોસંબંધી દેશાવકાશિક જુદા–જુદા. આમ માનવાથી ૧૨ વ્રતોની બદલે ઘણા વ્રતો માનવા પડે. તેથી આ દેશાવકાશિકને બીજા બધાનું ઉપલક્ષણ માની લેવું.) વધુ વિસ્તારથી સર્યું.

અહીં આચાર્ય દૃષ્ટિવિષસર્પનું દૃષ્ટાન્ત જણાવે છે. તે આ પ્રમાણે કે – પહેલાંના કાળમાં દૃષ્ટિવિષ સર્પની દૃષ્ટિનો વિષય ૧૨ યોજન સુધીનો હતો. પછીથી વિદ્યાવાદીએ ઓછું કરતા–કરતા તેની દૃષ્ટિનો વિષય ૧ યોજનમાં સ્થાપી દીધો. આ જ પ્રમાણે શ્રાવક પણ દિગ્વ્રતની છૂટમાં ઘણો અપરાધ કર્યો (અર્થાત્ ઘણું પ્રમાણ ખુલ્લું રાખ્યું) તે પણ દેશાવકાશિકવ્રત દ્વારા ઓછું કરે છે. અથવા વિષનું દૃષ્ટાન્ત જાણવું – જેમ વૈદ્યે શરીરમાં વ્યાપેલા વિષને એક આંગળીમાં સ્થાપ્યું, તેમ શ્રાવક પણ.... વિગેરે વર્ણન જાણી લેવું.

આ શિક્ષાવ્રત પણ અતિચારરહિત પાલવું જોઇએ માટે કહે છે – શ્રાવકે પૂર્વે કહેવાયેલા શબ્દાર્થવાળા દેશાવકાશિકવ્રતના આ પાંચ અતિચારો જાણવા, પરંતુ આચરવા નહીં. તે અતિચારો આ પ્રમાણે – (૧) **આનયનપ્રયોગ** : વિશિષ્ટમર્યાદાવાળા એવા ભૂમિભાગનો અભિગ્રહ લીધા બાદ શ્રાવક પોતે તે ભૂમિભાગથી આગળ જઇ શકતો ન હોવાથી પછીના પ્રદેશમાંથી સચિત્ત વિગેરે દ્રવ્યો લાવવા માટે "તારે આ વસ્તુ લઇને આવવી" એ પ્રમાણેનો સંદેશ આપવાદ્વારા બીજાને જે મોકલે છે તે આનયનપ્રયોગ કહેવાય છે.

(૨) **પ્રેષ્યપ્રયોગ** : અમુક કાર્યમાં જે બળાત્કારે જોડાય તે પ્રેષ્ય કહેવાય છે. તેનો પ્રયોગ એટલે કે અભિગ્રહ કરેલા ગમન માટેના દેશને ઓળંગવાના ભયથી (પોતે જઇ શકતો ન હોવાથી) "તારે ફરજિયાત ત્યાં જઇને મારી ગાયો વિગેરે લાવવાનું છે અથવા ત્યાં જઇને તારે આટલું–આટલું કરવાનું છે" આવા પ્રકારનો જે પ્રયોગ તે પ્રેષ્યપ્રયોગ.

---

९५. अत्र च सर्पदृष्टान्तमाचार्याः प्रज्ञापयन्ति, यथा पूर्वं तस्य सर्पस्य द्वादश योजनानि विषय आसीत्, पश्चाद्विद्यावादिनाऽपसारयता योजने तस्य दृष्टिविषयः स्थापितः, एवं श्रावकोऽपि दिग्व्रताकारे बह्वपराद्धवान् पश्चात् देशावकाशिकेन तदप्यपसारयति । अथवा विषदृष्टान्तः-अगदेनैकस्यामङ्गुलौ स्थापितं, एवं विभाषा

कर्तव्यमित्येवंभूतः प्रेष्यप्रयोगः । तथा शब्दानुपातः स्वगृहवृत्तिप्राकारकादिव्यवच्छिन्नभूदेशाभिग्रहे बहिः प्रयोजनोत्पत्तौ तत्र स्वयं गमनायोगात् वृत्तिप्राकारकप्रत्यासन्नवर्तिनो बुद्धिपूर्वकं क्षुत्कासिता-दिशब्दकरणेन समवसितकान् बोधयतः शब्दस्यानुपतनम्—उच्चारणं तादृग् येन परकीयश्रवण-विवरमनुपतत्यसाविति, तथा रूपानुपातः—अभिगृहीतदेशाद् बहिः प्रयोजनभावे शब्दमनुच्चारयत एव परेषां समीपानयनार्थं स्वशरीररूपदर्शनं रूपानुपातः, तथा बहिः पुद्गलप्रक्षेपः—अभिगृहीतदेशाद् बहिः प्रयोजनभावे परेषां प्रबोधनाय लेष्ट्वादिक्षेपः पुद्गलप्रक्षेप इति भावना, देशावकाशिक-मेतदर्थमभिगृह्यते मा भूद् बहिर्गमनागमनादि व्यापारजनितः प्राण्युपमर्द इति, स च स्वयं कृतोऽन्येन वा कारित इति न कश्चित् फले विशेषः प्रत्युत गुणः स्वयंगमने ईर्यापथविशुद्धेः परस्य पुनर-निपुणत्वादशुद्धिरिति कृतं प्रसङ्गेन ॥

व्याख्यातं सातिचारं द्वितीयं शिक्षापदव्रतं, अधुना तृतीयमुच्यते, तत्रेदं सूत्रम् —

**पोसहोववासे चउव्विहे पन्नत्ते, तंजहा—आहारपोसहे सरीरसक्कारपोसहे बंभचेरपोसहे अव्वावारपोसहे, पोसहोववासस्स समणो० इमे पञ्च०, तंजहा—अप्पडिलेहिय-दुप्पडिलेहियसिज्जासंथारए अपमज्जियदुप्पमज्जियसिज्जासंथारए अप्पडिलेहिय-**

(૩) **શબ્દાનુપાત** : પોતાના ઘરની વાડ, કિલ્લા વિગેરેથી જુદા એવા ભૂમિભાગનો (એટલે કે ઘરની વાડ કે કિલ્લા પછીના ભૂમિભાગમાં મારે જવું નહીં એવા પ્રકારનો) અભિગ્રહ ધારણ કર્યા બાદ તે વાડ કે કિલ્લા વિગેરેથી બહારના ભૂમિપ્રદેશમાં કોઇ પ્રયોજન ઉત્પન્ન થયું ત્યારે પોતે ત્યાં જઇ શકતો ન હોવાથી બુદ્ધિપૂર્વક છિંક, ઉધરસ વિગેરે શબ્દો કરવા દ્વારા વાડ, કિલ્લાની નજીકમાં રહેલા લોકોને બોધ આપતા (= જે પ્રયોજન હોય તે જણાવવા) શબ્દનો ઉચ્ચાર તે રીતે કરવો કે જેથી તે લોકોના કાનમાં તે શબ્દ જઇને પડે, તે શબ્દાનુપાત કહેવાય છે.

(૪) **રૂપાનુપાત** : અભિગૃહીતદેશની બહારના દેશમાં કોઇ કામ આવી પડતા શબ્દને ઉચ્ચાર્યા વિના જ બીજાને પોતાની પાસે બોલાવવા માટે પોતાના શરીરરૂપી રૂપનું દર્શન કરાવવું તે રૂપાનુપાત કહેવાય છે. (૫) **બાહ્યપુદ્ગલપ્રક્ષેપ** : અભિગૃહીતક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં કોઇ કામ આવી પડતા બીજાઓને જણાવવા માટે પથ્થર વિગેરે ફેંકવા તે બાહ્યપુદ્ગલપ્રક્ષેપ.

(**શંકા** : અભિગ્રહ પોતે લીધો છે તો બીજા પાસે કામ કરાવવામાં શું વાંધો છે ?)

**સમાધાન** : દેશાવકાશિક એની માટે ગ્રહણ કરવાનું છે કે અભિગૃહીતક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં ગમન—આગમન વિગેરે વ્યાપારોથી જીવોની હિંસા ન થાય. અને તે જીવહિંસા પોતે જાતે કરે કે બીજા પાસે કરાવે બંનેમાં ફળમાં કોઇ ભેદ પડતો નથી. ઉલટું કદાચ પોતે જાય તો પોતે ઇર્યાસમિતિનું પાલન કરવા પૂર્વક જતો હોવાથી એટલો ફાયદો થાય જ્યારે બીજાને મોકલે તો પોતે એવી કાળજીવાળો ન હોવાથી અશુદ્ધિ થાય. પ્રાસંગિકચર્ચાવડે સર્યું.

**અવતરણિકા** : અતિચારસહિત બીજું શિક્ષાપદવ્રત કહ્યું. હવે ત્રીજું કહેવાય છે. તેનું સૂત્ર આ પ્રમાણે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

दुप्पडिलेहियउच्चारपासवणभूमीओ अप्पमज्जियदुप्पमज्जियउच्चारपासवणभूमीओ पोसहोववासस्स सम्मं अणणुपालणया ॥११॥ ( सूत्रं )

अस्य व्याख्या—इह पोषधशब्दो रूढ्या पर्वसु वर्त्तते, पर्वाणि चाष्टम्यादितिथयः, पूरणात् पर्व, धर्मोपचयहेतुत्वादित्यर्थः, पोषधे उपवसनं पोषधोपवासः नियमविशेषाभिधानं चेदं पोषधोपवास इति, अयं च पोषधोपवासश्चतुर्विधः प्रज्ञप्तः, तद्यथा—'आहारपोषधः' आहारः प्रतीतः तद्विषय-स्तन्निमितः पोषध आहारपोषधः, आहारनिवृत्तिनिमित्तं धर्मपूरणं पर्वेति भावना, एवं शरीरसत्कार पोषधः ब्रह्मचर्यपोषधः, अत्र चरणीयं चर्य्यं 'अवो यदि 'त्यस्मादधिकारात् 'गदमदचरयमश्चानुपसर्गे' ( पा० ३-१-१०० ) इति यत्, ब्रह्म—कुशलानुष्ठानं, यथोक्तं—"ब्रह्म वेदा ब्रह्म तपो, ब्रह्म ज्ञानं च शाश्वतम् ।" ब्रह्म च तत् चर्यं चेति समासः शेषं पूर्ववत् । तथा अव्यापारपोषधः । [१६]एत्थ पुण भावत्थो इमो—आहारपोसहो दुविधो—देसे सव्वे य, देसे अमुगा विगती आयंबिलं वा एक्कसिं वा दो वा, सव्वे चतुव्विधोऽवि आहारो अहोरत्तं पच्चक्खातो, सरीरसक्कारपोषधो ण्हाणुव्वट्टण-वण्णगविलेवणपुप्फगंधतंबोलाणं वत्थाभरणाणं च परिच्चागो य, सोवि देसे सव्वे य, देसे

**ટીકાર્થ :** અહીં પોષધશબ્દ રૂઢિથી પર્વોને વિશે થાય છે (અર્થાત્ પોષધ એટલે પર્વ.) અને પર્વ તરીકે આઠમ વિગેરે તિથિઓ જાણવી. આઠમ વિગેરે તિથિઓ આત્મામાં ધર્મનું પૂરણ કરતી હોવાથી = ધર્મની પુષ્ટિનું કારણ હોવાથી પર્વ કહેવાય છે. પોષધને વિશે = પર્વના દિવસે ઉપવાસ કરવો તે પોષધોપવાસ. અને આ પોષધોપવાસ એ નિયમવિશેષનું નામ (= નિયમવિશેષ) છે. આ પોષધોપવાસ એ ચાર પ્રકારનો કહેવાયો છે – (૧) આહારપોષધ : 'આહાર' શબ્દનો અર્થ પ્રસિદ્ધ જ છે. તેના નિમિત્તે = તેના ત્યાગ નિમિત્તે જે પોષધ તે આહારપોષધ, અર્થાત્ આહારના ત્યાગ નિમિત્તે ધર્મને પૂરનારું એવું પર્વ. (ભાવાર્થ પછી જણાવશે.) આ જ પ્રમાણે (૨) શરીરસત્કારપોષધ, (૩) બ્રહ્મચર્યપોષધ અને (૪) અવ્યાપારપોષધ જાણવા. તેમાં જે આચરવા યોગ્ય છે તે ચર્ય. અહીં 'अवो यद्' ના અધિકારમાં 'गद.......' સૂત્રથી चर् ધાતુને 'य' પ્રત્યય લાગતા ચર્ય શબ્દ બન્યો છે. બ્રહ્મ એટલે કુશલાનુષ્ઠાન. કહ્યું જ છે – "વેદો એ બ્રહ્મ છે, તપ એ બ્રહ્મ છે અને શાશ્વત જ્ઞાન એ બ્રહ્મ છે." બ્રહ્મ એવું જે ચર્ય તે બ્રહ્મચર્ય એમ સમાસ કરવો. શેષ પૂર્વની જેમ (અર્થાત્ બ્રહ્મચર્ય નિમિત્તે જે પોષધ તે બ્રહ્મચર્યપોષધ વિગેરે વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી.)

અહીં ભાવાર્થ આ પ્રમાણે જાણવો. (૧) આહારપોષધ દેશથી અને સર્વથી એમ બે પ્રકારે છે. દેશથી – અમુક વિગઈનો ત્યાગ કરવો કે આયંબિલ કરવું કે એકવાર અથવા બેવાર ભોજન કરવું. સર્વથી – અશન વિગેરે ચારે પ્રકારના આહારનું અહોરાત્ર સુધી પ્રત્યાખ્યાન કરવું. (૨) **શરીરસત્કારપોષધ** : સ્નાન કરવું, શરીર ઉપરના મેલને દૂર કરવો, ચંદનનું વિલેપન કરવું, મસ્તકમાં પુષ્પો લગાડવા, ગંધ, તંબોલ, વસ્ત્ર અને અલંકારોરૂપ શરીરસત્કારનો ત્યાગ કરવો. આ પોષધ પણ

१६. अत्र पुनर्भावार्थ एषः-आहारपोषधो द्विविधः-देशतः सर्वतश्च, देशे अमुका विकृतिः आचामाम्लं वा एकशो द्विर्वा, सर्वतश्चतुर्विधोऽप्याहारोऽहोरात्रं प्रत्याख्यातः, शरीरसत्कारपोषधः स्नानोद्वर्त्तनवर्णक-विलेपनपुष्पगन्ध-ताम्बूलानां वस्त्राभरणानां च परित्यागः, सोऽपि देशतः सर्वतश्च देशतो

[१७]अमुगं सरीरसक्कारं करेमि अमुगं न करेमित्ति, सव्वे सव्वं ण करेमि बंभचेरपोषधो देसे सव्वे य, देसे दिवा रत्तिं वा एक्कसिं दो वा वारेत्ति, सव्वे अहोरत्तं बंभयारी भवति, अव्वावारे पोसधो दुविहो देसे सव्वे य, देसे अमुगं वावारं ण करेमि, सव्वे सयलवावारे हलसगडघरपरिक्कमादीओ ण कीरति, एत्थ जो देसपोसथं करेति सामाइयं करेति या ण वा, जो सव्वपोसधं करेति सो णियमा कयसामाइतो, जति ण करेति तो णियमा वंचिज्जति, तं कहिं ?, चेतियघरे साधूमूले

દેશ અને સર્વથી બે પ્રકારે છે. તેમાં દેશથી – સ્નાનાદિમાંથી અમુક શરીરસત્કાર કરીશ, અમુક નહીં કરું. સર્વથી – સ્નાનાદિ સર્વ સત્કારનો ત્યાગ કરવો.

(૩) **બ્રહ્મચર્યપોષધ :** તે પણ દેશ–સર્વથી બે પ્રકારે છે. તેમાં દેશથી–દિવસે જ બ્રહ્મચર્યનું પાલન, અથવા રાત્રિએ જ બ્રહ્મચર્યનું પાલન, અથવા એકવારની જ કે બેવારની જ છૂટ રાખીને બ્રહ્મચર્યનું પાલન. સર્વથી – અહોરાત્ર સુધી બ્રહ્મચર્યનું પાલન. (૪) **અવ્યાપારપોષધ :** તે પણ દેશ–સર્વથી બે પ્રકારે છે. દેશથી અમુક વ્યાપાર નહીં કરું. સર્વથી – હળથી ખેડવું, ગાડું ચલાવવું, ઘરની મરમ્મત કરવી વિગેરે એકપણ વ્યાપાર કરે નહીં. અહીં જે શ્રાવક દેશથી અવ્યાપારપોષધ કરે છે તે સામાયિક કરે અથવા ન પણ કરે. પરંતુ જે શ્રાવક સર્વથી અવ્યાપારપોષધ કરે છે, તેને નિયમથી સામાયિક કરવું જોઇએ. જો ન કરે તો તે શ્રાવક સામાયિકના ફળથી વંચિત રહે છે.

(અહીં આશય એ છે કે – જે શ્રાવક સર્વથી અવ્યાપારપોષધને અન્નત્થણાભોગેણ... વિગેરે આગારો સહિત સ્વીકારે છે ત્યારે તેનું તે પોષધપ્રત્યાખ્યાન સ્થૂલ છે અને સામાયિકમાં આવા કોઇ આગારો ન હોવાથી સામાયિક સૂક્ષ્મ છે. તથા અવ્યાપારપોષધમાં સાવદ્યવ્યાપારો નથી જ કરવાના અને સામાયિકમાં પણ સાવદ્યવ્યાપારો નથી જ કરવાના. તેથી સર્વઅવ્યાપારપોષધ કરનારો જો સામાયિક ન કરે તો સામાયિકનું ફળ તેને મળતું નથી. પરંતુ જો શ્રાવક સામાચારીવિશેષથી સર્વઅવ્યાપારપોષધને સામાયિકની જેમ જ 'દ્વિવિધં ત્રિવિધેન' થી સ્વીકારે તો સામાયિકનું ફળ આ પોષધમાં જ આવી જવાથી સામાયિક અત્યંત ફળવાળું બનતું નથી. તે વખતે પણ જો 'મેં પોષધ–સામાયિક બંને વ્રતો લીધા છે' એવા અભિપ્રાયથી પોષધ સાથે સામાયિક કરે તો તે સામાયિક ફળવાળું બને છે. ટૂંકમાં સર્વથી અવ્યાપારપોષધમાં સાવદ્યયોગ નથી કરવાના અને સામાયિકમાં પણ સાવદ્યયોગો નથી કરવાના. તેથી તે સમયે સામાયિક ન કરે તો તેના ફળથી તે શ્રાવક ચૂકી જાય છે. इति योगशास्त्रतृतीयप्रकाशवृत्तौ)

તે પોષધવ્રત કરે તો ક્યાં કરે ? તે કહે છે – ચૈત્યઘરમાં, સાધુપાસે, ઘરમાં કે પોષધશાળામાં

१७. अमुकं शरीरसत्कारं करोम्यमुकं न करोमि, सर्वतो सर्व्वं न करोमि ब्रह्मचर्यपोषधो देशतः सर्वतश्च, देशतो दिवा रात्रौ वा एकशो द्विर्वा, सर्वतोऽहोरात्रं ब्रह्मचारी भवति, अव्यापारपोषधो द्विविधो देशतः सर्वतश्च, देशतोऽमुकं व्यापारं न करोमि सर्वतः सकलव्यापारान् हलशकटगृहपराक्रमादिकान् न करोति, अत्र यो देशपोषधं करोति सामायिकं करोति वा न वा, यः सर्वपोषधं करोति स नियमात् कृतसामायिकः, यदि न करोति तदा नियमाद्वञ्च्यते, तत् क्व ?, चैत्यगृहे साधुमूले

वाँ घरे वा पोसधसालाए वा उम्मुक्कमणिसुवण्णो पढंतो पोत्थगं वा वायंतो धम्मं झाणं झायति, जधा एते साधुगुणा अहं असमत्थो मंदभग्गो धारेतुं विभासा । इदमपि च शिक्षापदव्रतमतिचाररहितमनुपालनीयमित्यत आह–'पोसधोववासस्स समणो०' 'पोषधोपवासस्य'–निरूपितशब्दार्थस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्या न समाचरितव्याः, तद्यथा–अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितसिज्जासंस्तारौ, इह संस्तीर्यते यः प्रतिपन्नपोषधोपवासेन दर्भकुशकम्बलीवस्त्रादिः स संस्तारः शय्या प्रतीता प्रत्युपेक्षणं–गोचरापन्नस्य शय्यादेश्चक्षुषा निरीक्षणं न प्रत्युपेक्षणं अप्रत्युपेक्षणं दुष्टम्–उद्भ्रान्तचेतसः प्रत्युपेक्षणं दुष्प्रत्युपेक्षणं ततश्चाप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितौ च तौ शय्यासंस्तारौ चेति समासः, शय्यैव वा संस्तारः शय्यासंस्तारः, इत्येवमन्यत्राक्षरगमनिका कार्येति, उपलक्षणं च शय्यासंस्तारा द्युपयोगिनः पीठकादेरपि । एत्थ पुण सामायारी–कडपोसधो णो अप्पडलेहिय सेज्जं दुरूहति, संथारगं वा दुरुहइ, पोसहसालं वा सेवइ, दब्भवत्थे वा सुद्धवत्थे वा भूमीए संथरति काइयभूमितो वा आगतो पुणरवि पडिलेहति, अण्णथातियारो, एवं पीढगादिसुवि विभासा ।

મણિ–સુવર્ણને બાજુ ઉપર મૂકી, ભણતો અથવા પુસ્તકને વાંચતો ધર્મધ્યાન કરે કે, આ સાધુગુણોને ધારણ કરવા માટે મંદભાગ્યવાળો હું અસમર્થ છું વિગેરે, વિગેરે... વર્ણન જાણી લેવું. આ શિક્ષાપદવ્રત પણ અતિચાર વિના પાલવું જોઇએ. માટે કહે છે – શ્રાવકે પોષધોપવાસના આ પાંચ અતિચારો જાણવા – (૧) **અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત શય્યા-સંથારો** – પોષધોપવાસ લેનાર શ્રાવક જે દર્ભ, કુશ (આ બંને ઘાસવિશેષ છે.) કાંબળ, વસ્ત્ર વિગેરે સંથારા તરીકે પાથરે છે તે સંથારો (આ અઢી હાથપ્રમાણ જાણવો.) શય્યા એટલે ઉપાશ્રય અથવા સર્વાંગી (અઢી હાથ કરતાં મોટો) સંથારો. પ્રત્યુપેક્ષણ એટલે ચક્ષુના વિષયને પામેલા શય્યા વિગેરેનું ચક્ષુવડે નિરીક્ષણ કરવું. પ્રત્યુપેક્ષણ ન કરવું તે અપ્રત્યુપેક્ષણ. દુષ્ટપ્રત્યુપેક્ષણ એટલે ઉદ્ભ્રાંતચિત્તવાળા જીવનું જે પ્રત્યુપેક્ષણ. અપ્રત્યુપેક્ષિત – દુષ્પ્રત્યુપેક્ષિત એવા જે શય્યાસંથારા તે અપ્રત્યુપેક્ષિતદુષ્પ્રત્યુપેક્ષિતશય્યાસંથારો એ પ્રમાણે સમાસ કરવો. અથવા શય્યા એ જ સંથારો તે શય્યાસંથારો. આ જ રીતે પછીના અતિચારોમાં પણ અક્ષરાર્થ કરી લેવા. આ ઉપલક્ષણ હોવાથી શય્યાસંથારાને ઉપયોગી એવા પીઠક (= આસનવિશેષ) વિગેરે સમજી લેવા.

અહીં સામાચારી આ પ્રમાણે જાણવી – પોષધ લેનારો શ્રાવક પ્રત્યુપેક્ષણ કર્યા વિના શય્યાને કે સંથારાને વિશે બેસે નહીં કે પોષધશાળામાં રહે નહીં. દર્ભમાંથી બનેલા વસ્ત્રને કે સુતરમાંથી બનેલા વસ્ત્રને ભૂમિને વિશે પાથરે. રાત્રિએ માત્રુ માટે ગયેલો પાછો આવીને સંથારાનું પડિલેહણ કરે, જો ન કરે તો અતિચાર લાગે. આ જ પ્રમાણે પીઠક વિગેરેમાં પણ જાણવું.

૧૮. वा गृहे वा पोषधशालायां वा, उन्मुक्तमणिसुवर्णः पठन् पुस्तकं वा वाचयन् धर्मध्यानं ध्यायति, यथा साधुगुणानेतानहं मन्दभाग्योऽसमर्थो धारयितुं विभाषा । अत्र पुनः सामाचारी-कृतपोषधो नो अप्रतिलिख्य शय्यामारोहति संस्तारकं वारोहति पोषधशालां वा सेवते दर्भवस्त्रं वा शुद्धवस्त्रं वा भूमौ संस्तृणाति, कायिकीभूमित आगतो वा पुनरपि प्रतिलिखति, अन्यथाऽतिचारः, एवं पीठकादिष्वपि विभाषा ।

तथा अप्रमार्जितदुष्प्रमार्जितशय्यासंस्तारौ, इह प्रमार्जनं—शय्यादेरासेवनकाले वस्त्रोपान्तादिनेति, दुष्टम्—अविधिना प्रमार्जनं शेषं भावितमेव, एवं उच्चारप्रश्रवणभूमावपि, उच्चारप्रश्रवणं निष्ठ्यूत-स्वेदमलाद्युपलक्षणं, शेषं भावितमेव । तथा पोषधोपवासस्य सम्यक्—प्रवचनोक्तेन विधिना निष्प्रकम्पेन चेतसा अननुपालनम्—अनासेवनम् । [99]एत्थ भावना—कतपोसधो अथिरचित्तो आहारे ताव सव्वं देसं वा पत्थेति, बिदियदिवसे पारणगस्स वा अप्पणो अट्ठाए आढत्तिं करेइ कारेइ वा—इमं २ वत्ति करेह णेयं वट्टइ, सरीरसक्कारे सरीरं उव्वट्टेति, दाढियाउ केसा वा रोमराइं वा सिंगाराभिप्पायेण संठवेति, दाहे वा सरीरं सिंचति, एवं सव्वाणि सरीर-भूसाकारणाणिपरिहरति, बंभचेरे इहलोइए पारलोइए वा भोगे पत्थेति संबाधेति वा, अथवा सद्दफरिसरसरूवगंधे वा अहिलसति, कइया बंभचेरपोसहो पूरिहिइ, चइत्ता मो बंभचेरेणंति, अव्वावारे सावज्जाणि वावारेति कतमकतं वा चिंतेइ, एवं पंचतियारसुद्धो अणुपालेतव्वोत्ति ।

(૨) **અપ્રમાર્જિતદુષ્પ્રમાર્જિતશય્યાસંથારો** : અહીં શય્યા વિગેરેને વાપરતી વેળાએ વસ્ત્રના છેડા વિગેરેથી પ્રમાર્જન કરવું. અવિધિથી જે પ્રમાર્જવું તે દુષ્પ્રમાર્જન. શેષ સમાસ વિગેરે કહી જ દીધા છે. આ જ પ્રમાણે (૩) **અપ્રત્યુપેક્ષિતદુષ્પ્રત્યુપેક્ષિતઉચ્ચારપાસવણભૂમિ** અને (૪) **અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત ઉચ્ચારપાસવણભૂમિમાં** પણ જાણી લેવું. ઉચ્ચાર=વિષ્ટા અને પ્રશ્રવણ = માત્રુ. આના ઉપલક્ષણથી થૂંક, પરસેવાથી થયેલ મેલ વિગેરે જાણી લેવા. શેષ સમાસ વિગેરે કહી જ દીધા છે.

(૫) **પોષધોપવાસનું સમ્યગ્ અનાસેવન** – પોષધોપવાસનું આગમમાં કહેલ વિધિ પ્રમાણે નિષ્પ્રકંપ એવા ચિત્તવડે અનાસેવન. ભાવાર્થ આ પ્રમાણે કે – પોષધ કર્યા બાદ અસ્થિરચિત્તવાળો આહારની દેશથી કે સર્વથી ઇચ્છા કરે, અથવા બીજા દિવસે પોતાની માટે પારણાનો આરંભ કરે અથવા 'આ—આ કરજો'એમ કરાવે. આ બધું શ્રાવકને કરવું કલ્પે નહીં. શરીરસત્કારપોષધમાં શરીર ઉપરનો મેલ ઉતારે. અથવા દાઢી, વાળ, રોમને શૃંગારના અભિપ્રાયથી વ્યવસ્થિત કરે. અથવા ઘણી ગરમી હોય ત્યારે શરીરને પાણીથી સિંચે. આ પ્રમાણે શરીરવિભૂષાના જેટલા કારણો છે તે બધાનું સેવન કરે છે. બ્રહ્મચર્યપોષધમાં – ઐહિલૌકિક અથવા પારલૌકિક ભોગોની પ્રાર્થના કરે અથવા મનોમન પીડાયા કરે અથવા શબ્દ, સ્પર્શ, રસ, રૂપ કે ગંધને ઇચ્છે અથવા આ બ્રહ્મચર્યપોષધ ક્યારે પૂરો થશે અથવા હા ! બ્રહ્મચર્ય પોષધને કારણે મારાથી સ્ત્રીઓનો ત્યાગ થયો (અર્થાત્ હું રહી ગયો. એમ મનોમન પશ્ચાત્તાપ વિગેરે કરે.) અવ્યાપારપોષધમાં સાવદ્ય વ્યાપારો કરે અથવા આ કર્યું કે ન કર્યું તેની વિચારણા કરે. આ પાંચે અતિચારોથી શુદ્ધ પોષધોપવાસનું પાલન કરવું જોઇએ.

९९. अत्र भावना कृतपोषधोऽस्थिरचित्त आहारे तावत् सर्वं देशं वा प्रार्थयते द्वितीयदिवसे वाऽऽत्मनः पारणकस्यार्थे आदरं करोति कारयति वा-वेदमिदं वेति कुरुत, नैवं वर्त्तते, शरीरसत्कारे शरीरं वर्त्तयति दंष्ट्रान् केशान् वा रोमराजिं वा शृङ्गाराभिप्रायेण संस्थापयति, निदाघे वा शरीरं सिञ्चति, एवं सर्वाणि शरीरभूषाकारणानि परिहरति ब्रह्मचर्ये ऐहलौकिकान् पारलौकिकान् वा भोगान् प्रार्थयते संबाधयति वा, अथवा शब्दस्पर्शरसरूपगन्धान्वाऽभिलष्यति, कदा ब्रह्मचर्यपोषधः पूरयिष्यति त्याजिताः स्मो ब्रह्मचर्येणेति । अव्यापारे सावद्यान् व्यपारयति कृतमकृतं वा चिन्तयति, एवं पञ्चातिचारशुद्धोऽनुपालनीयः ।

उक्तं सातिचारं तृतीयशिक्षापदव्रतं, अधुना चतुर्थमुच्यते, तत्रेदं सूत्रम् —

**अतिहिसंविभागो नाम नायागयाणं कप्पणिज्जाणं अन्नपाणाईणं दव्वाणं देसकालसद्धासक्कारकमजुअं पराए भत्तीए आयाणुग्गहबुद्धीए संजयाणं दाणं, अतिहिसंविभागस्स समणो० इमे पञ्च० तंजहा—सच्चित्तनिक्खेवणया सच्चित्तपिहणया कालइक्कमे परववएसे मच्छरिया य १२ ॥ ( सूत्रं )**

अस्य व्याख्या—इह भोजनार्थं भोजनकालोपस्थाय्यतिथिरुच्यते, तत्रात्मार्थं निष्पादिताहारस्य गृहिव्रतिनः साधुरेव मुख्यातिथिस्तस्य संविभागोऽतिथिसंविभागः, संविभागग्रहणात् पश्चात्कर्मादिदोषपरिहारमाह, नामशब्दः पूर्ववत्, 'न्यायागताना'मिति न्यायः द्विजक्षत्रियविट्शूद्राणां स्ववृत्त्यनुष्ठानं स्वस्ववृत्तिश्च प्रसिद्धैव प्रायो लोकहेर्या तेन तादृशा न्यायेनागतानां—प्राप्तानाम्, अनेनान्यायागतानां प्रतिषेधमाह, कल्पनीयानामित्युद्गमादिदोषपरिवर्जितानामनेनाकल्पनीयानां निषेधमाह, अन्नपानादीनां द्रव्याणाम्, आदिग्रहणाद् वस्त्रपात्रौषधभेषजादिपरिग्रहः, अनेनापि हिरण्यादिव्यवच्छेदमाह, 'देशकालश्रद्धासत्कारक्रमयुक्तं' तत्र नानाव्रीहिकोद्रवकङ्गुगोधूमादिनिष्पत्तिभाग् देशः सुभिक्षदुर्भिक्षादिः कालः

---

**અવતરણિકા :** અતિચારસહિત ત્રીજું શિક્ષાપદવ્રત કહ્યું. હવે ચોથું કહેવાય છે. તેમાં આ સૂત્ર જાણવું ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અહીં ભોજન માટે ભોજનના સમયે ઉપસ્થિત થનારો અતિથિ કહેવાય છે. તેમાં પોતાની માટે બનાવેલો છે આહાર જેનાવડે એવા શ્રાવક માટે સાધુ જ મુખ્ય અતિથિ છે. તેને જે સંવિભાગ તે અતિથિસંવિભાગ. (સંવિભાગ એટલે સમ્ = નિર્દોષ, વિભાગ = પશ્ચાત્કર્મ વિગેરે દોષો ન લાગે તે માટે આહારમાંથી થોડા આહારનું દાન કરવું. માટે જ ખુલાસો કરે છે કે—) 'સંવિભાગ' શબ્દના ગ્રહણથી પશ્ચાત્કર્મ વિગેરે દોષોનો ત્યાગ કહ્યો. (અર્થાત્ નિર્દોષ એવા વિભાગનું = આહારનું જ દાન કરતા હોવાથી પશ્ચાત્કર્મ વિગેરે દોષો લાગતા નથી.) મૂળમાં 'નામ' શબ્દનો અર્થ પૂર્વની જેમ (અલંકાર અર્થમાં) જાણવો. 'ન્યાયથી આવેલા' અહીં ન્યાય એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોમાં પોત—પોતાની જાતિને ઉચિત જે વ્યવસાય. પોત—પોતાને ઉચિત વ્યવસાય લોકપરંપરાથી પ્રાયઃ પ્રસિદ્ધ જ છે. આવા પ્રકારના પોત—પોતાની જાતિને ઊચિત વ્યવસાયવડે પ્રાપ્ત થયેલા (એવા આહારાદિ), આનાદ્વારા અન્યાયથી પ્રાપ્ત થયેલાનો નિષેધ જાણવો.

'કલ્પનીય' ઉદ્‌ગમ વિગેરે દોષોથી રહિત. આનાવડે અકલ્પનીયનો નિષેધ જાણવો. આમ, ન્યાયથી આવેલા, કલ્પનીય એવા અન્ન—પાન વિગેરે દ્રવ્યોનું (જે દાન તે અતિથિસંવિભાગ — એમ આગળ સાથે અન્વય જોડવો.) 'अन्नपानादीनां' અહીં આદિશબ્દથી વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભૈષજ વિગેરે લેવા. આનાદ્વારા પણ હિરણ્ય વિગેરેનો નિષેધ કહ્યો. (આવા દ્રવ્યોનું જે દાન આપવાનું છે ? તે દાન કેવું છે ? તે કહે છે —) 'દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમથી યુક્ત' તેમાં જુદા—જુદા પ્રકારના વ્રીહિ, કોદ્રવ, કંગુ, ઘઉં (આ બધા ધાન્યવિશેષો છે.) વિગેરેનો પાક જ્યાં થતો હોય તેવો દેશ. સુભિક્ષ, દુર્ભિક્ષ વિગેરે કાળ જાણવો. વિશુદ્ધ એવો ચિત્તપરિણામ એ શ્રદ્ધા જાણવી. ઊભા થવું,

विशुद्धश्चित्तपरिणामः श्रद्धा अभ्युत्थानासनदानवन्दनानुव्रजनादिः सत्कारः पाकस्य पेयादिपरिपाट्या प्रदानं क्रमः, एभिर्देशादिभिर्युक्तं—समन्वितं, अनेनापि विपक्षव्यवच्छेदमाह, 'परया' प्रधानया भक्त्येति, अनेन फलप्राप्तौ भक्तिकृतमतिशयमाह, आत्मानुग्रहबुद्ध्या न पुनर्यत्यनुग्रहबुद्ध्येति, तथाहि—आत्मपरानुग्रहपरा एव यतयः, संयता मूलगुणोत्तरगुणसम्पन्ना साधवस्तेभ्यो दानमिति सूत्राक्षरार्थः । [1]एत्थ सामाचारी—सावगेण पोसधं पारेंतेण णियमा साधूणमदातुं ण पारेयव्वं, अन्नदा पुण अनियमो—दातुं वा पारेति पारितो वा देइत्ति, तम्हा पुव्वं साधूणं दातुं पच्छा पारेतव्वं, कथं ?, जाधे देसकालो ताधे अप्पणो सरीरस्स विभूसं काउं साधुपडिस्सयं गंतुं णिमंतेति—भिक्खं गेण्हहत्ति, साधूण का पडिवत्ती ?, ताधे अण्णो पडलं अण्णो मुहणंतयं अण्णो भाणं

આસન આપવું, વંદન કરવા, પાછળ મૂકવા જવું વિગેરે સત્કાર જાણવો. તથા રસોઇનું રાબ વિગેરેના ક્રમથી આપવું તે ક્રમ. આ દેશાદિથી યુક્ત (એવું દાન હોવું જોઇએ. અહીં દેશ—કાળથી યુક્ત એટલે જે દેશમાં કે જે કાળમાં જે ઉચિત હોય તેનું દાન આપવું.) આ વિશેષણથી વિપક્ષની = દેશકાળને અનુચિતવસ્તુની બાદબાકી જાણવી.

આ દાન પણ ઉત્કૃષ્ટ ભક્તિથી આપવું. આ વિશેષણથી ફળની પ્રાપ્તિમાં ભક્તિવડે કરાયેલો અતિશય = પ્રભાવ કહ્યો, (અર્થાત્ જેટલી ભક્તિ વધારે એટલું ફળ વધારે.) વળી તે દાન આત્મા = પોતાની ઉપર ઉપકારની બુદ્ધિથી આપવું, પણ સાધુ ઉપર ઉપકારની બુદ્ધિથી નહીં. (અર્થાત્ વહોરાવનારો શ્રાવક દાન આપતી વખતે વિચારે કે – "સાધુ મહારાજે મારા દ્રવ્યો વહોરીને મારી ઉપર ઉપકાર કર્યો છે." **શંકા :** શું સાધુઓ આ રીતે બીજા ઉપર ઊપકાર કરે ? સમાધાન : હા,) સાધુઓ સ્વ—પર ઉપકારમાં તત્પર જ હોય છે. સંયતો એટલે મૂળગુણ—ઉત્તરગુણથી યુક્ત એવા સાધુઓ. તેઓને દાન.

(**સંપૂર્ણ અર્થ** – ન્યાયથી પ્રાપ્ત થયેલા, કલ્પનીય, અન્ન—પાન વિગેરે દ્રવ્યોનું સાધુઓને ઉત્કૃષ્ટ એવી ભક્તિથી, આત્માનુગ્રહની બુદ્ધિથી દેશ-કાળ-શ્રદ્ધા-સત્કાર અને ક્રમથી યુક્ત એવું જે દાન તે અતિથિ સંવિભાગ.) આ સૂત્રનો અક્ષરાર્થ કહ્યો. સામાચારી આ પ્રમાણે જાણવી – શ્રાવકે પોષધ પારતી વખતે નિયમા સાધુને દાન આપ્યા વિના પારે નહીં. એ સિવાય એટલે કે પોષધ ન હોય ત્યારે અનિયત જાણવો અર્થાત્ સાધુને વહોરાવીને પચ્ચક્ખાણ પારે અથવા પચ્ચક્ખાણ પાર્યા પછી વહોરાવે. તેથી = પોષધમાં નિયમ હોવાથી પ્રથમ સાધુને વહોરાવે પછી પારે. કેવી રીતે પારે ? તે કહે છે –

જ્યારે પારવાનો અવસર આવે ત્યારે પોતાના શરીરની વિભૂષાને કરીને સાધુના ઉપાશ્રયમાં જઇને નિમંત્રણ કરે કે – "ભિક્ષા વહોરવા પધારો." ત્યારે સાધુઓએ શું કરવું ? તે કહે છે કે – એક સાધુ પલ્લાઓનું, બીજો સાધુ મુહપત્તિનું, ત્રીજો સાધુ પાત્રાઓનું પડિલેહણ કરે કે જેથી અંતરાયનો

१. अत्र सामाचारी-श्रावकेण पोषधं पारयता नियमात् साधुभ्योऽदत्त्वा न पारयितव्यं अन्यदा पुनरनियमः दत्त्वा वा पारयति पारयित्वा वा ददातीति, तस्मात् पूर्वं साधुभ्यो दत्त्वा पारयितव्यं, कथं ?, यदा देशकालस्तदाऽऽत्मनः शरीरस्य विभूषां कृत्वा साधुप्रतिश्रयं गत्वा निमन्त्रयते भिक्षां गृह्णीतेति, साधूनां का प्रतिपत्तिः ? -तदाऽन्यः पटलं अन्यो मुखानन्तकं अन्यो भाजनं

[2]पडिलेहेति, मा अंतराइयदोसा ठवितगदोसा य भविस्संति, सो जति पढमाए पोरुसीए णिमंतेति अत्थि णमोक्कारसहिताइतो तो गेज्झति, अथवा णत्थि ण गेज्झति, तं वहितव्वयं होति, जति घणं लगेज्जा ताधे गेज्झति संचिक्खाविज्जति, जो वा उग्घाडाए पोरिसिए पारेति पारणइत्तो अण्णो वा तस्स दिज्जति, पच्छा तेण सावगेण समगं गम्मति, संघाडगो वच्चति, एगो ण वट्टति पेसितुं, साधू पुरओ सावगो मग्गतो, घरं णेऊण आसणेण उवणिमंतिज्जति, जति णिविट्ठगा तो लट्ठयं, अध ण णिवेसंति तधावि विणयो पउत्तो, ताधे भत्तं पाणं सयं चेव देति, अथवा भाणं धरेति भज्जा देति, अथवा ठितीओ अच्छति जाव दिण्णं, साधूवि सावसेसं दव्वं गेण्हति, पच्छाकम्मपरिहारणट्ठा, दातूण वंदित्तुं विसज्जेति, विसज्जेत्ता अणुगच्छति पच्छा सयं भुंजति, जं च किर साधूण ण दिण्णं तं सावगेण ण भोत्तव्वं, जति पुण साधू णत्थि ताधे देसकालवेलाए दिसालोगो

દોષ અને રાખી મૂકવાથી લાગતો દોષ લાગે નહીં. જો તે શ્રાવક પ્રથમ પોરિસીમાં નિમંત્રણ કરતો હોય અને તે સમયે જો નવકારશી વાપરનારા કોઇ સાધુઓ હોય તો ભિક્ષા ગ્રહણ કરે. અથવા જો ન હોય તો ગ્રહણ કરે નહીં, કારણ કે સવારે ગ્રહણ કરેલું બપોર સુધી રાખી મૂકવું પડે. જો શ્રાવક ઘણો પાછળ પડે તો ગ્રહણ કરી લે. અને સ્થાપી રાખે. અથવા જે સાધુ પારણુ હોવાથી પોરિસીપચ્ચક્ખાણ પારવાનો હોય તેને અથવા બીજા કોઇ (ગ્લાન વિગેરેને) વાપરવા આપી દે. (આ ક્યારે ગ્રહણ કરવું ? ન કરવું ? તે વાત કહી. પાછા મૂળ વાત ઉપર આવીએ કે શ્રાવક જ્યારે નિમંત્રણ કરે ત્યારે સાધુઓ પલ્લા, પાત્રા વિગેરેનું પડિલેહણ કરે છે.)

પછી તે શ્રાવકની સાથે એક સંઘાટક (= બે સાધુઓ) જાય. એકલા સાધુને મોકલવો કલ્પે નહીં. સાધુઓ આગળ ચાલે, તેની પાછળ શ્રાવક ચાલે. શ્રાવક સાધુઓને ઘરે લઇ જઇને આસન ઉપર બેસવા વિનંતિ કરે. જો સાધુઓ બેસે તો શ્રાવક માટે ઘણું સારું. જો ન બેસે તો પણ શ્રાવકે પોતાનો વિનય કરેલો ગણાય છે. ત્યાર પછી શ્રાવક પોતે સાધુઓને ભક્ત–પાન વહોરાવે. અથવા પોતે વાસણ ધારી રાખે અને તેની પત્ની વહોરાવે. અથવા શ્રાવિકા વહોરાવે અને શ્રાવક જ્યાં સુધી વહોરાવે ત્યાં સુધી ત્યાં જ ઊભો રહે. સાધુઓ પણ સાવશેષ દ્રવ્ય વહોરે, કે જેથી પશ્ચાત્કર્મદોષ લાગે નહીં. શ્રાવક સાધુઓને વહોરાવીને વંદન કરી સાધુઓને જવાની રજા આપે. તેમને મૂકવા પાછળ જાય. ત્યાર પછી પોતે જમવા બેસે. શ્રાવકે સાધુઓને જે દ્રવ્ય વહોરાવ્યું નથી તે દ્રવ્ય શ્રાવક પોતે પણ વાપરે નહીં. જો કોઇ સાધુ

२. प्रतिलिखति माऽन्तरायिका दोषा भूवन् स्थापनादोषाश्च, स यदि प्रथमायां पौरुष्यां निमन्त्रयते अस्ति नमस्कारसहितस्तदा गृह्यतेऽथ च नास्ति न गृह्यते तद्वोढव्यं भवेत्, यदि घनं लगेत् तदा गृह्यते संस्थाप्यते, यो वोद्घाटपौरुष्यां पारयति पारणवानन्यो वा तस्मै दीयते, पश्चात्तेन श्रावकेण समं गम्यते संघाटको व्रजति एको न वर्त्तते प्रेषितुं, साधुः पुरतः श्रावकः पृष्ठतः, गृहं नीत्वाऽऽसनेन निमन्त्रयति, यदि निविष्ठा लष्टं नाथ निविशन्ति तथापि विनयः प्रयुक्तो ( भवति ), तदा भक्तं पानं वा स्वयमेव ददाति अथवा भाजनं धारयति भार्या ददाति, अथवा स्थित एव तिष्ठति यावद्दत्तं, साधुरपि सावशेषं द्रव्यं गृह्णाति पश्चात्कर्मपरिहरणार्थाय, दत्त्वा वन्दित्वा विसर्जयति विसृज्यानुगच्छति, पश्चात् स्वयं भुङ्क्ते, यच्च किल साधुभ्यो न दत्तं तच्छ्रावकेण न भोक्तव्यं, यदि पुनः साधुर्नास्ति तदा देशकालवेलायां दिगालोकः

[3]कातव्वो, विसुद्धभावेण चिंतियव्वं–जति साधुणो होंता तो णित्थारितो होंतोत्ति विभासा । इदमपि च शिक्षापदव्रतमतिचाररहितमनुपालनीयमिति, अत आह–अतिथिसंविभागस्य–प्राग्निरूपित-शब्दार्थस्य श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्या: न समाचरितव्या:, तद्यथा–'सचित्तनिक्षेपणं' सचित्तेषु–व्रीह्यादिषु निक्षेपणमन्नादेरदानबुद्ध्या मातृस्थानत:, एवं 'सचित्तपिधानं' सचित्तेन फलादिना पिधानं–स्थगनमिति समास:, भावना प्राग्वत्, 'कालातिक्रम' इति कालस्यातिक्रम: कालातिक्रम इति उचितो यो भिक्षाकाल: साधूनां तमतिक्रम्यानागतं वा भुङ्क्तेऽतिक्रान्ते वा, तदा च किं तेन लब्धेनापि कालातिक्रान्तत्वात् तस्य, उक्तं च–

*"काले दिण्णस्स पहेणयस्स अग्घो ण तीरते काउं ।*
*तस्सेव अकालपणामियस्स गेण्हंतया णत्थि ॥१॥"*

'परव्यपदेश' इत्यात्मव्यतिरिक्तो योऽन्य: स परस्तस्य व्यपदेश इति समास:, साधो: पोषधोपवास-पारणकाले भिक्षायै समुपस्थितस्य प्रकटमन्नादि पश्यत: श्रावकोऽभिधत्ते–परकीयमिदमिति,

ઉપાશ્રયાદિમાં વિદ્યમાન નથી. ત્યારે શ્રાવક પોતાના જમવાના સમયે ચારે બાજુ દિશાઓનું અવલોકન કરે અને વિશુદ્ધભાવવડે વિચારે કે જો કદાચ કોઈ સાધુ હોત તો મારો નિસ્તાર થયો હોત વિગેરે વર્ણન જાણવું. આ શિક્ષાપદવ્રત પણ અતિચાર વિના પાલવું જોઈએ. તેથી કહે છે – શ્રાવકે અતિથિસંવિભાગના આ પાંચ અતિચારો જાણવા, પરંતુ આચરવા નહીં.

તે પાંચ અતિચારો આ પ્રમાણે – (૧) **સચિત્તનિક્ષેપણ** : (સચિત્ત ઉપર પડેલી વસ્તુ સાધુઓ વહોરે નહીં એવો ખ્યાલ હોવાથી) નહીં દેવાની બુદ્ધિથી માયાપૂર્વક અન્ન વિગેરેને સચિત્ત એવા ધાન્ય વિગેરે ઉપર મૂકી દે. આ જ પ્રમાણે (૨) **સચિત્તપિધાન** : સચિત્ત એવા ફળાદિવડે અન્નાદિને ઢાંકી દે. (૩) **કાલાતિક્રમ** : કાલનો જે અતિક્રમ તે કાલાતિક્રમ અર્થાત્ સાધુઓને ઉચિત જે ભિક્ષાકાળ છે તેને ઓળંગીને વહેલા કે મોડું જમવા બેસે. આ રીતે વહેલા કે મોડા સાધુઓને નિમંત્રણ કરીને પોતાને ત્યાં બોલાવે. (નહીં દેવાની બુદ્ધિથી અને પોતે સાધુઓને વહોરાવવા માંગે છે એવું સાધુઓને દેખાડવા નિમંત્રણ કરે. પરંતુ આ રીતે નિમંત્રણ કરીને) કદાચ સાધુ ત્યાં આવે તો પણ શું ? નકામું જ છે, કારણ કે તે સમયે સાધુ ભિક્ષાકાળથી અતિક્રાન્ત છે અર્થાત્ તે સમયે સાધુ માટે ભિક્ષાકાળ વહી ગયો છે અથવા હજું થયો નથી. કહ્યું જ છે – "યોગ્ય કાલે આપેલ મિષ્ટાન્નનું મૂલ્ય કરવું શક્ય નથી. પરંતુ તે જ મિષ્ટાન્ન અકાલે આપો તો કોઈ લેનાર પણ મળતું નથી. ॥૧॥"

(૪) **પરવ્યપદેશ** : પોતાના સિવાયનો જે બીજો છે તે પર તરીકે જાણવો. તેનો વ્યપદેશ = કથન તે પરવ્યવદેશ એ પ્રમાણે સમાસ કરવો. પોષધોપવાસના પારણાના સમયે ભિક્ષા માટે ઉપસ્થિત થયેલા અને સામે જ અન્ન વિગેરેને જોતા સાધુને શ્રાવક કહે – "આ અમારું નથી, બીજાનું છે તેથી હું આ દ્રવ્ય વહોરાવી શકીશ નહીં." અથવા કોઈ વસ્તુની સાધુએ યાચના કરી હોય ત્યારે શ્રાવક

३. कर्त्तव्य:, विशुद्धभावेन चिन्तयितव्यं-यदि साधवोऽभविष्यन् तदा निस्तारितोऽभविष्यदिति विभाषा । काले दत्तस्य प्रहेणकस्यार्घो न शक्यते कर्त्तुम् । तस्यैवाकालदत्तस्य ग्राहका न सन्ति ॥१॥

नास्माकीनमतो न ददामि, किञ्चिद्याचितो वाऽभिधत्ते—विद्यमान एवामुकस्येदमस्ति, तत्र गत्वा मार्गयत यूयमिति, 'मात्सर्यं' इति याचितः कुप्यति सदपि न ददति, 'परोन्नतिवैमनस्यं च मात्सर्य'मिति, एतेन तावद् द्रमकेण याचितेन दत्तं किमहं ततोऽपि न्यून इति मात्सर्याद् ददाति, कषायकलुषितेनैव चित्तेन ददतो मात्सर्यमिति, व्याख्यातं सातिचारं चतुर्थं शिक्षापदव्रतं, अधुना इत्येष श्रावकधर्म्मः ।

आह—कानि पुनरणुव्रतादीनामित्वराणि यावत्कथिकानीति ?, अत्रोच्यते —

**इत्थं पुण समणोवासगधम्मे पंचाणुव्वयाइं तिन्नि गुणव्वयाइं आवकहियाइं, चत्तारि सिक्खावयाइं इत्तरियाइं, एयस्स पुणो समणोवासगधम्मस्स मूलवत्थुं सम्मत्तं, तंजहा— तं निसग्गेण वा अभिगमेण वा पंचअईयारविसुद्धं अणुव्वयगुणव्वयाइं च अभिग्गहा अन्नेऽवि पडिमादओ विसेसकरणजोगा, अपच्छिमा मारणंतिया संलेहणाझूसणाराहणा य, इमीए समणोवासएणं इमे पञ्च०, तंजहा—इहलोगासंसप्पओगे परलोगासंसप्पओगे जीवियासंसप्पओगे मरणासंसप्पओगे कामभोगासंसप्पओगे ॥१३॥ ( सूत्रं )**

अत्र पुनः श्रमणोपासकधर्मे पुनःशब्दोऽवधारणार्थः, अत्रैव न शाक्यादिश्रमणोपासकधर्मे, सम्यक्त्वाभावेनाणुव्रताद्यभावादिति, वक्ष्यति च—'एत्थ पुण समणोवासगधम्मे मूलवत्थुं संमत्त'मित्यादि, पञ्चाणुव्रतानि प्रतिपादितस्वरूपाणि त्रीणि गुणव्रतानि उक्तलक्षणान्येव 'यावत्कथिकानी'ति सकृद्गृहीतानि यावज्जीवमपि भावनीयानि, चत्वारीति सङ्ख्या 'शिक्षापदव्रतानी'ति शिक्षा—अभ्यासस्तस्य पदानि—स्थानानि तान्येव व्रतानि शिक्षापदव्रतानि,

બોલે – "તમને જે વસ્તુ જોઈએ છે તે અમુક શ્રાવકને ત્યાં છે તેથી ત્યાં જઈને તમે માંગો." (૫) **માત્સર્ય :** યાચના કરાયેલો શ્રાવક ગુસ્સે થાય, હોવા છતાં આપે નહીં. અથવા બીજાની ઉન્નતિને જોઈને જે દીનતા તે માત્સર્ય. "યાચના કરાયેલા ગરીબે આપ્યું તો હું શું તેનાથી પણ ઉતરતો છું." આવા માત્સર્યથી પોતે વહોરાવે. કષાયથી કલુષિત જ એવા ચિત્તથી આપનારને માત્સર્ય જાણવું. આ પ્રમાણે ચોથા શિક્ષાપદવ્રતનું અતિચારસહિત વ્યાખ્યાન કર્યું. હવે આ શ્રાવકધર્મ છે (માટે તેને આશ્રયીને શંકાકાર શંકા કરે છે.)

**અવતરણિકા : શંકા :** અણુવ્રતો વિગેરેમાં કયું વ્રત અલ્પકાલિન અને કયું વ્રત યાવજ્જીવ સુધીનું હોય છે ? તે કહેવાય છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** 'પુનઃ' શબ્દ જકાર અર્થવાળો હોવાથી શાક્ય વિગેરે શ્રમણોપાસક ધર્મમાં નહીં, પરંતુ આ (જૈન) શ્રમણોપાસકધર્મમાં જ પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતો યાવત્કથિક હોય છે કારણ કે શાક્ય વિગેરે શ્રમણોપાસકધર્મમાં સમ્યક્ત્વ ન હોવાથી અણુવ્રતો વિગેરે પણ સંભવતા નથી. અને આગળ કહેશે કે – આ શ્રમણોપાસકધર્મમાં સમ્યક્ત્વ એ મૂળવસ્તુ છે.. વિગેરે. આ પાંચ અણુંવ્રતો અને ત્રણ ગુણવ્રતો યાવત્કથિક છે એટલે કે એકવાર ગ્રહણ કરાયેલા યાવજ્જીવ સુધી પણ હોય છે. શિક્ષા = અભ્યાસ, તેના જે પદો = સ્થાનો. તે રૂપ જે વ્રતો તે શિક્ષાપદવ્રતો. આ ચાર શિક્ષાપદવ્રતો

'इत्वराणी'ति तत्र प्रतिदिवसानुष्ठेये सामायिकदेशावकाशिके पुनः पुनरुच्चार्ये इति भावना, पोषधोपवासातिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ न प्रतिदिवसाचरणीयाविति । आह–अस्य श्रमणोपासकधर्मस्य किं पुनर्मूलवस्त्विति ?, अत्रोच्यते, सम्यक्त्वं, तथा चाह ग्रन्थकारः–'एतस्स पुणो समणोवासग०' अस्य पुनः श्रमणोपासकधर्मस्य, पुनःशब्दोऽवधारणार्थः अस्यैव, शाक्यादिश्रमणोपासकधर्मे सम्यक्त्वाभावात् मूलवस्तु सम्यक्त्वं, वसन्त्यस्मिन्नणुव्रतादयो गुणास्तद्भावभावित्वेनेति वस्तु मूलभूतं द्वारभूतं च तद् वस्तु च मूलवस्तु, तथा चोक्तम्–"द्वारं मूलं प्रतिष्ठानमाधारो भाजनं निधिः । द्विषट्कस्यास्य धर्मस्य, सम्यक्त्वं परिकीर्त्तितम् ॥१॥" सम्यक्त्वं–प्रशमादिलक्षणं, उक्तं च–"*प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं सम्यक्त्व*" मिति, (तत्त्वा० भाष्ये अ० १ सू० २) कथं पुनरिदं भवतीत्यत आह–'तन्निसग्गेण०' तत्–मूलवस्तुभूतं सम्यक्त्वं निसर्गेण वाऽधिगमेन वा भवतीति क्रिया, तत्र निसर्गः–स्वभावः अधिगमस्तु यथावस्थितपदार्थपरिच्छेद इति, आह–मिथ्यात्वमोहनीयकर्मक्षयोपशमादेरिदं भवति कथमुच्यते निसर्गेण वेत्यादि ?, उच्यते, स एव क्षयोपशमादिर्निसर्गाधिगमजन्मेति न दोषः, उक्तं च–"[4]ऊसरदेसं दड्ढिल्लयं च विज्झाइ वणदवो पप्प । इय मिच्छस्स अणुदये उवसमसम्मं लभति जीवो ॥१॥

ઇત્વરકાલિન છે. તેમાં સામાયિક અને દેશાવકાશિક રોજેરોજ કરવા લાયક છે, જ્યારે પોષધોપવાસ અને અતિથિસંવિભાગ રોજેરોજ નહીં પણ અમુક ચોક્કસ દિવસોમાં કરાય છે.

**શંકા :** આ શ્રમણોપાસકધર્મની મૂળવસ્તુ શું છે ?

**સમાધાન :** સમ્યક્ત્વ એ આ ધર્મની મૂળવસ્તુ છે. આ જ વાત ગ્રંથકારશ્રી કરે છે – શાક્યાદિશ્રમણો-પાસકધર્મમાં સમ્યક્ત્વનો અભાવ હોવાથી આ (જૈન) શ્રમણોપાસકધર્મની જ મૂળવસ્તુ સમ્યક્ત્વ છે. ('મૂળવસ્તુ' શબ્દનો અર્થ કરતા કહે છે કે) તદ્ભાવમાં (સમ્યક્ત્વની હાજરીમાં જ) ભાવિ (થનારા) હોવાથી જેની (= સમ્યક્ત્વની) હાજરીમાં અણુવ્રત વિગેરે ગુણો આત્મામાં વસે છે તે વસ્તુ. મૂળભૂત એવી વસ્તુ તે મૂળવસ્તુ. આ મૂળવસ્તુ સમ્યક્ત્વ છે. અને કહ્યું છે – "છવ્રત અને છકાયવિરતિરૂપ આ ધર્મનું સમ્યક્ત્વ એ દ્વાર છે, મૂળ છે, સ્થાન છે, આધાર છે, ભાજન છે, નિધિ છે એમ કહેવાયું છે. ॥૧॥"

સમ્યક્ત્વના લક્ષણો પ્રશમ વિગેરે છે. કહ્યું છે – "પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યનું પ્રગટીકરણ એ સમ્યક્ત્વનું લક્ષણ છે. ॥૧॥" આ સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? તે કહે છે – તે મૂળવસ્તુભૂત સમ્યક્ત્વ નિસર્ગથી અથવા બોધથી થાય છે. નિસર્ગ એટલે સ્વભાવ. અધિગમ એટલે યથાવસ્થિત પદાર્થનો બોધ.

**શંકા :** આ સમ્યક્ત્વની પ્રાપ્તિ મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમ વિગેરેથી થાય છે તો તમે નિસર્ગ વિગેરેથી થાય છે એમ કેમ કહો છો ?

**સમાધાન :** તે ક્ષયોપશમ વિગેરે જ નિસર્ગ–અધિગમથી પ્રાપ્ત થતો હોવાથી આવું કહેવામાં કોઈ દોષ નથી. કહ્યું છે – "વનમાં ઉત્પન્ન થયેલો દાવાગ્નિ જેમ બળેલા ઉખરદેશને પામીને બુઝાઈ

४. ऊषरदेशं दग्धं च विध्यायति वनदवः प्राप्य । एवं मिथ्यात्वस्यानुदये औपशमिकसम्यक्त्वं लभते जीवः ॥१॥

*[5]जीवादीणमधिगमा मिच्छत्तस्स तु खयोवसमभावे । अधिगमसम्मं जीवो पावे विसुद्धपरिणामो ॥२॥"* त्ति, अलं प्रसङ्गेन, इह भवोदधौ दुष्प्रापां सम्यक्त्वादिभावरत्नावाप्तिं विज्ञायोपलब्धजिनप्रवचनसारेण श्रावकेण नितरामप्रमादपरेणातिचारपरिहारवता भवितव्यमित्यस्यार्थस्योक्तस्यैव विशेषख्यापनायानुक्तशेषस्य चाभिधानायेदमाह ग्रन्थकारः 'पञ्चातिचारविसुद्ध' मित्यादि सूत्रं, इदं च सम्यक्त्वं प्राग्निरूपितशङ्कादिपञ्चातिचारविशुद्धमनुपालनीयमिति शेषः, तथा अणुव्रतगुणव्रतानि—प्राग्निरूपितस्वरूपाणि दृढमतिचाररहितान्येवानुपालनीयानि, तथाऽभिग्रहाः—लोचकृतघृतप्रदानादयः शुद्धा—भङ्गाद्यतिचाररहिता एवानुपालनीयाः, अन्ये च प्रतिमादयो विशेषकरणयोगाः सम्यक्परिपालनीयाः, तत्र प्रतिमाः—पूर्वोक्ताः 'दंसणवयसामाइय' इत्यादिना ग्रन्थेन, आदिशब्दादनित्यादिभावनापरिग्रहः, तथा अपश्चिमा मारणान्तिकी संलेखनाजोषणाराधना चातिचाररहिता सम्यक् पालनीयेत्यध्याहारः, तत्र पश्चिमैवापश्चिमा मरणं—प्राणत्यागलक्षणं, इह यद्यपि प्रतिक्षणमावीचीमरणमस्ति तथाऽपि न तद् गृह्यते, किं तर्हि ?, सर्वायुष्कक्षयलक्षणमिति मरणमेवान्तो मरणान्तः तत्र भवा मारणान्तिकी बह्व च इति ठञ् ( पा० ४-४-६४ ) संलिख्यतेऽनया शरीर-

જાય છે તેમ જીવ મિથ્યાત્વના અનુદયમાં ઉપશમસમ્યક્ત્વ પામે છે. ॥૧॥ મિથ્યાત્વના ક્ષયોપશમની હાજરીમાં જીવાદિ પદાર્થોના જ્ઞાનથી વિશુદ્ધપરિણામવાળો જીવ અધિગમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ॥૨॥" પ્રાસંગિક ચર્ચાથી સર્યું.

અહીં સંસારસમુદ્રમાં સમ્યક્ત્વ વિગેરે ભાવરત્નોની પ્રાપ્તિ દુઃખેથી થાય છે એમ જાણીને જિનવચનનો સાર જેણે જાણેલો છે એવા શ્રાવકે નિતરામ્ પ્રમાદ વિના અતિચારોનો ત્યાગ કરવો જોઈએ. આ કહેવાયેલા અર્થના જ વિશેષનું ખ્યાપન કરવા માટે અને નહીં કહેવાયેલા એવા શેષનું જ કથન કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે – આ સમ્યક્ત્વ પૂર્વે કહેવાયેલા શંકા વિગેરે પાંચ અતિચારોથી વિશુદ્ધ રીતે પાલવું જોઈએ. તથા અણુવ્રતો અને ગુણવ્રતો દઢપણે અતિચારરહિત પાલવા જોઈએ. તથા અભિગ્રહો એટલે લોચને આશ્રયીને કરાયેલો અભિગ્રહ (અર્થાત્ વર્ષમાં મારે આટલી વાર લોચ કરાવવો.) ઘીનું પ્રદાન (અર્થાત્ કોઈ સાધુને ઘી વહોરાવીશ) વિગેરે અભિગ્રહો ભંગ વિગેરે અતિચારરહિત પાલવા.

અને બીજા પ્રતિમા વિગેરે જે વિશેષથી કરવા લાયક વ્યાપારો પણ સમ્યગ્ રીતે પાલવા. તેમાં પ્રતિમા કે જે પૂર્વે દર્શન, વ્રત, સામાયિક વિગેરે ગ્રંથવડે કહી. આદિશબ્દથી અનિત્ય વિગેરે ભાવનાઓ લેવી. તથા છેલ્લી મારણાન્તિકી સંલેખનાના આસેવનની આરાધના અતિચારરહિત સમ્યગ્ રીતે પાલન કરવા યોગ્ય છે. અહીં પશ્ચિમ એ જ અપશ્ચિમ એટલે કે છેલ્લી. મરણ એટલે પ્રાણનો ત્યાગ. જો કે અહીં દરેક ક્ષણે આવીચીમરણ (= દરેક ક્ષણે આયુષ્યકર્મના પુદ્ગલોને ભોગવવારૂપ આવીચીમરણ) થાય છે છતાં પણ તે અહીં ગ્રહણ કરવાનું નથી. તો કયું ગ્રહણ કરવાનું છે ? – અહીં સર્વ આયુષ્યકર્મનો ક્ષય થતાં જે પ્રાણત્યાગરૂપ મરણ થાય છે તે અહીં ગ્રહણ કરવાનું છે. મરણ એ જ અંત તે મરણાન્ત. તેમાં થનારી તે મારણાન્તિકી. શરીર, કષાય વિગેરે જેનાવડે સંલેખાય છે =

५. जीवादीनामधिगमो मिथ्यात्वस्य क्षयोपशमभावे । अधिगमसम्यक्त्वं जीवः प्राप्नोति विशुद्धपरिणामः ॥२॥

कषायादीति संलेखना–तपोविशेषलक्षणा तस्याः जोषणं–सेवनं तस्याराधना–अखण्डकालस्य करणमित्यर्थः, चशब्दः समुच्चयार्थः । ऍत्थ सामायारी–आसेवितगिहिधम्मेण किल सावगेण पच्छा णिक्खमितव्वं, एवं सावगधम्मो उज्जमितो होति, ण सक्कति ताधे भत्तपच्चक्खाणकाले संथारगसमणेण होतव्वंति विभासा । आह उक्तम्–'अपश्चिमा मारणान्तिकी संलेखना-झोषणाऽऽराधना'ऽतिचाररहिता सम्यक् पालनीयेति वाक्यशेषः, अथ के पुनरस्या अतिचारा इति तानुपदर्शयन्नाह–'इमीए समणोवासएणं०' अस्या–अनन्तरोदितसंलेखनासेवनाराधनायाः श्रमणोपासकेनामी पञ्चातिचारा ज्ञातव्याः न समाचरितव्याः, तद्यथा–इहलोकाशंसाप्रयोगः, इहलोको–मनुष्यलोकस्तस्मिन्नाशंसा–अभिलाषस्तस्याः प्रयोग इति समासः श्रेष्ठी स्याममात्यो वेति, एवं 'परलोकाशंसाप्रयोगः' परलोके–देवलोके, एवं जीविताशंसाप्रयोगः, जीवितं–प्राणधारणं तत्राभिलाषप्रयोगः–यदि बहुकालं जीवेयमिति, इयं च वस्त्रमाल्यपुस्तकवाचनादिपूजादर्शनात् बहुपरिवारदर्शनाच्च, लोकश्लाघाश्रवणाच्चैवं मन्यते–जीवितमेव श्रेयः प्रत्याख्याताशनस्यापि,

પાતળા કરાય છે તે સંલેખના એટલે કે તપવિશેષ. તેનું જે સેવન, તે સંલેખનાસેવન. તેની જે આરાધના અર્થાત્ અંત સુધી અખંડપણે પાલન કરવું. 'च' શબ્દ સમુચ્ચયાર્થમાં જાણવો. અહીં સામાચારી આ પ્રમાણે જાણવી – ગૃહસ્થધર્મનું (= અણુવ્રતો વિગેરેનું) પાલન જેણે કર્યું છે તેવા શ્રાવકે પછીથી દીક્ષા લેવી જોઇએ. આ રીતે તે દીક્ષા લે તો તેનો શ્રાવકધર્મ સફળ થયેલો ગણાય છે. જો તે દીક્ષા લેવા સમર્થ ન હોય તો છેલ્લે ભક્તપ્રત્યાખ્યાનવેળાએ સંથારો પાથરી મહાવ્રતોને ઉચ્ચારી સાધુ થવું જોઇએ... વિગેરે વર્ણન સમજી લેવું.

**શંકા** : પૂર્વે તમે કહ્યું કે છેલ્લી મારણાન્તિકી સંલેખનાઆસેવનની આરાધના સમ્યગ્ રીતે અતિચારો વિના પાલવી જોઇએ. તો તે અતિચારો કયા છે ?(આ શંકાના સમાધાનરૂપે) તે અતિચારોને જણાવતા કહે છે – હમણાં કહેવાયેલી સંલેખનાસેવનારાધનાના આ પાંચ અતિચારો શ્રાવકે જાણવા, પણ આચારવા નહીં. તે અતિચારો આ પ્રમાણે છે – (૧) **ઇહલોકઆશંસાપ્રયોગ** : ઇહલોક એટલે મનુષ્યલોક. આ મનુષ્યલોકને વિશે જે આશંસા, તેનો પ્રયોગ તે ઇહલોકાશંસાપ્રયોગ, અર્થાત્ આ સંલેખનાસેવનની આરાધનાના પ્રભાવે મનુષ્યલોકમાં હું શ્રેષ્ઠિ બનું કે મંત્રી બનું. આ જ પ્રમાણે (૨) **પરલોકાશંસાપ્રયોગ** : પરલોક એટલે દેવલોક. (પરલોકમાં હું આના પ્રભાવે ઋદ્ધિમાન દેવ બનું.)

(૩) **જીવિતાશંસાપ્રયોગ** : જીવિત એટલે પ્રાણનું ધારણ કરવું. તેને વિશે જે ઇચ્છાનો પ્રયોગ અર્થાત્ હું લાંબો કાળ જીવું. આવી ઇચ્છા શ્રાવકને (પોતાને ભેટરૂપે મળતાં) વસ્ત્ર, માળા, પુસ્તકવાચના (એટલે કે પુસ્તકને આશ્રયીને વાચના આપવામાં પોતે સમર્થ હોય ત્યારે જે બીજાઓ વાચના આપે છે તેઓના માન-સન્માન) વિગેરે પૂજાના દર્શનથી, (ભક્ત વિગેરે) બહુપરિવારના દર્શનથી થાય છે. અને લોકોની પ્રશંસા સાંભળવાથી તે શ્રાવક આ પ્રમાણે માને છે કે –અશનનું પ્રત્યાખ્યાન (=અનશન) કરવા છતાં પણ મને જીવન જ કલ્યાણકારી છે (પરંતુ મરણ નહીં અર્થાત્ મારું જીવન

६. अत्र सामाचारी-आसेवितगृहिधर्मेण किल श्रावकेन पश्चान्निष्क्रान्तव्यं, एवं श्रावकधर्मो भवत्युद्यतः, न शक्नोति तदा भक्तप्रत्याख्यानकाले संस्तारश्रमणेन भवितव्यं, विभाषा ।

यत एवंविधा मदुद्देशेनेयं विभूतिर्विद्यत इति, 'मरणाशंसाप्रयोग:' न कश्चित्तं प्रतिपन्नानशनं गवेषयति न सपर्ययाऽऽद्रियते नैव कश्चित् श्लाघते, ततस्तस्यैवंविधश्चित्तपरिणामो जायते—यदि शीघ्रं म्रियेऽहमपुण्यकर्मेति मरणाशंसा, '[काम] भोगाशंसाप्रयोग:' जन्मान्तरे चक्रवर्त्ती स्याम् वासुदेवो महामण्डलिक: शुभग: रूपवानित्यादि । उक्त: श्रावकधर्म:, व्याख्यातं सप्रभेदं देशोत्तरगुणप्रत्याख्यानं, अधुना सर्वोत्तरगुणप्रत्याख्यानमुच्यते, तत्रेयं गाथा—'पच्चक्खाणं' गाहा। अथवा देशोत्तरगुणप्रत्याख्यानं श्रावकाणामेव भवतीति तदधिकार एवोक्तं, सर्वोत्तरगुणप्रत्याख्यानं तु लेशत उभयधारणमपीत्यतस्तदभिधित्सयाऽऽह —

पच्चक्खाणं उत्तरगुणेसु खमणाइयं अणेगविहं ।
तेण य इहयं पगयं तंपि य इणमो दसविहं तु ॥१५६५॥
अणागयमइक्कंतं कोडियसहिअं निअंटिअं चेव ।
सागारमणागारं परिमाणकडं निरवसेसं ॥१५६६॥
संकेयं चेव अद्धाए, पच्चक्खाणं तु दसविहं ।
सयमेवणुपालणियं, दाणुवएसे जह समाही ॥१५६७॥

व्याख्या—प्रत्याख्यानं प्रागनिरूपितशब्दार्थं, 'उत्तरगुणेषु' उत्तरगुणविषयं प्रकरणात् साधूनां तावदिदमिति—क्षपणादि, क्षपणग्रहणाच्चतुर्थादिभक्तपरिग्रह:, आदिग्रहणाद्विचित्राभिग्रहपरिग्रह:, 'अनेकविध'मित्यनेकप्रकारं, प्रकारश्च वक्ष्यमाण:, 'तेन च' अनेकविधेन, चशब्दादुक्तलक्षणेन

---

લંબાય તો સારું.) કારણ કે મારા ઉદ્દેશથી આવા પ્રકારની વિભૂતિ વિદ્યમાન છે.

(૪) **મરણાશંસાપ્રયોગ** : કોઇ તે અનશન સ્વીકારનારને જોતા નથી, તેની પૂજા કરતા નથી કે કોઇ તેની પ્રશંસા પણ કરતા નથી. તેથી આવું જોઇને આ શ્રાવકને પણ આવો ચિત્તપરિણામ થાય કે – "પુણ્ય વિનાનો હું જલ્દી મરું તો સારું." આ પ્રમાણેની મરણની ઇચ્છા થાય. (૫) **કામભોગાશંસાપ્રયોગ** : જન્માંતરે હું ચક્રવર્તી થાઉં અથવા વાસુદેવ, મહામાંડલિકરાજા, સૌભાગ્યવાળો કે રૂપવાળો થાઉં... વિગેરે ઇચ્છા કરવી.

**અવતરણિકા** : શ્રાવકધર્મ કહ્યો. તે સાથે પેટાભેદસહિત દેશોત્તરગુણપ્રત્યાખ્યાનનું વ્યાખ્યાન કર્યું. હવે સર્વોત્તરગુણપ્રત્યાખ્યાન કહેવાય છે. તે માટે આગળ ગાથા જણાવે છે – पच्चक्खाणं... અથવા (બીજી રીતે અવતરણિકા જણાવે છે –) દેશોત્તરગુણપ્રત્યાખ્યાન શ્રાવકોને જ હોય છે માટે તે શ્રાવકના અધિકારમાં કહ્યું. સર્વોત્તરગુણપ્રત્યાખ્યાન તો લેશથી = અમુકાંશે સાધુ–શ્રાવક ઉભયને સાધારણ પણ છે માટે તે કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : સાધુઓને ઉત્તરગુણવિષયક માસક્ષમણ વિગેરે અનેક પ્રકારના પ્રત્યાખ્યાન હોય છે. અહીં 'ક્ષપણ' શબ્દથી ચતુર્થ વિગેરે ભક્ત (= ઉપવાસ વિગેરે) પણ લઇ લેવા. તથા આદિશબ્દથી વિચિત્ર અભિગ્રહ લેવા. અનેકવિધ એટલે અનેકપ્રકારનું પ્રત્યાખ્યાન. તે પ્રકારો આગળ જણાવશે.

च, 'अत्रे'ति सामान्येनोत्तरगुणप्रत्याख्याननिरूपणाधिकारे, अथवा चशब्दस्यैवकारार्थत्वात् तेनैव, 'अत्रे'ति सर्वोत्तरगुणप्रत्याख्यानप्रक्रमे प्रकृतम्–उपयोगोऽधिकार इति पर्यायास्तदपि चेदं दशविधं तु–मूलापेक्षया दशविधं दशप्रकारकमेवेति गाथार्थः ॥१५६५॥ अधुना दशविधमेवोपन्यस्यन्नाह– 'अणागतं०' गाथा, अनागतकरणादनागतं, पर्युषणादावाचार्यादिवैयावृत्त्यकरणान्तरायसद्भावादारत एव तत्तपःकरणमित्यर्थः, एवमतिक्रान्तकरणादतिक्रान्तं, भावना प्राग्वत् । 'कोटिसहित'मिति कोटीभ्यां सहितं कोटिसहितं–मिलितोभयप्रत्याख्यानकोटि, चतुर्थादिकरणमित्यर्थः, 'नियन्त्रितं चैव' नितरां यन्त्रितं नियन्त्रितं प्रतिज्ञातदिनादौ ग्लानाद्यन्तरायभावेऽपि नियमात् कर्त्तव्यमितिहृदयं, 'साकारं' आक्रियन्त इत्याकाराः–प्रत्याख्यानापवादहेतवोऽनाभोगादयः सहाकारैः साकारं, तथाऽविद्यमानाकारमनाकारं, 'परिमाणकृत'मिति दत्त्यादिकृतपरिमाणमिति भावना 'निरवशेष'मिति समग्राशनादिविषय इति गाथार्थः ॥१५६६॥ 'सङ्केतं चैवे'ति केतं–चिह्नमङ्गुष्ठादि सह केतेन सङ्केत

---

અહીં એટલે કે સામાન્યથી ઉત્તરગુણપ્રત્યાખ્યાનના અધિકારમાં તેનાવડે એટલે કે અનેકપ્રકારના પ્રત્યાખ્યાનોવડે અને 'च' શબ્દથી પૂર્વે કહેવાયેલા દેશોત્તરગુણપ્રત્યાખ્યાનવડે અધિકાર = પ્રયોજન છે. અથવા 'तेन च' અહીં 'च' શબ્દ એવકાર અર્થવાળો હોવાથી અહીં એટલે કે સર્વોત્તરગુણપ્રત્યાખ્યાન અધિકારમાં તેનાવડે = પ્રત્યાખ્યાનવડે જ પ્રકૃત છે. (અર્થાત્ તેનું = પચ્ચક્ખાણનું જ અહીં પ્રયોજન છે.) પ્રકૃત, ઉપયોગ, અધિકાર આ બધા પર્યાયવાચી શબ્દો જાણવા. અને તે અનેકવિધ પ્રત્યાખ્યાન દશપ્રકારનું જાણવું. મૂળભેદોની અપેક્ષાએ આ દશપ્રકારો જ છે. ॥**૧૫૬૫**॥

હવે તે દશપ્રકારોનો જ ઉપન્યાસ કરતા કહે છે – 'अणागतं...' ગાથા. (૧) **અનાગતપ્રત્યાખ્યાન** : અવસર પહેલાં થતું હોવાથી તે અનાગતપ્રત્યાખ્યાન, અર્થાત્ પર્યુષણા વિગેરેમાં અંતરાય થાય તેમ હોવાથી અથવા બીજા વિઘ્નોની સંભાવનાથી તે તપ પર્યુષણા પહેલાં જ કરવો. આ જ પ્રમાણે (૨) **અતિક્રાન્તપ્રત્યાખ્યાન** : પર્યુષણા પછી કરે તો અતિક્રાન્તપ્રત્યાખ્યાન. (૩) **કોટિસહિત** : બે કોટી સહિતનું જે પ્રત્યાખ્યાન તે કોટિસહિત જાણવું, અર્થાત્ બે પ્રત્યાખ્યાનના છેડા ભેગા થવા. જેમ કે એક સાથે બે ઉપવાસ કરો ત્યારે પ્રથમ ઉપવાસનો છેલ્લો છેડો અને બીજા ઉપવાસનો શરૂઆતનો છેડો જ્યાં ભેગો થાય તે કોટિસહિત પ્રત્યાખ્યાન.

(૪) **નિયંત્રિત** : નિતરાં યંત્રિત તે નિયંત્રિત, અર્થાત્ જે દિવસે જે પ્રત્યાખ્યાન કરવાનું નક્કી કર્યું તે દિવસે ગ્લાનિ વિગેરે વિઘ્ન આવી પડે છતાં નિયમથી તે પ્રત્યાખ્યાન કરવું. તે નિયંત્રિતપ્રત્યાખ્યાન. (૫) **સાગાર** : (પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે માટે) જે ગ્રહણ કરાય છે તે આગાર, અર્થાત્ પ્રત્યાખ્યાનના અપવાદના કારણ એવા અનાભોગ વિગેરે. આગાર સાથેનું જે પ્રત્યાખ્યાન તે સાગારપ્રત્યાખ્યાન. (૬) **અનાગાર** : આગાર વિનાનું પ્રત્યાખ્યાન તે અનાગાર. (૭) **પરિમાણકૃત** : (આટલી દત્તી ભોજન લેવું એ પ્રમાણે) દત્તી વિગેરેવડે કરાયેલ પ્રમાણવાળું પ્રત્યાખ્યાન. (૮) **નિરવશેષ** : સંપૂર્ણ અશન વિગેરે સંબંધી પચ્ચક્ખાણ. (અર્થાત્ જે પ્રત્યાખ્યાનમાં અશન વિગેરેનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે તે.) ॥**૧૫૬૬**॥

(૯) **સંકેત** : કેત એટલે અંગુઠો વિગેરે ચિહ્ન. કેત સહિતનું જે પ્રત્યાખ્યાન તે સંકેતપ્રત્યાખ્યાન.

**सचिह्नमित्यर्थः, 'अद्धा य'त्ति कालाख्या, अद्धामाश्रित्य पौरुष्यादिकालमानमपीत्यर्थः, 'प्रत्याख्यानं तु दशविधं' प्रत्याख्यानशब्दः सर्वत्रानागतादौ सम्बध्यते, तु शब्दस्यैवकारार्थत्वाद् व्यवहितोपन्यासाद् दशविधमेव, इह चोपाधिभेदात् स्पष्ट एव भेद इति न पौनरुक्त्यमाशङ्कनीयमिति । आह-इदं प्रत्याख्यानं प्राणातिपातादिप्रत्याख्यानवत् किं तावत् स्वयमकरणादिभेदभिन्नमनुपालनीयं आहोश्विदन्यथा ?, अन्यथेत्याह-स्वयमेवानुपालनीयं, न पुनरन्यकारणे अनुमतौ वा निषेध इति, आह च-'दाणुवदेसे जध समाधि'त्ति अन्याहारदाने यतिप्रदानोपदेशे च 'यथा समाधिः' यथा समाधानमात्मनोऽप्यपीडया प्रवर्त्तितव्यमिति वाक्यशेषः, उक्तं च-'[७]*भावितजिणवयणाणं ममत्तरहियाण णत्थि हु विसेसो । अप्पाणंमि परंमि य तो वज्जे पीडमुभओवि ॥१॥*'' त्ति गाथार्थः ॥१५६७॥**

**साम्प्रतमनन्तरोपन्यस्तदशविधप्रत्याख्यानाद्यभेदावयवार्थाभिधित्सयाऽऽह —**

(અર્થાત્ કોઈ શ્રાવક પોરિસીપ્રત્યાખ્યાન કરીને ખેતરે ગયો. પોરિસી આવવા છતાં હજું ભોજન આવ્યું નથી. તે સમયે પચ્ચક્ખાણ વગર હું ક્ષણવાર માટે પણ રહું નહીં એવા વિચારથી અંગુઠો વિગેરે ચિહ્નરૂપે કરે અર્થાત્ જ્યાં સુધી અંગુઠો, મુઠ્ઠી વિગેરે નહીં વાળું ત્યાં સુધી હું જમીશ નહીં. આવું જે પ્રત્યાખ્યાન તે સંકેતપ્રત્યાખ્યાન.) (૧૦) **અદ્ધાપ્રત્યાખ્યાન** : અદ્ધા એટલે કાળ. કાળને આશ્રયીને પોરિસી વિગેરે સમય પણ અદ્ધા જાણવો. આમ પ્રત્યાખ્યાન દશ પ્રકારનું જાણવું. 'તુ' શબ્દ એવકાર અર્થવાળો છે અને તેનો સંબંધ જુદી જગ્યાએ (= दसविहं પછી) કરવાનો હોવાથી 'દશ પ્રકારનું જ છે' એમ અર્થ કરવો. અને આ બધા પચ્ચક્ખાણ ઉપાધિભેદથી જુદા-જુદા હોવા સ્પષ્ટ છે તેથી કોઈ પુનરુક્તિ દોષ નથી.

**શંકા** : પ્રાણાતિપાત વિગેરેના પ્રત્યાખ્યાનો જેમ કરણ-કરાવણ-વિગેરે ભેદોથી પાલવાનું છે તેમ આ પ્રત્યાખ્યાન પણ કરણ વિગેરે ભેદો સાથે પાલવાનું છે કે જુદી રીતે ?

**સમાધાન** : જુદી રીતે. તે આ પ્રમાણે કે આ પ્રત્યાખ્યાન પોતાને જ પાલવાનું છે. પરંતુ બીજાના કારાવણમાં કે અનુમોદનમાં નિષેધ નથી. (આશય એ છે કે પ્રાણાતિપાત જેમ પોતે કરવાનો નથી, તેમ બીજા પાસે કરાવવાનો નથી કે કરતાની અનુમોદના કરવાની નથી. તેના જેવો નિયમ અહીં નથી. અર્થાત્ પોતે આહારનો ત્યાગ કરે એટલે બીજાને આહાર ન આપવો એવું નહીં પણ બીજાને આહાર આપી શકે તેમ જ દાન આપનારની અનુમોદના પણ કરી શકે.) આ જ વાત મૂળમાં કહી છે – પોતાને પીડા ન થાય તે રીતે શ્રાવકે બીજાને આહારનું દાન કરવું જોઈએ તેમ જ સાધુઓને આહારના દાનનો ઉપદેશ પણ બીજાને આપવો જોઈએ. કહ્યું જ છે – "જિનવચનો જેણે આત્મસાત્ કર્યા છે એવા મમત્ત્વરહિત જીવો માટે સ્વ-પરનો કોઈ ભેદ હોતો નથી. તેથી એવા જીવે સ્વ-પરની પીડાનો ત્યાગ કરવો જોઈએ.) ॥૧॥" ॥**૧૫૬૭**॥

**અવતરણિકા** : હવે હમણાં જ કહેલા દશવિધ પ્રત્યાખ્યાનના પ્રથમભેદના (અનાગત-પ્રત્યાખ્યાનના) વિસ્તારાર્થને કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

**७. भावितजिनवचनानां ममत्वरहितानां नास्त्येव विशेषः । आत्मनि परस्मिंश्च ततो वर्जयेत् पीडामुभयोरपि ॥१॥**

होही पज्जोसवणा मम य तया अंतराइयं हुज्जा ।
गुरुवेयावच्चेणं तवस्सिगेलन्नयाए वा ॥१५६८॥
सो दाइ तवोकम्मं पडिवज्जे तं अणागए काले ।
एयं पच्चक्खाणं अणागयं होइ नायव्वं ॥१५६९॥

भविष्यति पर्युषणा मम च तदा अन्तरायं भवेत्, केन हेतुनेत्यत आह–गुरुवैयावृत्त्येन तपस्विग्लानतया वेत्युपलक्षणमिदमिति गाथासमासार्थः ॥१५६८॥ स इदानीं तपःकर्म प्रतिपद्यते तदनागतकाले तत्प्रत्याख्यानमेवम्भूतमनागतकरणादनागतं ज्ञातव्यं भवतीति गाथासमासार्थः ॥१५६९॥ [૮]इमो पुण एत्थ भावत्थो–अणागतं पच्चक्खाणं, जधा अणागतं तवं करेज्जा, पज्जोसवणागहणं एत्थ विकिट्ठं कीरति, सव्वजहन्नो अट्ठमं जधा पज्जोसवणाए, तथा चातुम्मासिए छट्ठं पक्खिए अब्भत्तट्ठं अण्णेसु य ण्हायाणुजाणादिसु तहिं ममं अंतराइयं होज्जा, गुरू–आयरिया तेसिं कातव्वं, ते किं ण करेंति ?, असहू होज्जा, अथवा अण्णा काइ आणत्तिगा होज्जा

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : પર્યુષણા આવશે ત્યારે મને અંતરાય થશે. શા માટે ? તે કહે છે – ગુરુની વૈયાવચ્ચને કારણે અથવા તપસ્વીની વૈયાવચ્ચને કારણે કે પોતાના ગ્લાનત્વને કારણે અંતરાય પડે. અહીં પર્યુષણા અને ગુરુવૈયાવચ્ચ વિગેરેનું ગ્રહણ એ ઉપલક્ષણ જાણવું. ॥૧૫૬૮॥ આવા અંતરાયને કારણે તે સાધુ અત્યારે (પર્યુષણા પહેલાં) તપકર્મ સ્વીકારે છે. આ પ્રત્યાખ્યાન અનાગતકાળે થતું હોવાથી અનાગતપ્રત્યાખ્યાન જાણવું. ॥૧૫૬૯॥

ભાવાર્થ આ પ્રમાણે જાણવો – પહેલાં જ તપ કરે તે અનાગતપ્રત્યાખ્યાન જાણવું. [૮]અહીં ચાતુર્માસિક અને પાક્ષિકની અપેક્ષાએ પર્યુષણામાં અઠ્ઠમરૂપ મોટો તપ કરાય છે. માટે "હોહી પજ્જોસવણા" (૧૫૬૮) વિગેરે ગાથામાં પર્યુષણાનું ગ્રહણ કર્યું છે. બાકી તો જેમ પર્યુષણામાં અઠ્ઠમ છે તેમ ચાતુર્માસિકમાં છઠ્ઠ, અને પાક્ષિકે ઉપવાસ કરાય છે. તથા તીર્થંકરના સ્નાત્રમહોત્સવ અને રથયાત્રારૂપ અનુયાન વિગેરેમાં યથાશક્તિ તપ કરાય જ છે. પર્યુષણા વિગેરેમાં જે અઠ્ઠમ કરાય છે તે વિકૃષ્ટતપમાં સર્વજઘન્ય છે. પર્યુષણા વિગેરેમાં મને અંતરાય પડશે, કારણ કે તે સમયે ગુરુ એટલે કે આચાર્યની ભક્ત–પાન વિગેરેરૂપ વૈયાવચ્ચ કરવાની રહેશે. (અહીં સામેવાળો પ્રશ્ન કરે છે કે-) તે સમયે આચાર્ય કેમ ઉપવાસાદિ કરતા નથી ? – સમાધાન : તેઓ અસહૂ હોવાથી તપ કરતા નથી. અથવા (કદાચ આચાર્ય ઉપવાસ કરે પણ ખરા તેથી ભક્ત–પાન લાવવા વિગેરેરૂપ વૈયાવચ્ચ કરવાની ન રહે છતાં) બીજી કોઇ આજ્ઞા કર્તવ્ય બને. જેમ કે, કોઇ પ્રયોજન આવતા અન્યગામ

૮. अयं पुनरत्र भावार्थः-अनागतं प्रत्याख्यानं यथाऽनागतं तपः कुर्यात्, पर्युषणाग्रहणमत्र विकृष्टं क्रियते, सर्वजघन्यमष्टमं यथा पर्युषणायां, तथा चतुर्मास्यां षष्ठं पाक्षिकेऽभक्तार्थं, अन्येषु वा स्नानानुयानादिषु तदा ममान्तरायिकं भविष्यति, गुरवः-आचार्यास्तेषां कर्त्तव्यं, ते किं न कुर्वन्ति ?, असहिष्णवो वा स्युः, अथवा अन्या वा काचिदाज्ञप्तिः भवेत्

[1]कायव्विया गामंतरादि सेहस्स वा आणेयव्वं सरीरवेयावडिया वा, ताधे सो उववासं करेति गुरुवेयावच्चं च ण सक्केति, जो अण्णो दोण्हवि समत्थो सो करेतु, जो वा अण्णो असमत्थो उववासस्स सो करेति णत्थि ण वा लभेज्जा न याणेज्ज वा विधिं ताधे सो चेव पुव्वं उववासं कातूणं पच्छा तद्दिवसं भुंजेज्जा, तवस्सी णाम खमओ तस्स कातव्वं होज्जा, किं तदा ण करेति ?, सो तीरं पत्तो पज्जोसवणा उस्सारिता, असहुत्ति वा सयं पारावितो, ताधे सयं हिंडेतुं समत्थो जाणि अब्भासे तत्थ वच्चउ, णत्थि ण वा लहति सेसं जथा गुरूंमि विभासा, गेलण्णं–

વિગેરેમાં ગુરુ મોકલે અથવા શૈક્ષ માટે ભક્ત–પાન વિગેરે લાવવાનું હોય અથવા વ્યાખ્યાન વિગેરેના શ્રમને કારણે ગુરુના શરીરની વૈયાવચ્ચ કરવાની હોય. એ સમયે જો તે શિષ્ય ઉપવાસ કરે અને ગુરુવૈયાવચ્ચ કરવી શક્ય ન બને. (તેથી શું કરવું ? તેની વિધિ કહે છે –) જો કોઇ બીજો સાધુ તપ અને વૈયાવચ્ચ બંને કરવામાં સમર્થ હોય તો તે જ વૈયાવચ્ચ કરે. (જેથી ત્યારે પણ બધાને તપ થઇ શકે.) અથવા જે સાધુ પર્યુષણા વિગેરેમાં ઉપવાસ કરવા સમર્થ નથી તે વૈયાવચ્ચ કરે. અથવા તેવો કોઇ સાધુ નથી અથવા છે છતાં તેને ભક્ત–પાન પ્રાપ્ત ન થતાં હોય કે તે વૈયાવચ્ચની વિધિને જાણતો ન હોય તો પછી આ સાધુ અનાગતતપ કરે અને પછી પર્યુષણા વિગેરે દિવસોમાં વાપરીને વૈયાવચ્ચ વિગેરે કરે. (તપસ્વીસંબંધી વૈયાવચ્ચની વિધિને કહે છે –) તપસ્વી એટલે ક્ષપક (એટલે કે માસખમણ વિગેરે તપ કરનારો.) તેની વૈયાવચ્ચ પર્યુષણામાં કરવાની આવે.

**શંકા :** જે આવા વિશિષ્ટ તપ કરતો હોય તે પર્યુષણા વિગેરેમાં ઉપવાસ વિગેરે કેમ કરતો નથી ?

**સમાધાન :** ક્ષપકે જે તપનો આરંભ કર્યો હતો તે તપ (પર્યુષણાના બે–ચાર દિવસ પહેલાં જ) પૂર્ણ થયો હોય (એટલે કે પર્યુષણામાં તે તપને બદલે પારણું કરતો હોય. **શંકા :** તો પર્યુષણાસંબંધી જે તપ કરવાનો છે તે તો બાકી રહી જશે ને ? **સમાધાન :** ના,) (पज्जोसवणा उस्सारिता =) [ii]પર્યુષણાસંબંધી તપ તેને કરેલ માસક્ષપણ વિગેરેમાં સમાઇ જાય છે. અથવા તેણે જે માસક્ષપણ વિગેરે તપ આરંભ્યો હતો તે પર્યુષણામાં પણ ચાલુ રહેવાનો હતો પરંતુ તે સમયે આગળ તપ કરવામાં અસમર્થ જાણીને ગુરુએ જ તેને પારણું કરાવ્યું હોય. (તેથી તેની માટે ભક્ત–પાન લાવવાના હોવાથી કઇ વિધિ કરવી ? તે કહે છે કે –)

ત્યારે તપસ્વી પોતે ગોચરી જવા સમર્થ હોય તો જે નજીકના ઘરો હોય તેમાં ગોચરી માટે જાય. જો નજીકમાં ઘરો નથી અથવા ત્યાં ઘરો છે પણ તપસ્વીને પ્રાયોગ્ય મળતું નથી તો જે રીતે ગુરુસંબંધી વિધિ કરવાની કહી તે રીતે તપસ્વી માટે પણ સમજવું. (અર્થાત્ પહેલાં તપ–વૈયાવચ્ચ બંને કરનાર,

૧. कर्त्तव्या ग्रामान्तरादि शैक्षकस्य वाऽऽनेतव्यं शरीरवैयावृत्त्यं वा, तदा स उपवासं करोति गुरुवैयावृत्त्यं च न शक्नोति, योऽन्यो द्वयोरपि समर्थः स करोतु, अन्यो वा योऽसमर्थ उपवासाय स करोति नास्ति न वा लभेत न जानीयाद्वा विधिं तदा स चैव पूर्वमुपवासं कृत्वा पश्चात् तद् ( पर्व ) दिवसे भुञ्जीत, तपस्वी नाम क्षपकस्तस्य कर्त्तव्यं भवेत्, किं तदा न करोति ?, स तीरं प्राप्तः पर्युषणा उत्सारिता, असहु इति वा स्वयं पारितवान्, तदा स्वयं हिण्डितुं समर्थो यानि समीपे तत्र व्रजतु, नास्ति न वा लभते शेषं यथा गुरौ विभाषा, ग्लानत्वं-

[१०]जाणति जथा तहिं दिवसे असहू होति, विज्जेण वा भणितं अमुगं दिवसं कीरहिति, अथवा सयं चेव सो गंडरोगादीहिं तेहिं दिवसेहिं असहू भवतित्ति, सेसविभासा जथा गुरुम्मि, कारणा कुलगणसंघे आयरियगच्छे वा तथेव विभासा, पच्छा सो अणागतकाले काऊणं पच्छा सो जेमेज्जा पज्जोसवणातिसु, तस्स जा किर णिज्जरा पज्जोसवणादीहि तहेव सा अणागते काले भवति गतमनागतद्वारम् । अधुनाऽतिक्रान्तद्वारावयवार्थप्रतिपादनायाह —

पज्जोसवणाइ तवं जो खलु न करेइ कारणज्जाए ।
गुरुवेयावच्चेणं तवस्सिगेलन्नयाए वा ॥१५७०॥
सो दाइ तवोकम्मं पडिवज्जइ तं अइच्छिए काले ।
एयं पच्चक्खाणं अइकंतं होइ नायव्वं ॥१५७१॥
पट्ठवणओ अ दिवसो पच्चक्खाणस्स निट्ठवणओ अ ।
जहियं समिंति दुन्निवि तं भन्नइ कोडिसहियं तु ॥१५७२॥
मासे २ अ तवो अमुगो अमुगदिवसंमि एवइओ ।
हट्ठेण गिलाणेण व कायव्वो जाव ऊसासो ॥१५७३॥
एयं पच्चक्खाणं नियंटियं धीरपुरिसपन्नत्तं ।
जं गिण्हंतऽणगारा अणिस्सिअप्पा अपडिबद्धा ॥१५७४॥
चउदसपुव्वी जिणकप्पिएसु पढमंमि चेव संघयणे ।
एयं विच्छिन्नं खलु थेरावि तया करेसी य ॥१५७५॥

પછી ઉપવાસ ન જ કરનાર, પછી આ સાધુ તપસ્વી માટે ગોચરી–પાણી પણ લઈ આવે. તે માટે પર્યુષણામાં તપ ન થઈ શકે તેથી આ સાધુ અનાગત તપ કરે.)

ગ્લાનસંબંધી વિધિ જણાવે છે – પોતે જાણતો હોય કે પર્યુષણા વિગેરે દિવસોમાં ઉપવાસ વિગેરેની સહનશક્તિ નથી અથવા વૈદ્યે કહ્યું હોય કે અમુક દિવસે તમારે આ ઔષધી લેવાની. અથવા પોતે ગંડરોગ (= રોગવિશેષ) વિગેરેને કારણે તે દિવસોમાં અસહુ હશે. તો.... ગુરુની જેમ બધી વિધિ જાણી લેવી. (અર્થાત્ તેને કારણે અનાગતતપ કરે.) અથવા કુલ–ગણ–સંઘ–આચાર્ય કે ગચ્છસંબંધી કોઈ કાર્ય હોય તો પણ અનાગતકાળે જ તપ કરે અને પર્યુષણા વિગેરે દિવસોમાં વાપરીને તે–તે કાર્યો પૂર્ણ કરે. આ રીતે કરવાથી પર્યુષણા વિગેરેમાં તપ કરવાથી જે નિર્જરા મળે તે જ નિર્જરા અનાગતકાળે પણ પ્રાપ્ત થાય છે. અનાગતદ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા :** હવે અતિક્રાન્તદ્વારના વિસ્તારાર્થને પ્રતિપાદન કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

१०. जानाति यथा तत्र दिवसेऽसहिष्णुर्भवति, वैद्येन वा भणितं अमुष्मिन् दिवसे करिष्यते, अथवा स्वयमेव स गण्डरोगादिभिस्तेषु दिवसेषु असहिष्णुर्भावीति, शेषविभाषा यथा गुरौ, कारणात् कुलगणसङ्घेषु आचार्ये गच्छे वा तथैव विभाषा, पश्चात्सोऽनागतकाले कृत्वा पश्चात् स जेमेत् पर्युषणादिषु, तस्य वा किल निर्जरा पर्युषणादिभिस्तथैव साऽनागते काले भवति ।

पर्युषणायां तपो यः खलु न करोति कारणजाते सति, तदेव दर्शयति गुरुवैयावृत्त्येन तपस्विग्लानतया वेति गाथासमासार्थः ॥१५७०॥ स इदानीं तपःकर्म प्रतिपद्यते तदतिक्रान्ते काले एतत् प्रत्याख्यानं–एवंविधमतिक्रान्तकरणादतिक्रान्तं भवति ज्ञातव्यमिति गाथासमासार्थः ॥१५७१॥ [11]भावत्थो पुण पज्जोसवणाए एवं तेहिं चेव कारणेहिं न करेइ, गुरुतवस्सिगिलाणकारणेहिं सो अतिक्कंते करेति, तथेव विभासा । व्याख्यातमतिक्रान्तद्वारं, अधुना कोटीसहितद्वारं विवृण्वन्नाह– प्रस्थापकश्च–प्रारम्भकश्च दिवसः प्रत्याख्यानस्य निष्ठापकश्च–समाप्तिदिवसश्च यत्र–प्रत्याख्याने 'समिति' त्ति मिलतः द्वावपि पर्यन्तौ तद् भण्यते कोटीसहितमिति गाथासमासार्थः ॥१५७२॥ भावत्थो पुण जत्थ पच्चक्खाणस्स कोणो कोणो य मिलति, कथं ? – गोसे आवस्सए अभत्तट्ठो गहितो अहोरत्तं अच्छिऊण पच्छा पुणरवि अभत्तट्ठं करेति, बितियस्स पट्ठवणा पढमस्स निट्ठवणा, एते दोऽवि कोणा एगट्ठा मिलिता, अट्ठमादिसु दुहतो कोडिसहितं जो चरिमदिवसे तस्सवि एगा कोडी, एवं आयंबिलनिव्वीतियएगासण–एगट्ठाणगाणिवि, अथवा इमो अण्णो विही–अभत्तट्ठं

---

**ટીકાર્થ :** પર્યુષણામાં ગુરુવૈયાવચ્ચ, તપસ્વીની વૈયાવચ્ચ કે પોતે ગ્લાન પડે. તે રૂપ કારણ આવતા જે સાધુ તપ કરતો નથી ॥૧૫૭૦॥ તે સાધુ પર્યુષણા પૂર્ણ થયા બાદ અત્યારે તપ કરે છે તેનું તે પચ્ચક્ખાણ અતિક્રાન્ત કાળે કરેલું હોવાથી અતિક્રાન્તપ્રત્યાખ્યાન કહેવાય છે. ॥૧૫૭૧॥ **ભાવાર્થ :** પર્યુષણામાં તે જ ગુરુવૈયાવચ્ચ વિગેરે કારણોને કારણે તપ કરે નહીં ત્યારે તે પર્યુષણા પૂર્ણ થયા પછી તપ કરે છે. બાકી બધું વર્ણન અનાગત પ્રમાણે જાણવું. અતિક્રાન્તદ્વાર પૂર્ણ થયું.

હવે કોટીસહિતદ્વારનું વિવરણ કરતા કહે છે – પ્રત્યાખ્યાનનો પ્રારંભક દિવસ અને પ્રત્યાખ્યાનની સમાપ્તિનો દિવસ આ બંને જે પ્રત્યાખ્યાનમાં ભેગા થતાં હોય તે પ્રત્યાખ્યાન કોટીસહિત કહેવાય છે. ॥૧૫૭૨॥ ભાવાર્થ આ પ્રમાણે – જ્યાં પચ્ચક્ખાણના બે કોટી = અંત ભાગો મળે છે. કેવી રીતે ? પ્રથમ દિવસ સવારે પ્રતિક્રમણમાં ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. અહોરાત્ર પસાર કરીને બીજા દિવસે સવારે ફરીથી ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. તેમાં બીજા દિવસનો પ્રારંભ અને પ્રથમ દિવસનો અંતિમ છેડો આ બંને ખૂણા જ્યાં ભેગા થયા તે કોટીસહિત પ્રત્યાખ્યાન જાણવું. અટ્ઠમ વિગેરેમાં (અટ્ઠમ હોય ત્યારે) પ્રથમ બે દિવસની સમાપ્તિરૂપ બે કોટીઓ અને છેલ્લા = ત્રીજા દિવસનો પ્રારંભરૂપ એક કોટી (આ બધાનું જ્યાં મિલન થાય તે કોટીસહિત.) આ જ પ્રમાણે આયંબિલ, નીવિ, એકાસણ, એકલઠાણું વિગેરેમાં પણ જાણવું. અથવા આ બીજી વિધિ જાણવી – ઉપવાસ કર્યો અને

---

११. भावार्थः पुनः पर्युषणायां तपस्तैरेव कारणैर्न करोति, यो वा न समर्थ उपवासाय गुरुतपस्विग्लानकारणैः सोऽतिक्रान्ते करोति, तथैव विभाषा । भावार्थः पुनर्यत्र प्रत्याख्यानस्य कोणः कोणश्च मिलतः, कथं ?, प्रत्यूषे आवश्यकेऽभक्तार्थो गृहीतः अहोरात्रं स्थित्वा पश्चात् पुनरपि अभक्तार्थं करोति, द्वितीयस्य प्रस्थापना प्रथमस्य निष्ठापना, एतौ द्वावपि कोणौ एकत्र मिलितौ, अष्टमादिषु द्विधातः कोटीसहितं यश्चरमदिवसः (स) तस्याप्येका कोटी, एवमाचामाम्लनिर्विकृतिकैकासनैक-स्थानकान्यपि, अथवाऽयमन्यो विधिः- अभक्तार्थः

कतं[12] आयंबिलेण पारितं, पुणरवि अभत्तट्टं करेति आयंबिलं च, एवं एगासणगादीहिवि संजोगो कातव्वो, णिव्वीगादिसु सव्वेसु सरिसेसु विसरिसेसु य । गतं कोटिसहितद्वारं, इदानीं नियन्त्रितद्वारं न्यक्षेण निरूपयन्नाह—मासे २ च तपः अमुको अमुकदिवसे एतावत् षष्ठादि हृष्टेन—नीरुजेन ग्लानेन वा—अनीरुजेन कर्त्तव्यं यावदुच्छ्वासो यावदायुरिति गाथासमासार्थः ॥१५७३॥ एतत् प्रत्याख्यानमुक्तस्वरूपं नियन्त्रितं धीरपुरुषप्रज्ञप्तं—तीर्थकरगणधरप्ररूपितं यद् गृह्णन्ति—प्रतिपद्यन्ते अनगारा—साधवः 'अनिसृतात्मानः' अनिदाना अप्रतिबद्धाः क्षेत्रादिष्विति गाथासमासार्थः ॥१५७४॥ इदं चाधिकृतप्रत्याख्यानं न सर्वकालमेव क्रियते, किं तर्हि ?, चोद्दसगाहा—चतुर्दशपूर्विजिनकल्पिकेषु प्रथम एव वज्रऋषभनाराचसंहनने, एतद् व्यवछिन्नमेव, आह—तदा पुनः किं सर्व एव स्थविरादयः कृतवन्तः आहोश्विज्जिनकल्पिकादय एवेति ?, उच्यते, सर्व एव, तथा चाह—स्थविरा अपि 'तदा' चतुर्दशपूर्व्यादिकाले, अपिशब्दादन्ये च कृतवन्त इति गाथासमासार्थः ॥१५७५॥ भावत्थो पुण नियंटितं णाम णियमितं, जथा एत्थ कायव्वं, अथवा छिण्णं जथा एत्थ अवस्सं कायव्वंति,

બીજા દિવસે આયંબિલદ્વારા પારણું કર્યું. ત્રીજા દિવસે પાછો ઉપવાસ, તેના પછી પાછું આયંબિલ. આ પ્રમાણે એકાસણ વિગેરે સાથે પણ સંયોગ કરવો. (અર્થાત્ ઉપવાસ—એકાસણ—ઉપવાસ—એકાસણ, એ જ પ્રમાણે ઉપવાસ—નીવિ—ઉપવાસ—નીવિ વિગેરે સંયોગો કરવા.) નીવિ વિગેરે બધામાં સરખા અને જુદા બંને પ્રકારના સંયોગો કરવા (અર્થાત્ પ્રથમદિવસે નીવિ. એ જ પ્રમાણે બીજા વિગેરે દિવસોમાં પણ નીવિ. આ સદૃશ સંયોગ થયો. વિસદૃશમાં — નીવિ—એકાસણ—નીવિ—એકાસણ વિગેરે.) કોટીસહિતદ્વાર પૂર્ણ થયું.

હવે નિયંત્રિતદ્વારને વિસ્તારથી નિરૂપણ કરતાં કહે છે – નિરોગી હોઉં કે ગ્લાન હોઉં યાવજ્જીવ સુધી દર મહિને મારે છઠ્ઠ વિગેરે આટલો તપ અમુક દિવસે કરવાનો જ. ॥૧૫૭૩॥ આવા પ્રકારનું પ્રત્યાખ્યાન નિયંત્રિતપ્રત્યાખ્યાન છે એમ ધીરપુરુષોએ = તીર્થંકર—ગણધરોએ કહ્યું છે. આ નિયંત્રિતપ્રત્યાખ્યાન કે જેને નિદાન (= આશંસા) વિનાના, ક્ષેત્ર વિગેરેમાં અપ્રતિબદ્ધ = રાગ—દ્વેષ વિનાના એવા સાધુઓ ગ્રહણ કરે છે. ॥૧૫૭૪॥ આ નિયંત્રિતપ્રત્યાખ્યાન કાયમ માટે થતું નથી. તો ક્યારે થાય છે ? – આ પ્રત્યાખ્યાન ચૌદપૂર્વીઓ, જિનકલ્પિકો અને પ્રથમ વજ્રઋષભનારાચ-સંઘયણવાળા સાધુઓ કરતા હતા. અત્યારે આ પ્રત્યાખ્યાન નાશ પામ્યું છે.

શંકા : તે સમયે પણ શું સ્થવિર વિગેરે બધાઓએ આ પ્રત્યાખ્યાન આચર્યું હતું કે જિનકલ્પિક વિગેરેઓએ આ આચર્યું હતું ?

સમાધાન : બધાએ આ પ્રત્યાખ્યાન આચર્યું હતું. આ જ વાત ગ્રંથકારશ્રી કરે છે કે – ત્યારે એટલે કે ચૌદપૂર્વી વિગેરેના કાળમાં સ્થવિરોએ પણ, અને 'अपि' શબ્દથી બીજાઓએ આ પ્રત્યાખ્યાન આચર્યું હતું. ॥૧૫૭૫॥ ભાવાર્થ : નિયંત્રિત એટલે નિયમ સાથેનું પ્રત્યાખ્યાન. જેમ કે, મારે

१२. कृत आचामाम्लेन पारयति, पुनरप्यभक्तार्थं करोति आचामाम्लं च, एवं एकासनादिभिरपि संयोगः कर्त्तव्यः, निर्विकृत्यादिषु सर्वेषु सदृशेषु विसदृशेषु च । भावार्थः पुनर्नियन्त्रितं नाम नियमितं यथाऽत्र कर्त्तव्यं, अथवा छिन्नं यथाऽत्रावश्यं कर्त्तव्यमिति,

मासे २ अमुगेहिं २ दिवसेहिं चतुत्थादि अट्ठमादि एवतिओ छट्ठेण अट्ठमेण वा, हट्ठो ताव करेति चेव, जदावि गिलाणो हवति तदावि करेति चेव, णवरि ऊसासधरो, एतं च पच्चक्खाणं पढमसंघतणी अपडिबद्धा अणिस्सिता इह य परत्थ य, अथवा ण मम असमत्थस्स अण्णो काहिति त्ति, एवं सरीरए अप्पडिबद्धा अणिस्सिता कुव्वंति, एयं पुण चोद्दसपुव्वीसु पढमसंघतणेण जिणकप्पेण य समं वोच्छिण्णं, जम्हि पुण काले आयरिज्जंतं थेरा तदा करेंता आसित्ति, व्याख्यातं नियन्त्रितद्वारम् ।

साम्प्रतं साकारद्वारं व्याचिख्यासुराह —

मयहरगागारेहिं अन्नत्थ व कारणंमि जायंमि ।
जो भत्तपरिच्चायं करेइ सागारकडमेयं ॥१५७६॥

अयं च महानयं च महानयं अनयोरतिशयेन महान् महत्तरः, आक्रियत इत्याकारः,

નિયમથી તપ કરવો. એવા પ્રકારના નિયમ સાથે જે તપ કરે છે તે તપ નિયંત્રિત કહેવાય છે. અથવા છિન્ન એટલે કે વિશેષ[ii]પ્રકારનું પ્રત્યાખ્યાન પહેલેથી જ ગ્રહણ કરે જેમ કે – દર મહિને અમુક–અમુક દિવસે ઉપવાસ વિગેરે કે અઠ્ઠમ વિગેરે છઠ્ઠથી કે અઠ્ઠમથી અવશ્ય મારે કરવો. નિરોગી હોઉં ત્યારે તો કરવાનો જ છે. પરંતુ જો ગ્લાન અવસ્થા આવે તો પણ અવશ્ય કરવાનો જ. આ નિયમ જ્યાં સુધી ઉચ્છ્વાસને ધારણ કરું ત્યાં સુધીનો જાણવો. (આ પ્રમાણે વિશેષપ્રકારનો નિયમ લઇને જે પ્રત્યાખ્યાન થાય તે નિયંત્રિતપ્રત્યાખ્યાન જાણવું. [ii]પ્રથમ વિકલ્પમાં કોઇ ચોક્કસ સમય નક્કી કર્યા વિના સામાન્યથી મારે તપ કરવો એમ માસ–દિવસ–તપ વિગેરે નક્કી કર્યા વિના અભિગ્રહ ધારણ કરે. બીજા વિકલ્પમાં ચોક્કસ દિવસ, ચોક્કસ તપ નક્કી કરીને અભિગ્રહ ધારણ કરે. એટલો ફરક જાણવો.) આ પ્રત્યાખ્યાન પ્રથમસંઘયણી, અપ્રતિબદ્ધ, આલોક અને પરલોકમાં નિદાન વિનાના સાધુઓ કરે છે અથવા 'ભવિષ્યમાં અસમર્થ બનીશ ત્યારે કોઇ બીજો આ સંસારમાં સહાય કરનાર નહીં હોય' (તેથી અત્યારે જ ધર્મ કરી લઉં) એમ વિચારી પોતાના શરીરને વિશે અપ્રતિબદ્ધ અને નિયાણા વિનાના સાધુઓ કરે છે. આ પ્રત્યાખ્યાન ચૌદપૂર્વીઓ, પ્રથમસંઘયણ અને જિનકલ્પિકોની સાથે નાશ પામ્યું. જે કાળે આ પ્રત્યાખ્યાન લેવાતું હતું તે કાળે સ્થવિરો પણ તે પચ્ચક્ખાણ કરતા હતા. નિયંત્રિતદ્વારનું વ્યાખ્યાન કર્યું.

**અવતરણિકા :** હવે સાગારદ્વારનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➾

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ મહાન છે, અને આ પણ મહાન છે. આ આ બંનેમાં વધારે મહાન છે, એટલે

१३. मासे २ अमुष्मिन् २ दिवसे चतुर्थादि अष्टमादि एतावत्, षष्ठेनाष्टमेन वा, हृष्टस्तावत् करोत्येव, यदाऽपि ग्लानो भवति तदापि करोत्येव, परं उच्छ्वासधरः, एतच्च प्रत्याख्यानं प्रथमसंहननिनोऽप्रतिबद्धा अनिश्रिताः, अत्र चामुत्र च, अथवा न ममासमर्थस्यान्यः करिष्यतीत्येवं शरीरेऽप्रतिबद्धा अनिश्रिताः कुर्वन्ति, एतत् पुनश्चतुर्दशपूर्विभिः प्रथमसंहननेन जिनकल्पेन च समं व्यवच्छिन्नं, यस्मिन् पुनः काले आचर्यन्तं स्थविरास्तदा कुर्वन्त आसन् ।

**प्रभूतैवंविधाकारसत्ताख्यापनार्थं बहुवचनमतो महत्तराकारैर्हेतुभूतैरन्यत्र वा—अन्यस्मिश्चानाभोगादौ कारणजाते सति भुजिक्रियां करिष्येऽहमित्येवं यो भक्तपरित्यागं करोति सागारकृतमेतदिति गाथार्थः ॥१५७६॥ [१४]अवयवत्थो पुण सह आगारेहिं सागारं, आगारा उवरिं सुत्ताणुगमे भण्णिहिंति, तत्थ महत्तरागारेहिं—महल्लपयोयणेहिं, तेण अभत्तट्ठो पच्चक्खातो ताहे आयरिएहिं भण्णति—अमुगं गामं गंतव्वं, तेण निवेइयं जथा मम अज्ज अब्भत्तट्ठो, जति ताव समत्थो करेतु जातु य, ण तरति अण्णो भत्तट्ठितो अभत्तट्ठिओ वा जो तरति सो वच्चतु, णत्थि अण्णो तस्स वा कज्जस्स असमत्थो ताधे तस्स चेव अभत्तट्ठियस्स गुरू विसज्जितस्स एरिसस्स तं जेमंतस्स अणभिलासस्स अभत्तट्ठितणिज्जरा जा सा से भवति गुरुणिओएण, एवं उस्सूरलंभेवि विणस्सति अच्छंतं, विभासा, जति थोवं ताधे जे णमोक्कारइत्ता पोरुसिइत्ता वा तेसिं विसज्जिज्जति जे वा पारणइत्ता**

કે મહત્તર છે. (મહત્તરશબ્દની આ માત્ર વ્યુત્પત્તિ જ છે.) જે ગ્રહણ કરાય તે આગાર (= પ્રત્યાખ્યાનના અપવાદના કારણો.) આવા પ્રકારના આગારો ઘણા બધા વિદ્યમાન છે એવું જણાવવા માટે બહુવચન કરેલ છે. કારણભૂત એવા આ મહત્તર આગારો અને બીજા અનાભોગ વિગેરે કારણો ઉત્પન્ન થાય તો હું ભોજન કરી પણ લઉં, (બાકી કરીશ નહીં) એ પ્રમાણે જે ભોજનનો ત્યાગ કરે છે તેનું તે પચ્ચક્ખાણ સાગારકૃત પચ્ચક્ખાણ કહેવાય છે. **॥૧૫૭૯॥**

વિસ્તારાર્થ – આગારો સહિતનું જે પ્રત્યાખ્યાન તે સાગારપ્રત્યાખ્યાન. સૂત્રાનુગમના અવસરે આગારો જણાવવામાં આવશે. તેમાં મહત્તરઆગારોને = મોટા પ્રયોજનોને કારણે, જેમ કે, સાધુએ ઉપવાસનું પ્રત્યાખ્યાન કર્યું. તેવામાં આચાર્યે કહ્યું – "તારે અમુક ગામમાં જવાનું છે." સાધુએ નિવેદન કર્યું કે – "આજે મારે ઉપવાસ છે." તે સમયે જો તે સાધુ ઉપવાસ સાથે જવા સમર્થ હોય તો ઉપવાસ કરે અને અન્ય ગામે જાય. હવે જો આ સાધુ સમર્થ નથી તો ગચ્છમાં જે બીજો સાધુ વાપરનારો હોય કે ઉપવાસી હોય જે સમર્થ હોય તે જાય. બીજો કોઇ સાધુ નથી અથવા છે પણ તે કાર્ય માટે સમર્થ નથી. ત્યારે તે ઉપવાસીને જ ગુરુ મોકલે. આ રીતે ગુરુની આજ્ઞાથી ભોજનની ઇચ્છા ન હોવા છતાં ભોજન કરીને જનારા તે સાધુને ઉપવાસ જેટલી નિર્જરા પ્રાપ્ત થાય છે.

આ જ પ્રમાણે વહેલી સવારે કોઇ દ્રવ્ય પ્રાપ્ત થયું છે પણ પચ્ચક્ખાણ આવે ત્યાં સુધીમાં તે બગડી જાય એવું હોય તો જો તે થોડું હોય તો જેઓ નવકારશી કે પોરિસીવાળા હોય તેઓને આપે અથવા કોઇ મોટા તપવિશેષનું પારણુ કરનારાને કે અસહુને આપે. છતાં જો કોઇ ન હોય તો

**१४. अवयवार्थः पुनः सहाकारैः साकारं, आकारा उपरि सूत्रानुगमे भणिष्यन्ते, तत्र महत्तराकारैः-महत्प्रयोजनैः, तेनाभक्तार्थः प्रत्याख्यातः तदाऽऽचार्यैर्भण्यते-अमुकं ग्रामं गन्तव्यं, तेन निवेदितं यथा ममाद्याभक्तार्थः, यदि तावत्समर्थः करोतु यातु च, न शक्नोति अन्यो भक्तार्थोऽभक्तार्थो वा यः शक्नोति स व्रजतु, नास्त्यन्यस्तस्य वा कार्यस्य ऽसमर्थः तदा तमेवाभक्तार्थिकं गुरवो विसर्जितस्य ईदृशस्य तं जेमतोऽनभिलाषस्याभक्तार्थनिर्जरा या सा तस्य भवति गुरुनियोगेन, एवमुत्सूरलाभेऽपि विनङ्क्ष्यति तिष्ठन्तं विभाषा, यदि स्तोकं तदा ये नमस्कारसहितकाः पौरुषीया वा तेषां विसर्जयेत् ये वा पारणवन्तो**

[15]जे वा असहू विभासा, एवं गिलाणकज्जेसु अण्णतरे वा कारणे कुलगणसंघकज्जादिविभासा, एवं जो भत्तपरिच्चागं करेति सागारकडमेतंति । गतं साकारद्वारं, इदानीं निराकारद्वारं व्याचिख्यासुराह —

निज्जायकारणंमी मयहरगा नो करंति आगारं ।
कंतारवित्तिदुब्भिक्खयाइ एयं निरागारं ॥१५७७॥

निश्चयेन यातं–अपगतं कारणं–प्रयोजनं यस्मिन्नसौ निर्यातकारणस्तस्मिन् साधौ महत्तरा:–प्रयोजनविशेषास्तत्फलाभावात् 'न कुर्वन्त्याकारं' न कुर्वन्त्याकारकार्यमित्यर्थ:, क्व ?–कान्तारवृत्तौ दुर्भिक्षतायां च–दुर्भिक्षभावे चेति भाव:, अत्र यत् क्रियते तदेवंभूतं प्रत्याख्यानं निराकारमिति गाथासमासार्थ: ॥१५७७॥ भावत्थो पुण णिज्जातकारणस्स तस्स जधा णत्थि एत्थ किंचिवि वित्ति ताहे महत्तरगादि आगारे ण करेति, अणाभोगसहसक्कारे करेज्ज, किं निमित्तं ?, कट्ठं वा अंगुलिं वा मुधे छुहेज्ज अणाभोगेणं सहसा वा, तेण दो आगारा कज्जंति, तं कहिं होज्जा ?,

પચ્ચક્ખાણ પહેલાં પણ તેવા દ્રવ્યને વાપરનારને નિર્જરા પ્રાપ્ત થાય છે. આ જ પ્રમાણે ગ્લાનના કાર્યોમાં કે કુલ, ગણ, સંઘના કાર્યો વિગેરેમાં પણ સમજી લેવું. આ પ્રમાણે = આગારો સહિત જે ભોજનનો ત્યાગ કરે છે તેનું તે પચ્ચક્ખાણ સાગારકૃત પચ્ચક્ખાણ જાણવું. સાગારદ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા :** હવે નિરાગારદ્વારનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** નિશ્ચયથી જેમાં કારણ નીકળી ગયું છે તે નિર્યાતકારણ (અર્થાત્ પચ્ચક્ખાણના અપવાદો સેવવા પડે એવા કારણો જેની માટે રહ્યાં નથી તેવો) સાધુ થાય ત્યારે મહત્તર એટલે કે પ્રયોજનવિશેષો પોતાના ફળનો અભાવ થવાથી આગારના કાર્યને કરતા નથી. (અર્થાત્ કોઇ પ્રયોજન રહે નહીં ત્યારે તે મહત્તરાગારો અપવાદનું કારણ બનતા નથી.) આવુ ક્યાં સંભવે ? તે કહે છે – જંગલમાં કે જ્યાં વૃત્તિ = પોતાના પ્રાણો ટકી શકે એવી ભિક્ષા મળતી નથી ત્યાં અને દુર્ભિક્ષકાળમાં. (ટૂંકમાં જ્યાં ભિક્ષા મળે એવી જ નથી તેવા જંગલમાં કે દુર્ભિક્ષકાળમાં પચ્ચક્ખાણના આગારો આગાર તરીકેનું કાર્ય કરતા નથી. આવા સમયે) જે પ્રત્યાખ્યાન કરાય છે તે નિરાગારપ્રત્યાખ્યાન કહેવાય છે. ॥૧૫૭૭॥

**ભાવાર્થ :** નીકળી ગયેલા કારણવાળા એવા સાધુને જંગલાદિમાં કોઇ પણ રીતે ભિક્ષા પ્રાપ્ત ન થવાની હોય ત્યારે સાધુ મહત્તરાદિ આગારોને કરતો નથી. (અર્થાત્ તે જે પચ્ચક્ખાણ લે છે તેમાં મહત્તરાદિ આગારો ગ્રહણ કરતો નથી.) અનાભોગ અને સહસાત્કાર આ બે આગારો ગ્રહણ કરે છે. શા માટે ? તે કહે છે – કદાચ કોઇ લાકડું કે આંગળી મોંમાં અનાભોગથી કે સહસા જતી રહે

१५. ये वाऽसहिष्णव: विभाषा:, एवं ग्लानकार्येषु अन्यतरस्मिन् वा कार्ये कुलगणसंघकार्यादिविभाषा, एवं यो भक्तपरित्यागं करोति साकारकृतमेतत् । भावार्थ: पुनर्निर्यातकारणस्य तस्य यथा नास्ति अत्र काचिद्वृत्ति: तदा महत्तरादीनाकारान् न करोति, अनाभोग सहसाकारौ कुर्यात्, किंनिमित्तं ?, काष्ठं वाऽङ्गुलिं वा मुखे क्षिपेत् अनाभोगेन सहसा वा, तेन द्वावाकारौ क्रियेते, तत् क्व भवेत् ?,

[16]कंतारे जथा सिणपल्लिमादीसु, कंतारेसु वित्ती ण लहति, पडिणीएण वा पडिसिद्धं होज्जा, दुब्भिक्खं वा वट्टइ हिंडंतस्सवि ण लब्भति, अथवा जाणति जथा ण जीवामित्ति ताधे णिरागारं पच्चक्खाति, व्याख्यातमनाकारद्वारम् ।

साम्प्रतं कृतपरिमाणद्वारमधिकृत्याह —

**दत्तीहि उ कवलेहि व घरेहिं भिक्खाहिं अहव दव्वेहिं ।**
**जो भत्तपरिच्चायं करेइ परिमाणकडमेयं ॥१५७८॥**

दत्तिभिर्वा कवलैर्वा गृहैर्भिक्षाभिरथवा द्रव्यैः–ओदनादिभिराहारायमितमानैर्यो भक्तपरित्यागं करोति 'परिमाणकडमेतं'ति कृतपरिमाणमेतदिति गाथासमासार्थः ॥१५७८॥ अवयवत्थो पुण दत्तीहिं अज्ज मए एगा दत्ती दो वा ३-४-५ दत्ती, किं वा दत्तीए परिमाणं ?, छब्बगंपि जति एक्कसिं छुब्भति एगा दत्ती, डोवलियंपि जतियाओ वाराओ पप्फोडेति तावतियाओ ताओ दत्तीओ, एवं कवले एक्केण २ जाव बत्तीसं दोहि ऊणिया कवलेहिं, घरेहिं एगादिएहिं २ ३ ४,

ત્યારે પચ્ચક્ખાણનો ભંગ ન થાય તે માટે આ બે આગારો ગ્રહણ કરે છે. આવું નિરાગાર પ્રત્યાખ્યાન ક્યાં સંભવે ? – જંગલમાં. જેમ કે, ભિલોની પલ્લી વિગેરેવાળા જંગલમાં ભિક્ષા મળે નહીં અથવા સાધુઓના શત્રુએ ભિક્ષા આપવાનો નિષેધ કર્યો હોય, અથવા દુર્ભિક્ષવાળું ક્ષેત્ર હોય કે જ્યાં ગોચરી માટે ઘણું ફરવા છતાં ભિક્ષા પ્રાપ્ત થાય નહીં. અથવા પોતે જાણે કે હવે હું જીવીશ નહીં. ત્યારે નિરાગાર પ્રત્યાખ્યાન ગ્રહણ કરે છે. અનાગારદ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા :** હવે કૃતપરિમાણદ્વારને આશ્રયીને કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આહાર માટે આટલી દત્તીઓ, આટલા કવલો, આટલા ઘરો, આટલી ભિક્ષાઓ કે ભાત વિ. આટલા દ્રવ્યો સિવાય ભોજનનો પરિત્યાગ જે કરે છે તેનું તે પ્રત્યાખ્યાન કૃતપરિમાણ જાણવું. **॥૧૫૭૮॥ ભાવાર્થ :** આજે મારે એક દત્તી અથવા બે દત્તી કે ૩, ૪, કે ૫ દત્તી ગ્રહણ કરવી. (આવા પ્રકારના પ્રમાણથી કરેલું પ્રત્યાખ્યાન કૃતપરિણામ કહેવાય છે.) અથવા દત્તીનું પરિમાણ કેટલું જાણવું ? તે કહે છે – છબ્બક (પાત્રવિશેષ)વડે પણ જો એકવાર વહોરાવે તો તે એક દત્તી કહેવાય. એ જ પ્રમાણે ચમચાથી પણ જેટલીવાર વહોરાવે તેટલી દત્તીઓ થાય છે. આ જ પ્રમાણે કવલોમાં પ્રમાણ આ પ્રમાણે જાણવું કે એક કોળિયા જેટલું વાપરીશ, બે કોળિયા જેટલું વાપરીશ એમ કરતાં–કરતાં છેલ્લે બે ન્યૂન એવા બત્રીસ કવલો જેટલું વાપરીશ. એ જ પ્રમાણે એક ઘર, બે ઘર, ત્રણ, ચાર કે પાંચ વિગેરે ઘરો (માંથી જેટલું મળે તેટલું વાપરીશ.) અથવા ભિક્ષામાં

१६. कान्तारे यथा शणपल्ल्यादिषु, कान्तारेषु वृत्तिं न लभते, प्रत्यनीकेन वा प्रतिषिद्धं भवेत्, दुर्भिक्षं वा वर्त्तते हिंडमानेनापि न लभ्यते, अथवा जानाति यथा न जीविष्यामीति तदा निराकारं प्रत्याख्याति । अवयवार्थः पुनर्दत्तिभिः अद्य मया एका दत्तिर्द्वे वा ३ ४ ५ दत्तयः, किं वा दत्तेः परिमाणं ?, छब्बकमपि यदि एकशः क्षिपति एका दत्तिः, दर्वीमपि यावतो वारान् प्रस्फोटयति तावत्यस्ता दत्तयः, एवं कवले एकेन यावत् द्वात्रिंशता द्वाभ्यामूना कवलाभ्यां, गृहैरेकादिभिः २ ३ ४,

भिँक्खाओ एगादियाओ २ ३ ४, दव्वं अमुगं ओदणे खज्जगविही वा आयंबिलं वा अमुगं वा कुसणं एवमादिविभासा, गतं कृतपरिणामद्वारं ।

अधुना निरवशेषद्वारावयवार्थं अभिधातुकाम आह —

सव्वं असणं सव्वं पाणगं सव्वखज्जभुज्जविहं ।
वोसिरइ सव्वभावेण एयं भणियं निरवसेसं ॥१५७९॥

सर्वमशनं सर्वं च पानकं सर्वखाद्यभोज्यविधिं–खाद्यप्रकारं भोज्यप्रकारं च व्युत्सृजति–परित्यजति सर्वभावेन–सर्वप्रकारेण भणितमेतन्निरवशेषं तीर्थकरगणधरैरिति गाथासमासार्थः ॥१५७९॥ वित्थरत्थो पुण जो असणस्स सत्तरसविधस्स वोसिरति पाणगस्स अणेगविधस्स खंडपाणमादियस्स खाइमं अणेगविधं फलमादि सादिमं अणेगविधं मधुमादि एतं सव्वं जाव वोसिरति एतं णिरवसेसं, गतं निरवशेषद्वारम् ।

इदानीं सङ्केतद्वारविस्तरार्थप्रतिपादनायाह —

अंगुट्ठमुट्ठिगंठीघरसेउस्सासथिवुगजोइक्खे ।
भणियं सकेयमेयं धीरेहिं अणंतनाणीहिं ॥१५८०॥

अङ्गुष्ठश्च मुष्टिश्चेत्यादिद्वन्द्वः अङ्गुष्ठमुष्टिग्रन्थिगृहस्वेदोच्छ्वासस्तिबुकज्योतिष्कास्तान् चिह्नं कृत्वा

---

સંસૃષ્ટ વિગેરેમાંથી એક, બે વિગેરે. દ્રવ્યમાં અમુક દ્રવ્યો જેમ કે, ભાત અથવા જુદા–જુદા પ્રકારના ખાદ્યવિશેષો અથવા આયંબિલ અથવા અમુક ગોરસ આવા પ્રકારના જુદા–જુદા દ્રવ્યોમાંથી અમુક દ્રવ્યો વાપરીશ. (આવા પ્રકારના અમુક ચોક્કસ પરિમાણને આશ્રયીને કરેલું પ્રત્યાખ્યાન કૃતપરિમાણ કહેવાય છે.) કૃતપરિમાણદ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા** : હવે નિરવશેષદ્વારને વિસ્તારથી કહેવાની ઇચ્છાવાળા કહે છે ➩

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : સર્વપ્રકારના અશનો, સર્વપ્રકારના પાણી, સર્વપ્રકારના ખાદ્ય (= ખાદિમ) અને સર્વપ્રકારના ભોજ્ય (= સ્વાદિમ) જે પ્રત્યાખ્યાનમાં સર્વ પ્રકારે છોડાય છે. તે પ્રત્યાખ્યાનને તીર્થંકર–ગણધરો નિરવશેષ કહે છે. ॥૧૫૭૯॥ **વિસ્તારાર્થ** : જે સાધુ સત્તરપ્રકારના (શાલિ વિગેરે ધાન્યમાંથી બનેલા) અશન, ખાંડનું પાણી વિગેરે અનેકપ્રકારના પાણી, ફળ વિગેરે અનેકપ્રકારના ખાદિમ અને મધ વિગેરે અનેકપ્રકારના સ્વાદિમ આ બધાનો ત્યાગ કરે છે તેનું તે પ્રત્યાખ્યાન નિરવશેષ જાણવું. નિરવશેષદ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા** : હવે સંકેતદ્વારના વિસ્તારાર્થને પ્રતિપાદન કરવા માટે કહે છે ➩

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : અંગુઠો, મુઠ્ઠી, ગાંઠ, ઘર, પરસેવો, ઉચ્છ્વાસ, પાણીના પરપોટા, દીપકની જ્યોતિ,

---

१७. भिक्षा एकादिकाः २, ३, ४, द्रव्यममुकमोदनः खाद्यकविधिर्वा आचामाम्लं वा अमुकं वा द्विदलं एवमादि विभाषा । विस्तारार्थः पुनर्योऽशनस्य सप्तदशविधस्य व्युत्सृजति पानकस्यानेकविधस्य खण्डपानमादेः खादिममनेकविधं फलादि स्वादिममनेकविधं मध्वादि एतत् सर्वं यावद्व्युत्सृजति एतत् निरवशेषं ।

यत् क्रियते प्रत्याख्यानं तत् भणितम्—उक्तं सङ्केतमेतत्, कैः ?—धीरैः—अनन्तज्ञानिभिरिति गाथासमासार्थः ॥१५८०॥ [18]अवयवत्थो पुण केतं नाम चिंधं, सह केतेन सङ्केतं, सचिह्नमित्यर्थः, 'सो साधू सावगो वा पुण्णेवि पच्चक्खाणे किंचि चिन्धं अभिगिण्हति, जाव एवं तावाहं ण जिमेमिति, ताणिमाणि चिन्धानि, अंगुट्ठमुट्ठिगंठिघरसेतऊसासथिबुगदीवगाणि, तत्थ ताव सावगो पोरुसीं पच्चक्खाइतो ताहे छेत्तं गतो, घरे वा ठितो ण ताव जेमेति, ताहे ण किर वट्टति अपच्चक्खाणस्स अच्छितुं, तदा अंगुट्ठचिंधं करेति, जाव ण मुयामि ताव न जेमेमित्ति, जाव वा मुट्ठिं ण मुयामि जाव वा गंठिं ण मुयामि, जाव घरं ण पविसामि, जाव सेओ ण णस्सति जाव वा एवतिया उस्सासा पाणियमंचिताए वा जाव एत्तिया थिबुगा उस्साबिंदूथिबुगा वा, जाव एस दीवगो जलति ताव अहं ण भुंजामित्ति, न केवलं भत्ते अण्णेसुवि अभिग्गहविसेसेसु संकेतं भवति, एवं ताव सावयस्स, साधुस्सवि पुण्णे पच्चक्खाणे किं अपच्चक्खाणी अच्छउ ? तम्हा

આ બધાને ચિહ્ન કરીને જે પ્રત્યાખ્યાન કરાય છે. અનંતજ્ઞાનીઓ તે પ્રત્યાખ્યાનને સંકેતપ્રત્યાખ્યાન કહે છે. ॥**૧૫૮૦**॥ **વિસ્તારાર્થ :** કેત એટલે ચિહ્ન. ચિહ્ન સાથેનું જે છે તે સંકેત. સાધુ કે શ્રાવક પ્રત્યાખ્યાન પૂર્ણ થવા છતાં પણ કોઈ ચિહ્નનો અભિગ્રહ કરે છે કે જ્યાં સુધી આ પ્રમાણે છે ત્યાં સુધી હું જમીશ નહીં. તે ચિહ્નો આ પ્રમાણેના છે – અંગુઠો, મુઠ્ઠિ, ગાંઠ, ઘર, પરસેવો, ઉચ્છ્વાસ, પાણીના ટીપાં, દીપક.

કોઈ એક શ્રાવક પોરિસીનું પ્રત્યાખ્યાન કરીને ખેતરે ગયો અથવા ઘરે રહ્યો. પોરિસીના પચ્ચક્ખાણનો સમય થયો છતાં તે જમતો નથી. તે સમયે શ્રાવકને જ્યાં સુધી જમે નહીં ત્યાં સુધી પચ્ચક્ખાણ વિના રહેવું જોઈએ નહીં. તેથી તે શ્રાવક અંગુઠાનું ચિહ્ન કરે છે એટલે કે જ્યાં સુધી અંગુઠાને વાળું નહીં ત્યાં સુધી જમીશ નહીં, અથવા જ્યાં સુધી મુઠ્ઠિને વાળું નહીં કે ગાંઠને ખોલું નહીં, કે ઘરમાં પ્રવેશું નહીં, અથવા જ્યાં સુધી પરસેવો સૂકાય નહીં, અથવા જ્યાં સુધી આટલા ઉચ્છ્વાસ ન થાય અથવા પાણીના આ ભાજનમાં રહેલા પાણીના ટીપાં કે ઝાકળના ટીપાં જ્યાં સુધી સૂકાય નહીં, અથવા જ્યાં સુધી આ દીપક બળે છે ત્યાં સુધી હું જમીશ નહીં. માત્ર ભોજનમાં જ નહીં પણ બીજા અભિગ્રહવિશેષોમાં પણ સંકેત થાય છે. આ શ્રાવકનું કહ્યું. સાધુએ પણ પચ્ચક્ખાણ પૂર્ણ થયા બાદ શા માટે પચ્ચક્ખાણ વિના રહેવું ? (અર્થાત્ ન રહેવું જોઈએ.) તેથી સાધુએ પણ આ

१८. अवयवार्थः पुनः केतं नाम चिह्नं स साधुः श्रावको वा पूर्णेऽपि प्रत्याख्याने किञ्चिच्चिह्नं अभिगृह्णाति यावदेवं तावदहं न जेमामीति, तानीमानि चिह्नानि अङ्गुष्ठः मुष्टिर्ग्रन्थिर्गृहं स्वेदबिन्दुरुच्छ्वासाः स्तिबुको दीपः, तत्र तावत् श्रावकः पौरुषीं प्रत्याख्यानवान् तदा क्षेत्रं गतः गृहं वा स्थितः न तावत् जेमति, तदा किल न वर्त्ततेऽप्रत्याख्यानेन स्थातुं, तदा अङ्गुष्ठचिह्नं करोति यावन्न मुञ्चामि तावन्न जेमामि यावद्वा मुष्टिं न मुञ्चामि यावद्वा ग्रन्थिं न मुञ्चामि यावद्वा गृहं न प्रविशामि यावद्वा स्वेदो न नश्यति यावद्वा एतावन्त उच्छ्वासाः पानीयमञ्चिकायां वा यावदेतावन्तः स्तिबुका अवश्यायबिन्दवो वा यावदेष दीपको ज्वलति तावदहं न भुञ्जे, न केवलं भक्तेऽन्येष्वपि अभिग्रहविशेषेषु संकेतं भवति, एवं तावत् श्रावकस्य, साधोरपि पूर्णे प्रत्याख्याने किमप्रत्याख्यानी तिष्ठतु ? तस्मात्

तेणँवि कातव्वं सङ्केतमिति, व्याख्यातं सङ्केतद्वारम् ।

साम्प्रतमद्धाद्वारप्रतिपिपादयिषयाह —

अद्धा पच्चक्खाणं जं तं कालप्पमाणछेएणं ।
पुरिमड्ढपोरिसीए मुहुत्तमासद्धमासेहिं ॥१५८१॥

व्याख्या–अद्धा–काले प्रत्याख्यानं यत् कालप्रमाणच्छेदेन भवति, पुरिमार्द्धपौरुषीभ्यां मुहूर्त्तमासार्द्धमासैरिति गाथासङ्क्षेपार्थः ॥१५८१॥ अवयवत्थो पुण अद्धा णाम कालो कालो जस्स परिमाणं तं कालेणावबद्धं कालपच्चक्खाणं, तंजथा–णमोक्कार पोरिसि पुरिमड्ढएकासणग अद्धमासमासं, चशब्देन दोण्णि दिवसा तिण्णि दिवसा मासा वा जाव छम्मासित्ति पच्चक्खाणं, एतं अद्धापच्चक्खाणं । गतमद्धाप्रत्याख्यनं, इदानीं उपसंहरन्नाह — [ ग्रं० २१५०० ]

भणियं दसविहमेयं पच्चक्खाणं गुरूवएसेणं ।
कयपच्चक्खाणविहिं एत्तो वोच्छं समासेणं ॥१५८२॥
आह जह जीवघाए पच्चक्खाए न कारए अन्नं ।
भंगभयाऽसणदाणे धुव कारवणंति नणु दोसो ॥१५८३॥
नो कयपच्चक्खाणो, आयरियाईण दिज्ज असणाई ।
न य विरईपालणाओ वेयावच्चं पहाणयरं ॥१५८४॥
नो तिविहंतिविहेणं पच्चक्खइ अन्नदाणकारवणं ।
सुद्धस्स तओ मुणिणो न होइ तब्भंगहेउत्ति ॥१५८५॥
सयमेवणुपालणियं दाणुवएसो य नेह पडिसिद्धो ।
ता दिज्ज उवइसिज्ज व जहा समाहीइ अन्नेसिं ॥१५८६॥

પ્રમાણેના સંકેતપ્રત્યાખ્યાન કરવા જોઈએ. સંકેતદ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા :** હવે અદ્ધાદ્વારનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અદ્ધા એટલે કાળ. જે પ્રત્યાખ્યાન કાળના પ્રમાણના ભાગથી એટલે કે પુરિમઢ, પોરિસી, મુહૂર્ત્ત, અર્ધમાસ, માસને આશ્રયીને થાય છે તે પ્રત્યાખ્યાન અદ્ધાપ્રત્યાખ્યાન કહેવાય છે. **॥૧૫૮૧॥ વિસ્તારાર્થ :** અદ્ધા એટલે કાળ. જેનું માન કાળ છે તે કાળથી યુક્ત (હોવાથી) કાળપચ્ચક્ખાણ જાણવું. તે પચ્ચક્ખાણ આ પ્રમાણેના છે – નવકારશી, પોરિસી, પુરિમઢ, એકાસણ, અર્ધમાસ, માસ, 'च' શબ્દથી બે દિવસ, ત્રણ દિવસ, માસ વિગેરેથી લઈ છ માસ. આ બધા અદ્ધાપચ્ચક્ખાણ છે. અદ્ધાપ્રત્યાખ્યાનદ્વાર પૂર્ણ થયું. હવે ઉપસંહાર કરતા કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

१९. तेनापि कर्त्तव्यं संकेतमिति । अवयवार्थः पुनः अद्धा नाम कालः, कालो यस्य परिमाणं तत् कालेनावबद्धं प्रत्याख्यानं, तद्यथा-नमस्कारसहितं पौरुषी पूर्वार्धैकाशनार्धमासमासानि चशब्देन द्वौ दिवसौ त्रयो दिवसा मासौ वा यावत् षण्मासाः इति प्रत्याख्यानं, एतदद्धाप्रत्याख्यानं,

कयपच्चक्खाणोऽवि य आयरियगिलाणबालवुड्ढाणं ।
दिज्जासणाइ संते लाभे कयवीरियायारो ॥१५८७॥

भणितं दशविधमेतत् प्रत्याख्यानं गुरूपदेशेन, कृतं प्रत्याख्यानं येन स तथाविधस्तस्य विधिस्तं 'अतः' ऊर्ध्वं वक्ष्ये 'समासेन' सङ्क्षेपेणेति गाथार्थः ॥१५८२॥ प्रत्याख्यानाधिकार एवाह परः, किमाह ?—यथा जीवघाते—प्राणातिपाते प्रत्याख्याते सत्यसौ प्रत्याख्याता न कारयत्यन्यमिति—न कारयति जीवघातं अन्यप्राणिनमिति, कुतः ?—भङ्गभयात्—प्रत्याख्यानभङ्गभयादित्यर्थ, भावार्थः—अश्यत इत्यशनम्—ओदनादि तस्य दानम्—अशनदानं तस्मिन्नशनदाने, अशनशब्दः पानाद्युपलक्षणार्थः, ततश्चैतदुक्तं भवति—कृतप्रत्याख्यानस्य सतः अन्यस्मै अशनादिदाने ध्रुवं कारणमिति—अवश्यं भुजिक्रियाकारणं, अशनादिलाभे सति भोक्तुर्भुजिक्रियासद्भावात्, ततः किमिति चेत्, ननु दोषः—प्रत्याख्यानभङ्गदोष इति गाथार्थः ॥१५८३॥ अतः—'नो कयपच्चक्खाणो आयरियाईण दिज्ज असणाई' यतश्चैवमतः न कृतप्रत्याख्यानः पुमानाचार्यादिभ्य आदिशब्दादुपाध्यायतपस्विशैक्षकग्लानवृद्धादिपरिग्रहः दद्यात्, किम् ?—अशनादि, स्यादेतद्—ददतो वैयावृत्यलाभ इत्यत आह—न च विरतिपालनाद् वैय्यावृत्यं प्रधानतरमतः सत्यपि च लाभे किं तेनेति गाथार्थः ॥१५८४॥ एवं विनेयजनहिताय पराभिप्रायमाशङ्क्य गुरुराह—न 'त्रिविधं' करणकारणानुमतिभेदभिन्नं 'त्रिविधेन' मनोवाक्कायyोगत्रयेण प्रत्याख्याता प्रत्याचष्टे

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ પ્રમાણે ગુરુના ઉપદેશથી દશ પ્રકારનું પ્રત્યાખ્યાન કહ્યું. હવે પછી જેણે પ્રત્યાખ્યાન કર્યું છે તેની વિધિને હું સંક્ષેપથી કહીશ. ॥૧૫૮૨॥ આ પ્રત્યાખ્યાનના અધિકારમાં શિષ્ય પ્રશ્ન કરે છે. કયો પ્રશ્ન કરે છે ? તે કહે છે – જેમ જીવઘાતનું પ્રત્યાખ્યાન કરનારો બીજા પાસે જીવઘાત કરાવતો નથી, કારણ કે તેમાં તેને પ્રત્યાખ્યાનના ભંગનો ભય છે. (તેની જેમ જ ઉપવાસનું) પ્રત્યાખ્યાન કરનારો બીજાને અશન વિગેરે લાવીને આપે તો તેમાં સુતરામ્ ભોજન કરાવવાનું તો આવ્યું કારણ કે સામેવાળાને અશન વિગેરેની પ્રાપ્તિ થવાથી તે તો ભોજન કરવાનો જ છે. અને આ રીતે બીજાને ભોજન આપવામાં પ્રત્યાખ્યાનના ભંગનો દોષ નક્કી થવાનો જ છે. જે ખવાય તે અશન એટલે કે ભાત વિગેરે. તેનું દાન તે અશનદાન એમ સમાસ જાણવો. અશનશબ્દના ઉપલક્ષણથી પાન, ખાદિમ, સ્વાદિમ લઈ લેવા. ॥૧૫૮૩॥

આથી પ્રત્યાખ્યાન કરનારો સાધુ આચાર્ય વિગેરેને આદિશબ્દથી ઉપાધ્યાય, તપસ્વી, નૂતન સાધુ, ગ્લાન, વૃદ્ધ વિગેરેને અશન વિગેરે લાવીને આપે નહીં. કદાચ તમને (ઉત્તરપક્ષને) લાગતું હશે કે – અશન વિગેરે આપનારને વૈયાવચ્ચનો લાભ તો મળેને. તેની સામે શિષ્ય કહે છે કે – વિરતિના પાલન કરતા વૈયાવચ્ચ વધુ પ્રધાન નથી. તેથી વૈયાવચ્ચનો લાભ મળતો હોય તો પણ (જો વિરતિનો ભંગ થતો હોય તો) તેવા લાભનું શું કામ છે. ॥૧૫૮૪॥

આ પ્રમાણે શિષ્યસમૂહના હિત માટે પર વ્યક્તિના અભિપ્રાયને જણાવીને હવે ગુરુ કહે છે – પ્રત્યાખ્યાન કરનારો પ્રસ્તુત એવા અશનાદિનું પ્રત્યાખ્યાન કરણ, કરાવણ, અનુમતિથી મન–વચન–

प्रक्रान्तमशनादि अतोऽनभ्युपगतोपालम्भश्चोदकमतं, यतश्चैवम् अन्यस्मै दानमन्यदानमशनादेरिति गम्यते, तेन हेतुभूतेन कारणं भुजिक्रियागोचरमन्यदानकारणं तच्छुद्धस्य—आशंसादिदोषरहितस्य ततः—तस्मात् मुनेः—साधोः न भवति तद्भङ्गहेतुः—प्रक्रान्तप्रत्याख्यानभङ्गहेतुः, तथाऽनभ्युपगमादिति गाथार्थः ॥१५८५॥ किंच—स्वयमेव—आत्मनैवानुपालनीयं प्रत्याख्यानमुक्तं निर्युक्तिकारेण, दानोपदेशौ च नेह प्रतिषिद्धौ, तत्रात्मनाऽऽनीय वितरणं दानं दानश्राद्धकादिकुलाख्यानं तूपदेश इति, यस्माद् एवं तस्माद् दद्यादुपदिशेद्वा, 'यथासमाधिना' यथासामर्थ्येन 'अन्येभ्यो' बालादिभ्य इति गाथार्थः ॥१५८६॥ अमुमेवार्थं स्पृष्टयन्नाह—'कय'इत्यादि, निगदसिद्धा, ॥१५८७॥ एत्थ[२०] पुण सामायारी—सयं अभुंजंतोवि साधूणं आणेत्ता भत्तपाणं देज्जा, संतं वीरियं ण निगूहितव्वं अप्पणो, संते वीरिए अण्णो णाऽऽणावेयव्वो, जथा अज्जो अमुगस्स आणेदु देहि, तम्हा अप्पणो संते वीरिए आयरियगिलाणबालवुड्ढपाहुणगादीण गच्छस्स वा संणायकुलेहिंतो वा असण्णातएहिं

કાયાએ કરતો નથી. તેથી શિષ્યનો મત = અભિપ્રાય એ નહીં સ્વીકારેલાસંબંધી દોષરૂપ છે. (અર્થાત્ સાધુઓ હું બીજાને ભોજન કરાવીશ નહીં એવું પ્રત્યાખ્યાન જ લીધું નથી કે જેથી પ્રત્યાખ્યાનભંગનો દોષ લાગે. આમ નહીં સ્વીકારેલ વસ્તુનો શિષ્ય દોષ આપે છે.) અન્યને જે અશનાદિનું દાન તે અન્યદાન. બીજાને લાવીને આપવાના કારણે થતું જે ભોજનસંબંધી કારાપણ તે અન્યદાનકારણ એ પ્રમાણે સમાસ જાણવો. (ટૂંકમાં બીજાને ભોજન લાવીને આપવું તે ભોજનસંબંધી કારણ = કારાપણ છે.)

(પ્રત્યાખ્યાન કરનારો સાધુ ત્રિવિધ–ત્રિવિધે ભોજનનો ત્યાગ કરતો નથી) તેથી આશંસા વિગેરે દોષોથી રહિત એવા સાધુનું આ અન્યદાનકારાપણ (= બીજાને અશનાદિ લાવી આપવાદ્વારા સામેવાળા જે ભોજનક્રિયા કરે તે) સાધુના ઉપવાસ વિગેરે પ્રત્યાખ્યાનના ભંગનું કારણ બનતું નથી, કારણ કે સાધુએ પ્રત્યાખ્યાન કરતી વખતે 'હું ભોજન કરાવીશ પણ નહીં' એવું કઇ સ્વીકારેલું નથી. **॥૧૫૮૫॥**

વળી – પૂર્વે નિર્યુક્તિકારે કહ્યું છે કે પ્રત્યાખ્યાન પોતે જ પાળવાનું છે. દાન અને ઉપદેશમાં અહીં પ્રતિષેધ નથી. તેમાં દાન એટલે પોતે લાવીને આપે. અને ઉપદેશ એટલે ગોચરી જનારને દાનમાં શ્રદ્ધાવાળા વિગેરે ઘરો બતાવવા. આમ દાન અને ઉપદેશમાં પ્રતિષેધ ન હોવાથી પ્રત્યાખ્યાન કરનાર સાધુ પોતાના સામર્થ્ય પ્રમાણે બાળ વિગેરેને લાવીને આપે અથવા ઘરો બતાવે. **॥૧૫૮૬॥**

આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે – પ્રત્યાખ્યાન કરનારો એવો પણ સાધુ જો ગોચરી વિગેરે પોતાને મળે એવા હોય તો વીર્યાચારનું પાલન કરવાદ્વારા આચાર્ય, ગ્લાન, બાળ, વૃદ્ધોને અશન વિગેરે લાવીને આપે. **॥૧૫૮૭॥** અહીં સામાચારી આ પ્રમાણે જાણવી – પોતાને વાપરવાનું ન હોય તો પણ તે સાધુ અન્ય સાધુઓને ભક્ત–પાન લાવીને આપે. પોતાનું સામર્થ્ય હોય તો છુપાવે નહીં. પોતાનું સામર્થ્ય હોય તો બીજાને મોકલવા માટેનો પ્રયત્ન કરવો નહીં કે "હે આર્ય ! અમુક સાધુને લાવીને તું આપ." તેથી જો પોતાનું સામર્થ્ય હોય તો આચાર્ય, ગ્લાન, બાળ, વૃદ્ધ, મહેમાન

२०. अत्र पुनः सामाचारी-स्वयमभुञ्जानोऽपि साधूभ्य आनीय भक्तपाने दद्यात् सद्वीर्यं न निगूहितव्यं आत्मनः, सति वीर्येऽन्यो नाऽऽज्ञापयितव्यः यथाऽऽर्यऽमुकस्मै आनीय देहि, तस्मात् आत्मनः सति वीर्ये आचार्यग्लानबालवृद्धप्राघूर्णकादिभ्यो गच्छाय वा सज्ञातीकुलेभ्यो वाऽसज्ञातीयेभ्यो

[२१]वा लद्धिसंपुण्णो आणेत्ता देज्ज वा दवावेज्ज वा परिचिएसु वा संखडीए वा दवावेज्ज, दाणेत्ति गतं, उवदिसेज्ज वा संविग्गअण्णसंभोइयाणं जथा एताणि दाणकुलाणि सड्ढगकुलाणि वा, अतरंतो संभोइयाणवि दिसेज्ज ण दोसो, अह पाणगस्स सण्णाभूमिं वा गतेण संखडीसुत्ता दिट्ठा वा होज्ज ताहे साधूणं अमुगत्थ संखडित्ति एवं उवदिसेज्ज । उवदेसत्ति गतं । जहासमाही णाम दाणे उवदेसे अ जहासामत्थं, जति तरति आणेदुं देति, अह न तरति तो दवावेज्ज वा उवदिसेज्ज वा, जथा जथा साधूणं अप्पणो वा समाधी तथा तथा पयतितव्वं जहासमाधित्ति वक्खाणियं। अमुमेवार्थमुपदर्शयन्नाह भाष्यकार: —

**संविग्गअण्णसंभोइयाण देसेज्ज सड्ढगकुलाइं ।**
**अतरंतो वा संभोइयाण देज्जा जहसमाही ॥२४६॥ ( भा० )**

गतार्था, णवरमतरंतस्स अण्णसंभोइयस्सवि दातव्वं ॥२४६॥

---

વિગેરે માટે કે ગચ્છ માટે શ્રાવકોના કુળમાંથી કે ઇતરોના કુળમાંથી લબ્ધિયુક્ત સાધુ લાવીને આપે અથવા અપાવડાવે. અથવા પરિચિતકુળોમાંથી કે સંખડીમાંથી અપાવડાવે. દાનની વાત કરી.

અથવા સંવિગ્ન એવા અન્યસાંભોગિક સાધુઓને (= સંવિગ્ન અને જુદી સામાચારીવાળા સાધુઓને કે જેઓની માંડલી જુદી હોવાથી પોતે લાવીને આપી શકે નહીં તેમને) ઉપદેશ આપે કે – આ બધા દાનકુળો કે શ્રાવકકુળો છે. પોતે સમર્થ ન હોય તો સાંભોગિકોને પણ બતાવે એમાં કોઇ દોષ નથી. હવે કદાચ પોતે પાણી વહોરવા કે સંજ્ઞાભૂમિ માટે ગયો હોય અને પોતે સંખડી સાંભળી કે જોઇ હોય તો આવીને સાધુઓને 'અમુક સ્થાને સંખડી છે' એમ ઉપદેશ આપે. આ પ્રમાણે ઉપદેશની વાત પૂર્ણ કરી. યથાસમાધિ એટલે દાન અને ઉપદેશમાં પોતાનું સામર્થ્ય. તે આ પ્રમાણે કે – જો પોતે સમર્થ હોય તો અશનાદિ લાવીને આપે. જો સમર્થ ન હોય તો અપાવડાવે કે ઉપદેશ આપે. ટૂંકમાં જે જે રીતે સાધુઓને અને પોતાને સમાધિ રહેતી હોય તે તે રીતે પ્રયત્ન કરવો જોઇએ. 'યથાસમાધિ'ની વાત પૂર્ણ કરી. આ જ અર્થને દેખાડતા ભાષ્યકાર કહે છે ➾

**ગાથાર્થ : સંવિગ્ન અન્યસાંભોગિકોને શ્રાદ્ધકુળો બતાવે. અથવા પોતે ગ્લાનાદિને કારણે સમર્થ ન હોય તો સાંભોગિકોને પણ ઘરો બતાવે અથવા પોતાની સમાધિ પ્રમાણે દાન અથવા ઉપદેશ આપે.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. માત્ર અહીં એટલું જાણવું કે અન્યસાંભોગિક સાધુ જો સમર્થ ન હોય તો (કે તેનો લબ્ધિ અભાવે નિર્વાહ ન થતો હોય) તો તેને લાવીને પણ આપવું. ॥ભા.–૨૪૬॥

---

२१. वा लब्धिसंपूर्ण आनीय दद्यात् दापयेद्वा, परिचितेभ्यो वा सङ्खड्या वा दापयेत्, दानमिति गतं, उपदिशेद्वा संविग्नान्यसांभोगिकेभ्यो यथैतानि दानकुलानि श्राद्धककुलानि वा, अशक्नुवन् सांभोगिकेभ्योऽप्युपदिशेन्न दोषः, अथ पानकस्य संज्ञाभूमिं वा गतेन संखडीश्रुता दृष्टा वा भवेत् तदा साधुभ्योऽमुकत्र संखडीत्येवमुपदिशेत्, उपदेश इति गतं, यथासमाधिनाम दाने उपदेशे च यथासामर्थ्यं, यदि शक्नोति आनीय ददाति अथ न शक्नोति तदा दापयेद्वोपदिशेद्वा, यथा यथा साधूनामात्मनो वा समाधिस्तथा तथा प्रयतितव्यं यथासमाधीति व्याख्यातं । नवरमशक्नुवतोऽन्य-सांभोगिकायापि दातव्यं

साम्प्रतं प्रत्याख्यानशुद्धिः प्रतिपाद्यते, तथा चाह भाष्यकारः—

सोही पच्चक्खाणस्स छव्विहा समणसमयकेऊहिं ।
पन्नत्ता तित्थयरेहिं तमहं वुच्छं समासेणं ॥२४७॥ ( भा० )
सा पुण सद्दहणा जाणणा य विणयाणुभासणा चेव ।
अणुपालणा विसोही भावविसोही भवे छट्ठा ॥१५८८॥

शोधनं शुद्धिः, सा प्रत्याख्यानस्य—प्रागुनिरूपितशब्दार्थस्य षड्विधा—षट्प्रकारा श्रमण-समयकेतुभिः—साधुसिद्धान्तचिह्नभूतैः प्रज्ञप्ता—प्ररूपिता, कैः ?—तीर्थकरैः—ऋषभादिभिः, तामहं वक्ष्ये, कथं ?—समासेन—सङ्क्षेपेणेति गाथार्थः ॥२४७॥ अधुना षड्विधत्वमुपदर्शयन्नाह—सा पुनः शुद्धिरेवं षड्विधा, तद्यथा श्रद्धानशुद्धिः ज्ञानशुद्धिश्च विनयशुद्धिः अनुभाषणाशुद्धिश्चैव, तथाऽनुपालनाविशुद्धिर्भावशुद्धिर्भवति षष्ठी, पाठान्तरं वा 'सोहीसद्दहणे' त्यादि, तत्र शुद्धिशब्दो द्वारोपलक्षणार्थः, निर्युक्तिगाथा चेयमिति गाथासमासार्थः ॥१५८८॥

अवयवार्थं तु भाष्यकार एव वक्ष्यति, तत्राद्यद्वारावयवार्थप्रतिपादनायाह —

पच्चक्खाणं सव्वन्नुदेसिअं जं जहिं जया काले ।
तं जो सद्दहइ नरो तं जाणसु सद्दहणसुद्धं ॥२४८॥ ( भा० )
पच्चक्खाणं जाणइ कप्पे जं जंमि होइ कायव्वं ।
मूलगुणे उत्तरगुणे तं जाणसु जाणणासुद्धं ॥२४९॥ ( भा० )

व्याख्या—प्रत्याख्यानं सर्वज्ञभाषितं—तीर्थकरप्रणीतमित्यर्थः 'य'दिति यत् सप्तविंशतिविधस्यान्यतमत्, सप्तविंशतिविधं च पञ्चविधं साधुमूलगुणप्रत्याख्यानं दशविधमुत्तरगुणप्रत्याख्यानं द्वादशविधं

---

**અવતરણિકા :** હવે પ્રત્યાખ્યાનની શુદ્ધિ (કેવી રીતે થાય છે ? તેનું) પ્રતિપાદન કરાય છે. આ વાતને ભાષ્યકાર જણાવે છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જેનો શબ્દાર્થ પૂર્વે કહેવાયેલો છે એવા પ્રત્યાખ્યાનની શુદ્ધિ સાધુઓના સિદ્ધાન્તોના ચિહ્નભૂત એવા ઋષભાદિ તીર્થંકરોએ છ પ્રકારની જણાવી છે. તે છ પ્રકારોને હું સંક્ષેપથી કહીશ. ॥ભા. ૨૪૭॥ હવે તે છ પ્રકારોને જ દેખાડતા કહે છે – (૧) શ્રદ્ધાશુદ્ધિ, (૨) જ્ઞાનશુદ્ધિ, (૩) વિનયશુદ્ધિ, (૪) અનુભાષણાશુદ્ધિ, (૫) અનુપાલનાશુદ્ધિ અને (૬) છઠ્ઠી ભાવશુદ્ધિ. 'सा पुण सद्दहणा' ની બદલે પાઠાન્તરમાં 'सोहीसद्दहणा' જાણવું. તેમાં શુદ્ધિશબ્દ દ્વાર જણાવનારો જાણવો. અર્થાત્ શુદ્ધિના દ્વારો છ પ્રકારના છે. આ નિર્યુક્તિ ગાથા છે. ॥૧૫૮૮॥

**અવતરણિકા :** (ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.) વિસ્તારાર્થ ભાષ્યકાર જ કહેશે. તેમાં પ્રથમ દ્વારનો વિસ્તારથી અર્થ પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પચ્ચક્ખાણ સત્તાવીસ પ્રકારનું છે. તે આ પ્રમાણે—સાધુના પાંચ પ્રકારના મહાવ્રતરૂપ મૂલગુણપ્રત્યાખ્યાન, દશ પ્રકારના ઉત્તરગુણપ્રત્યાખ્યાન અને બાર પ્રકારના શ્રાવકપ્રત્યાખ્યાન.

श्रावकप्रत्याख्यानं 'यत्र' जिनकल्पे स्थविरकल्पे चतुर्यामे पञ्चयामे वा श्रावकधर्मे वा 'यदा' सुभिक्षे दुर्भिक्षे वा पूर्वाह्णे पराह्णे वा काल इति–चरमकाले तत् यः श्रद्धत्ते नरः तत् तदभेदोपचारात् तस्यैव तथापरिणतत्वाज्जानीहि श्रद्धानशुद्धमिति गाथार्थः ॥२४८॥ द्वारं–ज्ञानशुद्धं प्रतिपाद्यते, तत्र पच्चक्खाण गाहो ॥ प्रत्याख्यानं जानाति–अवगच्छति कल्पे–जिनकल्पादौ यत् प्रत्याख्यानं यस्मिन् भवति कर्त्तव्यं मूलगुणोत्तरगुणविषयं तज्जानीहि ज्ञानशुद्धमिति गाथार्थः ॥२४९॥

विनयशुद्धमुच्यते, तत्रेयं गाथा —

किइकम्मस्स विसोहिं पउंजई जो अहीणमइरित्तं ।
मणवयणकायगुत्तो तं जाणसु विणयओ सुद्धं ॥२५०॥ ( भा० )
अणुभासइ गुरुवयणं अक्खरपयवंजणेहिं परिसुद्धं ।
पंजलिउडो अभिमुहो तं जाणणुभासणासुद्धं ॥२५१॥ ( भा० )
कंतारे दुब्भिक्खे आयंके वा महई समुप्पन्ने ।
जं पालियं न भग्गं तं जाणणुपालणासुद्धं ॥२५२॥ ( भा० )
रागेण व दोसेण व परिणामेण व न दूसियं जं तु ।
तं खलु पच्चक्खाणं भावविसुद्धं मुणेयव्वं ॥२५३॥ ( भा० )
एएहिं छहिं ठाणेहिं पच्चक्खाणं न दूसियं जं तु ।
तं सुद्धं नायव्वं तप्पडिवक्खे असुद्धं तु ॥२५४॥ ( भा० )
थंभा कोहा अणाभोगा अणापुच्छा असंतइं ।
परिणामओ असुद्धो अवाउ जम्हा विउ पमाणं ॥२५५॥ ( भा० )

**पच्चक्खाणं समत्तं**

कृतिकर्मणः–वन्दनकस्येत्यर्थः विशुद्धि–निरवद्यकरणक्रियां प्रयुङ्क्ते यः सः प्रत्याख्यानकाले

---

સર્વજ્ઞભાષિત એવા આ સત્તાવીસ પ્રકારનું જે પ્રત્યાખ્યાન જે જિનકલ્પને, વિશે સ્થવિરકલ્પને વિશે ચતુર્યામને વિશે, પંચયામને વિશે કે શ્રાવકધર્મને વિશે સુભિક્ષમાં, દુર્ભિક્ષમાં, સવારે, સાંજે કે ચરમકાળે = મરણકાળે (કર્તવ્ય તરીકે છે. એટલે કે જિનકલ્પને આશ્રયીને જે પ્રત્યાખ્યાનો છે, સ્થવિરકલ્પને આશ્રયીને જે પ્રત્યાખ્યાનો છે, ચતુર્યામને આશ્રયીને જે પ્રત્યાખ્યાનો છે એ જ પ્રમાણે પંચયામ અને શ્રાવકધર્મને આશ્રયીને જે કાળે જે પ્રત્યાખ્યાનો છે) તે પ્રત્યાખ્યાનોની જે મનુષ્ય શ્રદ્ધા કરે છે, તે મનુષ્ય શ્રદ્ધાશુદ્ધ તું જાણ. અહીં તે મનુષ્ય પચ્ચક્ખાણમાં પરિણત હોવાથી તે બે વચ્ચે અભેદ ઉપચાર કરતા તેનું તે પ્રત્યાખ્યાન **શ્રદ્ધાથી શુદ્ધ** જાણવું. ॥**ભા. ૨૪૮**॥ શ્રદ્ધાદ્વાર પૂર્ણ થયું. હવે જ્ઞાનદ્વારનું પ્રતિપાદન કરાય છે – મૂલ અને ઉત્તરગુણવિષયક જે પ્રત્યાખ્યાન જે જિનકલ્પ વિગેરેમાં કર્તવ્ય તરીકે જે મનુષ્ય જાણે છે, તેનું તે પ્રત્યાખ્યાન **જ્ઞાનશુદ્ધ** જાણવું. ॥**ભા. ૨૪૯**॥

**અવતરણિકા** : હવે **વિનયશુદ્ધ** પ્રત્યાખ્યાન કહેવાય છે. તેમાં આ ગાથા છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : પ્રત્યાખ્યાનના સમયે મન–વચન–કાયાથી ગુપ્ત થયેલો છતો જે મનુષ્ય વંદનની

अन्यूनातिरिक्तां विशुद्धिं मनोवाक्कायगुप्तः सन् प्रत्याख्यातृपरिणामत्वात् प्रत्याख्यानं जानीहि विनयतो–विनयेन शुद्धमिति गाथार्थः द्वारं ॥२५०॥ अधुनाऽनुभाषणाशुद्धं प्रतिपादयन्नाह–कृतकृतिकर्मा प्रत्याख्यानं कुर्वन् अनुभाषते गुरुवचनं, लघुतरेण शब्देन भणतीत्यर्थः, कथमनुभाषते?–अक्षरपदव्यञ्जनैः परिशुद्धं, अनेनानुभाषणायत्नमाह, [22]णवरं गुरू भणति–वोसिरति, इमोवि भणति–वोसिरामित्ति, सेसं गुरुभणितसरिसं भाणितव्वं । किंभूतः सन् ?, कृतप्राञ्जलिरभिमुखस्तज्जानीह्यनुभाषणाशुद्धमिति गाथार्थः द्वारं ॥२५१॥ साम्प्रतमनुपालनाशुद्धमाह–कान्तारे–अरण्ये दुर्भिक्षे–कालविभ्रमे आतङ्के वा–ज्वरादौ महति समुत्पन्ने सति यत् पालितं यन्न भग्नं तज्जानीह्यनुपालनाशुद्धमिति । एत्थ उग्गमदोसा सोलस उप्पादणाएवि दोसा सोलस एसणादोसा दस एते सव्वे बातालीसं दोसा णिच्चपडिसिद्धा, एते कंतारदुर्भिक्षादिसु ण भज्जंतित्ति गाथार्थः ॥२५२॥ इदानीं भावशुद्धमाह–रागेण वा–अभिष्वङ्गलक्षणेन द्वेषेण वा–अप्रीतिलक्षणेन, परिणामेन

---

અન્યૂનાતિરિક્ત (= સંપૂર્ણ વિધિ પ્રમાણેની) વિશુદ્ધિને = નિરવદ્ય રીતે કરવારૂપ ક્રિયાને કરે છે, (અર્થાત્ સંપૂર્ણ વિધિ પ્રમાણેનું વંદન કરે છે) તેનું તે પ્રત્યાખ્યાન વિનયથી શુદ્ધ છે એમ તું જાણ. અહીં જો કે વિનયથી શુદ્ધ મનુષ્ય છે છતાં પ્રત્યાખ્યાન એ તે મનુષ્યનો જ એક પરિણામ હોવાથી મનુષ્ય અને પચ્ચક્ખાણ વચ્ચે અભેદ કરતા મનુષ્યને વિનયશુદ્ધ કહેવાદ્વારા પ્રત્યાખ્યાન વિનયશુદ્ધ કહેવાયું. ॥ભા. ૨૫૦॥

હવે **અનુભાષણાશુદ્ધ**નું પ્રતિપાદન કરતાં કહે છે – વંદન કર્યા બાદ પ્રત્યાખ્યાનને ગ્રહણ કરતો શિષ્ય ગુરુના વચનનું ધીમા શબ્દોથી અનુભાષણ કરે. (અર્થાત્ ગુરુ જે પચ્ચક્ખાણ આપતા હોય તે પચ્ચક્ખાણને પોતે પણ મંદ અવાજે બોલે.) કેવી રીતે બોલે ? – અક્ષર, પદ અને વ્યંજનોથી શુદ્ધ બોલે. આનાદ્વારા અનુભાષણાનો પ્રયત્ન કહ્યો. (અર્થાત્ ગુરુ જે રીતે અક્ષરાદિથી શુદ્ધ પચ્ચક્ખાણનો ઉચ્ચાર કરે છે તે રીતે ગ્રહણ કરનાર શિષ્ય પણ અક્ષરાદિથી શુદ્ધ પચ્ચક્ખાણના ઉચ્ચારનો પ્રયત્ન કરે.) માત્ર તે સમયે ગુરુ 'वोसिरति' બોલે અને શિષ્ય 'वोसिरामि' બોલે. શેષ ગુરુના બોલ્યા પ્રમાણે બોલે. કેવો થયેલો શિષ્ય બોલે ? જોડેલી અંજલિવાળો અને ગુરુને અભિમુખ થયેલો શિષ્ય અનુભાષણ કરે. તેનું તે પ્રત્યાખ્યાન અનુભાષણાશુદ્ધ જાણવું. ॥ભા. ૨૫૧॥

હવે **અનુપાલનાશુદ્ધને** કહે છે – જંગલમાં, દુર્ભિક્ષમાં કે કોઇ મોટા ઉત્પન્ન થયેલા તાવ વિગેરે રોગમાં પણ જે પ્રત્યાખ્યાનનું પાલન કર્યું, ભાંગ્યું નહીં તે પ્રત્યાખ્યાન અનુપાલનાશુદ્ધ જાણ. અહીં ૧૬ ઉદ્ગમદોષો, ૧૬ ઉત્પાદના દોષો અને ૧૦ એષણાદોષો એમ બેત્તાલીસ દોષો કાયમ માટે નિષેધેલા છે. સાધુ જંગલ, દુર્ભિક્ષ વિગેરેમાં આ બેતાલીસ દોષોમાંથી એક પણ દોષ સેવે નહીં તો અનુપાલનાશુદ્ધિ થાય છે. ॥ભા. ૨૫૨॥

હવે **ભાવશુદ્ધિને** કહે છે – જે પ્રત્યાખ્યાન આસક્તિરૂપ રાગથી, અપ્રીતિરૂપ દ્વેષથી, ઇહલોકાદિની

---

२२. परं गुरुर्भणति-व्युत्सृजति, अयमपि भणति व्युत्सृजाम इति, शेषं गुरुभणितसदृशं भणितव्यं । अत्रोद्गमदोषाः षोडश उत्पादनाया अपि दोषाः षोडश एषणादोषा दश, एते सर्वे द्विचत्वारिंशत् दोषा नित्यं प्रतिषिद्धाः, एते कान्तारदुर्भिक्षादिषु न भज्यन्ते इति ।

च–इहलोकाद्याशंसालक्षणेन स्तम्भादिना वा वक्ष्यमाणेन न दूषितं–न कलुषितं यत् तु–यदेव तत् खल्विति–तदेव खलुशब्दस्यावधारणार्थत्वात् प्रत्याख्यानं भावविशुद्धं 'मुणेयव्वं'ति विज्ञातव्यमिति गाथासमासार्थः ॥२५३॥ [२३]अवयवत्थो पुण–रागेण एस पूइज्जदित्ति अहंपि एवं करेमि तो पुज्जिहामि एवं रागेण करेति, दोसेण तहा करेमि जहा लोगो ममहुत्तो पडति तेण एतस्स णाड्डायंति त्ति एवं दोसेण, परिणामेण णो इहलोगट्ठयाए णो परलोगट्ठयाए नो कित्तिजसवण्णहेतुं वा अण्णपाणवत्थलोभेण सयणासणकंबलहेतुं वा, जो एवं करेति तं भावसुद्धं ॥२५३॥ एभिरनन्तरव्यावर्णितैः षड्भिः स्थानैः श्रद्धादिभिः प्रत्याख्यानं न दूषितं–न कलुषितं यत् तु–यदेव तत् शुद्धं ज्ञातव्यं । तत्प्रतिपक्षे–अश्रद्धानादौ सति अशुद्धं तु–अशुद्धमेवेति गाथार्थः ॥२५४॥ परिणामेन वा न दूषितमित्युक्तं तत्र परिणामं प्रतिपादयन्नाह–स्तम्भात्–मानात्, क्रोधात्–प्रतीतात्, अनाभोगात्–विस्मृतेः अनापृच्छातः असन्ततेः परिणामतः अशुद्धः अपायो वा निमित्तं यस्मादेवं तस्मात् प्रत्याख्यानचिन्तायां विद्वान् प्रमाणं निश्चयनयदर्शनेनेति गाथासमासार्थः

આશંસારૂપ પરિણામથી કે આગળ કહેવાતા અહંકાર વિગેરે રૂપ પરિણામથી દૂષિત = કલુષિત નથી તે જ પ્રત્યાખ્યાન ભાવવિશુદ્ધ જાણવું. આ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥ ભા. ૨૫૩ ॥ વિસ્તારાર્થ આ પ્રમાણે જાણવો – (૧) રાગથી – 'આ પૂજાય છે માટે હું પણ આ રીતે કરું જેથી હું પણ પૂજાઉં' આવા પ્રકારના રાગથી પ્રત્યાખ્યાન કરે. (૨) દ્વેષથી – 'હું એવું કરું કે જેથી લોકો બધા મારા સન્મુખ આવે. જેથી પેલાનો કોઇ આદર કરે નહીં.' આવા પ્રકારના દ્વેષથી પ્રત્યાખ્યાન કરે. (૩) પરિણામથી – આલોક માટે નહીં, પરલોક માટે નહીં, કીર્તિ–યશ–વર્ણ–માટે નહીં કે અન્ન–પાન–વસ્ત્રના લોભથી નહીં કે શયન–આસન–કંબલના લોભ વિના જે પચ્ચક્ખાણ કરે છે. તેનું તે પ્રત્યાખ્યાન ભાવશુદ્ધ જાણવું. ॥ભા. ૨૫૩॥

આ હમણાં વર્ણન કરાયેલા શ્રદ્ધા વિગેરે છ સ્થાનોવડે જે પ્રત્યાખ્યાન દૂષિત = કલુષિત થતું નથી. તે જ પ્રત્યાખ્યાન શુદ્ધ જાણવું. તેના પ્રતિપક્ષમાં એટલે કે શ્રદ્ધા વિગેરે વિના તે અશુદ્ધ જ છે. ॥ભા. ૨૫૪॥ 'પરિણામથી જે દૂષિત થયું નથી' એમ જે કહ્યું હતું તેમાં પરિણામને જણાવતા કહે છે – અહંકારથી, અપ્રિતીરૂપ ક્રોધથી, વિસ્મરણરૂપ અનાભોગથી, અનાપૃચ્છાથી, અસંતતિ = અસંપત્તિથી, પરિણામની અશુદ્ધિ અથવા અપાયથી = નિમિત્તથી જે કારણથી આ પ્રમાણે છે એટલે કે આ બધા પરિણામોથી પ્રત્યાખ્યાન થઇ શકે છે તે કારણથી પ્રત્યાખ્યાનની વિચારણા માટે નિશ્ચયનયમતે વિદ્વાન (આ બધાનો જાણકાર) જ પ્રમાણ તરીકે છે. (નિશ્ચયનયથી આચરનાર જ જાણકાર છે.) ॥ભા. ૨૫૫॥

२३. अवयवार्थः पुना रागेणैष पूज्यते इत्यहमपि एवं करोमि ततः पूजयिष्ये एवं रागेण करोति, द्वेषेण तथा करोमि यथा लोको ममायत्तौ पतति तेनैनं नाद्रियते इत्येवं द्वेषेण, परिणामेन नेहलोकार्थाय न परलोकार्थाय न कीर्त्तियशोवर्णहेतोर्वा अन्नपानवस्त्रलोभेन शयनासनकंबलहेतोर्वा, य एवं करोति तत् भावशुद्धं ।
+ '०वत्थलेण' - प्रत्य० ।

॥२५५॥ [२४]थंभेण—एसो माणिज्जति अहंपि पच्चक्खामि तो माणिजिस्सामि, कोधेण—पडिचोदणादि अंबाडिओ णेच्छति जेमेतुं कोहेण अब्भत्तट्ठं करेति, अणाभोगेण ण याणति किं मम पच्चक्खाणंति जिमिएण संभरितं भग्गं पच्चक्खाणं, अणापुच्छा नाम अणापुच्छाए चेव भुंजति मा वारिज्जिहामि जहा तुमे अब्भत्तट्ठो पच्चक्खातोत्ति, अहवा जेमेमि तो भणीहामि वीसरितंति, 'असति'त्ति णत्थि एत्थ किंचि भोत्तव्वं वरं पच्चक्खातंति परिणामतोऽशुद्धोत्ति दारं । सो पुव्ववण्णितो इहलोगजसकित्तिमादि, अहवा एसेव थंभादि, अवाउत्ति—अहंपि पच्चक्खामि, मा णिच्छुभीहामित्ति, अवाएण पच्चक्खाति । एवं ण कप्पति, विदू णाम जाणगो तस्स सुद्धं भवति सो अण्णधा ण करेति जम्हा, कम्हा ?, जाणगो, तम्हा विदू पमाणं, जाणंतो सुहं परिहरतित्ति भणितं होति, सो पमाणंति

(સંપૂર્ણ ભાવાર્થ આ પ્રમાણે જાણવો –) (૧) અહંકારથી – આનું માન–સન્માન થાય છે તેથી હું પણ પ્રત્યાખ્યાન કરું જેથી મારું પણ માન–સન્માન થાય. (૨) ક્રોધથી – ગુરુવડે પ્રતિચોયણા વિગેરે દ્વારા ઠપકો આપતાં શિષ્ય ક્રોધથી વાપરવા ઇચ્છતો નથી અને ઉપવાસ કરે છે. (૩) અનાભોગથી – 'મારે કયું પચ્ચક્ખાણ છે' એ જ જે જાણતો નથી અને વાપર્યા પછી યાદ આવે કે પચ્ચક્ખાણનો ભંગ થયો. (૪) અનાપૃચ્છા – ક્યાંય મને વાપરતા અટકાવે નહીં કે તે તો આજે ઉપવાસ કર્યો છે માટે પૂછ્યા વિના જ વાપરી લે. અથવા પૂછ્યા વિના વાપરી લઉં પછી કહી દઈશ કે ભૂલી ગયો. (કે મારે ઉપવાસ હતો.)

(૫) અસંતતિ – એટલે કે અવિદ્યમાનતા. અહીં ખાવા જેવું કશું નથી તેથી પચ્ચક્ખાણ કરવું સારું એમ માની પચ્ચક્ખાણ કરે. (૬) પરિમાણ – અર્થાત્ પરિમાણથી અશુદ્ધ હોય. પરિણામ તરીકે પૂર્વે જે ઇહલોકયશ, કીર્તિ વિગેરે જે કહ્યા તે જાણવા અથવા આ અહંકાર વિગેરે જાણવા. (૭) અપાય – હું પણ પચ્ચક્ખાણ કરું, નહીં તો આ લોકો મને પણ ગચ્છથી બહાર કાઢશે, આવા અપાયથી પચ્ચક્ખાણ કરે. આ રીતે પચ્ચક્ખાણ કરવા કલ્પતા નથી. વિદ્વાન એટલે જાણકાર. તેનું પચ્ચક્ખાણ શુદ્ધ હોય છે કારણ કે તે આવા અહંકાર વિગેરેને આશ્રયીને પચ્ચક્ખાણ કરતો નથી. શા માટે કરતો નથી ? જાણકાર છે માટે. અને તેથી જ વિદ્વાન એ જ પ્રમાણભૂત છે અર્થાત્ જે આ બધાને જાણે છે તે સુખેથી અહંકારાદિનો ત્યાગ કરે છે અને માટે તે પ્રમાણ છે એટલે કે તેનું

२४. स्तम्भेनैष मान्यते अहमपि प्रत्याख्यामि ततो मानयिष्ये, क्रोधेन प्रतिनोदनया निर्भर्त्सितो नेच्छति जिमितुं क्रोधेनाभक्तार्थं करोति, अनाभोगेन न जानाति किं मम प्रत्याख्यानमिति जिमितेन स्मृतं भग्नं प्रत्याख्यानं, अनापृच्छा नाम अनापृच्छयैव भुनक्ति मा वारिषि यथा त्वयाऽभक्तार्थः प्रत्याख्यात इति, अथवा जेमामि ततो भणिष्यामि विस्मृतमिति, असदिति नास्त्यत्र किञ्चिद् भोक्तव्यं वरं प्रत्याख्यातमिति परिणामतोऽशुद्ध इति द्वारं । स पूर्ववर्णित इहलोकयशः-कीर्त्तिवर्णादि, अथवैष एव स्तम्भादिरपाय इति, अहमपि प्रत्याख्यामि मा निश्चिकाशिषमिति अपायेन प्रत्याख्याति, एवं न कल्पते, विदुर्नाम ज्ञायकः तस्य शुद्धं भवति, सोऽन्यथा न करोति यस्मात्, कस्मात् ?, ज्ञायकः, तस्माद्विदुः प्रमाणं, जानानः सुखं परिहरतीति भणितं भवति, स प्रमाणमिति ।

तस्य शुद्धं भवतीत्यर्थः । 'पच्चक्खाणं समत्तं' मूलद्वारगाथायां प्रत्याख्यानमिति द्वारं व्याख्यातं । शेषाणि तु प्रत्याख्यात्रादीनि पञ्च द्वाराणि नामनिष्पन्ननिक्षेपान्तर्गतान्यपि सूत्रानुगमोपरि व्याख्यास्यामः, किमिति ?, अत्रोच्यते, येन प्रत्याख्यानं परमार्थतः सूत्रानुगमेन समाप्तिं यास्यतीति । अत्रान्तरेऽध्ययन-शब्दार्थो निरूपणीयः, स चान्यत्र न्यक्षेण निरूपितत्वान्नेह प्रतन्यते, गतो नामनिष्पन्नो निक्षेपः, साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्य निक्षेपस्यावसरः, स च सूत्रे सति भवति, सूत्रं चानुगमे, स च द्विधा–सूत्रानुगमो निर्युक्त्यनुगमश्च, तत्र निर्युक्त्यनुगमस्त्रिविधः, तद्यथा–निक्षेपनिर्युक्त्यनुगम उपोद्घातनिर्युक्त्यनुगमः सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमश्चेति, तत्र निक्षेपनिर्युक्त्यनुगमोऽनुगतो वक्ष्यते च, उपोद्घातनिर्युक्त्यनुगमस्त्वाभ्यां द्वारगाथाभ्यामवगन्तव्यः, तद्यथा–'उद्देसे णिद्देसे य' इत्यादि, 'किं कतिविध'मित्यादि, सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमस्तु सूत्रे सति भवति, सूत्रं च सूत्रानुगम इति, स चावसरप्राप्त एव, युगपच्च सूत्रादयो व्रजन्ति, तथा चोक्तं–"[25]*सुत्तं सुत्ताणुगमो सुत्तालावयकतो य णिक्खेवो । सुत्तप्फासियनिज्जुत्ति णाया य समगं तु वच्चंति ॥१॥*" अत्राक्षेपपरिहारौ न्यक्षेण सामायिकाध्ययने निरूपितावेव नेह वितन्येते इत्यलं विस्तरेण । तत्रेदं सूत्रं –

પચ્ચક્ખાણ શુદ્ધ થાય છે. આ પ્રમાણે મૂળદ્વારગાથામાં (ગા. ૧૫૫૮માં) પ્રત્યાખ્યાનદ્વારનું વ્યાખ્યાન કર્યું. શેષ પ્રત્યાખ્યાતૃ વિગેરે પાંચ દ્વારો નામનિષ્પન્નનિક્ષેપની અંતર્ગત હોવા છતાં પણ સૂત્રાનુગમ પછી તેનું વ્યાખ્યાન અમે કરીશું. શા માટે ? તે કહેવાય છે – (ભલે અમે પ્રત્યાખ્યાનનું વ્યાખ્યાન કર્યું પરંતુ) પ્રત્યાખ્યાનદ્વારા પરમાર્થથી તો સૂત્રાનુગમથી જ સમાપ્તિને પામશે. તે પહેલાં (પ્રત્યાખ્યાન અધ્યયન એ પ્રમાણે બે શબ્દોમાં પ્રત્યાખ્યાન કહેવાઇ ગયું હોવાથી હવે) અધ્યયનશબ્દનો અર્થ કહેવાનો છે. અને તે અન્ય સ્થાને વિસ્તારથી જણાવેલો હોવાથી અહીં તેનું વ્યાખ્યાન કરતા નથી. આ પ્રમાણે નામનિષ્પન્ન નિક્ષેપ પૂર્ણ થયો.

હવે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપનો અવસર છે. તે સૂત્ર આવ્યા બાદ સંભવે છે અને સૂત્ર અનુગમ હોય ત્યારે સંભવે છે. તે અનુગમ બે પ્રકારે છે – સૂત્રાનુગમ અને નિર્યુક્તિ–અનુગમ. તેમાં નિર્યુક્તિ અનુગમ ત્રણ પ્રકારે છે – નિક્ષેપનિર્યુક્તિઅનુગમ, ઉપોદ્ઘાતનિર્યુક્તિઅનુગમ અને સૂત્રસ્પર્શિક-નિર્યુક્તિઅનુગમ. તેમાં નિક્ષેપનિર્યુક્તિઅનુગમ (ઓઘ અને નામનિષ્પન્નનામના બે નિક્ષેપનિર્યુક્તિ-અનુગમ) કહી દીધા અને (સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ) આગળ કહેશે. ઉપોદ્ઘાતનિર્યુક્તિઅનુગમ આ બે દ્વારગાથા – उद्देसे णिद्देसे य (ભાગ ૧, ગા. ૧૪૦) અને किं कतिविधं... (ગા. ૧૪૧) દ્વારા જાણવો. સૂત્રસ્પર્શિકનિર્યુક્તિઅનુગમ તો સૂત્ર આવ્યા બાદ થાય છે. અને સૂત્ર સૂત્રાનુગમમાં થાય છે. તે સૂત્રાનુગમનો હવે અવસર પ્રાપ્ત થઇ ગયો જ છે. અને તેની સાથે સૂત્ર વિગેરે પણ એકસાથે ચાલશે. કહ્યું જ છે – "સૂત્ર, સૂત્રાનુગમ, સૂત્રાલાપકકૃત નિક્ષેપ, સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અને નયો આ બધા એક સાથે ચાલે છે = બધાનું એક સાથે નિરૂપણ થાય છે. ॥૧॥" આ સંબંધી પ્રશ્નોત્તરી વિસ્તારથી સામાયિક અધ્યયનમાં જણાવેલી જ છે તેથી અહીં તેનું નિરૂપણ કરતા નથી. વધુ વિસ્તારથી સર્યું. સૂત્ર આ પ્રમાણે છે ⇨

૨૫. सूत्रं सूत्रानुगमः सूत्रालापककृतश्च निक्षेपः । सूत्रस्पर्शिक-निर्युक्तिर्नयाश्च युगपदेव व्रजन्ति ॥१॥

**सूरे उग्गए णमोक्कारसहितं पच्चक्खाति चउविहंपि आहारं असणं पाणं खाइमं साइमं, अण्णत्थ अणाभोगेणं सहसाकारेणं वोसिरतित्ति ।**

अस्य व्याख्या–तल्लक्षणं चेदं–'संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः । चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ॥१॥' तत्रास्खलितपदोच्चारणं संहिता निर्दिष्टैव, अधुना पदानि–सूर्ये उद्गते नमस्कारसहितं प्रत्याख्याति, चतुर्विधमपि आहारं अशनं पानं खादिमं स्वादिमं, अन्यत्रानाभोगेन सहसाकारेण व्युत्सृजति । अधुना पदार्थ उच्यते–तत्र 'अश् भोजने' इत्यस्य ल्युडन्तस्य अश्यत इत्यशनं भवति, तथा 'पा पाने' इत्यस्य पीयत इति पानमिति, 'खादृ भक्षणे' इत्यस्य च वक्तव्यादिमन्प्रत्ययान्तस्य खाद्यत इति खादिमं भवति, एवं 'स्वद स्वर्द आस्वादने' इत्यस्य च स्वाद्यत इति स्वादिमं अथवा खाद्यं स्वाद्यं च, 'अन्यत्रे'ति परिवर्जनार्थो यथा 'अन्यत्र द्रोणभीष्माभ्यां, सर्वे योधाः पराङ्मुखा' इति, तथा आभोगनमाभोगः–न आभोगोऽनाभोगः अत्यन्तविस्मृतिरित्यर्थः, तेन, अनाभोगं मुक्त्वेत्यर्थः, तथा सहसाकरणं सहसाकारः–अतिप्रवृत्तियोगानिवर्त्तनमित्यर्थः, तेन तं मुक्त्वा–व्युत्सृजतीत्यर्थः । एष पदार्थः, पदविग्रहस्तु समासभाक्पदविषय इति क्वचिदेव भवति न सर्वत्र, स च यथासम्भवं प्रदर्शित एव, चालनाप्रत्यवस्थाने तु निर्युक्तिकारः स्वयमेव दर्शयिष्यतीति सूत्रसमुदायार्थः ॥

---

**સૂત્રાર્થ :** ટીકા પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** વ્યાખ્યાનું લક્ષણ આ પ્રમાણે છે – સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન આ પ્રમાણે સૂત્રની છ પ્રકારે વ્યાખ્યા થાય છે. તેમાં સ્ખલના વિના પદોનું ઉચ્ચારવું તે સંહિતા કે જે બતાવી જ દીધી છે. હવે પદો सूर्ये, उद्गते... વિગેરે પદો જાણવા. હવે પદાર્થ કહેવાય છે – 'ભોજન કરવું' અર્થમાં વપરાતા अश् ધાતુને ल्युट् (= अनट्) પ્રત્યય લગાડતા – જે ખવાય તે અશન શબ્દ બને છે. તથા 'પાણી વિગેરે પીવું' અર્થમાં વપરાતા 'पा' ધાતુથી – જે પીવાય તે પાન શબ્દ બને છે. 'ભક્ષણ કરવું' અર્થમાં વપરાતા 'खाद्' ધાતુને इमन् પ્રત્યય લગાડતા જે ખવાય તે ખાદિમ શબ્દ બને છે. આ જ પ્રમાણે 'સ્વાદ કરવો' અર્થમાં स्वद् અને स्वर्द् બે ધાતુ વપરાય છે. તેમાં 'સ્વદ્' ધાતુથી–જે સ્વાદ કરાય તે 'સ્વાદિમ' શબ્દ બને છે.

અથવા ખાદ્ય અને સ્વાદ્ય એમ શબ્દો જાણવા. 'અન્યત્ર' શબ્દ 'સિવાય' અર્થમાં જાણવો. જેમ કે 'દ્રોણ અને ભીષ્મ સિવાય બધા જ યોદ્ધાઓ પરાङ્મુખ થયા.' આભોગ = ઉપયોગ. આભોગ ન હોવો તે અનાભોગ, અર્થાત્ અત્યંતવિસ્મરણ. આ અનાભોગ સિવાય, તથા સહસાકાર એટલે અતિપ્રવૃત્તિયોગથી પાછા ન ફરવું તે (અર્થાત્ જેમાંથી પાછા ફરવું શક્ય ન હોય તેવો અતિપ્રવૃત્તિનો યોગ.) તેના સિવાય, અશનાદિનો હું ત્યાગ કરું છું. આ પદાર્થ કહ્યો. પદવિગ્રહ એ સમાસવાળા પદોનો જ હોવાથી અમુક પદોમાં જ પદવિગ્રહ થાય છે બધા પદોમાં નહીં. અને તે જે જે પદોમાં સંભવિત હતો ત્યાં ત્યાં જણાવી જ દીધો છે. ચાલના = પ્રશ્ન અને પ્રત્યવસ્થાન = ઉત્તર આ બંને નિર્યુક્તિકાર જાતે જ બતાવશે. આ સૂત્રનો સંક્ષેપાર્થ કહ્યો.

अधुना सूत्रस्पर्शिकनिर्युक्त्येदमेव निरूपयन्नाह —

असणं पाणगं चेव, खाइमं साइमं तहा ।
एसो आहारविही, चउव्विहो होइ नायव्वो ॥१५८९॥
आसुं खुहं समेई, असणं पाणाणुवग्गहे पाणं ।
खे माइ खाइमंति य, साएइ गुणे तओ साई ॥१५९०॥

अशनं—मण्डकौदनादि, पानं चैव—द्राक्षापानादि, खादिमं—फलादि तथा स्वादिमं—गुडताम्बूल-पूगफलादि, एष आहारविधिश्चतुर्विधो भवति ज्ञातव्य इति गाथार्थः ॥१५८९॥ साम्प्रतं समयपरिभाषया शब्दार्थनिरूपणायाह—आशु—शीघ्रं क्षुधां—बुभुक्षां शमयतीत्यशनं, तथा प्राणानाम्—इन्द्रियादिलक्षणानां उपग्रहे—उपकारे यद् वर्त्तत इति गम्यते तत् पानमिति, खमिति—आकाशं तच्च मुखविवरमेव तस्मिन् मातीति खादिमं, स्वादयति गुणान्—रसादीन् संयमगुणान् वा यतस्ततः स्वादिमं, हेतुत्वेन तदेव स्वादयतीत्यर्थः । विचित्रनिरुक्तपाठात्, भ्रमति च रौति च भ्रमर इत्यादिप्रयोगदर्शनात्, साधुरेवायमन्वर्थ इति गाथार्थः ॥१५९०॥ उक्तः पदार्थः, पदविग्रहस्तु समासभाक्पदविषय इति नोक्तः ।

अधुना चालनामाह —

सव्वोऽविय आहारो असणं सव्वोऽवि वुच्चई पाणं ।
सव्वोऽवि खाइमंति य सव्वोऽवि य साइमं होई ॥१५९१॥

---

**અવતરણિકા :** હવે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિદ્વારા આ જ અર્થનું નિરૂપણ કરતાં જણાવે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અશન = મંડક (ખાખરા વિગેરે), ભાત વગેરે, પાન = દ્રાક્ષ વિગેરેનું પાણી, ખાદિમ = ફળ વિગેરે, તથા સ્વાદિમ = ગોળ, પાન, સોપારી વિગેરે. આ પ્રમાણે આહારના પ્રકારો ચારપ્રકારના જાણવા. ||**૧૫૮૯**|| હવે સિદ્ધાન્તની પરિભાષાવડે શબ્દના અર્થનું નિરૂપણ કરવા માટે કહે છે – જે તરત જ ભૂખને નાશ કરે છે તે અશન. તથા જે ઇન્દ્રિય વિગેરેરૂપ પ્રાણોના ઉપકારમાં વર્તે છે તે પાન. ખ એટલે આકાશ. અહીં તે આકાશ તરીકે મુખનું પોલાણ જાણવું. તે મોંમાં જે માય તે ખાદિમ. રસ વિ. ગુણોનો સ્વાદ કરાવે તે સ્વાદિમ. અથવા સંયમગુણોનો જે સ્વાદ કરે = ભક્ષણ કરે તે સ્વાદિમ. સંયમગુણોના નાશનું કારણ હોવાથી તે સ્વાદિમ સંયમગુણોનું ભક્ષણ કરે છે.

જુદા–જુદા પ્રકારના નિરુક્તપાઠથી, અને જે ભમે તથા અવાજ કરે તે ભ્રમર વિગેરે પ્રયોગ થતાં દેખાતા હોવાથી અશનાદિ શબ્દોનો જે અન્વર્થ કહ્યો તે યોગ્ય જ છે. ||**૧૫૯૦**|| આ પ્રમાણે પદાર્થ કહ્યો. પદનો વિગ્રહ એ સમાસવાળા પદોમાં સંભવે છે (અને અશનાદિ બધા સમાસ વિનાના હોવાથી અહીં) પદવિગ્રહ કહ્યો નથી.

**અવતરણિકા :** હવે ચાલના = પ્રશ્નને કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

यद्यनन्तरोदितपदार्थापेक्षया अशनादीनि ततः सर्वोऽपि चाहारश्चतुर्विधोऽपीत्यर्थः अशनं, सर्वोऽपि चोच्यते पानं सर्वोऽपि च खादिमं सर्व एव च स्वादिमं भवति, अन्वर्थाविशेषात्, तथाहि—यथैवाशनमोदनमण्कादि क्षुधं शमयति तथैव पानकमपि द्राक्षाक्षीरपानादि खादिममपि च फलादि स्वादिममपि ताम्बूलपुगफलादि, यथा च पानं प्राणानामुपग्रहे वर्त्तते एवमशनादीन्यपि, तथा चत्वार्यपि खे मान्ति चत्वार्यपि वा स्वादयन्ति आस्वाद्यन्ते वेति न कश्चिद् विशेषः, तस्मादयुक्तमेवं भेद इति गाथार्थः ॥१५९१॥

इयं चालना, प्रत्यवस्थानं तु—यद्यपि एतदेवं तथापि तुल्यान्वर्थप्राप्तावपि रूढितो नीतिः, प्रयोजनं च संयमोपकारकमस्ति एवं कल्पनायाः, अन्यथा दोषः, तथा चाह —

**जइ असणमेव सव्वं पाणग अविवज्जणंमि सेसाणं ।**
**हवइ य सेसविवेगो तेण विहत्ताणि चउरोऽवि ॥१५९२॥**

यद्यशनमेव सर्वमाहारजातं गृह्यते ततः शेषापरिभोगेऽपि पानकाविवर्जने—उदकापरित्यागे शेषाणामाहारभेदानां निवृत्तिर्न कृता भवतीति वाक्यशेषः, ततः का नो हानिरिति चेत् ? भवति

---

**ટીકાર્થ :** જો હમણાં કહેવાયેલા પદાર્થની અપેક્ષાએ (= સિદ્ધાન્તની પરિભાષા પ્રમાણે) અશનાદિ સમજવાના હોય તો ચારે પ્રકારનો આહાર અશનરૂપ છે, ચારે પ્રકારનો આહાર પાનકરૂપ છે, બધો જ ખાદિમ છે અને બધો જ સ્વાદિમ છે, કારણ કે અન્વર્થમાં કોઈ ભેદ પડતો નથી. તે આ પ્રમાણે – જે રીતે ભાત, ખાખરા વિગેરે અશન ભૂખને સમાવે છે તે જ રીતે દ્રાક્ષનું પાણી, ખીર વિગેરે પાનક, ફળાદિ ખાદિમ અને પાન, સોપારી વિગેરે સ્વાદિમ પણ ભૂખને શમાવે છે. જેમ પાનક એ પ્રાણોના ઉપકાર માટે થાય છે એ જ પ્રમાણે અશન વિગેરે પણ ઉપકાર માટે થાય છે. તથા અશનાદિ ચારે પણ મોંરૂપ આકાશમાં સમાય જ છે. અથવા અશનાદિ ચારે પણ સ્વાદ આપે છે કે ચખાય છે. આમ ચારેના અન્વર્થમાં કોઈ ભેદ નથી તેથી આ પ્રમાણેના ચાર પ્રકાર પાડવા તે યોગ્ય નથી. ॥૧૫૯૧॥

**અવતરણિકા :** આ ચાલના કહી. તેનો ઉત્તર આ પ્રમાણે જાણવો – જો કે આ પ્રમાણે ચારેમાં કોઈ ભેદ નથી તો પણ એટલે કે તુલ્ય અન્વર્થની પ્રાપ્તિ થવા છતાં પણ આ રીતના ભેદો એ રુઢિથી (= લોકમાં ખીર વિગેરે પાનક તરીકે રૂઢ થયેલા છે. એ જ પ્રમાણે ખાદિમ વિગેરેમાં સમજવું. આમ રૂઢિથી) ન્યાય્ય છે. અને આવી કલ્પનાનું પ્રયોજન માત્ર 'સંયમ ઉપકાર' છે, બાકી દોષ લાગે. આ જ વાત આગળ કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જો પાનક વિગેરે બધા જ આહારને અશન તરીકે સમજવાનું હોય તો પાણીનો અત્યાગ અને શેષનો ત્યાગ કરવા છતાં (એટલે કે પાણી સિવાયના શેષ ત્રણ આહારનો ત્યાગ કરવા છતાં) શેષ અશનાદિ ત્રણ આહારની નિવૃત્તિ કરાયેલી નહીં થાય (ટૂંકમાં પાણી વિગેરે ચારેને જો અશન જ માનવું હોય તો અશનાદિ સિવાય માત્ર પાણી વાપરવાની ઇચ્છાથી પચ્ચક્ખાણ કરનાર પાણી સિવાય ત્રણ આહાર વાપરતો નથી છતાં શેષ ત્રણ આહારનો ત્યાગ ગણાશે નહીં.)

च शेषविवेकः—अस्ति च शेषाहारभेदपरित्यागः, न्यायोपपन्नत्वात्, प्रेक्षापूर्विकारितया त्यागपालनं न्यायः, स चेह सम्भवति, तेन विभक्तानि चत्वार्यपि अशनादीनि, तदेकभावेऽपि तत्तद्भेदपरित्यागे एतदुपपद्यत एवेति चेत्, सत्यमुपपद्यते दुरवसेयं तु भवति, तस्यैव देशस्त्यक्तस्तस्यैव नेति 'अर्द्धं कुक्कुट्याः पच्यते अर्द्धं प्रसवाय कल्प्यते' इति, अपरिणतानां श्रद्धानं च न जायते, एवं तु सामान्यविशेषभेदनिरूपणायां सुखावसेयं सुखश्रद्धेयं च भवति इति गाथार्थः ॥१५९२॥ तथा चाह —

असणं पाणगं चेव, खाइमं साइमं तहा ।
एवं परूवियंमी, सद्दहिउं जे सुहं होइ ॥१५९३॥

अशनं पानकं चैव खादिमं स्वादिमं तथा, एवं प्ररूपिते—सामान्यविशेषभावेनाख्याते, तथावबोधात् श्रद्धातुं सुखं भवति, सुखेन श्रद्धा प्रवर्त्तते, उपलक्षणत्वाद् दीयते पाल्यते च सुखमिति गाथार्थः ॥१५९३॥

आह—मनसाऽन्यथा संप्रधारिते प्रत्याख्याने त्रिविधस्य प्रत्याख्यानं करोमीति वागन्यथा विनिर्गता

---

**શંકા :** તેમાં અમારે શું તકલીફ પડી ગઈ ? **સમાધાન :** શેષ આહારના ભેદોનો ત્યાગ તો થાય જ છે કારણ કે ન્યાયથી ઘટે છે. (એટલે કે પાણી સિવાયના ૩ આહારનો બુદ્ધિપૂર્વક ત્યાગ તો થાય જ છે. અને) બુદ્ધિપૂર્વકનાં ત્યાગનું પાલન એ ન્યાય છે. અને તે અહીં એટલે કે અશનાદિ જુદા-જુદા રાખો તો ઘટી શકે છે. તેથી અશનાદિ જુદા જુદા રાખ્યા છે.

**શંકા :** અશન વિગેરેનો ભેદ પાડવાના બદલે ચારે એક જ રાખીએ તો પણ તે તે ભેદોનો પરિત્યાગ કરતા ત્યાગનું પાલન ઘટે જ છે.

**સમાધાન :** સાચી વાત છે ઘટે, પરંતુ તે દુઃખેથી જણાય છે. તે આ પ્રમાણે કે – અશનના જ સ્વાદિમ વિગેરે એક દેશનો ત્યાગ કર્યો અને અશન–પાનકરૂપ એક દેશનો ત્યાગ ન કર્યો હોય ત્યારે 'કૂકડીનું અડધું શરીર પકાવાય છે અને અડધું શરીર ઇંડા માટે કલ્પાય છે' એવું માનવું જેમ અશક્ય છે તેમ અપરિણતજીવો માટે આવો ભેદ પાડવો શક્ય બને નહીં અને તેઓને એની શ્રદ્ધા પણ થાય નહીં. જ્યારે સામાન્ય અને વિશેષભેદોની નિરૂપણા કરતા સુખેથી જાણી શકે અને સુખેથી શ્રદ્ધા થઇ શકે. માટે અશનાદિ ચાર ભેદ યોગ્ય જ છે. **॥૧૫૯૨॥** આ જ વાતને કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અશન, પાનક, સ્વાદિમ અને ખાદિમ આમ, ચાર પ્રકાર પાડીને સામાન્ય અને વિશેષ રીતે (એટલે કે સામાન્ય રીતે ચારે આહારરૂપ છે પણ વિશેષ રીતે કોઇ અશનરૂપ છે, કોઇ પાનકરૂપ છે વિગેરે રીતે) પ્રરૂપણા થાય તો તે પ્રમાણેનો બોધ થવાથી સુખેથી શ્રદ્ધા થાય છે. અને ઉપલક્ષણથી સુખેથી પચ્ચક્ખાણ દેવાય અને સુખેથી જીવ તેનું પાલન કરી શકે. **॥૧૫૯૩॥**

**અવતરણિકા : શંકા :** શિષ્યે મનમાં ત્રિવિધ આહારના પ્રત્યાખ્યાનની ધારણા કરી અને ગુરુને કહેવાના સમયે "મારે ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરવું છે" એવી વાણી નીકળી. તેથી

चतुर्विधस्येति गुरुणाऽपि तथैव दत्तमत्र कः प्रमाणं ?, उच्यते, शिष्यस्य मनोगतो भाव इति, आह च —

अन्नत्थ निवडिए वंजणंमि जो खलु मणोगओ भावो ।
तं खलु पच्चक्खाणं न पमाणं वंजणच्छलणा ॥१५९४॥

'अन्यत्र निपतिते व्यञ्जने' त्रिविधप्रत्याख्यानचिन्तायां चतुर्विध इत्येवमादौ निपतिते शब्दे यः खलु मनोगतो भावः प्रत्याख्यातुः खलुशब्दो विशेषणे अधिकतरसंयमयोगकरणापहृतचेतसोऽन्यत्र निपतिते न तु तथाविधप्रमादात् यो मनोगतो भावः आद्यः तत् खलु प्रत्याख्यानं प्रमाणं, अनेनापान्तरालगतसूक्ष्मविवक्षान्तरप्रतिषेधमाह, आद्याया एव प्रवर्त्तकत्वात्, व्यवहारदर्शनस्य चाधिकृतत्वाद्, अतो न प्रमाणं व्यञ्जनं—तच्छिष्याचार्ययोर्वचनं, किमिति ?, छलनाऽसौ व्यञ्जनमात्रं, तदन्यथाभावसद्भावादिति गाथार्थः ॥१५९४॥

इदं च प्रत्याख्यानं प्रधाननिर्जराकारणमिति विधिवदनुपालनीयं, तथा चाह —

---

ગુરુએ પણ ચારપ્રકારના આહારનું પ્રત્યાખ્યાન આપ્યું તો અહીં કયું પચ્ચક્ખાણ પ્રમાણભૂત ગણવું ? **સમાધાન :** શિષ્યના મનમાં જે ભાવ હતો તે પ્રમાણેનું પચ્ચક્ખાણ પ્રમાણ ગણવું. આ જ વાત કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ત્રિવિધપ્રત્યાખ્યાનની વિચારણા કર્યા બાદ શિષ્યના મોંમાંથી ચોવિહાર પચ્ચક્ખાણના શબ્દો બહાર નીકળે ત્યારે પ્રત્યાખ્યાન લેનારના જે મનોગત ભાવો છે. અહીં 'खलु' શબ્દ વિશેષ અર્થને જણાવે છે તે આ પ્રમાણે કે – તેવા પ્રકારના પ્રમાદને કારણે નહીં પણ અધિકતર એવા સંયમયોગોને કરવાના ભાવોવાળા (એટલે કે જો હું ચોવિહારપચ્ચ. કરવા જઈશ તો મારા અમુક સંયમયોગો સિદાશે. તેના બદલે તિવિહારપચ્ચ. કરીશ તો સ્વાધ્યાય, વૈયાવચ્ચ વિગેરે યોગો મારા સિદાશે નહિ. આમ અધિકતર સંયમયોગોના પાલનમાં જેનું ચિત્ત પરોવાયેલું છે) એવા શિષ્યના મોંમાંથી જ્યારે મનના ભાવો કરતા જુદા શબ્દો નીકળ્યા હોય ત્યારે જે મનનો પ્રથમ ભાવ છે તે પ્રમાણેનું પ્રત્યાખ્યાન જ પ્રમાણ બને છે. આનાદ્વારા વચ્ચે રહેલ સૂક્ષ્મ એવી અન્યવિવક્ષાનો નિષેધ કહ્યો, (અર્થાત્ ગુરુએ પચ્ચ૦ આપવાનું શરૂ કર્યું અને તે હજુ પૂર્ણ થાય તે વચ્ચેના કાળમાં શિષ્યના મનમાં ચાલતી સૂક્ષ્મ વિવક્ષાઓ = વિચારણાઓ જેમ કે, હું ચોવિહાર કરું કે તિવિહાર કરું વિગેરે વિવક્ષાઓનો નિષેધ કહ્યો અર્થાત્ તે વિવક્ષાઓ પ્રમાણભૂત નથી,) કારણ કે પ્રથમ વિવક્ષા જ પ્રત્યાખ્યાનનું પ્રવર્તન કરાવનારી છે. વળી અહીં વ્યવહારનયનો જ અધિકાર છે. અને વચ્ચેની સૂક્ષ્મવિવક્ષાઓની અપેક્ષાએ મનોગત પ્રથમભાવ જ વ્યવહારનયનો વિષય બનતો હોવાથી શિષ્ય અને ગુરુના વચનો પ્રમાણભૂત બનતા નથી. શા માટે ? તે કહે છે કે તે વચનો એ તો છલના છે અર્થાત્ શબ્દમાત્ર જ છે, મનમાં તો તેના કરતા જુદા ભાવો રહેલા છે. ॥૧૫૯૪॥

**અવતરણિકા :** આ પ્રત્યાખ્યાન પ્રધાનનિર્જરાનું કારણ હોવાથી વિધિપૂર્વક પાલવું જોઈએ. આ જ વાતને કહે છે ⇨

फासियं पालियं चेव, सोहियं तीरियं तहा ।
किट्टिअमाराहिअं चेव, एरिसयंमी पयइयव्वं ॥१५९५॥

स्पृष्टं–प्रत्याख्यानग्रहणकाले विधिना प्राप्तं, पालितं चैव–पुनः पुनरुपयोगप्रतिजागरणेन रक्षितं, शोभितं–गुर्वादिप्रदानशेषभोजनासेवनेन, तीरितं तथा–पूर्णेऽपि कालावधौ किञ्चित्-कालावस्थानेन, कीर्त्तितं–भोजनवेलायाममुकं मया प्रत्याख्यातं तत् पूर्णमधुना भोक्ष्य इत्युच्चारणेन, आराधितं चैव–एभिरेव प्रकारैः सम्पूर्णैर्निष्ठां नीतं, यस्मादेवंभूतमेव तदाज्ञापालनादप्रमादाच्च महत्कर्मक्षयकारणं तस्माद् ईदृशि प्रयतितव्यमिति एवंभूत एव प्रत्याख्याने यत्नः कर्तव्य इति गाथार्थः ॥१५९५॥

साम्प्रतमनन्तरपारम्पर्येण तत्प्रत्याख्यानगुणानाह —

पच्चक्खाणंमि कए आसवदाराइं हुंति पिहियाइं ।
आसववुच्छेएणं य तण्हावुच्छेअणं होइ ॥१५९६॥
तण्हावोच्छेदेण य अउलोवसमो भवे मणुस्साणं ।
अउलोवसमेण पुणो पच्चक्खाणं हवइ सुद्धं ॥१५९७॥
तत्तो चरित्तधम्मो कम्मविवेगो तओ अपुव्वं तु ।
तत्तो केवलनाणं तओ अ मुक्खो सयासुक्खो ॥१५९८॥

प्रत्याख्याने कृते–सम्यग्निवृत्तौ कृतायां किम् ?–आश्रवद्वाराणि भवन्ति पिहितानि–तद्विषयप्रतिबद्धानि कर्मबन्धद्वाराणि भवन्ति स्थगितानि, तत्राप्रवृत्तेः, 'आश्रवव्यवच्छेदेन च'

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (૧) स्पृष्टं – એટલે પ્રત્યાખ્યાન ગ્રહણ કરતી વેળાએ વિધિપૂર્વક ગ્રહણ કર્યું હોય. (૨) पालितं – 'મારે આજે આ પચ્ચક્ખાણ છે' એવો વારંવાર ઉપયોગ રાખવા પૂર્વક પચ્ચક્ખાણનું રક્ષણ કરવું. (૩) शोभितं – ગુરુવિગેરેને આપ્યા બાદ વધેલા ભોજનને વાપરવાદ્વારા પચ્ચક્ખાણ શોભાવવું. (૪) तीरितं – પચ્ચક્ખાણનો સમય પૂર્ણ થવા છતાં પણ કેટલોકકાળ પચ્ચક્ખાણમાં રહેવું. (૫) कीर्त्तितं – વાપરવાના સમયે 'મેં અમુક પચ્ચક્ખાણ કર્યું હતું તે પૂર્ણ થયું છે. હવે હું વાપરું છું' એ પ્રમાણેના ઉચ્ચારદ્વારા કીર્તન કરવું. (૬) आराधितं – આ સ્પૃષ્ટ વિગેરે બધા પ્રકારોનું પાલન કરવાદ્વારા પચ્ચક્ખાણ સારી રીતે પૂર્ણ કરવું. જે કારણથી આવા પ્રકારનું જ પચ્ચક્ખાણ મોટાપ્રમાણના કર્મક્ષયનું કારણ બને છે, કારણ કે તેમાં આજ્ઞાપાલન અને અપ્રમાદ છે, તે કારણથી આવા પ્રકારના જ પ્રત્યાખ્યાનમાં પ્રયત્ન કરવો જોઈએ. ॥૧૫૯૫॥

અવતરણિકા : હવે અનંતર–પરંપરાએ વિધિપૂર્વકના પ્રત્યાખ્યાનના ગુણોને કહે છે ⇨

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : પ્રત્યાખ્યાન કરવાથી = સમ્યગ્ રીતે નિવૃત્તિ થવાથી આશ્રવદ્વારો બંધ થાય છે એટલે કે આશ્રવના વિષય બનતા એવા કર્મબંધના દ્વારો અટકાવેલા થાય છે, કારણ કે તેમાં પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે. આશ્રવના વ્યવચ્છેદથી = કર્મબંધના દ્વારોને બંધ કરવાથી = સંવર કરવાથી વિષયતૃષ્ણા

कर्मबन्धद्वारस्थगनेन च संवरेण चेत्यर्थः, किं ?—तृड्व्यवच्छेदनं भवति—तद्विषयाभिलाषनिवृत्तिर्भवतीति गाथार्थः ॥१५९६॥ 'तृड्व्यवच्छेदेन च' तद्विषयाभिलाषनिवृत्त्या च अतुलः—अनन्यसदृशः उपशमो—मध्यस्थपरिणामो भवति मनुष्याणां—जायते पुरुषाणां, पुरुषप्रणीतः पुरुषप्रधानश्च धर्म इति ख्यापनार्थं मनुष्यग्रहणम्, अन्यथा स्त्रीणामपि भवत्येव, अतुलोपशमेन पुनः—अनन्यसदृशमध्यस्थपरिणामेन पुनः प्रत्याख्यानं—उक्तलक्षणं भवति—शुद्धं जायते निष्कलङ्कमिति गाथार्थः ॥१५९७॥ ततः प्रत्याख्यानाच्छुद्धाच्चारित्रधर्मः स्फुरतीति वाक्यशेषः, कर्मविवेकः—कर्मनिर्जरा ततः—चारित्रधर्मात्, ततश्चेति द्विरावर्त्त्यते ततश्च—तस्माच्च कर्मविवेकात् 'अपूर्व'मिति क्रमेणापूर्वकरणं भवति, ततः—अपूर्वकरणाच्छ्रेणिक्रमेण केवलज्ञानं, ततश्च—केवलज्ञानाद् भवोपग्राहिकर्मक्षयेण मोक्षः सदासौख्यः—अपवर्गो नित्यसुखो भवति, एवमिदं प्रत्याख्यानं सकलकल्याणैककारणं अतो यत्नेन कर्त्तव्यमिति गाथार्थः ॥१५९८॥

इदं च प्रत्याख्यानमिहोपाधिभेदाद् दशविधं भवति आकारसमन्वितं वा गृह्यते पाल्यते वा, अत इदमभिधित्सुराह —

नमुक्कारपोरिसीए पुरिमड्डेगासणेगठाणे य ।
आयंबिल अभत्तट्ठे चरमे य अभिग्गहे विगई ॥१५९९॥
दो छच्च सत्त अट्ठ सत्तट्ठ य पंच छच्च पाणंमि ।
चउ पंच अट्ठ नव य पत्तेयं पिंडए नवए ॥१६००॥

---

નાશ પામે છે એટલે કે વિષયો પ્રત્યેની ઇચ્છાની નિવૃત્તિ થાય છે. ॥૧૫૯૬॥ વિષયો પ્રત્યેની ઇચ્છાની નિવૃત્તિ થવાથી મનુષ્યોને બીજા સાથે તુલના ન થઇ શકે એવો મધ્યસ્થ પરિણામ ઉત્પન્ન થાય છે. અહીં ધર્મ એ પુરુષથી સ્થપાયેલો છે અને પુરુષ પ્રધાન છે એવું જણાવવા માટે મનુષ્યનું ગ્રહણ કરેલ છે. બાકી સ્ત્રીઓને પણ પચ્ચકખાણ કરવાથી ઉપરોક્ત ફળ પ્રાપ્ત થાય જ છે. અને અનન્યસદશ એવા ઉપશમભાવથી પ્રત્યાખ્યાન શુદ્ધ = નિષ્કલંક બને છે. ॥૧૫૯૭॥

શુદ્ધ એવા પ્રત્યાખ્યાનથી ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય છે. તે ચારિત્રધર્મથી કર્મનો ક્ષય થાય છે. 'ततश्च' શબ્દ બે વાર સમજવો. અને તે કર્મક્ષયથી અપૂર્વકરણની પ્રાપ્તિ થાય છે. તે અપૂર્વકરણથી શ્રેણિની પ્રાપ્તિ અને તે શ્રેણિદ્વારા કેવલજ્ઞાન, તે કેવલજ્ઞાનથી અઘાતિકર્મનો ક્ષય થવાદ્વારા નિત્યસુખવાળો મોક્ષ થાય છે. આ પ્રમાણે આ પ્રત્યાખ્યાન સર્વકલ્યાણોનું એક કારણ હોવાથી પૂર્ણ પ્રયત્ન કરવાદ્વારા પ્રત્યાખ્યાન કરવું જોઇએ (એટલે કે પ્રત્યાખ્યાનમાં પૂર્ણ યત્ન કરવો જોઇએ.) ॥૧૫૯૮॥

**અવતરણિકા :** આ પ્રત્યાખ્યાન અહીં ઉપાધિભેદથી દશ પ્રકારનું છે. અથવા આગારો સહિત પ્રત્યાખ્યાન ગ્રહણ કરાય છે કે તેનું પાલન થાય છે. તેથી તેને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

दोच्चेव नमुक्कारे आगारा छच्च पोरिसीए उ ।
सत्तेव य पुरिमड्ढे एगासणगंमि अट्ठेव ॥१६०१॥
सत्तेगट्ठाणस्स उ अट्ठेवायंबिलंमि आगारा ।
पंचेव अभत्तट्ठे छप्पाणे चरिम चत्तारि ॥१६०२॥
पंच चउरो अभिग्गहि निव्वीए अट्ठ नव य आगारा ।
अप्पाउराण पंच उ हवंति सेसेसु चत्तारि ॥१६०३॥

नमस्कार इत्युपलक्षणत्वात् नमस्कारसहिते पौरुष्यां पुरिमार्द्धे एकाशने एकस्थाने च आचामाम्ले अभक्तार्थं चरमे च अभिग्रहे विकृतौ, किं ?, यथासङ्ख्यमेते आकाराः, द्वौ षट् च सप्त अष्टौ सप्ताष्टौ पञ्च षट् पाने चतुः पञ्च अष्टौ नव प्रत्येकं पिण्डको नवक इति गाथाद्वयाक्षरार्थः ॥१५९९-१६००॥ भावार्थमाह–द्वावेव नमस्कारे आकारौ, इह नमस्कारग्रहणान्नमस्कारसहितं गृह्यते, तत्र द्वावेवाकारौ, आकारो हि नाम प्रत्याख्यानापवादहेतुः, इह च सूत्रं 'सूरे उग्गए णमोक्कारसहितं पच्चक्खाइ' इत्यादि साकारं व्याख्यातमेव, षट् चेति पौरुष्यां तु, इह च पौरुषी नाम–प्रत्याख्यानविशेषस्तस्यां षट् आकारा भवन्ति, इह चेदं सूत्रम् —

**पोरुसिं पच्चक्खाति, उग्गते सूरे चउव्विहंपि आहारं असणं ४ अण्णत्थऽणाभोगेणं सहसाकारेणं पच्छन्नकालेणं दिसामोहेणं साधुवयणेणं सव्वसमाहिवत्तियागारेणं**

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** 'નમસ્કાર' શબ્દ ઉપલક્ષણ હોવાથી (૧) નમસ્કારસહિતનું પ્રત્યાખ્યાન સમજવું. (૨) પોરિસી, (૩) પુરિમઢ્ઢ, (૪) એકાસણ, (૫) એકઠાણું, (૬) આયંબિલ, (૭) ઉપવાસ, (૮) ચરમ, (૯) અભિગ્રહ અને (૧૦) વિગઇ. આ દશે પ્રત્યાખ્યાનમાં ક્રમશઃ બે, છ, સાત, આઠ, સાત, આઠ, પાંચ, પાનકના પ્રત્યાખ્યાનમાં છ, ચાર, પાંચ, આઠ (અથવા) નવ. આ પ્રમાણે (ક્રમશઃ) પ્રત્યેક = દરેક પ્રત્યાખ્યાનમાં આગારો જાણવા. બધા ભેગા કરીએ તો નવ આગારો થાય છે. (અર્થાત્ કોઇપણ પ્રત્યાખ્યાનમાં નવ આગારોથી વધારે આગારો આવતા નથી. વધારેમાં વધારે નવ આગારો આવે. અથવા પિંડ = કઠિન એવી વિગઇ હોય તો નવ આગારો જાણવા. ॥૧૫૯૯–૧૬૦૦॥

ભાવાર્થ જણાવે છે – અહીં નમસ્કાર એટલે નમસ્કારસહિત જાણવું. તેમાં બે જ આગારો છે. આગાર એટલે પ્રત્યાખ્યાનનાં અપવાદનું કારણ. અહીં સૂરે ઉગ્ગએ... વિગેરે આગારો સહિતનું સૂત્ર પૂર્વે કહી દીધું છે. (સૂત્રનો અર્થ આ પ્રમાણે જાણવો – સૂર્યોદયથી આરંભીને એક મુહૂર્ત સુધી નમસ્કારસહિતનું પચ્ચક્ખાણ કરે છે. (કેવી રીતે ?) અશનાદિ ચારે આહારનો અનાભોગ અને સહસાગાર સિવાય ત્યાગ કરે છે.) પોરિસી પ્રત્યાખ્યાનમાં છ આગારો જાણવા. અહીં પોરિસી એટલે એક વિશેષપ્રકારનું પચ્ચક્ખાણ જાણવું. તેનું સૂત્ર આ પ્રમાણે છે ➾

**સૂત્રાર્થ : પોરિસીનું પચ્ચક્ખાણ કરે છે. (કેવી રીતે ?) સૂર્યોદયથી આરંભીને અશનાદિ ચાર પ્રકારના આહારનો અનાભોગ, સહસાગાર, પ્રચ્છન્નકાળ, દિશામોહ,**

वोसिरइ । ( सूत्रं )

व्याख्या—अनाभोगसहसाकारसंगतिः पूर्ववत्, प्रच्छन्नकालादीनां त्विदं स्वरूपं—पच्छण्णातो[२६] दिसा उ रएण रेणुणा पव्वएण वा अब्भएण वा अंतरिते सूरो ण दीसति, पोरुसी पुण्णत्तिकातुं पारितो, पच्छा णातं ताहे ठाइतव्वं ण भग्गं, जति भुंजति तो भग्गं, एवं सव्वेहिवि, दिसामोहेण कस्सइ पुरिसस्स कम्हिवि खेत्ते दिसामोहो भवति, सो पुरिमं पच्छिमं दिसं जाणति, एवं सो दिसामोहेण—अइरुग्गदंपि सूरं दट्ठुं उस्सूरीभूतंति मण्णति णाते ठाति, साधुवयणेण—साधुणो भणंति—उग्घाडपोरुसी ताव सो पजिमितो, पारित्ता मिणति अन्नो वा मिणइ, तेणं से भुञ्जंतस्स कहितं ण पूरतित्ति, ताहे ठाइयव्वं, समाधी णाम तेण य पोरुसी पच्चक्खाता, आसुकारितं च दुक्खं जातं अण्णस्स वा, ताहे तस्स पसमणणिमित्तं पाराविज्जति ओसहं वा दिज्जति, एत्थंतरा

સાધુવચન, અને સર્વસમાધિના કારણરૂપ આગાર સિવાય ત્યાગ કરે છે.

ટીકાર્થ : અનાભોગ અને સહસાગારનું સ્વરૂપ પૂર્વની જેમ જાણવું. પ્રચ્છન્નકાળાદિનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું – પ્રચ્છન્નકાળ : રજકણો, રેણુ કે પર્વતને કારણે દિશાઓ ઢંકાઇ ગઇ હોય (અને તેને કારણે સૂર્ય દેખાતો ન હોય) કે વાદળોથી ઢંકાયેલો સૂર્ય દેખાતો ન હોય. ત્યારે પોરિસીનો સમય પૂર્ણ થયો છે એમ જાણી પચ્ચક્ખાણ પારી લીધું અને પાછળથી ખબર પડે ત્યારે જેવી ખબર પડે કે તરત વાપરતા જો અટકી જાય તો ભંગ થતો નથી. જો વાપરવાનું ચાલુ રાખે તો ભંગ થાય. આ જ પ્રમાણે ખબર પડતા બધા સાધુઓએ પણ (એટલે કે પોરિસીપચ્ચક્ખાણસમયે વાપરનારા જેટલા હોય તેટલા બધાએ) વાપરતા અટકી જવું.

દિશામોહ : કોઇક પુરુષને કોઇક ક્ષેત્રમાં દિશામોહ થાય છે, અર્થાત્ તે પૂર્વદિશાને પશ્ચિમદિશા માની બેસે છે. આ પ્રમાણે તે દિશામોહને કારણે હમણાં જ ઉગેલા એવા પણ સૂર્યને જોઇને સૂર્યાસ્ત થવા આવ્યો છે (એમ સમજીને વાપરવા લાગે.) પરંતુ જ્યારે ખબર પડે કે પોરિસી હજુ પૂર્ણ થઇ નથી તો વાપરતા અટકી જાય. સાધુવચન : સાધુઓ કહે – 'પોરિસી પૂર્ણ થઇ ગઇ છે.' એટલે વાપરવાની ઇચ્છાવાળો તે સાધુ પચ્ચક્ખાણ પારીને છાયાને માપે અથવા બીજો કોઇ સાધુ માપે. તે બીજો સાધુ વાપરતા તે સાધુને કહે કે હજુ પોરિસી પૂર્ણ થઇ નથી. ત્યારે વાપરતા અટકી જવું.

સર્વસમાધિપ્રત્યયાગાર : સાધુએ પોરિસીનું પ્રત્યાખ્યાન કર્યું. પોરિસી પચ્ચક્ખાણ આવતા પહેલાં તે સાધુને કે અન્ય સાધુને તરત (મરણ વિગેરે) કરે એવું દુઃખ ઉત્પન્ન થયું. ત્યારે તે દુઃખને

२६. प्रच्छन्ना दिशो रजसा रेणुना पर्वतेन वा अभ्रेण वाऽन्तरिते सूर्यो न दृश्यते, पौरुषी पूर्णेतिकृत्वा पारितवान्, पश्चात् ज्ञातं तदा स्थातव्यं, न भग्नं यदि भुङ्क्ते तदा भग्नं, सर्वैरप्येवं, दिग्मोहेन कस्यचित् पुरुषस्य कस्मिन्नपि क्षेत्रे दिग्मोहो भवति, स पूर्वां पश्चिमां दिशं जानाति, एवं स दिग्मोहेन अचिरोद्गतमपि सूर्यं दृष्ट्वा उत्सूर्यीभूतमिति मन्यते ज्ञाते तिष्ठति, साधुवचनेन साधवो भणन्ति-उद्घाटा पौरुषी तावत् स प्रजिमितः पारयित्वा मिनोति अन्यो वा मिनोति, तेन तस्मै भुञ्जानाय कथितं न पूर्य्यत इति, तदा स्थातव्यं । समाधिर्नाम तेन च पौरुषी प्रत्याख्याता, आशुकारि च दुःखं जातमन्यस्य वा, तदा तस्य प्रशमनानिमित्तं पार्यते ओषधं वा दीयते, अत्रान्तरे

[२७]णाते तहेव विवेगो, सप्तैव च पुरिमार्द्धे–पुरिमार्द्धं प्रथमप्रहरद्वयकालावधिप्रत्याख्यानं गृह्यते तत्र सप्त आकारा भवन्ति, इह च इदं सूत्रं–'सूरे उग्गते' इत्यादि, षडाकारा गतार्थाः, नवरं महत्तराकारः सप्तमः, असावपि सर्वोत्तरगुणप्रत्याख्याने साकारे कृताधिकारे अत्रैव व्याख्यात इति न प्रतन्यते, एकाशने अष्टावेव, एकाशनं नाम सकृदुपविष्टपुताचालनेन भोजनं, तत्राष्टावाकारा भवन्ति, इह चेदं सूत्रं —

'एक्कासण'मित्यादि 'अण्णत्थऽणाभोगेणं सहसाकारेणं सागारियागारेणं आउंटणपसारणेणं गुरुअब्भुट्ठाणेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरति । ( सूत्रं )

अणाभोगसहसाकारा तहेव, सागारियं अद्धसमुद्दिट्ठस्स आगतं जति वोलेति पडिच्छति, अह थिरं ताहे सज्झायवाघातोत्ति उट्ठेउं अण्णत्थ गंतूणं समुद्दिसति, हत्थं पादं वा सीसं वा आउंटेज्ज

---

શાંત પાડવા સાધુને પચ્ચક્ખાણ પરાવાય કે ઔષધ આપે (તો પણ પચ્ચક્ખાણનો ભંગ થતો નથી.) કદાચ એવું થાય કે થોડુંક ખાધું અને દુઃખ શાંત થઈ ગયું અથવા જેની માટે પોતે પચ્ચક્ખાણ પારીને વાપરી રહ્યો છે તે ગ્લાન મૃત્યુ પામ્યો છે તો તરત બાકીનું ભોજન વાપરવાનો ત્યાગ કરવો.

પુરિમઙ્ઢમાં સાત આગારો જાણવા. પુરિમઙ્ઢને એટલે કે પ્રથમ બે પ્રહર સુધીનું પ્રત્યાખ્યાન ગ્રહણ કરે, તેમાં સાત આગારો થાય છે. તેનું સૂત્ર આ પ્રમાણે જાણવું. 'सूरे उग्गते....' વિગેરે અર્થ અને છ આગારો પૂર્વની જેમ સ્પષ્ટ જ છે. સાતમું મહત્તરાગાર છે. આ આગારનું પણ સર્વોત્તરગુણ-પ્રત્યાખ્યાનમાં સાકારપ્રત્યાખ્યાનનો અધિકાર ચાલતો હતો ત્યારે આ જ અધ્યયનમાં તે અધિકાર દરમિયાન વ્યાખ્યાન કરાઈ ગયેલું હોવાથી અહીં જણાવતા નથી. ( તેનો સ્પષ્ટ અર્થ આ પ્રમાણે જાણવો – પ્રત્યાખ્યાનના પાલનથી પ્રાપ્ત નિર્જરાની અપેક્ષાએ વધુ નિર્જરાની પ્રાપ્તિનું કારણ કે જે બીજાવડે સાધવું શક્ય ન હોય તેવું ગ્લાનાદિપ્રયોજન મહત્તર તરીકે જાણવું. તે રૂપ જે આગાર તે મહત્તરાગાર.) એકાસણમાં આઠ જ આગાર જાણવા. બેસવાના ભાગને હલાવ્યા વિના એકવાર ભોજન કરવું તે એકાશન જાણવું. તેમાં આઠ આગારો છે. તેનું સૂત્ર આ પ્રમાણે છે ⇨

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** એકાસણનું પ્રત્યાખ્યાન કરે વિગેરે અર્થ પૂર્વની જેમ જાણવો. તેમાં અનાભોગ અને સહસાગારનું સ્વરૂપ તે જ પ્રમાણે જાણવું. **સાગારિકાગાર :** અર્ધું વાપર્યું અને કોઈ સાગારિક = ગૃહસ્થ આવ્યો ત્યારે જો તે ગૃહસ્થ જતો રહેવાનો હોય તો સાધુ વાપરવાનું બંધ કરી તેના જતા રહેવાની રાહ જુએ. હવે જો તે ગૃહસ્થ ત્યાં જ ઊભો રહેવાનો હોય તો સ્વાધ્યાયનો વ્યાઘાત ન થાય તે માટે ત્યાંથી ઊઠીને અન્ય સ્થાને જઈને વાપરે. **આકુંચન–પસારણાગાર :** વાપરવા બેઠેલો સાધુ પોતાના હાથ, પગ કે મસ્તકને સંકોચે કે પ્રસારે છતાં એકાશનનો ભંગ થતો નથી.

---

२७. ज्ञाते तथैव विवेकः । अनाभोगसहसाकारौ तथैव, सागारिकोऽर्थसमुद्दिष्टे आगतः यदि व्यतिक्राम्यति प्रतीक्ष्यते अथ स्थिरस्तदा स्वाध्यायव्याघात इति उत्थायान्यत्र गत्वा समुद्दिश्यते, हस्तं पादं वा शीर्षं वा आकुञ्चयेत्

[२८]वा पसारेज्ज वा ण भज्जति, अब्भुट्ठाणारिहो आयरिओ पाहुणगो वा आगतो अब्भुट्ठेतव्वं तस्स, एवं समुद्दिट्ठस्स परिट्ठावणिया जति होज्ज कप्पति, महत्तरागारसमाधी तु तहेवत्ति गाथार्थः ।।१६०१।। 'सप्तैकस्थानस्य तु' एकस्थानं नाम प्रत्याख्यानं तत्र सप्ताकारा भवन्ति, इहेदं सूत्रं–'एगट्ठाण'मित्यादि एगट्ठाणगं जहा अंगोवंगं ठवितं तेण तहावट्ठितेणेव समुद्दिसियव्वं, आगारा से सत्त, आउंटणपसारणा णत्थि, सेसं जहा एक्कासणए । अष्टैवाचाम्लस्याकारा, इदं च बहुवक्तव्यमितिकृत्वा भेदेन वक्ष्यामः 'गोण्णं णामं तिविध'मित्यादिना ग्रन्थेन, असम्मोहार्थं तु गाथैव व्याख्यायते, 'पञ्चाभक्तार्थस्य तु' न भक्तार्थोऽभक्तार्थः, उपवास इत्यर्थः, तस्य पंचाकारा भवन्ति, इहेदं सूत्रं–'सूरे उग्गते'इत्यादि, तस्स पंच आगारा–अणाभोग० सहसा० पारि० महत्तरा० सव्वसमाधि० जति तिविधस्स पच्चक्खाति तो विकिंचणिया कप्पति, जति चतुव्विधस्स पच्चक्खातं पाणं च णत्थि 'तदा ण कप्पति', जति पुण पाणगंपि उद्धरियं ताधे स कप्पति । जति

ગુરુઅભ્યુત્થાન : અભ્યુત્થાનને યોગ્ય એવા ગુરુ કે કોઇ મહેમાન આવે ત્યારે વાપરતા સાધુએ ઊભા થવું જોઇએ. (તેથી આ આગારને આશ્રયીને તે ઊભો થાય તો પણ ભંગ થાય નહીં.) પારિષ્ઠાપનિકાગાર : આ જ પ્રમાણે વાપર્યા પછી જો પારિષ્ઠાપનિકા યોગ્ય દ્રવ્ય હોય તો આ આગારને આશ્રયીને તે સાધુને (અમુક વેળા પછી બીજી વાર પણ તે પારિષ્ઠાપ્ય દ્રવ્યને) વાપરવું કલ્પે છે. મહત્તરાગાર અને સર્વસમાધિપ્રત્યયાગારનું સ્વરૂપ પૂર્વની જેમ જાણવું. ।।૧૬૦૧।।

'सप्तैकस्थानस्य तु' – એકસ્થાનનામનું પ્રત્યાખ્યાન કે જેમાં સાત આગારો હોય છે. તેનું સૂત્ર – एगट्ठाणं पच्चक्खाइ... વિગેરે. એકસ્થાન એટલે વાપરતા બેસતી વખતે જે રીતે અંગોપાંગ રાખ્યા તે રીતે જ હલન–ચલન કર્યા વિના વાપરવું. તેના સાત આગારો છે. આકુંચન–પ્રસારણ આમાં કરવાનું હોતું નથી. શેષ અર્થ એકાશનની જેમ જાણવો. આયંબિલમાં આઠ આગારો છે. આ વિષયમાં ઘણું કહેવાનું હોવાથી गोण्णं णामं વિગેરે ગાથાવડે આગળ જુદું કહીશું. અત્યારે તો ગૂંચવાડો ન થાય તે માટે માત્ર ગાથાની જ વ્યાખ્યા કરાય છે. ઉપવાસમાં પાંચ આગારો જાણવા. ભોજનવડે પ્રયોજન તે ભક્તાર્થ, ભક્તાર્થ ન હોવો તે અભક્તાર્થ એટલે કે ઉપવાસ. સૂત્ર – 'सूरे उग्गते...'

તેના પાંચ આગારો – અનાભોગ, સહસાગાર, પારિષ્ઠાપનિકા, મહત્તરાગાર, અને સર્વસમાધિ. જો તિવિહાર ઉપવાસ હોય તો પારિષ્ઠાપનિકા વાપરવી કલ્પે છે. જો ચોવિહાર ઉપવાસ કર્યો હોય તે સમયે જો ગોચરી વધી પણ પાણી વધ્યું નહીં તો ઉપવાસીને વાપરવું કલ્પે નહીં. હવે જો પાણી પણ વધેલું છે તો ઉપવાસીને વાપરવું કલ્પે. (હવે પોરિસી, પુરિમઢ, એકાસણ, આયંબિલ વિગેરે

२८. वा प्रसारयेत् वा न भज्यते, अभ्युत्थानार्ह आचार्यः प्राघूर्णको वाऽऽगतोऽभ्युत्थातव्यं तस्य, एवं समुद्दिष्टे पारिष्ठापनिकी यदि भवेत् कल्पते, महत्तराकारसमाधी तु तथैव । एकस्थानकं यथा अङ्गोपाङ्गं स्थापितं तेन तथावस्थितेनैव समुद्देष्टव्यं, आकारास्तस्मिन् सप्त, आकुञ्चनप्रसारणं नास्ति, शेषं यथैकाशनके । तस्य पञ्चाकारः-अनाभोग० सहसा० परि० महत्तराकार० सर्व्वसमाधि०, यदि त्रिविधं प्रत्याख्याति तदा पारिष्ठापनिकी कल्पते, यदि चतुर्विधस्य प्रत्याख्यातं पानकं च नास्ति तदा न कल्पते, यदि पुनः पानकमप्युद्धरितं तदा स कल्पते । यदि

[२१]तिंविहस्स पच्चक्खाति ताधे से पाणगस्स छ आगारा कीरंति–लेवाडेण वा अलेवाडेण वा अच्छेण वा बहलेण वा ससित्थेण वा असित्थेण वा वोसिरति, वुत्तत्था एते छप्पि, एतेन षट् पान इत्येतदपि व्याख्यातमेव, 'चरिमे चत्वार' इत्येतच्चरिमं दुविधं–दिवसचरिमं भवचरिमं च, दिवसचरिमस्स चत्तारि, अण्णत्थणाभोगेणं सहसाकारेणं महत्तराकारेणं सव्वसमाहिवत्तियागारेणं, भवचरिमं जावज्जीवियं तस्सवि एते चत्तारित्ति गाथार्थः ॥१६०२॥ पञ्च चत्वारश्चाभिग्रहे, निर्विकृतौ अष्टौ नव वा आकाराः, अप्रावरण इति–अप्रावरणाभिग्रहे पञ्चैवाकारा भवन्ति, शेषेष्वभिग्रहेषु दण्डकप्रमार्जनादिषु चत्वार इति गाथाऽक्षरार्थः ॥१६०३॥ भावार्थस्तु 'अभिग्गहेसु वाउडत्तणं कोइ पच्चक्खाति, तस्स पंच–अणाभोग० सहसागार० चोलपट्टगागार० महत्तरा० सव्वसमाहि० सेसेसु चोलपट्टगागारो णत्थि, निव्विगतीए अट्ठ नव य आगारा इत्युक्तं, तत्थ दस

પ્રત્યાખ્યાનો ઉત્સર્ગથી ચોવિહારા કરવા જોઇએ. પરંતુ) જો તિવિહાર કરે તો પાણીસંબંધી છ આગાર હોય છે – કૃતલેપ, અકૃતલેપ, સ્વચ્છ, બહલ, દાણા સહિત અને દાણા વિનાનું પાણી. આ છ આગારોનો અર્થ સ્પષ્ટ જ છે. (આ છ આગારોનો અર્થ : – (૧) **કૃતલેપ** : ચીકાશવાળા ખજુર વિગેરે દ્રવ્યોના ભાજનના ધોવાણ–વાળું પાણી. (૨) **અકૃતલેપ** : કાંજી વિગેરે પાણી. (૩) **સ્વચ્છ** : ચોખ્ખું એવું ત્રણ ઉકાળાવાળું પાણી. (૪) **બહલ** : તલ, ચોખા વિગેરેના ધોવનનું (ડહોળું) પાણી. (૫) **સસિક્થ** : કણિયાવાળું પાણી. (૬) **અસિક્થ** : કણિયા વિનાનું પાણી.) આના દ્વારા મૂળમાં 'પાનકમાં છ આગાર' જે કહ્યું હતું તેનું વ્યાખ્યાન કરી દીધું. ચરમપ્રત્યાખ્યાન બે પ્રકારના છે – દિવસચરિમ અને ભવચરિમ તેમાં દિવસચરિમના ચાર આગારો – અનાભોગ, સહસાગાર, મહત્તરાગાર અને સર્વસમાધિ. ભવચરિમ યાવજ્જીવ સુધીનું હોય છે. તેના પણ આ જ ચાર આગારો જાણવા. ॥૧૬૦૨॥

અભિગ્રહમાં પાંચ અને ચાર આગારો તથા નીવિમાં આઠ અથવા નવ આગારો જાણવા. તેમાં વસ્ત્ર ન પહેરવાનો અભિગ્રહ હોય ત્યારે પાંચ અને દંડપ્રમાર્જન વિગેરે શેષ અભિગ્રહોમાં ચાર આગાર જાણવા. ॥૧૬૦૩॥ ભાવાર્થ આ પ્રમાણે જાણવો : અભિગ્રહોમાં કોઇ સાધુ વસ્ત્રનું પ્રત્યાખ્યાન (= મારે એક પણ વસ્ત્ર પહેરવું નહીં એવો અભિગ્રહ) કરે ત્યારે પાંચ આગારો – અનાભોગ, સહસાગાર, ચોલપટ્ટકાગાર, મહત્તરાગાર અને સર્વસમાધિપ્રત્યયાગાર. (ગુફા વિગેરે તદ્દન એકાન્ત સ્થાનમાં વિશિષ્ટ નિર્જરા વિગેરે માટે ગીતાર્થ સાધુ ગુરુઆજ્ઞાથી આવો અભિગ્રહ લઇને સાધના કરે. તેમાં ક્યારેક કોઇ અચાનક આવી ચઢે ત્યારે બાજુમાં રાખી મૂકેલ ચોલપટ્ટો તરત જ પહેરી લે. માટે ચોલપટ્ટાગાર રાખેલ છે.) ઉપાશ્રયમાં આવતાં–જતાં સાધુઓના દાંડા પ્રમાર્જન કરીને લેવા–આપવાનો

२१. त्रिविधस्य प्रत्याख्याति तदा तस्य पानकस्य षडाकाराः कुर्वन्ति-लेपकृता वा अलेपकृता वा अच्छेन वा बहलेन वा ससिक्थेन वा असिक्थेन वा व्युत्सृजति, उक्तार्थाः एते षडपि, चरमं द्विविधं-दिवसचरमं भवचरमं च, दिवसचरमे चत्वारः अन्यत्राना० सहसा० महत्तरा० सर्वसमाधि०, भवचरमं यावज्जीविकं तस्याप्येते चत्वारः । अभिग्रहेषु प्रावृत्तत्वं कोऽपि प्रत्याख्याति, तस्य पञ्च-अनाभोग० सहसा० महत्तरा० चोलपट्टा० सर्वसमाधि०, शेषेषु चोलपट्टकाकारो नास्ति, निर्विकृतौ अष्टौ नव चाकाराः । तत्र दश

[३०]विगतीओ–खीरं दधि णवणीयं घयं तेल्लं गुडो मधुं मज्जं मंसं ओगाहिमगं च, तत्थ पंच खीराणि गावीणं महिसीणं उट्टीणं अजाणं एलियाणं, उट्टीगं दधिं णत्थि, णवणीतं घतंपि, ते दधिणा विणा णत्थित्ति, दधिणवणीतघताणि चत्तारि, तेल्लाणि चत्तारि तिलअदसिकुसुंभसरिसवाणं, एताओ विगतीओ, सेसाणि तेल्लाणि अव्विगतीतो, लेवाडाणि पुण होन्ति, दो वियडा–कट्ठणिप्फण्णं उच्छुमाईपिट्ठेण य फाणित्ता, दोण्णि गुडा–दवगुडो पिंडगुडो य, मधूणि तिण्णि–मच्छियं कोन्तियं भामरं, पोग्गलाणि तिण्णि–जलयरं थलयरं खहयरं, अथवा चम्मं मंसं सोणितं, एयाओ णव विगतीतो, ओगाहिमगं दसमं, तावियाए अद्दहियाए एगं ओगाहिमगं चलचलंतं पच्चति सफेणं

કોઇ અભિગ્રહ લે. અથવા આવા પ્રકારના બીજા કોઇ અભિગ્રહ લે તો તેમાં ચાર આગાર જાણવા. ચોલપટ્ટકાગાર તેમાં હોતો નથી.

'નીવિમાં આઠ અથવા નવ આગારો' એમ જે કહ્યું તેમાં વિગઇ દશ પ્રકારની છે – દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, દારૂ, માંસ અને પક્વાન્ન (અથવા કડાવિગઇ.) તેમાં દૂધ પાંચ પ્રકારના છે – ગાયનું, ભેંસનું, ઊંટનું, બકરીનું અને ઘેટાનું. દહીં, માખણ, અને ઘી ચાર પ્રકારના છે – ગાયાદિ ચારના, કારણ કે ઊંટડીના દૂધનું દહીં થતું નથી. અને દહીં થતું ન હોય તો માખણ, ઘી પણ થાય નહીં. તેલ ચાર પ્રકારના છે – તલનું, અલસીનું, કુસુંભનું અને સર્ષવનું. આ ચાર તેલ વિગઇ છે. શેષ તેલો વિગઇરૂપ નથી, પરંતુ લેપકૃત તો છે જ. દારુ બે પ્રકારના છે – (કાષ્ઠઔષધિઓની જેમ અમુક વૃક્ષોના મૂળિયામાંથી જે દારુ બને તે) કાષ્ઠનિષ્પન્ન, અને શેરડી, દ્રાક્ષ વિગેરે તથા ઘઉંનો લોટ વિગેરે મિશ્ર કરીને પ્રવાહી બનાવીને તેમાંથી દારુ બનાવે.

ગોળ બે પ્રકારના – ઢીલો ગોળ, અને કઠિન ગોળ. મધ ત્રણ પ્રકારનું છે – મધમાખીનું, કૌન્તિકનું (= જીવવિશેષનું), ભમરાનું. માંસ ત્રણ પ્રકારે – જળચર, સ્થળચર અને ખેચરસંબંધી અથવા ચામડું, માંસ અને લોહી. આ નવ વિગઇઓ છે. અને દશમુ અવગાહિમ = કડાવિગઇ છે. (ઘી વિગેરેથી) ભરેલી એવી કઢાઈમાં ચડ્–ચડ્ અવાજ કરતા કોઇ ખાદ્ય વસ્તુને પકાવાય છે. તે જ ફીણવાળા એવા ઘી વિગેરેમાં તે જ રીતે બીજી વાર અને પછી તે જ ઘી વિગેરેમાં ત્રીજીવાર પણ પકાવાય છે. ત્રણ સુધીની ખાદ્યવસ્તુ વિગઇરૂપ ગણાય છે. ત્યાર પછીના શેષ = ચોથી વાર વિગેરેમાં

३०. विकृतयः–क्षीरं दधि नवनीतं घृतं तैलं गुडो मधु मद्यं मांसं अवगाहिमं च, तत्र पञ्च क्षीराणि गवां महिषीणां अजानां एडकानामुष्ट्रीणां, उष्ट्रीणां दधि नास्ति, नवनीतं घृतमपि, ते दध्ना विना ( न स्त इति ) दधिनवनीतघृतानि चत्वारि, तैलानि चत्वारि तिलालसीकुसुम्भसर्षपाणां, एता विकृतयः, शेषाणि तैलानि अविकृतयः, लेपकारीणि पुनर्भवन्ति, द्वे मद्ये–काष्ठनिष्पन्नं इक्ष्वादिपिष्टेन च फाणयित्वा, द्वौ गुडौ–द्रवगुडः पिण्डगुडश्च, मधूनि त्रीणि–माक्षिकं कौन्तिकं भ्रामरं, पुद्गलानि त्रीणि–जलचरजं स्थलचरजं खचरजं च, अथवा चर्म मांसं शोणितं, एता नव विकृतयः, अवगाहिमं दशमं, तापिकायामद्रहणे एकमवगाहिमं चलचलत् पच्यते सफेणं + 'खरा' - प्रत्य० ।

[३१]बितियं ततियंपि सेसाणि अजोगवाहीणं कप्पंति, जति णज्जति अह एगेण चेव पूअएण सव्वो चेव तावगो भरितो तो बितियं चेव कप्पति णिव्विगतियपच्चक्खाणाइतस्स, लेवाडं होति, एसा आयरियपरंपरागता सामायारी ।

अधुना प्रकृतमुच्यते, क्वाष्टौ क्व वा नवाकारा इति ?, तत्र —

नवणीओगाहिमए अद्दवदहिपिसियघयगुले चेव ।
नव आगारा तेसिं सेसदवाणं च अट्ठेव ॥१६०४॥

नवणीते ओगाहिमके 'अद्दवदधि' निगालित इत्यर्थः, पिसिते—मांसे घृते गुडे चैव, अद्रवग्रहणं सर्वत्राभिसम्बन्धनीयं, नव आकारा अमीषां विकृतिविशेषाणां भवन्ति शेषाणां द्रवाणां—विकृतिविशेषाणां अष्टावेवाकारा भवन्ति, उत्क्षिप्तविवेको न भवतीति गाथार्थः ॥१६०४॥ इह चेदं सूत्रं —

**'णिव्वियतियं पच्चक्खाती'त्यादि अन्नत्थऽणाभोगेणं सहसाकारेणं लेवालेवेणं गिहत्थसंसट्ठेण उक्खित्तविवेगेणं पडुच्चमक्खिएणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरति । (सूत्रं)**

इदं च प्रायो गतार्थमेव, विशेषं तु 'पंचेव य खीराइं' इत्यादिना ग्रन्थेन भाष्यकारोपन्यासक्रम-

---

પકાવેલી ખાદ્યવસ્તુ અજોગવાહીઓને નીવિમાં પણ કલ્પે છે. (उक्तं पञ्चवस्तुके – ३७६ – चतुर्थघानादारभ्य न भवन्ति विकृतयः अयोगवाहिनां.) જો ખબર પડે કે એક જ મોટા પુડલાથી આખી કઢાઇ (= ઉપરની સપાટી) ભરાઇ ગઇ છે તો બીજી વારનો ઘાન જ નીવિનું પચ્ચક્ખાણ કરનારાને ચાલે છે. તે નીવિયાતિ વસ્તુ લેપકૃત જાણવી. આ આચાર્યની પરંપરાથી આવેલી સામાચારી છે.

**અવતરણિકા :** હવે મૂળ વાત ઉપર આવીએ – નીવિમાં આઠ અથવા નવાગારો કહ્યાં, તેમાં આઠ આગારો ક્યાં સમજવા કે નવ આગારો ક્યાં સમજવા ? તેમાં ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** 'અદ્રવ' શબ્દ બધે જોડવાનો છે તેથી અદ્રવ = કઠિન એવું માખણ, અવગાહિમ, દહીં કે જે વસ્ત્રના ગાળ્યા બાદ કઠિન હોય તે, કઠિન એવું માંસ, ઘી અને ગોળ આ બધી વિગઇઓ જો કઠિન હોય તો નવ આગારો જાણવા. આ માખણ વિગેરે જો પ્રવાહીરૂપ હોય અને તે સિવાયની દૂધ વિગેરે પ્રવાહી વિગઇ હોય તો આઠ આગારો જાણવા. અહીં 'ઉત્ક્ષિપ્તવિવેક' આગાર હોતો નથી. ॥૧૬૦૪॥ તેનું સૂત્ર આ પ્રમાણે છે –

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ સૂત્ર પ્રાયઃ કરીને સ્પષ્ટ જ છે. (લેવાલેવેણં વિગેરે આગારોનો અર્થ આગળ આપશે. તથા) જે વિશેષ છે તે પંચેવ ય ખીરાइं વિગેરે ગ્રંથદ્વારા ભાષ્યકારે જણાવેલા ક્રમની

---

३१. द्वितीयं तृतीयमपि, शेषाणि अयोगवाहिनां कल्पन्ते, यदि ज्ञायते अथैकेनैव पूपकेन सर्व एव तापको भृतस्तदा द्वितीयमेव कल्पते निर्विकृतिकप्रत्याख्यानिनः, लेपकृत् भवति, एषाऽऽचार्यपरम्परागता समाचारी ।

प्रामाण्यादुत्तरत्र वक्ष्यामः, अधुना तदुपन्यस्तमेवाचामाम्लमुच्यते —

गोन्नं नामं तिविहं ओअण कुम्मास सत्तुआ चेव ।
इक्किक्कंपि य तिविहं जहन्नयं मज्झिममुक्कोसं ॥१६०५॥

आयामाम्लमिति गोण्णं नाम, आयामः—अवशायनं आम्लं—चतुर्थरसं ताभ्यां निर्वृत्तं आयामाम्लं इदं चोपाधिभेदात् त्रिविधं भवति, ओदनः कुल्माषाः सक्तवश्चैव, औदनमधिकृत्य तथा कुल्माषान् सक्तूंश्चेति, एकैकमपि चामीषां त्रिविधं भवति—जघन्यकं मध्यमं उत्कृष्टं चेति । ॥१६०५॥ कथमित्यत्राह —

दव्वे रसे गुणे वा जहन्नयं मज्झिमं च उक्कोसं ।
तस्सेव य पाउग्गं छलणा पंचेव य कुडंगा ॥१६०६॥

द्रव्ये रसे गुणे चैव द्रव्यमधिकृत्य रसमधिकृत्य गुणं चाधिकृत्येत्यर्थः, किं ?—जघन्यकं मध्यमं चोत्कृष्टं चेति, तस्यैवायामाम्लस्य प्रायोग्यं वक्तव्यं, तथा आयामाम्लं प्रत्याख्यातमिति दध्ना भुञ्जानस्यादोषः प्राणातिपातप्रत्याख्याने तदनासेवनवदिति छलना वक्तव्या, पञ्चैव कुडङ्गा—वक्रविशेषा इति ॥१६०६॥ तद्यथा —

---

પ્રમાણતાથી પછી જણાવીશું. હવે પૂર્વે જે સ્થાપી રાખેલું હતું તે જ આયંબિલનું વ્યાખ્યાન કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** 'આચામાલ્લ' આ ગુણનિષ્પન્ન નામ છે. તે આ પ્રમાણે – આચામ એટલે ઓસામણ અને આમ્લ એટલે ચોથો રસ(= ખાટો રસ) આ બેવડે જે બનેલું હોય તે આચામાલ્લ. (આ વ્યુત્પત્તિમાત્ર અર્થ જાણવો. રૂઢિઅર્થ આ પ્રમાણે કે - વિગઈ અને ચોથો રસ આ બેનો ત્યાગ જેમાં છે તે આચામામ્લ.) તે ઉપાધિભેદથી ત્રણ પ્રકારે છે – ભાત, અડદ અને સક્તુ. અર્થાત્ ભાતને, અડદને અને સક્તુને(= ભુંજાવેલા જવાદિના લોટને) આશ્રયીને આયંબિલ ત્રણ પ્રકારે છે. (પૂર્વકાળમાં આ રીતે થતું હશે. વર્તમાન આચરણા પ્રમાણે અડદને બદલે સઘળા કઠોળ ગ્રહણ કરાય છે.) આ દરેકના પાછા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ–ત્રણ ભેદો થાય છે. ॥૧૬૦૫॥ કેવી રીતે ? તે કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** દ્રવ્યને, રસને અને ગુણને આશ્રયીને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ આયંબિલના ત્રણ ભેદો પડે છે. તે જ આયંબિલને પ્રાયોગ્ય જે હોય તે કહેવું. તથા મેં આયંબિલનું પચ્ચક્ખાણ કર્યું છે. (એટલે કે આયંબિલની વસ્તુ વાપરવાની નહીં એવું પચ્ચક્ખાણ કરીને) દહીં સાથે ખાનારને કોઈ દોષ નથી કારણ કે જેમ પ્રાણાતિપાતનું હું પચ્ચક્ખાણ કરું છું એટલે કે પ્રાણાતિપાતનું સેવન કરીશ નહીં તેમ આયંબિલના પચ્ચક્ખાણમાં પણ સમજવું. આવું બોલનારની છલના જાણવી. પાંચ વક્રપુરુષો જાણવા. (આ બધાનું વિસ્તારથી વર્ણન આગળ આપે છે.) ॥૧૬૦૬॥ તે પાંચ કુડંગો = વક્ર પુરુષવિશેષો આ પ્રમાણે જાણવા ➪

लोए वेए समए अन्नाणे खलु तहेव गेलन्ने ।
एए पंच कुडंगा नायव्वा अंबिलंमि भवे ॥१६०७॥

लोके वेदे समये अज्ञाने खलु तथैव ग्लानत्वे लोकमङ्गीकृत्य कुडङ्गाः, एवं वेदान् समयान् अज्ञानं ग्लानत्वं च एते पञ्च कुडङ्गा ज्ञातव्याः, आयामाम्ले भवन्ति, आयामाम्लविषय इति गाथात्रयसमासार्थः ॥१६०७॥ विस्तरार्थस्तु वृद्धसम्प्रदायसमधिगम्यः, स चायं–'[३२]एत्थ आयंबिलं च भवति आयंबिलपाउग्गं च, तत्थोदणे आयम्बिलं आयंबिलपाउग्गं च, आयंबिलं सत्तकूरा, जाणि वा कूरविहाणाणि, आयंबिलपाउग्गं तंदुलकणियाउ कुंडतो पीट्ठं पिहुगा पिट्ठपोयलिया भरोलगा मंडगादि, कुम्मासा पुव्वं पाणिएण उ कड्ढिज्जंति पच्छा ता खलीए पीसंति, ते तिविधा–सण्हा मज्झिमा थूला, एते आयंबिलं, पाउग्गाणि पुण जे तस्स तुसमीसा कणियाउ

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** લોકને આશ્રયીને, એ જ પ્રમાણે વેદને, સમયને, અજ્ઞાનને અને ગ્લાનત્વને આશ્રયીને પાંચ પ્રકારના વક્ર પુરુષવિશેષો આયંબિલના વિષયમાં જાણવા. ॥૧૬૦૭॥ વિસ્તારથી અર્થ વૃદ્ધસંપ્રદાયથી જાણવો. તે આ પ્રમાણે – આયંબિલ અને આયંબિલને પ્રાયોગ્ય એમ બે વસ્તુ હોય છે. ([II]આશય એ કે – બાસમતી જેવા સારી જાતિના ચોખા વિગેરે દ્રવ્યોથી આયંબિલ થતું હોવાથી ઉપચારથી તે દ્રવ્યો પણ આયંબિલ કહેવાય છે. આવા દ્રવ્યો ઉત્કૃષ્ટ કક્ષાના હોવાથી સાધુએ ગ્રહણ કરવાના હોતા નથી. આથી જ બીજો વિકલ્પ કહ્યો કે આયંબિલને પ્રાયોગ્ય, અર્થાત્ હીનજાતિવાળા ચોખા વિગેરે. જે ગ્રાહ્ય હોવાથી પ્રાયોગ્ય કહ્યું છે. તે આયંબિલ ભાત વિગેરેને આશ્રયીને ત્રણ પ્રકારનું છે. તેથી પ્રથમ) ભાતને આશ્રયીને આયંબિલ અને આયંબિલપ્રાયોગ્ય જણાવે છે.

તેમાં ભાતને આશ્રયીને લોકમાં પ્રસિદ્ધ એવા કલમશાલિ વિગેરે સાત પ્રકારના ચોખા આયંબિલ જાણવા અથવા જેટલા ચોખાના પ્રકાર છે તે બધા આયંબિલ જાણવા. આયંબિલપ્રાયોગ્ય તરીકે કણકીચોખા, કુંડક (કણકીચોખાની જ એક જાતિવિશેષ) લોટ, પિહુંક (પૌંઆ), બાફેલા લોટમાંથી બનેલી પૂરી, ભરોલ, મંડક વિગેરે જાણવા. (આ બધા ચોખામાંથી બનેલા ખાદ્યવિશેષો જાણવા, વિશેષ અર્થ ખ્યાલમાં નથી. આ બધા આયંબિલમાં ગ્રહણ કરાતા હોવાથી આયંબિલપ્રાયોગ્ય જાણવા.)

હવે અડદને આશ્રયીને જણાવે છે – અડદને પ્રથમ પાણીમાં ઉકાળે અને પછી તેને ઘંટીમાં પીસે. તે ત્રણ પ્રકારે – ઝીણું, મધ્યમ અને જાડું. આ ત્રણે આયંબિલ જાણવા. આયંબિલપ્રાયોગ્ય આ પ્રમાણે – જે તેના ફોતરાથી મિશ્ર એવા કણિયા છે તે અને કોરડું અડદ. આ બધા આયંબિલપ્રાયોગ્ય

૩૨. अत्राचामाम्लं भवति आचामाम्लप्रायोग्यं च, तत्रौदने आचामाम्ल-माचामाम्लप्रयोग्यं च, आचामाम्लं सप्तकूराः, यानि वा कूरविधानानि, आचामाम्लप्रयोग्यं-तन्दुलकणिकाः, कुण्डकः, पिष्टं, पिहुंकाः, पिष्टपूपलिका, भरोलगाः, मण्डकाद्याः, कुल्माषाः पूर्वं पानीयेनोत्क्रथ्यन्ते पश्चात् ते खल्यां पिष्यन्ते, ते त्रिविधाः-श्लक्ष्णा मध्याः स्थूलाः, एते आचामाम्लं, प्रायोग्याणि पुनर्ये तस्य तुषमिश्राः कणिकाः

[33]कंकडुगा य एवमादि, सत्तुया जवाणं गोधूमाणं वीहियाणं वा, एते आयंबिलं, पाउग्गं पुण गोधूमभुज्जिया पिहुगालायाजवभुज्जिया, जे य जंतएण ण तीरंति पिसितुं, तस्सेव णिद्दारो कणिक्कादि वा, एयाणि आयंबिलपाउग्गाणि, तं तिविधंपि आयंबिलं तिविधं–उक्कोसं मज्झिमं जहन्नं, दव्वतो कलमसालिकूरो उक्कोसं जं वा जस्स पत्थं रुच्चति वा, रालगो सामागो वा जहन्नो, सेसा मज्झिमा, जो सो कलमसालीकूरो सो रसं पडुच्च तिविधो उक्कोसं ३, तं चेव तिविधंपि आयंबिलं णिज्जरागुणं पडुच्च तिविधं–उक्कोसो णिज्जरागुणो मज्झिमो जहण्णोत्ति, कहं ?– कलमसालिकूरो दव्वतो उक्कोसं दव्वं चउत्थरसिएण समुद्दिसति, रसओवि उक्कोसं तस्सच्चएणवि आयामेण उक्कोसं रसतो, गुणतो जहण्णं थोवाणिज्जरत्ति भणितं भवति, सो चेव कलमोदणो

જાણવા. હવે સક્તુને આશ્રયીને જણાવે છે – તેમાં જવ, ઘઉં અથવા ચોખામાંથી સક્તુ બને છે. આ ત્રણે આયંબિલ જાણવા. આયંબિલપ્રાયોગ્ય – ઘઉંને ભુંજીને બનાવેલી વસ્તુ (ખીચડો, ઘૂઘરી વિ.) પિહુંક (પૌંઆ), લાયા (ચોખાને ભુંજીને બનાવેલ વસ્તુવિશેષ.) જવભુંજિકા (= જવની ધાણી). તથા યંત્રવડે જે પીસી શકાય નહીં તેવા ધાન્યના નિદ્દાર = ? અથવા કણિકા (જાડો કણિયાવાળો લોટ) આ બધું આયંબિલપ્રાયોગ્ય જાણવું.

તે ત્રણે પ્રકારના આયંબિલ ત્રણ પ્રકારે જાણવા – ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. દ્રવ્યથી કલમશાલિચોખાનો ભાત ઉત્કૃષ્ટ છે અથવા જેના શરીરને જે ચોખા માફક આવતા હોય કે ગમતા હોય તેના માટે તે ઉત્કૃષ્ટ જાણવા. રાલક અને શ્યામાક (આ બંને હીનકક્ષાના ચોખાવિશેષ છે.) જઘન્ય જાણવા. શેષ મધ્યમ જાણવા. જે કલમશાલિચોખા છે તે પણ રસને આશ્રયીને ઉત્કૃષ્ટાદિ ત્રણે પ્રકારે છે. તે ત્રણે પ્રકારના આયંબિલ નિર્જરાગુણને આશ્રયીને ત્રણ પ્રકારે છે – ઉત્કૃષ્ટ નિર્જરાગુણ, મધ્યમ નિર્જરાગુણ અને જઘન્ય નિર્જરાગુણવાળું આયંબિલ. (આ પ્રમાણે પૂર્વે જે કહ્યું હતું કે દ્રવ્ય, રસ અને ગુણને આશ્રયીને આયંબિલ ત્રણ પ્રકારનું છે. તે સામાન્યથી કહ્યું. હવે તેને જ વિસ્તારથી બતાવે છે.) દ્રવ્ય, રસ અને ગુણને આશ્રયીને કેવી રીતે જઘન્યાદિ ભેદો પડે છે ? તે કહે છે –

કલમશાલિભાત ઉત્કૃષ્ટદ્રવ્ય જાણવું. (૧) તેને ખાટારસવાળા દ્રવ્ય સાથે વાપરે. જ્યારે તે ભાતને તેના જ ઓસામણ સાથે વાપરે તો રસથી ઉત્કૃષ્ટ જાણવું. પરંતુ આવું આયંબિલ ગુણથી જઘન્ય એટલે કે અલ્પનિર્જરાવાળું જાણવું. (૨) હવે તે કલમભાત જ્યારે અન્યજાતના ભાતના

३३. काङ्कटुकाश्च एवमादि, सक्तवो यवानां गोधूमानां व्रीहीणां वा, एते आचामाम्लं, प्रायोग्यं पुनर्गोधूमभूज्जिकापिहुंकलाजजवभूज्जिका ये च यन्त्रकेण न शक्यन्ते पेष्टुं, तस्यैव निर्धारः कणिक्कादिर्वा, एतानि आचाम्लप्रायोग्याणि, तत् त्रिविधमप्याचामाम्लं त्रिविधं-उत्कृष्टं मध्यमं जघन्यं, द्रव्यतः कलमशालिकूर उत्कृष्टं यद्वा यस्मै पथ्यं रोचते वा, रालकः श्यामाको वा जघन्यः, शेषा मध्यमाः, यः स कलमशालिकूरः स रसं प्रतीत्य त्रिविधः उत्कृष्टः ३, तदेव त्रिविधमप्याचामाम्लं निर्जरागुणं प्रतीत्य त्रिविधं-उत्कृष्टो निर्जरागुणो मध्यमो जघन्य इति, कथं ?-कलमशालिकूरो द्रव्यत उत्कृष्टं द्रव्यं चतुर्थरसेन भुज्यते, रसतोऽपि उत्कृष्टं तस्य सत्केनाप्याचामाम्लेन उत्कृष्टं रसतो, गुणतो जघन्यं स्तोका निर्जरेति भणितं भवति, स एव कलमौदनो

[३४]जदा अण्णेहिं आयामेहिं तदा दव्वतो उक्कोसो रसतो मज्झिमो गुणतोवि मज्झिमो चेव, सो चेव जदा उण्होदएण तदा दव्वतो उक्कोसं रसतो जहण्णं गुणतो मज्झिमं चेव, जेण दव्वतो उक्कोसं न रसतो, इदाणिं जे मज्झिमा ते ओदणा ते दव्वतो मज्झिमा आयंबिलेण रसतो उक्कोसा गुणतो मज्झिमा, ते चेव आयामेहिं दव्वतो मज्झिमा गुणतोवि रसतोवि मज्झिमा ते चेव उण्होदएण दव्वतो मज्झं रसतो जहण्णं गुणतो मज्झं मज्झिमं दव्वंतिकाऊणं, रालगतणकूरा दव्वतो जहण्णं आयंबिलेण रसतो उक्कोसं गुणओ मज्झं, ते चेव आयामेण दव्वओ जहण्णं रसओ मज्झं गुणओ मज्झं ते चेव उण्होदएण दव्वओ जहण्णं रसओ जहन्नं गुणओ उक्कोसं बहुणिज्जरत्ति भणितं होति, अहवा उक्कोसे तिण्णि विभासा—उक्कोसउक्कोसं उक्कोसमज्झिमं उक्कोसजहण्णं, कंजियाआयामउण्होदएहिं जहण्णा मज्झिमा उक्कोसा णिज्जरा, एवं तिसुवि भासितव्वं । छलणा णाम एगेणायंबिलं

ઓસામણ સાથે વાપરો તો દ્રવ્યથી ઉત્કૃષ્ટ, રસથી અને ગુણથી મધ્યમ. (૩) અને તે જ કલમભાત જ્યારે ઉકાળેલા પાણી સાથે વાપરે ત્યારે દ્રવ્યથી ઉત્કૃષ્ટ રસથી જઘન્ય અને ગુણથી મધ્યમ, કારણ કે દ્રવ્યથી ઉત્કૃષ્ટ છે, રસથી નહીં.

હવે જે મધ્યમ જાતિના ભાત છે તે (૧) દ્રવ્યથી મધ્યમ અને જ્યારે કાંજી સાથે વાપરે તો દ્રવ્યથી મધ્યમ, રસથી ઉત્કૃષ્ટ અને ગુણથી મધ્યમ આયંબિલ જાણવું. (૨) તે જ દ્રવ્યને કોઈપણ પ્રકારના ઓસામણ સાથે વાપરે તો દ્રવ્યથી મધ્યમ અને રસથી–ગુણથી પણ મધ્યમ. (૩) તે જ દ્રવ્યને ઉકાળેલા પાણી સાથે વાપરે તો દ્રવ્યથી મધ્યમ, રસથી જઘન્ય, અને મધ્યમ દ્રવ્ય હોવાથી ગુણથી મધ્યમ જાણવું.

જે રાલગ વિગેરે હલકી જાતિના ભાત છે તે (૧) જ્યારે કાંજી સાથે વાપરે ત્યારે દ્રવ્યથી જઘન્ય, રસથી ઉત્કૃષ્ટ અને ગુણથી મધ્યમ. (૨) તે જ ભાતને કોઈપણ પ્રકારના ઓસામણ સાથે વાપરે તો દ્રવ્યથી જઘન્ય, રસથી અને ગુણથી મધ્યમ. (૩) તેને જો ઉકાળેલા પાણી સાથે વાપરે તો દ્રવ્યથી અને રસથી જઘન્ય તથા ગુણથી ઉત્કૃષ્ટ એટલે કે ઘણી નિર્જરાવાળું આયંબિલ જાણવું. અથવા ઉત્કૃષ્ટમાં ત્રણ વિકલ્પો કરવા – ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ-મધ્યમ અને ઉત્કૃષ્ટ-જઘન્ય. તેમાં કાંજી, ઓસામણ અને ઉકાળેલા પાણીદ્વારા ક્રમશઃ જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે. આ પ્રમાણે મધ્યમઉત્કૃષ્ટ વિગેરે ત્રણ અને જઘન્યઉત્કૃષ્ટ વિગેરે ત્રણમાં પણ વિચારી લેવું.

३४. यदाऽन्यैराचामाम्लैस्तदा द्रव्यत उत्कृष्टो रसतो मध्यमो गुणतोऽपि मध्यम एव, स एव यदोष्णोदकेन तदा द्रव्यत उत्कृष्टं रसतो जघन्यं गुणतो मध्यममेव, येन द्रव्यत उत्कृष्टं न रसतः । इदानीं ये मध्यमास्ते ओदनास्ते द्रव्यतो मध्यमा आचामाम्लेन रसत उत्कृष्टा गुणतो मध्यमाः, त एवाचाम्लैर्द्रव्यतो मध्यमा गुणतोऽपि रसतोऽपि मध्यमा ते चैवोष्णोदकेन द्रव्यतो मध्यमं रसतो जघन्यं गुणतो मध्यमं मध्यमं द्रव्यमितिकृत्वा, रालगतृणकूरा द्रव्यतो जघन्यं आचामाम्लेन रसत उत्कृष्टं गुणतो मध्यं, त एवाचामाम्लेन द्रव्यतो जघन्यं रसतो मध्यं गुणतो मध्यं, त एवोष्णोदकेन द्रव्यतो जघन्यं रसतो जघन्यं गुणत उत्कृष्टं, बहुनिर्जरेति भणितं भवति, अथवा उत्कृष्टे तिस्रो विभाषाः-उत्कृष्टोत्कृष्टं उत्कृष्टमध्यमं उत्कृष्टजघन्यं, काञ्जिकाचामाम्लोष्णोदकैर्जघन्या मध्यमोत्कृष्टा निर्जरा, एवं त्रिष्वपि भाषितव्यं । छलना नाम एकेनाचामाम्लं

[३५]पच्चक्खातं, तेण हिंडंतेण सुक्कोदणो गहितो, अण्णेण य खीरेण निमंतितो घेत्तूण आगतो आलोएत्तुं पजिमितो, गुरूहिं भणितो—अज्ज तुज्झ आयंबिलं पच्चक्खातं, भणइ—सच्चं, तो किं जेमेसि ?, जेण मए पच्चक्खातं, जहा पाणातिपाते पच्चक्खाते ण मारिज्जति एवं आयंबिलेवि पच्चक्खाते तं ण कीरति, एसा छलणा, परिहारस्तु प्रत्याख्यानं भोजने तन्निवृत्तौ च भवति, भोजने आचामाम्लं प्रति यदन्यत् तत् प्रत्याख्याति आचामाम्ले च वर्त्तते, तन्निवृत्तौ चतुर्विधमप्याहारं प्रत्याचक्षाणस्य, तथा लोक एवमेष प्रत्याख्यानस्यार्थः दोसु अत्थेसु वट्टति भोजने तन्निवृत्तौ च, तेण एसच्छलणा णिरत्थया । पंच कुडंगा—लोए वेदे समए अण्णाणे गिलाणे कुडंगोत्ति, एगेणायंबिलस्स पच्चक्खातं, तेण हिंडंतेण संखडी संभाविता, अण्णं वा उक्कोसं लद्धं, आयरियाण दंसेति, भणितं—तुज्झ आयंबिलं पच्चक्खातं, सो भणति—खमासमणा ! अम्हे बहूणि लोइयाणि

**છલના :** એક સાધુએ આયંબિલનું પચ્ચક્ખાણ કર્યું. ભિક્ષા ફરતા તેણે નિરસ ભાત ગ્રહણ કર્યા. અને અન્યઘરમાં બીજાએ ક્ષીરની વિનંતી કરતા તેને ગ્રહણ કરીને આવેલો સાધુ ગુરુને દેખાડીને વાપરવા લાગ્યો. ત્યારે ગુરુએ કહ્યું – "આજે તો તારે આયંબિલનું પચ્ચક્ખાણ છે." શિષ્યે કહ્યું - "હા, સાચી વાત છે." ગુરુએ કહ્યું – "તો શા માટે ખીર વિગેરે ખાય છે ?" શિષ્યે કહ્યું – "મારે આયંબિલનું પચ્ચક્ખાણ છે માટે જ. જેમ, પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરવું એટલે કોઈ જીવને મારવો નહીં, તેમ આયંબિલનું પચ્ચક્ખાણ કરવું એટલે આયંબિલ કરવું નહીં." આ છલના જાણવી. તેનો **પરિહાર** = ઉત્તર આ પ્રમાણે જાણવો કે – પ્રત્યાખ્યાન ભોજન અને ભોજનથી નિવૃત્તિ બંને વિશે થાય છે. આયંબિલને આશ્રયીને ભોજનને વિશે આ પ્રમાણે કે – આયંબિલના ભોજનથી જે અન્ય ભોજન છે તેનું પ્રત્યાખ્યાન કરે અને આયંબિલનું ભોજન કરે. તથા ભોજનની નિવૃત્તિમાં ચારે પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરનારનું પ્રત્યાખ્યાન સમજવું. તથા આ પ્રમાણે લોકમાં પ્રત્યાખ્યાનનો અર્થ ભોજન અને તેની નિવૃત્તિરૂપ બે અર્થોમાં વર્તે છે. તેથી આ છલના નિરર્થક છે.

**પાંચ કુડંગો :** લોક, વેદ, સમય, અજ્ઞાન અને ગ્લાનને આશ્રયીને પાંચ કુડંગો = વક્રપુરુષો જાણવા. તેમાં (૧) **(લોકને આશ્રયીને)** – એકે આયંબિલનું પચ્ચક્ખાણ કર્યું. ભિક્ષામાં ફરતા તેણે સંખડીનું ભોજન પ્રાપ્ત કર્યું અથવા બીજું કંઇક સારું દ્રવ્ય પ્રાપ્ત કર્યું. આવીને આચાર્યને દેખાડે છે. તેમણે કહ્યું – "તારે તો આજે આયંબિલનું પચ્ચક્ખાણ છે." શિષ્યે કહ્યું – "હે ક્ષમાશ્રમણ ! અમે ઘણા બધા લૌકિકશાસ્ત્રો જોયા પરંતુ ક્યાંય આયંબિલશબ્દ મળ્યો નહીં. (તેથી તમારે આ શબ્દ ક્યાંથી

३५. प्रत्याख्यातं, तेन हिण्डमानेन शुष्कोदनो गृहीतः अन्येन च क्षीरेण निमंत्रिते गृहीत्वाऽऽगत आलोच्य प्रजिमितः, गुरुभिर्भणितः-अद्य त्वयाऽऽचामाम्लं प्रत्याख्यातं, भणति-सत्यं, तर्हि किं जेमसि ?, येन मया प्रत्याख्यातं, यथा प्राणातिपाते प्रत्याख्याते न मार्यते एवमाचामाम्लेऽपि प्रत्याख्याते तन्न क्रियते, एषा छलना, द्वयोरर्थयोर्वर्त्तते तेनैषा छलना निरर्थिका । पञ्च कुडङ्गाः-लोके वेदे समये अज्ञाने ग्लाने कुडङ्ग इति, एकेनाचामाम्लस्य प्रत्याख्यातं, तेन हिण्डमानेन संखडी संभाविता, अन्यद्वोत्कृष्टं लब्धं, आचार्येभ्यो दर्शयते, भणितं-त्वयाचामाम्लं प्रत्याख्यातं, स भणति-क्षमाश्रमण ! अस्माभिर्बहूनि लौकिकानि

[३६]सत्थाणि परिमिलिताणि, तत्थ य आयंबिलसद्दो णत्थि, पढमो कुडंगो १, अथवा वेदेसु चउसु संगोवंगेसु णत्थि आयंबिलं बिदिओ कुडंगो २, अहवा समए चरगचीरियभिक्खुपंडरंगाणं, तत्थवि णत्थि, ण जाणामि एस तुज्झं कतो आगतो ? तइओ कुडंगो ३, अण्णाणेण भणति– ण जाणामि खमासमणा ! केरिसियं आयंबिलं भवति ?, अहं जाणामि–कुसणेहिवि जिम्मइत्ति तेण गहितं, मिच्छामिदुक्कडं, ण पुणो गच्छामि, चउत्थो कुडंगो ४, गिलाण भवति–ण तरामि आयंबिलं काउं सूलं मे उट्ठति, अण्णं वा उद्दिसति रोगं, ताहे ण तीरति करेत्तुं, एस पंचमो कुडंगो। तस्स अट्ठ आगारा–

**अण्णत्थणाभोगेणं सहस्सागारेणं लेवालेवेणं उक्खित्तविवेगेणं गिहत्थसंसट्ठेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरति ।**

**अणाभोगसहसक्कारा तहेव, लेवालेवो जति भाणे पुव्वं लेवाडगं गहितं समुद्दिट्ठं संलिहियं**

આવ્યો તે ખબર નથી.)" આ પ્રથમ કુડંગ જાણવો. (૨) **વેદને આશ્રયીને :** અથવા (શરૂઆતની વાર્તા સરખેસરખી જાણવી. આચાર્યવડે પૂછાતા શિષ્યે કહ્યું –) ચારે વેદો સાંગોપાંગ જોયા છતાં ક્યાંય આયંબિલશબ્દ નથી. આ બીજો કુડંગ. (૩) અથવા ચરક, ચિરિક (રસ્તામાં પડેલા વસ્ત્રોના ટુકડાને લઇને પહેરનારા ભિક્ષુવિશેષો), બૌદ્ધભિક્ષુ, શિવપંથીઓના શાસ્ત્રોમાં પણ આયંબિલશબ્દ નથી. તેથી હું જાણતો નથી કે તમારે આ શબ્દ ક્યાંથી આવ્યો ? આ ત્રીજો કુડંગ. (૪) કોઇ અજ્ઞાનને કારણે બોલે કે – હે ક્ષમાશ્રમણ ! આયંબિલ કેવા પ્રકારનું છે ? તે હું જાણતો નથી. મને એટલું ખબર છે કે ગોરસ સાથે પણ ખવાય છે એમ સમજીને મેં ખીર લીધી. મિચ્છા મિ દુક્કડં. હું ફરી આવી રીતે લેવા જઇશ નહીં. આ ચોથો કુડંગ જાણવો. (૫) ગ્લાન : "મને પેટમાં શૂલ ઉત્પન્ન થાય છે તેથી આયંબિલ કરવા હું સમર્થ નથી" એમ કહે. અથવા આયંબિલ ન કરવા પાછળ કોઇ બીજા રોગનું કથન કરે. તેથી આયંબિલ કરવા સમર્થ બનતો નથી એમ કહે. આ પાંચમો કુડંગ જાણવો.

આ આયંબિલના આઠ આગારો છે – અનાભોગ વિગેરે. (૧–૨) તેમાં **અનાભોગ** અને **સહસાગાર**નું સ્વરૂપ પૂર્વની જેમ જાણવું. (૩) **લેપાલેપ :** જો પાત્રમાં પહેલાં લેપકૃત વસ્તુ ગ્રહણ કરી, વાપરી. પછી તે લેપકૃત પાત્રને આંગળીથી બરાબર ઘસી–ઘસીને સાફ કરી નાંખ્યું. હવે તે

३६. शास्त्राणि परिमीलितानि, तत्र चाचामाम्लशब्दो नास्ति प्रथमः कुडङ्गः, अथवा वेदेषु चतुर्षु साङ्गोपाङ्गेषु नास्त्याचामाम्लं द्वितीयः कुडङ्गः, अथवा समये चरकचीरिकभिक्षुपाण्डुरङ्गाणां, तत्रापि नास्ति, न जानामि युष्माकं एष कुत आगतः ?, तृतीयः कुडङ्गः, अज्ञानेन भणति-न जानामि क्षमाश्रमणाः ! कीदृशमाचामाम्लं भवति ?, अहं जाने कुसणैरपि जेम्यते इति तेन गृहीतं, मिथ्या मे दुष्कृतं, न पुनर्गमिष्यामि, चतुर्थः कुडङ्गो, ग्लानो भणति-न शक्नोम्याचामाम्लं कर्तुं शूलं मे उत्तिष्ठते, अन्यं वा रोगं कथयति ततो न शक्यते कर्त्तुं, एष पञ्चमः कुडङ्गः । तस्याष्टावाकाराः-अन्यत्रानाभोगसहसाकारौ तथैव, लेपालेपो यदि भाजने पूर्वं लेपकृत् गृहीतं समुद्दिष्टं संलिखितं

[37]जति तेण आणेति तं ण भज्जति, उक्खित्तविवेगो जति आयंबिले पतति विगतिमाती उक्खिवित्ता विगिंचतु मा णवरि गलतु अण्णं वा आयंबिलस्स अप्पाउग्गं जति उद्धरितुं तीरति उद्धरिते ण उवहम्मति, गिहत्थसंसट्ठेवि जति गिहत्थो डोवलिए भायणं वा लेवाडं कुसणादीहिं तेण ईसित्ति लेवाडादीहिं देति न भज्जति, जइ रसो आलिखिज्जति बहुओ ताहे ण कप्पति, पारिट्ठावणितमहत्तरासमाधीओ तहेव ।

व्याख्यातमतिगम्भीरबुद्धिना भाष्यकारेणोपन्यस्तक्रममायामाम्लम्, अधुना तदुपन्यास-प्रामाण्यादेव निर्विकृतिकाधिकारशेषं व्याख्यायते, तत्रेदं गाथाद्वयम् —

पंचेव य खारीइं चत्तारि दहीणि सप्पि नवणीता ।
चत्तारि य तिल्लाइं दो वियडे फाणिए दुन्नि ॥१६०८॥
महुपुग्गलाइं तिन्नि चलचलओगाहिमं तु जं पक्कं
एएसिं संसट्ठं वुच्छामि अहाणुपुव्वीए ॥१६०९॥

જ ભાજનમાં આયંબિલનું લાવે તો આયંબિલનો ભંગ થતો નથી. (૪) **ઉત્ક્ષિપ્તવિવેક :** જો આયંબિલન ભોજનમાં કોઇ વિગઇ વિગેરે દ્રવ્ય પડ્યું. તે વિગઇ (જો કઠન હોય જેમ કે, થીજેલું ઘી, અને કઠનને કારણે તેને) ઉપાડીને દૂર કરી શકાતી હોય, ગળતી ન હોય = ટીપાં પડતા ન હોય ત્યારે કે પછી આયંબિલને અપ્રાયોગ્ય કોઇ વસ્તુ ભોજનમાં પડી અને તે દૂર કરી શકાતી હોય ત્યારે તે વિગઇને કે અન્ય અપ્રાયોગ્ય વસ્તુને દૂર કર્યા બાદ તે આયંબિલના દ્રવ્યો વાપરો તો ભંગ થતો નથી.

(૫) **ગૃહસ્થસંસૃષ્ટ :** ગૃહસ્થના ડોયા કે વાસણ ગોરસાદિથી લેપકૃત થયા હોય અને તેવા લેપકૃત ડોયાદિથી જો ગૃહસ્થ વહોરાવતો હોય તો પણ ભંગ થતો નથી. જો તે ડોયાદિમાંથી ગોરસાદિના ટીપાં વધુ પ્રમાણમાં હોય તો ન ચાલે. (૬–૭–૮) **પારિષ્ઠાપનિકા, મહત્તર અને સર્વસમાધિ** આગારો પૂર્વ પ્રમાણે જાણવા.

**અવતરણિકા :** આ પ્રમાણે અતિગંભીરબુદ્ધિવાળા એવા ભાષ્યકારે ક્રમથી આવેલા એવા આયંબિલનું વ્યાખ્યાન કર્યું. હવે તે જણાવેલ ક્રમના પ્રામાણ્યથી જ નીવિના અધિકારમાં જે શેષ વક્તવ્ય છે તેની વ્યાખ્યા કરે છે તેમાં આ બે ગાથાઓ જાણવી ⇨

**ગાથાર્થ : પાંચ પ્રકારના દૂધ, ચાર પ્રકારે દહીં, ઘી અને માખણ જાણવા, ચાર પ્રકારના તેલ, બે પ્રકારે દારૂ અને બે પ્રકારે ગોળ.**

**ગાથાર્થ : મધ અને માંસ ત્રણ પ્રકારે, 'ચડ્–ચડ્' એ પ્રમાણે અવાજ કરતા જે પકાવાય છે તે અવગાહિમ જાણવું. આ બધાના સંસૃષ્ટને ક્રમશઃ હું કહીશ.**

૩૭. यदि तेनानयति तं न भज्यते, तत्क्षिप्तविवेको यद्याचामाम्ले पतति विकृत्यादिरुक्षिप्य विवेचयतु मा परं गलत्वन्यद्वा आचामाम्लस्याप्रायोग्यं यद्युद्धर्त्तुं शक्यते उद्धृते नोपहन्यते, गृहस्थसंसृष्टेऽपि यदि गृहस्थो दर्वी भाजनं वा लेपकृतं कुसणादिभिस्तेनेषदिति लेपकृद्भिर्ददाति न भज्यते, यदि रस आलिख्यते बहुस्तदा न कल्पते । पारिष्ठापनिकामहत्तरसमाधयस्तथैव ।

इदं विकृतिस्वरूपप्रतिपादकं गाथाद्वयं गतार्थमेव, ॥१६०८–०९॥

अधुना एतदाकारा व्याख्यायन्ते–[38]तत्थ अणाभोगसहसक्कारा तहेव, लेवालेवो पुण जधा आयंबिले तहेव दट्ठव्वो, गिहत्थसंसट्ठो तु बहुवत्तव्वोत्ति गाहाहिं भण्णाति, ताओ पुण इमातो –

खीरदहीवियडाणं चत्तारि उ अंगुलाइं संसट्ठं ।
फाणियतिल्लघयाणं अंगुलमेगं तु संसट्ठं ॥१६१०॥
महुपुग्गलरसयाणं अद्धंगुलयं तु होइ संसट्ठं ।
गुलपुग्गलनवणीए अद्दामलयं तु संसट्ठं ॥१६११॥

गिहत्थसंसट्ठस्स इमा विधी–खीरेण जति कुसणिततो कूरो लब्भति तस्स जति कुंडगस्स उदणातो चत्तारि अंगुलाणि दुद्धं ताहे णिव्विगतिगस्स कप्पति पंचमं चारद्धं विगती य, एवं दधिस्सवि वियडस्सवि, केसु विसएसु विअडेण मीसिज्जति ओदणो ओगाहिमओ वा, फाणितगुडस्स तेल्लघताण य, एतेहिं कुसणिते जति अंगुलं उवरिं अच्छति ता वट्टति, परेण न वट्टति, मधुस्स

**ટીકાર્થ** : વિગઇઓનું સ્વરૂપ જણાવતી આ બંને ગાથાઓ સ્પષ્ટ છે. ॥૧૬૦૮–૦૯॥

**અવતરણિકા** : હવે તેના = વિગઇના આગારોનું વ્યાખ્યાન કરે છે – તેમાં અનાભોગ અને સહસાગાર પૂર્વની જેમ જાણવા. લેપાલેપ આયંબિલમાં કહ્યા પ્રમાણે જાણવો. ગૃહસ્થસંસૃષ્ટમાં ઘણું કહેવાનું હોવાથી ગાથાઓવડે કહેવાય છે. તે ગાથાઓ આ પ્રમાણે જાણવી ➩

**ગાથાર્થ : દૂધ, દહીં અને દારૂમાં ચાર અંગુલ સુધી સંસૃષ્ટ જાણવું. પ્રવાહી ગોળ, તેલ અને ઘીમાં એક અંગુલ સુધી સંસૃષ્ટ જાણવું.**

**ગાથાર્થ : મધ અને માંસના રસમાં અર્ધ અંગુલ સુધી સંસૃષ્ટ જાણવું. તથા ગોળ, માખણ અને માંસના આર્દ્રામલક પ્રમાણ (= પીલુડીવૃક્ષના મહોર પ્રમાણ) નાના–નાના ટુકડાવડે સંસૃષ્ટ જાણવું.**

**ટીકાર્થ** : ગૃહસ્થસંસૃષ્ટની વિધિ આ પ્રમાણે જાણવી – જો સાધુને દૂધથી મિશ્રિત કરીને કરંબારૂપે બનાવેલો ભાત મળે ત્યારે તે કરંબામાં જો ભાતથી ઉપર વધારેમાં વધારે ચાર અંગલુ સુધી દૂધ હોય તો તે નીવિયાતું ગણાય છે. આવું દૂધ (સંસૃષ્ટ કહેવાય છે. તે) નીવિમાં કલ્પે છે. પરંતુ જો ચાર અંગુલથી વધારાનું દૂધ હોય તો વિગઇ ગણાય છે. આ જ પ્રમાણે દહીં અને દારૂમાં પણ જાણવું. કોઇક દેશવિશેષમાં દારૂ સાથે ભાત અથવા પક્વાન્ન મિશ્ર કરવામાં આવે છે. પ્રવાહીગોળ, તેલ અને ઘીથી મિશ્રિત હોય ત્યારે જો એક આંગળ સુધી પ્રવાહીગોળ વિગેરે હોય તો તે ભાત સંસૃષ્ટ = નીવિયાતું ગણાય છે. એક આંગળથી વધારે હોય તો ચાલે નહીં. (વિગઇ ગણાય ઇત્યર્થઃ)

३८. तत्रानाभोगसहसाकारौ तथैव, लेपालेपः पुनर्यथाऽऽचामाम्ले तथैव द्रष्टव्यः, गृहस्थसंसृष्टस्तु बहुवक्तव्य इति गाथाभिर्भण्यते, ते पुनरिमे- । गृहस्थसंसृष्टस्य पुनरयं विधिः-क्षीरेण यदि कुसणितः कूरो लभ्यते तस्मिन् कुण्डके यद्योदनात् चत्वारि अंगुलानि दुग्धं तदा निर्विकृतिकस्य कल्पते पञ्चमं चारभ्य विकृतिश्च, एवं दध्नोऽपि सुराया अपि, केषुचिद्विषयेषु विकटेन मिश्र्यते ओदनोऽवगाहिमं वा, फाणितगुडस्य तैलघृतयोश्च, एताभ्यां कुसणिते यद्यङ्गुलमुपरि तिष्ठति तदा वर्त्तते (कल्पते), परतो न वर्त्तते, मधुनः

[३१]पोग्गलरसयस्स अद्धंगुलेण संसट्ठं होति, पिंडगुलस्स पुग्गलस्स णवणीतस्स य अद्दामलगमेत्तं संसट्ठं, जदि बहूणि एतप्पमाणाणि कप्पंति, एगंपि बहुहं ण कप्पदित्ति गाथाद्वयार्थः ॥१६१०-१६११॥ उक्खित्तविवेगो अहा आयंबिले जं उद्धरितुं तीरति, सेसेसु णत्थि, पडुच्चमक्खियं पुण जति अंगुलीए गहाय मक्खेति तेल्लेण वा घतेण वा ताथे णिव्विगतियस्स कप्पति, अथ धाराए छुब्भति मणागंपि ण कप्पति । इदाणिं पारिट्ठावणियागारो, सो पुण एगासणेगठाणादिसाधारणोत्तिकट्टु विसेसेण परूविज्जति, तन्निरूपणार्थमाह – 'आयंबिल' गाथा यद्वाऽत्रान्तरे प्रबुद्ध इव चोदकः पृच्छति–अहो ताव भगवता एगासणगएगट्ठाणगआयंबिलचउत्थछट्ठट्ठमणिव्विगतिएसु पारिट्ठावणियागारो वण्णितो, ण पुण जाणामि केरिसगस्स साधुस्स पारिट्ठावणियं दातव्वं वा न दातव्वं वा ?, आयरिओ भणइ–'आयंबिलमणायंबिले' गाथा —

મધ અને માંસનો રસ (= ચરબી) અર્ધ અંગલુ સુધી હોય તો સંસૃષ્ટ ગણવું. કઠિનગોળ, માંસ અને કઠિન માખણના પીલુડાવૃક્ષના મહોર જેટલા ટુકડાથી મિશ્રિત દ્રવ્ય સંસૃષ્ટ ગણાય. જો આવા પ્રમાણના ઘણા બધા ગોળાદિના કણિયા હોય તો ચાલે, પરંતુ આના કરતા મોટા પ્રમાણનો એકપણ ટુકડો હોય તો નીવિમાં ચાલે નહીં. ॥૧૬૧૦–૧૧॥

ઉત્ક્ષિપ્તવિવેક જે રીતે આયંબિલમાં કહ્યું તે રીતે જેનો ઉદ્ધાર કરવો શક્ય છે તેવી વિગઇઓ દૂર કરતા શેષ ભોજન કલ્પે. બાકી જેને દૂર ન કરી શકાય તેવી શેષ પ્રવાહી આત્મક વિગઇઓમાં આ આગાર હોતો નથી. **પ્રતીત્યમ્રક્ષિત :** (પ્રતીત્ય = અપેક્ષાએ અર્થાત્ તદ્દન લુખ્ખા દ્રવ્યોની અપેક્ષાએ મ્રક્ષિત = કંઇક સ્નેહવાળું કરેલું હોય તે પ્રતીત્યમ્રક્ષિત જાણવું. જેમ કે) રોટલી વિગેરે ઉપર આંગળીથી ઘી કે તેલ લઇને ચોપડે (તે પણ એટલું ઓછું હોય કે જેનો સ્વાદ આવતો ન હોય ત્યારે) તેવી રોટલી વિગેરે નીવિવાળાને કલ્પે. પરંતુ જો ધાર કરીને ચોપડે તે અલ્પ હોય તો પણ ચાલે નહીં. હવે પારિષ્ઠાપનિકાગાર જણાવે છે. તે વળી એકાસણ, એકલસ્થાન વિગેરે બધામાં હોવાથી વિશેષથી તેની પ્રરૂપણા કરાય છે. તેનું નિરૂપણ કરવા માટે જ 'आयंबिल...' ગાથા કહે છે. અથવા (બીજી રીતે અવતરણિકા કહે છે –) આગારોનું વર્ણન ચાલી રહ્યું છે તે દરમિયાન જાણે કે ઊંઘમાંથી ઉઠ્યો હોય તેમ શિષ્ય વચ્ચે પ્રશ્ન કરે છે કે – અહો ! ભગવાને એકાસણ, એકલસ્થાન, આયંબિલ, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, નીવિમાં પારિષ્ઠાપનિકા આગાર કહ્યો છે. પરંતુ હું જાણતો નથી કે કેવા પ્રકારના સાધુને પારિષ્ઠાપનિકા વાપરવા આપવી કે કેવા પ્રકારના સાધુને ન આપવી ? અહીં

३१. पुद्गलरसस्य चार्धाङ्गुलेन संसृष्टं भवति, पिण्डगुडस्य पुद्गलस्य नवनीतस्य चार्द्रामलकमात्रं संसृष्टं, यदि बहून्येतत्प्रमाणानि तदा कल्पन्ते, एकस्मिन् बृहति न कल्पते । उत्क्षिप्तविवेको यथाऽऽचामाम्ले यदुद्धर्त्तुं शक्यते, शेषेषु नास्ति । प्रतीत्यप्रक्षितं पुनर्यद्यङ्गुल्या गृहीत्वा म्रक्षयति तैलेन वा घृतेन वा तदा निर्विकृतिकस्य कल्पते, अथ धारया क्षिपति मनागपि न कल्पते । इदानीं पारिष्ठापनिकाकारः, स पुनरेकासनैकस्थानादिसाधारण इतिकृत्वा विशेषेण प्ररूप्यते । अहो तावद् भगवता एकाशनैकस्थानाचाम्लचतुर्थषष्ठाष्टमनिर्विकृतिकेषु पारिष्ठापनिकाकारो वर्णितो, न पुनर्जानामि कीदृशस्य साधोः पारिष्ठापनिकं दातव्यं वा न दातव्यं वा ?, आचार्यो भणति-

आयंबिलमणायंबिल चउथा बालवुड्ढसहुंअसहू ।
अणहिंडियहिंडियए पाहुणयनिमंतणावलिया ॥१६१२॥

व्याख्या–पारिट्ठावणियभुंजणे[40] जोग्गा साधू दुविधा–आयंबिलगा अणायंबिलगा य, अणायंबिलिया आयंबिलविरहिया, एक्कासणेकट्ठाणचउत्थछट्ठट्ठमणिव्विगतियपज्जवसाणा, दसमभत्तियादीणं मंडलीए उव्वरियं पारिट्ठावणियं ण कप्पति दातुं, तेसिं पेज्जं उण्हयं वा दिज्जति, अहिट्ठिया य तेसिं देवतावि होज्ज, एगो आयंबिलगो एगो चउत्थभत्तितो होज्ज कस्स दातव्वं ?, चउत्थभत्तियस्स, सो दुविहो–बालो वुड्ढो य, बालस्स दातव्वं, बालो दुविहो–सहू असहू य, असहुस्स दातव्वं, असहू दुविहो–हिंडंतो अहिंडेंतओ य, हिंडयस्स दातव्वं, हिंडंतओ दुविधो–वत्थव्वगो पाहुणगो य, पाहुणगस्स दातव्वं, एवं चउत्थभत्तो बालोऽसहू हिंडंतो पाहुणगो पारिट्ठावणियं

આચાર્ય તેના સમાધાન માટે – "आयंबिल...." ગાથા કહે છે ➩

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : પારિષ્ઠાપનિકાને વાપરનારા યોગ્ય સાધુઓ બે પ્રકારના છે – આયંબિલવાળા અને આયંબિલ વિનાના એવા એકાસણ, એકલસ્થાન, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ અને નીવિ સુધીના. દશભક્ત = ચાર ઉપવાસ વિગેરેવાળા સાધુઓને માંડલીમાં વધેલી પારિષ્ઠાપનિકા આપવી કલ્પતી નથી. તેમને પેયા (= થોડા ભાત સાથે રંધાયેલું દૂધ પેયા કહેવાય છે. उक्तं च – धर्मसंग्रहवृत्तौ – अल्पतन्दुलसहिते दुग्धे राद्धे पेयोच्यते, અથવા રાબ) અથવા ઉષ્ણ પ્રવાહી દ્રવ્ય અપાય. અને તે સાધુઓને દેવતાનો વાસ પણ હોઇ શકે છે.

**શંકા** : એકને આયંબિલ છે, બીજાને ઉપવાસ છે. કોને પારિષ્ઠાપનિકા આપવી ?

**સમાધાન** : ઉપવાસવાળાને આપવી. તે ઉપવાસી પણ બાળ અને વૃદ્ધ એમ બે પ્રકારના છે. તેથી બાળ એવા ઉપવાસીને પારિષ્ઠાપનિકા આપવી. બાળ પણ સહુ–અસહુ એમ બે પ્રકારે છે. તેમાં જે અસહુ હોય તેને આપવી. અસહુ પણ ગોચરી જનારો અને નહીં ફરનારો એમ બે પ્રકારે છે. તેમાં ફરનારાને આપવી. ફરનારો વાસ્તવ્ય (= ત્યાંજ રહેનારો) અને મહેમાન એમ બે પ્રકારે હોય. તેમાં મહેમાનને આપવી. આ પ્રમાણે (૧) જે મહેમાન, ફરનારો, અસહુ, બાળ એવો ઉપવાસી છે

४०. पारिष्ठापनिकभोजने योग्याः साधवो द्विविधाः-आचामाम्लका अनाचामाम्लकाश्च, अनाचामाम्लका–आचामाम्लविरहिताः, एकासनैकस्थान-चतुर्थषष्ठाष्टमनिर्विकृतिकावसानाः, दशमप्रभृतिभ्यो मण्डल्यामुद्धृतं पारिष्ठापनिकं न कल्पते दातुं, तेभ्यः पेयमुष्णं वा दीयते, अधिष्ठिता च तेषां देवतापि भवेत् । एक आचामाम्लक एकश्चतुर्थभक्तिको भवेत् कस्मै दातव्यं ?, चतुर्थभक्ताय, स द्विविधो-बालो वृद्धश्च, बालाय दातव्यं, बालो द्विविधः-सहिष्णुरसहिष्णुश्च, असहिष्णवे दातव्यं, असहिष्णुर्द्विविधः-हिण्डमानोऽहिण्डमानश्च, हिण्डमानाय दातव्यं, हिण्डमानो द्विविधः-वास्तव्यः प्राघूर्णकश्च, प्राघूर्णकाय दातव्यं, एवं चतुर्थभक्तो बालोऽसहो हिण्डमानः प्राघूर्णकः पारिष्ठापनीयं

[४१]भुंजाविज्जति १, तस्स असति बालो असहू हिंडंतो वत्थव्वो २, तस्स असति बालो असहू अहिंडंतो पाहूणगो ३, तस्स असति बालो असहू अहिंडंतो वत्थव्वो, एवमेतेण करणोवाएण चतुहिवि पदेहिं सोलस आवलियाभंगा विभासितव्वा, तत्थ पढमभंगिअस्स दातव्वं, एतस्स असति बितियस्स, तस्सासति तदियस्स, एवं जाव चरिमस्स दातव्वं, पउरपारिट्ठावणियाए वा सव्वेसिं दातव्वं, एवं आयंबिलियस्स छट्ठभत्तियस्स सोलसभंगा विभासा, एवं आयंबिलियस्स अट्ठमभत्तियस्स सोलस भंगा, एवं आयंबिलियस्स निव्वितियस्स सोलस भंगा, णवरं आयंबिलियस्स दातव्वं, एवं आयंबिलियस्स एक्कासणियस्स सोलस भंगा, एवं आयंबिलियस्स एगट्ठाणियस्स सोलस भंगा,

તેને પારિષ્ઠાપનિકા વપરાવે. (૨) તે ન હોય તો અસહુ, ફરનારો વાસ્તવ્ય એવો જે બાળ હોય તેને આપવી. (૩) તે ન હોય તો મહેમાન, નહીં ફરનારા, અસહુ એવા બાળને આપવી. (૪) તે ન હોય તો નહીં ફરનાર, વાસ્તવ્ય, અસહુ એવા બાળને આપવી. આ પ્રમાણે આ બતાવેલા ઉપાય પ્રમાણે ચારે પદોવડે ૧૬ ભાંગા કહેવા. તે આ પ્રમાણે –

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | બાળ | અસહુ | અહિંડક | પ્રાઘૂર્ણક |
| (૨) | ✓ | ✓ | અહિંડક | વાસ્તવ્ય |
| (૩) | ✓ | ✓ | હિંડક | પ્રા. |
| (૪) | ✓ | ✓ | ✓ | વા. |
| (૫) | ✓ | સહુ | અહિં. | પ્રા. |
| (૬) | ✓ | ✓ | ✓ | વા. |
| (૭) | ✓ | ✓ | હિંડ. | પ્રા. |
| (૮) | ✓ | ✓ | હિંડ. | વા. |

આ જ પ્રમાણે વૃદ્ધના ૮ ભાંગા કરવા.
કુલ મળીને ૧૬ ભાંગા થશે.

તેમાં પ્રથમ ભાંગાને પહેલાં આપવી. તે ન હોય તો બીજા ભાંગાવાળાને, તે ન હોય તો ત્રીજાભાંગાવાળાને, આ પ્રમાણે છેલ્લે છેલ્લાભાંગાવાળાને પારિષ્ઠાપનિકા આપવી. અથવા જો પારિષ્ઠાપનિકા વધુ પ્રમાણમાં હોય તો બધાને અપાય. જેમ અહીં આયંબિલ – ઉપવાસ વચ્ચે જોયું. એ જ પ્રમાણે આયંબિલ – છઠ્ઠના ૧૬ ભાંગા કહેવા. આ જ પ્રમાણે આયંબિલ – અઠ્ઠમના ૧૬ ભાંગા, આયંબિલ – નીવિના ૧૬ ભાંગા કહેવા. અહીં આયંબિલ-નીવિમાં પ્રથમ આયંબિલવાળાને આપવાનું સમજવું. આ જ પ્રમાણે આયંબિલ–એકાસણના ૧૬ ભાંગા, આયંબિલ–એકલસ્થાનના ૧૬ ભાંગા કહેવા. આ પ્રમાણે આયંબિલના

४१. भोज्यते, तस्मिन्नसति बालोऽसहो हिण्डमानो वास्तव्यः, तस्मिन्नसति बालोऽसहोऽहिण्डमानः प्राघूर्णकः तस्मिन्नसति बालोऽसहोऽहिण्डमानो वास्तव्यः, एवमेतेन करणोपायेन चतुर्भिः पदैः षोडशावलिकाभङ्गा विभाषितव्याः, तत्र प्रथमभङ्गिकाय दातव्यं, एतस्मिन्नसति द्वितीयस्मै, तस्मिन्नसति तृतीयस्मै, एवं यावच्चरमाय दातव्यं, प्रचुरपारिष्ठापनिकायां वा सर्वेभ्यो दातव्यं, एवमाचामाम्लषष्ठभक्तिकयोः षोडश भङ्गाः विभाषा, एवमाचामाम्लाष्टमभक्तिकयोः षोडश भङ्गाः, एवमाचामाम्लनिर्विकृतिकयोः षोडश भङ्गाः, नवरमाचामाम्लकाय दातव्यं, एवमाचामाम्लैकाशनयोः षोडश भंगा, एवमाचामाम्लैकस्थानकयोः षोडश भङ्गाः,

[४२] एवमेते आयंबिलियउक्खेवगसंजोगेसु सव्वग्गेणं छण्णवति आयंबिलियाभंगा भवन्ति, आयंबिलउक्खेवो गतो, एगो चउत्थभत्तितो एगो छट्ठभत्तितो, एत्थवि सोलस, नवरं छट्ठभत्तियस्स दातव्वं, एवं चउत्थभत्तियस्स अट्ठमभत्तियस्स य सोलस भंगा, एगो एक्कासणितो एगो एगट्ठाणिओ एगट्ठाणियस्स दातव्वं, एत्थवि सोलस भंगा एगो एक्कासणितो एगो णिव्वीतिओ, एक्कासणियस्स दातव्वं, एत्थवि सोलस, एगो एगट्ठाणिओ एगो णिव्वीतिओ एगट्ठाणियस्स दातव्वं, एत्थवि सोलसत्ति गाथार्थः ॥१६१२॥

तं पुण पारिट्ठावणितं जहाविधीए गहितं विधिभुत्तसेसं च तो तेसिं दिज्जइ, तत्र —

विहिगहियं विहिभुत्तं उव्वरियं जं भवे असणमाई ।
तं गुरुणाऽणुन्नायं कप्पइ आयंबिलाईणं ॥१६१३॥
( विहिगहिअं विहिभुत्तं )तह गुरुहिं( जं भवे )अणुन्नायं ।
ताहे वंदणपुव्वं भुंजइ से संदिसावेउं ॥१६१३॥ ( पाठान्तरम् )

व्याख्या–विधिगहितं णाम अलुद्धेण उग्गमितं, पच्छा मंडलीए कडपतरगसीहखइदेण वा

સંયોગિક ભાંગા બધા મળીને ૯૬ થાય છે. આ આયંબિલની વાત કરી.

એકને ઉપવાસ છે અને બીજાને છઠ છે. અહીં પણ ૧૬ ભાંગા જાણવા. પરંતુ છઠવાળાને પારિષ્ઠાપનિકા આપવી. આ જ પ્રમાણે ઉપવાસી–અઠ્ઠમવાળાના ૧૬ ભાંગા જાણવા. એકને એકાસણ છે, બીજાને નીવિ છે. એકાસણવાળાને આપવી. (અહીં નીવિ એ એકાસણા વગર માત્ર વિગઈત્યાગ રૂપ પચ્ચ. છે અને પારિષ્ઠાપનિકામાં વિગઈ છે એમ સમજવું. અન્યથા એકાસણા કરતાં એકાસણ + નીવિવાળાને પહેલાં અપાય.) અહીં પણ ૧૬ ભાંગા જાણવા. એકને એકલસ્થાન છે, બીજાને નીવિ છે. એકલસ્થાનવાળાને આપવી. અહીં પણ ૧૬ ભાંગા જાણવા. ॥૧૬૧૨॥

**અવતરણિકા** : તે પારિષ્ઠાપનિકા પણ જો વિધિ પ્રમાણે ગોચરી ગ્રહણ કરેલી હોય અને વિધિપ્રમાણે વાપર્યા બાદ વધી હોય તો જ તેઓને દેવાય છે. તેમાં ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** વિધિગૃહીત એટલે કોઈપણ જાતના લોભ વિના જે ગોચરી મેળવી હોય. વિધિભુક્ત એટલે લોભ વિના ગોચરી મેળવ્યા પછી માંડલીમાં કટચ્છેદ(= જે વસ્તુ વાપરવાની ચાલુ કરી તે પૂર્ણ થાય નહીં ત્યાં સુધી બીજી વસ્તુ વાપરે નહીં), પ્રતરચ્છેદ(=ઉપરનું પ્રતર=પડ વાપરે પછી તેની

४२. एवमेते आचामाम्लोत्क्षेपकसंयोगेन सर्वाग्रेण षण्णवतिराचामाम्लभङ्गा भवन्ति, आचामाम्लोत्क्षेपो गतः, एकश्चतुर्थभक्तिक एकः षष्ठभक्तिकः, अत्रापि षोडश, नवरं षष्ठभक्तिकाय दातव्यं, एवं चतुर्थभक्तिकस्य अष्टमभक्तिकस्य च षोडश भङ्गाः, एक एकाशनिक एक एकस्थानिकः एकस्थानिकाय दातव्यं, अत्रापि षोडश भङ्गा एक एकाशनिक एको निर्विकृतिक एकाशनिकाय दातव्यं, अत्रापि षोडश, एक स्थानिक एको निर्विकृतिकः एकस्थानिकाय दातव्यं, अत्रापि षोडश भङ्गाः । तत् पुनः पारिष्ठापनिकं यथाविधि गृहीतं विधिभुक्तशेषं च तदा तेभ्यो दीयते । विधिगृहीतं नामालुब्धेनोद्गमितं, पश्चात् मण्डल्यां कटप्रतरकसिंहखादितेन वा

विधीए भुत्तं, एवंविधं पारिट्ठावणियं, जाहे गुरू भणति–अज्जो इमं पारिट्ठावणियं इच्छाकारेण भुञ्जाहित्ति, ताहे सो कप्पति वंदणं दाउं संदिसावेत्ति भोत्तुं, ॥१६१३॥ एत्थ चउभंगविभासा —

चउरो य हुंति भंगा पढमे भंगंमि होइ आवलिया ।
इत्तो अ तइयभंगो आवलिया होइ नायव्वा ॥१६१४॥

व्याख्या–विधिगहितं विधिभुत्तं विधिगहितं अविधिभुत्तं अविधिगहीतं विधिभुत्तं अविधिगहितं अविधिभुत्तं, तत्थ पढमभंगो, साधू भिक्खं हिंडति, तेण य अलुद्धेण बाहिं संजोअणदोसे विप्पजढेण ओहारितं भत्तपाणं पच्छा मंडलीए पतरगच्छेदातिसुविधीए समुद्दिट्ठं, एवंविधं पुव्ववण्णियाण आवलियाणं कप्पते समुद्दिसिउं, इदाणिं बितियभंगो तधेव विहीगहितं भुत्तं पुण कागसियालादिदोसदुट्ठं, एवं अविधिए भुत्तं, एत्थ जति उव्वरितं छड्डिज्जति, ण कप्पति,

નીચેનું પડ, પછી તેની નીચેનું એ રીતે ઉપરથી–નીચે સુધીનું પુરું કરે.) કે સિંહભક્ષિત (= એક બાજુથી શરૂ કરી ગોળાકારે ક્રમશઃ પૂર્ણ કરે.) રૂપ વિધિથી વાપરે. આવી પારિષ્ઠાપનિકાને આશ્રયીને જ્યારે ગુરુ કહે કે–"હે આર્ય ! મારી રજા છે જો તારી ઇચ્છા હોય તો તું આ પારિષ્ઠાપનિકાને વાપર." ત્યારે તે શિષ્યને વંદન કરીને રજા મેળવીને વાપરવું કલ્પે છે. ॥૧૬૧૩॥ અહીં ચાર ભાંગા જાણવા ⇨

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : ચારભાંગા આ પ્રમાણે જાણવા. (૧) વિધિગૃહીત, વિધિભુક્ત, (૨) વિધિગૃહીત, અવિધિભુક્ત, (૩) અવિધિગૃહીત–વિધિભુક્ત. (૪) અવિધિગૃહીત–અવિધિભુક્ત. પ્રથમભાંગો આ પ્રમાણેં – સાધુ ગોચરી જાય. અને ત્યાં લોભ વિના બાહ્યસંયોજનાના દોષોને (જેમ કે, દૂધમાં સાકર નાખવી વિગેરે.) છોડતા સાધુએ ભક્ત–પાન ગ્રહણ કર્યાં. અને પછી માંડલીમાં પ્રતરચ્છેદ વિગેરે સુવિધિપૂર્વક ગોચરી વાપરે. (આ વિધિગૃહીત–વિધિભુક્ત કહેવાય છે.) આ રીતે વાપર્યા પછી વધેલી ગોચરી પૂર્વે કહેવાયેલી આવલિકાઓને (= ઉપવાસી વિગેરેના જે ૧૬–૧૬ ભાંગા કર્યા તેઓને) વાપરવી કલ્પે છે.

હવે બીજો ભાંગો જણાવે છે – પૂર્વની જેમ વિધિપૂર્વક ગોચરી ગ્રહણ કરી પરંતુ કાકભક્ષિત (= જેમ કાગડો વીણી–વીણીને ખાય તેમ જે સ્વાદ માટે પાત્રામાંથી સારી–સારી વસ્તુઓ જુદી જુદી કાઢીને વાપરે. અથવા કાગડાની જેમ ઢોળતાં–ઢોળતાં વાપરે અથવા કાગડાની જેમ થોડુંક ખાય અને ચારે બાજું જોય, ફરી પાછું થોડુંક ખાય અને ચારેબાજુ જોય.) શિયાળભક્ષિત (= થોડું અહીંથી વાપરે થોડું ત્યાંથી વાપરે. આમ સ્વાદ માટે જુદી–જુદી વસ્તુઓ વાપરે.) વિગેરે અવિધિથી વાપરે. આ રીતે

૪૩. विधिना भुक्तं एवंविधं पारिष्ठापनिकं, यदा गुरुर्भणति-आर्य ! इदं पारिष्ठापनिकं इच्छाकारेण भुङ्क्ष्वेति, तदा स कल्पते वन्दनं दत्त्वा संदिशेति भोक्तुं, अत्र चत्वारो भङ्गाः, विभाषा, विधिगृहीतं विधिभुक्तं विधिगृहीतमविधिभुक्तं अविधिगृहीतं विधिभुक्तं अविधिगृहीतमविधिभुक्तं, तत्र प्रथमो भङ्गः साधुर्भिक्षां हिण्डते, तेन चालुब्धेन बहिः संयोजनादोषविप्रहीनेनावहृतं भक्तपानं पश्चात् मण्डल्यां प्रतरकच्छेदादिसुविधिना समुद्दिष्टं, एवंविधं पूर्ववर्णितानामावलिकानां कल्पते समुद्देष्टुं, इदानीं द्वितीयभङ्गः तथैव विधिगृहीतं भुक्तं पुनः काकशृगालादिदोषदुष्टं, एवमविधिना भुक्तं, अत्र यदुद्धरितम् त्यज्यते, न कल्पते,

[४४]छद्दिमादीदोसा हवंति, एरिसं जो देति जो य भुंजति दोण्हवि विवेगो कीरति, अपुणकारए वा उवट्ठिताणं पंचकल्लाणयं दिज्जति, इदाणिं तइयभंगो, तत्थ अविधिगहितं–वीसुं वीसुं उक्कोसगाणि जाणि दव्वाणि कच्छपुडगंपिव पडिग्गहे विरेएति, एतं मे भोत्तव्वंति आगतो, पच्छा मंडलिगराइणिएण समरसं कातुं मंडलीए विधीए समुद्दिट्ठं, एवंविधे जं उव्वरितं तं पारिट्ठावणियागारं आवलियाणं विधिभुत्तंतिकाउं कप्पति ३, चउत्थभंगो आवलियाण ण कप्पेति भुत्तं, ते चेव पुव्वभणिता दोसा, एवमेतं भावपच्चक्खाणं भणितमिति गाथार्थः ॥१६१४॥ व्याख्यातं मूलगाथोपन्यस्तं प्रत्याख्यानमधुना प्रत्याख्यातोच्यते, तथा चाह —

पच्चक्खाएण कया पच्चक्खाविंतएवि सूआ उ ।
उभयमवि जाणगेअर चउभंगे गोणिदिट्ठंतो ॥१६१५॥

व्याख्या–प्रत्याख्याता–गुरुस्तेन प्रत्याख्यात्रा कृता प्रत्याख्यापयितर्यपि शिष्ये सूचा–उल्लिङ्गना,

વાપર્યા બાદ જે વધે તે પરઠવવું પણ, ઉપવાસી વિગેરેને કલ્પે નહીં. કારણ કે તેમાં ઉલટી વિગેરે દોષો સંભવે. (કારણ એવું લાગે છે કે – આ રીતે વાપર્યા બાદ વધેલી વસ્તુ સાવ તુચ્છ હોય, સારુ–સારું બધું પતી ગયું હોય. તેથી આવું વાપરવા જતાં ક્યારેક ઉલટી વિગેરે દોષોની સંભાવના રહે.) આવી અવિધિથી વાપર્યા પછીની વધેલી ગોચરીને જે આપે છે તે અને જે વાપરે છે તે બંનેને ગચ્છમાંથી બહાર કાઢવામાં આવે છે. અથવા અપુનઃકરણ સાથે જો ઉપસ્થિત થાય તો પાંચકલ્યાણકનું પ્રાયશ્ચિત્ત અપાય છે.

ત્રીજો ભાંગો – તેમાં અવિધિગૃહીત એટલે જે સારા-સારા દ્રવ્યો હોય તેને બગલમાં છુપાવવાની જેમ પાત્રામાં જુદા–જુદા ગ્રહણ કરે કે આ મારે વાપરવા. આ પ્રમાણે ગોચરી લઈને આવેલો તે સાધુ પાછળથી માંડલીમાં રત્નાધિકે આવેલી બધી ગોચરીનો એકરસ કરીને બધાને આપેલી ગોચરીને વિધિપૂર્વક વાપર્યું. આ રીતે ભલે અવિધિથી ગ્રહણ કર્યું છતાં વિધિભુક્ત હોવાથી વધેલી ગોચરી આવલિકાઓને કલ્પે છે. ચોથાભાંગામાં વધેલી ગોચરી આવલિકાઓને વાપરવી કલ્પતી નથી, કારણ કે તેમાં તે જ પૂર્વે કહેવાયેલા દોષો થાય છે. આ પ્રમાણે ભાવપ્રત્યાખ્યાન કહ્યું. ॥૧૬૧૪॥

**અવતરણિકા :** આ પ્રમાણે મૂળગાથામાં જણાવેલ 'પ્રત્યાખ્યાન' પદની વ્યાખ્યા કરી. હવે 'પ્રત્યાખ્યાતા' પદ કહેવાય છે. તે જ વાત કરે છે ➩

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** મૂળમાં (ગા. ૧૫૫૮માં) પ્રત્યાખ્યાતા એવા ગુરુનો જ નિર્દેશ કર્યો છે. પરંતુ આ

४४. छर्द्यादयो दोषा भवन्ति, ईदृशं यो ददाति यश्च भुङ्क्ते द्वयोरपि विवेकः क्रियते, अपुनःकरणतया वोत्थितयोः पञ्चकल्याणकं दीयते, इदानीं तृतीयभङ्गः, तत्राविधिगृहीतं-विष्वग् विष्वग् उत्कृष्टानि यानि द्रव्याणि कक्षापुटमिव पतद्ग्रहे विरेचयति, एतानि मे भोक्तव्यानि इत्यागतः, पश्चात् माण्डलिकरात्निकेन समरसं कृत्वा मण्डल्यां विधिना समुद्दिष्टं, एवंविधे यदुद्धरति तत् पारिष्ठापनिकाकारमावलिकानां विधिभुक्तमितिकृत्वा कल्पते, चतुर्थो भङ्ग आवलिकानां न कल्पते भोक्तुं, त एव पूर्वभणिता दोषाः, एवमेतत् भावप्रत्याख्यानं भणितम्,

न हि प्रत्याख्यानं प्रायो गुरुशिष्यावन्तरेण भवति, अन्ये तु–'पच्चक्खाणेण कय'त्ति पठन्ति, तत् पुनरयुक्तं, प्रत्याख्यातुर्निर्युक्तिकारेण साक्षादुपन्यस्तत्वात् सूचाऽनुपपत्तेः, प्रत्याख्यापयितुरपि तदनन्तरङ्गत्वादिति, अत्र च ज्ञातर्यज्ञातरि च चतुर्भेदा भवन्ति, तत्र चतुर्भङ्गे गोदृष्टान्त इति गाथाक्षरार्थः ॥१६१५॥ भावार्थं तु स्वयमेवाह —

मूलगुणउत्तरगुणे सव्वे देसे य तहय सुद्धीए ।
पच्चक्खाणविहिन्नू पच्चक्खाया गुरू होइ ॥१६१६॥

व्याख्या–मूलगुणेषूत्तरगुणेषु च सव्वे देसे य त्ति सर्वमूलगुणेषु देशमूलगुणेषु च एवं सर्वोत्तरगुणेषु देशोत्तरगुणेषु च, तथा च शुद्धौ–षड्विधायां श्रद्धानादिलक्षणायां प्रत्याख्यानविधिज्ञः, अस्मिन् विषये प्रत्याख्यानविधिमाश्रित्येत्यर्थः, प्रत्याख्यातीति प्रत्याख्याता गुरुः–आचार्यो भवतीति गाथार्थः ॥१६१६॥

किइकम्माइविहिन्नू उवओगपरो अ असढभावो अ ।
संविग्गथिरपइन्नो पच्चक्खावितओ भणिओ ॥१६१७॥

व्याख्या–कृतिकर्मादिविधिज्ञः–वन्दनाकारादिप्रकारज्ञ इत्यर्थः, उपयोगपरश्च प्रत्याख्यान एव

---

શબ્દથી પ્રત્યાખ્યાન કરનારા એવા શિષ્યનો પણ ઉલ્લખ થયેલો જાણવો. (એટલે કે શિષ્યનું પણ ગ્રહણ કરી લેવું.) કારણ કે પ્રત્યાખ્યાન ગુરુ–શિષ્ય વિના થતું નથી. કેટલાક આચાર્ય અહીં આ ગાથા 'पच्चक्खाएण कया' શબ્દની બદલે 'पच्चक्खाणेण कया' શબ્દ કહે છે, (એટલે કે ગા. ૧૫૫૮માં આપેલા पच्चक्खाण શબ્દથી પ્રત્યાખ્યાતાનો ઉલ્લેખ સમજી લેવો એમ કહે છે.) પરંતુ તે યોગ્ય નથી કારણ કે ગા. ૧૫૫૮માં નિર્યુક્તિકારે પોતે પ્રત્યાખ્યાતાનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો હોવાથી 'પચ્ચક્ખાણવડે સૂચા કરાયેલી જાણવી' એ પ્રમાણે સૂચા ઘટે જ નહીં. એ જ પ્રમાણે 'पच्चक्खाणेण कया' શબ્દથી પ્રત્યાખ્યાન કરનારની સૂચા પણ સંભવતી નથી કારણ કે તે પ્રત્યાખ્યાનની અંતરંગ નથી. અહીં જાણનાર અને અજાણને વિશે ચતુર્ભંગી થાય છે. આ ચાર ભાંગામાં ગાયનું દૃષ્ટાન્ત જાણવું. આ ગાથાનો અક્ષરાર્થ કહ્યો ॥૧૬૧૫॥ ભાવાર્થ ગ્રંથકારશ્રી પોતે જ કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** મૂલગુણ અને ઉત્તરગુણોને વિશે, અર્થાત્ સર્વથી મૂલગુણ અને દેશથી મૂલગુણને વિશે તથા એ જ પ્રમાણે સર્વથી ઉત્તરગુણ અને દેશથી ઉત્તરગુણને વિશે તથા શ્રદ્ધા વિગેરે છ પ્રકારની શુદ્ધિને વિશે પ્રત્યાખ્યાનની વિધિને જાણનારા ગુરુ હોય છે. જે નિવારે = અટકાવે છે તે પ્રત્યાખ્યાતા એટલે કે ગુરુ. (ભાવાર્થ એ જ છે કે ગુરુ સર્વથી–દેશથી મૂલગુણ અને ઉત્તરગુણસંબંધી પ્રત્યાખ્યાન કેવી રીતે કરવું/કરાવવું, તેની વિધિના અને તે પ્રત્યાખ્યાન કેવી રીતે શુદ્ધ બનશે ? તેની વિધિના જાણકાર હોવા જોઈએ.) ॥૧૬૧૬॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** શિષ્ય પોતે વંદન, પ્રત્યાખ્યાનના આગારો વિગેરે વિધિના પ્રકારોને જાણનારો હોવો

चोपयोगप्रधानश्च अशठभावश्च–शुद्धचित्तश्च संविग्नो–मोक्षार्थी स्थिरप्रतिज्ञः–न भाषितमन्यथा करोति, प्रत्याख्यापयतीति प्रत्याख्यापयिता–शिष्यः एवंभूतो भणितः तीर्थकरगणधरैरिति गाथार्थः ॥१६१७॥

इत्थं पुण चउभंगा जाणगइअरंमि गोणिनाएणं ।
सुद्धासुद्धा पढमंमि मा उ सेसेसु अ विभासा ॥१६१८॥

व्याख्या–[४५]इत्थ पुण पच्चक्खायंतस्स पच्चक्खावेंतस्स य चउभंगो–जाणतो जाणगस्स पच्चक्खाति शुद्धं पच्चक्खाणं, जम्हा दोवि जाणंति किमपि पच्चक्खाणं णमोक्कारसहितं पोरुसिमादियं वा, जाणगो अयाणगस्स जाणावेउं पच्चक्खाति, जहा णमोक्कारसहितादीणं अमुगं ते पच्चक्खातंति सुद्धं अन्नहा ण सुद्धं, अयाणगो जाणगस्स पच्चक्खाति ण सुद्धं, पभुसंदिट्ठादिसु विभासा, अयाणगो अयाणगस्स पच्चक्खाति, असुद्धमेव, एत्थं दिट्ठंतो गावीतो, जति गावीण पमाणं सामिओवि जाणति, गोवालोवि जाणति, दोण्हंपि जाणगाणं भूतीमोल्लं सुहं सामीओ देति

જોઇએ. પ્રત્યાખ્યાનને વિશે ઉપયોગની પ્રધાનતાવાળો હોવો જોઇએ. શુદ્ધચિત્તવાળો, મોક્ષાર્થી અને સ્થિરપ્રતિજ્ઞાવાળો એટલે બોલ્યા પછી ફરનારો ન હોવો જોઇએ. જે અટકનાર છે તે પ્રત્યાખ્યાપયિતા = શિષ્ય છે. ટૂંકમાં પચ્ચ. કરનાર શિષ્ય આવા બધા ગુણોવાળો તીર્થંકર–ગણધરોએ કહ્યો છે. ॥૧૬૧૭॥

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : અહીં પ્રત્યાખ્યાન આપનાર અને લેનાર વચ્ચે ચાર ભાંગા થાય છે – (૧) પ્રત્યાખ્યાનની વિધિને જાણનાર ગુરુ વિધિના જાણકાર એવા શિષ્યને પ્રત્યાખ્યાન કરાવે તે શુદ્ધ પ્રત્યાખ્યાન જાણવું. કારણ કે નમસ્કારસહિત, કે પોરિસી વિગેરે જે કોઇ પ્રત્યાખ્યાન હોય તે બંને જાણે છે. (૨) જાણકાર અજાણકારને જણાવીને એટલે કે નમસ્કારસહિત વિગેરેમાંથી અમુક પ્રત્યાખ્યાન હું તને આપું છું એ પ્રમાણે જણાવીને જો પ્રત્યાખ્યાન આપે તો શુદ્ધ જાણવું બાકી અશુદ્ધ જાણવું. (૩) અજાણકાર જાણકારને પ્રત્યાખ્યાન આપે તે શુદ્ધ બનતું નથી. પરંતુ જો પ્રભુથી = ગુરુથી સંદિષ્ટ વિગેરેમાં વિકલ્પો જાણવા, અર્થાત્ ગુરુએ કોઇને કહ્યું હોય કે તું પચ્ચક્ખાણ આપજે તો એવા અજાણ પાસે પણ પચ્ચક્ખાણ લે તો શુદ્ધ.

(૪) અજાણકાર અજાણકારને પચ્ચક્ખાણ આપે તો અશુદ્ધ જ જાણવું. અહીં ગાયનું દૃષ્ટાન્ત જાણવું. જો ગાયોની સંખ્યા તેનો સ્વામી પણ જાણતો હોય અને ગોવાળિયો પણ જાણતો હોય તો બંને જાણકાર હોવાથી ગાયોના દેખરેખ માટેની કિંમત સુખેથી સ્વામી આપે છે અને ગોવાળિયો સુખેથી

४५. अत्र पुनः प्रत्याख्यातुः प्रत्याख्यापयितुश्च चतुर्भङ्गी-ज्ञो ज्ञस्य सकाशात् प्रत्याख्याति शुद्धं प्रत्याख्यानं, यस्माद्द्वावपि जानीतः किमपि प्रत्याख्यानं नमस्कारसहितं पौरुष्यादिकं वा, ज्ञोऽज्ञं ज्ञापयित्वा प्रत्याख्यापयति, यथा नमस्कारसहितादिष्वमुकं त्वया प्रत्याख्यातमिति शुद्धमन्यथा न शुद्धं, अज्ञो ज्ञस्य पार्श्वे प्रत्याख्याति न शुद्धं, प्रभुसंदिष्टादिषु विभाषा, अज्ञोऽज्ञस्य प्रत्याख्याति, अशुद्धमेव, अत्र दृष्टान्तो गावः, यदि गवां प्रमाणं स्वाम्यपि जानाति गोपालोऽपि जानाति, द्वयोरपि जानानयोर्भृतिमूल्यं सुखं स्वामी ददाति

[४६]इतरो गेण्हति, एवं लोइयो चउभंगो, एवं जाणगो जाणगेण पच्चक्खावेति सुद्धं, जाणगो अजाणगेण केणइ कारणेण पच्चक्खावेन्तो सुद्धो णिक्कारणे ण सुज्झति, अयाणगो जाणगेण पच्चक्खावेति सुद्धो, अयाणओ अयाणगेण पच्चक्खावेति ण सुद्धोत्ति गाथार्थः ॥१६१८॥

मूलद्वारगाथायामुक्तः प्रत्याख्याता, साम्प्रतं प्रत्याख्यातव्यमुक्तमप्यध्ययने द्वाराशून्यार्थमाह —

**दव्वे भावे य दुहा पच्चक्खाइव्वयं हवइ दुविहं ।**
**दव्वंमि अ असणाई अन्नाणाई य भावंमि ॥१६१९॥**

व्याख्या–द्रव्यतो भावतश्च द्विधा प्रत्याख्यातव्यं तु विज्ञेयं, द्रव्यप्रत्याख्यातव्यं अशनादि, अज्ञानादि तु भावे–भावप्रत्याख्यातव्यमिति गाथार्थः ॥१६१९॥ मूलद्वारगाथायां गतं तृतीय द्वारं, इदाणिं परिसा, सा य पुव्वं वण्णिता सामाइयणिज्जुत्तीए सेलघणकुडगादी, इत्थ पुण सविसेसं भण्णति–परिसा दुविधा, उवट्ठिता अणुवट्ठिता य, उवट्ठिताए कहेतव्वं, अणुवट्ठिताए ण कहेतव्वं,

ગ્રહણ કરે છે. (આશય એ છે કે જો સ્વામી ગાયોની સંખ્યા જાણતો ન હોય તો ગોવાળિયો સ્વામીને ઠગીને વધારે પૈસા લઇ જાય જેથી સ્વામીને નુકસાન થાય. એ જ પ્રમાણે જો ગોવાળિયો સંખ્યા જાણતો ન હોય તો સ્વામી ગોવાળિયાને ઠગે જેથી ગોવાળિયાને નુકસાન જાય. આ પ્રમાણે લૌકિક ચાર ભાંગા સમજી લેવા.) આ પ્રમાણે જાણકાર એવો શિષ્ય જાણકાર એવા ગુરુ પાસે પચ્ચક્ખાણ લે તો શુદ્ધ. જાણકાર એવો શિષ્ય કોઇક કારણે અજાણ પાસે પચ્ચક્ખાણ લે તો શુદ્ધ. બાકી નિષ્કારણ લે તો તેનું પચ્ચક્ખાણ શુદ્ધ થતું નથી. અજાણકાર એવો શિષ્ય જાણકાર એવા ગુરુ પાસે પચ્ચક્ખાણ કરાવે તો શુદ્ધ. (અહીં ગુરુ એને જણાવે એમ સમજી લેવું.) અજાણકાર એવો શિષ્ય અજાણકાર એવા ગુરુ પાસે પચ્ચક્ખાણ કરાવે તો અશુદ્ધ. (પૂર્વે ગુરુને આશ્રયીને ચતુર્ભંગી જણાવી. અહીં શિષ્યને આશ્રીયને ચતુર્ભંગી જણાવી.) ॥૧૬૧૮॥

**અવતરણિકા :** મૂલદ્વારાગાથા (ગા. ૧૫૫૮) માં કહેલ 'પ્રત્યાખ્યાતા' કહ્યો. હવે પ્રત્યાખ્યાન જેનું કરવાનું છે તે અશન વિગેરે વિષયો જો કે પૂર્વે કહી દીધા હોવા છતાં અહીં અધ્યયનમાં દ્વાર શૂન્ય ન રહે તે માટે જણાવે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે પ્રત્યાખ્યાતવ્ય જાણવું. તેમાં દ્રવ્યથી પ્રત્યાખ્યાતવ્ય અશન વિગેરે અને ભાવથી પ્રત્યાખ્યાતવ્ય અજ્ઞાન વિગેરે જાણવા. ॥૧૬૧૯॥ આ પ્રમાણે મૂલદ્વારગાથાનું ત્રીજું દ્વાર પૂર્ણ થયું. હવે પર્ષદા કહેવાની છે. તે મગશૈલપથ્થર, મેઘ, ઘટ વિગેરે દૃષ્ટાન્તો પૂર્વે (ભા. ૧, પૃ. ૨૯૫માં) સામાયિકનિર્યુક્તિમાં કહી જ ગયા છે. અહીં વળી સવિશેષ કહેવાય છે – બે પ્રકારે પર્ષદા છે – ઉપસ્થિત અને અનુપસ્થિત. તેમાં જે ઉપસ્થિત હોય (= શાસ્ત્રના

४६. इतरो गृह्णाति, एवं लौकिकी चतुर्भङ्गी, एवं ज्ञो ज्ञं प्रत्याख्यापयति शुद्धं, ज्ञोऽज्ञेन केनचित्कारणेन प्रत्याख्यापयन् शुद्धः निष्कारणे न शुद्ध्यति, अज्ञो ज्ञेन प्रत्याख्यापयति शुद्धः अज्ञोऽज्ञेन प्रत्याख्यापयति न शुद्धः । इदानीं पर्षत्, सा च पूर्वं वर्णिता सामायिकनिर्युक्तौ शैलघनकुटादिका, अत्र पुनः सविशेषं भण्यते-पर्षद् द्विविधा-उपस्थिता अनुपस्थिता च, उपस्थितायै कथयितव्यं अनुपस्थितायै न कथयितव्यं,

[४७]जा सा उवट्ठिता सा दुविधा—सम्मोवट्ठिता मिच्छोवट्ठिता य, मिच्छोवट्ठिता जहा अज्जगोविंदा तारिसाण ण वट्टति कहेतुं, सम्मोवट्ठिता दुविधा—भाविता अभाविता य, अभाविताए ण वट्टति कहेतुं, भाविता दुविधा—विणीता अविणीता य, अविणीताए ण वट्टति, विणीताए कहेतव्वं, विणीता दुविधा—वक्खित्ता अवक्खित्ता य, वक्खित्ता जा सुणेति कम्मं च किंचि करेति सिव्वति वा अण्णं वा वावारं करेति, अवक्खित्ता ण किंचि अण्णं करेति केवलं सुणति, अवक्खित्ताए कहेयव्वं, अवक्खित्ता दुविधा—उवउत्ता अणुवउत्ता य, अणुवउत्ता जा सुणेति अण्णमण्णाणि य

અર્થો ભણવાની ઇચ્છાથી જે આવ્યા હોય.) તેને કથન કરવું, પણ અનુપસ્થિતિને ન કરવું. જે ઉપસ્થિત છે તે પણ બે પ્રકારે છે - સમ્યગ્ રીતે ઉપસ્થિત અને ખોટી રીતે ઉપસ્થિત હોય.

તેમાં ખોટી રીતે ઉપસ્થિત હોય જેમ કે આર્ય ગોવિંદ. તો તેઓને શાસ્ત્રના અર્થોનું કથન કરવું કલ્પતું નથી. (ગોવિંદનું દૃષ્ટાન્ત આ પ્રમાણે કે – અમુક નગરમાં ગોવિંદ નામે બૌદ્ધભિક્ષુ પોતાની જાતને સર્વોત્કૃષ્ટ વાદી માનતો હતો. મોટા–મોટા વિદ્વાનોને તેણે હરાવ્યા હતા. એવામાં તે નગરમાં બહુશ્રુતધર એવા આચાર્ય પધાર્યા. તેમના અજબકોટીના જ્ઞાનથી આખા નગરમાં ચારે–બાજુ યશ ફેલાયો. ગોવિંદપંડિત આ સહન ન કરી શક્યો. તેથી વાદ કરવા આચાર્ય પાસે ગયો. પરંતુ આચાર્યે ક્ષણવારમાં તેને હરાવ્યો. પરિણામે ગોવિંદને દ્વેષ ઉત્પન્ન થયો. તેથી તેણે વિચાર્યું કે જ્યાં સુધી જૈનસિદ્ધાન્તોનો અભ્યાસ નહીં કરું ત્યાં સુધી આ આચાર્યને જીતવા શક્ય નથી. એમ વિચારી તે દૂર દેશમાં વિચરતા બીજા આચાર્ય પાસે જૈનસિદ્ધાન્તોનો અભ્યાસ કરવા દીક્ષા લઇ ભણવા લાગ્યો. વધુ વિસ્તાર ઉપદેશપદ–૨૫૮માંથી જાણી લેવો. જેમ અહીં ગોવિંદ ભણવા ઉપસ્થિત થયો પણ આચાર્યને હરાવવા માટે જૈન સિદ્ધાન્તો ભણવા માંગતો હતો તેથી ખોટી રીતે ઉપસ્થિત થયો.)

સમ્યગ્ રીતે ઉપસ્થિત પર્ષદા બે પ્રકારે છે – ભાવિત અને અભાવિત. તેમાં જે અભાવિત હોય તેને અર્થો કહેવા કલ્પતા નથી. ભાવિત બે પ્રકારે – વિનીત અને અવિનીત. અવિનીતને ન કહેવું. જે વિનીતપર્ષદા છે તેને અર્થો કહેવા. વિનીત બે પ્રકારે – વ્યાક્ષિપ્ત અને અવ્યાક્ષિપ્ત. તેમાં વ્યાક્ષિપ્ત એટલે જે અર્થો સાંભળે અને સાથે બીજા કામ પણ કરે અથવા સીવવાનું કે અન્ય કોઇ વ્યાપાર કરે. અવ્યાક્ષિપ્ત એટલે કોઇ પણ અન્ય કામ કરે નહીં, માત્ર સાંભળે. તેમાં અવ્યાક્ષિપ્ત પર્ષદાને અર્થો કહેવા. અવ્યાક્ષિપ્ત બે પ્રકારે – ઉપયુક્ત અને અનુપયુક્ત. અનુપયુક્ત એટલે જે સાંભળે બીજું અને

४७. या सोपस्थिता सा द्विविधा-सम्यगुपस्थिता मिथ्योपस्थिता च, मिथ्योपस्थिता यथा आर्यगोविन्दाः, तादृश्यै न युज्यते कथयितुं, सम्यगुपस्थिता द्विविधा-भाविता अभाविता च, अभावितायै न युज्यते कथयितुं, भाविता द्विविधा-विनीता अविनीता च, अविनीतायै न युज्यते कथयितुं, विनीतायै कथयितव्यं, विनीता द्विविधा-व्याक्षिप्ता अव्याक्षिप्ता च, व्याक्षिप्ता या शृणोति कर्म च किञ्चित् करोति सीव्यति वा अन्यं वा व्यापारं करोति, अव्याक्षिप्ता न किञ्चिदन्यत् करोति केवलं शृणोति, अव्याक्षिप्तायै कथयितव्यं, अव्याक्षिप्ता द्विविधा-उपयुक्ता अनुपयुक्ता च, अनुपयुक्ता या शृणोति अन्यदन्यानि च

[४८]चिंतेति, उवउत्ता जा तच्चित्ता तम्मणा, उवउत्ताए कहेतव्वं । तथा चाह –

सोउं उवट्ठियाए विणीयवक्खित्ततदुवउत्ताए ।
एवंविहपरिसाए पच्चक्खाणं कहेयव्वं ॥१६२०॥ द्वारम्

व्याख्या–गतार्था ॥१६२०॥ एवमेसा उवट्ठिता सम्मोवट्ठिता भाविता विणीयाऽवक्खित्ता उवयुत्ता य, पढमपरिसा जोग्गा कहणाए, सेसा उ तेवट्ठि परिसाओ अजोग्गाओ, अज्जोगाण इमा पढमा–उवट्ठिता सम्मोवट्ठिता भाविता विणीया अवक्खित्ता अणुवउत्ता, एसा पढमा अजोग्गा, एवं तेवट्ठिंपि भाणितव्वा,–'उवठियसम्मोवट्ठियभावितविणणीए य होइ वक्खित्ता । उवउत्तिगा य

વિચારે બીજું. ઉપયુક્ત એટલે જે તચ્ચિત્ત, તન્મન થઈને સાંભળે. ઉપયુક્તને અર્થો કહેવા. આ જ વાતને કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જે સાંભળવા માટે ઉપસ્થિત હોય, વિનીત હોય, અવ્યાક્ષિપ્ત હોય અને તદુપયુક્ત હોય તેવી પર્ષદામાં પચ્ચક્ખાણનું વર્ણન કરવું જોઈએ. ॥૧૬૨૦॥ આ પ્રમાણે જે ઉપસ્થિત છે, સમ્યગ્ રીતે ઉપસ્થિત છે, ભાવિત છે, વિનીત છે, અવ્યાક્ષિપ્ત અને ઉપયુક્ત છે તેવી પ્રથમ પર્ષદા

| – | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | × |
| ૩ | ✓ | ✓ | ✓ | ✓ | × | ✓ |
| ૪ | ✓ | ✓ | ✓ | ✓ | × | × |
| ૫ | ✓ | ✓ | ✓ | × | ✓ | ✓ |
| ૬ | ✓ | ✓ | ✓ | × | ✓ | × |
| ૭ | ✓ | ✓ | ✓ | × | × | ✓ |
| ૮ | ✓ | ✓ | ✓ | × | × | × |

કથન માટે યોગ્ય જાણવી. શેષ ત્રેસઠ પર્ષદાઓ અયોગ્ય જાણવી. અયોગ્યપર્ષદામાં પ્રથમ પર્ષદા આ પ્રમાણે છે – ઉપસ્થિત, સમ્યગુપસ્થિત, ભાવિત, વિનીત, અવ્યાક્ષિપ્ત, અનુપયુક્ત. આ અયોગ્ય પ્રથમ પર્ષદા જાણવી. આ જ પ્રમાણે ત્રેસઠ પર્ષદાઓ પણ કહી દેવી. (તે આ પ્રમાણે જાણવી – ૧ થી ૬ આડી પંક્તિ બતાવ્યા પ્રમાણે સ્થાપવી. તેમાં એક નંબરની પંક્તિમાં ૩૨ વાર ✓ અને ૩૨ વાર × મૂકવા. બે નંબરની પંક્તિમાં ૧૬ વાર ✓, ૧૬ વાર ×, ૧૬ વાર ✓ અને ૧૬ વાર × મૂકવા. ત્રીજા નંબરની પંક્તિમાં ૮ વાર ✓, ૮ વાર × એમ વારાફરતી ૬૪ સુધી મૂકવા. ચોથા નંબરની પંક્તિમાં ૪ વાર – ૪ વાર વખત ✓–× એમ ૬૪ સુધી. પાંચમા નંબરમાં ૨ વાર ✓ ૨ વાર ×, ૨ વાર ✓ ૨ વાર × એમ ૬૪ સુધી અને ૬ નંબરની પંક્તિમાં ✓×✓×એમ એક–એક વાર ૬૪ સુધી મૂકતા ૬૪ ભાંગા તૈયાર થાય છે.) કહ્યું છે – ઉપસ્થિત, સમ્યગુપસ્થિત, ભાવિત, વિનીત, અવ્યાક્ષિપ્ત અને ઉપયુક્ત આ યોગ્ય પર્ષદા છે,

४८. चिन्तयति, उपयुक्ता या च तच्चित्ता तन्मना, उपयुक्तायै कथयितव्यं । एवमेषा उपस्थिता सम्यगुपस्थिता भाविता विनीताऽव्याक्षिप्ता उपयुक्ता च प्रथमा पर्षद् योग्या कथनायै, शेषा अयोग्याः त्रिषष्टिः पर्षदः, अयोग्यानामियं प्रथमा-उपस्थिता सम्यगुपस्थिता भाविता विनीता अव्याक्षिप्ता अनुपयुक्ता, एषा प्रथमा अयोग्या, एवं त्रिषष्टिरपि भणितव्याः, उपस्थिता सम्यगुपस्थिता भाविता विनीता च भवत्यव्याक्षिप्ता उपयुक्ता च

[४९]जोग्गा सेस अजोगातो तेवट्ठि ॥१॥' एतं पच्चक्खाणं पढमपरिसाए कहेज्जति, तव्वतिरित्ताए ण कहेतव्वं, ण केवलं पच्चकखाणं सव्वमवि आवस्सयं सव्वमवि सुयणाणंति ॥१६२०॥ मूलद्वारगाथायां परिषदिति गतमधुना कथनविधिरुच्यते, तत्रायं वृद्धवादः—काए विधीए कहितव्वं ?, पढमं मूलगुणा कहिज्जति पाणातिपातवेरमणाति, ततो साधुधम्मे कथिते पच्छा असत्तिट्ठस्स सावगधम्मो, इहरा कहिज्जति सत्तिट्ठोवि सावयधम्मं पढमं सोतुं तत्थेव धित्तीं करेइ, उत्तरगुणेसुवि छम्मासियं आदिं काउं जं जस्स जोग्गं पच्चक्खाणं तं तस्स असढेण कहेतव्वं । अथवाऽयं कथनविधिः —

आणागिज्झो अत्थो आणाए चेव सो कहेयव्वो ।
दिट्ठंतिउ दिट्ठंता कहणविहि विराहणा इअरा ॥१६२१॥ द्वारम्

व्याख्या—आज्ञा—आगमस्तद्ग्राह्यः—तद्विनिश्चेयोऽर्थः, अनागतातिक्रान्तप्रत्याख्यानादिः आज्ञयैव—आगमेनैवासौ कथयितव्यो, न दृष्टान्तेन, तथा दार्ष्टान्तिकः—दृष्टान्तपरिच्छेद्यः प्राणातिपाताद्यनिवृत्तानामेते दोषा भवन्तीत्येवमादिर्दृष्टान्तात्—दृष्टान्तेन कथयितव्यः, कथनेऽयंविधिः—

શેષ ત્રેસઠ પર્ષદા અયોગ્ય જાણવી. ॥૧॥' આ પચ્ચક્ખાણ પ્રથમપર્ષદાને ગુરુ કહે છે. તેના સિવાયની પર્ષદાને ન કહેવું. માત્ર પચ્ચક્ખાણ જ નહીં પરંતુ બધું જ આવશ્યકશ્રુત, બધું જ શ્રુતજ્ઞાન પ્રથમ પર્ષદાને કહેવું. (કેવી રીતે ? તે આગળ કહે છે.) મૂલદ્વારગાથામાં રહેલું પર્ષદાદ્વાર પૂર્ણ થયું. ॥૧૬૨૦॥ હવે કથનવિધિ કહેવાય છે. તેમાં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે – કઇ વિધિથી પચ્ચક્ખાણ કહેવું જોઇએ ? – પ્રથમ સાધુધર્મના પ્રાણાતિપાતવિરમણ વિગેરે પાંચ મહાવ્રતોરૂપ મૂલગુણો કહેવા. ત્યાર પછી એટલે કે સાધુધર્મ કહ્યા બાદ જો સાંભળનાર સાધુધર્મ માટે અશક્ત હોય તો તેને શ્રાવકધર્મ કહેવો. જો વિધિથી વિપરીત કથન કરો એટલે કે પ્રથમ સાધુધર્મ બતાવ્યા પહેલા સીધો શ્રાવકધર્મ કહો તો શક્તિ હોવા છતાં પણ તે શ્રોતા શ્રાવકધર્મને સાંભળીને તેમાં જ ધૃતિને કરશે. (અર્થાત્ એ જ ધર્મ સ્વીકારી લે.) એ જ પ્રમાણે ઉત્તરગુણોમાં પણ પ્રથમ છમાસી તપ કહેવો એ રીતે શરૂઆત કરી છેલ્લે જેને જે યોગ્ય પચ્ચક્ખાણ હોય તેને તે પચ્ચક્ખાણ સરળભાવે કહેવું. અથવા કથનવિધિ આ પ્રમાણે જાણવી ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** આજ્ઞા એટલે આગમ. તદ્ગ્રાહ્ય એટલે આગમથી નિશ્ચય કરવા યોગ્ય એવો અનાગતપ્રત્યાખ્યાન, અતિક્રાન્તપ્રત્યાખ્યાન વિગેરે અર્થો. આવા આજ્ઞાગ્રાહ્ય અર્થો આજ્ઞાવડે = આગમાનુસારે જ કથન કરવા યોગ્ય છે, પણ દૃષ્ટાન્તથી નહીં. તથા દાર્ષ્ટાન્તિક એટલે કે દૃષ્ટાન્તદ્વારા

४९. योग्या शेषा अयोग्यास्त्रिषष्टिः ॥१॥ एतत् प्रत्याख्यानं प्रथमायै पर्षदेः कथ्यते, तद्व्यतिरिक्तायै न कथयितव्यं, न केवलं प्रत्याख्यानं सर्वमप्यावश्यकं सर्वमपि श्रुतज्ञानमिति । केन विधिना कथयितव्यं ?, प्रथमं मूलगुणाः कथ्यंते प्राणातिपातविरमणादयः, ततः साधुधर्मे कथिते पश्चात् अशक्तिस्थाय श्रावकधर्मः, इतरथा कथ्यमाने शक्तिस्थोऽपि श्रावकधर्मं प्रथमं श्रुत्वा तत्रैव धृत्तिं करोति, उत्तरेति उत्तरगुणेष्वपि षाण्मासिकमादौ कृत्वा यद्यस्य योग्यं प्रत्याख्यानं तत्तस्मै अशठेन कथयितव्यं,

एषः कथनप्रकारः प्रत्याख्याने, यद्वा सामान्येनैवाज्ञाग्राह्योऽर्थः–सौधर्मादिः आज्ञयैवासौ कथयितव्यो न दृष्टान्तेन, तत्र तस्य वस्तुतोऽसम्भवात्, तथा दार्ष्टान्तिकः–उत्पादादिमानात्मा वस्तुत्वाद् घटवदित्येवमादिर्दृष्टान्तात् कथयितव्यः, एषः कथनविधिः, विराधना इतरथा–विपर्ययोऽन्यथा कथनविधेः अप्रतिपत्तिहेतुत्वाद् अधिकतरसम्मोहादिति गाथार्थः ॥१६२१॥

मूलद्वारगाथोपन्यस्त उक्तः कथनविधिः, साम्प्रतं फलमाह —

पच्चक्खाणस्स फलं इहपरलोए अ होइ दुविहं तु ।
इहलोइ धम्मिलाई दामन्नगमाई परलोए ॥१६२२॥

व्याख्या–प्रत्याख्यानस्य–उक्तलक्षणस्य फलं–कार्यं इहलोके परलोके च भवति द्विविधं–द्विप्रकारं, तुशब्दः स्वगतानेकभेदप्रदर्शनार्थः, तथा चाह–इहलोके धम्मिलादय उदाहरणं दामन्नकादयः परलोके इति गाथाऽक्षरार्थः ॥१६२२॥ कथानकं तु धम्मिलोदाहरणं [50]धम्मिल्लहिंडितो णायव्वं,

જાણવા યોગ્ય પદાર્થો જેમ કે, પ્રાણાતિપાત વિગેરેથી અનિવૃત્તોને આવા દોષો થાય છે વિગેરે પદાર્થો દૃષ્ટાન્તથી જ જણાવવા જોઇએ. આ પ્રમાણે પ્રત્યાખ્યાનને વિશે કથનની વિધિ = કથનપ્રકાર જાણવો.

અથવા સામાન્યથી જ (એટલે કે માત્ર પ્રત્યાખ્યાન વિગેરે પદાર્થો જ નહીં પરંતુ સામાન્યથી જગતના બધા જ પદાર્થોમાં) જે આજ્ઞાગ્રાહ્ય એવા સૌધર્મ દેવલોક વિગેરે અર્થો છે તે આજ્ઞાવડે જ કહેવા પણ, દૃષ્ટાન્તવડે નહીં, કારણ કે તે દેવલોકસંબંધી દૃષ્ટાન્તોનો ખરેખર અસંભવ છે. (અર્થાત્ ત્યાંની સુખ–સાહ્યબી વિગેરેનું નિરૂપણ કરી શકાય એવા દૃષ્ટાન્તો અહીં સંભવતા નથી.) તથા દાર્ષ્ટાન્તિક એટલે "આત્મા વસ્તુ હોવાથી ઉત્પાદ વિગેરે પર્યાયોવાળો છે જેમ કે, ઘટ" આવા બધા પદાર્થો દૃષ્ટાન્તોથી કહેવા જોઇએ. આ કથનવિધિ જાણવી. વિપરીત કથન કરો તો વિરાધના થાય છે, કારણ કે વિપરીત કથનવિધિ એ પદાર્થને સ્વીકારવાનું કારણ બનતું ન હોવાથી તે પદાર્થ વિશે શ્રોતાને વધારે સંમોહ ઉત્પન્ન થાય છે. ॥૧૬૨૧॥

**અવતરણિકા :** મૂલદ્વારગાથામાં કહેલ કથનવિધિ કહી. હવે પ્રત્યાખ્યાનનું ફળ કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** પ્રત્યાખ્યાનનું ફળ આલોકસંબંધી અને પરલોકસંબંધી એમ બે પ્રકારે થાય છે. તુ શબ્દ સ્વગત અનેક ભેદોને જણાવનાર છે. (અર્થાત્ આલોકમાં પણ અનેક પ્રકારે અને પરલોકમાં પણ અનેક પ્રકારના ફળો પ્રાપ્ત થાય છે.) ॥૧૬૨૨॥ તે જ કહે છે – આલોકમાં ધમ્મિલ વિગેરે અને પરલોકમાં દામન્નક વિગેરે દૃષ્ટાન્તો જાણવા. ધમ્મિલનું ઉદાહરણ ધમ્મિલહિંડિમાંથી જાણી લેવું.

### ✿ ધમ્મિલકુમારનું દૃષ્ટાન્ત ✿

[કુશાર્તનગરમાં સુરેન્દ્રદત્તનામના શ્રેષ્ઠિને સુભદ્રાનામે સ્ત્રી હતી. તેમને ધમ્મિલનામે પુત્રનો જન્મ થયો. બાળકને યુવાવસ્થામાં આવતા યશોમતિનામની કન્યા સાથે પરણાવ્યો. ધમ્મિલ ધર્મમાં રૂચિવાળો હોવાથી પોતાની પત્ની તરફ પણ વૈરાગ્ય વાસિત થાય છે. તેથી ચિંતાતુર થયેલી માતાએ તેણે સંસારકુશળ થવા માટે જુગારીઓને સોંપ્યો. તેમાંથી અનુક્રમે વેશ્યાગામી થયો. ધમ્મિલના કહેવા

૫૦. धम्मिल्लहिण्डितो ज्ञातव्यं,

ऑदिसद्दातो आमोसधिमादीया घेप्पंति । दामण्णगोदाहरणं तु–रायपुरे णगरे एगो कुलपुत्तो जातीतो, तस्स जिणदासो मित्तो, तेण सो साधुसगासं णीतो, तेण मच्छ्यमंसपच्चक्खाणं गहितं, दुब्भिक्खे मच्छाहारो लोगो जातो, इतरोवि सालेहिं महिलाए य खिंसिज्जमाणो गतो, उदिण्णो दहं मच्छे दट्ठुं पुणरावत्ती जाता, एवं तिण्णि दिवसे तिण्णि वारं गहिता मुक्का य, अणसणं कातुं रायगिहे णगरे मणियारसेट्ठिपुत्तो दामण्णगो णाम जातो, अट्ठवरिसस्स कुलं मारीए उच्छिण्णं,

પ્રમાણે માતા–પિતા ધન મોકલ્યા કરે છે. છેવટે પુત્રવિયોગમાં માતા–પિતા મૃત્યુ પામ્યા. પતિના કહેવા પ્રમાણે ધન મોકલતા યશોમતિ પણ નિર્ધન બની જવાથી પિયર ચાલી ગઇ. ધનપ્રાપ્તિ બંધ થવાને કારણે વેશ્યાની માતાએ ધમ્મિલની દુર્દશા કરીને ઘરમાંથી કાઢી મૂક્યો. તે ભમતો–ભમતો અગડદત્તમુનિને મળ્યો. તેમણે પોતાના ચરિત્રને સંભળાવવાદ્વારા ઉપદેશ આપ્યો. તે પ્રતિબોધ પામ્યો. પરંતુ સંસારસુખની ઇચ્છા ઊભી હોવાના કારણે ગુરુ પાસે તેનો ઉપાય પૂછ્યો. ગુરુએ પરિણામ સુંદર હોવાથી ઉપાયરૂપે કહ્યું કે – છ માસ સુધી આયંબિલનો ચોવિહાર તપ કરવો, દ્રવ્યથી મુનિવેષ ધારણ કરવો, દોષરહિત ગોચરી વાપરવી, મુનિપણું જાળવવું અને નવકારમંત્રના નવલાખ જાપ સાથે હું આપું તે મંત્રનો જાપ કરવો." ધમ્મિલે ગુરુના કહેવા પ્રમાણે છ માસ સુધી તપ, જપ કર્યા. પરિણામે દેવની પ્રસન્નતાથી તેમજ પૂર્વભવમાં બાંધેલા કર્મોના ક્ષયથી રાજ્ય, સ્ત્રી, પુત્રાદિકના વૈભવરૂપ અનેક સાંસારિક સુખો પ્રાપ્ત થયા. છેલ્લે ધર્મરૂચિનામના ગુરુથી પ્રતિબોધ પામીને પરિવારસહિત દીક્ષા લઇ દેવલોકમાં ગયો. આ પ્રમાણે ધમ્મિલકુમારે પચ્ચક્ખાણના પ્રભાવે આલોકસંબંધી સુખ મેળવ્યું.] આદિશબ્દથી આમર્ષૌષધિ વિગેરે લબ્ધિઓ પચ્ચક્ખાણના પ્રભાવે પ્રાપ્ત થાય છે.

### ❀ પરલોકમાં દામન્નકનું ઉદાહરણ ❀

રાયપુરનગરમાં એક સારી જાતિનો કુલપુત્ર હતો. તેને જિનદાસ નામે મિત્ર હતો. એકવાર જિનદાસ કુલપુત્રને સાધુપાસે લઇ ગયો. ત્યાં તે કુલપુત્રે માછલીનું માંસ ન ખાવાનું પચ્ચક્ખાણ કર્યું. તે નગરમાં દુષ્કાળ થયો. ચારે બાજુ લોકો (અન્ય આહાર ન મળવાથી) માછલીને મારી–મારીને ખાવા લાગ્યા. તેમાં પત્નીના ભાઇઓ અને પત્નિદ્વારા ઠપકો આપતા કુલપુત્ર પણ માછલી લેવા ગયો. સરોવરમાં ઉતરેલો તે માછલીઓને જોઇને તેનું પોતાનું પચ્ચક્ખાણ યાદ આવ્યું. (તેથી માછલીઓ પકડી ખરી પણ છોડી દીધી.) આ રીતે સતત ત્રણ દિવસ સુધી ત્રણ–ત્રણ વાર પકડીને છોડી દીધી. છેવટે અનશન કરીને રાજગૃહનગરમાં મણિયારશ્રેષ્ઠિને ત્યાં પુત્રરૂપે દામન્નકનામે જન્મ થયો.

જ્યારે તે આઠવર્ષનો થયો ત્યારે તેનું આખું કુટુંબ મારીમાં મૃત્યુ પામ્યું. તે દામન્નક તે જ નગરમાં

૫૧. आदिशब्दात् आमर्शौषध्याद्या गृह्यन्ते, दामन्नकोदाहरणं तु राजपुरे नगरे एकः कुलपुत्रो जात्यः, तस्य जिनदासो मित्रं, तेन स साधुसकाशं नीतः, तेन मत्स्यमांसप्रत्याख्यानं गृहीतं, दुर्भिक्षे मत्स्याहारो लोको जातः, इतरोऽपि श्यालैर्महिलया च निन्द्यमानो गतः, उत्तीर्णो ह्रदं मत्स्यान् दृष्ट्वा पुनरावृत्तिर्जाता, एवं त्रीन् दिवसान् त्रीन् वारान् गृहीता मुक्ताश्च, अनशनं कृत्वा राजगृहे नगरे मणिकारश्रेष्ठिपुत्रो दामन्नको नाम जातः, अष्टवर्षस्य मार्या कुलमुत्सन्नं,

[५२]तत्थेव सागरपोयसत्थवाहस्स गिहे चिट्ठइ, तत्थ य गिहे भिक्खट्ठं साधुणो पइट्ठा, साधुणा संघाडइल्लस्स कहितं–एतस्स गिहस्स एस दारगो अधिपती भविस्सति, सुतं सत्थवाहेण, पच्छा सत्थवाहेण पच्छन्नं चंडालाण अप्पितो, तेहिं दूरं णेतुं अंगुलिं छेत्तुं भेसितो णिव्विसओ कतो, णासंतो तस्सेव गोसंधिएण गहितो पुत्तोत्ति, जोव्वणत्थो जातो, अण्णता सागरपोतो तत्थ गतो तं दट्ठूण उवाएण परियणं पुच्छति–कस्स एस ?, कथितं अणाधोत्ति इहागतो, इमो सोत्ति, भीओ ता लेहं दाउं घरं पावेहित्ति विसज्जितो, गतो, रायगिहस्स बाहिपरिसरे देवउले सुव्वति, सागरपोतधूता विसा णाम कण्णा तीए अच्चणियवावडाए दिट्ठो, पितुमुद्दमुद्दितं लेहं दट्ठुं वाएति–एतस्स दारगस्स असोइयमक्खितपादस्स विसं दातव्वं, अणुस्सारफुसणं, कण्णगदाणं, पुणोवि मुद्देति, णगरं

સાગરપોતનામના સાર્થવાહના ઘરમાં રહે છે. તેના ઘરમાં ભિક્ષા માટે સાધુઓ પ્રવેશ્યા. એક સાધુએ પોતાના સંઘાટક એવા બીજા સાધુને કહ્યું કે – "આ દામન્નક આ ઘરનો સ્વામી બનશે." આ વાત સાર્થવાહે સાંભળી. પાછળથી સાર્થવાહે તે બાળકને ગુપ્ત રીતે ચાંડાળોને સોંપ્યો. તેઓએ તેને દૂર લઇ જઇને તેની આંગળી છેદીને ડરાવ્યો અને નગરબહાર કાઢી મૂક્યો. ભાગતા તેને સાર્થવાહના જ ગોવાળિયાએ પોતાના પુત્ર તરીકે ગ્રહણ કર્યો. ક્રમશઃ યુવાન થયો.

એકવાર તે ગોવાળિયા પાસે ગયેલો સાર્થવાહ યુવાનને જોઇને ઉપાયદ્વારા પરિજનોને પૂછે છે કે – "આ યુવાન કોનો છે ?" પરિજને કહ્યું – "અનાથ એવો આ અહીં આવેલો છે." સાર્થવાહ તેને "આ તે જ છે" એ પ્રમાણે ઓળખી ગયો. તેથી ડરેલા એવા તે સાર્થવાહે પુત્રને મારવા માટેનો લેખ લખી આપીને "રાજગૃહમાં મારા ઘરે જજે" એમ કહીને રાજગૃહ મોકલ્યો. પુત્ર પત્ર લઇને રાજગૃહનગર તરફ ચાલ્યો. રાજગૃહના બહારના પરિસર = વિભાગમાં દેવકુલમાં સૂતો. ત્યાં પૂજા કરવામાં વ્યાપૃત થયેલી એવી સાગરપોતની વિષાનામની દીકરીએ તેને જોયો. પિતાની મુદ્રાથી મુદ્રિત લેખને જોઇને તેણીએ તે પત્ર વાંચ્યો કે – "નહીં ધોયેલા, નહીં સાફ કરેલા પગવાળા આ યુવાનને વિષ આપવું. (અર્થાત્ આવતાની સાથે તરત જ વિષ આપવું.)"

દીકરીએ 'વિષ' શબ્દ ઉપરનો અનુસ્વાર કાઢી નાખ્યો અને વિષા નામની કન્યાનું દાન કરવું એ પ્રમાણે 'કન્યાદાન' શબ્દ ઉમેરી દઇ ફરી લેખ બંધ કરી દીધો. દામન્નક નગરમાં પ્રવેશ્યો.

५२. तत्रैव सागरपोतसार्थवाहस्य गृहे तिष्ठति, तत्र च गृहे भिक्षार्थं साधवः प्रविष्टाः, साधुना संघाटकीयाय कथितं-एतस्य गृहस्यैष दारकोऽधिपतिर्भावी, श्रुतं सार्थवाहेन, पश्चात् सार्थवाहेन प्रच्छन्नं चाण्डालेभ्योऽर्पितः, तैर्दूरं नीत्वाऽङ्गुलिं छित्त्वा भापितः निर्विषयः कृतः, नश्यन् तस्यैव गोसंधिकेन ( गोष्ठाधिपतिना ) गृहीतः पुत्र इति, यौवनस्थो जातः, अन्यदा सागरपोतस्तत्र गतः तं दृष्ट्वोपायेन परिजनं पृच्छति-कस्यैषः ?, कथितमनाथ इति इहागतः, अयं स इति भीतस्ततो लेखं दत्त्वा गृहं प्रापयेति विसृष्टो गतः, राजगृहस्य बहिः परिसरे देवकुले सुप्तः, सागरपोतदुहिता विषानाम्नी कन्या, तयाऽर्चनिकाव्यापृतया दृष्टः, पितृमुद्रामुद्रितं लेखं दृष्ट्वा वाचयति, एतस्मै दारकाय अधौताम्रक्षितपादाय विषं दातव्यं, अनुस्वारस्फेटनं कन्यादानं, पुनरपि मुद्रयति, नगरं

[५३]पविट्ठो, विसाऽणेण विवाहिता, आगतो सागरपोतो, मातिघरअच्चणियविसज्जणं, सागरपोतस्स पुत्तमरणं सोतुं सागरपोतो हितयफुट्टणेण मतो, रण्णा दामण्णगो घरसामी कतो, भोगसमिद्धी जाता, अण्णया पुव्वावरण्हे मंगलिएहिं पुरतो से उग्गीयं–'अणुपुंखमावयंतावि अणत्था तस्स बहुगुणा होंति । सुहदुक्खकच्छपुडतो जस्स कतंतो वहइ पक्खं ॥१॥' सोतुं सतसहस्सं मंगलियाण देति, एवं तिण्णि वारा तिण्णि सतसहस्साणि, रण्णा सुतं, पुच्छितेण सव्वं रण्णो सिट्ठं, तुट्ठेण

સ્વજનોએ વિષાદીકરીના લગ્ન તેની સાથે કરી દીધા.થોડા સમય બાદ સાર્થવાહ ત્યાં આવ્યો. (આવીને જાણ્યું કે વિષાના લગ્ન પેલા દામન્નક સાથે થયા છે ત્યારે પોતે ઘણો ગુસ્સે થયો. અને પેલા ચંડાળને બોલાવીને ઠપકો આપ્યો કે તે શા માટે છોડી દીધો ? ચંડાળે ક્ષમા યાચી અને કહ્યું – "શેઠ ! મને ફરી બતાવો હવે હું એને મારીને જ રહીશ." સાગરપોતે કહ્યું –) "માતૃદેવીની પૂજા માટે આજે હું તેને મંદિરે મોકલીશ, તું તેને ત્યાં મારી નાખજે."

(ઘરે આવીને સાગરપોતે જમાઇ–પુત્રીને માતૃદેવીની પૂજા કરવા મંદિરે જવા કહ્યું. જેથી સાંજના સમયે બંને જણા તૈયાર થઇને દેવીના મંદિર તરફ ચાલ્યાં. સાગરપોતનો દીકરો સમુદ્રદત્ત સામે મળ્યો. તેણે પૂછ્યું – "આ રાત્રિ થવાના સમયે તમે ક્યાં ચાલ્યાં ? દામન્નકે દેવીપૂજાની વાત કરી. સમુદ્રદત્તે બંનેને અટકાવતા કહ્યું – "રાત પડવા આવી છે. મારી બેનને લઇ એ જગ્યાએ અત્યારે જવું ઉચિત નથી. તેથી તમે પાછા ફરો. તમારી બદલે હું આ નૈવેદ્યાદિ દેવીને ચઢાવીને પાછો આવું છું." એમ કહી બંનેને પાછા મોકલી સમુદ્રદત્ત પોતે દેવીના મંદિરે ગયો. જેવો ત્યાં તેણે પ્રવેશ કર્યો કે ચાંડાળે તેને મારી નાંખ્યો.)

પોતાના પુત્રનું મરણ થયું જાણીને સાગરપોત હૃદયફાટવાના કારણે મૃત્યુ પામ્યો. રાજાએ દામન્નકને ઘરનો સ્વામી બનાવ્યો. ભોગસમૃદ્ધિની પ્રાપ્તિ થઇ. એકવાર પરોઢિયે મંગલપાઠકોએ દામન્નકની આગળ ગીત ગાયું કે – "પાછળ આવી પડેલા એવા પણ અનર્થો તેવાને બહુગુણોવાળા થાય છે, જેનો પક્ષ સુખ–દુઃખની પંક્તિનો સંબંધ કરનાર એવો યમદૂત વહન કરે છે." (ભાવાર્થ : યમરાજ સુખ-દુઃખ આપનારો છે. આવો યમરાજ જેના પક્ષમાં હોય તેની ઉપર કરેલા અનર્થો પણ ઘણો ફાયદો આપનારા થાય છે.) આ સાંભળીને દામન્નકે તે મંગલપાઠકોને લાખ રૂપિયા આપ્યા. આ પ્રમાણે ત્રણવાર તે મંગલપાઠકોએ દામન્નકની સ્તુતિ કરતા ત્રણ લાખ રૂપિયા દામન્નકે તેઓને આપ્યા.

રાજાએ વાત સાંભળી. આટલું બધું દ્રવ્ય આપવાથી આશ્ચર્ય પામેલા રાજાએ દામન્નકને કારણ પૂછ્યું. ત્યારે દામન્નકે બાળપણથી લઇને અત્યાર સુધીનું સંપૂર્ણ જીવનવૃત્તાન્ત કહ્યું. રાજા ખુશ થયો.

५३. प्रविष्टः, विषाऽनेन विवाहिता, आगतः सागरपोतः, मातृगृहार्चनिकायै विसर्जनं, सागरपोतस्य पुत्रमरणं श्रुत्वा सागरपोतः हृदयस्फोटनेन मृतः, राज्ञा दामन्नको गृहस्वामी कृतः, भोगसमृद्धिर्जाता, अन्यदा च पर्वापराह्णे माङ्गलिकैः पुरतस्तस्योद्गीतं-अनुपुङ्खमापतन्तोऽप्यनर्थास्तस्य बहुगुणा भवन्ति । सुखदुःखकक्षपुटको यस्य कृतान्तो वहति पक्षं ॥१॥ श्रुत्वा शतसहस्रं माङ्गलिकाय ददाति, एवं त्रीन् वारान् त्रीणि शतसहस्राणि, राज्ञा श्रुतं, पृष्टेन सर्वं शिष्टं राज्ञे, तुष्टेन

[५४]रण्णा सेट्ठी ठावितो, बोधिलाभो, पुणो धम्माणुट्ठाणं देवलोगगमणं, एवमादि परलोए । अहवा सुद्धेण पच्चक्खाणेण देवलोगगमणं पुणो बोधिलाभो सुकुलपच्चायाती सोक्खपरंपरेण सिद्धिगमणं, केसिंचि पुणो तेणेव भवग्गहणेण सिद्धिगमणं भवतीति । अत एव प्रधानफलोपदर्शनेनोपसंहरन्नाह —

**पच्चक्खाणमिणं सेविऊण भावेण जिणवरुद्दिट्ठं ।**
**पत्ता अणंतजीवा सासयसुक्खं लहुं मुक्खं ॥१६२३॥**

व्याख्या—प्रत्याख्यानमिदं—अनन्तरोक्तं आसेव्य भावेन अन्तःकरणेन जिनवरोद्दिष्टं—तीर्थंकरकथितं, प्राप्ता अनन्तजीवाः, शाश्वतसौख्यं शीघ्रं मोक्षम् ॥१६२३॥ आह—इदं फलं गुणनिरूपणायां 'पच्चक्खाणम्मि कते' इत्यादिना दर्शितमेव पुनः किमर्थमिति ?, उच्यते, तत्र वस्तुतः प्रत्याख्यानस्वरूपद्वारेणोक्तं, इह तु लोकनीतित इति न दोषः, यद्वा इत एव द्वारादवतार्य स्वरूपकथन एव प्रवृत्तिहेतुत्वात् तत्रोक्तं इत्यनपराध एवेत्यलं विस्तरेण । उक्तोऽनुगमः साम्प्रतं

અને તેને નગરના શ્રેષ્ઠિ સ્થાને સ્થાપ્યો. (એકવાર જ્ઞાની ગુરુભગવંતનો સત્સંગ થતાં દામન્નકને પોતાનો પૂર્વભવ જાણવા મળ્યો. પૂર્વભવમાં કરેલા પચ્ચક્ખાણના પ્રભાવને જાણીને તેને ધર્મમાં રૂચિ ઊભી થઇ.) તે બોધિ પામ્યો. ફરી ધર્મનું આચરણ કર્યું. અંતે મૃત્યુ પામી દેવલોકમાં ગયો. આવા બધા પ્રકારનું ફળ પરલોકમાં પ્રાપ્ત થાય છે. અથવા શુદ્ધ પચ્ચક્ખાણના પ્રભાવે દેવલોકમાં ગમન થાય, ફરી બોધિનો લાભ થાય, સુકુળમાં પાછા આવવું, આવા પ્રકારના સુખોની પરંપરાદ્વારા મોક્ષમાં ગમન થાય છે. કેટલાકોને વળી તે જ ભવમાં મોક્ષગમન થાય છે. અને આથી જ પ્રધાનફળને દેખાડવા સાથે ઉપસંહાર કરતાં કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** હમણાં જ કહેવાયેલા આ પ્રત્યાખ્યાનને અંતઃકરણથી સેવીને અનંતાજીવો તીર્થંકરકથિત એવા શાશ્વતસુખવાળા મોક્ષને શીઘ્ર પામ્યા છે. ॥૧૬૨૩॥

**શંકા :** ફળના નિરૂપણ સમયે पच्चक्खाणम्मि कते.... (૧૫૯૬) વિગેરે ગાથાઓ દ્વારા આ ફળ જણાવ્યું હોવા છતાં ફરી શા માટે અહીં જણાવ્યું ?

**સમાધાન :** પૂર્વે જે મોક્ષગમનનું ફળ જણાવ્યું તે ખરેખર તો પ્રત્યાખ્યાનના સ્વરૂપદ્વારા જ બતાવ્યું છે. (અર્થાત્ ત્યાં ફળ બતાવવાનું કોઇ પ્રયોજન નહોતું પરંતુ જ્યારે કોઇ વસ્તુનું નિરૂપણ કરવાનું હોય ત્યારે તે વસ્તુના ફળનો પણ તે વસ્તુના સ્વરૂપનિરૂપણમાં સમાવેશ થતો હોવાથી પ્રત્યાખ્યાનના સ્વરૂપમાં જ તેના ફળનું નિરૂપણ કરી દીધું.) અહીં લોકનીતિથી કરેલું જાણવું. (અર્થાત્ લોકની નીતિ = નિયમ છે કે અંતે તે વસ્તુના ફળનું વર્ણન કરવું.) અથવા ફળનું વર્ણન એ તે વસ્તુમાં પ્રવૃત્તિ કરાવનાર હોવાથી આ દ્વારમાંથી લઇને ત્યાં ફળ વર્ણન કરેલું હોવાથી કોઇ દોષ નથી. તેથી વધુ વિસ્તારથી સર્યું. અનુગમ કહ્યો.

५४. राज्ञा श्रेष्ठी स्थापितः, बोधिलाभः, पुनर्धर्मानुष्ठानं देवलोकगमनं, एवमादि परलोके । अथवा शुद्धेन प्रत्याख्यानेन देवलोकगमनं पुनर्बोधिलाभः सुकुलप्रत्यायातिः सौख्यपरम्परकेण सिद्धिगमनं, केषाञ्चित् पुनस्तेनैव भवग्रहणेन सिद्धिगमनं भवतीति ।

नयाः, ते च नैगमसङ्ग्रहव्यवहारऋजुसूत्रशब्दसमभिरूढैवंभूतभेदभिन्नाः खल्वौघतः सप्त भवन्ति, स्वरूपं चैतेषामधस्तात् सामायिकाध्ययने न्यक्षेण प्रदर्शितमेवेति नेह प्रतन्यते, इह पुनः स्थानाशून्यार्थं एते ज्ञानक्रियान्तरभावद्वारेण समासतः प्रोच्यन्ते, ज्ञाननयः क्रियानयश्च, तत्र ज्ञाननयदर्शनमिदं— ज्ञानमेव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणं, युक्तियुक्तत्वात्, तथा चाह —

नायंमि गिण्हियव्वे अगिण्हियव्वंमि चेव अत्थंमि ।
जइयव्वमेव इइ जो उवएसो सो नओ नाम ॥१६२४॥
सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं निसामित्ता ।
तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥१६२५॥

॥ इति पच्चक्खाणनिजुत्ती समत्ता ॥

॥ श्रीभद्रबाहुस्वामिविरचितं श्रीमदावश्यकसूत्रं सम्पूर्णम् ॥

व्याख्या—ज्ञाते-सम्यक्परिच्छिन्ने 'गेण्हितव्वे'त्ति ग्रहीतव्ये उपादेये 'अगिण्हितव्वंमि'त्ति अग्रहीतव्ये अनुपादेये, हेय इत्यर्थः, चशब्दः खलूभयोर्ग्रहीतव्याग्रहीतव्ययोर्ज्ञातत्वानुकर्षणार्थ, उपेक्षणीयसमुच्चयार्थो वा, एवकारस्त्ववधारणार्थः, तस्य चैवं व्यवहितः प्रयोगो द्रष्टव्यः, ज्ञात एव ग्रहीतव्ये अग्रहीतव्ये तथोपेक्षणीये च ज्ञात एव नाज्ञाते 'अत्थंमि'त्ति अर्थ ऐहिकामुष्मिके, तत्रैहिको ग्रहीतव्यः, स्रक्चन्दनाङ्गनादिः अग्रहीतव्यो विषशस्त्रकण्टकादिः उपेक्षणीयस्तृणादिः

---

હવે નયો કહેવાય છે. અને તે નયો નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ ઓઘથી સાત પ્રકારના છે. આ નયોનું સ્વરૂપ પૂર્વે સામાયિક અધ્યયનમાં વિસ્તારથી બતાવી ગયા હોવાથી અહીં તેનો વિસ્તાર કરતા નથી. છતાં અહીં સ્થાન શૂન્ય ન રહે તે માટે આ નયોનો જ્ઞાન અને ક્રિયામાં સમાવેશ કરી તે નયોને સંક્ષેપથી કહે છે. માટે આ સાતનયોનો જ્ઞાનનય અને ક્રિયાનયમાં સમાવેશ કરી તે બે નયોના મતો બતાવે છે. તેમાં પ્રથમ જ્ઞાનનયનો મત જણાવે છે – જ્ઞાન જ યુક્તિયુક્ત હોવાથી ઐહિક—આમુષ્મિકફલની પ્રાપ્તિનું કારણ છે. આ જ વાત કહે છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

❀ જ્ઞાનનય ❀

**ટીકાર્થ :** જે ગ્રહણયોગ્ય = ઉપાદેય છે અને જે અગ્રહણયોગ્ય = હેય છે તે, 'च' શબ્દ ગ્રહણયોગ્ય અને અગ્રહણયોગ્ય બંનેમાં જ્ઞાતપણાને જણાવનારો છે. અથવા ઉપેક્ષણીય અર્થનો સમુચ્ચય કરનારો જાણવો. 'च' પછી રહેલ 'एव' શબ્દ અવધારણ અર્થવાળો જાણવો. અને તેનો સંબંધ અન્ય સ્થાને (= ज्ञाते પછી) કરવો. તેથી સંપૂર્ણ અર્થ આ પ્રમાણે જાણવો – જણાયેલા એવા જ ઉપાદેય, હેય અને ઉપેક્ષણીય ઐહિક—આમુષ્મિક અર્થમાં ઐહિક—આમુષ્મિકફલની પ્રાપ્તિના અર્થી એવા જીવે પ્રયત્ન કરવો જ જોઇએ, અર્થાત્ પ્રવૃત્તિ વિગેરેરૂપ પ્રયત્ન કરવો જોઇએ. અહીં ઐહિક ઉપાદેય તરીકે પુષ્પ વિગેરેની માળા, ચંદન, સ્ત્રી, વિગેરે જાણવા. હેય તરીકે વિષ, શસ્ત્ર, કાંટો વિગેરે જાણવા. અને ઉપેક્ષણીય તરીકે તણખલા વિગેરે જાણવા.

आमुष्मिको ग्रहीतव्यः सम्यग्दर्शनादिरग्रहीतव्यो मिथ्यात्वादिरुपेक्षणीयो विपक्षाभ्युदयादिरिति, तस्मिन्नर्थे यतितव्यमेव इति–ऐहिकामुष्मिकफलप्राप्त्यर्थिना सत्त्वेन यतितव्यमेव, प्रवृत्त्यादिलक्षणः प्रयत्नः कार्य इत्यर्थः । इत्थं चैतदङ्गीकर्त्तव्यं, सम्यग्ज्ञाने वर्त्तमानस्य फलाविसंवाददर्शनात्, तथा चान्यैरप्युक्तम्–"विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता । मिथ्याज्ञानात् प्रवृत्तस्य, फलासंवाददर्शनात् ॥१॥" तथाऽऽमुष्मिकफलप्राप्त्यर्थिनाऽपि ज्ञान एव यतितव्यं, तथाऽऽगमोऽप्येवमेव व्यवस्थितः, यत उक्तं–"पढमं णाणं ततो दया, एवं चिट्ठति सव्वसंजते । अण्णाणी किं काहिति किं वा णाहिति छेयपावयं ? ॥१॥" इतश्चैतदेवमङ्गीकर्तव्यं–यस्मात् तीर्थकरगणधरैरगीतार्थानां केवलानां विहारक्रियाऽपि निषिद्धा, तथा चागमः–"गीतत्थो य विहारो बिदितो गीतत्थमीसितो भणितो । एत्तो ततियविहारो णाणुण्णातो जिणवरेहिं ॥१॥" न यस्मादन्धेनान्धः समाकृष्यमाणः सम्यक्पन्थानं प्रतिपद्यत इत्यभिप्रायः । एवं तावत् क्षायोपशमिकं ज्ञानमधिकृत्योक्तं, क्षायिकमप्यङ्गीकृत्य विशिष्टफलसाधकत्वं तस्यैव विज्ञेयं, यस्मादर्हतोऽपि भवाम्भोधेस्तटस्थस्य दीक्षाप्रतिपन्नस्य उत्कृष्टतपश्चरणवतोऽपि न तावदपवर्गप्राप्तिः सञ्जायते यावज्जीवाद्यखिलवस्तु-

આમુષ્મિક ઉપાદેય તરીકે સમ્યગ્દર્શન વિગેરે, હેય તરીકે મિથ્યાત્વ વિગેરે અને ઉપેક્ષણીય તરીકે પોતાના શત્રુનો અભ્યુદય વિગેરે જાણવા. આમ અજ્ઞાત નહીં પરંતુ જ્ઞાત એવા જ ઉપાદેય વિગેરેમાં યત્ન કરવો જોઈએ. અને આ વાત આ પ્રમાણે જ સ્વીકારવી, કારણ કે સમ્યગ્જ્ઞાનમાં વર્તતાને જ ફલની એકાંતે પ્રાપ્તિ થતી દેખાય છે. તથા બીજાઓ પણ કહ્યું છે – "માણસોને જ્ઞાન જ ફલને આપનાર છે, પણ ક્રિયા ફલને આપનારી મનાઈ નથી, કારણ કે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થયેલાને ફલની અપ્રાપ્તિ થતી દેખાય છે. ॥૧॥"

તથા આમુષ્મિક ફલની પ્રાપ્તિના અર્થી એવાએ પણ જ્ઞાનમાં જ યત્ન કરવો જોઈએ. તથા આગમ પણ જ્ઞાનમાં જ યત્ન કરવાનું કહે છે, કારણ કે કહ્યું જ છે – "પ્રથમ જ્ઞાન, પછી ક્રિયા. આ પ્રમાણે સર્વ સાધુઓ રહે, કારણ કે અજ્ઞાની શું કરી શકવાનો છે ? અથવા શું પાપ અને શું પુણ્ય એ અજ્ઞાની કેવી રીતે જાણી શકવાનો છે ? ॥૧॥" (દશ. વૈ. - અ. ૪). 'જ્ઞાન જ મહત્વનું છે –' એ વાત જ સ્વીકારવા યોગ્ય છે, કારણ કે તીર્થંકર–ગણધરોએ એકલા એવા અગીતાર્થોની વિહારક્રિયાનો પણ નિષેધ કરેલ છે. તે આગમવચન આ રહ્યું – "પ્રથમ ગીતાર્થનો વિહાર, બીજો ગીતાર્થમિશ્રિત વિહાર અનુજ્ઞાત છે. આ બે સિવાય ત્રીજો વિહાર જિનેશ્વરોવડે અનુજ્ઞાત નથી. ॥૧॥" ભાવાર્થ એટલો જ છે કે – એક આંધળો બીજો આંધળાને સમ્યગ્ માર્ગ દેખાડી શકતો નથી. (માટે જ્ઞાન પ્રાપ્ત કરવામાં જ યત્ન કરવા યોગ્ય છે.) આ ક્ષાયોપશમિકજ્ઞાનને આશ્રયીને વાત કરી.

ક્ષાયિકજ્ઞાનને આશ્રયીને પણ જ્ઞાન જ વિશિષ્ટફળને સાધી આપનારું જાણવા યોગ્ય છે, કારણ કે ભવસમુદ્રના કિનારે આવેલા, દીક્ષાને પ્રાપ્ત કરી ચૂકેલા, ઉત્કૃષ્ટ એવા તપ અને ચારિત્રનું પાલન કરનારા એવા પણ અરિહંતોને ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી, જ્યાં સુધી જીવ–અજીવાદિ સંપૂર્ણ

૫૫. प्रथमं ज्ञानं ततो दया एवं तिष्ठति सर्वसंयतः । अज्ञानी किं करिष्यति किं वा ज्ञास्यति छेकं पापकं वा ॥१॥ गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थनिश्रितो भणितः । इतस्तृतीयविहारो नानुज्ञातो जिनवरैः ॥१॥

परिच्छेद्यरूपं केवलज्ञानं नोत्पन्नमिति, तस्मात् ज्ञानमेव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणमिति स्थितं 'इति जो उवदेसो सो णओ णाम 'त्ति इति—एवं उक्तेन न्यायेन य उपदेशः ज्ञानप्राधान्यख्यापनपरः स नयो नाम ज्ञाननय इत्यर्थः । अयं च नामादौ षड्विधप्रत्याख्याने ज्ञानरूपमेव प्रत्याख्यानमिच्छति, ज्ञानात्मकत्वादस्य, क्रियारूपं तु तत्कार्यत्वात् तदायतत्त्वान्नेच्छति, गुणभूतं चेच्छतीति गाथार्थः ॥१६२४॥ उक्तो ज्ञाननयोऽधुना क्रियानयावसरः, तद्दर्शनं चेदं—क्रियैव प्रधानं ऐहिकामुष्मिकफलप्राप्तिकारणं, युक्तियुक्तत्वात्, तथा चायमप्युक्तलक्षणमेव स्वपक्षसिद्धये गाथामाह—'णायम्मि गेण्हितव्वे' इत्यादि, अस्याः क्रियानयदर्शनानुसारेण व्याख्या—ज्ञाते ग्रहीतव्ये अग्रहीतव्ये चैवमर्थ ऐहिकामुष्मिकफलप्राप्त्यर्थिना यतितव्यमेव, न यस्मात् प्रवृत्त्यादिलक्षणप्रयत्नव्यतिरेकेण ज्ञानवतोऽप्यभिलषितार्थावाप्तिर्दृश्यते, तथा चान्यैरप्युक्तं—"क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् । यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात् सुखितो भवेत् ॥१॥" तथाऽऽमुष्मिकफलप्राप्त्यार्थिनाऽपि क्रियैव कर्त्तव्या, तथा मुनीन्द्रवचनमप्येवं व्यवस्थितं, यत उक्तम्—"चेइय[५६]कुलगणसंघे आयरियाणं च पवयण सुए य । सव्वेसुवि तेण कयं तवसंजममुज्जमंतेणं ॥१॥" इतश्चैतदेवमङ्गीकर्तव्यम्—

વસ્તુને જાણવારૂપ કેવલજ્ઞાન તેમને ઉત્પન્ન થાય નહીં. તેથી જ્ઞાન જ ઐહિક—આમુષ્મિકફલની પ્રાપ્તિનું પ્રધાન કારણ છે એ વાત સ્થિર થઈ. આ પ્રમાણેનો જે જ્ઞાનની પ્રધાનતા જણાવવામાં તત્પર એવો ઉપદેશ છે તે જ્ઞાનનય છે. આ જ્ઞાનનય નામાદિ છ પ્રકારના પ્રત્યાખ્યાનમાં જ્ઞાનરૂપ (= પ્રત્યાખ્યાનના પરિણામરૂપ) પ્રત્યાખ્યાનને જ ઇચ્છે છે, કારણ કે તે પ્રત્યાખ્યાન જ્ઞાનાત્મક છે. જ્યારે ક્રિયારૂપ પ્રત્યાખ્યાન જ્ઞાનરૂપ પ્રત્યાખ્યાનનું કાર્ય હોવાથી જ્ઞાનને આધીન છે. માટે આ જ્ઞાનનય ક્રિયારૂપ પ્રત્યાખ્યાનને મુખ્યરૂપે ઇચ્છતો નથી, ગૌણરૂપ ઇચ્છે પણ છે. ॥૧૬૨૪॥ જ્ઞાનનય કહ્યો.

## ❁ ક્રિયાનય ❁

હવે ક્રિયાનયનો અવસર છે. તેની માન્યતા આ પ્રમાણે છે – ક્રિયા એ જ 'ઐહિક આમુષ્મિકફલની પ્રાપ્તિનું પ્રધાન કારણ છે કારણ કે તે જ યુક્તિયુક્ત છે. આ નય પણ પોતાના પક્ષની સિદ્ધિ માટે ઉપરોક્ત ગાથા જ જણાવે છે. 'णायंमि गिण्हियव्वे...' ઇત્યાદિ, ક્રિયાનય આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે – ઉપાદેય, હેય એવા અર્થોમાં ઐહિક—આમુષ્મિકફલની પ્રાપ્તિના અર્થી જીવે <u>યત્ન જ કરવા</u> યોગ્ય છે. (જ્ઞાનનય 'ज्ञाते एव' એ પ્રમાણે 'જ' કાર જ્ઞાન સાથે જોડે છે. ક્રિયાનય 'જ' કાર યત્ન શબ્દ સાથે જોડે છે.) કારણ કે ઉપાદેયમાં પ્રવૃત્તિ, હેયથી નિવૃત્તિ વિગેરે રૂપ પ્રયત્ન વિના જ્ઞાનવાળાને પણ ઇચ્છિત અર્થની પ્રાપ્તિ થતી દેખાતી નથી. અન્યોવડે પણ કહેવાયેલું છે – "પુરુષોને ક્રિયા જ ફળ આપનારી છે, જ્ઞાન ફળ આપનારું છે એવું મનાયું નથી, કારણ કે સ્ત્રીભોગ, ભક્ષ્યભોગને જાણનારો એકલા જ્ઞાનમાત્રથી સુખી થતો નથી ॥૧॥" તથા આમુષ્મિકફલની પ્રાપ્તિના અર્થીને ક્રિયા જ કરવા યોગ્ય છે અને જિનેશ્વરોનું વચન પણ ક્રિયાના મહત્વને જ જણાવનારા તરીકે રહેલું છે.

તે આ પ્રમાણે – "ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, શ્રુત આ બધાનું કર્તવ્ય તેણે કર્યું છે, જે તપસંયમમાં ઉદ્યમી છે. (અર્થાત્ ચૈત્યાદિની ભક્તિ દ્વારા જે કર્મક્ષય પ્રાપ્ત થાય છે તેટલો

५६. चैत्यकुलगणसङ्घे आचार्येषु च प्रवचने श्रुते च । सर्वेष्वपि तेन कृतं तपःसंयमयोरुद्यच्छता ॥१॥

यस्मात् तीर्थकरगणधरैः क्रियाविकलानां ज्ञानमपि विफलमेवोक्तं, तथा चागमः—''सुँबहुंपि सुयमहीयं किं काही चरणविप्पहीणस्स ?। अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडीवि ॥१॥'' दृशिक्रियाविकलत्वात् तस्येत्यभिप्रायः । एवं तावत् क्षायोपशमिकं चारित्रमङ्गीकृत्योक्तं, चारित्रं क्रियेत्यनर्थान्तरं, क्षायिकमप्यङ्गीकृत्य प्रकृष्टफलसाधकत्वं तस्यैव विज्ञेयं, यस्मादर्हतोऽपि भगवतः समुत्पन्नकेवलज्ञानस्यापि न तावत् मुक्त्यवाप्तिः सञ्जायते यावदखिलकर्मेन्धनानलभूता ह्रस्वपञ्चाक्षरोद्गिरणमात्रकालावस्थायिनी सर्वसंवररूपा चारित्रक्रिया नावाप्तेति, तस्मात् क्रियैव प्रधानमैहिकामुष्मिकफलप्राप्तिकारणमिति य उपदेशः—क्रियाप्राधान्यख्यापनपरः स नयो नाम क्रियानय इत्यर्थः । अयं च नामादौ षड्विधे प्रत्याख्याने क्रियारूपमेव प्रत्याख्यानमिच्छति, तदात्मकत्वादस्य, ज्ञानं तु तदर्थमुपादीयमानत्वादप्रधानत्वान्नेच्छति गुणभूतं चेच्छतीति गाथार्थः । उक्तः क्रियानयः ।

इत्थं ज्ञानक्रियानयस्वरूपं श्रुत्वाऽविदिततदभिप्रायो विनेयः संशयापन्नः सन्नाह—किमत्र तत्त्वं ?, पक्षद्वयेऽपि युक्तिसम्भवाद्, आचार्यः पुनराह—'सव्वेसिं'गाहा, अथवा ज्ञानक्रियानयमतं

---

કર્મક્ષય તપ અને સંયમમાં ઉદ્યમી જીવ પ્રાપ્ત કરે છે. તપ અને સંયમ ક્રિયારૂપ છે, માટે ક્રિયા જ મહત્ત્વની છે, જ્ઞાન નહિ.) ॥૧॥'' આથી જ ક્રિયાનું મહત્ત્વ છે એ વાત સ્વીકારવા યોગ્ય છે, કારણ કે તીર્થંકર–ગણધરોએ ક્રિયાથી રહિત એવા જીવોનું જ્ઞાન નિષ્ફળ બતાવ્યું છે. આ રહ્યું તે વચન – ''ઘણું બધું ભણાયેલું એવું પણ શ્રુત ચારિત્રથી રહિત જીવને શું કામનું છે ? (અર્થાત્ કોઇ કામનું નથી. જેમ કે) બળતા એવા લાખો, કરોડો દીપકો આંધળી વ્યક્તિને શા કામના ? કોઇ કામના નથી. ॥૧॥'' કારણ કે તે આંધળી વ્યક્તિ જોવારૂપી ક્રિયાથી રહિત છે. આ વાત થઇ ક્ષાયોપશમિકચારિત્રને આશ્રયીને. (અરે ! તમે તો ક્રિયાનું મહત્ત્વ બતાવવા માંગો છો ચારિત્ર ક્યાંથી વચ્ચે આવ્યું ? હે આર્ય !) ચારિત્ર અને ક્રિયા એ સમાનાર્થી શબ્દો જ છે.

